आचार्य श्रीविजयवल्लभसूरि
स्मारक ग्रंथ

आचार्य श्रीविजयवल्लभसूरि स्मारक ग्रंथ

श्री महावीर जैन विद्यालय प्रकाशन

आमुख

जैन श्रीसंघनी विभूतिसमा ज्ञान-तपोमूर्ति जैनशासनप्रभावक सूरिप्रवर आचार्यभगवान श्रीविजय-वल्लभसूरि महाराजश्रीना स्मारक ग्रंथनुं आमुख लखवुं ए महासद्भाग्यनी वात छे.

विजयवल्लभसूरि एटले—जेमणे अनेकानेक-महागुणभंडार अनुपमेय परमगुरुदेव श्रीविजयानंदसूरि गुरुनां परमपावन चरणोनी अनन्यभावे सेवा करी हती, जेमणे ए गुरुवरना अतल जीवनसागरने अवगाहवा प्रयत्न कर्यो हतो, जेमणे ए गुरुदेवनी गंभीर जीवनगंगामांथी उदात्त भावनाओ अने विचारोनां निर्मळ नीर खोबले खोबले पीधां अने पचाव्यां हतां, जेमणे हंस बनीने ए आराध्य गुरुना मानससरोवरमांथी अवसरे अवसरे ऊछळीने किनारे आवेलां अतुल धीरज, समता, कार्यदक्षता, दीर्घदर्शिता, खंत अने आहोपुरुषिका रूप मोतीओनो चारो चर्यो हतो—एवी एक विभूतिस्वरूप जैनसंघनी विरल व्यक्ति अथवा परमाराध्य गुरुदेव श्रीविजयानंदसूरि महाराजनी छायामूर्ति.

आवी विरल व्यक्ति जैनशासन अने जैन श्रीसंघने सांपडे, ए जैनशासन अने जैन श्रीसंघना महान अभ्युदय अने सौभाग्यनी ज वात गणाय. आजे ए तेजोमूर्ति महाविभूति आपणी नजर सामेथी दूर होवा छतां एनी झळहळती जीवनज्योतिना पुंज स्वरूपे आपणाथी दूर नहीं, पण आपणी सामे ज दिव्य हास वेरती बेठी के ऊभी होय एम ज आपणने भासे छे.

पूज्यचरण आचार्यभगवान् श्रीविजयवल्लभसूरि महाराजश्रीना जीवननुं शांत अने गंभीरपणे चिंतन के स्वरूप अवलोकन करिए तो जणाशे के एमां जीवनसाधना, धर्मसाधना, शासनसेवासाधनाने लगतां अनेक पुरुषार्थ-पूर्ण योग्यतानां बीजो पड्यां हतां; पछी ए बीजो भले जीवननी परिस्थिति अने प्रवाहने अनुसारे विकस्यां, अर्धविकस्यां के अणविकस्यां रह्यां होय; आम छतां ए वातमां तो लेश पण शंकाने स्थान नथी के ए जीवन एक महातेजोराशि हतुं. ए तेजोराशिए जैनप्रजाने घणा घणा अज्ञात मार्गोनुं ज्ञान अने भान कराव्यां छे.

पूज्यपाद ज्ञानतपोमूर्ति आचार्यभगवान श्रीविजयवल्लभसूरि महाराजश्रीनुं जीवन जेवुं व्यापक अने समृद्ध हतुं तेवो ज तेमनी जीवनस्मृति-यादगीरीने ताजी करतो आ स्मारक ग्रंथ पण व्यापक अने समृद्ध बन्यो छे. आ आखा ग्रंथमां मात्र शरूआतनां अमुक पानां ज पूज्य आचार्य महाराजश्रीना साहजिक-अनलंकारिक जीवनचरित्रे रोक्यां छे, ते सिवायनो आखो ग्रंथ विद्वद्भोग्य अने प्रजाना चैतन्यने पोषता विविध लेखो अने विपुल चित्रादि सामग्रीथी समृद्ध छे.

प्रस्तुत स्मारक ग्रंथ गुजराती, हिंदी अने अंग्रेजी एम त्रण विभागमां वहेंचाएलो छे. ए त्रणे विभागना विद्वान संपादको खरेखर प्रेरणा पामेल समर्थ लेखको अने संशोधको छे. ए दरेक विद्वानोना

व्यक्तित्वथी हुं अंगत रीते संपूर्णपणे परिचित होई, खातरीथी कही शकुं छुं के ए बधाय संपादको सुयोग्य संपादको छे. आवी व्यक्तिओनी कीमती सेवा मेळववा माटे स्मारक ग्रंथना योजको खरेखर ज भाग्यशाळी छे एम कहेवामां हुं जराये अतिशयोक्ति नथी करतो.

स्मारक ग्रंथ माटे माननीय लेखकोए सामग्री पण ठीक ठीक पूरी पाडी छे. त्रणे विभागमांनी लेखसामग्री बे विभागमां वहेंचायेली छे. पहेला विभागमां पूज्यपाद आचार्यमहाराजश्रीना जीवनप्रवाहने स्पर्शता लेखो अने कविताओनो संग्रह छे. बीजा विभागमां विद्वद्भोग्य विपुल साहित्यसामग्री छे. आ विभागमां अहिंसा, अनेकांतवाद, कर्मवाद अने योग जेवा तात्त्विक लेखो आवेल छे. शिक्षण अने भाषासाहित्य विषयक लेखो पण छे. शिल्प, स्थापत्य, मूर्तिविधान, प्राचीन मंदिरो, चित्रकळा वगेरेनो परिचय आपती लेखमाळा पण आ विभागमां छे. प्राचीन आचार्यो, गुरुपरंपरा, ग्रंथपरिचय, राजाओ, सिक्काओ, महावीरजीवन वगेरेने लगती ऐतिहासिक सामग्री पण आवी छे. देव-देवीओ, यक्ष-यक्षिणीओ, तीर्थंकरो, जैनसाध्वीओ अने आचार्योनी मूर्तिओ विषयक लेखो पण आमां समाया छे. आ रीते अतिसमृद्ध विविध साहित्यसामग्रीनो आमां समावेश थयो छे. आ प्रकारनी विविध सामग्रीवाळा आ स्मारक ग्रंथनी महत्तामां आपेल विविध चित्रसामग्री अने तसवीरोए घणो महत्त्वनो उमेरो कर्यो छे.

उपर जणाव्युं ते प्रमाणे आ यादगार स्मारक ग्रंथने जे महत्ता वरी छे तेमां विद्वान संपादको, लेखको अने विविध सामग्री पूरी पाडनार महानुभावोए अने खास करीने स्मारक ग्रंथना योजक महानुभाव सज्जनोना अथाग खंतभर्या परिश्रमे मोटो भाग भजव्यो छे. एटले स्मारक ग्रंथना योजको खरेखर गर्व लई शके तेवो आ स्मारक ग्रंथ बन्यो छे.

अंतमां स्वर्गवासी गुरुदेव श्रीआचार्यभगवाननी पवित्र सेवामां स्मारक ग्रंथना योजको अने सहकारीओ साथे हुं पण ए पवित्र गुरुदेवनी सेवामां मारी आंतरिक सेवांजलि आदरपूर्वक अर्पण करूं छुं.

मुनि पुण्यविजय

निवेदन

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ।

पूज्य उमास्वाति महाराजे मोक्षमार्गनी आराधना माटे मुख्य त्रण वस्तुओ उपर भार मूक्यो छे: सम्यग्दर्शन, ज्ञान अने चारित्र्य. मानवदेह पामी आपणे जो कांई प्राप्त करवानुं होय तो ते आ ज छे. जीवनने ऊर्ध्वगामी बनावी मोक्षप्राप्तिनो ए ज एक राजमार्ग छे.

पण आवा आ राजमार्ग पर कोई कोई वखत भयंकर अंधारां छवाई जाय छे त्यारे पोतानी ज्ञानरुपी ज्योतथी तेने अजवाळवा कोई महाप्रतापी धर्मपुरुषनी जरुर ऊभी थाय छे. आवो एक धर्मपुरुष पोतानी जीवन-सुवास प्रसरावी आपणी वच्चेथी हमणां ज विदाय थयो. तेनुं नाम हतुं आचार्य श्रीविजयवल्लभसूरिजी. ए साचा अर्थमां धर्मपुरुष हता. समाजमां प्रसरेला अज्ञानरुपी अंधकारने दूर करवा माटे तेमणे जे कांई कर्युं ते अद्भुत हतुं, बीजा कोईथी भाग्ये ज बनी शके एवुं हतुं. समाज परनुं तेमनुं आ ऋण कदी न विसरी शकाय तेवुं छे. सामूहिक अने व्यक्तिगत रीते एमणे करेला उपकारो कदी न भूली शकाय एवा छे.

आपणी संस्कृतिना संरक्षको छे अरिहंतो, सिद्धो, आचार्यो, उपाध्यायो अने साधुओ. एमणे आपणी उज्ज्वळ प्रणालिकाने वधु उज्ज्वळ बनावी छे—आपणा सांस्कृतिक विकास अने चिंतनमां महत्त्वनो फाळो आप्यो छे. आचार्य श्रीविजयवल्लभसूरिजी आवा सिद्धो-संतोमांना एक हता. अर्वाचीन समाजना सांस्कृतिक विकास माटे तेमणे अथाक प्रयत्नो कर्या अने तेओ सिद्धिने वर्या. तेमना आ कार्यनुं मूल्यांकन कोई रीते थई शके तेम नथी, छतां एमना ए महान कार्यने एक नानीशी अंजलि अर्पवाना नम्र प्रयासरुपे आ ग्रंथ प्रगट करवानुं अमे साहस कर्युं छे. समाजना उत्कर्ष माटे आचार्यश्रीए शा शा प्रयत्नो कर्या, तेमनो आ उपकार केटलो मोटो हतो, एनो यत्किंचित ख्याल आ ग्रन्थ आपशे अेवुं अमारुं मानवुं छे. आ ग्रन्थने आचार्यश्रीना नाम अने कामने गौरव अर्पे एवो बनाववाना सजाग प्रयत्नो संपादको अने प्रकाशकोए कर्या छे. आ प्रयास केटले अंशे सफळ थयो छे ए तो समाज अने वाचकवर्ग ज कहेवुं रह्युं.

कोई पण महापुरुषना जीवननी समीक्षा करवानुं काम सहेलुं नथी. आचार्यश्री माटे पण आम ज बन्युं छे. एमां वळी ए महान आत्माना अनेक उपकारो आपणा समाज पर छे एटले ए समीक्षानुं काम वधु मुश्केल बने छे. आपणने—एमणे आपणा पर करेला अनेक उपकारो-अनुग्रहोने लीधे—एमना गुणोनुं ज दर्शन थाय ए स्वाभाविक छे. परिणामे आ ग्रंथमां एमनां गुणगान ज आपनी नजरे पडे तो ते क्षम्य ज गणाशे.

आचार्यश्रीने जे प्रवृत्तिओ अतिप्रिय हती एमां श्री महावीर जैन विद्यालय मुख्य छे. श्री महावीर जैन विद्यालयना प्रेरणादाता, प्रोत्साहक अने प्रणेता आचार्यश्री हता. आ संस्थानी अनेक स्मृतिओ आचार्यश्री साथे संकळायेली छे, परिणामे आ ग्रंथ प्रगट करवानुं ठर्युं अने आजे अनेकोना आशीर्वाद साथे ए बहार पडे छे. आचार्यश्रीए जीवनना छेल्ला केटलाक महिना आ संस्थामां पसार कर्या हता अने आ संस्थाने तथा तेना कार्यवाहकोने एमनी सेवानो लाभ मळ्यो हतो. तेमांथी सांपडेली प्रेरणानुं एक स्वरुप आ ग्रंथमां छे.

आचार्यश्रीनुं समग्र पण टूंकुं जीवनदर्शन करावvानो नम्र प्रयास आ ग्रन्थमां थयो छे, अने ते साथे जैनसंस्कृति अने संशोधनने लगतुं सारुं एवुं साहित्य पण रजू करवामां आव्युं छे. आ ग्रन्थ ए रीते आचार्यश्रीना

जीवननी मीठी सुवास लईने आवे छे, अने ए साथे एवो पाठ पण शीखवे छे के जो कोई पण मानवी योग्य रीते पुरुषार्थ करे तो भव्य सिद्धि प्राप्त करी शके.

आ ग्रंथनुं कार्य सरळ रीते हाथ धरवा नीचे जणावेल सभ्योनी एक समिति श्री महावीर जैन विद्यालयनी व्यवस्थापक समितिए नीमी हती :

१. श्री परमानंद कुंवरजी कापडीआ
२. श्री प्रसन्नमुख सुरचंद्र बदामी
३. श्री फुलचंद शामजी
४. श्री रतिलाल चिमनलाल कोठारी
५. श्री कान्तिलाल उमेदचंद बरोडिया
६. श्री चिमनलाल जेचंद शाह
७. श्री सेवंतीलाल चिमनलाल शाह
८. श्री कान्तिलाल डाह्याभाई कोरा
९. श्री चंदुलाल वर्धमान शाह
१०. श्री चंदुलाल साराभाई मोदी

समितिना आ सभ्योए ग्रन्थने तैयार करवामां समय अने शक्तिनो जे भोग आप्यो छे ते बदल तेमना हार्दिक आभारी छीए.

गुजराती विभागनुं संपादनकार्य डॉ० भोगीलाल जे. सांडेसरा, एम्. ए., पीएच्. डी., डॉ० उमाकान्त प्रे. शाह, एम्. ए., पीएच्. डी. अने श्री नागकुमार ना. मकाती, बी. ए., एलएल्. बी. ए, हिंदी विभागनुं संपादन प्रा० पृथ्वीराज जैन, एम्. ए. ने अने अंग्रेजी विभागनुं संपादन डॉ० मोतीचंद्र, पीएच्. डी. (लंडन), डॉ० जगदीशचंद्र सी. जैन, एम्. ए., पीएच्. डी. अने श्री चिमनलाल जे. शाह, एम्. ए. ए करेल छे. प्रस्तुत ग्रन्थने समृद्ध बनाववा माटे तेओए जैन इतिहास, साहित्य, कला अने तत्त्वज्ञानना विषयो पर लेखो मेळववा भारतना तेम ज परदेशना विद्वानोनो संपर्क साध्यो हतो अने सारो एवो सहकार पण मेळव्यो. आ बदल बधा विद्वान लेखको अने त्रणेय विभागना संपादकोनो अमे अंतःकरणपूर्वक आभार मानीए छीए.

आचार्यश्रीना जीवनचरित्र विभाग आ स्मारक ग्रंथनुं एक महत्त्वनुं अंग छे, अने ते तैयार करी आपवा माटे श्री पी. के. शाह, एम्. ए. ना अमे खास ऋणी छीए. प्राप्त थएली सामग्री लक्षमां लेतां ग्रंथनुं कद धार्या करतां खूब ज वधी गयुं छे अने तेथी केटलीक सारी कृतिओ स्थळसंकोचने लीधे संपादकोने छोडी देवी पडी छे. आ माटे लेखको अने कलाकारोनी क्षमा याचीए छीए, अने तेओए आपेल सहकार बदल आभारी छीए.

ग्रन्थनी उपयोगिता वधारवामां आचार्यश्री विजयसमुद्रसूरि, मुनिश्री पुण्यविजयजी तथा मुनिश्री यशो-विजयजी तरफथी मार्गदर्शन, प्रेरणा अने सहकार मळेल छे. मुनिश्री पुण्यविजयजीए ग्रन्थनी प्रारंभिक तैयारीथी मांडी छेवट सुधी प्रेरणा अने अपूर्व सहकार अर्पी ग्रन्थनी उपयोगिता घणी वधारी छे. तेओश्रीए लखेल आमुख ग्रन्थना कीर्तिकळश रूप बने छे. स्थापत्य अने चित्रकळानी सामग्री श्री आर. भारद्वाज, श्री जगन महेता, श्री बाबुभाई भावनगरी, श्री बाबुभाई मिस्त्री, डॉ० उमाकान्त शाह, अने बीजा अनेक भाईओ तरफथी मळी छे ते माटे संस्था तेओनी ऋणी छे. ग्रन्थनुं आवरण पट तैयार करी आपवामां चित्रकार श्री सी. नरेने जे मदद करी छे ते बदल हार्दिक आभार मानीए छीए. कलासामग्री अंगे गुजरातना सिद्धहस्त कलाकार श्री रविशंकर रावळ तरफथी खूब सहकार मळेल छे. स्वास्थ्य बराबर न होवा छतां ग्रन्थना सुशोभन पाछळ तेओए जे परिश्रम लीधो छे ते बदल अमे तेमना हंमेशना ऋणी छीए. आर्किओ-लॉजिकल सर्वे ऑफ इंडिया तेम ज पटना, वडोदरा अने मुंबई म्युझियमना क्युरेटर तरफथी चित्रसामग्री अंगे घणो सहकार मळ्यो ते बदल संस्था तेमनो अत्यंत आभार माने छे.

श्रीहेमचंद्राचार्य जैन ज्ञानमंदिर (पाटण), श्रीविजयनेमिसूरि ज्ञानभंडार (अमदावाद), श्रीभ्रातृचंद्रसूरि ज्ञानभंडार (अमदावाद) अने श्री शान्तिनाथ प्राचीन ताडपत्रीय जैन ज्ञानभंडार(खंभात)ना कार्यवाहकोए

ऐतिहासिक प्रतोनां चित्रो; अने श्रीनेमिनाथजी अने श्रीऋषभदेवना जन्म अने जीवनघटनानी बे सुवर्णाक्षरी प्रतोना ब्लॉक श्री साराभाई नवाबे आपी ग्रन्थनी उपयोगिता वधारी ते माटे तेमनो सर्वेनो अमे आभार मानीए छीए. दरेक लेखने अंते मथुराना जैन शिल्पनी ऐतिहासिक विविध सूचक चित्रसामग्री मूकेल छे. आ सामग्री माटे आर्किओलॉजिकल सर्वे ऑफ इन्डियाना अमे खास ऋणी छीए.

मुद्रणकाम ए ग्रन्थनुं महत्त्वनुं अंग छे, अने आ कार्य श्री मौज प्रिन्टिंग ब्यूरोना श्री विष्णु पी. भागवते खास चीवटथी पार पाडेल छे. आ माटे श्री भागवत अने तेमना सहकार्यकर्ताओनो आभार मानवानी अमे सहर्ष तक लईए छीए. प्राचीन ऐतिहासिक प्रतोना रंगीन चित्रोनुं मुद्रणकार्य सुंदर रीते करवा माटे अमदावादना दीपक प्रिन्टरीना श्री नटुभाई रावतनो पण हार्दिक आभार मानीए छीए. ते उपरांत श्री एन्. ए. गोरे, श्री जीवनलाल जानी, श्री शंकरराव दामले, श्री नरेन्द्र रावळ, श्री नवीनचंद्र अं. शाह, श्री के. पारसमल अने श्री प्रवीणचंद्र के. शाहना ग्रन्थना संपादन तथा मुद्रणकार्यमां सहकारी थवा माटे आभारी छीए.

आवो विपुल ग्रन्थ अनेक बंधुओना हार्दिक सहकारना परिणामे ज तैयार करी शकाय. आ ग्रन्थ माटेनी सामग्री एकठी करवाथी मांडी प्रकाशन माटे दिनरात चिन्ता सेवनार अने तनतोड महेनत करनार अनेक व्यक्तिओ छे. आ सौनो व्यक्तिगत उल्लेख करवानुं न बनी शक्युं होय तो ओ माटे अमे तेमनी क्षमा मागीओ छीओ. टूंकमां, जेणे जेणे आ कार्यने सफळ बनाववामां मदद करी छे ते सौनो अमे अंतःकरणपूर्वक आभार मानीए छीए.

गुरु प्रत्येनी भक्तिथी जन्मेला आ प्रयासमां जो कांई क्षति रहेवा पामी होय तथा जाण्येअजाण्ये कोईने पण अन्याय थयो होय, उत्सूत्रप्ररूपणा थई होय तेम ज मुद्रणदोष रही गयो होय तो ते माटे अमे सौ कोईनी क्षमा याचीए छीए.

अंतमां आचार्यश्रीना जीवननी प्रेरणा झीलीने जन्मेली आ कृति सौ कोईनो आदर पामशे अने अन्य जीवोनो आत्मोत्कर्ष साधवामां मददरूप नीवडशे एवी अभिलाषा अने श्रद्धा साथे अमे विरमीए छीए.

शिवमस्तु सर्वजगतः परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं सर्वत्र सुखी भवतु लोकः ॥

गोवाळीआ टॅंक रोड : मुंबई, २६
फागण सुदि १५, सं. २०१२

चंदुलाल साराभाई मोदी
चंदुलाल वर्धमान शाह
मंत्रीओ, श्री महावीर जैन विद्यालय

: प्रकाशक :

चंदुलाल साराभाई मोदी

चंदुलाल वर्धमान शाह

मंत्रीओ

श्री महावीर जैन विद्यालय

अ नु क्र म णि का

आमुख — मुनिश्री पुण्यविजयजी

प्रकाशकनुं निवेदन

गुजराती विभाग

श्रद्धांजलि अने जीवन

			पृष्ठ
१.	श्रीवल्लभगुरुसङ्क्षिप्तचरित्रस्तुतिः	मुनिश्री पुण्यविजयजी	१
२.	आचार्यश्रीने अंजलि	प्रा. रमण कोठारी, एम्. ए.	३
३.	राजलहंसने	श्री पादराकर	४
४.	हे आर्षद्रष्टा !	श्री शांतिलाल बी. शाह	५
५.	वल्लभ-हरियाळी	प्रा. हिरालाल र. कापडिया, एम्. ए.	६
६.	श्रीमद् विजयवल्लभसूरिजीने अंजलि	श्री मावजी दामजी शाह	७
७.	सूरीश्वरने स्मरणांजलि	श्री कल्याणचंद्र के. झवेरी	८
८.	नमी रहुं—	श्री नवीनचंद्र अंबालाल शाह	९
९.	अमर वल्लभ	श्री प्रवीणचंद्र जेचंद महेता	१०
१०.	सूरिजीनो जीवनसूर	डॉ. जयंत एम्. पटणी, एम्. बी., बी. एस्.	११
११.	आपणा श्रीवल्लभ गुरुदेव	आचार्यश्री विजयसमुद्रसूरि	१३
१२.	तीर्थंकरोना चरणे उच्चारेल मातानुं वचन सार्थक	मुनिश्री इंद्रविजयगणि	१६
१३.	युगवीरनां संस्मरणो	मुनिश्री जनकविजयगणि	१९
१४.	स्वर्गस्थ आचार्य श्रीविजयवल्लभसूरीश्वरजी	दि. ब. कृष्णलाल मोहनलाल झवेरी	२२
१५.	युगवीरनो अंतिम दृष्टिनिर्देश !	श्री पादराकर	२३
१६.	प्राचीन ज्ञानभंडारना उद्धारक	श्री मोहनलाल दीपचंद चोकसी	२७
१७.	युगद्रष्टा आचार्य श्रीविजयवल्लभसूरीश्वरजी	श्री पी. के. शाह, एम्. ए.	३२
१८.	साधुसंस्थाना कीर्तिकळश	आचार्यश्री विजयउमंगसूरि	९७
१९.	युगद्रष्टाना हस्ताक्षर		९९
२०.	वल्लभवाणी		१००

लेख-संग्रह

१.	भारतीय कळामां जैन संपूर्ति	श्री रविशंकर म. रावळ	१
२.	जैन धर्म अने जैन संस्कृतिनी केटलीक लाक्षणिकताओ	प्रा. अमृतलाल सवचंद गोपाणी, एम्. ए., पीएच्. डी.	१२
३.	जैन अभ्यासमां नवीन दृष्टिनी आवश्यकता	प्रा. केशवलाल हिं. कामदार, एम्. ए.	१६
४.	भाषाना विकासमां प्राकृत-पालिभाषानो फाळो	पं. बेचरदास दोशी	२०
५.	जैन परंपरानुं अपभ्रंश साहित्यमां प्रदान	प्रा. हरिवल्लभ चु. भायाणी, एम्.ए., पीएच्.डी.	३१
६.	जैन साहित्यनां पदो विषे विचारणा	प्रा. चंद्रकान्त एच्. महेता, एम्. ए., एल्एल्. बी., पीएच्. डी.	४१

			पृष्ठ
७.	प्रथमानुयोगशास्त्र अने तेना प्रणेता स्थविर आर्यकालक	मुनिश्री पुण्यविजयजी	४९
८.	श्वे. गुरु विमलसूरिनी प्रश्नोत्तर-रत्नमाला	पं. लालचंद्र भगवान गांधी	५७
९.	ब्रह्मविहार—जैन अने जैनेतर दृष्टिए	प्रा. जयंतीलाल भाईशंकर दवे, एम्. ए.	६६
१०.	श्रीपार्श्वनाथनी एक प्राचीन धातुप्रतिमा	डॉ. उमाकान्त प्रेमानन्द शाह, एम्. ए., पीएच्. डी.	७०
११.	प्रकाशानुं एक प्राचीन शिल्प	श्री शिवलालदास शंभुभाई देसाई	७३
१२.	श्री पंचासरा पार्श्वनाथना मन्दिर विषेना केटलाक ऐतिहासिक उल्लेखो	डॉ. भोगीलाल ज. सांडेसरा, एम्. ए., पीएच्. डी.	७६
१३.	गुजरातनुं प्रथम इतिहासकाव्य	प्रा. जयन्त प्रे. ठाकर, एम्. ए., कोविद	८४
१४.	सोलंकी राजवीओनो त्यागधर्म	श्री चुनीलाल वर्धमान शाह	९३
१५.	यक्षपूजानी ऐतिहासिकता	श्री कनैयालाल भाईशंकर दवे	९६
१६.	महाराजा जयसिंह सिद्धराजना चांदीना सिक्का	श्री अमृत पंड्या	१०२
१७.	हेमचन्द्राचार्य : एमनुं जीवन अने कवन	प्रा. रमणलाल सी. शाह, एम्. ए.	११२
१८.	'खुश्फहम' सिद्धिचंद्रगणिकृत नेमिनाथ चतुर्मासकम्	डॉ. मंजुलाल र. मजमुदार, एम्. ए., एल्एल्. बी., पीएच्. डी.	११७
१९.	भावलिंगनुं प्राधान्य	डॉ. भगवानदास म. महेता, एम्.बी., बी.एस्.	१२०
२०.	'तत्त्वार्थश्रद्धानम्—सम्यग्दर्शनम्' एटले शुं?	श्री 'संतबाल'	१२६
२१.	मनुष्य एकलो नथी	श्री दलसुख मालवणिया	१२८
२२.	वादिदेवसूरिनुं जन्मस्थान क्युं?	श्री गोकुळभाई दोलतराम भट्ट	१३२
२३.	'अमारि' पालनना बे अप्रकट ऐतिहासिक लेखो	श्री नागकुमार मकाती, बी. ए., एल्एल्.बी.	१३४
२४.	वडनगरनी शिल्पसमृद्धि	श्री रमणलाल नागरजी महेता	१३७
२५.	ब्रह्म व्रतेषु व्रतम्	श्री मनसुखलाल ताराचंद महेता	१४१
२६.	धर्म अने संस्कृति	मुनिश्री कल्याणचंद्रजी	१४९
२७.	श्रीमहावीर परमात्मानुं व्यापक जीवन	श्री फतेहचंद झवेरभाई शाह	१५३
२८.	निर्ग्रंथ सिद्धांतनी उत्तमता	डॉ. वल्लभदास नेणसीभाई	१५७
२९.	जैन जातकोना चित्रप्रसंगोवाळी कल्पसूत्रनी सुवर्णाक्षरी प्रत	श्री साराभाई मणिलाल नवाब	१६१
३०.	चित्र-परिचय		
	१. केटलाक प्राचीन जैन शिल्पो	डॉ. उमाकान्त प्रेमानन्द शाह, एम्. ए., पीएच. डी.	१६८
	२. जैन साध्वीजीओनी भव्य पाषाण-प्रतिमाओ	मुनिश्री यशोविजयजी	१७२
	३. पाटणना जैन मंदिरमांनो एक सुन्दर काष्ठपट	मुनिश्री यशोविजयजी	१७४
	४. ऐतिहासिक वस्त्रपट	मुनिश्री यशोविजयजी	१७५
३१.	'सुपासनाहचरियं'नी हस्तलिखित पोथीमांनां रंगीन चित्रो	मुनिश्री पुण्यविजयजी	१७६
३२.	श्रीयशोविजयोपाध्याय अने तेमणे लखेली हाथपोथी नयचक्र	मुनिश्री पुण्यविजयजी	१८१

हिन्दी विभाग

श्रद्धांजलि अने जीवन

पृष्ठ

१. जागृति के देवदूत श्री वल्लभ — श्री रामकुमार जैन, बी. ए., बी. टी., न्यायतीर्थ — १
२. युगवीर आचार्य श्रीविजयवल्लभ : जीवनज्योति — प्रा. पृथ्वीराज जैन, एम. ए., शास्त्री — २
३. पंजाब केसरी का पंचामृत — श्री ऋषभदासजी जैन — ६
४. भारत की एक महान् विभूति — महता श्री शिखरचन्द्र कोचर, बी. ए., एल्‌एल्‌. बी., आर. जे. एस., साहित्यशिरोमणि — १५

लेख-संग्रह

१. जैन पुराण-कथा का लाक्षणिक स्वरूप — श्री वीरेन्द्रकुमार जैन — १
२. पालि-भाषा के बौद्ध ग्रन्थों में जैन धर्म — डॉ. गुलाबचंद चौधरी, एम्‌.ए., पीएच्‌. डी. — ६
३. पिप्पल गच्छ गुर्वावलि — श्री भंवरलालजी नाहटा — १३
४. संस्कृति निर्माता युगादिदेव — श्री शान्तिलाल खेमचंद शाह, बी. ए. — २३
५. स्याद्वाद पर कुछ आक्षेप और उनका परिहार — श्री मोहनलाल मेहता, एम्‌.ए., शास्त्राचार्य — २७
६. जैन साधना का इच्छायोग — कविरत्न श्रद्धेय श्री अमरचन्द्रजी महाराज — ३३
७. भगवान् महावीर का अपरिग्रहवाद — श्री नरेन्द्रकुमार भानावत, साहित्यरत्न — ३५
८. संजय का विक्षेपवाद और स्याद्वाद — पं. महेन्द्रकुमार जैन, न्यायाचार्य — ३९
९. श्री आत्मारामजी तथा ईसाई मिशनरी — प्रा. पृथ्वीराज जैन, एम्‌. ए., शास्त्री — ४४
१०. जैन दृष्टि से साधनामार्ग — श्री ऋषभदासजी — ५०
११. धर्मोत्तर के टिप्पण के कर्त्ता मल्लवादी — श्री दलसुखभाई मालवणिया — ५३
१२. प्राचीन भारत में देश की अेकता — डॉ. वासुदेव शरण अग्रवाल, एम्‌. ए., पीएच्‌. डी., डी. लिट्‌. — ५५
१३. भट्टारक कनककुशल और कुँअरकुशल — श्री अगरचंदजी नाहटा — ६५
१४. जिनप्रतिमा और जैनाचार्य — पं. हंसराजजी शास्त्री — ७५
१५. तिरुवल्लुवर तथा उनका अमर ग्रंथ तिरुक्कुरल — पं. महेन्द्रकुमार जैन, न्यायशास्त्री — ८२
१६. सुवर्णभूमि में कालकाचार्य — डॉ. उमाकान्त प्रेमानन्द शाह, एम्‌. ए., पीएच्‌. डी. — ९१

अंग्रेजी विभाग

श्रद्धांजलि अने जीवन

1. *The Great Ācārya* — Shri Chimanlal J. Shah, M.A.
2. *A Dedicated Soul* — Shri K. D. Kora, M.A.

लेख-संग्रह

			पृष्ठ
1.	*Structural Evolution and the Doctrine of Karma*	Dr. Hari Satya Bhattacharya, M.A., B.L., Ph.D.	1
2.	*The Figures of the Two Lower Reliefs on the Pārśvanātha Temple at Khajurāho*	Dr. Klaus Bruhn, Ph.D.	7
3.	*The Message of the Religion of Ahiṁsā*	Prof. A. Chakravarti, M.A., I.E.S. (Retd.)	36
4.	*Some Aspects of Jaina Monastic Jurisprudence*	Dr. S. B. Deo, M.A., Ph.D.	41
5.	*Materials Used for Jaina Inscriptions*	Prof. D. B. Diskalkar, M.A.	55
6.	*Jamāli : His Life and Point of Difference from Lord Mahāvīra*	Prof. Prithvi Raj Jain, M.A., Shastri	61
7.	*The Concept of Arhat*	Prof. Padmanabh S. Jaini,, M.A., Tripiṭakācārya	74
8.	*Historical Position of Jainism*	Dr. J. S. Jetley, M.A., Ph.D.	77
9.	*Jainism : Its Distinctive Features and Their Impact on our Composite Culture*	Prof. Kr. De. Karnataki, M.A.	82
10.	*Fundamental Principles of Jainism*	Dr. B. C. Law, M.A., B.L., Ph.D., D. Litt., F.R.A.S.B., F.R.A.S. (Hony)	87
11.	*A 13th Century Inscribed Metal Bell from Pāṭaṇ (N. Gujarat)*	Dr. M. R. Majumdar, M.A., LL.B., Ph.D.	112
12.	*What Jainism Offers to the World*	Shri C. S. Mallinath	115
13.	*Digambara Jaina Tīrthaṅkaras from Maheshwar and Nevāsā*	Dr. H. D. Sankalia, M.A., Ph.D. (London)	119
14.	*Glory of Jainism*	Shri Chimanlal J. Shah, M.A.	121
15.	*Jayā-Group of Goddesses*	Dr. Umakant P. Shah, M.A., Ph.D.	124
16.	*A Rare Sculpture of Mallinātha*	Dr. Umakant P. Shah, M.A., Ph.D.	128
17.	*Ācārya Haribhadra's Comparative Studies in Yoga*	Dr. N. M. Tatia, M.A., D. Litt.	129
18.	*Dhūrtākhyana in the Niśītha-cūrṇī*	Dr. A. N. Upadhye, M,A., D. Litt.	143
19.	*The Place of Jainism in Indian Thought*	Dr. Felix Valyi	152
20.	*A Historical Outline of the Languages of Western India*	Prof. K. B. Vyas, M.A., F.R.A.S.	157
21.	*Jainism—A Way of Life*	Shri B. P. Wadia	169

चित्र परिचय

बृहत्तपागच्छान्तर्गत संविग्नशाखीय आद्याचार्य न्यायाम्भोनिधि श्री १००८ श्रीविजयानन्दसूरिपट्टप्रतिष्ठित आचार्यप्रवर श्रीविजयवल्लभसूरि महाराज

गुजराती विभाग

श्रद्धांजलि अने जीवन (१४)

१	न्यायांभोनिधि श्रीविजयानन्दसूरीश्वरजी (श्री आत्मारामजी)	३६
२–३	प्रवर्तक श्रीकान्तिविजयजी, मुनि श्रीचतुरविजयजी	४०
४–५	मुनिश्री हर्षविजयजी, पंन्यास श्रीसंपतविजयजी	४१
६–७	मुनि श्रीहंसविजयजी, आचार्य श्रीविजयललितसूरि	४८
८	आचार्य श्रीविजयवल्लभसूरीश्वरजी, प्रवर्तक श्रीकान्तिविजयजी अने मुनिसमुदाय (पाटण सं. १९८४)	४९
९	मुनि श्रीचतुरविजयजी, प्रवर्तक श्रीकान्तिविजयजी, आचार्य श्रीविजयवल्लभसूरिजी मुनि श्रीहंसविजयजी, पं. संपतविजयजी (पाटण सं. १९८५)	५६
१०	अमदावादमां मुनिसंमेलनमां एकत्रित थयेल मुनिसमुदाय (सं. १९९० इसवी सन १९३४)	५७
११–१२	(१) ता. ७ थी ९ नवेंबर १९५२ ना रोज श्री महावीर जैन विद्यालयमां योजायेल संमेलन प्रसंगे विराजमान आचार्य श्रीविजयवल्लभसूरि अने मुनिमहाराजो (२) संमेलनना छेल्ला दिवसे प्रवचन करता आचार्य श्रीविजयवल्लभसूरि	६८
१३–१४	(१) संमेलनना छेल्ला दिवसे श्री महावीर जैन विद्यालय तरफथी प्रमुख श्री मनसुखलाल ए. मास्तरने आवकार आपतां श्री खीमजी भुजपुरीआ आचार्यश्रीनी अनेकविध सेवाओने अंजलि आपी रह्या छे. (२) आचार्यश्री श्री महावीर जैन विद्यालयमां विराजमान होई ता. १५-१०-१९५३ ना रोज शेठ श्री कस्तुरभाई लालभाई वंदनार्थे आव्या ते प्रसंग	६९

लेख-संग्रह (५७)

१	धरणाशाहे बंधावेल चतुर्मुख जिनप्रासादनुं गगनचुंबी शिखर, राणकपुर, १५ मी सदी
२	धरणाशाह अने रतनाशाहे बंधावेल चतुर्मुख देरासरनुं भव्य प्रवेशद्वार, राणकपुर, १५मी सदी

३ तीर्थाधिराज शत्रुंजय, पालिताणा

४ कुंभारियाजीना श्रीपार्श्वनाथ भगवानना देरासरनी भमतीनां चौद स्वप्न अने देव देवीओ कोतरेल स्तंभ अने द्वार

५ राणकपुरना चतुर्मुख जिनप्रासादना कलामय स्तंभोपरनी अद्भुत कोतरणी

६ विमलवसही, आबु : रंगमंडप अने देवकुलिकाओनुं एक दृश्य

७ हठीसिंगना देरासरनो उपरनो भाग, अमदावाद, १९मी सदी

८ मालादेवी मंदिरनुं भोंयतळियुं अने पडशाळ, ग्यारासपुर, भीलसा

९ शेठ हठीसिंगे बंधावेल देरासरनुं कलामय प्रवेशद्वार, अमदावाद, १९मी सदी

१० लुण-वसहीना रंगमंडपमां प्रभुदर्शनलीन साध्वीजीओ, आबु, १३मी सदी

११ जैन स्तंभ, चितोडगढ, इ. स. आशरे ११००

१२ कुंभारियाजी महावीरस्वामी देरासरनी सात छतो पैकीनी नटारंग दर्शावती चोथा नंबरनी छत

१३–१४ (१) श्रीपार्श्वनाथनी एक प्राचीन धातुप्रतिमा, सन्मुखदर्शन
(२) श्रीपार्श्वनाथनी एक प्राचीन धातुप्रतिमा, पृष्ठभाग ७०

१५–१६ (१) श्रीपार्श्वनाथनी एक प्राचीन धातुप्रतिमा
(२) लोहानिपुर(पटणा पासे)थी मळेल मौर्यकालीन जिनप्रतिमा ७१

१७ प्रकाशानुं एक प्राचीन शिल्प ७४

१८–१९ (१) श्रीपंचासरा पार्श्वनाथ मंदिरनी वनराज चावडानी मूर्ति
(२) श्रीपंचासरा पार्श्वनाथ मंदिरनी ठ. आसाकनी मूर्ति ७५

२०–२७ वडनगरनी शिल्पसमृद्धि १३८–३९
१ युगल-शर्मिष्ठा तळावनी पाळ पर जडेलुं शिल्प
२ आमथेरमातानां मंदिरमांनुं सप्तमातृकानुं शिल्प
३ अरजण-बारीनी उत्तरे भींत परनी शिल्पपट्टिका
४ ठाकरडावासनी नजीक पडेली नरवराहनी प्रतिमा
५ गौरीकुंडनी दीवालमां जडी दीधेल राजवंशीनी सवारी
६ हाटकेश्वर मंदिरनी भींत परनी नर्तकी
७ हाटकेश्वर मंदिर परनुं पांडवोनां रथनुं शिल्प
८ हाटकेश्वर मंदिर परना स्वाहा (?) अने गण

२८–२९ (१) श्रीनेमिनाथजीनो जन्म अने तेओश्रीना जीवननी मुख्य मुख्य घटनाओना चित्रप्रसंगो (रंगीन चित्र) १६४
(२) श्रीऋषभदेवनो जन्म अने तेओश्रीना जीवननी मुख्य मुख्य घटनाओना चित्रप्रसंगो (रंगीन चित्र) १६६

३०–४४ १ राजगृही वैभारगिरि उपरनी गुप्तकालीन नेमिनाथ प्रतिमा

२ राजगृहीनी सोनभंडार गुफामांना चौमुखजीनी सातमा-आठमा सैकानी संभव-नाथजी कायोत्सर्ग मूर्ति

३ ई. स. ५२५–५५० आसपासनी श्रीजिनभद्र वाचनाचार्य प्रतिष्ठित श्रीऋषभदेवनी धातुप्रतिमा

४ ई. स. १०५३–६३ वच्चे प्रतिष्ठित थएल धातुनुं समवसरण

५ लीलवादेवा पासेथी मळेली प्राचीन पश्चिम भारतीय कलानी धातुप्रतिमा—श्री पार्श्वनाथजीनी त्रितीर्थी

६ लीलवादेवा पासेथी मळेल श्री पार्श्वनाथजीनी त्रितीर्थी प्रतिमानो सं. १०९३ नो लेख

७-८ वडोदराना दादापार्श्वजीना दहेरासरमांनी विक्रमना अगियारमा सैकाना उत्तरार्द्धनी त्रितीर्थीक धातुप्रतिमा

९ ई. स. १०९४–९५ मां भरायेल आदिनाथजीनी चोवीसी

१० महाअमात्य तेजपाल तथा अनुपमादेवी

११-१२ आबु-विमलवसही अने लूणवसहीना रंगमंडपनी छत

१३ आबु लूणवसहीना छत उपर गिरनार अने द्वारिका नगरी तथा समवसरणनां दृश्यो

१४ राणकपुरनो सहस्रफणा पार्श्वनाथनो पाषाणपट

१५ राणकपुरना चौमुखजी मंदिरना पाषाणपर कोतरेल नंदीश्वर द्वीपनो बावन जिनालयनो पट १६८–१६९

४५–४७ जैन साध्वीजीओनी पाषाण-प्रतिमाओ

१ सं. १२०५नी साध्वीजीनी प्रतिमा

२ सं. १२५५नी साध्वीजीनी प्रतिमा

३ सं. १२९८नी साध्वीजीनी प्रतिमा १७२

४८ पाटणना जैन मंदिरनो एक सुदर काष्ठपट १७३

४९ श्रमण भगवान महावीरनो मेरूपर्वत पर जन्माभिषेक १७४

५० न्यायाचार्य उपाध्याय श्रीयशोविजयजी महाराजना जीवनकाळनी विचारणामां अभूतपूर्व प्रकाश पाडतो वि. सं. १६६३ मां चीतरायलो ऐतिहासिक वस्त्रपट १७५

५१–५४ वासभवनमां पृथ्वीमाता साथे भगवान सुपार्श्वनाथ (रंगीन चित्र)

सोमा राजकुमारी साथे भगवाननुं पाणिग्रहण (रंगीन चित्र)

सहसाम्रवन उद्यानमां भगवाननी दीक्षा (रंगीन चित्र)

श्रीसुपार्श्वनाथ भगवाननी मोक्षप्राप्ति (रंगीन चित्र) १७६–१७७

५५ श्रीसुपार्श्वनाथ स्वामीना प्रथम दिन्न गणधरनुं वनमां आगमन अने पर्षदा समक्ष धर्मोपदेश (रंगीन चित्र) १७८

५६ भगवान श्रीसुपार्श्वनाथ स्वामीनुं निर्वाणकल्याणक (रंगीन चित्र) १८०

५७ सिंहवादिगणि क्षमाश्रमणकृत नयचक्र टीका—उपाध्याय श्रीयशोविजयजी महाराजना हस्ताक्षरमां १८२

हिन्दी विभाग

श्रद्धांजलि अने जीवन (२)

आचार्य श्रीविजयवल्लभसूरि महाराज
चातुर्मास स्थलादि का विवरण १८

लेखसंग्रह (१२)

१ श्रमण-बेळगोळमां चंद्रगिरि अने इंद्रगिरिनी वच्चे इ. स. ९८१–९८३ आस-पास प्रतिष्ठित, गोमटेश्वर (बाहुबली) नी महाकाय प्रतिमा—एकज शिलामांथी घडेली छे. ऊंचाई आशरे ५६ फूट ६ इंच छे.

२–१२ १ पार्श्वनाथ भगवान, उदयगिरि गूफा, भीलसा
२ गर्भद्वार, विमलवसही, आबु, बारमी सदी
३ कुंभारियाजीना पार्श्वनाथ भगवानना देरासरमां अजितनाथ भगवान कायोत्सर्ग मुद्रामां—नीचे सं. ११७६नी सालनो लेख छे
४ भव्य जैन शिल्पमूर्तिओ, ग्वालियर
५ शान्तिनाथ बस्तीनी दीवालपर आवेली शिल्पसमृद्धि, जिनानाथपुर
६–९ लूणवसही-आबु : स्तंभो परना गणधरो : तेरमी सदी
१० शेठ हठीसिंगे बंधावेल जिनप्रासादनी दीवालपरनी कलामय शिल्पमूर्ति, अमदावाद (१९मी सदी)
११ राणकपुरना चतुर्मुख जिनप्रासादनी दीवालोपरनी शिल्पसमृद्धि, १५मी सदी

अंग्रेजी विभाग

श्रद्धांजलि अने जीवन (१)

आचार्य विजयवल्लभसूरि

लेख विभाग (३०)

१ नर्तिका : सित्तन्नवासल गुफाना जिनप्रासादनी दीवालपरनुं विश्वविख्यात रंगीन चित्र : जैनाश्रित कळानो एक नमूनो

२–३	१ सहस्रकूटनुं धातुनुं शिल्प, पाटण : १८मी सदीनी आसपास	
	२ राणकपुर, चतुर्मुख जिनप्रासादनी छतनुं संयोजना चित्र	
४–५	१ उदयगिरिनी रानीगुंफानी केवाळनो नमूनो	
	२ कंकालीटीलाना बोद्धस्तूपना कलाविधाननो नमूनो	
६	विमल-वसहीनी एक छतनी अनन्य कोतरणी : आबु, बारमी सदी	.
७	पार्श्वनाथ जिनप्रासाद, खजुराहो	१४
८–९	पार्श्वनाथ जिनप्रासादनी शिल्पसमृद्धि, खजुराहो	१५
१०	ऋषभनाथ, खजुराहो (म्यूझियम)	३२
११	ऋषभनाथ, खजुराहो	३३
१२	आदीश्वरप्रभुनी मुखमुद्रा : धातुप्रतिमा : अकोटा संग्रह (गुप्त समय)	४०
१३	चामरधारिणी : धातुप्रतिमा, अकोटा (आठमी सदी आसपास)	४१
१४	१३मा सैकानो कोतरेल घंट (पाटण)	११२
१५–१७	(१) भर्तृहरीनी गुफामां प्रभावलीनी मूर्ति, महेश्वर	
	(२) तीर्थंकर कायोत्सर्ग मुद्रामां, महेश्वर	
	(३) पार्श्वनाथ, नेवासा	११३
१८–२०	(१) भगवान मल्लिनाथनी अप्रतिम शिल्पप्रतिमा	१२८
	(२) अंबिका देवी, विमल-वसहीमांना रंगमंडपनी एक छतनी कोतरणी, देलवाडा, (बारमी सदी)	१२९
	(३) सिंहारूढ अंबिका (?), लूण-वसहीनी एक छतनी कोतरणी, देलवाडा, तेरमी सदी	१२९
२१	श्रीउदयप्रभसूरिकृत धर्माभ्युदय महाकाव्यनी प्रतिमानुं गुर्जरेश्वर महामात्य वस्तुपाळना हस्ताक्षरवाळुं पानुं	१४२
२२	सं. १२९४ मां लखाएल ताडपत्रीय प्रतमां मळेली श्री हेमचंद्राचार्य अने	१४२
	गुर्जरेश्वर कुमारपाळनी चित्राकृतिओ	१४२
२३	१५मी सदीमां कापडपर चितरायेल वर्धमान विद्यापट	१४३
२४	श्री विनयविजयोपाध्यायना हस्ताक्षर (लोकप्रकाश ग्रंथनी प्रथम नकलमांनी)	१४३
२५	लाख उपर दोरेलुं सोनेरी चित्र	
२६	महोपाध्याय श्री यशोविजयजी महाराजना हस्ताक्षर (जंबुस्वामीरास)	१४३
२७–३०	(१) नर्तिका : सित्तन्नवासल गुफाना जिनप्रासादनी दीवालपरनुं विश्वविख्यात रंगीन चित्र : जैनाश्रित कळानो एक नमूनो	१५६
	(२) उदयगिरिनी गणेशगुफानी केवाळनो नमूनो	
	(३) खंडगिरि उपरनी जैन गुफा	
	(४) उदयगिरिनी रानीगुफानी केवाळनो नमूनो	१५७

आचार्य विजयवल्लभसूरि स्मारक ग्रंथ

: श्रद्धांजलि अने जीवन :

गुजराती विभाग

॥ जयन्तु वीतरागाः ॥

श्रीवल्लभगुरुसङ्क्षिप्तचरित्रस्तुतिः

बाल्यभावात्तदीक्षाय आबाल्यब्रह्मचारिणे ।
ब्रह्मतेजोऽलङ्कृताय नमो वल्लभसूरये ॥ १ ॥

विजयानन्दसूरीन्द्रपादसेवाप्रभावतः ।
प्राप्तज्ञानादिकौशल्यः जयतात् सूरिवल्लभः ॥ २ ॥

शान्तो धीरः स्थितप्रज्ञो दीर्घदर्शी जितेन्द्रियः ।
प्रतिभावानुदारश्च जयताद् गुरुवल्लभः ॥ ३ ॥

ज्ञातं श्रीवीरधर्मस्य रहस्यं येन वास्तवम् ।
धारितं पालितं चापि जयतात् सूरिवल्लभः ॥ ४ ॥

श्रीवीरोक्तद्रव्यक्षेत्रकालभावज्ञशेखरः ।
अतज्ज्ञतन्मार्गदर्शी जयताद् गुरुवल्लभः ॥ ५ ॥

जागरूकः सदा जैनशासनस्योन्नतिकृते ।
सर्वात्मना प्रयतिता जयतात् सूरिवल्लभः ॥ ६ ॥

जैनविद्यार्थिसज्ज्ञानवृद्ध्यै विद्यालयादिकाः ।
संस्थाः संस्थापिता येन जयताद् गुरुवल्लभः ॥ ७ ॥

पाञ्चालजैनजनताधारस्तद्धितचिन्तकः ।
तद्रक्षाकारी प्राणान्ते जयतात् सूरिवल्लभः ॥ ८ ॥

साधर्मिकोद्धारकृते पञ्चलक्षीमसूत्रयत् ।
रूप्याणां मुम्बईसङ्घाद् जयताद् गुरुवल्लभः ॥ ९ ॥

विजयानन्दसूरीशहृद्गता विश्वकामनाः ।
प्रोद्भाविता यथाशक्ति जयतात् सूरिवल्लभः ॥ १० ॥

जीवनं जीवितं चारु चारित्रं चारु पालितम् ।
कार्यं चारु कृतं येन जयताद् गुरुवल्लभः ॥ ११ ॥

मुनि पुण्यविजयः ।

આચાર્યશ્રીને અંજલિ

[પહેલી પુણ્યતિથિએ]

(ઝૂલણા)

ભવ્ય જિનશાસને,
નવવિધાયક બની,
જનમિયો વીર વલ્લભસૂરિ તું.

સમય વરતી ગયે,
નૂતન પરખી લીધે,
નિત નવાં વ્હેણ પ્રગટ્યાં થકી તું.

ક્રાંતિનો દૂત તું,
શાંતિ દૂતે ય તું,
ધર્મ વિવાદમાં ના ખૂંપ્યો તું.

જૈન જૈનેતરે,
ધર્મ વિજયી ખરે,
'શત્રુહીન' વિરલ પદ પામિયો તું.

સકલ આ વિશ્વની,
તમસ ભૂમિ મહીં,
દિવ્ય પેગામદાતા ઋષિ તું.

તિમિર ગહ્વર સમા,
વિશ્વના ગહનમાં,
અમર કો દિવ્ય જ્યોતિ ખરે તું.

ધર્મ તેં દાખવ્યો,
ધર્મ તેં આચર્યો,
ધર્મ જીવન્તની મૂર્તિરૂપ તું.

વીર વલ્લભ! તને,
સકલ શાસન નમે,
તારી આ પુણ્યતિથિએ નમું હું.

રમણ કોઠારી

રાજલહંસને

[ભક્તિ સ્મરણાંજલિ]

વીરધર્મ માનસસરના ઓ રાજલહંસ ! રસાળા !
નિજગુણ શતદલ પદ્મ સોહાગી, આત્મયોગી મર્માળા !
નયણે વયણે અમૃતધારા !

સંયમ મૌક્તિક સ્વરૂપરમણતા, નિજાનંદે ચરનારા !
શુભ્ર સભર ચારિત્ર પાંખથી, પ્રભુપથમાં ફરનારા !
નય-નિક્ષેપ-સ્વગુણ ઠરનારા !

ઊંડલ વટપુર સરવરિયેથી, ગુર્જર તટ વહેનારા !
અદ્‌ભુત **આત્મારામ** મહાજળ, કાંઠડીયે ઠરનારા !
ગુરૂપદ પંકજ પરિમલ ધારા !

યુગ યુગનો આત્મા-આત્મામાં, અંતર્ગત થાનારા !
આત્મજ્યોતથી જગવલ્લભ, લખ-અલખ-લક્ષ કરનારા !
ગંગ શારદ રસ રેલવનારા !

જ્ઞાનયોગ-તપત્યાગ તિતિક્ષા, આત્મવિલોપન હારા !
સવિ જીવ શાસન રસી કરવા, ન્યોછાવર થાનારા !
પલ-પલ અપ્રમત્ત અવતારા !

લઘુતા રગરગ-દૃષ્ટિ અનભો, મસ્ત નિજાનંદ ધારા !
બાલબ્રહ્મ તેજલ જ્યોતિ, માનવ કરુણા ઝબકારા !
પરબે પ્રેમ પાન પાનારા !

ઊડી ઊડી પૃથ્વી પાવન કર, વીર સન્દેશા વહેનારા !
માનસસરના મોંઘા હંસલ, ૐ અર્હમ્ ઉચ્ચરનારા !
માનવ ઉત્થાને મથનારા !

હંસ વિહાર વિરામ સટે, મુંબાપુર પદ ધરનારા !
કાન્તિ–ભક્તિ સરવર કાંઠલડે, ઘડી–અધઘડી ઠરનારા !
ઊડ્યા ઓ ઊડ્યા, ઊડી જાનારા !

જીવનકાર્યના પૂર્ણવિરામે, મહપ્રાયાણ જાનારા !
મુક્તિ – રાજલહંસી મળવા, ઉતાવળા થાનારા !
કોઈ ન એને રોકણહારા !

ફફડાવી નિજ પાંખ, ઊડી, ગુંબજ ગેબી છબનારા !
સંત શ્રેષ્ઠ સૂરિ સરવર છોડી, મહાજળમાં મળનારા !
વલ્લભ અનંત આથમનારા !

પલપલ સ્મરણ-ગુણી તુજ ગુણગણ-અશ્રુખુદ્દ કરનારાં !
સ્મરણાંજલિ મણિમાળ ચરણ તુજ ૐ શાંતિ ધરનારાં !
વાહન શારદ હંસલ પ્યારા !

પાદરાકર

હે આર્ષદ્રષ્ટા !

જીવન – જ્યોત બુઝાઈ કિંતુ, આત્મ – જ્યોત ઝળહળતી,
અંધારાં અમ મારગ માંહે, પથદર્શક થઈ રે'તી,
પ્રકાશનો તું પુંજ ખરેખર, લખ લખ તેજે ચમકે,
જન – મન – ગણ અંતર – આકાશે દિવ્ય સ્વરૂપે દમકે.

આર્ષદૃષ્ટિએ પરખી લીધાં, નવયુગનાં એંધાણો !
તેથી તો તેં જ્ઞાનરત્નનો ખુલ્લો મૂક્યો ખજાનો :
"કેવળ ધનના ઢગલા ઉપર ધર્મ – ધ્વજ નહિ ફરકે,
'જય જય'ના ખાલી નારાથી આત્મ – તેજ નહિ પ્રગટે !

ક્ષુધા થકી પીડાતા જનને, કહો જ્ઞાન શા ખપનું ?
દુઃખથી સિઝાતા માનવને મુક્તિનું શું સપનું ? !
સમાજનો પ્રત્યેક માનવી સુખે રોટલો ખાશે,
ત્યારે એનું હૈયું સાચા ધર્મ મારગે જાશે !

વિશ્વ – ધર્મનું નામ લઈ વાડામાં શીદને રાચો ?
કૂપમંડુક શા ગચ્છભેદના વર્તુળમાં શેં નાચો ?
ખૂણામાં પેસીને શીદને મહાવીર નામ પુકારો ?
'મહાવીર તો કેવળ જૈનોના' — એવું શીદ મનાવો ? !

મહાવીરના સંતાનો સૌએ આવો હાથ મિલાવી,
એક અવાજે મહાવીરનો સંદેશો રહો ગજાવી;
પછી જુઓ કે સવી જીવ શાસનના રસિયા થાશે,
સત્ય – પ્રેમ – અહિંસાનાં ગીતો સારી દુનિયા ગાશે."

આમ વહાવી 'વલ્લભ' તેં તો કરુણાવંતી વાણી,
દ્રવ્ય – ક્ષેત્ર ને કાળ – ભાવને સત્વર લીધાં પિછાણી;
સમાજના રોગોની તેં તો ખરી ચિકિત્સા કીધી,
આત્મ – શુદ્ધિ કરવાને કાજે મહાઔષધિ દીધી.

*

વિજયવંત તુજ નામ અમોને અખૂટ પ્રેરણા આપો,
તારી પ્રેમ – સુવાસ સદા યે ઘટઘટ માંહે વ્યાપો !

શાંતિલાલ બી૦ શાહ

વલ્લભ–હરિયાળી

જગે જળે જ્યાં ક્રાન્તિ-જ્વાળા, વર્ણ રહે શું સખણા રે;
બંડ ઉઠાવ્યું મધ્યસ્થોએ, અંતિમ નાયક બનતો રે.

અદ્‌ભુત એના બળને નીરખી, આદ્ય અંતસ્થે અર્પી રે;
નિજ જે પુત્રી રંભારૂપે, 'પ્રસારિણી' સમ નામે રે.

લગ્ન થયાં ત્યાં એ તો રંગે, ફરી વળી શુભ કાર્યે રે;
'જય જય' જનતા સત્વર વદતી, જોડી જોઈ નવલી રે.

સપ્તમ અક્ષર નામે જે તે, સ્વાગત અર્થે દોડે રે;
પાય થયો ત્યાં એનો સીધો, હર્ષ હૃદે ના માતો રે.

નવના અંકે સગપણ માની, કાયા કીધી બમણી રે;
ચતુર્થ અંશે સંગતિ સાધી, અભિધા લગભગ બનતી રે.

વર્ણ-રુદ્રાંકી સંઘ સિધાવે, ઓષ્ઠાક્ષરને દ્વારે રે;
એના કુળનો એક નબીરો, ભેટે એને ધીરો રે.

આશિષ અર્પી વર્ણાધીશે, કાર્ય સધાયાં સર્વે રે;
સૂરિશ્વરની પદવી લાધી, જૈન જગત અજવાળી રે.

વિદ્યાવલ્લભ વિદ્યા કાજે, સાધન સાચાં સર્જે રે;
પરદાદાને પગલે ચાલે, પંચનદે બહુ વિહરે રે.

ગૃહસ્થ-મિત્રે ધર્મે વત્સલ, યાવચ્ચન્દ્ર દિવાકર રે;
રચી હરિયાળી રસિક-તનૂજે, દાર રમાના વચને રે.

સહસ્ર યુગ્મે કકુભ સંગે, વિક્રમ કેરા વર્ષે રે;
ભાદ્રપદે શુક્લેતર પક્ષે, ચતુર્થ તિથિ ગુરુવારે રે.

હીરાલાલ ર૦ કાપડિયા

શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજીને અંજલિ

—હરિગીત છંદ—

અજ્ઞાનમૂલક જૈનજનતાને જગાડી જેમણે,
નિસ્તાર વિદ્યાવિણ નથી એ તત્ત્વ શોધ્યું એમણે;
ચિન્તન કર્યું એ રોગના પ્રતિકાર અર્થે જેમણે,
સ્થાપી હતી બહુ જ્ઞાન—પરબો દીર્ઘ નજરે એમણે.

જડવાદકેરા વમળમાં વિદ્યાર્થીજન અટવાઈ જશે,
સદ્ધર્મની વિદ્યા મળે તો વમળ પણ વિખરાઈ જશે;
વિદ્યાતણાં સદ્ધામવિણ સંસ્કારિતા આવે નહિ,
એ કાજ વિદ્યાલય રચે ગુરુરાજ રે મુંબઈ મહીં.

શાસનપતિ મહાવીરનું વીરતાભર્યું અભિધાન છે,
તીર્થેશના એ નામ માટે સૂરિને બહુ માન છે;
એ વાત જૈન સમાજકેરાં ધ્યાન પર લાવ્યા હતા,
નિર્ણય કરી એ નામનો ઉપયોગ આદરતા હતા.

નવયુગમાં વિદ્યા વગર કો ઉન્નતિ પામે નહિ,
એ વાત યુગવીર સૂરિનાં મનમાં સજાગ વસી રહી;
ગુરુમંત્ર વિજયાનંદ આપે દીર્ઘદષ્ટિ વાપરી,
"વિદ્યાતણાં ધામો બધે ઉઘડાવજે વલ્લભ ફરી."

આજે તમારા યત્નથી વિદ્યાલયો શોભી રહ્યાં,
વટપ્રદ, અમદાવાદ ને પૂનામહીં સ્થિર તો થયાં;
વિદ્યાર્થીઓને ધર્મના સંસ્કાર પણ મળતા રહે,
ગુરુદેવની સેવા કરે જીવન સફળતાને વરે.

એ ચાર વિદ્યાલય છતાં ચાળીશ એમાંથી બનો,
ગુરુરાજ અમ પર આજ છે ઉપકાર અતિશે આપનો;
જનતા કહે સ્વર્ગે ગયા પણ કામથી જીવી રહ્યા,
છો ધન્ય વલ્લભસૂરિવર! જીવન સફળતાને વર્યા.

માવજી દામજી શાહ

સૂરીશ્વરને સ્મરણાંજલિ

વલ્લભ માનવજીવનમાં, વલ્લભ સંયમ સાર,
વલ્લભ ચારિત્ર શોભતા, વલ્લભ સંત સરદાર;
વલ્લભ શ્રદ્ધા ધર્મની, વલ્લભ સ્યાદ્વાદનો સાર,
વલ્લભ સમકિત ધ્યાનમાં, વલ્લભ શુદ્ધ વિચાર.

*

વલ્લભ ગુજરાતે જનમિયા, વલ્લભ પંજાબે પ્રાણ,
વલ્લભ કેસરી ગર્જના, વલ્લભ જીવન લ્હાણ;
વલ્લભ મંદિર સ્થાપના, વલ્લભ ચૈત્ય વિશાળ,
વલ્લભ વિજય-આચાર્યનો, વલ્લભ વાણી રસાળ.

*

વલ્લભ સરસ્વતી સાધના, વલ્લભ જ્ઞાન પ્રચાર,
વલ્લભ વિદ્યાલય 'મહાવીર'ના, વલ્લભ સંઘનો સાથ;
વલ્લભ યુગ શિરોમણિ, વલ્લભ શાસ્ત્ર સુજાણ,
વલ્લભ કીર્તિ અખંડ છે, વલ્લભ આગમ સાર.

*

વલ્લભ જ્યોતિર્ધર યુગના, વલ્લભ દૃષ્ટિ વિશાળ,
વલ્લભ વિશ્વબંધુત્વના, વલ્લભ હૃદયે ઉલ્લાસ;
વલ્લભ મહાવીર પંથના, વલ્લભ મહારથી મહાન,
વલ્લભ શાસન જીનના, વલ્લભ જયવંત સુકાન.

*

વલ્લભ જીવન સાધના, વલ્લભ પદ નિર્વાણ,
વલ્લભ સિદ્ધિ પામતા, વલ્લભ વંદન હજાર;
વલ્લભ સ્મૃતિ સંતની, વલ્લભ ભક્તિ સુવાસ,
વલ્લભ સ્મરણ-કલ્યાણના, વલ્લભ મુક્તિ સુવાસ.

કલ્યાણચંદ કે૦ ઝવેરી

નમી રહું —

નમું હે વિભૂતિ! વિમલ તવ પાદે પ્રણયથી,
પ્રતિભા દિવ્યા એ સહુજનતણું કેન્દ્ર બનતી;
હમેશાં સોહાતું મધુર મુખડું સૌરભભર્યું,
તથા ચક્ષુઓમાં નવીન દૃષ્ટિનું કૈં અમી હતું!
તમારી ગિરામાં શબ્દ શબ્દે ફૂલ ઝરતાં,
વહાવી અંગાંગે પ્રણયઝરણાં—વલ્લભ બન્યા;
તથાપિ ના ભીંજ્યા જગઉદધિના વારિ ગહને,
રૂપાળા કાસારે જયમ કુસુમ નિર્લેપ જ રહે!

તમે નિત્યે સીંચ્યાં જીવનતરુએ તો ય મધુરાં,
તમે માંડી મીઠી પરબ રમણી પંથ મજલે;
પ્રસાર્યાં જ્યોતિ વા ઘનતિમિર પંથે થઈ પૂષા,
અને એવી રીતે મૃત જીવનમાં ચેતન ભર્યાં.
તમારી દૃષ્ટિઓ અમ જીવનનાં ધ્યેય બનજો!
તમારી સૃષ્ટિઓ અમ જીવનનાં સ્વર્ગ બનજો!

નવીનચંદ્ર અંબાલાલ શાહ

અમર વલ્લભ

અમર તું મરણે રે ધર્મ–ધુરંધર ધોરી,
ધર્મને કાજે રે તેં વાત ન રાખી અધૂરી.

ગુજરાનવાલા ગુરુકુળ કરીને, ગુરુગુણ જગમાં ગાયો;
મહાવીર વિદ્યાલય વિરચીને, વલ્લભ ડંકો બજાવ્યો...... અમર૦

શ્રાવક – શ્રાવિકા ઉન્નતિમાં સંઘ ઉન્નતિ સમજાવી;
સાધુ – સાધ્વીના ય જીવનમાં, ધર્મ-ધજા ફરકાવી...... અમર૦

ગુજરાતી તુજ ગુણના રાગી પંજાબી બડભાગી;
સર્વજનો તુજ દર્શન કરતાં, અમૃત પીયે અમાપી...... અમર૦

દૃઢતા શક્તિ અણનમ તારી, કાર્યકુશળતા ભારી;
લીધું કાર્ય તેં પાર જ પાડયું, એવો તું પ્રતાપી...... અમર૦

સર્વ ધર્મની તુલના કરીને, સાચો રાહ તેં ઝાલ્યો;
સત્ય ઉચ્ચરતાં જીભ ન અટકી, એવો તું ભેખધારી...... અમર૦

કોઇ કહે પંજાબ કેસરી, કોઈ ગુણાનુરાગી;
કોઈ વદે છે: પુણ્યપ્રતાપી, કોઈ તિમિરતરણી...... અમર૦

શું કહું તુજને મહા તપસ્વી! જાણુ ન પડતી મુજને;
સંત કહું કે મહંત કહું, કે કહું સુકૃત કરણી...... અમર૦

વચને વચને ફૂલડાં ઝરતાં, દર્શને ચેતન ઊછળે;
તુજ જીવનનો અમીરસ પીતાં, પ્રેરણા નવનવ પ્રગટે...... અમર૦

વંદન તુજને વિશ્વવિભૂતિ, વંદન મહાવ્રતધારી;
ધર્મને કાજે તેં તો ગુરુજી, ગાત્રો દીધાં ગાળી...... અમર૦

આતમરામી ગુરુગુણગામી, કીર્તિ જગમાં જામી;
અમર થયો તું આ જીવનમાં, વદે 'પ્રવીણ' શીશનામી...... અમર૦

પ્રવીણચંદ્ર જેચંદ મહેતા

સૂરિજીનો જીવનસૂર

ભારત!
અનોખો ને અદ્દ્ભુત
કેવો ભાગ્યવાન દેશ! કે
તુજ કુંખે અવતર્યા યુગેયુગે
માર્ગદર્શક મહાત્માઓ;
રામ ને શ્રીકૃષ્ણ
ગૌતમ, વર્ધમાન ને મોહને
નિજ જીવનની પારદર્શકતાએ
દાખવ્યા સૌને અનુસરવા
સત્ય, માનવપ્રેમ ને અહિંસા.
માનવજીવન સુપથે વાળી
વિશ્વે સુખશાંતિ પાથર્યા.

ગુજરાત!
ગર્વિલી ગુજરાત!
તેં પણ ભેટ ધર્યા ભારતને
પ્રાતઃસ્મરણીય માનવરત્નો,
દુર્લભ પામવા ફરી ફરી.
મહારત્નો એ જોડ વલ્લભ રત્નો,
એક પ્રકાશ્યો રાજક્ષેત્રે
અન્યે અજવાળ્યું ધર્મક્ષેત્ર.
રાજક્ષેત્રે હાક વગાડી
ત્રાહ્ય પોકારાવી રાજશાહીને;
જનતાનાં રક્તે વિલાસતાં,
બ્રિટિશ રાજ રમકડાંઓને
સુણાવ્યું કે—
"માતૃભૂમિની એક્તા ખાતર
તાજ અને દંડ માતૃચરણે ધરો;
સમાજ એવો રચો કે
ઊંચનીચના ભેદ ન રહો."
ને
સેંકડોમાં છૂંદાયેલો ભારત
ફરી એક ને અખંડ થયો,
વલ્લભ! એ તુજ પ્રતાપે.

જૈનભારત!
તેં પણ દીઠો ધર્મક્ષેત્રે,
સમય ધર્મ પિછાનતો,
જૈન જાગૃતિ ઝંખતો,
અહોનિશ ઉત્થાન રટતો,
જૈનબાલનાં દુઃખે દ્રવતો,
કલ્યાણનાં કાર્યો કથતો,
જીવનભર એકતા ઉદ્દ્બોધતો,
નીડર અને અહિંસક
વીરનો સત્ય અનુગામી,
શાસનનો સાચો ઉદ્ધારક
દૂરંદેશી અને સર્વદર્શી
પંજાબકેસરી, વલ્લભસૂરિ.

વીર સંતાનો!
આપણાં સદ્દ્ભાગ્ય કે,
ભૂલેલાને સુપંથે વાળવા,
સમયધર્મ સમજાવવા,
અંધશ્રદ્ધાએ વિપથગામીને
સત્ય દાખવી પ્રકાશ પાથરવા,
ચીલાની ચાલે ન ચડતાં
સત્ય દર્શન દાખવવા,
વલ્લભવીર શ્રમણ
આપણ વચ્ચે સાધુરૂપે પ્રકાશ્યા.

ગુરૂદેવ! આચાર્ય વલ્લભ!
અમારા અનંત અહોભાગ્ય
અમ ભાંડુઓનાં અહોભાગ્ય
અહોભાગ્ય જૈન સમાજના, કે
સત્ય સચોટ સમજાવટે
જ્ઞાન-પિપાસા સંતોષવા
માર્ગ મોકળા થયા, ને
પામ્યા અર્વાચીન જ્ઞાન, જે
અલભ્ય ને અનિવાર્ય હતું.
નૂતન વિદ્યાની પરબો મંડાવી

જ્ઞાન જળે સિંચ્યા,
જૈનબાલની જ્ઞાનતૃષા છીપી;
ને
પછાત રે'વા સર્જાયેલ સમાજે
વૈદ્ય, વકીલ ને ઇજનેર ભાળ્યા.

પંજાબકેસરી!
કેસરી કહેવાણો પણ
કાળજું હતું કોમળ;
જૈન સમાજનું દુઃખ દેખી
હૃદયે અંગાર જળતો,
સમાજની અવદશાએ
ધર્મની અધોગતિ પિછાણતો,
ધર્મ ને સમાજોત્થાનની
જીવનભર ચિંતા સેવી;
તેથી
જૈન-જગત જગાડવા
જીવનભર અહાલેક જગાવ્યા.

યોગીવર!
જીવનનાં આરે બેઠે
કદી જંપ ન કીધો,
ગામ, પૂર, નગર ને ગલીએ
ઝોળી બેસી ધર્મ્યા, ને
અમર આદેશ આપ્યો:
"જાગ, જૈન જાગ,
સત્ય સ્વામિવાત્સલ્ય સમજી
સંપત્તિનો સદુપયોગ કર ને
નિરુદ્યમીને ઉદ્યોગ આપ,
નિરક્ષરતા નિવારવા
ગામેગામે જ્ઞાનપરબ માંડ,
નિરાધારનાં દુઃખ નિવાર ને
સ્ત્રી-શિક્ષણ અંગે ધર,
વિધવાઓનાં વિલાપ હર ને
સમાજનું આરોગ્ય સુધાર,
તો જ
સ્વામિવાત્સલ્યે તેજફુવારા ઊડશે ને
લક્ષ્મી નિજ ગજવાહને ઝુલાવશે.
શ્રાવક અને શ્રાવિકા
ચતુર્વિધ સંઘના બે પાયા,
પાયાની પુરણી પાકી
તેટલી શાસનની સ્થિરતા.
નિર્ધન નિર્જાની જૈન
પાતાળ પેટ પહોંચેલ દેહે
શી કરશે ધર્મની સેવા?
કેમ કરશે સમાજોદ્ધાર?
જૈન શાસન જયવંતુ કેમ થશે?
માટે
શાસનનાં સુપુત્રો!
સત્યધર્મ ને રાજપ્રવાહો પારખી,
સંપત્તિનો સદુપયોગ સેવો
ને
બદલા વાપરવાનાં વહેણ.
અંધશ્રદ્ધા ને અંધભક્તિએ
ન અથડાતાં ભટકાતાં કે દોરાતાં
વિચારો નિજ દિલનાં ઊંડાણે, ને
સત્ય રાહ શોધી અને ગ્રહી
વીરના વીર પુત્રો!
નીડર બની આગળ વધો;
એ જ અંતિમ ઇચ્છા ને આશા.

જયંત એમ. પટણી, એમ. બી., બી. એસ.

આપણા શ્રીવલ્લભ ગુરુદેવ

આચાર્ય. વિજયસમુદ્રસૂરિ

આ પૃથ્વી પર અનેક મનુષ્યો જન્મ્યા, ઠીક લાગે તેમ જીવ્યા અને અંતે મૃત્યુને શરણ થયા. જગત કેટલાંનાં તો નામ પણ જાણતું નથી, તેઓ કયારે જન્મ્યા અને કયારે ઢળી પડ્યા તેની કોઈએ નોંધ પણ નથી લીધી; જ્યારે બીજી બાજુ એવી કેટલીક વ્યક્તિઓ થઈ ગઈ જેનું નામ લેતાં એક પ્રકારનો અલૌકિક આનંદ થાય છે, હૃદય પ્રફુલ્લિત બને છે. કારણ કે એ વ્યક્તિઓ પોતાની પાછળ એવી સૌરભ મૂકતી ગઈ હોય છે કે જેની ફોરમ સદાય ફોર્યા કરે. આવી વ્યક્તિઓ જીવન જીવવાની નવીન દૃષ્ટિ અર્પે છે: સુખ પ્રાપ્ત કરવાની અદ્‌ભુત જડીબુટ્ટી દર્શાવે છે.

પૂ૦ વિજયવલ્લભસૂરિ એવી વ્યક્તિઓમાંના એક હતા. તેમની પાસે તેમની પોતાની આગવી પ્રતિભા અને દિવ્ય શક્તિ હતાં. દુઃખ અને આપત્તિઓમાં સપડાયેલ સમાજને જાગ્રત કરવાની તમન્ના હતી. પવિત્ર જીવન જીવી દુનિયાને અમૂલ્ય પેગામ પહોંચાડવાની તીવ્ર અભિલાષા હતી.

બાળપણથી જ તેમનાં લક્ષણો ભિન્ન તરી આવતાં. કંઇક નૂતન પ્રગતિ કરવાની અને કોઈ અજાણ તત્ત્વની ખોજ કરવાની તેમને પ્રથમથી જ તમન્ના જાગેલી; અને આ તમન્નાએ જ અનેક વિઘ્નો છતાં તેમને બાળપણમાં જ દીક્ષિત બનાવી દીધા. ભરયુવાનીમાં તેઓ ત્યાગી, વૈરાગી બન્યા. દુનિયા તરફ નિહાળવાની એક પવિત્ર સ્વતંત્ર દૃષ્ટિ કેળવી. 'वसुधैव कुटुम्बकम्' એ તેમનું જીવનસૂત્ર બન્યું, ને એ જીવનસૂત્રને સદાય દૃષ્ટિ સમક્ષ રાખી જૈન-જૈનેતરના ભેદભાવ વિના ગરીબ હોય કે અમીર, રાજા હોય કે રંક, અધિકારી હોય કે અનધિકારી, વણિક હોય કે બ્રાહ્મણ, હિન્દુ હોય કે મુસલમાન—સૌને વીતરાગ દેવનો શુભ સંદેશ સંભળાવ્યો. હજારોને માંસ–મદિરા અને દુરાચારનો ત્યાગ કરાવ્યો. પંજાબ, રાજસ્થાન, ગુજરાત, સૌરાષ્ટ્ર, મધ્યપ્રાંત, મહારાષ્ટ્ર આદિ પ્રદેશોમાં વિચરી પોતાનાં જ્ઞાન શક્તિ તેમ જ ચારિત્ર્યબળ દ્વારા પંજાબના પ્રાણ, રાજસ્થાનના નૂર, ગુજરાતનું ગૌરવ, સૌરાષ્ટ્રના આદર્શ અને મહારાષ્ટ્રના માનનીય બન્યા. પંજાબને સુધાર્યો, રાજસ્થાનને જગાડ્યો, ગુજરાતમાં ગર્જના કરી, સૌરાષ્ટ્રને ઉજાળ્યો અને મહારાષ્ટ્રને ઉગાર્યો. ધાર્મિક તેમ જ સામાજિક પ્રગતિ અર્થે ખૂબ શ્રમ લીધો. દેશદેશાન્તરોમાં ઘૂમી પ્રવચનો કર્યાં અને જ્ઞાનની પરબો ઊભી કરી. મુંબઈમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના કરી અને ત્યારપછી અમદાવાદ, પૂના તેમ જ વડોદરા ખાતે તેનો વધુ વિકાસ થયો. વરકાણામાં પાર્શ્વનાથ જૈન વિદ્યાલયની સ્થાપના કરી. આમ આવી જ્ઞાનપરબો ઊભી કરી તેમણે સૌને અમૃત જેવાં મીઠાં નીર પાયાં. આખી જૈન વિદ્યાર્થી આલમ તેમના આ ઉપકારને કદી વીસરી શકશે નહિ.

પૂ૦ ગુરુજીએ માત્ર કેળવણી માટે જ પ્રયત્ન કર્યો એમ નથી, જૈનશાસનની ઉન્નતિ અર્થે બીજાં અનેક કાર્યો પણ તેમણે કર્યાં. ઉપધાન, ઉજમણાં, અંજનશલાકા, પ્રતિષ્ઠા, જીર્ણોદ્ધાર, નવાં મંદિરો, ઉપાશ્રયો, ધર્મશાળાઓ આદિના ઉત્તેજન માટે સહાયતા મેળવી. ભિન્ન ભિન્ન સ્થળોએ પ્રવચનો કરી તેમણે પોતાના સંદેશને પહોંચાડ્યો. તેમનાં પ્રવચનોમાં સચ્ચાઈનો રણકો હતો, તેમની વાણીમાં અમૃતની મીઠાશ હતી, એમની પ્રતિભામાં અદ્‌ભુત તેજ હતું. એ અલૌકિક બળે અને અદ્‌ભુત પ્રતિભાએ અનેક ચમત્કારો ઉપજાવ્યા. એ ચમત્કારોને આપણે જાદુ નહિ કહીએ, પણ ચારિત્ર્યનો પ્રભાવ ગણીશું. પૂ૦ ગુરુજી

જાતે પણ તેને ચમત્કાર તરીકે ન ઓળખાવે, પણ આપણી સામાન્ય દૃષ્ટિ તેમાં આશ્ચર્ય જુએ એ સ્વાભાવિક છે. એવા કયા પ્રસંગો હતા કે જેને લીધે આપણે ઊંડા વિચારમાં પડી જઈએ છીએ?

પૂ૦ ગુરુજીનો આશીર્વાદ કદી નિષ્ફળ જતો નહિ. એકવાર ચોપાટી પર તેઓશ્રી પ્રવચન કરી રહ્યા હતા. એવામાં એક માણસે પાસે આવી ગુરુજીને પ્રણામ કર્યા અને પૂછ્યું: 'આપ મને ઓળખો છો?' ગુરુજીએ કહ્યું: 'ના ભાઈ.' ત્યારે પેલાએ કહ્યું: 'હે પ્રાણવલ્લભ, તમે તો મારા પ્રાણદાતા છો. હું મેરઠ જિલ્લાનો રહીશ છું. વકીલનો ધંધો કરું છું. એકવાર કોઈ ગુના અંગે મને ફાંસીની સજા થઈ. આવી કરુણ પરિસ્થિતિ મારી પત્નીથી સહન ન થઈ શકી અને આશીર્વાદ માટે તે આપની પાસે દોડી આવી. આપ પણ ગળગળા થઈ ગયા અને આશિષ દીધી કે 'દેવગુરુધર્મપસાયે સબકુછ અચ્છા હો જાયેગા' અને આપનો આશીર્વાદરૂપી વાસક્ષેપ લઈ તે મારી પાસે આવી. અંતે હું બચી ગયો અને મને જીવનદાન મળ્યું.' આ વાત સાંભળી ગુરુજીને આનંદ થયો અને પેલા ભાઈ પણ જેના આશીર્વાદથી પોતે બચી શકયો એ ગુરુનાં દર્શન થવાથી પરમ આનંદ અનુભવી રહ્યા.

બીજો પ્રસંગ: એકવાર પૂ૦ વિજયવલ્લભસૂરિ પાલીતાણામાં હતા તે દરમિયાન એક દિવસ સુપ્રસિદ્ધ સંગીતકાર લાલા ઘનશ્યામજીને સર્પે દંશ દીધો. છેલ્લી ઘડીઓ હતી, કારણ કે ઝેર પ્રસરતું જતું હતું. એવામાં ઘનશ્યામજીના મિત્ર રતનચંદજી પૂ૦ ગુરુજી પાસે આવ્યા અને બધી હકીકત વિગતવાર જણાવી. ગુરુદેવે તો હંમેશની જેમ આશીર્વાદ આપ્યા અને કહ્યું: 'સબકુછ અચ્છા હો જાયેગા.' શ્રી રતનચંદજી વાસક્ષેપ લઈ પાછા આવ્યા અને તેનો જેવો ઉપચાર થયો એવું ઝેર ઊતરવા લાગ્યું અને લાલા ઘનશ્યામજીએ જાણે નવું જીવન પ્રાપ્ત કર્યું! ત્યારપછી તો ઘનશ્યામજી ગુરુજીના પરમ ભક્ત બનીને રહ્યા.

ત્રીજો પ્રસંગ: સં૦ ૧૯૯૨માં શંખતરા નગરમાં અંજનશલાકાની પ્રતિષ્ઠા કરાવી પાછા ફરતાં તેઓ એક વાર પંજાબમાં આવેલા પસુર ગામમાં રોકાયા. આ ગામ હાલ પાકિસ્તાનમાં છે. ત્યાં સખત ગરમી પડતી હતી. તેમને પાણીનું એક ટીપું પણ મળ્યું નહિ, તેમનો આવકાર પણ ન થયો; આથી ગામ છોડી તેમને તુરત જ આગળ વિહાર કરવો પડ્યો. કોણ જાણે કેમ પણ તે વખતે ત્યાંના કૂવાઓનું પાણી ખારું બની ગયું. ત્યારપછી સં૦ ૧૯૯૮માં તેઓ જ્યારે ફરી પાછા એ જ ગામમાં આવ્યા ત્યારે તેમનું ભાવભીનું સ્વાગત થયું. લોકોએ ભક્તિભાવથી સ્તુતિ કરી. કારણ ગમે તે હોય પણ નવાઈભરી રીતે કૂવાઓનું પાણી સાકર જેવું મીઠું બની ગયું અને ઊંડા ઊતરી ગયેલા કૂવાઓમાં પૂરતું પાણી આવ્યું. સુકાઈ ગયેલી નદીમાં પાણીનો ભરપૂર પ્રવાહ વહેવા લાગ્યો! આવી ઘટનાઓથી લોકોમાં ખૂબ આશ્ચર્ય પેદા થતું.

ચોથો પ્રસંગ: બડૌત નગરમાં સં૦ ૧૯૯૬માં ત્યાંના જૈન મંદિરની પ્રતિષ્ઠા કરાવવાની હતી, માહ મહિનાની કડકડતી ઠંડી પડતી હતી, પરંતુ પ્રતિષ્ઠાનો ઉત્સવ હોવાથી લોકોનો ઉત્સાહ માતો ન હતો. રથયાત્રાની પૂરી તૈયારીઓ થઈ ગઈ હતી. આજુબાજુનાં ગામોમાંથી અનેક લોકો આવેલા. દિગંબર જૈન હાઈસ્કૂલના મેદાનમાં આત્મવલ્લભનગરની રચના રચાઈ હતી. અનેક વેપારીઓએ પોતાના સ્ટોલો ઊભા કર્યા હતા. ઝવેરાત, સોનાચાંદીના કીમતી દાગીના, અનેક જાતનાં વાસણો, જરીથી માંડી રેશમી, સુતરાઉ વગેરે જાતજાતનાં કાપડની હારબંધ દુકાનો ખડી થઈ ગઈ હતી. રમતગમતો માટે પણ યોગ્ય વ્યવસ્થા થઈ હતી. બધું વાતાવરણ આનંદ અને ઉમંગથી સભર હતું. પણ કમનસીબે એટલામાં સર્વત્ર વાદળો ઘેરાઈ વળ્યાં. અંધારું ઘોર થઈ ગયું. વીજળીના ચમકારા થવા માંડ્યા અને જાણે હમણાં પ્રલય સર્જતું તાંડવ-નૃત્ય મચી જશે એવી ભીતિ પેદા થઈ. બધી કીમતી ચીજોનો નાશ થઈ જશે અને પ્રતિષ્ઠાનો

ઉત્સવ નહિ ઊજવી શકાય એવી ચિંતાઓ થવા માંડી. સૌ પ્રભુને પ્રાર્થના કરવા માંડ્યા. મુસલમાનોએ પણ બંદગી શરૂ કરી. આ વખતે જૈનોએ પૂ૦ ગુરુજી તરફ મીટ માંડી. સૌ તેમની પાસે ગયા અને હતાશ હૈયે પૂછવા લાગ્યા: 'શું આપણો ઉત્સવ ભાંગી પડશે?' પણ ગુરુદેવે તો સ્મિત કરી જવાબ આપ્યો: 'સબ કુછ અચ્છા હો જાયેગા.' અને ખરેખર બધું જ સારું થઈ ગયું. મેઘ ગાજ્યા પણ વરસ્યા નહિ. આકાશ ધીમે ધીમે સ્વચ્છ થઈ ગયું. મુસલમાનોના હૃદયમાં પલટો થયો અને જે પહેલાં મસ્જિદ પાસેથી રથયાત્રા પસાર થવા દેવાની આનાકાની કરતા હતા તે પણ હવે વિના સંકોચે રજા આપવા તૈયાર થયા. એ બધો ગુરુજીનો પ્રભાવ હતો. ભયનું વાતાવરણ શમી ગયું અને સર્વત્ર આનંદની લહરીઓ પ્રસરી. મંગળ ગીતો ગાવાં શરૂ થયાં. શરણાઈઓના સૂર વહેવા લાગ્યા.

પાંચમો પ્રસંગ: ભારત-પાકિસ્તાન એવા ભાગલા પડ્યા તે સમયે ગુરુદેવ ગુજરાનવાલામાં બિરાજમાન હતા. હવે તેમણે ગુજરાનવાલા છોડી આગળ વિહાર કરવાનું નક્કી કર્યું. આ વાતની મુસલમાનોને ખબર પડી એટલે તેમણે આ ભાવડા (પંજાબમાં જૈનોને મુસલમાનો ભાવડા કહી સંબોધતા) લોકોને લૂંટવાનું નક્કી કર્યું. ગુજરાનવાલાથી ત્રણ માઈલ દૂર આવેલ મોતી નહેરના પુલ નીચે ઝાડીમાં હથિયારો સહિત બધા મુસલમાનો સંતાઈ ગયા. આ વાતની ગુરુદેવને ખબર પડતાં તેમણે તે દિવસે વિહાર કરવાનો વિચાર પડતો મૂકીને આત્માનંદ જૈન ગુરુકુળના વિશાળ મેદાનમાં રોકાઈ જવાનો નિર્ણય કર્યો. આ સમયે એક શીખ સરદાર મિલિટરી ટૂકડી સાથે ત્યાંથી પસાર થઈ રહ્યો હતો; અને તેને ખબર પડતાં તે ગુરુદેવ પાસે આવ્યો. ગુરુદેવને તેણે નમસ્કાર કર્યા. મુસલમાનોની હેરાનગતિની વાત સાંભળતાં તેમણે આગળ જવાનું પડતું મૂકી પ્રથમ ગુરુદેવ તેમ જ તેમના સાધુસમુદાયને જવાના સ્થળે સુખરૂપ પહોંચાડ્યા. આવી અણધારી મદદ મળી રહે એ કાંઈ ઓછી નવાઈની વાત નથી.

આવા અનેક કડુમીઠા પ્રસંગો ગુરુદેવના જીવનમાં બન્યા હતા, પરંતુ કોઈપણ પ્રસંગે તેમણે હૃદયનું ધૈર્ય ગુમાવ્યું નથી. તેમનામાં વેરઝેર ન હતાં. સર્વ પ્રતિ દયાભાવના હતી. દરેક પ્રતિ સમાન દૃષ્ટિથી જોવાની વૃત્તિ કેળવી હતી. જ્યાં વેરઝેર ને રાગદ્વેષ ભાળ્યાં ત્યાં તેમણે તે દૂર કરી સંગઠન સ્થાપવાનો પ્રયત્ન કર્યો. જૈન-જૈનેતર એવો ભેદ તેમણે કદી રાખ્યો નથી. તેઓશ્રીના વિશાળ હૃદયમાં માનવતા રોમે રોમે પ્રસરેલ હતી. તેઓ તો સત્યના ચાહક હતા. એટલે જે સત્યનો ચાહક એ એમનો ચાહક. જીવનમાં જે સત્ય તેમને લાધ્યું તે તેમણે બીજાને દર્શાવવાનો પ્રયત્ન કર્યો. બધા જ સુખી થાય એવી ઉચ્ચ ભાવનાથી પ્રેરાઈને તેમણે કેટલાંક ચિરસ્મરણીય કાર્યો કર્યાં. પ્રભુ, આવા પવિત્ર આત્માઓની પ્રતિષ્ઠા દિવસે દિવસે બઢતી જ રહો.

તીર્થંકરોના ચરણે ઉચ્ચારેલ માતાનું વચન સાર્થક

મુનિશ્રી ઇંદ્રવિજયગણિવર્ય

સાચા મહાપુરુષનું જીવન શરૂઆતથી જ મહાન હોય છે. તેની મહાનતાનાં ચિહ્નો બાળપણથી જ એક યા બીજા સ્વરૂપે દેખા દે છે. ભારતની એક ભવ્ય વિભૂતિ અને ગુજરાતનું ગૌરવ એવા પંજાબકેસરી પૂ૦ શ્રીવિજયવલ્લભસૂરિજીના જીવનમાં પણ એમ જ બન્યું હતું. પોતાની નાની વયમાં જ માતાથી તેમને વિખૂટા પડવાનું આવ્યું—માતાએ સ્વર્ગ પ્રતિ પ્રયાણ કર્યું, પણ તે સમયે તેમણે ઉચ્ચારેલા ઉદ્‌ગારો ખરેખર ભાવિની આગાહીરૂપ જ હતા. પોતાના લાડીલા છગનનું જીવન તેણે તીર્થંકરના ચરણોમાં અર્પી દીધું.

માતાના એ પવિત્ર ઉદ્‌ગારો તે સપૂતે સાર્થક કર્યા. શરૂઆતથી જ અસાર સંસાર પ્રતિ એક પ્રકારની ઘૃણા ઉત્પન્ન થઈ જીવનનું સમગ્ર દૃષ્ટિબિન્દુ વૈરાગ્ય, સંસ્કાર અને ચારિત્ર્યમાં કેન્દ્રિત બન્યું. પોતાના વડીલ ભાઈના તેમ જ અન્ય સગાસંબંધીના વિરોધ, આનાકાની અને અટકાયત છતાં તેણે પોતાના ધ્યેયમાંથી પાછી પાની ન કરી; અને તે ધ્યેયને પહોંચવામાં જ પોતાના જીવનની સાર્થકતા માનીને પૂ૦ આત્મારામજી મહારાજના પવિત્ર ચરણોમાં તેણે પોતાનું શિર ઢાળી દીધું અને આમ તે છગન મટી વલ્લભ બન્યા.

જે માનવીના હૃદયમાં કંઈક નિશ્ચિત અભિલાષા હોય છે તેને તે અભિલાષા પ્રતિ પહોંચવા કોઈ યોગ્ય માર્ગ મળી જ રહે છે. જેના હૃદયમાં આકાંક્ષાનું બીજ પડ્યું હોય છે તે કોઈક દિવસ પાંગરીને વિશાળ વૃક્ષનું સ્વરૂપ અવશ્ય ધારણ કરે છે. પૂ૦ શ્રીવિજયવલ્લભસૂરિના હૃદયમાં આધ્યાત્મિક પ્રગતિની તમન્ના જાગી હતી અને તે તમન્ના—અભિલાષા—આદર્શને પહોંચવા તેમને યોગ્ય પંથ મળી ગયો. તેજસ્વી વ્યક્તિત્વવાળા પૂ૦ આત્મારામજી જેવા ગુણસંપન્ન અને ચારિત્ર્યવાન ગુરુ મળ્યા અને તેમની છાયા નીચે પૂ૦ શ્રીવિજયવલ્લભસૂરિએ પોતાનું જીવનનાવ હંકારી મૂક્યું. તેમની નાવડીને યોગ્ય સુકાની મળી ગયો.

જૈનશાસનની પ્રગતિ અર્થે જેમણે પોતાનું સમગ્ર જીવન ખર્ચી નાખ્યું એ આત્મારામજીની દોરવણી નીચે તેમણે જૈન ધર્મના મહાન ગ્રંથોનું અધ્યયન આદર્યું. સાચા ગુરુના તે સાચા શિષ્ય બન્યા. ગુરુની શ્રદ્ધા અને પ્રીતિ તેમણે પ્રાપ્ત કરી. જૈન ધર્મનાં મૂળ તત્ત્વો અને ગૂઢ રહસ્યોને પામવા તેમણે અથાગ જહેમત ઉઠાવી. પૂ૦ આત્મારામજીને આગમોનું સારું એવું જ્ઞાન હતું. ષડ્‌દર્શનનો ઊંડો અભ્યાસ હતો. આ બધા જ્ઞાનનો નમ્ર, વિનયી અને શાણા શિષ્યે યોગ્ય લાભ લીધો અને તે જ્ઞાનરૂપી પીયૂષની ધારા સર્વત્ર વહેવડાવવા જબરદસ્ત ભેખ લીધો. ગામેગામ ને શહેરેશહેર ફરી ગુરુના સંદેશની સૌરભ પ્રસારી દીધી અને સર્વત્ર ઉમંગ અને પાવિત્ર્યની લહરી લહેરાઈ રહી.

જૈનધર્મના પાયામાં રહેલા સિદ્ધાંતો અને સત્યોને જો સારી રીતે સમજવામાં આવે તો અવશ્ય લાગે કે જૈનધર્મ ખરેખર એક ઉચ્ચ ધર્મ છે. એ ધર્મને પ્રચારક દૃષ્ટિએ નહિ પણ સર્વોદયની દૃષ્ટિએ ફેલાવવાની પૂ૦ સૂરિજીના હૃદયમાં અનેક ઊર્મિઓ પ્રવર્તી રહી હતી. એ ઊર્મિઓને અમલમાં મૂકવા તેમણે માત્ર આધ્યાત્મિક કે બિનસાંસારિક દૃષ્ટિ ન રાખતાં સાથે સાથે વ્યાવહારિક દૃષ્ટિ પણ ધ્યાનમાં રાખી. જૈન સમાજની ઉન્નતિમાં તેમણે જૈનધર્મની ઉન્નતિ પણ નિહાળી. જગતમાં વ્યાવહારિક રીતે જૈનસમાજને આગળ લાવવાનું તેમને યોગ્ય લાગ્યું. ખરેખર આ એક દીર્ઘદૃષ્ટિ હતી. એ દીર્ઘદૃષ્ટિના

ફળ આજે આપણને મળ્યાં છે. એ ઊર્મિએ આપણને અંબાલામાં જૈન કૉલેજ, ફાલનામાં કૉલેજ તથા વરકાણા હાઇસ્કૂલ આપી; મુંબઈમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય જેવી ભવ્ય સંસ્થા અને અમદાવાદ, પૂના તેમ જ વડોદરામાં તેની જ મજબૂત શાખાઓ અર્પી. આ ઉપરાંત પ્રગતિનાં શિખર સર કરતી બીજી અનેક સંસ્થાઓ અસ્તિત્વમાં આવી અને પરિણામે જૈન બાળકોમાં જ્ઞાનની અતિ ઉજ્જ્વળ શિખા પ્રગટી ઊઠી.

આ બધાને વટાવી જાય એવી એક રમ્ય ઊર્મિ તેમના હૃદયમાં ઊછળી રહી હતી અને તે હતી એક વિશાળ જૈન યુનિવર્સિટી સ્થાપવાની. આપણે ઇચ્છીએ કે તેમની એ ઊર્મિ પરિપૂર્ણ કરવા આપણે અથાગ પ્રયત્ન આદરી કટિબદ્ધ થઈએ.

મહાન વ્યક્તિઓ તેમના ગુણોથી જ મહેકી ઊઠતી હોય છે. તેમના એ ગુણોમાં અજબ પ્રકારની આકર્ષક શક્તિ હોય છે. એ ગુણોની છબી તેમની પ્રતિભામાં સારી રીતે પ્રતિબિંબિત થયેલી હોય છે. સામાન્ય રીતે એવી માન્યતા છે કે તીર્થંકરો જ્યાં વિહાર કરે ત્યાં કંટકો પણ પોતાનાં મુખ શરમથી નીચાં ઢાળી દે અને તેમનો માર્ગ આપોઆપ સાફ થઈ જાય. તેમનામાં રહેલા ગુણો જ જાણે તેમના દૂતનું કાર્ય કરતા હોય અને તે દૂતો તેમના આગમનનો સંદેશો સર્વત્ર પહોંચાડી દે. તેથી જ એક કવિ ગાય છે કે :

गुणाः कुर्वन्ति दूतत्वं दूरेऽपि वसतां सतां।
केतकीगंधमाघ्रातुं स्वयमायान्ति षट्पदाः ॥

કેતકીમાં કુદરતી રીતે જ મીઠી સુગંધ રહેલી હોય છે, પણ એ સુગંધનો પ્રચાર કરવા કેતકી ક્યાંય મુસાફરી કરવા જતી નથી—તેની સુગંધથી આકર્ષાઈને ભ્રમરો પોતે જ ત્યાં આવતા હોય છે. તેવી જ રીતે મહાન પુરુષો પોતે પોતાની આત્મપ્રશંસા કરવા ક્યાંય જતા નથી, તેમના ગુણો જ તેમના દૂતો તરીકેનું કાર્ય કરે છે, અને એ ગુણોથી જ અન્ય જનો તેમના પ્રતિ ખેંચાય છે. આ રીતે ગુણોનો અતિ કીમતી પ્રભાવ છે. જેટલા ગુણો વધુ તેટલા તે વધુ મહાન. પૂ૦ સૂરિજી જ્યાં જતા ત્યાં તેમના ગુણોની સૌરભથી સમગ્ર વાતાવરણ મહેકી ઊઠતું. સર્વત્ર આનંદ, ઉમંગ અને ઉત્સાહ પ્રવર્તી રહેતો. તેમના ગુણોમાં રહેલી અજબ ચમકથી માત્ર જૈનો નહિ પરંતુ જૈનેતરો પણ એટલા જ આકર્ષાતા.

સદ્‌ગુણી પુરુષોની વાણીમાં અપૂર્વ માધુર્ય હોય છે. તેમના મુખમાં કટુ વાણી કદી પ્રવેશ કરી શકતી નથી. કડવી વાત પણ એટલી મીઠાશથી તેઓ કહે છે કે એમાં કડવાશનો અંશ પણ રહેતો નથી. આગમમાં પણ કહ્યું છે કે :

महरं निउणं थोवं, कज्जावडियं अगव्वियमतुच्छं ।
पुव्विं मइसंकलियं, भणंति जं धम्मसंजुत्तं ॥

મહાન વ્યક્તિઓ પોતાનાં વચન અતીવ મધુર રીતે, તેના અર્થની સંકલના જાળવી, ખૂબ વિવેકપૂર્વક અને બુદ્ધિપૂર્વક બોલતા હોય છે—તેમાં અભિમાનનો ઓછાયો પણ હોતો નથી.

પૂજ્ય ગુરુદેવનું હૃદય પણ ખૂબ સુકોમળ હતું. તેમની વાણીમાં અપૂર્વ માધુર્ય અને અલૌકિક આકર્ષણ હતું. તે વાણી અંતરની વાણી હતી અને તેથી જ તેમાં સનાતન સત્યોનું સિંચન થતું.

જેમના જીવનમાં ખરેખર પોતાનું કંઈક સ્વતંત્ર સત્ત્વ હોય છે તેનું તેજ પથરાયા વિના રહેતું નથી અને તે તેજમાં આવતી બીજી ચીજો પણ પ્રકાશિત થાય છે. મહાન પુરુષો ઠોકીઠોકીને કહેતા હોય છે કે આપણે પણ એમના જેવું જીવન જીવી શકીએ; તેમણે મેળવેલી સિદ્ધિઓ આપણે પણ પ્રાપ્ત કરી શકીએ. આમ મહાન વ્યક્તિઓનાં જીવનમાંથી નિત્યે પ્રેરણાનાં ઝરણાં વહેતાં હોય છે. એ ઝરણાંમાં

જેઓ સ્નાન કરે છે તેઓ પવિત્ર થઈ બહાર નીકળે છે. પૂ. વિજયવલ્લભસૂરિનું સમગ્ર જીવન પ્રેરણાદાયી હતું. તેમના જીવનમાં એવાં કેટલાંય જીવાં તત્ત્વો પડ્યાં હતાં કે જેનું તેમાંનું એકાદ હાથ લાગે તો આપણું જીવન પણ સાર્થક બને. આપત્તિથી તેઓ કદી ડગ્યા નથી. શારીરિક વ્યાધિઓ પણ તેમણે હસતે મુખે સહન કરી; અને એ તો કોઈ ભાવના કર્મનું ફળ છે એમ કહી તે ફળ હિંમતથી ભોગવવાની અપૂર્વ શક્તિ કેળવી. તેમની આ બધી સિદ્ધિઓ અને શક્તિઓમાંથી જૈન સમાજે અને ખાસ કરીને તેમના શિષ્યગણે ઘણી પ્રેરણા મેળવી છે.

વિરાટનું કદી વર્ણન થઈ શકતું નથી. ગમે એટલા શબ્દો હોય, ગમે એવી ભાષા હોય પણ વિરાટની સરખામણીમાં એ બધું અલ્પ જ છે. એમની જીવનસરિતા એટલી વિશાળ હોય છે કે આપણી દૃષ્ટિ બધી બાજુ પહોંચી શકતી નથી. તટ પર ઊભા રહી જેટલું પામીએ તેટલું સાચું. એમનાં ઊંડાણ અગાધ અને અતાગ હોય છે. આપણે તો તેમના ચરણમાં ઢળી એટલું જ ગાઈએ કે :

महान्त एव जानन्ति महतां गुणवर्णनम् ।

યુગવીરનાં સંસ્મરણો

મુનિશ્રી જનકવિજયગણિવર્ય

ज्ञानामृतेन लोकानां कष्टोच्छेदविधायिने ।
ऐदंयुगीनवीराय नमो वल्लभसूरये ॥

જગતમાં મહાપુરુષોનું જીવન સ્વપરકલ્યાણ કરવાવાળું હોય છે અને તેથી જ તે એક આદર્શ જીવન હોય છે. જો માનવીની દૃષ્ટિ સમક્ષ કોઈપણ જાતનો આદર્શ ન હોય તો તેનો પૂર્ણ વિકાસ થતો નથી એટલું જ નહિ, પણ તેનું જીવન અંધકારમય બને છે. મહાપુરુષના આદર્શ જીવનને દૃષ્ટિ સમક્ષ રાખતાં આપણને આત્મસ્વરૂપનું દર્શન થાય છે, આપણી નબળાઈઓ અને ક્ષતિઓનું સ્પષ્ટ જ્ઞાન થાય છે; પરિણામે આપણે એ ક્ષતિઓને દૂર કરી જીવનનું યોગ્ય ઘડતર કરવા પ્રયત્ન કરીએ છીએ. વસ્તુતઃ મહાપુરુષોનું જીવન આપણામાં સંસ્કારનું સિંચન કરે છે, દૃષ્ટિને વિસ્તૃત બનાવે છે અને એવી રીતે એક દીવાદાંડીરૂપ બને છે.

જેમનું જીવન એક આદર્શ જીવન હતું એવા અનેક મહાપ્રતાપી, મહાતેજસ્વી અને મહાપ્રભાવક ધર્મધુરંધર સૂરિપુંગવો જૈન સમાજમાં પણ થઈ ગયા. અન્યનું જીવન ઘડવામાં અને સન્માર્ગે વાળવામાં તેઓએ પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો છે. અંધકારમય જીવનમાં જ્યોતિ પ્રસારી નૂતન વાતાવરણ પેદા કરવામાં પોતાની અખૂટ શક્તિ ખર્ચી છે.

પૂજ્ય શ્રીવિજયવલ્લભસૂરિજી એ મહાપુરુષોમાંના એક હતા. તેમનું જીવન પણ અનેક વ્યક્તિઓ માટે માર્ગદર્શક દીવાદાંડીરૂપ બન્યું હતું. ગુજરાત, સૌરાષ્ટ્ર, મેવાડ, મારવાડ અને વિશેષરૂપે પંજાબમાં પગપાળા સફર કરી તેમણે શિક્ષણની સંસ્થાઓ ઊભી કરી, સંગઠન સાધવા ઉપદેશ આપ્યો અને ધાર્મિક આદેશ આપી જ્ઞાનની જ્વલંત જ્યોત પ્રગટાવી.

તેમનું જીવન અનેકવિધ હતું. અનેક અનુભવોથી સભર હતું. એ સમગ્ર જીવનચરિત્રને સમજવું અને આલેખવું અતિ કઠિન છે. સામાન્ય જનની કલમ તો અમુક પાસાં જ તપાસી શકે. આથી હું આપણને જેમાંથી કંઈક માર્ગદર્શન અને બોધ મળે એવી થોડીક ઘટનાઓ કહીને જ વિરમીશ. એ ઘટનાઓનાં સંસ્મરણો મારા જીવનમાંથી કદી વિસ્મૃત નહિ બને.

પોતાની વાત બીજાને સારી રીતે સમજાવવાની પૂ૦ સૂરિજીમાં કેવી દિવ્ય શક્તિ હતી તે માટે એક ઘટના બસ થશે. એકવાર વિહાર કરતાં કરતાં તેઓ પંજાબના એક ગામમાં આવ્યા. એક અતિ વિદ્વાન અને તેજસ્વી અઠંગ સાધુ તરીકેની તેમની પ્રતિષ્ઠા જૈન સમાજમાં હતી જ; તેથી ધર્મના સિદ્ધાંતોની કંઈક ચર્ચા કરવા કેટલાક બ્રાહ્મણો ગુરુદેવ પાસે આવ્યા. સામાન્ય રીતે બ્રાહ્મણો સ્નાનાદિ ક્રિયાઓમાં તેમ જ શરીરશુદ્ધિની બાબતમાં સહજ રીતે વિશેષ ધ્યાન આપતા હોય છે, જ્યારે જૈન સાધુઓ સ્નાન કરતા નથી—તે ન કરવા પાછળ અહિંસાની દૃષ્ટિ રહેલી છે. બ્રાહ્મણોને આ વાતની ખબર હતી અને તેથી તે વિષય અંગે તેમણે ગુરુદેવ પાસે ચર્ચા કરી. ગુરુદેવે અતિ શાંતિપૂર્વક પોતાની વાત સમજાવવા પ્રયત્ન કર્યો. તેમણે કહ્યું કે માત્ર બાહ્ય શરીરશુદ્ધિ પૂરતી નથી. ગમે એટલી બાહ્ય શારીરિક શુદ્ધિ હોય પણ જો

આંતરિક શુદ્ધિ ન હોય તો તે શરીરશુદ્ધિનું કંઈ બહુ મૂલ્ય નથી. પોતાના વક્તવ્યને પુષ્ટ કરવા તેમણે પુરાણમાંથી એક સુંદર દૃષ્ટાંત આપ્યું :

એકવાર પાંડવો અડસઠ તીર્થની યાત્રા કરવા નીકળ્યા. તે સમયે કૃષ્ણ ભગવાને તેમને એક તુંબડી આપી અને તેને પોતાની સાથે યાત્રા કરાવવા માટે સૂચન કર્યું. બાર વર્ષ સુધી પરિભ્રમણ કરી પાંડવો પાછા આવ્યા. તે વખતે કૃષ્ણ ભગવાને પેલી તુંબડીનો ભૂકો કરી સૌ સભાજનોને વહેંચ્યો. તે મોંમાં નાખતાં સભાજનોનું મુખ બગડી ગયું અને તેઓએ તે થૂંકી નાખ્યો. કૃષ્ણ ભગવાને આશ્ચર્ય સાથે પાંડવોને પૂછ્યું: "શું તમે આ તુંબડીને તીર્થસ્નાન નથી કરાવ્યું?" પાંડવોએ તુરત જવાબ આપ્યો : "એક નહિ પણ અનેકવાર તીર્થસ્નાન કરાવ્યું છે!" પાંડવોનો આવો જવાબ સાંભળી કૃષ્ણ ભગવાને તેમને નીચેનો ઉપદેશ આપ્યો :

आत्मानदी संयमतोयपूर्णा सत्यावहा शीलतटा दयोर्मिः ।
तत्राभिषेकं कुरु, पाण्डुपुत्र, न वारिणा शुध्यति आन्तरात्मा ॥

"હે પાંડુપુત્રો, જેમાં સંયમરૂપી પાણી છે, સત્યરૂપી પ્રવાહ છે, શીલ તટ અને દયારૂપી ઊર્મિ છે એવી આત્મારૂપી નદીમાં સ્નાન કરો, બાકી બાહ્ય સ્નાનથી અંતરઆત્માની શુદ્ધિ થતી નથી."

ગુરુદેવનું ઉપર્યુક્ત દૃષ્ટાંત અને ઉપદેશ સાંભળી બ્રાહ્મણો ખુશ થઈ ગયા. ગુરુદેવે આત્મશુદ્ધિ પર ભાર મૂક્યો. તેમણે કહ્યું : "જૈન સાધુની પાસે સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, તપ, ત્યાગ વગેરે હોવાથી તે હંમેશ માટે પવિત્ર જ હોય છે!"

બીજી એક ઘટના છે : એકવાર ગુરુદેવ ફરતા ફરતા અમૃતસરમાં આવ્યા. તેમની પ્રતિભા કેટલી અસરકારક હતી તેનો પરિચય તે વખતે થયો. ત્યાં તેમની પાસે એક વેદાંતી બ્રાહ્મણ આવ્યો અને તેણે 'ब्रह्मं सत्यं जगत् मिथ्या।' એ સિદ્ધાંતનું પ્રતિપાદન કરવા બે કલાક સુધી તેમની સાથે ચર્ચા કરી. ગુરુદેવ હંમેશાં નમ્રતાથી વાત કરતા. પ્રતિવાદી ગમે એવા તર્ક કરે તો પણ તેઓ પોતાનો કાબૂ કદી ન ગુમાવતા. બધી ઇન્દ્રિયો પર તેમણે સંપૂર્ણ વિજય પ્રાપ્ત કર્યો હતો. ચર્ચા દરમ્યાન ગુરુદેવનું મુખ્ય વક્તવ્ય એ હતું કે "જો બ્રહ્મ જ સત્ય હોય અને માયાદિથી સભર જગત મિથ્યા હોય તો આકાશપુષ્પની માફક કંઈપણ કાર્ય થઈ શકે નહિ. જ્યારે હકીકત એ છે કે માયાજનિત જગતમાં કાર્ય પ્રત્યક્ષ દેખાય છે; તો તે જગત મિથ્યા કેવી રીતે?"

ગુરુદેવની આ સમજાવટથી પેલા વેદાંતી બ્રાહ્મણ પર ખૂબ અસર થઈ. ગુરુદેવના વ્યક્તિત્વથી તે અંજાઈ ગયો. તેને એમ જ થયું કે આવા વ્યક્તિત્વવાળી વિભૂતિ આ પહેલાં તેણે કદી જોઈ જ ન હતી. તેથી તેણે પૂ૦ ગુરુદેવની ભાવપૂર્વક સ્તુતિ કરી અને પોતાનું શિર તેમનાં ચરણોમાં નમાવી દીધું. તેના અંતરમાંથી ભાવનાનો સ્રોત વહેવા લાગ્યો :

यद्वाक्यामृतपायिनां प्रतिदिनं नित्यं सुधा नीरसा
यद्वाक्यार्थविचारणादभिगतो स्वर्गोपि कारागृहं ।
यद्वाणीविषयात्मपूर्णमनसां तुच्छं जगत् तूलवत्
तस्मै श्रीगुरुवल्लभाख्यमुनये नित्यं नमस्कुर्महे ॥

" જેમનાં વાક્યરૂપ અમૃતનું પાન કરનારને સુધા નીરસ લાગે છે, જેમનાં વાક્યના અર્થનો વિચાર કરવાથી સ્વર્ગ પણ જેલખાનું લાગે છે, જેમની વિશદ વાણીથી વાસિત મનવાળાને જગત રૂની માફક તુચ્છ લાગે છે એવા શ્રી ગુરુ વલ્લભ નામવાળા મુનિને હંમેશાં નમસ્કાર કરું છું. "

એક ત્રીજી ઘટના : અખંડ હિંદુસ્તાનના ભારત અને પાકિસ્તાન એમ ભાગલા પડ્યા. તે સમય એક કટોકટી અને ભયંકરતાનો સમય હતો. સર્વત્ર લૂંટફાટ, મારામારી અને આગની બૂમરાણ સંભળાતી હતી. માણસમાંથી જાણે માણસાઈ દૂર ચાલી ગઈ હતી ! ' ખૂન સામે ખૂન ' અને ' વેર સામે વેર 'નાં સૂત્રો પોકારાઈ રહ્યાં હતાં. આવા કટોકટીના સમયે પૂજ્ય ગુરુદેવ ગુજરાનવાલા શહેરમાં હતા. એ શહેર પાકિસ્તાનમાં ગયું હોવાથી ત્યાંથી અનેક હિંદુઓ હિજરત કરી રહ્યા હતા, અને તેને સ્થાને ત્યાં મુસ્લિમોનાં જૂથનાં જૂથ ધસી રહ્યાં હતાં. સમગ્ર વાતાવરણ અગ્નિકાંડ, અત્યાચાર અને લૂંટફાટથી કલુષિત બન્યું હતું. આવે સમયે પૂ૰ ગુરુદેવે સમગ્ર સંઘને શાંતિ અને ધીરજ જાળવવા ઉપદેશ આપ્યો અને જાહેર કર્યું કે : " જ્યાં સુધી સંઘનો એક પણ બાળક અહીં હશે ત્યાં સુધી માત્ર જીવ બચાવવા ખાતર હું અહીંથી એક ડગલું પણ નહિ ભરું ! " ગુરુદેવનું આ વચન સાંભળી સંઘની શ્રદ્ધા વધી ગઈ. સૌને ખાતરી થઈ કે પૂ૰ સૂરિજીમાં અજબ પ્રકારની ધીરજ, શાંતિ અને સહનશીલતા હતી. તેમનામાં પરોપકાર અને બલિદાનની તીવ્ર ભાવના હતી. પરને માટે સ્વાર્પણ કરવાની ઊંડી ધગશ અને તમન્ના હતી.

પૂ૰ ગુરુદેવ અને તેમના શિષ્યોનો ઉપાશ્રયમાં વસવાટ જોઈ એક દિવસ કેટલાક યુવાન મુસલમાનો ક્રોધે ભરાયા. તેમને થયું કે 'ગુજરાનવાલામાંથી બધા હિંદુઓ અને શીખો ચાલ્યા ગયા તો હજુસુધી આ ભાવડાઓ (પંજાબમાં જૈનોને ભાવડા કહે છે) કેમ ગયા નથી ? જાણે પોતાની માલિકી હોય તેમ નિરાંતે શાંતિથી બેઠા છે ! ' તે સમયે એક વૃદ્ધ શાણા મુસલમાને પેલા યુવાનોને સલાહ આપી : " ભાઈઓ, એ વૃદ્ધ ફકીરને સતાવવામાં સાર નથી. તે હંમેશાં ખુદાના નામની માળા જપે છે. એના પ્રતાપથી જ આ ભક્તગણ શાંતિથી બેઠો છે. એને છેડવાથી એના કરતાં તમને વધારે નુકસાન થશે; માટે એનું નામ લેશો નહિ ! " પણ એ બુઢ્ઢા વડીલની સલાહ કોણ સાંભળે ? મુસલમાનોએ એક કાવતરું રચ્યું. એક દિવસ વહેલી સવારે ઉપાશ્રયની પાછળ આવેલ ઘરોમાંથી એક યુવાન મુસલમાન આવ્યો અને તેણે ત્રણ બૉમ્બ નાખ્યા. ઉપાશ્રય, મંદિર તથા પાછળ આવેલાં મુસલમાનોનાં ઘરો સળગી ઊઠ્યાં. અગ્નિની પ્રચંડ જ્વાળાઓ આકાશ સુધી પ્રસરી રહી. પણ આશ્ચર્યની વાત એ હતી કે પૂ૰ ગુરુદેવ કે તેમના શિષ્યમંડળને કશી જ હાનિ થઈ નહિ. ઊલટું, બૉમ્બ ફેંકનાર યુવાન ગોળી લાગવાથી તત્ક્ષણ મૃત્યુ પામ્યો. આવા ચમત્કારમાં આપણને અતિશયોક્તિ લાગે પણ મહાપુરુષોના જીવનમાં એવા પ્રસંગો બનતા હોય છે. તેઓ માત્ર નિમિત્તરૂપ હોય છે પણ સમાજ પર તેની જબ્બર અસર પડતી હોય છે.

આ બધી ઘટનાઓ પરથી એટલું સ્પષ્ટ રીતે ફલિત થાય છે કે પૂ૰ ગુરુદેવનું વ્યક્તિત્વ ખરેખર નિરાળું હતું. જ્ઞાન, શ્રદ્ધા અને બુદ્ધિનું તેમનામાં અલૌકિક તેજ હતું. તેમના વિચારો, આદર્શો અને સિદ્ધાંતોમાં પ્રગતિનું અકથ્ય બલ હતું. તેથી જ તેમને યાદ કરતાં હૃદયમાં ભક્તિના મધુર સૂરો રેલાઈ રહે છે :

दुःखाब्धौ मज्जतां सर्वजनानां शांतिदायिने ।
जैनशासनस्तंभाय नमो वल्लभसूरये ॥

સ્વર્ગસ્થ આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરીશ્વરજી

દી૦ બ૦ કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો વિકાસ, એ પ્રશંસાયુક્ત વિદ્યાલય સ્થપાયું ત્યારથી અત્યાર સુધી, હું જોતો આવ્યો છું. કેટલીએ વખત ત્યાં હાજર રહી મેં વ્યાખ્યાનો આપ્યાં છે અને એને જૈન કોમના ઉદ્ધારની એક સંસ્થા તરીકે લેખતો આવ્યો છું. આપણા સમાજનું એક મોટું અંગ જૈન કોમ છે, અને તેનો ઉદ્ધાર તે આખા સમાજના ઉદ્ધારનો એક સંસ્કારી ભાગ છે, એટલે તે દીર્ઘદૃષ્ટિથી પૂજ્યપાદ સૂરીશ્વરજીએ એનો પાયો નાખ્યો, ને દરેક ક્ષેત્રમાં તેને આગળ વધાર્યું. તેમનો જેટલો પાડ માનીએ તેટલો થોડો. મુંબઈમાં સ્વ૦ શ્રીયુત સર રમણભાઈ મહિપતરામ નીલકંઠના પ્રમુખપણા નીચે ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલન થયું હતું તે આ વિદ્યાલયમાં થયું હતું, અને એ રીતે એ વિદ્યાલયે ગુજરાતી સાહિત્યની જે સેવા બજાવી છે તે માટે તે સાહિત્ય પણ એનું ઋણી છે, તો પછી એના પ્રેરકનું કેમ જ ન હોય?

ભારતની સંસ્કૃતિની એકે દિશામાં જૈનોએ પોતાનો ફાળો ન આપ્યો હોય એમ નથી, કારણ એઓ પણ ભારતપુત્રો છે, પછી ભલે તેઓ વૈદિક સંપ્રદાયના અનુયાયીઓ ન હોય. સાહિત્ય, કલા, સ્થાપત્ય, તત્ત્વજ્ઞાન—કયા ક્ષેત્રમાં જૈનો પાછા પડ્યા છે? જૈનોનું પોતાનું રામાયણ છે: કલાકેન્દ્રો છે: જૈનોનાં દહેરાં ને મંદિરો જ્યાં જુઓ ત્યાં એમની કલાના વિષયની ઉચ્ચ ભાવનાની સાબિતી આપે છે. તત્ત્વજ્ઞાનમાં પણ તેમ જ છે.

જૈનોની સંસ્કૃતિની પશ્ચાદ્ભૂમિના આ જમાનાના પ્રદર્શક તરીકે આચાર્યશ્રી જે કાંઈ કરી ગયા છે તેથી એ ક્ષેત્રમાં એમનું નામ ને એમનું કાર્ય અમરત્વ પામ્યાં છે, એમાં શંકાને કશું સ્થાન નથી.

યુગવીરનો અંતિમ દૃષ્ટિનિર્દેશ!

શ્રી. પાદરાકર

રોમરોમ, શાસનસેવાના ચોળમજીઠે રંગાયા.
માન અને આરામ ભાન સૌ–પ્રભુ–ગુરુ ચરણે અર્પાયાં.
નૂતન દૃષ્ટિથી સૃષ્ટિ–સમષ્ટિ, જેને હૈયે પરખાયાં.
'અંતિમ દૃષ્ટિનિર્દેશ'–સન્દેશ મણિમય દેવાયા.

" કર્તવ્ય પ્રતિપાલનની બાણશય્યામાં આરામ-પુષ્પો પથરાયાં હોતાં નથી. "

જૂની સાધુ પેઢીના જોગંદરોની જમાતમાંથી એકલી-અટૂલી પડી ગયેલી એક મહાન વિભૂતિ, માનવતાને ઢૂંઢતી, સંસ્કૃતિને શોધતી, માનવને દેવ બનાવવા મથતી, ભગવાનનું શાસન જ નહીં—માનવમાત્રને રોટલે-ઓટલે અને વસ્ત્રે તૃપ્ત થઈ સ્વકર્તવ્ય કરતા જોવા તલસતી, વિરાટ વિશ્વની જોખમી હૈયારખી (દીવાલનો કંદોરો) પર પગ દેતી વિચરી રહી છે.

સ્વર્ગલોકથી બીજા સ્વર્ગસમી તત્સમયના આદર્શ રાજવી ગાયકવાડ સયાજીરાવના વડોદરના આંગણે એ ઉતરી. ઘડિયાળી પોળને ધડિક ગૌરવાન્વિત બનાવી. પણ પૃથ્વીને પાટલે દેવોની સ્થિરતા કેટલી? અલ્પાતિઅલ્પ જ ને? એ તો હતી મહાન કેશરીકુળની વિભૂતિ! એને અજકુળમાં રહેવાં ન જ શોભે! અને 'આત્માએ આત્મનને પરખ્યો' તેમ જ વિશ્વના વિરાટ–જુગજૂના–જોગંદર એવા શ્રીવિજયાનંદ–આત્મારામ, આ વિભૂતિને આત્મ જ્ઞાનબોધ દ્વારા દર્શન દે છે—આત્માનું નિજ સ્વરૂપ બતાવી દે છે—એ કેશરી આ બાલ કેશરીને—સ્વકુળ–કેશરીકુળનાં દર્શન કરાવી અજના ટોળામાંથી સ્વ–કેશરી–ગુરુકુલવાસમાં લઈ જાય છે.

વડોદરાના વીરક્ષેત્રસમા ઉદ્યાનમાંની પિતા-માતા કુળ માધવી લતાપર ૧૯૨૭ના કાર્તિક શુક્લ દ્વિતીયાના એક સુભગ દિવસે એક બટમોગર કલિકા પ્રકટી; અને સંસાર તેમ જ ત્યાગનાં રસરસાયણે પુષ્ટ બનતી એ કલિકા મોટી થતી ચાલી; અને સૌનેયે વલ્લભ બનતી ગઈ. અંગસૌષ્ઠવ અને મનનાં માર્દવ, જ્ઞાનનાં તેજલ જ્યોતિ અને ગુણની ગરિમાનાં વર્તુલ એ સંસારવાટિકામાં જ પ્રકટવા લાગ્યાં અને શિક્ષકો, સદ્‌ગુરુઓ, ઉપાધ્યાયો અને આચાર્યો સંસારવ્યવહારના સંસ્કારોને, તપ-ત્યાગ-તિતિક્ષાનાં અમૃતછાંટણે ભૂંસવા લાગ્યા. સૌ પોતપોતાનાં મહાત્યાગનાં હૈયાંહીર એને પાવા લાગ્યા અને એ બાલકલિમાં પરાગના પ્રાણ અને આત્મગુણનાં સૌરભ સિંચી રહ્યા, અને સોળ વસંત વીતતાં તો એની સોળ સોળ પાંખડીઓ ખીલી ઊઠી—ત્યાગ-સંયમ-વિરાગના ધ્વનિ ઊઠવા લાગ્યા. આ તો ભવભવનાં મહાપુણ્યધનને લઈ આવેલ જોગી હતો, જગતમાં સંસારી ખેલ ખેલવા નહોતો આવ્યો એ! મહાભિનિષ્ક્રમણના અવસરે તો દેવોનેયે ડોલવું પડે. અને—અને એક મહાન્ જોગંદર—મહાન વિરાટ મહામાનવ–વટોદરના ચોકમાં એને લેવા આવી ઊભો—આહલેક જગવ્યા અને એ આહલેકનાં આવાહન અદ્‌ભુત હોય છે—અન્વર્થ હોય છે. એણે પ્રથમ તો સંસારની સર્પિણી માયા-ભોગવિલાસ અને ભાગ્યના ભંગાર—જન્મ–જરા–મરણનાં ઝંઝાવાતો અને એનાં જ્ઞાનગુણના વિકાસમાં અનંત અવ્યાબાધ મુક્તિસુખની પ્રાપ્તિ અર્થે પુરુષાર્થનાં દર્શન કરાવ્યાં. સ્વર્ગ–નર્ક, બંધ અને મુક્તિ, અનંત દુખના સાગર તેમ જ અનંત આત્મ-સુખના સંભારનું ભાન કરાવ્યું. અને જગદુદ્ધરણનાં કર્તવ્યની હાકલનાં હાર્દનાં ઘેન

એની કમળશી કોમળ અંતરઆંખડીને પાપચે પરસી-પરસીને ભર્યા. એ ગૂઢ વિચારમંથનમાં ડૂબ્યો. મૂળથી જ તો જોગીઓની જમાતનો જ એ મહાન જોગીડો ને? સંસારીઓ-અજકુળ-માં એને કેમ ગોઠે? મહાન્ આત્માઓ પોતાની આત્મજ્યોતિ જ્યારે કોઇ સુભાગી પ્રાણાત્મામાં રેડે છે ત્યારે તે મહાન્ જ બની રહે છે. એ પહોંચ્યો રાધનપુર—પ્રાતઃસ્મરણીય શ્રી આત્મારામજી મહારાજના ચરણે સર્વસમર્પણપૂર્વક અર્પાઈ ગયો. નાનકડો છગન જગ-વલ્લભ બની ગયો, અને પછી તો કોહિનૂર પામનાર ઓછો જ કાચના કટકે લોભાય? પરમ સત્ય, આત્મતત્ત્વ, પંચમહાવ્રત અને ત્યાગવિરાગનું મહત્ત્વ માપી લેનારને સંસારમાંથી માત્ર સાચી કર્તવ્યનિષ્ઠા જ લેવી બાકી હતી તે લઈ ૐ અર્હમ્ ઉચ્ચારતાં ચાલી નીકળ્યા સંસારક્ષિતિજને પેલે પાર! થયો જોગીઓની જમાત ભેગો અને દેવોને યે દુર્લભ એવાં પંચમહાવ્રતોથી એ વિભૂષિત બન્યો. શાસનદેવીનો લાડીલો બન્યો. શિવસુંદરીનો ઉમેદવાર બન્યો. ગુરુનો, જૈનાલમનો અને વિશ્વનો વલ્લભ બની રહ્યો.

આમ્રમંજરીના આહાર કોયલને મીઠું રસભર્યું ગાતી કરી મૂકે છે. આપણા શ્રીવલ્લભને ગુરુકુલ-વાસમાં ગુરુદેવની પરબે જે જ્ઞાનઅમૃત પીવા મળ્યાં તે એણે ધરાઈ ધરાઈ પીધાં અને જ્યારે વાણી મારફતે ભવ્યાત્માઓને ઉપદેશ દેવા લાગ્યા ત્યારે એ વાણીય જીવતી વાણી બની ગઈ. એમાં ધનુષ્યનો ટંકાર, શાસ્ત્રના સારના સંભાર, પ્રભુપ્રણીત તત્ત્વનો રણકાર, ત્યાગ-વૈરાગ્યના અંબાર સાથે આચારક્રિયાના સાર છવાઈ રહેવા લાગ્યા. ગુરુદેવ તો અષાઢીલા મેઘગર્જન સ્વરાવતા વીરનાં ઉપદેશો દેતા વિચરી રહ્યા હતા. ગુજરાત–સૌરાષ્ટ્ર–પંજાબના પાદવિહારોમાં શ્રીવલ્લભ નિત્ય ગુરુકુળવાસી જ હતા.

જૈનશાસનનો વિરાટ સ્તંભ, વિદ્વત્તા–તત્ત્વજ્ઞાન, સંવેગરસરસાયણ, ત્યાગ–તપ–તિતિક્ષા, શાસ્ત્રનું પારગામીપણું, એથી સોહંતા શાસન-સમ્રાટ એવા શ્રીમદ્ આત્મારામજીસૂરીશ્વરજીની છત્રછાયા પૂરાં નવ વર્ષ અને ચોવીશ દિવસ એકધારી એમના શિર પર છવાઈ રહે છે. કટ્ટર ગુરુભક્ત તે દરમિયાન નિજ દક્ષતાથી, ગુરુદેવની પળેપળની દિનચર્યા, વાણીનાં વહન, ચર્ચા અને વાદવિવાદ, સત્યનાં પ્રરૂપણ અને નયનિક્ષેપનાં નિરૂપણ, આચારવિચાર, લેખન અને સંલેખન, જ્ઞાન અને આત્મભાન, ધર્મઉદ્ધરણનાં ધ્યાન અને તત્ત્વપ્રાપ્તિનાં તાન, એ સૌ પોતાનાં ક્ષયોપશમ, ગુરુભક્તિ, બુદ્ધિની તિક્ષ્ણતાના કટોરે પીતા જાય છે. દિલનાં દ્વાર, વૃત્તિઓનાં વહેણ અને બુદ્ધિનાં બળ ખીલે છે—ખૂલે છે—ઝળકી ઊઠે છે. ઇયિળ–ભ્રમરી ન્યાયે જાણે શ્રીવલ્લભ બીજા આત્મારામજી બનતા જાય છે અને ગુરુ રીઝી પોતાની અખૂટ આત્મસમૃદ્ધિ નિજનશિષો સાથે શિષ્યને આપી હળવા ફૂલ બની જાય છે અને એ સૌ જાગતા રહી જાળવવાની જવાબદારીનું ભાન કરાવે છે. પરિણામે જ્યારે આ જોગંદર અમરપથ પ્રયાણની વાટે ચાલી નીકળવા તૈયાર થાય છે ત્યારે તેમના અંતિમ શબ્દો શું હતા? 'અંતિમ આદેશ નિર્દેશ' શો હતો? **'મેરી પીછે વલ્લભ પંજાબકો સમાલેગા.'** કેટલા બધા આત્મવિશ્વાસથી નીકળ્યા હશે એ શબ્દો? અને ગુરુ જતાં ભાંગી પડતા શિષ્યે એ નિર્દેશ ઝીલ્યો—વિશ્વના ધર્મસમરાંગણનો એ વીર, એ ગુરુદીધા આદર્શને ખાતર કર્તવ્ય, સતત જાગૃતિ, કટ્ટર આચાર, પ્રખર પરિભ્રમણ અને પરમ શાંતિ સહિત એ નિર્દેશને સફળ બનાવી, શિષ્યે શિરસાવંદ્ય કરેલ ગુરુઆજ્ઞાનું પાલન કર્યું છે, એ વિશ્વે જોયું, જાણ્યું, અનુભવ્યું. પણ એ હતો અંતિમ આદેશ નિર્દેશ? આત્મસ્વરૂપ બનેલ વિજયવલ્લભસૂરિજીએ તો **આદેશ** અંતિમ પળેય નથી આપ્યો. માત્ર **દષ્ટિનિર્દેશ જ** અંતિમ પળે શિષ્યને આપ્યો છે. એ દષ્ટિ! હજારો લાખો સંદેશાઓના તેજસ્વી શર છૂટતાં અને અપાતાં જોયાં છે તેને જ એનું જ્ઞાન ને ભાન છે. ઝીલનાર એને **ફલિત** કરવા ફના થઈ જાય એવાં હતાં એ દષ્ટિનિર્દેશનાં આખરી વસિયતનામાનાં દાન.

આપણા મહાન્ પૂર્વાચાર્યો અને વર્તમાનકાલીન આચાર્યો પ્રત્યેક કાંઈ ને કાંઈ જીવનકાર્ય લઈને જ આવતા હોય છે. કોઈ તીર્થોદ્ધાર, કોઈ આગમ ઉદ્ધાર, કોઈ મહાત્યાગ પ્રચાર, કોઈ યોગ અધ્યાત્મ-

જ્ઞાનના પરમપ્રકાશ પાથરનાર, કોઈ જ્ઞાનપ્રચાર તો કોઈ ક્રિયાચાર ઉદ્ધાર કરવા આવ્યા હતા—આવે છે. મહાન્ આચાર્યો, જીવનકાર્યનાં જ્યોતિ પ્રકટાવવાના ભગીરથ કાર્યનો આરંભ, ત્યાગજીવનની ઉષા-આરંભે જ આરંભી દે છે અને પ્રાયઃ તે પૂર્ણ કરવા છેલ્લા શ્વાસપર્યંત પ્રયત્નશીલ રહે છે—તે પછી જ વિરમે છે. ત્યારે શાંતિ, આત્માનંદ ને સંતોષની જે આભા અંતિમ પળે એમના વદન પર રમે છે એ દેવોને યે દર્શનીય હોય છે. વડોદરાના નીલવર્ણી સરવરિયે પ્રકટેલું, રાધનપુરમાં વિકસેલું, પંજાબમાં પૂર્ણ પરિમળ પાથરતું આ દિવ્ય શતદલપદ્મ એટલે જ શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજી.

એ જ દિવ્ય જ્યોતિનાં પ્રાકટ્ય પૂર્વભવનાં પુણ્યોદયે—મહાત્યાગરૂપે—એને વધુ જ્યોતિર્મય બનાવે છે. અવિરત આત્મભોગ અને ગુરુકૃપા એને અદ્‌ભુત જ્યોતિર્ધર નિર્માણ કરે છે. એ દિવ્ય જ્યોતિમાં પ્રકાશનાં પરિવર્તનશીલ, ક્રાન્તિકર, શાસનકલ્યાણકર માનવોદ્ધારનાં દિવ્ય દર્શન કરાવનાર દીપ-દર્શન તે આપણા જગવલ્લભ! લઘુ આત્મારામજી! જૈન સમાજનો મહાનિધિ! એ જ્યોતિ પૂજ્ય આચાર્યદેવની આસપાસ કેટલાંયે મહાજ્યોતિનાં વર્તુલો રમતાં કરી મૂકે છે? પૂ૰ બુટેરાયજી મહારાજ, પૂ૰ વિજયાનંદ-સૂરીશ્વરજી, પૂ૰ વિજયધર્મસૂરીશ્વરજી, પૂ૰ બુદ્ધિસાગરસૂરીશ્વરજી, પૂ૰ વિજયનેમિસૂરીશ્વરજી, પૂ૰ સાગરાનંદસૂરીશ્વરજી, પૂ૰ વિજયનીતિસૂરીશ્વરજી, પૂ૰ વિજયસિદ્ધિસૂરીશ્વરજી આદિ અનેક મહાજ્યોતિ-ર્ધરોનાં મહાજ્યોતિ આ જ્યોતિને મહાજ્યોતિવંત—સજીવ—બનાવે છે! એમનાં સ્વાનુભવના રશ્મિ, એમને પ્રતિભાવંત, ઉદ્યોતકર, ચેતનવંત બનાવે છે! મહાન્ જોગંદરોના વારસ-વારસે મળેલ અનંતઆત્મરિદ્ધિ સાથે જગત્‌કલ્યાણની મહામૂલી પાદયાત્રાએ નીકળી પડે છે. એ જાય છે—ચાલ્યા જાય છે. સાથેના પરિવારને એને આંબી લેવા દોડવું પડે છે. જગત્ જોયાં કરે છે—કોઈ ઓલિયો ચાલ્યો જાય! અને એણે નિર્ણય કર્યો: "પ્રાણાર્પણે પણ મારું શાસન ચેતનવંતુ બનાવી દઉં! અજ્ઞાનનાં પડલ ઉતારવા પાઠશાળાઓ—હાઈસ્કૂલો—કોલેજો—ગુરુકુળો ખોલી દઉં! જૈન જનતાને માટે બેન્કો ઊઘડી પડે, આધિ-વ્યાધિ-ઉપાધિથી થાકયાના વિરામ માટે ધર્મશાળાઓ પ્રકટાવી દેવાય! જૈન કૉલેજ તો ઠીક, જૈન યુનિવર્સિટીની જ્યોતિ ઝબકાવી દઉં! ફીરકાફીરકાના ભેદની દીવાલો જમીનદોસ્ત કરું! ભગવાન મહાવીરના દીકરાઓનાં હૃદયમાં જડ ઘાલી બેઠેલ દષ્ટિવિષશૂળ ખેંચી કાઢું! ઉપાશ્રયની ચાર દીવાલોની બહાર વીરનો સંદેશ લલકારું! વિશ્વધર્મસમાન જૈનધર્મને વિશ્વમાં—વિદેશોમાં ફેલાવી દઉં! મારા વીરની જયંતી જગત્‌ના ચોકમાં ઉજવાતી કરું! નવકાર ગણનાર જૈન બચ્ચો—અયાચક જૈન નાગો ભૂખ્યો હોય, સીઝાતો હોય ત્યાં સુધી આ પાત્રમાં આણેલી ગોચરી કેમ વપરાય? રેશમી ગરમ શાલો કેમ ઓઢાય? ઉદ્યોગ-ધંધા વિના અટવાતી જૈનાલમને ઉદ્યોગ-ધંધે લગાડી સુખી કેમ બનાવાય? લક્ષ્મીનદનો મહોલાતે મહાલે પણ સામાન્ય જનનું શું? માનવતા મરતી જાય છે એમાં સ્વાર્પણ વડે સજીવન મંત્ર ફૂંકી માનવના પાછી કેમ લાવી શકું?

જૈન શ્વે૰ કોન્ફરંસ જેવી જૈન સમાજની પાર્લામેન્ટ, જૈન મહાપરિષદ્, પૂર્ણ તંદુરસ્ત, ધર્મ અને ધર્મસ્થાનોની રક્ષક, કેળવણી અને જ્ઞાનપ્રચારક, અને જૈન સમાજના સર્વાંગી વિકાસ માટે સૌ કાંઈ કરી છૂટનાર કેમ બનાવી દઉં? ગોડીજીનો ઉપાશ્રય—જ્ઞાનભંડાર—જ્ઞાનપ્રકાશન—આત્માનંદસભા એ સૌ પરમ સુંદર અને ઉપયોગી કેમ બને? કલિકાલસર્વજ્ઞ ભગવન્ હેમચંદ્રાચાર્યકૃત ત્રિશષ્ટિશલાકાપુરુષચરિત્ર—જૈન તત્ત્વાદર્શ—શત્રુંજયમાહાત્મ્ય જેવા અનેક ગ્રંથોને હિન્દીમાં અને અંગ્રેજીમાં તૈયાર કરાવી જૈનદર્શનની જ્યોત વિદેશોમાં કેમ ફેલાવું? મારું રાષ્ટ્ર—અવતારભૂમિ ભારત—એની સેવા કરવા સૌને કેમ જગાડું? શ્રી મહાવીર જૈન વિદ્યાલય માટે અને કૉન્ફરંસ માટે વ્યાખ્યાનો આપી આપી લાખોનાં ફંડ થયાં છે તેની યોગ્ય વ્યવસ્થા કેમ કરાવી શકું? કેટલાય બગભક્તો, સ્વાર્થી ખુશામતીઆ અને તકસાધુઓને ખુલ્લા પાડ્યા સિવાય એમને કેમ સુધારી કર્તવ્યપથે દોરું? આવા આવા અનેક મનોરથો સેવતા એ મહામાનવની

નજર સામે ગુરુદેવ આવી ઊભે છે—જ્યારે એમનો **હીરકમહોત્સવ** ઉજવાય છે—વિરાટ મેદની એમને બિરદાવે છે ત્યારે એ મહાસંત શું બોલે છે?

"હીરકમહોત્સવ ઊજવવા તૈયાર થયેલા ભાઈઓ! મારી આ વાણી ધ્યાનમાં રાખો :

"આત્મકલ્યાણઅર્થે સાધુધર્મ સ્વીકારનાર મારા સરખા આત્માને જીવન-મરણ પર સમદૃષ્ટિ જ હોય. એ નિમિત્તે એકાદો 'સ્મારક ગ્રંથ' પ્રકટ થાય કે 'શત વર્ષાયુ જીવો' એવા આશીર્વાદ મળે એની કિંમત માહારે મન ઝાઝી નથી. જાણ્યું, વિચાર્યું અને હૃદયમાં દૃઢ કર્યું અને યથાશક્તિ આચરણમાં મૂક્યું એ મારો આચાર. એનાં મૂલ્યાંકન તો જ્ઞાની જ કરી શકે. × × × × ×"

આ પુરુષ! મહાસંત! આચાર્યશિરોમણિ! એ યુગદૃષ્ટા જ્યારે યુગસ્રષ્ટા બને છે ત્યારે એનું સર્જન કેટલું વિપુલ, સમૃદ્ધ અને વિશ્વોપયોગી હોઈ શકે તે સમજાય છે? જીવનની પળેપળ, શરીરનું રોમેરોમ, વિચારના પરમાણુયે પરમાણુ અને સાધુતાનું સર્વસ્વ જેણે શાસન-માનવ-પ્રભુ અને ગુરુસેવામાં સમર્પી દીધું, જીવનમરણ સરખાં માણ્યાં એવા નરોત્તમ-નરસિંહને પામીને જૈન સમાજ શું ધન્ય નથી બન્યો?

અને ગયેલ ચક્ષુનાં તેજલ જ્યોતિની પુનઃપ્રાપ્તિપ્રસંગે એ જૈન સમાજને સંગઠનની નવી દૃષ્ટિ આપી દે છે અને ઇશ્વરસ્વરૂપ થવા જ જાણે જતા હોય તેમ એ મરીનડ્રાઈવના (શ્રી કાન્તિલાલભાઈના) ઇશ્વરનિવાસમાં જાય છે. અંતિમ પ્રયાણની તૈયારી કરતા હોય તેમ પળપળનાં જીવનલેખાં લે છે. પ્રેમ અને પ્રભુતાના પયગામો પાઠવે છે. ભારતના મહામંત્રીઓને કર્તવ્યબોધ આપે છે. આવતી કાલનાં જૈન સમાજ રચવા રાત-દિવસ મંથન કરે છે. પળનો યે પ્રમાદ એને પોસાતો નથી. ભગવાન મહાવીરના ઝંડા હેઠળ સૌને ઊભવા અને એ ઝંડો વિશ્વભરમાં લહરે એ જોવા એ તલસે છે. એ પંજાબનો વાઘ, ગુજરાતનો પ્રાણ, સૌરાષ્ટ્રનો સિંહ અને સૌનો લાડકવાયો એ મહાપ્રાણ! વીર વલ્લભ! લહેરિયાં લેતા સાગરકિનારે, સાગરનાં કર્તવ્યસંગીત ગુંજતાં મોજાં સાંભળતો, તેમાંથી જેને ભગવાન મહાવીરના સમવસરણની દેશનાનો માલકોશ રાગ સંભળાય છે એવો એકતાર બનેલો—સ્વરૂપમાં લીન, આત્માનંદમાં મસ્ત, કર્તવ્યપૂર્ણતાનો સંતોષ અનુભવતો, જૈનશાસનને પ્રભુતાના પગથારે ઊભેલું નીરખતો, એ મહાન્ આચાર્યદેવ! સૂરિપુરંદર! અનેકનો તારક અને નિજગુણનો વિચારક, મધ્યરાત્રે જ્યારે અંતિમ વિદાયપળ આવે છે ત્યારે—અનેક અણપૂર્યા અભિલાષોની યાદ—અનેક મહાકાર્યોની મીમાંસાવાણી તો વિરમી હતી—પ્રભુસ્મરણ અને ચારે શરણ જ્યારે એમના મન-વાણી-કાયાનો કબજો લેતા હશે, દેવલોક પ્રવાસનાં દેવવિમાન દેખાતાં હશે, શિષ્ય સમુદાય નિકટ ન હશે, ભક્તગણ નિંદ્રિત હશે, વિશ્વ વિરામ લેતું હશે—ત્યારે અમરધામના મહાપ્રયાણે પગલું ઉપાડતો એ **વિરાટ**—મહામાનવ—લાખોનો ગુરુ કાંઇક કહેવા માગતો હશે! મૃત્યુ એમને ખોળામાં લેવા માગતું હશે! અને એ મૃત્યુને રમાડતા હશે! અને જીભનું કામ નેત્રને સોંપ્યું હશે! એ—એ—**અંતિમ દૃષ્ટિનિર્દેશ**—નેત્રસંકેત—આત્માનાં કહેણ—અભિલાષાઓના ઉદ્‌ગમ! શાં શાં હશે? એ કોણે ઝીલ્યા હશે? પણ ગુરુ વિજ્યાનંદસૂરિના એ નિર્દેશ **આત્માના વલ્લભે** ઝીલ્યા તેમ આ સમુદ્ર-કાંઠડે કરાયેલો દૃષ્ટિનિર્દેશ **શ્રીસમુદ્રસૂરિજી**એ તો ઝીલવો અને તે સફળ કરવો જ રહ્યો—એ જ એમની કુલપરંપરા—કુલ**પ્રણાલિકા**—જીવનકાર્ય—જીવનસાધના થઈ પડે છે. શાસનદેવ, એ મહાન્ આત્માના **અંતિમ નિર્દેશ** પૂર્ણ કરવા શ્રી સમુદ્રસૂરીશ્વરજીને અનંત આત્મબળ આપો અને ગયા છતાં હૈયે હૈયે હિંચી રહેલ યુગવીર વલ્લભ અમર રહો! સાંભળો સાગર ગાય છે : જય વલ્લભ! કોયલ કુંજે છે : જય વીર વલ્લભ! અને જનતા ગાજી ઊઠે છે : જય જગવલ્લભ! અને માટે જ એનાં પુણ્ય-સ્મરણાર્થે આ સ્મારક-ગ્રંથનાં પ્રાકટ્ય પણ એનાથી ન રીઝનાર એ સંતના શબ્દો તો "કર્તવ્યતત્પરતા, સ્વાર્પણ અને શાસનનાં ઉત્થાન" માગે છે. આપો! ભારતના શાસન-સંતાનો! યુગવીરને એ નજરાણું જ વહાલું હતું. એને એ જ સમર્પો, ને તમે માનવમાંથી દેવ બનશો! ૐ શાન્તિઃ

પ્રાચીન જ્ઞાનભંડારના ઉદ્ધારક

શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

"પૂર્વાચાર્યોએ જે જ્ઞાનને વિસ્મૃત થતું બચાવવા અર્થે અથાગ પરિશ્રમ સેવી આ રીતે તાડપત્રોનાં પાનાં ઉપર સ્થિર કર્યું તેની આ વિષમ દશા ખરેખર અસહ્ય છે. ગુરુદેવ, આપ તો કહેતા હતા કે આ ખંભાત નગરે એક કાળે સ્તંભતીર્થ તરીકે અત્યંત ખ્યાતિ પ્રાપ્ત કરેલી અને ત્યાં જૈનોની વિપુલ સંખ્યા હતી; અને આજે પણ ત્યાં ધર્મીજનોની વસતિ સારા પ્રમાણમાં છે, પરંતુ આજે આ ભંડારોની આવી પતિત પરિસ્થિતિ નિહાળ્યા પછી સખેદ કહેવું પડે છે કે કાં તો એ ધર્મ બાહ્યાડંબર રૂપે હોવો જોઈએ અથવા તો પૂર્વજોના વારસામાં ઊતરી આવેલ, છતાં પ્રેમ વિહોણો, માત્ર નામરૂપ બની ગયો હોવો જોઈએ. તે વિના સ્વપરપ્રકાશક એવા આ વિપુલ સાહિત્યની આમ અવગણના ન થાય."

"ચરણવિજય, ઉતાવળો ન થા. પાટણ અને અમદાવાદ તો તેં જોયાં છે. ત્યાં જૈનોની સંખ્યા મોટા પ્રમાણમાં હોવાં છતાં કેટલાય જ્ઞાનભંડારોનાં તાળાં આજે પણ અણઊઘડ્યાં છે! સાંભળવા મુજબ કેટલુંયે ઉત્તમ સાહિત્ય કીડાઉધાઈના આહાર રૂપે પરિણમેલ છે. એ સર્વનાં ઊંડાણમાં ઊતરતાં એક વાત દીવા જેવી સ્પષ્ટ જણાય છે કે આપણા સંઘમાં વત્તાઓછા પ્રમાણમાં દરેક સ્થળે મતમતાંતરો છે. તદુપરાંત જ્ઞાન પ્રતિ સાચી શ્રદ્ધા કે નિષ્ઠા અને તેને પામવાની તીવ્ર ઝંખના ખાસ જોવા મળતી નથી. આ ખંભાત પણ તેમાં અપવાદરૂપ નથી જ."

"પૂજ્ય ગુરુમહારાજ, પાટણ, અમદાવાદ, વડોદરા, લીંબડી અને જેસલમેર સિવાય બીજે ક્યાંય તાડપત્ર પર લિખિત સાહિત્ય હોય એમ મેં આજસુધી સાંભળ્યું નથી. પરંતુ ખંભાત જેવા નગરમાં અને તે ય વળી એકાદ શેરીના અંધારિયા ઓરડામાં આવું ભવ્ય સાહિત્ય છુપાયું છે એ જાણી અત્યંત આશ્ચર્ય થાય છે. પણ વધારે આશ્ચર્ય તો એ સાહિત્ય પ્રત્યે સેવાયેલી બેદરકારીનું છે. આટલી બધી પ્રતોને સમાવવા માત્ર એક જ પુરાણો ખખડધ્વજ થઈ ગયેલો ગંજો છે! એમાંનાં બાંધેલાં પોટલાં એકવાર બહાર કાઢી અંદર મૂકીએ ત્યાંસુધીમાં તો કેટલા ય ગ્રંથોનાં પાનાંની કિનારીઓ તૂટી જાય! અને આ રીતે આ સાહિત્ય વિનષ્ટ થતું જ જાય."

"વત્સ ચરણ, તારું આ કથન અક્ષરશઃ સાચું છે. આ પ્રાચીન નગરીમાં મારી સાથે તું પ્રથમ વાર પગલાં માંડે છે, અને તેથી કેટલીક બાબતો વિષે તને આશ્ચર્ય ઊપજે એ અસ્થાને નથી. મેં સ્વર્ગસ્થ ગુરુદેવ ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી સાથે જુદાં જુદાં નગરોમાં અનેક વાર વિહાર કર્યો છે; અને તે દરમ્યાન આપણાં જિનાલયોની તેમ જ જ્ઞાનભંડારોની અઘટિત દશા નિહાળી છે. એ જોઈને મને તેમ જ ગુરુદેવને અત્યંત દુઃખ થયેલું. આ દુઃખ સ્વરચિત પુસ્તકમાં ગુરુદેવે વ્યક્ત કરેલ છે. તીર્થંકર દેવોનો ધર્મ આજે વણિકોના હાથમાં આવી પડેલ છે એટલે એમાં નથી તો ક્ષાત્રતેજ જણાતું કે નથી વીરતાનો પડઘો પડતો. કેવળ વણિક-વૃત્તિસૂચક ઉપરછલ્લો આડંબર દૃષ્ટિગોચર થાય છે. વર્તમાનયુગના શ્રાવકોમાં નથી જ્ઞાન પ્રત્યે સાચું બહુમાન કે નથી જ્ઞાનપ્રચારની પવિત્ર દૃષ્ટિ! કેવળ છે જિહ્વાનો સ્વાદ અને મોટાઈ માટેની મમતા! જ્ઞાનની પ્રગતિ કરવાને બદલે ભૌતિક ચીજોના સ્થૂલ રસાસ્વાદ અર્થે તેમના ધનનો વ્યય થઈ રહ્યો છે!

સનાતન સ્વર્ગીય સુખ પ્રાપ્ત કરવાની દૃષ્ટિ ઉવેખી દુન્યવી ક્ષણિક સુખ ઝડપી લેવા તે વધુ તત્પર બન્યા છે!"

"ગુરુદેવ, આપે તો એ પવિત્ર વ્યક્તિના સમાગમમાં અનેક વર્ષો વ્યતીત કર્યાં છે, અને અંતકાળે પણ તેમણે આપને આદેશ આપેલ કે 'મેરી પીછે પંજાબકા શ્રીસંઘકી ભાળ વલ્લભ કરેગે' અને એ મુજબ આપ યથાશક્તિ જહેમત ઉઠાવી રહ્યા છો. પંજાબ, મારવાડ અને મુંબઈ જેવાં ધામોમાં આપે જે શિક્ષણસંસ્થાઓ ઊભી કરી છે એ એના ઉદાહરણરૂપ લેખાય. દેશકાલને અનુરૂપ શિક્ષણ લીધા વિના જેમ જૈન સમાજની ઉન્નતિ શક્ય નથી, તેમ પૂર્વાચાર્યોએ અતિ પરિશ્રમે તૈયાર કરેલ અને આ રીતે સંગ્રહી રાખેલ સાહિત્યનો યોગ્ય રીતે પ્રચાર કર્યા સિવાય, તેમ જ તેનું પુનરુત્થાન કર્યા સિવાય જૈન ધર્મની સાચી પ્રભા વિસ્તરે તેમ નથી. આ બધું આપ તો સારી રીતે જાણો છો. વળી આપશ્રીની વાણીમાં તૂટેલા તાર સાંધવાની અદ્ભુત શક્તિ છે. આપની પ્રતિભાથી આપે ઘણા કલહ મિટાવ્યા છે: અને સંઘમાં એક પ્રકારની શાંતિ, વ્યવસ્થા અને એકતા આવવા પામી છે. તેથી જ અહીંના આગેવાનોને એકત્રિત કરી, તેમને સમજાવી, આપના હાથે આ ભંડારનો પુનરુદ્ધાર થાય એવી મારી અભિલાષા છે. વિહારની ઉતાવળ છતાં વિષમ દશામાં આવી પડેલ આ સાહિત્યને સડવા દઈ આગળ જવું મને ઉચિત નથી લાગતું."

* * *

ઉપર્યુક્ત વાર્તાલાપ સ્વર્ગસ્થ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી અને તેમના સ્વર્ગસ્થ શિષ્ય મુનિશ્રી ચરણવિજયજી વચ્ચે ખંભાત મુકામે થયેલો. એમાં જે તાડપત્રો પર લખેલ પ્રતોના ભંડારની વાત છે તે ત્યાંના ભોયરાપાડા નામના લત્તામાં આવેલ પ્રાચીન એવા શ્રી શાંતિનાથના જ્ઞાનભંડારની છે. ભંડારના મકાનની પાછળના ભાગમાં શ્રી શાંતિનાથ ભગવાનનું દહેરાસર છે, અને એથી આ ભંડાર એ નામે ઓળખાય છે. બાજુના ભાગમાં પૂર્વે એક ઉપાશ્રય હતો જે આજે ખંડિત હાલતમાં છે. સ્વ૦ શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈએ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' નામનો જે દળદાર ગ્રંથ લખ્યો છે તેમાં આ પુરાણા ઉપાશ્રય તેમ જ જ્ઞાનભંડાર સંબંધી સારો એવો ઉલ્લેખ કર્યો છે. પૂર્વે આ ઉપાશ્રયમાં સ્થિરતા કરી નામાંકિત મુનિવરોએ ગ્રંથરચના કર્યાની નોંધો ઉપલબ્ધ થાય છે. કિંવદંતી મુજબ અહીં ચોમાસું રહેલ એક પ્રભાવિક આચાર્યે ચમત્કાર દર્શાવ્યાની વાત પણ સંભળાય છે. એ ગમે એમ હોય પણ એટલું તો ચોક્કસ છે કે સ્તંભતીર્થનો આ જૂનામાં જૂનો ભંડાર છે, અને ડૉ૦ પિટર્સન આદિ વિદ્વાનોનાં લખાણ મુજબ તાડપત્રો પર લખાયેલી એમાં સંખ્યાબંધ પ્રતો હતી. કેટલીક ચોરાઈ ગઈ અને કેટલીક કાળનો ભોગ બની. તેમ છતાં આજે નાનામોટા કદની મળી લગભગ બસો પ્રતો મોજૂદ છે. તેને સાચવવા માટે હાલમાં સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. જ્યાં બેસવું નહોતું ગમતું ત્યાં સરસ રીતે કબાટ ગોઠવવામાં આવ્યા છે અને એથી કોઈ અભ્યાસી કલાકોના કલાકો ત્યાં બેસે તો પણ કંટાળે એમ નથી. આ જીર્ણોદ્ધારના મૂળમાં આચાર્યશ્રીની દીર્ઘદૃષ્ટિ અને પ્રતિભા ઝળહળી રહી છે. તે જીર્ણોદ્ધાર કેવી રીતે થયો તેનું એ સંક્ષિપ્ત વિહંગાવલોકન કરી જઈએ તો અસ્થાને નહિ લેખાય.

વિહાર કરતાં કરતાં આચાર્યશ્રી ખંભાત આવી પહોંચ્યા. અહીં વધારે રોકાવાની તેમની ઇચ્છા નહોતી. શિષ્ય ચરણવિજયજીને ખંભાતનાં જિનાલયોનાં દર્શન કરવાની તીવ્ર મહેચ્છા હતી અને એ અભિલાષા પૂર્ણ કરવા તેઓ અહીં આવેલા. એવામાં આ પ્રાચીન ભંડાર જોવાનો તેમને યોગ સાંપડ્યો. આ ભંડારની પરિસ્થિતિ જોઈ ગુરુ-શિષ્ય વચ્ચે થયેલો સંવાદ આપણે ઉપર જોઈ ગયા. શિષ્યની વાતમાં

સૂરિજીને તથ્ય જણાયું અને તેમણે આ પુરાણા ભંડારનો પુનરુદ્ધાર કરવાનો નિર્ણય કર્યો. તપાસમાં ઊંડા ઊતરતાં માલૂમ પડયું કે કામ ધારવા જેટલું સહેલું નહોતું. આમાં માત્ર પૈસાનો જ સવાલ નહોતો. તે સ્થળના હક્ક સંબંધે કોર્ટ સુધી વાત પહોંચેલી, પણ તેનો વહીવટ જેના હાથમાં હતો તેના જ હાથમાં રહ્યો. એટલે સંઘના મોટા ભાગે તેના પ્રતિ દુર્લક્ષ સેવ્યું, અને તેથી જ ખંભાત જેવી જૈનપુરીમાં ધર્મમાર્ગે હજારો રૂપિયા ખર્ચાતા હોવા છતાં આ સ્થાનની દશા કચ્છના રણ જેવી રહી !

ગુરુદેવે વહીવટદાર તેમ જ તેમના વંશજનો માલિકીહક્ક કાયમ રહે અને જ્ઞાનભંડારની સ્થિતિમાં સુધારણા થાય એવી એક યોજના તૈયારી કરી, અને સૌથી પ્રથમ તે વહીવટદાર સમક્ષ મૂકી. સૂરિજીની પ્રતિભાની અને એ યોજના પાછળની પવિત્ર દૃષ્ટિની પેલા ગૃહસ્થ પર ઊંડી છાપ પડી. સૂરિજીની વાત તેને ગળે ઊતરી અને તેણે એ યોજનાનો સ્વીકાર કર્યો. વહીવટદારો તરફથી બે અને સંઘના બીજા નવ એમ કુલ અગિયાર સભ્યોની સમિતિ નીમી, જ્ઞાનભંડારનો સમગ્ર વહીવટ આ સમિતિને સોંપવામાં આવ્યો અને સમિતિએ તે કામ સારી રીતે પાર પાડયું. આ રીતે મુનિશ્રી ચરણવિજયજીની ઇચ્છા કાર્યરૂપે પરિણમી, પણ આ પ્રયાસનું ફળ જોવા તે જીવ્યા નહિ. જીર્ણોદ્ધારનું કાર્ય પૂર્ણ થાય એ પહેલાં તેઓ સખત માંદગીમાં પટકાઈ પડ્યા. અનેક ઉપચારો છતાં કંઈ ફેરફાર ન થયો અને તેથી આચાર્યશ્રીએ સારી દવાઓ માટે તેમ જ હવાફેર અર્થે વડોદરા તરફ વિહાર કર્યો, પણ ત્યાં તેઓ વધુ દિવસ ટક્યા નહિ. જીર્ણોદ્ધારની સુધારણા થઈ પણ તેમના સ્વાસ્થ્યની સુધારણા ન થઈ; અને એક દિવસ સૂરિજીને નવીન પ્રેરણા અર્પનાર એ આત્મા સ્વર્ગગમન કરી ગયો.

પરંતુ શ્રી ચરણવિજયે પ્રગટાવેલી જ્યોત બુઝાઈ ન ગઈ. બીજાં કામોને પડતાં મૂકી સૂરિમહારાજ પુનઃ ખંભાત આવ્યા. ત્યાં તેમણે મંદિરની પ્રતિષ્ઠા કરી અને ચોમાસું પણ ત્યાં જ ગાળ્યું. આ રીતે એક જૂનું સ્થાન નવા સ્વાંગ સજી ઝળહળતો પ્રકાશ આપી રહ્યું ! વ્યાખ્યાન સમયે દરરોજ તેઓ આ શાંતિનાથ-જ્ઞાનભંડારની વાત મૂકતા. તેમની દિવ્ય વાણીમાં એવું અપૂર્વ જોમ હતું કે તે આમ-જનસમૂહને અતીવ સ્પર્શી ગઈ. મકાનને સુધારવા પૂરતી રકમ મળી. છ કબાટ તૈયાર કરી આપનાર ગૃહસ્થો મળ્યા અને દરેક પ્રતના માપના લાકડાના દાબડા તૈયાર કરી આપવા અનેક નરનારીઓ ઉત્સુક બન્યાં. આ રીતે આચાર્યશ્રીએ જૈનસમાજમાં એક નવીન જાગૃતિ આણી, નૂતન જ્યોતિનો આવિર્ભાવ કર્યો, અને પુરાણા જ્ઞાનકોશના ઉદ્ધારનાં મંગલાચરણ કર્યાં.

પૂરતા પૈસા વગેરે મળતાં વહીવટકર્તાઓમાં જોર આવ્યું અને તેમણે વધારે ઉત્સાહથી કાર્ય પાર પાડવા તૈયારી કરી. સૌથી પ્રથમ ખંડેર મકાનને નવું સ્વરૂપ મળ્યું. ત્યારપછી લાકડાના દાબડાઓમાં દરેક પ્રતને સુરક્ષિત રીતે ગોઠવવામાં આવી અને આમ સર્વના સહકારથી કાર્ય પાર પડયું.

જૈનો તેમ જ જૈનેતરો, પૂર્વાચાર્યોનો આવો પ્રાચીન વારસો નજરે જોઈ શકે એ દૃષ્ટિએ, જ્ઞાનપંચમીના પર્વદિને ત્યાં પૂજા ભણાવવાની સૂરિજીએ શરૂઆત કરાવી. એ સમયે તાડપત્રોની પ્રતો દર્શનાર્થે બહાર મુકાવી. આ પ્રથા આજે પણ ચાલુ છે અને તેથી અનેક જણને પૂજનનો તેમ જ દર્શનનો લાભ મળે છે. મંદિરનો અને પ્રાચીન સાહિત્યનો આ રીતે આચાર્યશ્રીના હાથે ઉદ્ધાર થયો. તેમનું આ પગલું ખંભાતના ઇતિહાસમાં ચિરસ્મરણીય બની રહેશે.

ચોમાસું પૂરું થયું. આચાર્યશ્રીએ અન્ય સ્થળે વિહાર કરવાની તૈયારી કરી. તે સમયે મળવા આવેલા સમિતિના સભ્યોને તેમણે સંદેશ પાઠવ્યો: “ મહાનુભાવો ! પ્રતો સુરક્ષિત સ્થાને મુકાઈ ગઈ એટલે તમારું કાર્ય પૂર્ણ થયું એમ ન માનતા. એ સર્વનું વ્યવસ્થિત સૂચિપત્ર તૈયાર કરાવવું જોઈએ.

એમાં જે અપ્રકાશિત હોય તે વહેલી તકે પ્રગટ કરાવવા યત્ન કરવો જોઈએ. એ માટે આજના સાધનોનો ઉપયોગ ધ્યાનમાં રાખવો ઘટે. યાદ રાખજો કે તીર્થંકર પ્રભુની વાણી કે જેનો સંગ્રહ આપણા પૂર્વાચાર્યોએ આ રીતે તૈયાર કર્યો છે, એ કેવળ તાળાચાવીમાં પૂરી રાખવા માટે નહીં, પણ દેશકાળનાં એંધાણ પારખી એનો પ્રચાર વિશ્વભરમાં કરવા સારુ છે. એ અમૃતવાણીનાં વહેણ જે જે દિશામાં વહેશે તે તે પ્રદેશમાં એ અજવાળાં પાથરશે, સાચી શાંતિના સર્જક નીવડશે. વીતરાગની ઉપદેશધારા જેટલા વિશાળ સમૂહને સ્પર્શશે તેટલાનું એકંદરે કલ્યાણ કરનાર જ બનશે. આ કાર્ય અભ્યાસી મુનિવરોની સહાયથી કરાવજો. અવકાશ મેળવી એ માટે મુનિશ્રી પુણ્યવિજયજીની સલાહ લેશો. આજની પદ્ધતિએ સૂચિપત્ર તૈયાર કરવાના કાર્યમાં એ નિષ્ણાત છે. તાડપત્ર પર લખાયેલ ભાષા વાંચવામાં અને એ ઉપરથી એની સાલવારી નક્કી કરવામાં એ દક્ષ છે. જ્ઞાનપંચમીની પૂજા ચાલુ જ રાખજો."

સૂરિજીએ જે સંદેશ આપ્યો એનો સમિતિએ સારી રીતે અમલ કર્યો, અને એ રીતે આ પ્રાચીન જ્ઞાનભંડારમાં રહેલ અણમોલ ખજાના સંબંધી જે માહિતી બહાર આવી તે આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજીના શબ્દોમાં જ રજૂ કરું એ વધારે ઉચિત લેખાશે. પૂર્વે જણાવ્યું તેમ જે પાનાં અસ્તવ્યસ્ત હતાં અને જે ડબ્બાઓમાં કેટલીક ત્રુટક પ્રતો હતી એ સર્વને મહારાજશ્રી પાસે પાટણ મોકલવામાં આવી. એમાંથી તેમણે જે શોધ કરી તે આ પ્રમાણે છે :

"પ્રસ્તુત જ્ઞાનભંડારના વિવેકી કાર્યવાહકોએ મારા ઉપર વિશ્વાસ રાખી તેમને ત્યાં પડેલા અસ્તવ્યસ્ત ગ્રંથો અને વેરવિખેર થઈ ગયેલાં તાડપત્રીય પાનાંઓનો સંગ્રહ મારી પાસે મોકલાવ્યો. આ સંગ્રહમાંથી કેટલાયે ગ્રંથો એવા મળી આવ્યા છે જેની બીજી નકલો ક્યાંય જોવામાં નથી આવતી. દા૦ ત૦ (૧) વિક્રમ સંવત ૧૨૩૨માં આચાર્ય જિનભદ્રરચિત 'ઉપદેશમાલાકથા' સંક્ષેપ (૨) કમલપ્રભાચાર્યકૃત 'ષડાવશ્યકસૂત્રવૃત્તિ' (૩) 'અષ્ટપ્રકારીપૂજાકથા' (રત્નચૂડનૃપકથા તથા વિજયચંદ્રકેવલીચરિત્રથી ભિન્ન) (૪) 'ધમ્મિલ્લચરિત્ર' (ધમ્મિલ્લ હિંડી આધારે રચેલું) (૫) 'દાનપ્રકાશ' આદિ, આ રીતે અલભ્ય-દુર્લભ્ય ગ્રંથો મળી આવ્યા છે. આમાંના કેટલાક અપૂર્ણ હોવા છતાં અપૂર્વતાની દૃષ્ટિએ અતિ મહત્ત્વના હોઈ જાળવી રાખવા જ જોઈએ.

"આ જ્ઞાનભંડારમાં આચાર્ય ઉદયપ્રભસૂરિકૃત ધર્માભ્યુદય મહાકાવ્ય, અપરનામ સંઘપતિ વસ્તુપાલચરિત્ર, આચાર્ય દેવભદ્રકૃત કથારત્નકોશ, રામદેવકૃત પંચસંગ્રહદીપક, આચાર્ય જિનભદ્રકૃત ઉપદેશમાલાકથા, અમમસ્વામી ચરિત્ર (બે ભાગમાં હાલ પ્રગટ થયેલ છે), સુદંસણા ચરિત્ર (મુદ્રિતથી ભિન્ન), શૈવમુનિકૃત સુભાષિતરત્નકોશ, જયમંગલાચાર્યકૃત કવિશિક્ષા, રવિગુપ્તકૃત લોકસંવ્યવહાર નામક અંક આદિ ગ્રંથો ઘણા જ મહત્ત્વના છે જેની બીજી નકલો આ જ્ઞાનભંડાર સિવાય બીજે કયાંય જોવામાં નથી આવી.

"આ ઉપરાંત વસુદેવહિંડીના ખંડો, ભુવનસુંદરી કથા, દામોદરકૃત શુંભલીમતશાસ્ત્ર, જ્ઞાતાધર્મ-કથાંગ આદિ અંગ ચતુષ્ક સટીક (સં૦ ૧૧૮૪માં લખાયેલ) વઈરસામિ ચરિઉ (અપભ્રંશ), શાન્તિનાથ ચરિત્ર, નિશિથ કલ્પ-વ્યવહાર આદિ છેદ આગમો અને એની ભાષ્યચૂર્ણિ ટીકા આદિ છે.

"શતક કર્મગ્રંથની ચૂર્ણિ કે જેની નકલો બીજે મળે છે અને જે છપાઈ પણ ચૂકયો છે તે છતાં આ જ્ઞાનભંડારમાંની એની પ્રતિની વિશેષતા એ છે કે એના અંતમાં 'कृतिराचार्य श्री चन्द्रमहत्तरासिताम्बरस्य शतकस्य ग्रन्थस्य चू ......' આ ઉલ્લેખવાળો પાનાનો ટુકડો છે. આ ટુકડો અસ્તવ્યસ્ત પાનાંના ઢગલામાંથી શોધી મૂળ પ્રત સાથે જોડી દીધો છે.

" આ સિવાય સંઘાચાર ભાષ્યવૃત્તિની પ્રતિ જે ભંડારમાં છે તેમાં ગ્રંથકારની પ્રશસ્તિ છે જે બીજી પ્રતોમાં મળતી નથી, આ પ્રમાણે સાહિત્યની દૃષ્ટિએ આ ગ્રંથનું ખૂબ જ મહત્ત્વ છે. પ્રાચીન ચિત્રકળાની દૃષ્ટિએ પણ તેનું ઘણું મહત્ત્વ છે. એકંદરે આ જ્ઞાનભંડાર દરેક રીતે મહત્તાથી ભરપૂર છે. છેવટે આ જ્ઞાનભંડારમાં એક અતિ મહત્ત્વની વસ્તુ છે તે તરફ સૌનું ધ્યાન દોરું છું. આ જ્ઞાનભંડારમાં ગુર્જરેશ્વર મહામાત્ય શ્રી વસ્તુપાલે પોતે સ્વહસ્તે લખેલી ધર્માભ્યુદય કાવ્યની એક પ્રતિ છે. મહામાત્ય વસ્તુપાલ જેવી સર્વમાન્ય ઐતિહાસિક વ્યક્તિના હસ્તાક્ષરોનું દર્શન આજપર્યન્ત બીજે ક્યાંય થયું નથી, પરંતુ ખંભાતના જ્ઞાનભંડારે આપણને એ મહત્ત્વની અને અપૂર્વ વસ્તુ પૂરી પાડી છે. "

ઉપર જોયું તેમ આ પ્રાચીન જ્ઞાનભંડારને લગતું મહત્ત્વનું કાર્ય પૂજ્યપાદ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ વિજયાનંદસૂરિના પટ્ટધર આચાર્ય મહારાજ સ્વર્ગસ્થ શ્રી ૧૦૦૮ વિજયવલ્લભસૂરિએ કર્યું છે. આ જ્ઞાનભંડારને ચિરાયુષ્ય બનાવવા માટે નવેસરથી ડબ્બાઓ, કબાટો વગેરે દરેક વસ્તુઓ તૈયાર કરાવી એને પુનર્જીવન અર્પણ કર્યું છે, એટલું જ નહિ પણ જ્ઞાનભંડારનાં પુસ્તકોનો સદુપયોગ થાય અને વિદ્વાન સંશોધકોને જ્ઞાનભંડારની પ્રતો મળી શકે તેવી સુવ્યવસ્થા કરવા માટેનો અતિ આદરપાત્ર સુંદર પ્રબંધ કરવાનું યશઃપ્રદ કાર્ય કર્યું છે. આવા શાસન પ્રભાવક સૂરિપુંગવને ભૂરિભૂરિ વંદન હો.

ભંડારનું પ્રથમ સૂચિપત્ર ઉ. ક્ષમાવિજયજી મહારાજે તૈયાર કરી આપેલ જે સં૦ ૧૯૯૫માં પ્રગટ થયેલ. એ ઘણું સંક્ષિપ્ત હતું. ત્યારપછી કાંઈક વિશદ સ્વરૂપમાં આચાર્ય મહારાજ શ્રી ૧૦૦૮ વિજય-કુમુદસૂરિએ તૈયાર કરી આપેલ જે આજે વપરાશમાં લેવાય છે. સ્વર્ગસ્થ આચાર્યશ્રીની સૂચના મુજબ આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજીને વિનંતી કરી સં૦ ૨૦૦૯માં ખંભાત બોલાવવામાં આવેલ. તેઓશ્રીએ ભંડારની સર્વ પ્રતોને આદિથી અંત સુધી જોઈ વિસ્તૃત સૂચિપત્ર તૈયાર કરેલ છે જે થોડા સમયમાં પ્રગટ થનાર છે. આ ભંડાર માટે સ્વર્ગસ્થ આચાર્યશ્રીએ સમિતિ નીમી કાર્ય શરૂ કરાવ્યું. ત્યારપછી સંખ્યાબંધ પ્રતો જુદાજુદા મુનિ મહારાજોને આપવાનો પ્રબંધ થયો. કેટલાકે એ ઉપરથી હસ્તલિખિત પ્રતો તૈયાર કરાવી, જ્યારે કેટલાકે છપાવી. આ સર્વના મૂળમાં સદ્‌ગત સૂરિજીની દીર્ઘદૃષ્ટિ અને શાસન-પ્રભાવનાની ઊંડી ધગશ ઝળહળી રહેલી દૃષ્ટિગોચર થાય છે.

યુગદૃષ્ટા આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરીશ્વરજી

શ્રી પી. કે. શાહ, એમ. એ.

શ્રમણ ભગવાન શ્રી મહાવીરના શાસનમાં સર્વ જીવોને માટે સદાયે માંગલ્યની વાંછના થઈ છે. તેમણે પ્રરૂપેલા ધર્મ-સિદ્ધાંતો જૈન શ્રમણો જનતા સમક્ષ યુગોથી રજૂ કરતા આવ્યા છે. તે દ્વારા જનતાને સદ્ધર્મની પ્રેરણા તેઓ આપતા રહ્યા છે. કર્મ અને સ્યાદ્વાદનો સિદ્ધાંત પ્રરૂપનાર જૈનધર્મ અનેકાંતવાદી છે. અનેકાંત માત્ર તાત્ત્વિક જ નહિ, વ્યાવહારિક શુદ્ધિ માટે પણ છે. જો તે આપણાં જીવનદર્શન અને દૃષ્ટિ ન વિકસાવે તો માનવું રહ્યું કે અનેકાંતને આપણે અપૂર્ણ રીતે સમજ્યા છીએ. અનેકાંત જીવનને ઉદાર દૃષ્ટિ આપે છે અને જૈન સ્થવિરોના ઇતિહાસમાં યુગપ્રવર્તકોએ સમાજની આવતી કાલનો ખ્યાલ રાખીને સમાજને સદા યોગ્ય માર્ગદર્શન આપ્યું છે. પૂ૦ ભદ્રબાહુસ્વામીથી માંડી પૂ૦ આત્મારામજી મહારાજ સુધી જૈનદર્શનની વિશિષ્ટ પરંપરા રહી છે. એમના અભિનવ માર્ગદર્શનને કારણે જૈનસાહિત્ય, સંસ્કાર અને ધાર્મિક જીવન ખૂબ સમૃદ્ધ બન્યાં છે. પ્રભાવક સ્થવિરોએ જીવનની મંગલ વાંછના કરી છે અને સાથોસાથ સમાજના દૃઢ વ્યવહારને નવવારિથી સિંચી જીવંત બનાવ્યો છે.

જૈન સંસ્કૃતિની દૃષ્ટિએ અનંતકાળ અનંત જીવો ચારાશી લાખ યોનિમાં ભમતા આવે છે, ભમે છે અને ભમશે. કાળ નિરવધિ હોવા છતાં માનવ પોતાના જીવનની અવધ કાળના ગજથી માપે છે. તે જન્મે છે, જીવે છે, કર્મો કરે છે, આરાધે છે, વિરાધે છે અને અંતે પોતે વિસર્જન પણ પામે છે. દુન્યવી ક્ષુલ્લક સ્વાર્થો, અહંતા, અને અયોગ્ય જિજીવિષા જેવા ભાવો માનવીને માનવ તરીકે પણ જીવવા ન દેતાં, તેને અતિ સામાન્ય, વામણો બનાવી દે છે.

ઘણા માનવીઓના જીવનમાં આમ બને છે, છતાં કેટલાક પુણ્યશાળીઓ એવા હોય છે કે જે માનવી તરીકે જીવી જાય છે અને બીજા અનેક માનવોને તેવી રીતે જીવવા પ્રેરણા આપે છે. આવા માનવીઓ સંસ્કૃતિ અને ધર્મની વિસ્તૃતિના નિમિત્ત બને છે. જૈન ધર્મ અને સંસ્કૃતિની આપણી પરંપરામાં અનેક માનવીઓ આવી ગયા. તેમણે સમાજને નવી દિશા બતાવી. શ્રમણ ભગવાન મહાવીરની સતત પરંપરામાં શ્રી સુધર્માસ્વામી આઠ વર્ષનો કેવળજ્ઞાનનો પર્યાય પામી મહાવીરસ્વામીના નિર્વાણના વીસ વર્ષે કાળધર્મ પામ્યા. તેમની પાટે શ્રી જંબુસ્વામી આવ્યા અને વીર સંવત ૬૪માં તેઓ નિર્વાણ પામ્યા. એમની પછી શ્રી પ્રભવસ્વામી આવ્યા. ત્યાર બાદ શ્રી શયંભવસૂરિ આવ્યા અને તેમણે દશ-વૈકાલિક સૂત્રની રચના કરી. તેમના પટ્ટધર શ્રી યશોભદ્ર અને તેમના બે શિષ્યો શ્રી ભદ્રબાહુ અને શ્રી સંભૂતિવિજય થયા. શ્રી ભદ્રબાહુના કાળધર્મ પછી તેમની પાટે આવ્યા શ્રી સ્થૂલીભદ્ર અને તેમના બે શિષ્યો શ્રી આર્યમહાગિરિ અને શ્રી આર્યસુહસ્તિ. શ્રી આર્યસુહસ્તિ અને શ્રી સંપતિનો સમાગમ એ જૈન ઇતિહાસની જ્વલંત કથા છે. સ્થવિરોમાં શ્રી આર્યવજ્રસ્વામી છેલ્લા પૂર્વધર થયા. છેલ્લે શ્રી આર્યવજ્રસેન પટ્ટધર થયા. અને એ રીતે શ્રમણોની પરંપરા ચાલુ રહી.

શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના પ્રમુખપદે વિ૦ સં૦ ૫૧૦માં વલ્લભીપુરમાં જૈન સિદ્ધાંત ગ્રંથોના ઉદ્ધાર માટે સ્થવિરોની એક પરિષદ ભરાઈ. એ પહેલાંનાં સો વર્ષે દાર્શનિક ક્ષેત્રમાં શ્રી મલ્લવાદીએ જૈન

ધર્મનો પ્રચાર કરેલ. બાર વર્ષના દુકાળોને કારણે ઉત્તરનો જૈન ધર્મ પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં વિસ્તરતો હતો એ ઇતિહાસસિદ્ધ હકીકત છે.

ગૂર્જર ભૂમિમાં જૈન સંસ્કૃતિનો વિકાસ

આજે આપણે જેને ગુજરાતની સંસ્કૃતિ તરીકે ઓળખીએ છીએ તેના મૂળ પોષક બે શહેરો : વલ્લભી અને ભિન્નમાલ. ભિન્નમાલની સંસ્કૃતિ વિશાળ અને વિસ્તૃત હતી. ઇતિહાસકાર કનીંગહામના મતે ભિન્નમાલ વલ્લભીથી ત્રણસો માઇલના અંતરે હતું. ભિન્નમાલનું વર્ણન પ્રભાવકચરિત્રમાં છે. આપણાં શ્રીમાળી, પોરવાડ વગેરે કુળોનું વર્ણન તેમાં છે, અને તેમનું નિવાસસ્થાન તે આ નગર. સંસ્કૃતનો મહાકવિ માઘ આ નગરમાં થઈ ગયો. વિ૦ સં૦ ૯૬૨માં શ્રી સિદ્ધર્ષિ મુનિએ 'ઉપમિતિભવપ્રપંચકથા' અહીં જ લખી હતી. શ્રી ઉદ્યોતનસૂરિનું 'કુવલયમાળા' અહીં જ લખાયું. ભિન્નમાલની જ્વલંત પ્રતિભા વિ૦ સં૦ ૧૨૦૦ સુધી રહી. વલ્લભીપુરની ઐતિહાસિક હકીકતો સં૦ ૭૬૬ સુધીની મળે છે. વલ્લભીપુરના વિનાશકાળે વનરાજ ચાવડાના શાસનની સ્થાપના થઈ ચૂકી હતી. ચાવડાની રાજધાની પંચાસર. પંચાસરના જયશિખરી પર ભુવડનું આક્રમણ, રૂપસુંદરીનુ વનગમન, શ્રી શીલગુણસૂરિએ આપેલ આશ્રય. આ ઈ૦ સ૦ ૭૨૬ એટલે કે વિ૦ સં૦ ૮૦૨માં અણહિલવાડની વનરાજે સ્થાપના કરી. પંચાસરમાં પાર્શ્વનાથનું ચૈત્ય તૈયાર કરાવ્યું. ભિન્નમાળનું પતન અને પાટણનો ઉદય—આ ઇતિહાસની હકીકતો છે. વનરાજનો મંત્રી જામ અને જૈન મંત્રી વસ્તુપાલ. આ બધી જૈન મંત્રીઓની પરંપરા છે. ચાવડા વંશ ઈ૦ સ૦ ૬૯૬થી ઈ૦ સ૦ ૯૫૨. સોલંકીઓનો વંશ ઈ૦ સ૦ ૯૪૨થી ઈ૦ સ૦ ૧૨૪૨. સોલંકી રાજા મૂળરાજનું શાસન વિ૦ સં૦ ૯૯૮થી ૧૦૫૩ સુધી. મૂળરાજના આ શાસન સમયમાં દક્ષિણમાં ચાલુક્ય રાજા તૈલપ હતો અને માળવામાં મુંજ હતો. મૂળરાજની ગાદીએ ચામુંડ આવ્યો. એના પર આચાર્ય શ્રી વીરસૂરજીની ઘણી અસર હતી. ચામુંડનો પુત્ર વલ્લભરાજ યુવાન વયે પંચત્વ પામ્યો અને દુર્લભરાજ ગાદી ઉપર આવ્યો. આ સમય શ્રી જિનેશ્વરસૂરિજી જેવા ધુરંધર વિદ્વાનોનો હતો. આ પછી આવ્યો ભીમદેવ પહેલાનો સમય. કવીન્દ્ર અને વાદિચક્રી તરીકે શ્રી શાંતિસૂરિ આ સમયે પ્રસિદ્ધ થયા. આ સમય માલવ કવિ ધનપાલનો. શ્રી ધનપાલની 'તિલકમંજરી' કથાસાહિત્યમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ભીમદેવના મામા દ્રોણાચાર્ય હતા. દ્રોણાચાર્યના ભાઈ સંગ્રામસિંહના પુત્ર શ્રી સૂરાચાર્ય. આ જ એ શ્રી સૂરાચાર્ય જેમણે માલવાના ભોજને પોતાની વિદ્વત્તાનો પરિચય કરાવ્યો હતો.

ભીમદેવના સમયમાં ગુજરાતની સંસ્કારસી . વિસ્તરી. વિમલવસહિકોની આબુ પર્વત પરની રચના વિ૦ સં૦ ૧૦૮૮માં થઈ. ભીમદેવ પછી રાજા કર્ણદેવ ગાદી ઉપર આવ્યા. કર્ણે આશાવલ્લી 'અશાવલ' જીતી લીધું અને કર્ણાવતી નામનું નગર વસાવ્યું. કર્ણદેવના રાજ્યમાં શ્રી વાદિદેવસૂરિ અને નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિ જીવંત હતા. સંવત ૧૧૫૦માં કર્ણદેવ મૃત્યુ પામ્યા અને જૈન ઇતિહાસના નભમંડળમાં એક મહાન તારો ઉદય પામ્યો જેણે સમગ્ર જૈન ઇતિહાસમાં પ્રકાશની ઊજળી દૂધમલ કૌમુદીધારાની રસલહાણ વહેતી મૂકી. અને એ તારો તે વિ૦ સં૦ ૧૧૪૦ના કાર્તિક શુદિ પૂનમે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચદ્રાચાર્યનો જન્મ.

પૂ૦ આચાર્યશ્રી હેમચંદ્રનો સમય વિ૦ સં૦ ૧૧૫૦થી વિ૦ સં૦ ૧૨૨૯. શાસનની દૃષ્ટિએ સિદ્ધરાજ જયસિંહ અને પરમાર્હત્ કુમારપાળનો આ સમય. ઈ૦ સ૦ ૧૨૪૪માં સોલંકી યુગનો સૂર્ય અસ્ત પામ્યો. વાઘેલાઓનો સમય ઈ૦ સ૦ ૧૨૪૨થી ઈ૦ સ૦ ૧૩૦૪. વીરધવળે સંવત ૧૨૭૬માં વસ્તુપાલ–તેજપાલને

મંત્રીઓ બનાવ્યા. સંવત ૧૨૭૭માં બંનેએ તીર્થયાત્રા કરી. બંનેએ પાટણ, ખંભાત, ધોલા, શત્રુંજય, ગિરનાર, ભરૂચ, ડભોઈ વગેરે સ્થળોએ મંદિરો બંધાવ્યાં. શ્રી રાજશેખરસૂરિ, શ્રી જિનહર્ષ અને શ્રી જૈન પ્રભાચાર્ય આનો સુંદર પરિચય આપી જાય છે. સંવત ૧૨૮૭માં લૂણ વસહિકા નામનું ભવ્ય મંદિર કરાવ્યું. દેલવાડાના આ દહેરાસરો સમગ્ર જગતમાં કલાની દૃષ્ટિએ વિખ્યાત છે. ઈ૦ સ૦ ૧૨૯૬માં વસ્તુપાલનું અવસાન થયું.

વસ્તુપાલના સમયના વિદ્વાનો ગુજરાતની તવારિખમાં અતિ જાણીતા છે. 'કવિ કલ્પલતા'ના બનાવનાર શ્રી અમરચંદ્રસૂરિ, 'વસંત-વિલાસ' કાવ્ય તથા 'કરુણાવજ્ર યુદ્ધ' નામક નાટક લખનાર શ્રી બાલચંદ્રસૂરિ, 'હમ્મીરમદમર્દન' નાટક લખનાર શ્રી જયસિંહસૂરિ, 'ધર્માભ્યુદય' તથા 'સુકૃતકીર્તિ-કલ્લોલિની'ના કર્તા શ્રી ઉદયપ્રભ, 'કાવ્ય-પ્રકાશ'ના ટીકાકાર શ્રી માણિક્યસૂરિ, 'અનર્ઘ-રાઘવ'ના ટીકાકાર શ્રી નરચંદ્રસૂરિ, કવિ સુભટ, 'ઉલ્લાસ-રાઘવ'ના રચયિતા નાગર કવિ શ્રી સોમેશ્વર—આ બધાઓએ એ સમયના ગુજરાત પર પ્રકાશ નાખ્યો છે. સંવત ૧૩૦૨માં વિશલદેવ પાટણની ગાદી પર બેઠા. એમના સમયમાં ઘણાં યુદ્ધો થયાં. વિશળદેવના સમયમાં સંવત ૧૩૧૫થી ૧૩૧૮ સુધીનો ત્રણ વર્ષનો દુષ્કાળ પડ્યો. આ કાળે ભદ્રેશ્વરના જગડુશાહે લોકોને મદદ કરી. આ જગડુશાહનું ચરિત્ર ધનપ્રભસૂરિના શિષ્ય શ્રી સર્વાનંદસૂરિએ લખ્યું છે.

ગુજરાતી સાહિત્યનું પ્રથમ ગણાતું કાવ્ય કાન્હડદે પ્રબંધ ૧૫૧૨માં રચાયું. પણ એ પહેલાં શ્રી જિનપ્રભસૂરિએ તીર્થકલ્પ લખ્યું. હિજરી સં૦ ૬૯૮ (ઈ૦ સ૦ ૧૨૯૮) અને વિ૦ સં૦ ૧૩૫૬માં પાટણનું પતન થયું. ઈ૦ સ૦ ૧૨૯૭થી ૧૩૧૬ એ મલેકસંજરનો સમય. ત્યાર પછી ઈ૦ સ૦ ૧૪૧૨ સુધી ગુજરાતના મુસ્લિમ ગવર્નરોનો સમય. હિજરી સં૦ ૮૧૫ એટલે ઈ૦ સ૦ ૧૪૧૨માં મહમદ તઘલખનું મરણ અને ગૂજરાત સ્વતંત્ર થયું.

મિરાતે સિકંદરી તેમ જ મિરાતે અહમદી પ્રમાણે અમદાવાદ ૧૪૧૧ની સાલમાં વસ્યું, અને શક ૧૩૧૪. હિજરી સં૦ ૮૧૩ની અંતમાં અમદાવાદ વસ્યું હોવાની માન્યતા છે. સં૦ ૧૪૯૬માં અમદાવાદનો કોટ બંધાયો. હિજરી સં૦ ૯૧૦માં અકબર બાદશાહે અમદાવાદમાં પ્રવેશ કર્યો. અકબરનો સમય એટલે હીરસૂરીશ્વરજી મહારાજનો સમય. એ પછી ઈ૦ સ૦ ૧૬૧૮માં જહાંગીરે શાહજહાનને સૂબો નીમ્યો. સં૦ ૧૩૩૮માં ઝવેરી શાંતિદાસે સરસપુરમાં મોટું ચિંતામણિ પાર્શ્વનાથનું જિનપ્રાસાદ બંધાવ્યું હતું. ૧૭૦૭માં ઔરંગઝેબનું મરણ થયું. ઈ૦ સ૦ ૧૮૪૬માં હઠીસિંગનું મંદિર બંધાવવાની શરૂઆત થઈ.

સમ્રાટ અકબરને પ્રબોધનાર જગદ્ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી મહારાજની અસર ગૂજરાતમાં ઘણી પડી છે. શ્રી હીરસૂરીશ્વરજીના શિષ્ય મહોપાધ્યાય શ્રી કલ્યાણવિજય ગણિના શિષ્ય, પં૦ શ્રી લાભ-વિજયગણિના શિષ્ય, પંડિત જીતવિજયના ભ્રાતા પં૦ શ્રી નયવિજયના શિષ્ય શ્રી યશોવિજયજી મહારાજ. સુજસવેલીભાસમાં જણાવ્યા પ્રમાણે વિ૦ સં૦ ૧૬૮૮માં બાળ વયે એમની દીક્ષા. વિ૦ સં૦ ૧૭૪૩માં કાળધર્મ. જૈન-દર્શનમાં ન્યાયની શૈલીથી ગ્રંથોનું નિર્માણ કરનાર અને દાર્શનિક રીતે રજૂ કરનાર શ્રી સિદ્ધસેન દિવાકર, શ્રી હરિભદ્રસૂરિ, શ્રી યશોવિજયજી મહારાજ—એ આપણા સાધુઓની પરંપરા.

આ પરંપરાને જૈન કવિઓએ જાળવી રાખી. કવિ ઉત્તમવિજયજી મહારાજનો જન્મ શામળાની પોળમાં સં૦ ૧૭૬૦, સં૦ ૧૭૯૬માં દીક્ષા અને સં૦ ૧૮૨૭માં અમદાવાદના પરા હરિપુરામાં કાળધર્મ. એમની અનેક કૃતિઓ : 'સંયમશ્રેણી ગર્ભિત', 'મહાવીર સ્તવન', 'અષ્ટપ્રકારી પૂજા', 'જિનવિજય-નિર્વાણ રાસ.'

બીજા કવિ શ્રી પદ્મવિજયજી મહારાજ. સં૦ ૧૭૯૨માં શામળાની પોળમાં જન્મ અને ૧૮૬૨માં કાળધર્મ. અષ્ટપ્રકારી પૂજામાં આપેલ સ્થવિરાવલિ પ્રમાણે પોતે પં૦ ઉત્તમવિજયજીના શિષ્ય થાય.

ગુજરાતી સાહિત્યને સમર્થ કરનાર શ્રી વીરવિજયજી મહારાજનો જન્મ શાંતિનાથના પાડામાં થયો. ૧૮૪૮માં એમણે દીક્ષાધર્મ લીધો. એમના હાથે પાલિતાણામાં મોતીશાની ટૂંક બંધાઈ અને પાંચ હજાર પ્રતિમાઓની એમણે સ્થાપના કરી. વિ૦ સં૦ ૧૯૦૩માં હઠીભાઈના દહેરાની પ્રતિષ્ઠા અને ૧૯૦૮માં તેમનો સ્વર્ગવાસ થયો.

આ તવારિખ ઉપરથી સ્પષ્ટ ખ્યાલ આવે છે કે જૈન મુનિ વિદ્વાનોએ સંસ્કૃતિ અને સાહિત્યની પ્રણાલિકા ચાલુ રાખી છે અને ભાષાસાહિત્યના વિકાસમાં જીવનનો મોટામાં મોટો ફાળો આપ્યો છે. પ્રાચીન અને અર્વાચીન સમાજના ઘડતરમાં જૈન શ્રમણોનો ફાળો નાનોસૂનો નથી; સંસારથી વિરક્ત છતાંયે આ મુનિઓએ સમાજને સાચો માર્ગ ચીંધ્યો છે અને સમાજના આંતર-જીવનમાં કોઈ નૂતન જીવનરસનું સિંચન કર્યું છે.

કપરા સમયમાં જૈન શ્રમણોએ સંસ્કૃતિ અને સાહિત્ય જાળવવામાં મદદ કરી છે. રાસાઓ અને કથાઓ દ્વારા જૈન સાધુઓ અને કવિઓએ સાહિત્યનો વિકાસ કર્યો છે અને મધ્યયુગમાં સાધુઓએ જ સાહિત્યનો પ્રવાહ વહેતો રાખ્યો હતો.

આ તવારિખો બતાવે છે કે જૈનોએ આ સમગ્ર પરંપરા વહેતી રાખી છે અને એની સાથે એમણે વિશિષ્ટ જૈન-દર્શનનો જગતને પરિચય કરાવ્યો છે. જૈન દર્શન અનેકાંતિક છે. વસ્તુને વસ્તુની રીતે જોવાનો તેનો આગ્રહ છે. આપણું દર્શન કેવળ પર્યાયોમાં પૂર્ણ થતું નથી, પણ વસ્તુને વ્યાપક રીતે જુએ છે. અંગ્રેજીમાં જેને Dynamic Realism કહે છે તેનું આપણે પ્રતિપાદન કરીએ છીએ. જર્મન ફિલસૂફ હેગલ બીજી રીતે આપણા દર્શનની છેક નજીક આવી જાય છે. જ્ઞાનથી અજ્ઞાનનું નિવર્તન થાય છે અને એથી જ જ્ઞાન પર આપણે ભાર મૂકીએ છીએ.

આપણો મુખ્ય સિદ્ધાંત સ્યાદ્વાદ. વસ્તુને જુદા જુદા દૃષ્ટિબિંદુથી અવલોકવી યા કહેવી એ સ્યાદ્વાદનો સીધો અર્થ. આપણે એક જ વસ્તુમાં નિત્ય ભાવનું અને સાથે સાથે અનિત્ય ભાવનું દર્શન કરીએ છીએ. જૈન દર્શન માને છે કે કોઈ મૂળ વસ્તુ નવી ઉત્પન્ન થતી નથી અને કોઈ મૂળ વસ્તુનો સર્વથા નાશ થતો નથી. મૂળ તત્ત્વો એના એ હોય છે. એમાં અનેક પરિવર્તન થાય છે. એટલે કે એક પરિણામનો નાશ અને બીજા પરિણામનો પ્રાદુર્ભાવ થાય છે. આમ બધા પદાર્થોનો સ્વભાવ ઉત્પાદ, વિનાશ અને સ્થિતિનો છે. આપણે આ વસ્તુને પર્યાયના નામે ઓળખીએ છીએ, અને મૂળ વસ્તુ છે દ્રવ્ય. દ્રવ્યથી દરેક પદાર્થ નિત્ય અને પર્યાયથી દરેક પદાર્થ અનિત્ય. આથી પ્રત્યેક વસ્તુને માત્ર નિત્ય નહિ, માત્ર અનિત્ય નહિ, પણ નિત્ય અને અનિત્ય સ્વરૂપે અવલોકવી એ સ્યાદ્વાદ. દરેક પદાર્થને દ્રવ્ય, ક્ષેત્ર,

કાળ અને ભાવથી અવલોકવાના હોય છે. દરેક પદાર્થ આ રીતે જ સત્ હોય છે. સ્યાદ્વાદ એક જ વસ્તુને જુદી જુદી અપેક્ષાએ અનેક રીતે અવલોકવાનું કહે છે, Truth in its manifold and seemingly contradictory aspects.

પૂ૦ આત્મારામજી મહારાજ

આજના યુગના અનેક પ્રશ્નોને યથાર્થ સ્વરૂપે સમજનાર પૂજ્યપાદ શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજનો જન્મ સં૦ ૧૮૯૨માં થયો હતો. તે સમયના સામાજિક પરિબળોએ સમાજમાં અનેક જાતની અશાંતતા સર્જી હતી. આત્મારામજી મહારાજે સં૦ ૧૯૩૨માં સંવેગી દીક્ષા ગ્રહણ કરી અને સં૦ ૧૯૪૨માં પાલીતાણા તીર્થમાં પાંત્રીસ હજાર માણસોની હાજરીમાં એમને આચાર્યની પદવી અર્પણ થઈ. તેઓશ્રી સમાજના પરિબળો જોઈ શક્યા. શ્રી બુદ્ધિચંદ્રજી મહારાજ, શ્રી મણિવિજયજી મહારાજ અને શ્રી આત્મારામજી મહારાજના આજના જૈનસમાજ પર અનેક ઉપકારો છે. સં૦ ૧૯૫૨માં શ્રી આત્મારામજી મહારાજનો કાળધર્મ થયો. આ વખતે મુનિશ્રી વલ્લભવિજયની વય પચ્ચીસ વર્ષની હતી.

પૂ૦ આત્મારામજી મહારાજ વિચારક અને સમય-જ્ઞ હતા. જીવનના અનેકવિધ અનુભવોમાં તવાયેલા હોવાથી પૂ૦ આત્મારામજી મહારાજ જૈન સંસ્કૃતિના પ્રવર્તક ખ્યાલોની સાથોસાથ જીવનને અભિનવ દર્શન આપતા અને કાળની ગતિ કઈ તરફ છે તે એ સમજી શકતા. રાજકીય અશાંતિના યુગ પછી ૧૮૫૭ની પ્રથમ સ્વાતંત્ર્યક્રાંતિ પછી ભારતમાં નવો રાજકીય યુગ શરૂ થયો હતો. એક બાજુ આર્ય સમાજના પ્રણેતા દયાનંદ સરસ્વતી નવા ઉત્સાહથી હિંદુ ધર્મના નવાં મૂલ્યાંકનો, વેદની નવી રજૂઆત કરતા અને એ સમયના રૂઢ સંસ્કારોને પડકારતા હતા. બીજી બાજુ કાળના આ પ્રવાહને ઓળખી પૂ૦ આત્મારામજી મહારાજે કાર્ય આરંભ્યું. પશ્ચિમના ચિંતકો જૈન ધર્મને સાહિત્યિક દષ્ટિએ વિચારતા. પૂ૦ આત્મારામજી મહારાજ તેમના પૂરક થયા. જૈન ધર્મનો વિશ્વને ખ્યાલ આવે એ આશાએ પૂ૦ આત્મારામજી મહારાજે સ્વ૦ વીરચંદ રાઘવજી ગાંધીને ચિકાગો સર્વધર્મપરિષદમાં મોકલ્યા. અનેક મુમુક્ષુઓને સંવેગી દીક્ષા આપનાર પૂ૦ આત્મારામજી મહારાજ જૈન સાહિત્યના પ્રખર અભ્યાસી હતા. સાહિત્યની ગવેષણા અને સાહિત્યનો પ્રચાર કરવાની એમની ધગશ અનોખી હતી. પૂ૦ આત્મારામજી મહારાજે જીવનની આજના યુગની વિષમતાનો જનતાને ખ્યાલ આપ્યો અને આજના યુગને તૈયાર કર્યો. અનેક સાથે સંપર્ક સાધી જીવનની નવી દૃષ્ટિ વિકસાવી. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની દૃષ્ટિએ સમાજને તૈયાર કરવામાં પૂ૦ આત્મારામજી મહારાજે મોટો ફાળો નોંધાવ્યો. એમની 'અજ્ઞાનતિમિરભાસ્કર', 'શ્રી જૈન તત્ત્વાદર્શ' તેમ જ અન્ય કૃતિઓ આજે પણ પ્રેરણા આપે એવી છે. સં૦ ૧૯૫૧ના ભાદરવા શુદિ ૧૩ના રોજ પૂ૦ આત્મારામજી મહારાજ તરફથી મુનિ શ્રીવલ્લભવિજયે લખેલ પત્ર આ સાથે રજૂ કરેલ છે. આ પત્ર દ્વારા બન્ને મહાન વિભૂતિના હસ્તાક્ષર અને વિચારોનું દિગ્દર્શન થાય છે. પૂ૦ આત્મારામજી મહારાજ કેટલા વિનમ્ર અને શાસ્ત્ર-જ્ઞ હતા તેનો ખ્યાલ પણ એઓશ્રીના આ પત્રથી આવી જાય છે. આચાર્ય હોવા છતાં યે શ્રી સંઘને તેઓ વિનમ્રતા અને ભક્તિભાવથી વિચાર કરવાનું કહે છે. સાધુ-મહારાજો પ્રત્યે પણ તેમને કેવું આદરમાન છે અને પૂજ્યભાવ છે તે પણ આ પત્રથી પ્રત્યક્ષ થાય છે. આ આખોય પત્ર ઐતિહાસિક મહત્વ ધરાવતો હોવાથી રજૂ કરેલ છે. આ પત્ર આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરિના સંગ્રહમાં છે. પત્રની દરેક પંક્તિમાં સંયમ અને વિચારસ્વાતંત્ર્ય ઝમકે છે.

न्यायांभोनिधि श्रीविजयानन्दसूरीश्वरजी (श्री आत्मारामजी)

શ્રીઃ

શહેર અંબાલા- પૂજ્યપાદ શ્રીશ્રીશ્રી ૧૦૦૮
શ્રીમદ્વિજયાનંદ સૂરીશ્વરજી (આત્મારામજી)
મહારાજજી નાતરફથી ધર્મલાભ વાંચજો—

મુંબાઈ બંદર — શ્રાવક પુણ્યપ્રભાવક દેવગુરુ ભ
ક્તિકારક શેઠ - ફકીરચંદ પ્રેમચંદ રાયચંદજી વિગે
રે સકળ શ્રી સંઘ યોગ્ય - અત્રે શ્રી દેવગુરુના પસાય
થી સુખસાતા છે શ્રી વીરનિર્વાણ સં- ૨૪૨૧
આ વર્ષમાં ભાદરવા સુદિ ૪ શનિવારને રોજ
છમછરી પડિકમણું - શ્રી સંઘ સમક્ષ નિર્વિઘ્ન
પણે કરી સકળ શ્રી સંઘને ખમાવ્યો છે તે ખામ
ણાં તમો શ્રી સંઘ અંગીકાર કરશો- સમયમુજબ
તથા સામગ્રી મુજબ પૂજા પ્રભાવના તપસ્યા ઠીક
થઈ છે- મકસુદાબાદ વાળા રાયબહાદુર ધન
પતિસિંહજી પણ પોતાના પરિવાર સાથે પર્યુષણા
ના દિવસોમાં અત્રે જ હતા તેઓએ પણ પૂજા પ્ર
ભાવના સ્વામીવાત્સલ્ય કરી નગરમાં શ્રી જૈન
શાસનની ઉન્નતિ વધારી છે જૈન શાસન
ચલતું છે એહમાં એહવા એહવા શૂરવીર પુરૂ
ષો છે કે જે કામ તે એ કરી શકે તે અન્ય કોઈ
પણ કરી શકે નહીં પરંતુ ઘણા જ દિલગિરિની
વાત છે કે હજુ સુધી તે નરરત્નો બહાર પ્રસિદ્ધિ
માં આવી પોતાના શાસનની જોઈએ તેવી ઉ
ન્નતિ તથા વૃદ્ધિ નથી કરી શકતા -
પ્રથમ હમોને અમરચંદ પિ. પરમારના કાગળ
થી સમાચાર મળ્યા હતા કે "અત્રે શ્રી સંઘની એક
જૈન કૉલેજ ખોલવાની મરજી થઈ છે અને
તેના ફંડને માટે ગોઠવણ પણ થવા લાગી છે
એવું માલમ પડ્યું છે." આ વાત વાંચી હમારા
દિલમાં એટલો ઉત્સાહ પેદા થયો હતો કે
તે જ્ઞાની મહારાજ જાણે છે - પરંતુ હવે
તે વિચાર પરિપૂર્ણ કરી હમારા ઉત્સાહને
વૃદ્ધિ કરશો તથા જૈન ધર્મનો ઝંડો ફરકાવશો
આપના જેવા નરરત્નો શ્રી સંઘમાં વિદ્યમાન છે
જે ધારે તે કરી શકે તેમ છે માટે આ કામ પુરૂં
કરી જ્ઞાનવૃદ્ધિ કરી જૈન ધર્મના અસલ તત્ત્વો
પ્રકાશ કરશો એજ વારંવાર હમારૂં કહેવું તથા
લખવું છે -

વિશેષ — કાગળ એક શ્રી સંઘના તરફથી
આવ્યો તેનો ઉત્તર નીચે લખ્યો છે—

श्रीपरमात्माजयति

સ્વસ્તિ શ્રી મુંબાઈ બંદરે સકલ શ્રી સંઘ
જયવંત વર્તો — અંબાલાથી લિ૦ —
મુનિ આત્મારામજી કે તર્ફસેં ધર્મલાભ વાંચના
યહાં સુખસાતા હૈ ધર્મધ્યાન કરનેમેં ઉદ્યમ
રખના — આગે શ્રી સકળ સંઘ કે તરફસેં
શ્રાવક પુણ્ય પ્રભાવક દેવગુરુ ભક્તિકારક
શા- મોતીચંદ હર્ષચંદજી તથા- શા- ફકીરચં
દ પ્રેમચંદજી કા લિખા આપત્ર ૧ ભાદરવા સુ
દિ ૧૧ કે રોજ મુજકો મિલા હૈ સો વાંચકર
સમાચાર સર્વ માલુમ કિયા હૈ - શ્રીસંઘ કે
તરફસેં શ્રાવક વીરચંદ રાઘવજી જો અમેરિકા

દેશમેં જૈનધર્મકે ઉપદેશકરને વાસ્તે
ગયાથા સો લગભગ હોવર્ષતક અમે
રિકામેં જૈનધર્મકા ઉપદેશ કરકે સેંકડોં સ્ત્રી
પુરૂષોંકો શ્રી જૈનધર્મકા બોધ કરકે પાછા
હિંદોસ્તાનમેં આયાહૈ તિસવીરચંદ રાઘવ
જીકે તાંઈ પૂર્વોક્ત કામ કરનેસેં ઔર
આગબોટમે બૈઠકે અનાર્ય દેશમેં જાનેસેં
ક્યા પ્રાયશ્ચિત્ત (દંડ) લેનાચાહિયે?
— મૈં બહોત નમ્રતા પૂર્વક શ્રીસંઘકોં લિખ
તાહું કિ શ્રી જૈન મતકે શાસ્ત્રોંમેં જેકોઈ
જ્ઞાન દર્શન ચારિત્રમેં તથા અપને કરેહુએ
વ્રત નિયમોમે દૂષણ લગાવે તો તિસકોં
પ્રાયશ્ચિત્તકરણા લિખાહૈ સો તો મુંબાઈકે
શ્રી સંઘને કિસી ભી દૂષણકા નામ નહી
લિખાહૈ તો મૈં કિસદૂષણકા ઈનકોં પ્રાય
શ્ચિત્ત દેવું?
તથા ઈહાં વીરચંદરાઘવજીકોં હમને પૂછાકિ
તુમને અમેરિકાકી મુસાફરીમેં અપને કિ
સીભી વ્રત નિયમમેં દૂષણ લગાયા હોવે
તો તુમ તિસકી આલોયણા કરકે પ્રાય
શ્ચિત્ત લેલેવો — તબ શ્રીવીરચંદરાઘવજી
ને કહાકિ મૈંને અપને કિસીભી વ્રતનિય
મમેં અમેરિકાકી મુસાફરીમેં દૂષણ નહી
લગાયાહૈ — અબ શ્રી સંઘકોં વિચારના
ચાહિયેકિ મૈં શ્રીસંઘકોં કિસદૂષણકા
પ્રાયશ્ચિત્ત લિખભેજું?
— જેકર શ્રી સંઘકા ઐસા વિચાર હોવે
કિ શ્રીવીરચંદજીને કદાપિ દૂષણ નહી સે
વનકરાહોવેગા તોભી ઈસકોં કોઈ પ્રા

યશ્ચિત્ત દેનાચાહિયે —
ઈસકા ઉત્તર — શ્રી નિશીથસૂત્રમેં લિખાહૈ
કિ જો વિના દૂષણકે પ્રાયશ્ચિત્ત દેવે
તો પ્રાયશ્ચિત્ત દેને વાલેકોં પ્રાયશ્ચિ
ત્ત લેનાપડતાહૈ ઔર સો પ્રાયશ્ચિત્ત
કાદેનેવાલા જિનરાજકી આજ્ઞાકા
ભંગ કરને વાલા હોતાહૈ — તથા જબ
તક દૂષણ સેવને વાલા અપના દૂષણ
કબૂલ ન કરે તબ તક કેવલજ્ઞાની ભી
તિસ દૂષણ વાલેકોં પ્રાયશ્ચિત્ત નહી
દેતેહૈ — યહ અધિકાર લક્ષ્મણા સાધ્વી
કે વિષયમેં શ્રીમહાનિશીથ સૂત્રમેંહૈ —
જબ દૂષણ કબૂલ કરે વિના પ્રત્યક્ષ
દૂષણકે જાણને વાલે કેવલજ્ઞાની ભી
પ્રાયશ્ચિત્ત નહી દેતેહૈ તો મૈં છદ્મસ્થ
અલ્પમતિ કિસ રીતિસેં પ્રાયશ્ચિત્ત દેશકું?
— જેકર શ્રી સંઘકા ઐસા વિચાર હોવે કિ
આગબોટમેં બૈઠકે અનાર્ય દેશમેં જા
નેસેં અવશ્ય પ્રાયશ્ચિત્ત લેના ચાહિ
યે —
ઈસકા ઉત્તર — ઐસા કથન તો હમને કિસી
ભી જૈન શાસ્ત્રમેં નહી દેખાહૈ તો કૈસે
શ્રીજિનાજ્ઞાકોં ઉલ્લંઘન કરકે મૈં કિસ
તરેં પ્રાયશ્ચિત્ત દેવું?
— જેકર શ્રી સંઘકી ઐસી ઈચ્છા હોવે
કિ શ્રીવીરચંદજીને દૂષણ સેવ્યા હોવે
અથવા ન સેવ્યા હોવે તો ભી તિસકોં

કુછ પ્રાયશ્ચિત્ત લેના ચાહિયે —

ઈસકા ઉત્તર— જો જિનરાજકી આજ્ઞા
સંયુક્ત હૈ સોહી સંઘ હૈ ઔર શેષ
શ્રી જિનાજ્ઞા બાહિર જો સંઘ કહાવે હૈ
સો હાડકાંકા સંઘ હૈ નતુ શ્રી જિનરાજ
જીકા સંઘ — યહ કથન શ્રી આવશ્યકસૂ
ત્રમેં હૈ —

— જેકર શ્રી સંઘ ઐસેં કહે કિ હમ પ્રા
યશ્ચિત્ત તો નહી દેતે હૈ પરંતુ શ્રી સંઘકી
આજ્ઞાસેં વીરચંદ રાઘવજી શ્રી શત્રુંજય
તીર્થકી યાત્રા કરે તો શ્રી સંઘ બહુત આ
નંદિત હોવે — ઐસી આજ્ઞા શ્રી સંઘકી
માનનેસેં શ્રી વીરચંદ રાઘવજીકી કુછ
હાનિ નહી હૈ —

વિશેષ તહાં (મુંબાઈમે) મુનિરાજ મહારાજ
શ્રી મોહનલાલજી મહારાજજી બિરાજમાન હૈ
વેભી ભવભીરૂ ઔર શ્રી જિનાજ્ઞાકે ભં
ગસેં ડરને વાલે હૈ ઈસવાસ્તે તિનકી
ભી સમ્મતિ લેની ચાહિયે —
તથા અન્ય કોઈ મહાવ્રતધારી ગીતાર્થસેં
પૂછ લેના —

અબ મૈં બહુત નમ્રતાસેં શ્રી સંઘસેં વિન
તી કરતા હું કિ જો કુછ જિનાજ્ઞા વિરુદ્ધ અયો
ગ્ય લિખા ગયા હોવે સો સર્વ શ્રી સંઘ
મુજકો માફ કરે — ઈતિ — કલ્યાણ હોવે શ્રી
સકલ સંઘકો — સંવત-૧૯૫૧ ભાદરવા સુદિ ૯
સોમવાર

દા- વલ્લભવિજયના —

सहि — आत्मारामकीस्वहस्ताक्षर

આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી

पूर्णो मग्नः स्थिरोऽमोहो ज्ञानी शान्तो जितेन्द्रियः ।
त्यागी क्रियापरस्तृप्तो निर्लेपो निःस्पृहो मुनिः ॥ १ ॥
विद्याविवेकसंपन्नो मध्यस्थो भयवर्जितः ।
अनात्मशंसकस्तत्त्वदृष्टिः सर्वसमृद्धिमान् ॥ २ ॥
ध्याता कर्मविपाकानामुद्विग्नो भववारिधेः ।
लोकसंज्ञाविनिर्मुक्तः शास्त्रदृग् निःपरिग्रहः ॥ ३ ॥
शुद्धानुभववान् योगी नियागप्रतिपत्तिमान् ।
भावार्चाध्यानतपसां भूमिः सर्वनयाश्रितः ॥ ४ ॥
स्पष्टं निष्टङ्कितं तत्त्वमष्टकैः प्रतिपन्नवान् ।
मुनिर्महोदयं ज्ञानसारं समधिगच्छति ॥ ५ ॥

અર્વાચીન યુગના એક ઘડવૈયા અને જૈન સમાજના એક પ્રખર નેતા સ્વ૦ આચાર્ય વિજયવલ્લભ-સૂરીશ્વરજીના જીવનના વ્યાપક પ્રસંગો લખતાં ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રીમદ યશોવિજયજી ઉપાધ્યાય વિરચિત જ્ઞાનસારમાં મહામુનિના જે બત્રીસ ગુણોનો નિર્દેશ કરેલો છે તેની યાદ આવે છે. આ બત્રીસે ગુણો તો જીવનમાં અનોખી સિદ્ધિ મેળવેલા મહામુનિમાં હોય છે. અને જૈન સમાજ એ રીતે બડભાગી કહેવાય કે આજના યુગને લક્ષીને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ સ્વ૦ આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરીશ્વરજીએ જીવનનું અનોખું દર્શન કરાવી આજના સમાજને સચોટ માર્ગદર્શન આપેલ છે.

સં૦ ૧૯૨૭ના કાર્તિક શુદિ બીજના દિવસે વડોદરા મુકામે આચાર્યશ્રીએ ઇચ્છાબાઈની પવિત્ર કુક્ષિએ જન્મ લીધો. એમના પિતાશ્રીનું નામ દીપચંદભાઈ. સૌથી નાનાનું નામ મગનલાલ. મહાલક્ષ્મી, જમના અને રુક્ષ્મણી એ ત્રણ બહેનો. એમનું સંસારી નામ છગનભાઈ. બાળપણમાં જ તેમના પિતાશ્રીનું અવસાન થયું. માતાના રોપેલા ધાર્મિક સંસ્કારોના બીજ પૂરેપૂરા છોડ અને ઝાડવામાં પલટાય તે પહેલાં જ તેમનાં માતુશ્રી મૃત્યુ પામ્યાં. આ જ સમયે પૂ૦ આત્મારામજી મહારાજ સશિષ્ય વડોદરા પધાર્યા અને એમના દર્શને છગનભાઈમાં નવી પ્રેરણાનો આવિર્ભાવ થયો. પ્રેરણાનું એક જ અમીબિંદુ અને છગનભાઈનું જીવન ધન્ય બન્યું. સંસારની આસક્તિ છૂટી, તૂટી અને છગનભાઈ નવી દુનિયાના માનવી થઈ ગયા. ધીમે ધીમે કુટુંબમાં વિરક્તિ આવી અને સગાંસંબંધીના અનેક અવરોધો અને પ્રયત્નો છતાં યે કુટુંબની સંમતિ મેળવીને સં૦ ૧૯૪૪ના વૈશાખ શુદિ ૧૩ના દિને સત્તર વર્ષની યુવાન વયે રાધનપુરમાં દીક્ષા લીધી અને મુનિશ્રી હર્ષવિજયજીના શિષ્ય થયા. રાધનપુરમાં પ્રથમ ચાતુર્માસ કર્યા.

પૂ૦ આત્મારામજી મહારાજની સીધી દોરવણી નીચે જૈન ધર્મના સંસ્કારો મેળવ્યા અને સં૦ ૧૯૪૫માં મહેસાણામાં બીજું ચાતુર્માસ કર્યું. પાલીમાં સં૦ ૧૯૪૬ના વૈશાખ શુદિ દશમના દિવસે પૂ૦ આત્મારામજી મહારાજે વડી દીક્ષા આપી અને આત્મપ્રબોધ તેમ જ કલ્પસૂત્રની સુબોધિકા ટીકાનું અધ્યયન કર્યું.

સં૦ ૧૯૪૬માં દિલ્હીમાં શ્રી હર્ષવિજયજી મહારાજ કાળધર્મ પામ્યા. મુનિએ ચોથું ચાતુર્માસ માલેરકોટલામાં કર્યું. આ સમયે ન્યાય, અમરકોષ, અભિધાનચિન્તામણિ, દશવૈકાલિકસૂત્રની, શ્રી હરિભદ્રસૂરિ મહારાજ વિરચિત બૃહટ્ટીકા તથા આચારપ્રદીપનો અભ્યાસ કર્યો. સં૦ ૧૯૪૭માં પટ્ટીમાં પાંચમું ચાતુર્માસ કર્યું, અને 'ચંદ્રપ્રભા' વ્યાકરણનું અધ્યયન શરૂ થયું. જ્યોતિષનો અભ્યાસ કર્યો તેમ જ શ્રીઆવશ્યકસૂત્રનું પણ અધ્યયન કર્યું. સં૦ ૧૯૪૮ના કાર્તિક વદિ પાંચમના દિવસે મુનિશ્રીવલ્લભવિજયજીને

प्रवर्तक श्रीकान्तिविजयजी

मुनि श्रीचतुरविजयजी

मुनि श्रीहर्षविजयजी

पंन्यास श्रीसंपतविजयजी

મુનિશ્રી વિવેકવિજયજી નામના શિષ્ય થયા. સં૦ ૧૯૪૮માં અંબાલા ખાતે અને સં૦ ૧૯૪૯માં જંડિયાલાગુરુમાં મુનિ શ્રીવલ્લભવિજયજીએ ચોમાસું કર્યું. સં૦ ૧૯૫૦નું ચોમાસું જીરામાં થયું. આ સમયે પૂ૦ આત્મારામજી મહારાજે "તત્ત્વનિર્ણયપ્રસાદ" નામનો ગ્રંથ લખ્યો. સં૦ ૧૯૫૧માં અંબાલામાં મુનિશ્રીનું નવમું ચોમાસું થયું, અને સં૦ ૧૯૫૨ના જેઠ શુદિ સાતમે પૂ૦ આત્મારામજી મહારાજનો દેહ-વિલય થયો. આઠ વર્ષના આ ગાળામાં પૂ૦ આત્મારામજી મહારાજે જીવનની નવદૃષ્ટિ અને પ્રેરણાં આપી એક જુવાનનું નૂતન ઘડતર કર્યું.

પૂ૦ આત્મારામ મહારાજના કાળધર્મે એમનું કામ ચાલુ રાખવાનું મુનિ શ્રીવલ્લભવિજયે માથે લીધું. પંજાબના જૈન સંઘને પ્રેરણા આપી. અનેક સંસ્થાઓની શરૂઆત કરાવી. સં૦ ૧૯૫૨નું ચાતુર્માસ ગુજરાનવાલામાં થયું અને પંજાબને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું. સં૦ ૧૯૫૩માં નારોવાલમાં લક્ષ્મણદાસની દીક્ષા થઈ અને મુનિ શ્રીવલ્લભવિજયને એક સમર્થ શિષ્ય મુનિશ્રી લલિતવિજયજી મળ્યા. અહીં ચાતુર્માસ કર્યું અને શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજીનું જીવનચરિત્ર પણ લખ્યું. સં૦ ૧૯૫૪નું ચોમાસું પટ્ટી ખાતે, ૧૯૫૫નું માલેરકોટલા ખાતે અને સં૦ ૧૯૫૬નું ચોમાસું હોશિયારપુર મુકામે કર્યું. સં૦ ૧૯૫૭માં બધા મુનિઓની સંમતિથી પાટણમાં શ્રી કમલવિજયજી મહારાજને સૂરિપદ પ્રદાન કરવામાં આવ્યું. સં૦ ૧૯૫૭નું પંદરમું ચોમાસું અમૃતસરમાં, સં૦ ૧૯૫૮નું સોળમું ચોમાસું પટ્ટીમાં, સં૦ ૧૯૫૯નું ૧૭મું ચોમાસું અંબાલામાં, સં૦ ૧૯૬૦નું ચાતુર્માસ સમાનામાં, સં૦ ૧૯૬૧નું જીરામાં, સં૦ ૧૯૬૨નું લુધિયાણામાં, અને સં૦ ૧૯૬૩નું એકવીસમું અમૃતસરમાં થયું.

પૂ૦ આત્મારામજી મહારાજના કાર્યક્ષેત્ર પંજાબને તૈયાર કરવામાં અને પોતાના જીવનનું ઘડતર કરવામાં મુનિશ્રીએ આ સમય વ્યતીત કર્યો. સં૦ ૧૯૬૪માં અમૃતસરમાં મુનિશ્રી વિજ્ઞાનવિજયજી અને મુનિશ્રી વિષ્ણુવિજયજીને સંવેગી દીક્ષા આપી. આ પછી ગૂજરાત તરફ આવવાની નેમથી તેમણે વિહાર શરૂ કર્યો. દિલ્હી, બિનૌલી વગેરે ફર્યા, પણ એટલામાં પંજાબમાં આર્યસમાજીઓ સાથે શાસ્ત્રાર્થનું થતાં ૩૭૫ માઈલનું અંતર કાપી ઝડપથી અમૃતસર પહોંચી ગયા. મુનિ શ્રીવલ્લભવિજયનો આ વિહાર ઝડપી અને દુષ્કર હતો. આષાઢ શુદિ ૧૧ના દિવસે ગુજરાનવાલા પહોંચ્યા. ત્યાંના લોકોએ અપૂર્વ સ્વાગત કર્યું. ત્યાંના બાવીસમા ચોમાસા દરમિયાન વિશેષ નિર્ણયાત્મક શક્તિ સાથે સાહિત્યિક પ્રવૃત્તિ કરી. 'વિશેષ નિર્ણય' અને 'ભીમજ્ઞાન-ત્રિંશિકા' નામનાં બે પુસ્તકો તૈયાર કર્યાં. આ પુસ્તકોમાં પ્રાચીન હિંદુશાસ્ત્રો અને એની અર્વાચીન ટીકાનો ઉપયોગ કરી, મુનિશ્રીએ યજ્ઞની પ્રવૃત્તિ પર પ્રકાશ પાડ્યો. તેમણે ત્વરાથી વિહાર કર્યો અને જયપુર આવ્યા. સં૦ ૧૯૬૫માં મુનિશ્રી વિદ્યાવિજયજી મહારાજ, મુનિશ્રી વિચારવિજયજી અને મુનિશ્રી તિલકવિજયજીની દીક્ષા થઈ. જયપુરથી અજમેર જઈ, થોડા દિવસ સ્થિર થઈ ત્યાંથી બ્યાવર, પિપલિયાગામ, મુંડાવા, ચંડાવલ, સોજત થઈ પાલી ગયા. ત્યાંથી પંચતીર્થની યાત્રાનો આનંદ લઈ શિવગંજ, શિરોહી થઈ આબુ આવ્યા. સં૦ ૧૯૬૫ના જેઠ શુદિ બીજે પાલણપુર આવ્યા. ત્યાં તેમનું અપૂર્વ સ્વાગત થયું.

* * *

રાધનપુરમાં સં૦ ૧૯૪૪માં દીક્ષિત થયેલ અને સં૦ ૧૯૬૫માં પાલણપુરમાં ચોમાસું રહેલ મુનિ શ્રીવલ્લભવિજયજીના જીવનનું ઘડતર થઈ ચૂક્યું હતું. પૂ૦ આત્મારામજી મહારાજે જે સંસ્કારો આપ્યા અને કાર્ય કરવાની ધગશ આપી તેનું નવું સ્વરૂપ સવ્યાજ અનેક રીતે સમાજને મળવા લાગ્યું હતું. કજિયા-કંકાસ અને રૂઢ વ્યવહારમાં અનેક રીતે લુપ્ત થયેલાઓને ધર્મનો સાચો ખ્યાલ આપવાનો અને આવતી કાલના પ્રવાહોથી સમાજને વાકેફ કરવાનો પ્રયાસ એમને કરવાનો હતો. સમાજને પ્રોન્નત કરવાનું ધ્યેય એમની સમક્ષ હતું. સંસારનો ત્યાગ કરનાર મુનિ ધર્મ આચરે છે, આદરે છે,

ધર્મમાં રમમાણ થઈ જાય છે, મહાયોગી બને છે પણ એ સમાજમાંથી આવે છે, સમાજ પર અસર કરે છે અને સમાજ પણ એની ઉપર અસર કર્યા વિના રહેતો નથી. જૈન સિદ્ધાંતો સનાતન છે; પણ રૂઢિ અને રિવાજોની જડ મૂળ સંસ્કારોને આવરી લઈ કલુષિત કરે છે. આથી એ વખતોવખત નિરીક્ષણ માગી લે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ સમાજનું માર્ગદર્શન કરવું જરૂરી બને છે. પૂ૦ આત્મારામજી મહારાજે પ્રેરણા આપેલી. સમાજનો નવો પ્રવાહ આવતો હતો તેનો પણ ખ્યાલ એ સમયજ્ઞ મુનિએ આપ્યો હતો. દીક્ષા-જીવનની એકવીશી બાદ મુનિશ્રી સમજી શક્યા હતા કે સમાજને પ્રગતિશીલ અને જીવંત બનાવવો હશે તો ધર્મ એ માત્ર રૂઢ વ્યવહારમાં નહિ પણ સમગ્ર જીવનદૃષ્ટિમાં આવવો જોઈએ. ધર્મ એટલે માત્ર દહેરાસર-ઉપાશ્રય નહિ, પરંતુ જીવનનું વ્યાપક દર્શન અને જીવનની સર્વ પ્રવૃત્તિ-નિવૃત્તિમાંથી અભિવ્યક્ત થતા સંસ્કારો. જે ધર્મ સર્વ જીવોનું માંગલ્ય વાંછનારો છે એ ધર્મ રૂઢ સમાજના હાથમાં વારસાગત બંધિયારખાનું બને, ધર્મ ભુલાઈ જાય, રૂઢિઓમાં, રિવાજોમાં, બોલીઓમાં, ઉછામણીઓમાં વહેંચાઈ જાય ને માત્ર વ્યવહારમાં જ ધર્મ મનાય એ વસ્તુ કેવી રીતે ઇચ્છાય? જે ધર્મ બધા માટે સમાનવૃત્તિ—સમભાવ દર્શાવવાનું કહે તે ધર્મના અનુયાયીઓ અસહિષ્ણુતા આદરે, જીવનમાં અસંગત અને અનુચિત વ્યવહાર કરે, રૂઢ સંસ્કારોમાં કુંઠિત બને એ વસ્તુ અસહ્ય લેખાય.

રાજકીય પ્રવાહો પણ નવી રીતે વહેતા હતા. "ઝેર ગયાં ને વેર ગયાં"નો કવિ દલપતરામનો જમાનો વિદાય થતો હતો અને "સાંભળો સુધારાનો સાદ" કહેનાર કવિ નર્મદનો જમાનો આવતો હતો. બ્રિટિશ સરકાર ગમે તેવી હોય પણ તે પરદેશી હતી. એની સામે અરજીઓ અને વિનતિ કરી કાર્ય કરવાનો જમાનો પૂરો થવા આવતો હતો. કેળવણીનું મહત્ત્વ સર્વ જગાએ સ્વીકારાતું હતું. રાષ્ટ્રીય આંદોલન નવસ્વરૂપ લેતું હતું. મુનિશ્રીના જીવન સાથે રાષ્ટ્રીય લડતની આખી તવારીખ, બે વિશ્વયુદ્ધો અને એ યુદ્ધોએ જન્માવેલાં આર્થિક અને સામાજિક પરિબળો; આઝાદી, આઝાદી પછીની યાતનાના વર્ષો વગેરેથી સંકળાયેલી છે. મધ્યમ વર્ગ યુદ્ધ પહેલાં આબાદ હતો; નવાં પરિબળો આગળ એ વર્ગે નમતું જોખવું પડ્યું અને એની સામાજિક દ્વિધા એની એ રહી. પાલણપુરમાં સમાધાન કરાવનાર મુનિશ્રી અને મુંબઈમાં મધ્યમ વર્ગ માટે ફંડની પ્રેરણા આપનાર આચાર્યશ્રી—એક જ વ્યક્તિ. સામાજિક—રાજકીય—આર્થિક—વૈજ્ઞાનિક પરિબળોએ ઘડેલી આ કથા એક રીતે આજની આપણી અને મધ્યમ વર્ગની કથા છે. ગુજરાતમાં દીક્ષિત થઈ એકવીસ વર્ષ બાદ ગુજરાતમાં પાછા ફરનાર મુનિશ્રી એ જ હતા. પંજાબ જેવી ભૂમિના પરિચયે દૃષ્ટિ વિશાળ બની હતી અને દૂર રહ્યા છતાં એ સમાજનું અનોખું દર્શન કરી શક્યા હતા. સમાજના રોગનું નિદાન એમની પાસે હતું. જૈન સંસ્કૃતિની પ્રણાલિકાના જાણકાર હતા અને પ્રયોગ કરવાની દૃષ્ટિ એમની પાસે હતી.

* * *

પાલણપુરમાં મુનિશ્રીએ જૈન સંઘનો કલેશ જોઈ એ ટાળવાનો સફળ પ્રયાસ કર્યો. સં૦ ૧૯૬૫ના જેઠ શુદિ આઠમના દિને મુનિશ્રીએ શ્રાવકોના સામાન્ય મતભેદો અંગે ચુકાદો આપ્યો. સંઘમાં સર્વત્ર આનંદ પ્રવર્તી ગયો અને મુનિશ્રીએ પાલણપુરમાં ચોમાસું કર્યું. આ સમયે મુનિશ્રી લલિતવિજયજી સાથે પાંચ શિષ્યોને યોગોદ્વહન કરાવવાને માટે મહેસાણા ખાતે પન્યાસ શ્રી સિદ્ધિવિજયજી પાસે મોકલ્યા. આષાઢ મહિનામાં શ્રી વિચક્ષણવિજયજીની દીક્ષા થઈ. જ્ઞાનપ્રચાર માટેના એમના સતત આગ્રહને લીધે 'આત્મવલ્લભ કેળવણી ફંડ'ની સ્થાપના થઈ. આ રીતે શિક્ષણપ્રચારનું કાર્ય શરૂ થયું. અઠ્ઠાઈની તપશ્ચર્યા નિમિત્તે થતા જ્ઞાતિલા કર-જમણનો રિવાજ બંધ કરાવ્યો અને તેને મરજિયાત બનાવ્યો.

સં૦ ૧૯૬૬ના કાર્તિક વદિ બીજના દિને મુનિશ્રી મિત્રવિજયની દીક્ષા થઈ. પાલણપુરથી વિહાર કરી મુનિશ્રી રાધનપુર આવ્યા અને બાવીસ વર્ષે દીક્ષાની ભૂમિને પાવન કરી. સં૦ ૧૯૬૬ના માગસર શુદિ બીજને દિવસે પાલીતાણા સંઘની સાથે જવા વિહાર કર્યો. પાલીતાણા યાત્રા કરી વળતાં ભાવનગર, ઘોઘા, વરતેજ, સિહોર થઈ વળા ગયા અને ત્યાં બે પક્ષોનું સમાધાન કર્યું. ધોલેરામાં એમનું અપૂર્વ સ્વાગત થયું. ત્યાંથી તેઓ ખંભાત થઈ વડોદરા ગયા. ત્યાં સં૦ ૧૯૬૬ના વૈશાખ શુદિ દશમના દિવસે ભવ્ય સ્વાગત થયું. ત્યાંથી ભરૂચ ગયા અને પન્યાસ શ્રીસિદ્ધિવિજયજી સાથે ત્રણ દિવસ એમની સેવામાં રહ્યા. ભરૂચથી જગડિયા તીર્થની યાત્રા કરી સૂરત પધાર્યા. ત્યાંના ગોપીપુરાના ઉપાશ્રયમાં સંવત ૧૯૬૭ના મહા વદિ છઠ્ઠના રોજ શ્રી સુખરાજજીને દીક્ષા આપીને મુનિશ્રી સોહનવિજયજીના શિષ્ય તરીકે મુનિશ્રી સમુદ્રવિજયજી નામ આપ્યું. સં૦ ૧૯૬૭નું પચ્ચીસમું ચોમાસું મીઆગામમાં કર્યું, ત્યાં બે તડો વચ્ચે સમાધાન કરાવતો ચુકાદો આપ્યો ને શાંતિ સ્થાપી. પાઠશાળાની શરૂઆત કરાવી. સુરવાડા થઈ વણછરા ગામ આવ્યા અને દશા શ્રીમાળીઓના પંચ સમક્ષ વ્યાખ્યાન કરી કન્યાવિક્રયનો કુરિવાજ બંધ કરાવ્યો. પાછિયાપુરમાં અઠ્ઠાઈ મહોત્સવ કરાવી, સિનોર અને ડભોઈ થઈ વડોદરા આવ્યા.

આજના યુગની પરિસ્થિતિની તેમ જ વિષમ કાળની વિચારણા માટે 'મુનિસમ્મેલન'નો મુનિશ્રી વલ્લભવિજયજીને વિચાર આવ્યો. પૂ૦ આત્મારામજી મહારાજના સંઘાડાના સાધુઓના સંમેલનની યોજના કરી. વૃદ્ધ આચાર્ય શ્રી વિજયકમળસૂરિજી મહારાજ, ઉપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજ, શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજ વગેરેની સંમતિ મેળવી વડોદરામાં ત્રણ દિવસ મુનિ-સંમેલન ભરાયું, જેમાં પચાસ જેટલા સાધુ–મુનિરાજોએ હાજરી આપી હતી. ચોવીશ જેટલા ઠરાવો પસાર કર્યા હતા. સં૦ ૧૯૬૮નું છવ્વીસમું ચોમાસું ડભોઈમાં થયું. ત્યાંથી નાંદોદ ગયા. ત્યાં આઠ દિવસ સુધી સતત વ્યાખ્યાનો આપ્યાં. ત્યારપછી વડોદરામાં 'ધર્મતત્ત્વ' અને 'સાર્વજનિક ધર્મ' ઉપર જાહેર વ્યાખ્યાનો આપ્યા. ત્યારબાદ મુંબઈના અતિ આગ્રહથી એ ભણી ઝડપથી વિહાર કર્યો. તે વખતે શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનો સૂર્ય મધ્યાહ્ન વીતાવી ગયો હતો. એણે સમસ્ત જૈન કોમમાં અનેક નવીન આશાઓ ઉત્પન્ન કરી હતી, વિચારવાતાવરણમાં મહાન પરિવર્તન કરી નાખ્યું હતું અને સામાજિક ઉન્નતિની ભવ્ય તમન્ના જગાવી હતી. નવપ્રકાશ ઝીલવા જનતા તૈયાર થઈ ગઈ હતી. એવે સમયે નૂતન પ્રકાશ અર્પવા વર્તમાન યુગની નાડ પારખનાર અને સમય-ધર્મના અવિચલિત સિદ્ધાંતને હસ્તગત કરી વ્યવહાર નિશ્ચયનો સમન્વય કરનાર પૂજ્ય સૂરિજીનું મુંબઈમાં આગમન થયું. અહીં તેમનું અભૂતપૂર્વ સ્વાગત થયું. સામૈયા માટે મોટો માનવસમુદાય ઊમટયો હતો. સર્વત્ર આનંદ અને ઉમંગની લહરીઓ પ્રસરી રહી હતી. આ ઉત્સાહના વાતાવરણે સૂરિજીની વાણી ખૂબ સારી રીતે ઝીલી. અઠ્ઠાઇમહોત્સવ, શાંતિસ્નાત્ર, પૂજા-પ્રભાવના અને ઉપધાન જેવાં ઘણાં અનુષ્ઠાનો થયાં. હૃદયના અસ્ખલિત પાવિત્ર્યપ્રવાહથી સભર એવાં એમનાં વ્યાખ્યાનો ખૂબ જ અસરકારક નીવડ્યાં. 'ज्ञानक्रियाभ्यां मोक्षः' એ જ એમનાં પ્રવચનોનું મધ્યબિન્દુ હતું. પ્રથમ જ્ઞાન અને પછી ક્રિયા. માનવી માનવીને ભિન્ન બનાવતા સંસ્કારો સિંચવાનું કાર્ય જ્ઞાનનું છે. જ્ઞાન વિના પ્રગતિ સાધવી અતિ કઠિન છે. નથી વ્યવહારમાં સાયુજ્યતા સાંપડતી કે ધર્મ એના શુદ્ધ અને અરૂપી સ્વભાવમાં આચરણ પામતો. ચારે બાજુ જામેલા અજ્ઞાનના અંધકારમાં એક પિપાસા છે—અને તે જ્ઞાનની દીવડીની. જમાનાના વિકાસમાં ભાગ ભજવે છે વિજ્ઞાન, અને તેથી ધર્મને પણ વિજ્ઞાનના કસોટી-પથ્થર ઉપર ચકાસ્યા વિના જરા યે ચાલે એમ નથી. ધર્મ અને વિજ્ઞાનના સમન્વયમાં જ બન્નેનું શ્રેય છે. ધર્મને એક જગાએ સ્થગિત ન કરતાં સર્વ દિશામાં વ્યાહૃત કરવો આવશ્યક છે.

આમ ધર્મની વૈજ્ઞાનિક રજૂઆત આજે વાયુ અને જળ જેટલી જરૂરી બની છે. જે વસ્તુ જમાનામાં છે, આજના પરિવર્તનશીલ સમાજના અંતર્ગત ઘડતરમાં છે એ વસ્તુનો સ્વીકાર કરીને, એને આપણી રીતે ઘટાવીને જીવનમાં ઉતાર્યા વિના હવે ચાલે નહિ. ધર્મનો અનેકદેશીય વિકાસ થવો ઘટે. 'પ્રથમ જ્ઞાન અને પછી ક્રિયા' એ સૂત્રના આધારે સમાજની રૂઢ વારસાગત પરંપરાને પણ નવી રીતે આપણે પેખવી જોઇએ. વ્યાવહારિક કેળવણીની આખરી તાવણીમાં આપણે ધર્મના સંસ્કારો તપાસવા જોશે. ધર્મ માનવમૂલ્યોને પ્રેરતો હોવો જોઇએ. આવા ધર્મના ઉત્થાન અર્થે આધુનિક કેળવણી સાથે ધાર્મિક શિક્ષણ આવશ્યક બની રહે છે. ધર્મ એ કેળવણીનું અગત્યનું અંગ છે. ધાર્મિક સંસ્કારોના વિકાસમાં કેળવણીનો વિકાસ છે. સાચી કેળવણી એ છે કે જે ધર્મને પોતાનાથી અવિભિન્ન તેમ જ અવિચ્છિન્ન ગણે. આને માટે એવી સંસ્થાઓ ઊભી કરવી જોઇએ કે જે ધર્મના અને વ્યવહારના—ઉભયના જ્ઞાનને પોષક બને. આમ સૂરિજીએ યુગે યુગે વિકાસ પામતા વિજ્ઞાનનું જ્ઞાન પ્રાપ્ત કરવા અને સાથે સાથે ધાર્મિક સિદ્ધાંતોને નૂતન સ્વરૂપમાં રજૂ કરવા ઘોષણા કરી. એ બન્નેના સુભગ સમન્વય માટે અનેક સંસ્થાઓ સ્થાપિત કરવા ઉદ્‌બોધન કર્યું. તેઓશ્રીના આ સુધારક વિચારો સમાજને અતિ પ્રશંસનીય અને મનનીય લાગ્યા.

શ્રીસંઘના વિચારક અને ધનવાન આગેવાનોને તેઓશ્રીની વાત અતિ ઉચિત અને અપનાવવા યોગ્ય લાગી, તે પર વિચારવિનિમય કર્યા, અનેક યોજનાઓ પર વિચારણા થઈ અને એવી કોઈ વિશિષ્ટ યોજના બર લાવવા બીજું ચાતુર્માસ મુંબઈમાં કરવા વિજ્ઞપ્તિ થતાં તેનો સ્વીકાર થયો. મુંબઈ શહેરના સ્થાનિક સંયોગો, વિદ્યાભ્યાસ માટે બહારગામથી આવનારની અગવડો અને બીજી આનુષંગિક હકીકતો પર વિચારણાને પરિણામે મુંબઈમાં એક વિદ્યાલય સ્થાપવાની યોજનાનો સાર્વત્રિક સ્વીકાર થયો. મહારાજશ્રીએ આ યોજના પર વિચાર કર્યો, શ્રીસંઘે એ યોજના તરફ પસંદગી બતાવી, ધનવાનોએ એને ટેકો આપ્યો, કેળવાયેલા વર્ગે એમાં કાર્ય દ્વારા સાથ આપવાનો ઉમંગ બતાવ્યો અને મધ્યમ જનતાએ એના વિકાસ માટે બનતો ફાળો અને તનમનધનનો ભોગ આપવા અભિલાષા દર્શાવી. આ સર્વ ચર્ચાને પરિણામે સં૦ ૧૯૭૦ના ફાગણ શુદિ પાંચમને રોજ મહારાજશ્રીની હાજરીમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના કરવાનો મુંબઈમાં શ્રીસંઘે એકમતે નિર્ણય કર્યો. અને નવીન પદ્ધતિથી ઊંચી કેળવણી લઈ ધર્મના દૃઢ-સંસ્કાર સાથે સમાજનું હિત હૃદયમાં રાખી કાર્ય કરનારા યુવકોનો મોટો સમૂહ ઉત્પન્ન કરવાનો આદર્શ સ્વીકારી, તેનું કામ હાથ ધરવા અને તે માટે યોજનાઓ ઘડવા તથા જરૂરી ફાળો ઉઘરાવવા વ્યવસ્થા કરવામાં આવી. આ નાના પાયા પર ઊભી થયેલ સંસ્થાએ દિવસે દિવસે અપૂર્વ વિકાસ સાધ્યો. માત્ર ગુજરાતમાં જ નહિ પણ સમગ્ર ભારતમાં કેળવણી અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના ધામ તરીકે આજે તેણે અદ્‌ભુત પ્રતિષ્ઠા સિદ્ધ કરી છે.

મુંબઈથી બગવાડા, પારડી, બીલીમોરા, નવસારી થઈ સૂરતમાં પ્રવેશ કર્યો. ત્યાં મહિલા આશ્રમ માટે પ્રેરણા આપી. ફરી પાછા નવસારી, કાલિયાવાડી થઈ સિસોદરા પધાર્યા. ત્યાંના મતભેદો દૂર કર્યા. ટાંકલથી કરચલીઆ અને પછી સૂરત ગયા. સં૦ ૧૯૭૧નું ઓગણત્રીસમું ચોમાસું ત્યાં કર્યું. આ સમયની શિક્ષણ-પ્રચાર માટેની એમની તમન્ના કેટલી હતી તેનો પુરાવો મુનિશ્રી હંસવિજયજી પરનો નીચેનો પત્ર આપે છે :

"આપણા લોકો હજુ ગફલતમાં છે તેનું મૂળ કારણ અવિદ્યા છે. જૈન સમાજમાં એક પણ ઊંચા દરજ્જાનો સુશિક્ષિત શ્રાવક હોય તો પણ આપણાં બધાં કામ સારી રીતે થઈ શકે. પણ અફસોસ તો એ વાતનો છે કે લાખો શ્રાવકોમાં એક પણ એવો નથી કે જેનો પ્રભાવ પ્રત્યેક સ્થાનોના જૈનો

પર પડી શકે. આમ છતાં લોકોની નિદ્રા તો હજુ ઊડતી નથી. આ દશા કેટલી શોચનીય છે! હજારો–લાખો રૂપિયાની આહુતિ દર વર્ષે વાજાં, ગાજા, રંગ, રાગ અને મેવા-મિષ્ટાન્નમાં ઉડાડવામાં આવે છે પણ શિક્ષણના નામે તો બસ ભગવાનનું નામ જ નામ છે. હવે તો આપ જેવા પ્રતાપી પુરુષોનું ધ્યાન આ તરફ જાય અને નિરંતર ચારે તરફથી એ ઉપદેશ થવા લાગે કે અમુક કાર્ય તમારે કરવું જ પડશે તો સંભવ છે કે આપણે માટે કોઈક દિવસ શિર ઉઠાવીને જોવાનો સમય આવી પહોંચે."

સૂરતથી વિહાર શરૂ કર્યો. ખંભાત થઈ, ધોલેરા થઈ, સં૦ ૧૯૭૨માં પાલીતાણાની યાત્રા કરી જૂનાગઢ આવ્યા. ત્યાં ત્રણ સાર્વજનિક વ્યાખ્યાનો થયાં. વણથલીમાં પ્રતિષ્ઠા કરી અને સં૦ ૧૯૭૨નું ત્રીસમું ચાતુર્માસ જૂનાગઢમાં કર્યું. જૂનાગઢમાં શ્રી આત્માનંદ જૈન લાયબ્રેરી તથા શ્રી જૈન સ્ત્રી-શિક્ષણ શાળાની ઉદ્ઘાટનક્રિયા થઈ. પંજાબના નેતાઓ જૂનાગઢમાં વિનંતિ કરવા આવ્યા. ચોમાસું પૂરું થતાં વેરાવળ ગયા અને ત્યાં 'શ્રી આત્માનંદ જૈન સ્ત્રી-શિક્ષણશાળા' અને 'શ્રી આત્માનંદ જૈન ઔષધાલય' નામની બે સંસ્થાઓ સં૦ ૧૯૭૩ના મહા શુદિ દશમના દિવસે સ્થાપિત થઈ. વેરાવળથી માંગરોળ ગયા. ત્યાં શાંતિ-સ્નાત્ર અને વ્યાખ્યાનો થયાં. ત્યાંથી વેરાવળ, ઊના, દીવ, મહુવા, દાઠા, તળાજા થઈ પાલીતાણા થઈ સૂરિજી ભાવનગર આવ્યા. ત્યાં 'વર્તમાન પરિસ્થિતિ અને આપણી આવશ્યકતાઓ' ઉપર જાહેર પ્રવચન કર્યું. ભાવનગરમાં એક પંજાબી બહેનને ભાગવતી દીક્ષા આપી. ત્યાંથી ખંભાત થઈ વડોદરા પ્રવર્તક શ્રી કાંતિવિજયજીને મળ્યા. વડોદરાથી વિહાર કરી બન્ને મહાત્માઓ જગડિયા તીર્થની યાત્રા કરી મુંબઈ પધાર્યા જ્યાં એમનું ભવ્ય સામૈયું થયું. મુંબઈમાં એમના કાર્યોના પ્રત્યાઘાતો અને વમળો ઊભાં થતાં હતાં. આ ચાતુર્માસમાં ખડતરગચ્છ અંચલગચ્છના પર્યુષણ પર્વ માટે ચર્ચા ચાલી. આનાથી પર રહી તેઓશ્રીએ એકતાની હિમાયત કરી. એમનાં મંતવ્યો સ્પષ્ટ હતાં. "આજે લોકો એકતા ચાહે છે. પોતાના હકો માટે પ્રયત્ન કરે છે. અંગ્રેજ, પારસી, હિંદુ અને મુસલમાન બધાં એક જ ધ્યેય માટે સંગઠિત થઈ રહ્યા છે. આ રીતે દુનિયા આગળ વધી રહી છે. બીજી બાજુએ આપણા ભાઈઓ દશ કદમ પાછા હઠવાનો પ્રયત્ન કરે છે. આજે તો બધાયે એક થઈ સમાજ, ધર્મ અને રાષ્ટ્રના કલ્યાણનું કાર્ય કરવું જોઈએ."

મુંબઈના આ ચાતુર્માસ દરમિયાન શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મકાન માટે લગભગ એક લાખ રૂપિયાનું ફંડ થયું. નાનાં ગામોનાં મંદિરોના જીર્ણોદ્ધાર માટે પણ સારું ફંડ કરવા ઉપરાંત શ્રી પાટણ જૈન મંડળ બોર્ડિંગ માટે લગભગ રૂપિયા લાખનું ફંડ થયું. મુંબઈથી વિહાર કરીને પ્રતાપનગરમાં તેઓ પૂજ્યશ્રી હંસવિજયજી મહારાજને મળ્યા. તેમની સાથે તેઓ અમદાવાદ આવ્યા અને શ્રી ઊજમબાઈની ધર્મશાળામાં ચાતુર્માસ ગાળ્યું. સં૦ ૧૯૭૪ના બત્રીસમા ચોમાસા દરમિયાન વ્યવહારુ દૃષ્ટિ, સાધારણ કુટુંબોની પરિસ્થિતિનો ખ્યાલ, ટીપો ઉઘરાવવાની ખોટી આદતો, શ્રીમંતોની મોટાઈ, સામાન્ય જનતાનો ધર્મપ્રેમ વગેરે વિષયોને આવરી લેતાં પ્રવચનો કર્યાં. અહીં શ્રી મહાવીર સ્વામીની પંચકલ્યાણ પૂજાની રચના કરી. પછી શ્રી હંસવિજયની વિદાય લીધી. અમદાવાદથી મહેસાણામાં મહારાજશ્રી સિદ્ધિવિજયના દર્શનનો લાભ લઈ, ત્યાંથી વિસનગર થઈ પાટણ ગયા. ત્યાં દયા-ધર્મ પર જાહેર વ્યાખ્યાન કર્યું. ત્યાંથી ચારૂપ, મેત્રાણા થઈ પાલણપુર ગયા. ત્યાં ત્રણ પ્રસિદ્ધ આચાર્યપ્રવરોની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરાવી અને શ્રી પાલણપુર જૈન વિદ્યાલય માટે ફંડ કરાવ્યું. ત્યાંથી તારંગાજી, કુંભારીઆજી, આબુ, અચલગઢ, બામણવાડા થઈ, પીંડવાડા ગયા ને ત્યાંના શ્રાવકોનો આંતરકલહ દૂર કર્યો. અહીંથી નાણાબેડાને રસ્તે લૂંટાયા અને ત્યાંથી બીજાપુરમાં બે પક્ષો વચ્ચે સંપ કરાવી એક પાઠશાળા સ્થાપી. ત્યાંથી વિહાર કરી સાદડીમાં ચાતુર્માસ કર્યું. સં૦ ૧૯૭૫નું

તેત્રીસમું ચોમાસું શાસન–કાર્યની દૃષ્ટિએ ઘણું મહત્ત્વનું થયું. ચોમાસા બાદ મુનિશ્રી લલિતવિજયજી, મુનિશ્રી ઉમંગવિજયજી, મુનિશ્રી વિદ્યાવિજયજી વગેરેને ગણિપદ તથા પન્યાસપદ આપ્યાં.

ગુજરાત કરતાં રજપૂતાનાની પરિસ્થિતિ અને સામાજિક દશા વિષમ હતાં. કેળવણીનું તદ્દન ઓછું પ્રમાણ, નિરક્ષરતા, જૂના રીત-રિવાજો, કન્યા-વિક્રય, વૃદ્ધલગ્નો, મૃત્યુ પાછળનાં જમણો, વિલાસપ્રિયતા, બાળવિધવાનો પ્રશ્ન, વિપુલ સંપત્તિની વચ્ચે જ ગરીબાઈ અને ખાવાની ચિંતા. સમાજની આવી વિષમ દશા રજપૂતાનાની હતી. પૂર્વગ્રહો અને પક્ષપાતો માનવી જીવનને કલુષિત કરતા હતા. આ સમયે રજપૂતાના મરુભૂમિના સમજુ આગેવાનોએ મહારાજશ્રીને આગ્રહ કર્યો. તેઓશ્રી જોઈ શક્યા કે જો આ પ્રજાનો ઉદ્ધાર નહિ થાય, સામાજિક દૂષણો દૂર નહિ થાય તો આવતી કાલ ભારી કપરી થશે. રૂઢિ, વહેમ અને અજ્ઞાનના નાશ માટે ગોડવાડમાં વિદ્યાલયની સ્થાપના માટે પ્રેરણા ચાલી. ઉનાળામાં સં૦ ૧૯૭૫ના જેઠ શુદિ એકમના દિને ખીવાંડી ગામમાં ફંડ માટે પ્રયાસ કર્યો. ત્યાંના કુસંપને દૂર કરવાનો ફેંસલો આપ્યો. આ રીતે ત્રીસ વર્ષનો જૂનો ઝઘડો દૂર થયો. ખીવાંડીથી વિહાર કરી પોમાવા થઈ શિવગંજ થઈ બાલી ગયા. પાંચ મુનિરાજોએ બાલીમાં અને મહારાજશ્રીએ સાદડીમાં ચાતુર્માસ કર્યું. ચાતુર્માસ પછી પોષ માસમાં લાલા દોલતરામના પ્રમુખપદ નીચે શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું અધિવેશન થયું. તેમાં કૉન્ફરન્સની જરૂરિયાતો, શાંતિની યોજના, અવિદ્યા, કર્તવ્ય-પરાયણતા, એકતાની જરૂરિયાત, કેળવણીના ફાયદા વગેરે વિષયો પર મહારાજશ્રીએ પ્રવચનો કર્યાં.

સાદડીથી શિવગંજ થઈ, ત્યાંથી સંઘમાં પેરવા, બાલી, લુણાવા, લાઠાર થઈ રાણકપુર પહોંચ્યા. ત્યાં યાત્રા કરી સાદડી, ઘાણેરાવ, મુછાળા મહાવીરની યાત્રા કરી સંઘ દેસુરી પહોંચ્યો. ત્યાંના શ્રાવકોમાં કલેશ હતો, અદાલતમાં કેસ ચાલતો હતો. મહારાજશ્રીએ અંદરોઅંદર ફેંસલો કરવા બન્ને પક્ષોને સમજાવ્યા, પણ તેઓ માન્યા નહિ. ક્ષણભર વિચાર કરીને મહારાજશ્રીએ સાધુઓને ગોચરી ન જવાનો આદેશ દીધો. વાતાવરણમાં નવી ચમક આવી. આખરે સમાધાન થયું. દેસુરીથી જઈ શ્રી શાંતિનાથ ભગવાનના દર્શન કરી ઉદયપુર પધાર્યા. ઉદયપુરમાં આચાર્ય શ્રીનેમસૂરીશ્વરજી સાથે મુલાકાત થઈ. બંને મહામુનિઓએ દિલ ખોલીને વાત કરી. બંને એકમેકની નજીક આવ્યા. આમંત્રણમાં મુનિ સંમેલનના બીજ રોપાયાં અને બંનેના સમુદાયો એકમેકની નજીક આવ્યા.

ગોડવાડનાં ગામોમાં જ્ઞાનના પ્રચારની નેમથી મહારાજશ્રીએ ફાલનામાં ચોમાસું કર્યું. બીજા મુનિઓએ બિકાનેર, સાદડી, તખતગઢ સાચવ્યાં. સાદડીમાં શ્રી આત્માનંદ જૈન પાઠશાળાની સ્થાપના શ્રી લલિતવિજયજીના હસ્તે થઈ. મુંડારામાં પણ પાઠશાળા અને લાયબ્રેરી થઈ. મુંડારાથી સંઘમાં વરકાણા અને ત્યાંથી રાણી, ચાંચોરી વગેરે સ્થળે થઈ મહારાજશ્રી ખાંડ ગયા. ત્યાં પાઠશાળાની સ્થાપના થઈ. ત્યાંથી ગુંદોજ પધારી પાઠશાળા સ્થાપિત કરી. ત્યાંથી કુલ્લાગામ, પાલી થઈ જાડણ ગયા અને ત્યાંનો કુસંપ દૂર કરાવી મંદિર તથા ધર્મશાળાના જીર્ણોદ્ધાર માટે ફંડ કરાવ્યું. અહીંથી સોજત ગયા અને ત્યાં 'શ્રી શાંતિ વર્ધમાન પેઢી'ની સ્થાપના કરી જીર્ણોદ્ધારનું કામ શરૂ કરાવ્યું. ત્યાંથી કાપરડાજીની યાત્રા કરી. બ્યાવરમાં બે ભાઈઓના મનદુઃખનું નિવારણ કરી સં૦ ૧૯૭૭ના ચૈત્ર શુદિ ૯ના દિને મહારાજશ્રીએ બિકાનેરમાં પ્રવેશ કર્યો. અહીં ભગવતી સૂત્રની વાચના કરી. અહીંના ચોમાસા દરમિયાન ઘણી ધર્મારાધના કરાવી. સંઘે સારો લાભ લીધો. ત્યાંથી વિહાર કરી લૂણકરણસર, મહાજન આદિ ગામોમાં થઈ સૂરતગઢ પધાર્યા. ત્યાંથી હનુમાનગઢ વગેરે ગામોમાં પ્રચાર કરી ડબવાલીથી મંડી ગયા અને પંજાબમાં પ્રવેશ કર્યો.

ત્રણ વર્ષના ગાળામાં ગોડવાડના ઉદ્ધાર માટેનો મહારાજશ્રીના સતત ભારે પરિશ્રમ છતાં જ્ઞાનપ્રચારનું ધાર્યું કામ ન થઈ શક્યું. સ્થળે સ્થળે પાઠશાળાની સ્થાપના થઈ. માનવીને કચડતી રૂઢિઓ સામેના

લલકારથી નવજાગૃતિ આવી. ધર્મ એ માનવીને બધાં ક્ષેત્રોમાં આદરવાની, આચરવાની વસ્તુ છે અને સમાજના બંધિયાર પાણી ધર્મને ખપતાં નથી. ધર્મ સૌ કોઈ માટે છે અને સામાન્ય માનવી પણ ધર્મ આચરી શકે છે એની પ્રતીતિ મહારાજશ્રીએ કરાવી. ગોડવાડમાં નવજાગૃતિના પ્રથમ દુંદુભિ વાગી ચૂક્યાં હતાં.

* * *

પંજાબમાં ચૌદ-પંદર વર્ષના ગાળા બાદ પ્રવેશતા મુનિશ્રીવલ્લભવિજયનું હોશિયારપુરની જનતાએ અભૂતપૂર્વ સ્વાગત કર્યું. લાલા દૌલતરામે એકસો સોનામહોરોનો સાથિયો કરી મહારાજશ્રીની વંદના કરી. પંજાબના શ્રીસંઘે અભિનંદનપત્ર આપ્યું. આના જવાબમાં તા૦ ૨–૩–૧૯૨૨, સંવત ૧૯૭૮ના ફાગણ શુદિ પાંચમે મહારાજશ્રીએ 'આત્માનંદ જૈન કૉલેજ'નું સ્વપ્ન રજૂ કર્યું. એ જ દિવસે પંજાબ મહાવિદ્યાલય માટે પંજાબના સંઘે ફંડ કર્યું અને બે લાખ રૂપિયા જોતજોતામાં લખાઈ ગયા. ભારતભૂષણ પંડિત મદનમોહન માલવિયા સાથે અર્ધો કલાક સુધી વિચાર-વિનિમય કર્યો.

રાષ્ટ્રીય આંદોલનનો દેશમાં યુગ હતો. તિલકયુગ પૂરો થયો હતો અને મહાત્મા ગાંધીજીના હાથમાં રાજકીય પ્રવૃત્તિનું નેતૃત્વ આવતું હતું. પહેલા વિશ્વયુદ્ધના અંત બાદ જનતાની આશાઓ ઠગારી નીવડી અને રાષ્ટ્રમાં ભારે અશાંતિ થઈ ગઈ. સ્વદેશીની હિલચાલ દેશમાં શરૂ થઈ. મહાત્મા ગાંધીજીએ સમગ્ર ભારતમાં નવજાગૃતિનું પૂર આણ્યું હતું. રેશમી વસ્ત્રોનો ત્યાગ કરી લોકો ખાદી અપનાવતા થયા હતા. મહારાજશ્રીએ બિકાનેરથી ખાદી અપનાવવાની શરૂ કરી. હોશિયારપુરના વ્યાખ્યાનોને પરિણામે અપવિત્ર કેસરનો ઉપયોગ ન કરવા વિશે, સ્વદેશી વસ્ત્રો અંગે તેમ જ બીજા અનેક ઠરાવો થયા.

હોશિયારપુરથી ફગવાડા થઈ ફિલોર વાટે મહારાજશ્રી લુધિયાણા પધાર્યા. ત્યાં પૂ૦ આત્મારામજી મહારાજની જયંતી ઊજવી, વિહાર કરી સં૦ ૧૯૭૮ના જેઠ વદિ છઠના દિને અંબાલા પધાર્યા. ત્યાં તેમણે છત્રીસમું ચોમાસું કર્યું. આ ચોમાસા દરમિયાન શ્રી આત્માનંદ જૈન હાઈસ્કૂલની ભૂમિકા રચાઈ ગઈ અને પુસ્તકાલયની શરૂઆત થઈ ગઈ. ત્યાંથી મહારાજશ્રી પતિયાલા થઈ સમાના ગયા અને સં૦ ૧૯૭૯ના મહા શુદિ ૧૧ના રોજ પ્રતિષ્ઠા કરાવી. સમાનાથી નાણા થઈ માલેરકોટલામાં મહાવીર–જયંતી ઊજવી મહારાજશ્રી હોશિયારપુર ગયા. સં૦ ૧૯૭૯નું આડત્રીસમું ચાતુર્માસ ત્યાં કર્યું.

હોશિયારપુરથી વિહાર કરી મહારાજશ્રી કાંગડાની યાત્રા કરી પાછા વિહાર કરી મિયાની, ઉરમદ થઈ જંડિયાલાગુરુ ગયા. ત્યાંથી અમૃતસર પધાર્યા અને ત્યાર બાદ લાહોર ગયા. સં૦ ૧૯૮૦નું ઓગણચાલીસમું ચાતુર્માસ લાહોરમાં કર્યું. શ્રી આત્માનંદ જૈન મહાસભાનું કાર્ય વેગવાન બન્યું હતું. લાહોરમાં પ્રતિષ્ઠા થઈ અને એ જ દિવસે મુનિ શ્રીવલ્લભવિજયજીને આચાર્યની પદવી અપાઈ. આચાર્ય–પદની પદવી માટે પ્રવર્તક શ્રી કાંતિવિજયજી, તથા શ્રી હંસવિજયજી, શ્રી સંપતવિજયજી તથા શ્રી સુમતિવિજયજીની સંમતિ સંઘે મેળવી લીધી હતી. આ વખતે પંચોતેર શહેરના આગેવાન લોકો તેમ જ હજારોની માનવમેદની જામી હતી. બંને ઉત્સવો લાહોરના શ્રીસંઘે અપૂર્વ ભક્તિપૂર્વક કર્યા.

લાહોરમાં સં૦ ૧૯૮૧ના માગસર શુદિ પાંચમના દિવસે પંજાબના શ્રીસંઘે અભિનંદનપત્ર આપ્યું. મહારાજશ્રીની આચાર્યની પદવીની સાથોસાથ પન્યાસ સોહનવિજયજીને ઉપાધ્યાય પદ અપાયું. આ પ્રસંગે જામનગરથી પ્રવર્તક શ્રી કાન્તિવિજયજીએ મંગળ આશીર્વાદ પાઠવતો લાંબો પત્ર મોકલ્યો હતો, જેમાં તેઓશ્રીએ જણાવ્યું કે, "આપ ગુરુમહારાજની સેવાભક્તિમાં નિરંતર રહ્યા છો, પંજાબમાં મહારાજસાહેબરૂપી સૂર્યનો અસ્ત થયા પછી તે ક્ષેત્રોમાં તમારા હાથે અનેક પ્રભાવજનક શુભકાર્યો થયાં છે, તથા નિરંતર ભ્રમણ કરીને ઘણી ઉન્નતિ કરી છે. આ બધાંથી આકર્ષિત થઈને શ્રીસંઘે આપને

ગુરુમહારાજના પટ્ટ પર અભિષિક્ત થયા છે તે ખુશીની વાત છે. હવે ભવિષ્યમાં તમારા દ્વારા અધિકાધિક ધર્મ-કાર્યો થાય, શાસનની શોભામાં ઉત્તરોત્તર વૃદ્ધિ થાય તથા અન્ય મુનિરાજો પણ તેનું અનુસરણ કરે તો તેની શોભા એ પણ આપની જ શોભા છે... શ્રી ૧૦૦૮ શ્રી સ્વર્ગવાસી શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી તથા શ્રી ૧૦૦૮ શ્રી લક્ષ્મીવિજયજી મહારાજની વિદ્યામાનતામાં પ્રાયઃ પરસ્પર કષાય થાય એવો પ્રસંગ ઉપસ્થિત જ નહોતો થયો. કદાપિ દૈવયોગે સકારણ કે નિષ્કારણ છદ્મસ્થપણાની લહેરમાં કોઈ ને કષાય આવી જતો તો તે વખતે સંપ થઈ જતો અથવા કરાવી દેવામાં આવતો. સાંવત્સરિક પ્રતિક્રમણમાં ક્ષમાપના કરતા અને બીજા પાસે અવશ્ય કરાવતા. કદાચ અજ્ઞાનવશ થઈ કોઈ તે પર ધ્યાન ન આપતું તો તેને સમજાવતા : 'જીવ' જે ક્ષમાપના કરે છે તે આરાધક થાય છે અને જે નથી કરતો તે આરાધક નથી થતો તેથી ક્ષમાપના કરીને આરાધક થવું એ શ્રેષ્ઠ છે.' ગુરુમહારાજના અમૃતવચનો સાંભળી કોઈ પણ શાંત થઈ જતો અને ક્ષમાપના કરી લેતો. તમે ગુરુમહારાજના ચરણોમાં રહી ખૂબ અનુભવ સંપાદન કર્યો છે તો તેમનું અનુકરણ કરવું યોગ્ય છે. શ્રી ગુરુમહારાજ આપને સહાયતા આપે અને આપ એવાં કાર્યો કરવાને યોગ્ય બનો જેનાથી શ્રી ગુરુમહારાજનું શુભ નામ જગતમાં અધિકથી અધિક રોશન થાય."

* * *

લાહોરનો ઉત્સવ પતાવી આચાર્યશ્રી ગુજરાનપુર આવ્યા. ગુજરાનપુરે અંતરની પુષ્પમાળાથી તેમને વધાવ્યા. મુંબઈ ખાતે પન્યાસ શ્રી લલિતવિજયના પ્રયાસથી અને શેઠશ્રી વિઠ્ઠલદાસની ઉદારતાથી મહારાજશ્રીની પ્રતિજ્ઞા પૂર્ણ થઈ. 'શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ'ની શરૂઆત થઈ. સં० ૧૯૮૧નું ચાતુર્માસ અહીં પૂર્ણ થયું. ગુરુકુળની સમિતિ રચાઈ. ઉત્તરોઉત્તર એનો વિકાસ સધાયો. આ ચાતુર્માસમાં પંજાબની ઉન્નતિ માટે ધગશપૂર્વક કાર્ય કરનાર, કર્મશીલ અને સાચા સમાજ સુધારક સમા અનન્ય ભક્ત અને કર્મશીલ શિષ્ય શ્રી સોહનવિજયજીની ખોટ પડી. સં० ૧૯૮૨ના કાર્તિક વદિ ચૌદશના દિવસે ઉપાધ્યાયશ્રી કાળધર્મને પામ્યા. શ્રી સોહનવિજયજી મહારાજે શ્રી આત્માનંદ જૈન મહાસભાની શરૂઆત કરાવી હતી. પંજાબની પ્રત્યેક પ્રવૃત્તિમાં તેઓ ભારે રસ લેતા હતા.

ગુજરાનવાલા ગુરુકુળની સ્થાપના કરી વિહાર કરી આચાર્યશ્રી પંજાબના શહેરોમાં થઈ હસ્તિનાપુર તીર્થની યાત્રા કરી બિનોલી પધાર્યા. દેવબંધમાં આચાર્યશ્રીએ "જૈનધર્મની વિશિષ્ટતા" પર પ્રવચન કર્યું. જૈન સિદ્ધાંતો સમજાવ્યા. બિનોલીમાં પ્રતિષ્ઠાનો મહાન ઉત્સવ થયો. જેઠ શુદિ ત્રીજના દિવસે લાલા ખજાનચીલાલ લોઢા અને રાધનપુરવાળા શ્રી ભોગીલાલને દીક્ષા આપવામાં આવી અને તેમનાં નામ અનુક્રમે મુનિશ્રી વિશુદ્ધવિજયજી તથા મુનિશ્રી વિકાસવિજયજી (મહેન્દ્ર પંચાગ કર્તા તરીકે પ્રસિદ્ધ છે) રાખવામાં આવ્યાં. બિનોલીમાં મેઘવાળો માટે પાણીની વ્યવસ્થા કરાવી આપી. બિનોલીથી વિહાર કરી બડૌત પધાર્યા અને સં० ૧૯૮૨નું ચાતુર્માસ બડૌત કર્યું. અહીં પર્યુષણ પર્વની સારી ઉજવણી થઈ. નૂતન જિનમંદિરનું ખાતમુહૂર્ત સં० ૧૯૮૨માં થયું અને સં० ૧૯૯૫માં મહા શુદિ સાતમના દિને પ્રતિષ્ઠા કરી. બડૌતથી વિહાર કરી આચાર્યશ્રી દિલ્હી પધાર્યા. દિલ્હીમાં ગોડવાડના આગેવાનો તેમ જ મુંબઈથી દાનવીર શેઠ વિઠ્ઠલદાસ ઠાકોરદાસ દર્શનાર્થે આવ્યા. આખો મહિનો પ્રવચનો થયાં. ત્યાંથી વિહાર કરી આચાર્યશ્રી અલવર પધાર્યા. ત્યાં પ્રતિષ્ઠા કરી જયપુર, અજમેર, નયાશહેર વગેરે સ્થળોએ વિહાર કરતા કરતા આચાર્યશ્રી બીજોવા પધાર્યા. સં० ૧૯૮૩નું ચોમાસું ત્યાં કર્યું. બીજોવામાં શ્રી આત્મવલ્લભ જૈન લાયબ્રેરી તથા જૈન યુવક મંડળ સ્થપાયાં. અહીંથી ઝડપથી વિહાર કરી પાટણ આવ્યા. પાટણથી મરુભૂમિના ઉદ્ધાર માટે પન્યાસ શ્રીલલિતવિજયજીને આજ્ઞા આપી. પરિણામે વરકાણામાં એક મહાન સંસ્થા ઊભી થઈ. વરકાણા વિદ્યાલયે ઘણી પ્રગતિ કરી અને એ સંસ્થા ખૂબ જ વિકસી.

मुनि श्रीहंसविजयजी

आचार्य श्रीविजयललितसूरि

સં૦ ૧૯૮૪ના ફાગણ શુદિ ત્રીજના દિવસે પાટણે આચાર્યશ્રીનું ભાવભીના હૃદયે સ્વાગત કર્યું. પાટણમાં પ્રવર્તકજી મહારાજ, મુનિશ્રી ચતુરવિજયજી, મુનિશ્રી પુણ્યવિજયજી વગેરે સાથે વિચાર–વિનિમય કર્યો. એક વિદ્યાર્થી સંમેલન યોજાયું. પંજાબ તથા મારવાડના વિદ્યાર્થીઓએ આચાર્યશ્રીની પ્રવૃત્તિનું દર્શન કરાવ્યું. આ પછી ચારૂપ, કલાણા, મેત્રાણા, ગઢ, ભીલડિયાજી, ડીસા અને પાલણપુરનો વિહાર કરી પાટણમાં સં૦ ૧૯૮૪નું ચોમાસું કર્યું. પાટણના જ્ઞાનભંડારો માટે થતા કાર્યનો આચાર્યશ્રીને ખ્યાલ આવ્યો:

પાટણના ચોમાસા બાદ ગાંભુ તીર્થની યાત્રા કરી. ધીણોજથી મહેસાણા થઈ બોરુ ગયા અને પાનસર તીર્થમાં ચારપાંચ દિવસની સ્થિરતા કરી. ત્યાંથી વિહાર કરી કલોલ-શેરીસા થઈ અડાલજ ગયા અને ત્યાંથી વલાદ, નરોડા દ્વારા અમદાવાદ આવ્યા. અમદાવાદે આચાર્યશ્રીને હેતના સ્વસ્તિકથી સાદાઈપૂર્વક વધાવ્યા. અમદાવાદમાં શ્રી ઊજમબાઈની ધર્મશાળામાં સ્થિરતા કરી અને વિશાશ્રીમાળીની વાડીમાં જાહેર પ્રવચનો કર્યાં. સં૦ ૧૯૮૫ના માગશર વદિ છઠ્ઠના દિને સ્વર્ગવાસી પૂ૦ શ્રી મૂળચંદજી મહારાજની જયંતી ઊજવી. અહીંથી વિહાર કરી બારેજા, માતર, વડોદરા, મીઆગામ, વામજ, જગડીઆ, વગેરે સ્થળોએ થઈ આચાર્યશ્રી કરચલીઆ પધાર્યા.

અમદાવાદના પ્રવચનોમાં આચાર્યશ્રીએ ' સમયધર્મ ' ઉપર ઘણો ભાર મૂકયો. તેઓ કહેતા હતા : "યુવકોને નાસ્તિક અને વૃદ્ધોને અંધશ્રદ્ધાળુ કહેવાથી કશો અર્થ સરવાનો નથી. બંનેના હાથ મેળવી સમયને, દેશકાળને ઓળખીને તેમને અને જગતને બતાવી આપવાનું છે કે જૈન ધર્મ શ્રેષ્ઠ છે. મોક્ષ એ કાંઈ કોઈનો ઇજારો નથી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ દરેક જો વીતરાગ બને તો મોક્ષ મેળવી શકે છે. ગૌતમાદિ ગણધર બ્રાહ્મણ હતા, તીર્થંકર દેવો ક્ષત્રિય હતા ને જંબૂસ્વામી આદિ વૈશ્ય હતા. જૈન ધર્મમાં સર્વને સ્થાન છે. **જૈન ધર્મ છે, જાતિ નથી.** જૈનનો અનુયાયી ગમે તે જાતિનો હોઈ શકે છે. રાગ-દ્વેષને છોડે તે કૈવલ્યપ્રાપ્તિ કરી મોક્ષાભિગમન કરી શકે છે. પુરુષ, સ્ત્રી કે નપુંસકને પણ મોક્ષને લાયક ગણ્યો છે; આમાં લિંગભેદ ક્યાંયે નથી.

"પૂર્વાચાર્યો સમયાનુસાર વર્તીને જૈન ધર્મ દીપાવી ગયા છે. પૂર્વના જૈનો પણ તે પ્રમાણે વર્તીને પોતાનાં નામો રોશન કરી ગયા છે. આજે આપણે ક્યાં છીએ ? વિચાર કરો, આપણે ક્યાં છીએ ? આપણું કર્તવ્ય શું છે ?

"કેળવણી વિના આપણો આરો નથી. કેળવણી પણ ધાર્મિક શ્રદ્ધા અને સંસ્કારથી સુવાસિત હોવી જોઈએ. જ્યાંસુધી આ પ્રકારની ધાર્મિક કેળવણી નહિ હોય ત્યાંસુધી આપણો ઉદ્ધાર જ નથી. ફક્ત કેળવાયેલા જ જૈન શાસનની રક્ષા કરશે. સ્વામી–ભાઈની કમાવાની તાકાતમાં વધારો કરો. એક દિવસની રોટી આપ્યા કરતાં તેને નિરંતર રોટી મળે એવી વ્યવસ્થા કરો. જ્ઞાનીઓએ સાત ક્ષેત્ર કહ્યાં છે : (૧) જિનચૈત્ય (૨) જિન–પ્રતિમા (૩ અને ૪) સાધુ અને સાધ્વી (૫) સદ્જ્ઞાન (૬ અને ૭) શ્રાવક અને શ્રાવિકા. તીર્થનો વિચ્છેદ થતાં પ્રથમ શ્રાવક-શ્રાવિકા, પછી સાધુ અને સાધ્વીનો વિચ્છેદ થશે. તીર્થમાં શ્રાવક-શ્રાવિકા પણ છે. માટે સંઘના એ અંગને પણ મજબૂત બનાવવું પડશે. શ્રી મૂળચંદજી મહારાજના સમયમાં કુસંપ નહોતો, અને જ્યાં કુસંપ હોય ત્યાં જંપ થતો. તે સમયે ઝીણાં કપડાં નહોતાં વપરાતાં, હમણાં તો તમે અમને ઝીણાં કપડાં વહોરાવો છો; તે સમયે અમે ચા-દૂધ માટે વહોરવા નહોતા નીકળતા, આજે અમે તેમ કરતા થઈ ગયા છીએ. અમારે ને તમારે આ સમજવાનું છે કે આપણી આ સહેલાણીપણાની ટેવ ત્યાગી–ફકીરને લાયક છે ખરી ? સ્વધર્મીઓ માટે ઉદ્યમ કરો. તેમને વ્યાવહારિક કેળવણી સાથે ધાર્મિક શિક્ષણ મળે તેવો પ્રબંધ કરો. એકલી પૌદ્ગલિક કેળવણીથી કોઇનો ઉદ્ધાર નથી થવાનો. ધાર્મિક કેળવણી હશે તો ધાર્મિક સંસ્કાર મળશે. તો જ

વિવેકપ્રાપ્તિ થશે. તો જ શાસન હિતનાં સારાં કામો થશે. ભાવિ પ્રજાના યુવકો નાસ્તિક બનતા જાય છે તેનું કારણ શું? તેઓ ગુરુઓ પાસે આવે છે તે શું 'નાસ્તિક' શબ્દ સાંભળવા? અને આમ તેમને તમે નાસ્તિક કહ્યા કરશો તો તેઓ—ભાવિ પ્રજા તમારી પાસે આવશે ખરી? રસ્તો એક જ છે: ધાર્મિક જ્ઞાનસંસ્કાર મળે તેવી વ્યવસ્થા કરો, સંપ કરો. સાધુઓના સંબંધમાં મનફાવે તેમ લખે તેવા છાપાઓને ન પોષો."

* * *

સં૦ ૧૯૮૫ના પોષ શુદિની શરૂઆતમાં આચાર્યશ્રી છાણીથી વડોદરા પધાર્યા. ત્યાંથી મહા શુદિ ૫–૬ના દિને કરચલીઆમાં અપૂર્વ પ્રતિષ્ઠા-મહોત્સવ કરાવ્યો. અહીં સમાજ-ઉત્થાન અને જૈનધર્મ પર પ્રવચનો કર્યાં. પાઠશાળા પણ શરૂ થઈ. મહા વદિ દશમના દિવસે બુહારીના સંઘે આચાર્યશ્રીનું સામૈયું કર્યું. ત્યાં પચીસ દિવસ સ્થિરતા કરી. મુંબઈના બત્રીસ ગૃહસ્થોના પ્રતિનિધિ મંડળે અહીં આવી મુંબઈમાં ચોમાસું કરવા વિનતિ કરી. આચાર્યશ્રીએ તેનો સ્વીકાર કર્યો. કરચલીઆથી વિહાર કરી ટાંકલ થઈ સીસોદરા અને ત્યાંથી નવસારી પધાર્યા. ત્યાં ચૈત્રી પૂનમ કરી ત્યાંનો કલેશ શાંત કર્યો. અહીંથી આચાર્યશ્રી સૂરત પધાર્યા અને ગોપીપુરાના મોહનલાલજી મહારાજના ઉપાશ્રયમાં ઊતર્યા. ત્યાંથી નાપી થઈ ગોલવડ પધાર્યા. પન્યાસ શ્રીલલિતવિજયજી વરકાણાથી ત્યાં આવી પહોંચ્યા. સં૦ ૧૯૮૫ના જેઠ શુદિ સાતમે શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં આચાર્યશ્રી પધાર્યા. આઠમના દિવસે પૂ૦ આત્મારામજી મહારાજની જયંતી ઊજવી. આચાર્યશ્રીએ શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં અપૂર્વ આનંદ, પ્રેમ અને ધર્મભાવના જોયાં. ખૂબ આનંદ થયો અને પોતાની એક અપૂર્વ મહત્ત્વાકાંક્ષા પૂર્ણ સ્વરૂપે ફળેલી જોઈ એમના હૈયામાં આનંદ આનંદ થઈ ગયો. જેઠ શુદિ દશમના દિને મુંબઈએ આચાર્યશ્રીનું બાદશાહી સ્વાગત કર્યું. સં૦ ૧૯૮૫ના મુંબઈ ખાતેના ચાતુર્માસમાં ગોડીજીના ઉપાશ્રયમાં જૈનસમાજની વર્તમાન પરિસ્થિતિ, જ્ઞાનપ્રચારની આવશ્યકતા, સમાજકલ્યાણની જરૂરિયાત, સાચું સ્વધર્મી વાત્સલ્ય, શિક્ષણસંસ્થાઓની સમૃદ્ધિ વગેરે વિષયો ઉપર મનનીય પ્રવચનો થયાં. ચાતુર્માસ પછી આચાર્યશ્રીની પ્રેરણાથી એક કચ્છી આગેવાને વીસા ઓસવાળ જૈન બોર્ડિંગને રૂપિયા સવા લાખની ઉદાર સખાવત કરી. અહીં અમુક વર્ગનો ઉહાપોહ છતાં આચાર્યશ્રીનો જવાબ સ્પષ્ટ હતો: " શાંતિમાં જ શ્રેય છે. ઉહાપોહથી કશું વળવાનું નથી. જેનું કામ જે હોય તે કરે. જૂઠા આક્ષેપો કરવાની કશી જ જરૂર નથી. શાંતિ રાખવી એ જ આપણો ધર્મ. વિરોધી પક્ષના હૃદયને જીતવા શાંતિ જેવું અમોઘ શસ્ત્ર બીજું એકેય નથી. રાગદ્વેષ ન રાખીએ તો આપણો કોઈ વિરોધી નથી. શાંતિ અને સચ્ચાઈ આખરે જીતશે. "

મુંબઈથી વિહાર કરી ઘાટકોપર, થાણા વગેરે સ્થળોએ થઈ આચાર્યશ્રી ખડકી આવ્યા અને પૂનાના સંઘની તડોનું સમાધાન કર્યું—ત્યાર પછી જ પૂનામાં પ્રવેશ કર્યો, અહીં સં૦ ૧૯૮૬નાં ચાતુર્માસ દરમ્યાન અદ્યતન શિક્ષણ-સંસ્થાઓનો ખ્યાલ મેળવ્યો. શ્રીસંઘની વિનતિથી ઉપધાન-અનુષ્ઠાન ખૂબ જ સાદાઈથી અને શુદ્ધ ક્રિયા દ્વારા કરાવ્યા. શ્રી આત્માનંદ જૈન લાયબ્રેરીની સ્થાપના થઈ. ત્યાંથી વિહાર કરી તળેગામ, ઢમઢેરા, અહમદનગર થઈ યેવલા પધાર્યા અને ત્યાં પ્રતિષ્ઠા કરાવી. ઇલોરાની આકર્ષક ગુફાઓ જોઈ. દોલતાબાદ ઔરંગાબાદ વિહાર કરી આચાર્યશ્રીએ અંતરિક્ષજી પાર્શ્વનાથની યાત્રા કરી ત્યાં પચીસેક દિવસની સ્થિરતા કરી. ધર્મશાળા માટે પ્રેરણા આપી બાલાપુર પધાર્યા અને ત્યાં સંવત ૧૯૮૭નું ચાતુર્માસ કર્યું. આકોલા ખાતે શ્રી સમુદ્રવિજયજી મહારાજ તેમ જ બીજાઓને આચાર્યશ્રીએ આજ્ઞા આપી. ત્યાંથી સંવત ૧૯૮૮ના પોષ માસમાં વિહાર કરી ખામગામ આદિ થઈ બુરાનપુર પધાર્યા.

બુરાનપુરના સંઘનો કુસંપ દૂર કરાવ્યો. માતાપુત્ર વચ્ચેનો ઝઘડો દરમિયાનગિરી કરી દૂર કરાવ્યો. ત્યાંથી વિહાર કરી માંડવગઢ થઈ, શાંતિનાથ પ્રભુની યાત્રા કરી, આચાર્યશ્રી ધારમાં પધાર્યા. ત્યાંથી આશાપુર તરફ વિહાર કરી ભોપાવર તીર્થમાં બાર ફૂટની શ્રી શાંતિનાથ પ્રભુની કાયોત્સર્ગમાં ઊભી ભવ્ય મૂર્તિના દર્શન કરી પટલાવદ થઈ રતલામના આગ્રહથી ત્યાં ગયા. ત્યાંથી સૈલાના, વાંસવડા આદિ થઈ આશપુર પધાર્યા. પાટણથી વિદ્વાન મુનિશ્રી પુણ્યવિજયજી, મુનિશ્રી પ્રભાવિજયજી, મુનિશ્રી રામવિજયજી આદિ આબુ કેશરિયાજીની યાત્રા કરી આશપુર આવી આચાર્યશ્રીને મળ્યા. ત્યાંથી ભંકોડા ગામમાં થઈ કેશરિયાજી પધાર્યા. શ્રી મહાવીરજયંતી તેમજ શ્રી નવપદજીની ઓળી કરી ઉદયપુર પધાર્યા. અહીંયાં મહારાણાને જૈનધર્મનું રહસ્ય સમજાવ્યું. ત્યાંથી રાણકપુર વગેરે થઈ સાદડી થઈ આચાર્યશ્રી વરકાણાજી પધાર્યા. ત્યાંથી ચાંદરાઈ, કવરાડા થઈ, બીજેવા થઈ, નાંડોલ ગયા. ત્યાં પદ્મપ્રભુજીના મંદિરના પ્રતિષ્ઠા કરી પાછા વરકાણા થઈ ચાતુર્માસ માટે સાદડી પધાર્યા. સં૦ ૧૯૮૮નું ચોમાસું અહીં કર્યું.

આંતરિક અશાંતિ દૂર કરવા માટે આચાર્યશ્રીએ સં૦ ૧૯૮૮ના આસો વદિ ૯, રવિવાર તા૦ ૨૩–૧૦–૧૯૩૨ના રોજ આત્મનિવેદન કર્યું. આ નિવેદન આચાર્યશ્રીના સ્વભાવનો સરસ ખ્યાલ આપી જાય છે. આ નિવેદનમાં તેમણે જણાવ્યું હતું કે, "આ વર્ષે સાંવત્સરિક પર્વ નિમિત્તે આત્મવિચારણા કરતા સંઘ અને શાસન પરત્વે કેટલાક વિચારો આવ્યા, જેમાંથી થોડો ભાગ–જે મારા પોતાના આત્મા અને સંઘ સાથે સંબંધ ધરાવે છે તેટલો ભાગ–સંઘ સમક્ષ મૂકવા ઇચ્છું છું. જો તેમાં કોઈને સમભાવ અને સત્ય દેખાય તો તેના પર વિચાર કરે.

"આજકાલ આખા જૈન સંઘમાં કલેશ અને કંકાસનું વાતાવરણ ચોમેર ફેલાઈ રહ્યું છે અને તે દિવસે દિવસે ઉગ્ર બનતું જાય છે. દરેક પક્ષકાર સામા પક્ષ ઉપર બધો દોષ નાખવા પ્રયત્ન કરે છે. સામો પક્ષ પણ એ જ કાદવ ઉડાડતો હોય છે. પરિણામે કોઈ પોતાના દોષ તરફ અને બીજાના ગુણ-પરત્વે લક્ષ આપતું નથી. સંઘના કેટલાક આગેવાનો મને પણ કહે છે કે સંઘમાં શાંતિ સ્થાપવી જોઈએ, અને આપ આ કલેશો દૂર કરવા કંઈ કરો.

"ધર્માત્મા અને સરળ ચિત્તવાળા આવા ભાઈઓની વાત ઉપર હું વિચાર કરું છું ત્યારે છેવટે મને એમ લાગે છે કે આ બાબતમાં હું મારા આત્મનિવેદન સિવાય કંઈ કરી શકું તેમ નથી. કોઈનો સૌના ઉપર અધિકાર ચાલતો નથી, તેમ સૌ એક સ્વભાવના હોઈ શકે નહિ. તેથી મને મારા પોતાના વિશે કાંઈ કરી શકવાનો કે કહેવાનો હક રહે છે. જૈન સંઘમાં વર્તતા કે વધતા કોઈ પણ જાતના કલેશમાં હું નિમિત્ત થતો હોઉં એ મારી જાણમાં આવતું નથી. પ્રયત્ન તો એ વિશે હોય જ ક્યાંથી? તેમ છતાં એવો પણ સંભવ છે કે જે વસ્તુ મારા લક્ષમાં ન હોય કે ન આવતી હોય તે બીજાઓના લક્ષમાં આવે કે આવતી હોય છે. તેથી આ બાબતમાં મને એક જ માર્ગ સૂઝે છે, અને તે કોઈ પણ રીતે નુકસાનકારક નથી. કદાચ તે બીજાઓને પણ અનુકરણ કરવા જેવો બને. તે માર્ગ આ છે:

"ન્યાયાંભોનિધિ જગદ્વિખ્યાત પરમ ગુરુદેવ ૧૦૦૮ શ્રી વિજયાનંદસૂરીશ્વરજીના હસ્તે દીક્ષિત અને અમારા સંઘાડામાં અતિ માન્ય વયોવૃદ્ધ એવા બે મુનિવરો છે, જેમને હું પૂજ્ય ગણું છું અને જેમના માટે જૈન સંઘના મોટામાં મોટા ભાગને આદરમાન છે. તે બે પ્રવર્તક શ્રી કાંતિવિજયજી અને શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજ છે. આ બે સિવાય વિદ્વાન, પ્રતિભાસંપન્ન અને પ્રભાવશાળી આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ અને શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજ છે કે જેઓ તદ્દન નિષ્પક્ષ અને કોઈનાય પ્રભાવથી અંજાય તેવા નથી. આ ચાર સ્થવિરોને હું મારા તરફથી વિનવું છું કે તેઓ એકત્ર મળીને અગર પત્રવ્યવહાર કરીને જો હું કંઈ ભૂલ કરતો હોઉં તો તે વિશે વિચાર ચલાવે. તેમના

એ વિચારના પરિણામે આ સંઘ-કલેશની બાબતમાં જો કંઈ મારી ભૂલ દેખાય તો તેઓ મને સૂચવે."

"શ્રીસંઘને હું ખાતરી આપું છું કે ઉક્ત ચાર સ્થવિરોની એકમતિથી કે બહુમતિથી પણ જો મને મારી કંઈ પણ ખામી જણાવવામાં આવશે તો હું તેના પર શ્રદ્ધા અને ઉદારતાપૂર્વક વિચાર કરીશ, અને જો એ ખાતરી સાચી ભાસશે તો તેનો ખુલ્લેખુલ્લો એકરાર હું કરીશ. એટલું જ નહિ પણ મારા તરફથી એને દૂર કરવા હું બનતું કરીશ. હું સમજું છું કે, પરિમિત શક્તિવાળો કોઈપણ–પછી તે ભલે આચાર્ય હોય–સમગ્ર સંઘ પરત્વે આથી વધારે શું કરી શકે? બાકી હું તો મારા પોતાથી બનતી શાસનસેવા અને સંઘનું હિત સાધી શકાય તેટલું સાધું છું અને સાધતો રહીશ એમાં કોઈને કંઈ કહેવાપણું નહિ રહે."

જેસલમેર સંઘમાં જવાની નેમથી ચાતુર્માસ પૂરું થતાં આચાર્યશ્રી રાણકપુરની યાત્રાએ ગયા અને ત્યાંથી સાદડી, વરકાણા, પાલી થઈ, જોધપુરનું સામૈયું સ્વીકારી મણોદ તીર્થ થઈ, ઓસિયા થઈ આચાર્યશ્રી ફલોધિ પધાર્યા. અને સંઘપતિ શેઠશ્રી પાંચુલાલજી સાથે જેસલમેરની યાત્રાએ ગયા. જેસલમેરના પ્રાચીન મંદિરો અને અદ્વિતીય જ્ઞાનભંડારોનો આચાર્યશ્રીએ ખ્યાલ મેળવ્યો. જેસલમેરથી બાડમેર તરફ વિહાર કરી, નાકોડા તીર્થની યાત્રા કરી, બાલોતરાદિ થઈ જાલોર પધાર્યા. ત્યાં દર્શન કરી, આહોર, ગુડા, બાલોતરા આદિ થઈ આચાર્યશ્રી ઉમેદપુરમાં પધાર્યા. ત્યાંથી વિહાર કરી વાંકલીમાં આચાર્યશ્રી ગયા. અહીં ચૌદ વર્ષથી બે તડાઓ પડ્યા હતા અને એની ધાર્મિક કાર્યો પર અસર પડતી હતી. બંને પક્ષોને સમજાવી આચાર્યશ્રીએ ફેંસલો આપ્યો. ત્યાંથી શિવગંજ પ્રતિ ગમન કર્યું. ત્યાંનો ઝગડો શાંત કરી બામણવાડા તીર્થ આવ્યા. અહીં પોરવાડ સંમેલન મળ્યું. અહીંયાં બાર હજારની માનવ-મેદની સમક્ષ પ્રેરક ઉદ્બોધન કરી સામાજિક જાગૃતિનો અનુરોધ કર્યો. પોરવાડ સંમેલનમાં આચાર્યશ્રીએ કહ્યું કે, "દાન-પ્રવાહની નીચે સુમતિનું નીર વહેતું હોય તો તે ક્ષેત્ર જરૂર નવપલ્લવિત બને. સમાજની અસમાનતાઓ તપાસો. જે મારવાડી ભાઈઓમાં શિક્ષણના સંસ્કાર ન હોવાથી તેમની શું સ્થિતિ છે તે તપાસો."......આ સમયે શાંતમૂર્તિ શ્રી શાંતિવિજયજી મહારાજે રત્નપ્રભસૂરિ આદિ પૂર્વાચાર્યોનો દાખલો આપી પ્રેરક પ્રવચન કર્યું. પોરવાડ સંમેલને શિક્ષણ અંગે, મૃત્યુ પાછળના જમણવારો બંધ કરવા અંગે, કન્યાવિક્રય બંધ કરાવવા અંગે, તેમજ વૃદ્ધલગ્ન અને બાળલગ્ન બંધ કરાવવા અંગે ઠરાવો કર્યા. સ્ત્રીઓની પણ જાહેર સભા થઈ. મારવાડમાં આથી સારી જાગૃતિ આવી. સંમેલને આચાર્યશ્રીને, યોગીરાજ શ્રી વિજયશાંતિસૂરીશ્વરજીને અને પન્યાસ લલિતવિજયજીને બિરુદો અર્પણ કર્યાં. બામણવાડાથી તીર્થયાત્રાઓ કરી આચાર્યશ્રી પાલણપુર પધાર્યા. ત્યાંથી પાટણ જઈ પૂ૦ આત્મારામજી મહારાજની જયંતી ઊજવી. આત્માનંદ જૈન શતાબ્દી માટે ભૂમિકા રચી. આચાર્યશ્રી ફરીથી પાલણપુર આવ્યા. ત્યાં ઉપધાન કરાવ્યા. સં૦ ૧૯૮૯નું ચોમાસું અહીં કર્યું. પાલણપુરથી ઝડપી વિહાર કરી સં૦ ૧૯૯૦ના માગશર વદિ એકમના દિવસે પાલીતાણા પધાર્યા. ત્યાં શ્રી મૂળચંદજી મહારાજની જયંતી ઊજવી, યાત્રા કરી ભાવનગરના સંઘના આગ્રહથી ત્યાં 'મનુષ્યકર્તવ્ય' જેવા વિષય પર મનનીય પ્રવચન કર્યું. ત્યાંથી લાઠીદડ ખાતે આચાર્યશ્રીને મુનિ-સંમેલન માટે વિનતિ કરવા અમદાવાદના નગરશેઠ શ્રી કસ્તુરભાઈ આવ્યા. આ પછી આચાર્યશ્રીએ ઝડપથી વિહાર કર્યો. બોટાદ, વઢવાણ શહેર અને વઢવાણ કેમ્પ આચાર્યશ્રી પધાર્યા. ત્યાંથી વિરમગામ, ભોયણી થઈ પાલણપુર પધાર્યા. ત્યાં ઊજમણામાં જનતાને નવી પ્રેરણા આપી. પાલણપુરમાં જૈન કન્યાશાળા ખુલ્લી મુકાઈ.

* * *

પાલણપુરથી વિહાર કરી આચાર્યશ્રી પાટણ પધાર્યા. ત્યાં શાંતમૂર્તિ મુનિવર શ્રીહંસવિજયજી મહારાજની અસ્વસ્થ તબિયત જોઈ ચિંતા થઈ પણ શ્રી હંસવિજયજીએ મુનિ-સંમેલનમાં જવાનો

આચાર્યશ્રીને અનુરોધ કર્યો. આથી આચાર્યશ્રીએ વિહાર કર્યો. પેથાપુર પાસે રાંધેજા ગામમાં મુનિશ્રી હંસવિજયજીના કાળધર્મના સમાચાર મળ્યા. સાધુ-સંઘ સંમેલનમાં ઉત્સાહ ઘણો હતો. વાતાવરણમાં નવી ચમક હતી. સારાયે હિંદની સંમેલન પર નજર હતી. પણ કાર્યપ્રણાલીનો ખ્યાલ ન આવતાં મુનિશ્રી વિદ્યાવિજયજીએ દહેગામમાં આચાર્યો-મુનિવરોનું એક નાનું સંમેલન બોલાવવાનો પ્રયાસ કર્યો. સં૦ ૧૯૯૦ના ફાગણ શુદિ અગિયારસના રોજ દહેગામમાં આ સંમેલન થયું, અને તેમાં આચાર્યશ્રી વિજયનીતિસૂરીશ્વરજી તથા મુનિશ્રી વિદ્યાવિજયજીએ ઊલટભેર ભાગ લીધો. દહેગામથી વિહાર કરી, આચાર્યશ્રીએ ફાગણ વદિ ત્રીજે અમદાવાદમાં પ્રવેશ કર્યો અને ઊજમબાઇની ધર્મશાળામાં ઊતર્યા.

સં૦ ૧૯૯૦ના ફાગણ વદિ ત્રીજે મુનિ-સંમેલન મળ્યું. જેમાં જૈન સમાજના નાયકો, આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ એક સાથે મળ્યા અને વિચાર-વિનિમય થયો. આ સંમેલનમાં કોઈ અધ્યક્ષ હતું નહિ અને સર્વ સંમતિથી કામ થયું.

શરૂઆતમાં પરસ્પર આક્ષેપો, શાસ્ત્રાર્થની ચર્ચા થઈ. વિરોધી ભાવોના સમન્વય માટે પ્રયત્ન થયો. પહેલાં બોતેર મુનિ-મહારાજોની સમિતિ રચાઈ, તે પછી ત્રીસની સમિતિ રચાઈ, પછી ચારની સમિતિ રચાઈ અને છેવટે આચાર્યશ્રી વિજયનેમિસૂરિજી, આચાર્યશ્રી વિજયસિદ્ધિસૂરિજી, આચાર્યશ્રી સાગરાનંદસૂરિજી, આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી, આચાર્યશ્રી વિજયનીતિસૂરિજી, આચાર્યશ્રી વિજયદાનસૂરિજી, આચાર્યશ્રી જયસૂરિજી, આચાર્યશ્રી વિજયભૂપેન્દ્રસૂરિજી અને મુનિરાજ શ્રીસાગરચંદ્રજી એમ નવની સમિતિ નિર્ણય કરવા માટે નીમવામાં આવી. આ સંમેલનમાં અનેક પ્રકારના નિર્ણયો થયા, પરંતુ તેનો પૂર્ણ અમલ થયો નહિ. જો આ નિર્ણયો અમલમાં મુકાયા હોત તો આજે જૈન સંઘની જુદી દશા હોત !

સંમેલન પ્રસંગે આચાર્યશ્રી વિજયદાનસૂરીશ્વરજીના સૂચનથી વર્ષો બાદ પૂ૦ આત્મારામજી મહારાજના સંઘાડાના સાધુઓ મહત્ત્વની મંત્રણા માટે વિદ્યાશાળામાં મળ્યા. વર્ષો બાદ શ્રી વિજયદાન-સૂરિજીને આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મળ્યા, પણ મતભેદોની ગાંઠો ન ઉકલી શકી. અને એ અવસર ગયો તે ગયો. જૈન સંઘનું એકતાનું સ્વપ્ન ભગ્ન અવસ્થામાં રહ્યું. ભાવિ ભાવે થવાનું હતું તે થયું !

આચાર્ય શ્રીવિજયનેમિસૂરીશ્વરજીના આગ્રહથી સેરીસાની યાત્રા માટે અમદાવાદથી ચૈત્ર વદિ આઠમના રોજ આચાર્યશ્રીએ વિહાર કર્યો. સેરીસા તીર્થમાં બંને મહામુનિઓએ સંઘના અનેક પ્રશ્નો ઉપર વિચારોની આપ-લે કરી. એક જ મકાનમાં સ્થિરતા કરી. આ પછી જૈન આગેવાનોના આગ્રહથી આચાર્યશ્રી, આચાર્યશ્રી નેમિસૂરીશ્વરજી સાથે, પાનસર ગયા અને બંને મહામુનિઓ ત્યાંથી છૂટા પડ્યા. અને ત્યાંથી આચાર્યશ્રી અમદાવાદ આવ્યા. વડોદરા, ડભોઈ થઈ લોઢણ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરી અમદાવાદ પધાર્યા. અહીં પૂ૦ આત્મારામજી મહારાજની જયંતી ઊજવી. સં૦ ૧૯૯૦નું ચોમાસું અમદાવાદમાં કર્યું.

ચોમાસું પુરું થતાં બારેજા થઈ આચાર્યશ્રી મહેમદાવાદ થઈ, કપડવંજ પધાર્યા. ત્યાં ત્રણ બહેનોને દીક્ષા આપી, વડોદરા શહેર પાવન કર્યું. અહીં પૂ૦ મૂળચંદજી મહારાજની જયંતી ઊજવી, વિહાર કરી મીઆગામ, પાલેજ આદિ થઈ ભરુચ, અંકલેશ્વર, સૂરત થઈ ત્યાંથી નવસારી, બીલીમોરા, વલસાડ થઈ આચાર્યશ્રી મુંબઈ પધાર્યા. સૂરતમાં સં૦ ૧૯૯૧ના પોષ વદિમાં ત્રણ જાહેર વ્યાખ્યાનો થયાં હતાં, ભરૂચમાં વેજલપુરના ભાઈઓનો ઝગડો દૂર થયો હતો. મુંબઇએ સં૦ ૧૯૯૧ના મહા શુદિ પાંચમના દિવસે આચાર્યશ્રીનું સુંદર સામૈયું કર્યું, અને મહા શુદિ દશમે શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં પ્રતિષ્ઠા–મહોત્સવ

પ્રસંગે "પ્રતિષ્ઠા-મહોત્સવ અને કેળવણી" પર સુંદર પ્રવચન કરતાં આચાર્યશ્રીએ જણાવ્યું હતું કે, "સમગ્ર વિશ્વમાં વિવિધ નામથી આ ક્રિયા અથવા સંસ્કાર પ્રચલિત છે. પ્રતિષ્ઠા જડ અને ચેતન બંનેની થાય છે. આપણે જોઈએ અને જાણીએ છીએ કે દુનિયામાં અમુક વ્યક્તિઓ માનનીય બનેલી છે તે કોઈ ને કોઈ કાર્ય કે સંસ્કારને લીધે જ હોય છે. આપણે એ પણ જોઈએ છીએ કે નવા જૂના બંને પ્રકારના માણસો જડની પ્રતિષ્ઠા કરે છે. નવા મકાનની પ્રતિષ્ઠા, કૂવાની પ્રતિષ્ઠા, રેલવે એંજિનની પ્રતિષ્ઠા પણ થાય છે. આ વસ્તુ "ઇન્સ્ટોલેશન,' 'ઇનોગરેશન', 'ઓપનિંગ સેરિમનીઝ" વગેરે વિવિધ નામોથી ઓળખાય છે. આપણે જે મૂર્તિની પ્રતિષ્ઠા કરીએ છીએ એની પાછળની ભાવના આપણી ઉન્નતિ અને ઉત્કર્ષના કારણરૂપ બને છે. અમૂર્તને કોઈ પણ મૂર્ત સ્વરૂપ આપ્યા વિના તેના વિશે આપણે કંઈ વિચારી શકતા નથી. મારું તો એમ જ માનવું છે કે દરેક વ્યક્તિ એક યા બીજા રૂપમાં મૂર્તિપૂજક છે."

કેળવણીનો ઉલ્લેખ કરીને આચાર્યશ્રીએ કહ્યું કે, "સંસ્થાના સંબંધમાં લોકોમાં અનેક વાતો ચાલે છે, પણ એનો ઉદ્દેશ સ્પષ્ટ છે. વ્યાવહારિક અને આધ્યાત્મિક બંને કેળવણી માનવીના વિકાસ માટે હોવી જોઈએ. આધ્યાત્મિક કેળવણીનું સાધન ધર્મ અને સદાચરણનું સેવન છે. તેના વિના વ્યાવહારિક કેળવણી અર્થ વગરની છે. જે કેળવણી નીતિમાન ન બનાવે, ઉન્નત આદર્શજીવનની પ્રેરણા ન આપે, સમાજસેવા, દેશસેવા આદિ કાર્યો પ્રત્યે વિચાર કરતા ન કરી મૂકે, તે સાચી કેળવણીથી દૂર છે."

* * *

આ ચાતુર્માસમાં મુંબઈમાં કોટ, ભાતબજાર વગેરેના ઉપાશ્રયે આચાર્યશ્રીએ જાહેર પ્રવચનો કર્યાં. શ્રી મહાવીર જૈન વિદ્યાલયને સારી મદદ મળી અને શ્રી આત્મારામજી જૈન શતાબ્દી ફંડ પણ સારા પ્રમાણમાં ભેગું થયું. ચાતુર્માસ પહેલાં પૂ૦ આત્મારામજી મહારાજની ચાલીસમી પુણ્યતિથિ તા. ૯-૬-૧૯૩૫, સં૦ ૧૯૯૧ના જેઠ શુદિ આઠમના રોજ વિલે-પાર્લે ખાતે ઊજવાઈ હતી. આ પ્રસંગે આચાર્યશ્રીએ વ્યાવહારિક સાથે ધાર્મિક કેળવણીની યોજનાનો વિસ્તાર કરવાનું અને યુનિવર્સિટી અંગેનું પોતાનું સ્વપ્ન રજૂ કરી જૈનોની એકતા ઉપર ભાર મૂક્યો હતો. જૈન વિદ્યાશાળાનો ઉત્સવ પણ શ્રાવણ વદિની શરૂઆતમાં ઊજવાયો હતો. તેમ જ ભાદરવા શુદિ ૧૧ના દિવસે શ્રીહીરવિજયસૂરીશ્વરજીની જયંતી ઊજવાઈ હતી. આ પ્રસંગે પં૦ લાલન, શ્રીયુત મોતીચંદ કાપડીઆ, વગેરેએ પ્રવચનો કર્યાં હતાં. સં૦ ૧૯૯૨ના કારતક શુદિ ૧૧ ને બુધવારે ગોડીજીના ઉપાશ્રયમાં 'શતાબ્દી અને આપણી ફરજ' ઉપર આચાર્યશ્રીએ પ્રવચન કર્યું હતું. મુંબઈમાં આવાં બીજાં ત્રણ વ્યાખ્યાનો થયાં હતાં.

મુંબઈથી વિહાર કરી આચાર્યશ્રી સં૦ ૧૯૯૨ના પોષ શુદિ પૂનમે સૂરત પધાર્યા. ત્યાં શતાબ્દી પર પ્રવચન કરી વિહાર કર્યો. ઝગડીઆ અને સિનોર ખાતે પૂ૦ આત્મારામજી મહારાજના વૃદ્ધ શિષ્ય શ્રી અમરવિજયજીની સુખશાતા પૂછી, અનેક જગાએ વિહાર કરી, વડોદરા પધાર્યા. વડોદરામાં તા. ૩-૨-૧૯૩૬ના સોમવારે આચાર્યશ્રીએ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ સાથે લક્ષ્મી-વિલાસ પ્રાસાદમાં જૈનધર્મ ઉપર વાર્તાલાપ કર્યો. અહીંથી વિહાર કરી આચાર્યશ્રી અમદાવાદ આવ્યા. ફાગણ શુદિ બારસના દિવસે આચાર્યશ્રી વડોદરા પાછા આવ્યા. પૂ૦ આત્મારામજી મહારાજનો શતાબ્દી મહોત્સવ અનેકગણા ઉત્સાહથી વડોદરામાં થયો. પંજાબથી અનેક માનવીઓ આ પ્રસંગે આવ્યા હતા. આ પ્રસંગોની ઊજવણી અંગે શંકા-આશંકાઓ દૂર કરતું લાંબું નિવેદન શ્રી ચરણવિજયજી મહારાજે અમદાવાદ ખાતેથી કર્યું હતું. આચાર્યશ્રીએ પણ પ્રેરક સંદેશો પાઠવ્યો. શતાબ્દીમાં પન્યાસ શ્રીલલિતવિજયજી, મુનિશ્રી ચરણવિજયજી, શ્રી હીરાનંદ શાસ્ત્રી, પં૦ સુખલાલજી, પં૦ હંસરાજ વગેરેએ પણ વિચારપૂર્ણ

મંગલ ઉદ્‌બોધનો કર્યાં. ત્રણ દિવસ ઉત્સાહથી શતાબ્દી–જયંતી ઊજવાઈ. પાટણમાં પણ પ્રવર્તક શ્રી કાન્તિવિજયજીના અધ્યક્ષપણા નીચે શતાબ્દી-મહોત્સવ ઊજવાયો. એમાં મુનિશ્રી જિનવિજયજી, મુનિશ્રી પુણ્યવિજયજી, પં૦ સુખલાલજી વગેરેએ પ્રવચનો કર્યાં. સાદડીમાં આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજીની દોરવણી નીચે શતાબ્દી ઊજવાઈ. મુનિશ્રી વિદ્યાવિજયજી, મુનિશ્રી ભુવનવિજયજી, મુનિશ્રી દર્શનવિજયજી, મુનિશ્રી હિમાંશુવિજયજી વગેરેના પ્રેરક પ્રવચનો થયાં. સારાયે પંજાબમાં તેમ જ મુંબઈ; સૂરત અને અમદાવાદ તેમ જ ઠેરઠેર શતાબ્દી ઊજવાઈ.

વડોદરાથી આચાર્યશ્રી મિયાગામ પધાર્યા અને સંઘના અતિ આગ્રહને વશ થઈ વૈશાખ શુદિ છઠ્ઠના રોજ ૫૦ શ્રી લલિતવિજયજી, અને પં૦ શ્રી કસ્તુરવિજયજી (શ્રી ઉદ્યોતવિજયજીના શિષ્ય) ને આચાર્યની પદવી આપી, અને મુનિશ્રી વિવેકવિજયજી મહારાજને, પન્યાસ શ્રી ઉમંગવિજયજીને વલાદમાં અને મુનિરાજ શ્રી સુમતિવિજયજી મહારાજને, પં૦ મુનિશ્રી વિદ્યાવિજયજીને ગુજરાનવાલામાં આચાર્યની પદવી આપવા આજ્ઞા મોકલી. મીઆગામ પછી દશપુરા ખાતે પં૦ શ્રી લાભવિજયજી મહારાજને આચાર્યની પદવી અને એમના શિષ્ય પં૦ મુનિશ્રી પ્રેમવિજયજીને ઉપાધ્યાયની પદવી માટે આજ્ઞા આપી. સં૦ ૧૯૯૨ના ચોમાસા દરમિયાન વડોદરાના ઉપાશ્રયના ઉદ્ધાર માટે આચાર્યશ્રીએ પ્રેરણા આપી. શ્રી હીરવિજયજીની જયંતી પણ સારી રીતે ઊજવાઈ. પંડિત લાલનને સર્વધર્મપરિષદમાં જવા માટે આચાર્યશ્રીએ પ્રેરણા આપી. આ પ્રસંગે વડોદરામાં ઉપધાન થયાં. કાર્તિક વદિ ૧૩ના દિવસે માળનો વરઘોડો નીકળ્યો અને બીજે દિવસે માળ-પ્રદાન વિધિ થઈ.

વડોદરાથી વિહાર કરી લગભગ વીસ વર્ષના ગાળા બાદ આચાર્યશ્રી ખંભાત પધાર્યા. ખંભાતમાં સારો ઉત્સાહ હતો. ખંભાતના ભંડારોની વ્યવસ્થા તથા માંડવીની પોળના દહેરાસરના જીર્ણોદ્ધાર માટે આચાર્યશ્રીએ પ્રેરણા આપી, અને દીવાનશ્રી કે૦ કે૦ ઠાકોરના અધ્યક્ષપણા નીચે પૂ૦ આત્મારામજી જયંતી ઊજવી. સં૦ ૧૯૯૩નું ચોમાસું આચાર્યશ્રીએ ખંભાત ખાતે કર્યું. સં૦ ૧૯૯૩ના ભાદરવા શુદિ ૧ના દિવસે વડોદરા ખાતે વિદ્વાન મુનિરાજ શ્રી ચરણવિજયજી કાળધર્મ પામ્યા. આચાર્યશ્રીને આથી ભારે ખોટ પડી. ખંભાતના ચાતુર્માસમાં શ્રીઋષભદેવની માંડવીની પોળમાં પ્રતિષ્ઠા કરી.

ચોમાસા બાદ ખંભાતથી વિહાર કરી આચાર્યશ્રી સોજિત્રા, માતર વગેરે સ્થળે થઈ અમદાવાદ પધાર્યા અને ત્યાં પ્રવચન કરી શેરીસા, ભોયણી, શંખેશ્વરજી વગેરે તીર્થોની યાત્રા કરીને રાધનપુર પધાર્યા. રાધનપુરના સંઘે આચાર્યશ્રીનું સુંદર સ્વાગત કર્યું. આ પ્રસંગે શેઠ ઈશ્વરલાલ અમુલખરાય જૈન બોર્ડિંગનું ઉદ્‌ઘાટન થયું. રાધનપુરનો ઉત્સાહ આ વખતે અપૂર્વ હતો અને ગામોગામના જૈન આગેવાનો હાજર હતા. આચાર્યશ્રીના નેતૃત્વ નીચે અઠ્ઠાઈ મહોત્સવ, રથયાત્રા, શાંતિસ્નાત્ર, સાધર્મિક–વાત્સલ્ય વગેરે થયાં.

રાધનપુરનો ઉત્સવ પતાવી આચાર્યશ્રી પાટણ પધાર્યા. પાટણે એમનું ભવ્ય સ્વાગત કર્યું. પાટણમાં પોળે પોળે પ્રવચનો કરી પ્રવર્તક શ્રી કાંતિવિજયજી, મુનિશ્રી ચતુરવિજયજી તથા મુનિશ્રી પુણ્યવિજયજીના કાર્યની અનુમોદના કરતાં જ્ઞાનમંદિર માટે ફંડની શરૂઆત કરાવી. પાટણની જનતાએ પૂર્ણ ઉલ્લાસથી સાથ આપ્યો. શ્રી હેમચંદભાઈ મોહનલાલે જ્ઞાનમંદિરનું ભવ્ય મકાન બંધાવી આપ્યું અને હેમ-સારસ્વતસત્ર ઊજવાયું.

પાટણથી વિહાર કરી આચાર્યશ્રી ચારૂપ-મેત્રાણા થઈ પાલણપુર પધાર્યા અને ત્યાં ત્રણેક દિવસ રોકાયા. પાલણપુરના નવાબે આચાર્યશ્રીની મુલાકાત લીધી. ત્યાંથી કુંભારીઆજી તીર્થની યાત્રા કરી. અહીંથી માલણ, કુંભારીઆજી, ભારજા, શેરીડા, ધનારી, પીંડવાડા, નાણા, ચામુંડેરી, ભાકુન થઈ વિજાપુર, સેવાડી,

લુણાવા, લાહારા, રાણકપુર, સાદડી, બાલી, ફાલના થઈ વરકાણાના વિદ્યાર્થીઓને આશીર્વાદ આપી બીજોવા થઈ આચાર્યશ્રી ઉમેદપુર ગયા. ત્યાં ફાગણ શુદિ દશમના રોજ અંજન-શલાકા કરી, વિહાર કરી તખતગઢ ગયા. ત્યાંથી બ્યાવર ખાતે મહાવીર જયંતીની ઊજવણી કરી ઝડપથી અજમેર, જયપુર, અલ્વર થઈ આચાર્યશ્રીએ દિલ્હીમાં આગમન કર્યું. દિલ્હીમાં શ્રી આત્માનંદ જયંતીનો ઉત્સવ થયો અને વિદ્વાન ત્રિપુટી મુનિશ્રી દર્શન-વિજયજી, મુનિશ્રી જ્ઞાનવિજયજી અને મુનિશ્રી ન્યાયવિજયજી સાથે ગાઢ સંપર્ક થયો. અહીંથી ઝડપભેર વિહાર શરૂ કર્યો. આચાર્યશ્રીએ ૧૯૯૪ના જેઠ વદિ સાતમ તા૦ ૨૦–૬–૧૯૩૮ના રોજ અંબાલા શહેરમાં પ્રવેશ કર્યો.

* * *

આચાર્યશ્રી તથા મુનિમંડળનું સ્વાગત એક માઈલ જેટલા લાંબા સરઘસમાં થયું. આ સમયે શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈએ અંબાલા ખાતેની શ્રી આત્માનંદ જૈન કૉલેજની ઉદ્ઘાટનવિધિ કરી. આ પ્રસંગે આચાર્યશ્રીએ જણાવ્યું હતું કે, "પંજાબની પુણ્ય-ભૂમિમાં ગુરુદેવના આ સ્મારકની હું વર્ષોથી ઝંખના કરું છું. પંજાબ જૈન ગુરુકુળ પછી જૈન સંસ્કૃત, જૈન તત્ત્વજ્ઞાન, જૈન ઇતિહાસ અને જૈન સાહિત્યના અભ્યાસીઓ તૈયાર કરવાની મંગળ ભાવના સિદ્ધ થયેલી જોઈ મારી ઊર્મિઓ હર્ષથી ઊછળે છે. પંજાબી ભાઈઓની ગુરુભક્તિ તો અનુપમ છે." લાલા મંગતરામજીએ શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈને પંજાબના સંઘનું 'માનપત્ર' વાંચી સંભળાવ્યું. ત્રણ દિવસના ઉત્સવમાં અનેક સમારંભો થયા. હૉસ્ટેલનું તેમ જ લાયબ્રેરીનું ઉદ્ઘાટન થયું.

આચાર્યશ્રીની દીક્ષાને પચાસ વર્ષ પૂરાં થયેલાં હોવાથી દીક્ષાર્ધશતાબ્દી મહોત્સવ પંજાબમાં જાહેર તહેવાર તરીકે ઊજવાયો હતો. અમદાવાદમાં ઊજમબાઈની ધર્મશાળામાં જેઠ વદિમાં ગુનાર તા૦ ૨૬-૬-૧૯૩૮ના દિને, તેમ જ વડોદરામાં શ્રી વિજયલાભસૂરિજીના પ્રમુખપદે, મુંબઈમાં પન્યાસજી શ્રી પ્રીતિવિજયજીના પ્રમુખપદે ઊજવાયો હતો. અંબાલામાં પં૦ વૈજનાથજી, પં૦ હંસરાજ શાસ્ત્રી, શેઠ શ્રી સાકરચંદ મોતીલાલ તેમ જ બીજા અનેક આગેવાનોએ આચાર્યશ્રીના અનેક કાર્યોની પ્રશંસા કરી. આચાર્યશ્રીનું સં૦ ૧૯૯૪નું ચોમાસું અંબાલામાં પૂર્ણ થયું. એ સમય દરમ્યાન અનેક જયંતી–મહોત્સવો ઊજવાયા.

સં૦ ૧૯૯૫ના કારતક વદિ બીજના દિવસે અહીંથી વિહાર કરી આચાર્યશ્રી અંબાલા કૅમ્પ ગયા. ત્યાંથી કારતક વદિ છઠના દિને સાઢૌરા નગરમાં પ્રવેશ કર્યો. મહા શુદિ સાતમ-આઠમના દિવસોમાં શ્રી આત્માનંદ જૈન મહાસભાનું દશમું વાર્ષિક અધિવેશન જીરાનિવાસી વકીલ બાબુરામજી જૈનના અધ્યક્ષપણા નીચે થયું. એમાં પંજાબભરમાં રચનાત્મક કામો કરવા, સંગઠન સાધવા, શિક્ષણસંસ્થાઓના વિકાસ માટે તેમ જ જૈન ભાઈઓની ઉન્નતિ માટે આચાર્યશ્રીએ પ્રેરક અને દીર્ઘજીવી પ્રવચનો કર્યાં.

આ પછી આચાર્યશ્રીએ બડૌતમાં પ્રતિષ્ઠા કરી. બાર-તેર વર્ષ પછી આચાર્યશ્રી અહીં પધારતા હોવાથી ઠેર ઠેર આનંદ-મંગળ વર્તાયાં. આ ઉત્સવ પ્રસંગે ઉત્તર પ્રદેશમાં જૈન ધર્મનો મહાન પ્રચાર થયો. બે હજાર જેટલા અગ્રવાલોને જૈન બનાવનાર મુનિ મહારાજ શ્રી દર્શનવિજયજી વગેરે પધાર્યા હતા. શહેર બહાર આત્મવલ્લભનગરની રચના કરી. આ પ્રસંગે મુનિશ્રી ન્યાયવિજયજીએ "કષાયોની મુક્તિ" એ વિષય ઉપર તેમ જ બીજાઓએ પણ પ્રેરક પ્રવચનો કર્યાં.

બડૌતની પ્રતિષ્ઠા પતાવી આચાર્યશ્રી બિનૌલી, ખીવાઈ, સરધના, મેરઠ વગેરે જગાઓએ થઈ હસ્તિનાપુરની યાત્રા કરી, મુઝફ્ફરનગર, દેવબંધ, નાગલ, સહરાનપુર, સરસાવા આદિ થઈ ફરીથી અંબાલા

मुनि श्रीचतुरविजयजी, प्रवर्तक श्रीकान्तिविजयजी, आचार्य श्रीविजयवल्लभसूरिजी, मुनि श्रीहंसविजयजी, पं. संपतविजयजी (पाटण सं. १९८५)

अमदावादमां मुनिसंमेलनमां एकत्रित थयेल मुनिसमुदाय (सं. १९९० इसवी सन १९३४)

પધાર્યા. ત્યાં શ્રી બુટેરાયજી મહારાજની સ્વર્ગવાસતિથિ તથા પૂ૦ આત્મારામજી મહારાજની જન્મતિથિ ઊજવી રાજપુરા, પતિયાલા, સમાના થઈ સુનામ પધાર્યા. ત્યાંથી ચૌદ વર્ષે માલેરકોટલા પધારી કુસંપ દૂર કરાવ્યો અને શ્રી આત્માનંદ હાઈસ્કૂલ ફરી શરૂ કરાવી.

માલેરકોટલાથી રાયકોટ આવી ત્યાં આચાર્યશ્રીએ ધર્મપ્રેરણા આપી. સં૦ ૧૯૯૫નું ચાતુર્માસ રાયકોટમાં કર્યું. અહીં છ માસની સ્થિરતા દરમિયાન જિનમંદિરની પ્રેરણા આપી અને અનેક જયંતીઓ ઊજવી. વિદાયસંદેશો આપતાં આચાર્યશ્રીએ કહ્યું કે, "ભગવાનનો સંદેશ જીવમાત્રને પહોંચાડવાનો અમારો ધર્મ અમે અદા કર્યો છે. તમને પ્રિય અને હિતકર લાગે તો ગ્રહણ કરી જીવનમાં જો તેનો અમલ કરશો તો તમારું જીવન સાર્થક થશે." રાયકોટની જનતાએ આચાર્યશ્રીને અભિનંદન-પત્ર આપ્યું.

રાયકોટથી વિહાર કરી ગ્રામાનુગ્રામ વિચરતા આચાર્યશ્રી સનેત ગામ પધાર્યા. અહીં પ્રવર્તક શ્રી કાંતિવિજયજીના શિષ્ય મુનિશ્રી ચતુરવિજયજી કાળધર્મ પામ્યાનો તાર મળ્યો. આચાર્યશ્રીએ દિલસોજી વ્યક્ત કરતો વળતો તાર કર્યો. સં૦ ૧૯૯૫ના કારતક વદિ પાંચમના રોજ આચાર્યશ્રીએ લુધિયાણામાં પ્રવેશ કર્યો. અહીં સ્વામી શ્રી કૃષ્ણાનંદજીને દીક્ષા આપી મુનિશ્રી વિશ્વવિજયજી અને સ્વામી શ્રી શ્યામાનંદજીને દીક્ષા આપી મુનિશ્રી વૃદ્ધિવિજયજી નામાભિધાન કર્યું. ખાનગા ડોગરાનો કુસંપ આચાર્યશ્રીએ દૂર કરાવ્યો. લુધિયાણાથી વિહાર કરી આચાર્યશ્રી વિવિધ ગામોમાં વિચરતા હોશિયારપુર પધાર્યા. અહીં નવદીક્ષિત સાધુઓની વડી દીક્ષા તથા શાંતિ-સ્નાત્રના ઉત્સવો થયા. અહીંથી લાલા નાનકચંદજી તરફથી કાંગડા તીર્થનો સંઘ નીકળ્યો. તીર્થના ઉદ્ધાર માટે ત્યાં સમિતિ રચાઈ. હોશિયારપુર પાછા આવી શ્રી મહાવીરજયંતી ઊજવી. જલંધરથી કર્તારપુર વિહાર કરી, ત્યાંથી જંડિયાલાગુરુ અને પછી અમૃતસર પધાર્યા. ત્યાંથી આચાર્યશ્રી લાહોર આવ્યા. સોળ વર્ષે પધારતા સમસ્ત સંઘે આચાર્યશ્રીનું અદ્ભુત સ્વાગત કર્યું. આ પછી આચાર્યશ્રી ગુજરાનવાલામાં પધારતા જનતાએ તેમને ઉમળકાભેર આવકાર આપ્યો. ગુરુદેવના સમાધિ-મંદિરના દર્શન કર્યા. જેઠ શુદિ આઠમના દિવસે ગુરુદેવ સ્વ૦ આચાર્યશ્રીજીની જયંતી ઊજવવામાં આવી. સં૦ ૧૯૯૬નું ચાતુર્માસ આચાર્યશ્રીએ ગુજરાનવાલામાં કર્યું અને સંઘમાં સારી તપશ્ચર્યા થઈ. ગુજરાનવાલામાં પ્રતાપજયંતી, જગદ્ગુરુશ્રી હીરવિજયસૂરિજીની જયંતી તેમ જ બીજી ઊજવણીઓ થઈ. આચાર્યશ્રીનો ૭૧મો જન્મમહોત્સવ સં૦ ૧૯૯૭ના કારતક શુદિ બીજના દિને અનેક ઠેકાણે ઊજવાયો. ગુજરાનવાલામાં ત્રણ દિવસનો કાર્યક્રમ થયો. વરકાણા, કરજણ, વગેરે ઠેકાણે પણ જયંતી ઊજવાઈ. શ્રી આત્માનંદ જૈન મહાસભાનું અધિવેશન પણ આ સમયે થયું.

* * *

ગુજરાનવાલાથી વિહાર કરી એક અઠવાડિયું જેલમ રોકાઈ સિંગોઈ, ખુર્દપુર, દારાપુર, જલાલપુર, પીંડનવાલ થઈ આચાર્યશ્રી હીરણપુર ગયા. ત્યાંથી ભેરા થઈ ખાનગા ડોગરા ગયા અને મહા વદિ છઠ્ઠના દિને શાંતિનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરી. ત્યાંથી વિહાર કરી શિયાલકોટ પધાર્યા, જ્યાં આચાર્યશ્રીનું અપૂર્વ સ્વાગત થયું. અહીં મહાવીરજયંતી ઊજવી અને જૈનમંદિર માટે વીસ હજાર રૂપિયા જોતજોતામાં ભેગા થઈ ગયા.

શિયાલકોટથી વિહાર કરી સચેતગઢ, નયા શહેર, મીરાંસાહેબ થઈ આચાર્યશ્રી જમ્મુમાં પધાર્યા. ત્યાંના વ્યાખ્યાનમાં લોકોએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી. ફરીદકોટના બે ભાઈઓનો કલેશ તેમણે શાંત કર્યો. જમ્મુએ અભિનંદન-પત્ર આપ્યું. ત્યાંથી આચાર્યશ્રી વિસના, હરિયાલ, નખનાલ, જફરવાળા, ધર્મથલ આદિ ગામોમાં થઈ ધર્મોપદેશ કરતા કરતા સંખતરા પધાર્યા. સંખતરામાં લાલા અમીચંદના બે પુત્રો લાલા દેવરાજ અને લાલા જ્ઞાનચંદ વચ્ચેનો કુસંપ ચમત્કારિક રીતે દૂર કરાવ્યો. સંખતરાથી વિહાર

કરી આચાર્યશ્રી જશપાલ, નાગલ થઈ નારોવાલ પધાર્યા. અહીં આચાર્યશ્રીનું ભવ્ય સ્વાગત થયું. પૂ૦ આત્મારામજી મહારાજની જયંતી ઊજવી. ત્યાંથી પસરૂર થઈ, વિવિધ ગામોને પ્રેરણા આપતા આચાર્યશ્રી ચાતુર્માસ માટે શિયાલકોટ પધાર્યા અને જ્ઞાનામૃતનો પ્રવાહ શરૂ કર્યો. સં૦ ૧૯૯૭ના ચાતુર્માસમાં કૃષ્ણજયંતી વિશે સનાતન ધર્મ મંદિરમાં આચાર્યશ્રીએ પ્રવચન કર્યું. ભાદરવા શુદિ અગીઆરસના રોજ શ્રી હીરવિજયસૂરીશ્વરજીની જયતી ઊજવાઈ.

આસો શુદિ બીજથી આચાર્યશ્રીએ જૈન રામાયણ વાંચવાનું શરૂ કર્યું. નવી દૃષ્ટિથી એની રજૂઆત કરી. કારતક શુદિ બીજના દિવસે આચાર્યશ્રીનો ૭૨મો જન્મદિન ઊજવાયો. સં૦ ૧૯૯૮ના કાર્તિક શુદિ પૂર્ણિમાના દિવસે શ્રીહેમચંદ્રાચાર્યની જયંતી ઊજવવામાં આવી. આચાર્યશ્રીની બોંતેરમી વર્ષગાંઠ પણ વરકાણા વગેરે સ્થળોએ ઊજવાઈ. સં૦ ૧૯૯૮ના માગશર શુદિ દશમના દિને શ્રી આત્મારામ જૈન મુક્તિ-મંદિરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. એની વિધિ રાયસાહેબ લાલા કર્મચંદજીના હસ્તે થઈ. આ પ્રસંગે આચાર્યશ્રીએ કહ્યું: "તમારા બધાના હૃદયમાં પરમાત્મા પ્રત્યેનો પ્રેમ ગુંજતો રહેવો જોઈએ. જગતમાં વસ્તુ એક જ હોય પણ દૃષ્ટિભેદથી તે જુદી જુદી ભાસે છે. જગતના તમામ મનુષ્યો કોઈ ને કોઈ રીતે મૂર્તિપૂજનમાં માને છે, પછી પ્રકારો ભલે જુદા જુદા હોય. તો પછી મોક્ષની પ્રાપ્તિ માટે મૂર્તિપૂજનના પ્રથમ પગથિયાની ઉપેક્ષા કેમ થઈ શકે? ઉચ્ચ તત્ત્વની સહાયતા વિના જીવનનું પૂર્ણ દર્શન શક્ય નથી."

* * *

શિયાલકોટથી વિહાર કરી આચાર્યશ્રી ગુજરાનવાલા પધાર્યા. ત્યાં આચાર્યશ્રીની પ્રેરણાથી ઘણાં હિંદુ-મુસલમાનોએ માંસાહારનો ત્યાગ કર્યો. મૌલવી અહમદીન આચાર્યશ્રીના અનન્ય ભક્ત બન્યા. સં૦ ૧૯૯૮ના મહા શુદિ પાંચમે ગુરુકુળનો વાર્ષિક ઉત્સવ ઊજવાયો. શુદિ છઠના દિવસે પ્રતિષ્ઠા કરાવી. દાદુવંશીઓના કીર્તન-સંમેલનમાં આચાર્યશ્રીએ દાદુસાહેબના જીવન પ્રસંગો કહી સાત વ્યસનોના ત્યાગ વિષે અસરકારક પ્રવચન કર્યું. ત્યાંથી વિહાર કરીને આચાર્યશ્રી લાહોર પધાર્યા. ત્યાંથી કસૂર, ગંડાસંગવાલા થઈ ફિરોજપુર છાવણી પધાર્યા. ત્યાંથી વિહાર કરી આચાર્યશ્રી જીરા પધાર્યા. જીરાનિવાસીઓએ અભિનંદનપત્ર આપ્યું. ગુરુદેવની જયંતી ઊજવી. જીરાની સુધરાઈએ આત્માનંદ જૈન ચોક અને આત્માનંદ જૈન સ્ટ્રીટ એવાં નામ આપ્યાં. જીરા સંઘે લહેરાગામમાં પૂ૦ આત્મારામજી મહારાજની યાદમાં કીર્તિસ્તંભ બનાવવાનો નિર્ણય કર્યો. જીરાથી વનખંડી ગયા. ત્યાં ચાર ભાઈઓ વચ્ચે સમાધાન કરાવી આચાર્યશ્રી મોગા થઈ રાયકોટ પધાર્યા. શ્રી મહાવીરજયંતીની ઊજવણી કરી. રાયકોટથી બરિયા થઈ જગરાંવા પધાર્યા. ત્યાં કલકત્તાથી બારસોતેરસો માઈલનો પંથ કાપી, અતિકઠિન વિહાર કરી, આચાર્યશ્રી વિજયવિદ્યાસૂરિજી અને મુનિશ્રી વિચારવિજયજીને મળ્યા. જગરાંવાના સ્વાગત સમયે બીજા સાધુઓએ પણ એમાં ભાગ લીધો હતો. જગરાંવાથી ચોકીમાન, મુલ્લાપુર, મુલ્લાંપુર થઈ આચાર્યશ્રી લુધિયાણા પધાર્યા. ત્યાં પ્રવચન કરી લાડુવાલ, ફલોર, પ્રતાપપુરા અને શ્રીશંકર થઈ, નકોદરમાં ગુરુદેવની જયંતી ઊજવી. ત્યાં વીસ દિવસની સ્થિરતા કરી આચાર્યશ્રીએ જેઠ શુદિ અગિયારસે પટ્ટીમાં પ્રવેશ કર્યો, જ્યાં આચાર્યશ્રીનું ભાવભીનું સ્વાગત કરીને અભિનંદન-પત્ર એનાયત કર્યું.

* * *

સં૦ ૧૯૯૮ના અષાઢ શુદિ દશમના દિને સાંજે સાત વાગે પૂજ્ય પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ પાટણ ખાતે કાળધર્મ પામ્યા. પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ આચાર્યશ્રીના પ્રેરક, રક્ષક અને મિત્ર હતા. બંને વચ્ચે ગુરુ-શિષ્યનો સંબંધ હતો. આચાર્યશ્રીની પ્રવૃત્તિનું તેઓ પ્રેરક સ્થાન હતા. આચાર્યશ્રીએ પ્રવર્તકને અંજલિ આપતાં કહ્યું, "મારા માટે તો એ વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ અને સાચા

માર્ગદર્શક હતા. ગુરુદેવ પછી તેઓનો મારા પર એવો અપૂર્વ પ્રેમ હતો કે તેનું શબ્દોમાં વર્ણન કરી શકાય તેમ નથી. મારા જીવનમાં સુખદુઃખના, મુશ્કેલીના અને ઉપાધિના અનેક નાનામોટા પ્રસંગો બની ગયા પણ એ દરેક પ્રસંગે—પછી હું ગમે ત્યાં હોઉં—ગુજરાતમાં, મારવાડમાં, પંજાબમાં કે દક્ષિણમાં—પણ તેઓશ્રીની સલાહ હંમેશાં મળ્યા જ કરે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપનામાં પણ પ્રવર્તકશ્રીનો અનન્ય હિસ્સો હતો. પાટણના જ્ઞાનભંડારો અને શાસ્ત્રગ્રંથોના ઉદ્ધાર માટે કાર્ય કરીને અને એની પ્રેરણા આપીને પ્રવર્તકશ્રીએ ભારતીય પ્રાચીન સાહિત્ય અને જૈન સમાજની અનન્ય સેવા કરી છે." પટ્ટીમાં પર્યુષણપર્વ નિર્વિઘ્ને ઊજવાયું. ત્યારબાદ શ્રી હીરવિજયસૂરિજીની જયંતી ઊજવાઈ. આ પ્રસંગે શ્રી હરિશ્ચંદ્રજીએ આચાર્યશ્રીને અંજલિ આપતાં કહ્યું કે, "આચાર્યશ્રીની અમૃતવાણી સાંભળતાં અંતરના ઊંડાણમાં અજવાળું લાધે છે અને આત્મા જાગ્રત બની જાય છે. ગુરુદેવના વ્યાખ્યાનો બધા માટે કલ્યાણકારી છે. તેમાં સર્વ ધર્મનો સમન્વય થાય છે. તેમાં આત્માની ઉચ્ચતા અને મનુષ્યધર્મનું સાર્થક્ય રહેલું છે. નિષ્પક્ષપાતપણે હૃદયંગમ થાય તે રીતે તેઓ આપણી સમક્ષ વસ્તુની રજૂ કરે છે."

આચાર્યશ્રીની ૭૩મી જયંતી પટ્ટીમાં ધામધૂમપૂર્વક ઊજવાઈ. યુવાનવર્ગે 'આત્મવલ્લભ જૈન સેવક મંડળ' નામની સંસ્થા સ્થાપી. આ સંસ્થાએ આચાર્યશ્રીને અભિનંદનપત્ર આપ્યું. બાબુ ગૌરીશંકરજીએ પોતાના પરિવર્તનની કથા કહી આચાર્યશ્રીને અંજલિ આપી. પટ્ટીથી વિહાર કરી આચાર્યશ્રી કસુર પધાર્યા. ત્યાં પોષ શુદિ પૂનમના દિને શ્રીઆદીશ્વર પ્રભુની પ્રતિષ્ઠા કરાવી. નવીન ભરાવેલા જિનબિંબોની અંજનશલાકા કરાવી. આચાર્યશ્રી કસુરથી લુધિયાણા થઈ જીરા પધાર્યા. જીરાના સંઘનો મતભેદ દૂર કરાવ્યો. સ્થળે સ્થળે વિહાર કરતા આચાર્યશ્રી રાયકોટ પધાર્યા. ચૈત્ર શુદિ તેરસ તા૦ ૧૮–૪–૧૯૪૩ના રોજ મહાવીરજયંતી ઊજવી. વૈશાખ શુદિ ત્રીજના દિને અંજન-શલાકાની વિધિ થઈ. શુદિ છઠ્ઠના દિવસે પ્રતિષ્ઠા થઈ.

આચાર્યશ્રીએ રાયકોટથી જેઠ શુદિ પૂનમે વિહાર કરી પીપલાવાલી, આદમપુર, નસરાલા, જાલંધર, કરતારપુર વગેરે સ્થળે વિહાર કરી જંડિયાલાગુરુ પધાર્યા. આ નગરે તેમનું સુંદર અને અદ્‌ભુત સામૈયું કર્યું. સં૦ ૧૯૫૦માં સ્વર્ગીય પૂ૦ આત્મારામજી મહારાજ સાથેના અહીંના ચાતુર્માસ બાદ ઓગણપચાસ વર્ષે આચાર્યશ્રીનું આ ચાતુર્માસ અહીં થયું. સં૦ ૧૯૯૯નું આચાર્યશ્રીનું ચાતુર્માસ ધાર્મિક કાર્યોથી ભરપૂર હતું. શ્રી વિજયાનંદ જૈન ગુરુમંદિરનો પાયો નાખવામાં આવ્યો.

આ પર્યુષણ પર્વ દરમિયાન બહાર ગામથી દોઢ હજાર માણસો જંડિયાલાગુરુ પધાર્યા હતા. બંગાળ અને મેવાડની આપત્તિ અંગે આચાર્યની પ્રેરણાથી રાહતફંડ શરૂ થયું. અમૃતસરથી સંઘ આચાર્યશ્રીને ક્ષમાપના કરવા આવ્યો. જંડિયાલાગુરુમાં આચાર્યશ્રીને વંદન કરવા તથા મારવાડ પધારવા માટે વિનતિ કરવા વરકાણા વિદ્યાલયના પ્રમુખ શ્રી મૂળચંદજી, મંત્રી શ્રી ન્યાલચંદભાઈ વગેરે ચાલીસ ગૃહસ્થોનું પ્રતિનિધિમંડળ આવ્યું અને ત્રણ દિવસ રોકાયું. આચાર્યશ્રીનો ૭૪મો જન્મદિન ત્રણ દિવસ સુધી ઊજવાયો. સં૦ ૨૦૦૦ના કાર્તિક શુદિ એકમનો વરઘોડો નીકળ્યો. બીજને દિવસે શિયાલકોટવાળા લાલા ગોપાળશાજી હકીમના પ્રમુખપદે જાહેર સભા થઈ. ત્રીજના દિવસે શ્રી આત્માનંદ જૈન લાયબ્રેરીની સ્થાપના થઈ. રાતના કવિ-સંમેલન થયું. આ પ્રસંગે બહારગામથી ત્રણ હજાર ભાઈ-બહેનો આવ્યાં હતાં. અનેક જગાએથી તાર અને પત્રો આવ્યા હતા. મુંબઈ તથા અન્ય ગામોમાં પણ જાહેર સમારંભો થયા.

જંડિયાલાગુરુથી વિહાર કરી આચાર્યશ્રી અમૃતસર પધાર્યા. ત્યાં એક મહિનો ચાર દિવસ સુધી સ્થિરતા કરી. શ્રી આત્માનંદ જૈન લાયબ્રેરી ફરી શરૂ કરાવી. અમૃતસરના ગુજરાતીઓએ આચાર્યશ્રીને

અભિનંદન-પત્ર આપ્યું. વિહારમાં સુરતગઢ ખાતે પધાર્યા, ત્યાં આચાર્યશ્રીએ તેમના પ્રથમ શિષ્ય શ્રીવિવેકવિજયજીના બાવન વર્ષના દીક્ષા-પર્યાય પછી, વાલોદ ખાતે કાળધર્મ પામ્યાના સમાચાર સાંભળ્યા અને આચાર્યશ્રીએ દેવવંદન કર્યું.

. પંજાબથી ઝડપી વિહાર કરી આચાર્યશ્રી બાવીસ વર્ષ બાદ બિકાનેરમાં પધાર્યા. વરકાણાથી લાંબો વિહાર કરી આચાર્યશ્રી વિજયલલિતસૂરિજી પણ આચાર્યશ્રીની સેવામાં હાજર થયા. બિકાનેરમાં આચાર્યશ્રીનું સુંદર સ્વાગત થયું. એક માઈલ લાંબો વરઘોડો, હાથી, ડંકા-નિશાન અને લશ્કરી-બેન્ડ, તેમ જ ભજનમંડળીના ભજનો વગેરેથી વાતાવરણ ઉમંગભર્યું બન્યું. સં૦ ૨૦૦૦ના ચૈત્ર વદિ બીજના ધન્ય દિવસે બિકાનેરની જનતાએ અપૂર્વ ઉત્સાહથી આચાર્યશ્રીનું સ્વાગત કર્યું. ખાસ મંડપમાં આચાર્યશ્રીને બે અભિનંદન-પત્રો અપાયાં અને આચાર્યશ્રીએ જ્ઞાનમહિમા વિશે દેશના સંભળાવી.

આચાર્યશ્રીએ બિકાનેરમાં આ દિવસો દરમિયાન શાસનમહિમા સમજાવ્યો. ચૈત્ર શુદિ તેરસના રોજ મહાવીરજયંતી, ચૈત્ર વદિ ત્રીજના રોજ સંક્રાંતિ-મહોત્સવ અને ચૈત્ર વદિ આઠમના રોજ બે દીક્ષાઓ, વૈશાખ શુદિ ત્રીજના રોજ વાર્ષિક તપના પારણાં, વૈશાખ શુદિ છઠ્ઠના દિને કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય, શ્રીહીરવિજયસૂરિજી તથા પૂ૦ આત્મારામજી મહારાજની વિશાળ પ્રતિમાઓની તપગચ્છ દાદાવાડીમાં પ્રતિષ્ઠા વગેરે કાર્યો કરવામાં આવ્યાં. બિકાનેરમાં પૂ૦ આત્મારામજી મહારાજની જયંતી ઊજવી, આયંબિલ શાળાની વ્યવસ્થા કરાવી. ચાતુર્માસમાં શ્રી ભગવતીસૂત્રની વાચના થઈ. સં૦ ૨૦૦૦ના પર્યુષણની આરાધના પણ શ્રીસંઘમાં અનેક તપશ્ચર્યા સાથે સારી રીતે થઈ. ભાદરવા વદિ તેરસના રોજ વડોદરાનો ચારસો માણસોનો સંઘ શેઠ કેસરીમલજીના નેતૃત્વ નીચે આચાર્યશ્રીના દર્શને આવ્યો. આસો શુદિ ત્રીજના દિને વરકાણાથી શ્રીસંઘ ગોડવાડનું એકસો માણસોનું પ્રતિનિધિમંડળ આચાર્યશ્રીના દર્શનાર્થે આવ્યું.

* * *

સં૦ ૨૦૦૧ના કારતક શુદિ બીજના દિને આચાર્યશ્રીની ૭૫મી જન્મજયંતીની ઊજવણીની શરૂઆત ઘણા ઉત્સાહથી થઈ. આસો વદિ બીજી તેરસથી કાર્તિક શુદિ ત્રીજ સુધીનો ભવ્ય કાર્યક્રમ હતો. આ પ્રસંગે શ્રી રામપુરિયા જૈન ભવનના વિશાળ ચોકમાં એક ભવ્ય મંડપ રચવામાં આવ્યો હતો. પંજાબમાંથી ચારસો જેટલાં નરનારીઓ અને હિંદભરમાંથી ભક્તસમુદાય આ પ્રસંગે હાજર થયો હતો. આસો વદિ તેરસના રોજ શ્રી પંચપરમેષ્ઠિ પૂજા અને રાત્રે જાહેર વ્યાખ્યાનો થયાં. આસો વદિ ચૌદસના સંક્રાંતિ-મહોત્સવના દિને આચાર્યશ્રીએ સર્વવિઘ્નનાશક સ્તોત્રો સંભળાવ્યાં અને દીપાવલિ પર્વની આરાધના માટે સચોટ ઉપદેશ આપ્યો.

આસો વદિ અમાસના દિને એક કરુણ ઘટના બની. વિદ્વાન સાહિત્યકાર મુનિશ્રી ચતુરવિજયજી પ્રભાતે સાત વાગે કાળધર્મ પામ્યા. તે દિવસે બધો કાર્યક્રમ બંધ રખાવ્યો. સાંજના શોકસભા થઈ. સં૦ ૨૦૦૧ના કાર્તિક શુદિ એકમને રોજ આચાર્યશ્રીએ વિશ્વવ્યાપી ધર્મ ઉપર મનનીય પ્રવચન કર્યું. રાત્રે શ્રી જવાહરલાલજી નાહટાના પ્રમુખપદે વૈદરાજ જશવંતરાજજી જૈન, પંડિત રાજકુમારજી, શ્રી દશરથ શર્મા વગેરેએ પ્રવચનો કર્યાં.

સં૦ ૨૦૦૧ના કાર્તિક શુદિ બીજના રોજ શેઠજી મંગલચંદજીના પ્રમુખપદે જાહેર સમારંભ થયો. ગવૈયા પ્રાણસુખભાઈનું ગીત, જંડિયાલાગુરુના શિક્ષક શ્રી જયચંદભાઈનો આચાર્યશ્રીનો જીવનપરિચય, બહારગામથી આવેલા અનેક સંદેશાઓનું વાચન વગેરે થયું. આચાર્યશ્રી લલિતસૂરિજીએ મહારાજશ્રીના શુભ દિને કોઈ સ્થાયી કાર્ય કરવાનો સંઘને ઉપદેશ દીધો. આચાર્યશ્રીએ જવાબમાં આભાર પ્રદર્શિત કરીને એકતાનો અનુરોધ કર્યો અને જણાવ્યું કે, "આજના તમારાં આનંદ, ઉલ્લાસ, ગુરુપ્રેમ,

શ્રદ્ધા, ભાવના અને આશીર્વાદ ત્યારે ફળે કે જ્યારે જૈનોમાં એકતા થાય. વર્ષોથી જે સાધુતાનો વેશ મેં પહેર્યો છે, સદ્‌ગુરુનો જે સંદેશ મેં ઝીલ્યો છે, સમાજનું જે અન્ન મેં ખાધું છે, જે ગુરુ-ભગવંતોનો હું સેવક છું, પંજાબની રક્ષાનું જે બીડું મેં ઝીલ્યું છે, જે શિક્ષણ-સંસ્થાઓની મેં પ્રેરણા આપી છે, જે સમાજના કલ્યાણની ભાવના મેં વર્ષોથી સેવેલી છે, જે ધર્મના ઉત્થાન માટે હું જીવી રહ્યો છું તે સર્વની સાર્થકતા ક્યારે થશે? રચનાત્મક ઘન-સ્વરૂપમાં તે ક્યારે દેખા દેશે?

"સમય પલટાઈ રહ્યો છે; દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અસર વ્યાપક થઈ રહી છે; લડાઈની ભીષણતા, મોંઘવારી, બેકારી વગેરેથી સમાજના નૈતિક જીવન પર વ્યાપક અસર થઈ રહી છે; આવા સમયમાં જૈન સમાજનાં સંસ્થાઓ, મંદિરો, ઉપાશ્રયો, સાધુ-સાધ્વીઓ તેમ જ બીજાં ઉપયોગી અંગોની સંભાળ કોણ લેશે? કરોડો કમાવાથી કે લાખો જમા કરવાથી જીવનની સાર્થકતા નથી થતી. જીવનમાં પારકા માટે; સમાજ, દેશ અને ધર્મ માટે શું કર્યું એ જ મહત્ત્વનું છે. આ જ વસ્તુ સાથે આવશે. આ મારી ભાવના છે: જગતના સર્વ જીવો સુખી થાવ. સર્વનું કલ્યાણ થાવ. પ્રત્યેકના જીવનમાં આ ભાવના પ્રદીપ્ત થાવ."

આ પછી કેટલાક દિવસો બાદ શ્રી ગંગા થિયેટરમાં આચાર્યશ્રીએ જાહેર પ્રવચન કર્યું. બિકાનેરનું ચાતુર્માસ અનેકને અનેક રીતે પ્રેરણાદાયી નીવડ્યું. સં૦ ૨૦૦૧ના કાર્તિક વદિ છઠ્ઠના દિને આચાર્યશ્રીએ પંજાબ તરફ વિહાર કર્યો. બિકાનેરથી પંચકોશી થઈ આચાર્યશ્રી મહા વદિ છઠ્ઠના દિને સુરતગઢ પધાર્યા. ત્યાર બાદ ફાઝલકામાં પ્રતિષ્ઠા કરાવી આચાર્યશ્રીએ જીરામાં સંક્રાંતિ ઊજવી. ત્યારબાદ અનેક સ્થળોએ વિચરતા વિચરતા આચાર્યશ્રી વૈશાખ વદિ ત્રીજના દિવસે લુધિયાણા પધાર્યા. ત્યાં ડૉ૦ મુકુન્દરાય પરીખે આચાર્યશ્રીનું વધરાવળનું ઑપરેશન કર્યું. સંક્રાંતિદિને આચાર્યશ્રીએ કહ્યું કે, **"સંસારનો ત્યાગ કરી, આ વેશ પહેરી, ભગવાન મહાવીરની જેમ અમારે અમારા જીવનની પળેપળનો હિસાબ આપવાનો છે. આત્મશાંતિ અને આત્મશુદ્ધિ તો મળતાં મળશે, પણ સમાજ, ધર્મ અને દેશના ઉદ્યોતમાં આ જીવનમાં જે કાંઈ ફાળો આપી શકાય તે આપવાનું કેમ ભૂલી શકાય? આ શરીર તે માટે જ છે; તો છેવટની ઘડી સુધી તેનો ઉપયોગ કરી લેવો જોઈએ ને! શરીર ક્ષણભંગુર હોવાથી એક દિવસ તે જવાનું જ. એટલે ત્યાં સુધી જેટલાં શાસન-કાર્યો થઈ જાય તેટલાં કરી લેવાં જોઈએ. જ્યાં સુધી આ નાડીમાં લોહી ફરે છે, હૃદયના ધબકારા ચાલે છે, ત્યાં સુધી એક સ્થળે બેસવાનો નથી. ગુરુદેવની અર્ધશતાબ્દી ઊજવી, શિયાલકોટના દહેરાસરની પ્રતિષ્ઠા કરાવી, શ્રી સિદ્ધાચલની યાત્રા કરવાની ભાવના રાખું છું. અને યાત્રા કરીને ગૂજરાતમાં નહિ, પણ મારા પ્રિય પંજાબની રક્ષા માટે પાછો પંજાબમાં આવી, શ્વાસોચ્છ્‌વાસ ચાલતા સુધી ગુરુદેવનો સંદેશ ગામેગામ, શહેરેશહેરે, મંદિરે મંદિરે, ઉપાશ્રયે ઉપાશ્રયે અને સંસ્થાએ સંસ્થાએ પહોંચાડવાની ભાવના છે."**

ઑપરેશન કરાવીને આરામ લીધા વિના વિહાર શરૂ કરી આચાર્યશ્રી લુધિયાણા આવ્યા. અહીં પૂ૦ આત્મારામજી મહારાજની સ્વર્ગ-સમારોહ જયંતી ઊજવી. આમાં આચાર્યશ્રી, આચાર્યશ્રી લલિતસૂરિ, પં૦ શ્રી સમુદ્રવિજયજી, પંડિત શ્રી હંસરાજ વગેરેએ પ્રવચનો કર્યાં. લુધિયાણામાં સં૦ ૨૦૦૧નું ચાતુર્માસ કર્યું. આ પ્રસંગે શેઠ શ્રી પુરુષોત્તમ સુરચંદે શ્રી આત્માનંદ જૈન ગુરુકુળના મંદિર માટે રૂપિયા દશ હજાર આપ્યા. આ સમયે તળાજામાં મૂર્તિ-ખંડનના સમાચાર મળ્યા. આચાર્યશ્રીએ ૨૯–૮–૧૯૪૫ના રોજ તાર કર્યા. તા. ૩૦–૬–૧૯૪૧ના રોજ ભાવનગર નરેશ ઉપર પત્ર લખ્યો.

સં૦ ૨૦૦૧ના ભાદરવા શુદિ આઠમના દિને બાબુ જ્ઞાનચંદજીના પ્રમુખપદે શ્રી આત્માનંદ જૈન મહાસભાનું સોળમું અધિવેશન થયું. એમાં તળાજા તીર્થ અંગે, મુંબઈ રાજ્યના દીક્ષા-પ્રતિબંધક કાયદા અંગે, પૂ૦ આત્મારામજી મહારાજની અર્ધ-શતાબ્દી અંગે તેમ જ પંજાબના કલ્યાણ અંગે ઠરાવો થયા. આચાર્યશ્રીની પ્રેરણાથી વિદ્યાર્થી સહાયક ફંડ શરૂ કરવામાં આવ્યું. ભાદરવા શુદિ અગિયારસના દિને શ્રી હીરવિજયસૂરિજીની જયંતી ઊજવવામાં આવી. આચાર્યશ્રીએ બાલી(મારવાડ)માં મળતા શ્રી જૈન યુવક સંમેલનને પ્રેરક સંદેશો મોકલી આપ્યો.

સં૦ ૨૦૦૨ના કાર્તિક શુદિ બીજે આચાર્યશ્રીની ૭૬મી જન્મ-જયંતી ઠેર ઠેર ઊજવાઈ. આ પ્રસંગે ખાસ મંડપમાં જાહેર સભા, બપોરના પૂજા અને રાતના કવિ-સંમેલન થયાં. આચાર્યશ્રીએ આચાર્યશ્રી નેમિસૂરિજીની તબિયતની પૃચ્છા કરતો પત્ર લખાવ્યો.

સં૦ ૨૦૦૨ના માગશર વદિ બીજના રોજ લુધિયાણાથી વિહાર કરી આચાર્યશ્રી રાયકોટ પધાર્યા અને પાંચછ દિવસની સ્થિરતા કરી. ત્યાંથી માલેરકોટલા આવી આચાર્યશ્રીએ અનેક અભિનંદન-પત્રો મેળાવ્યાં. આચાર્યશ્રીએ આ પ્રસંગે જણાવ્યું કે, “આ શહેરના આવા ભાવભર્યા સ્વાગત માટે કોને આનંદ ન થાય? તમારી આવી એકતા, સંગઠન, ઉદારતા માટે હું તમને અભિનંદન આપું છું. આ રીતે તમે તમારા શહેરની શોભા વધારી છે. હું તો વૃદ્ધ છું. પહેલા જેટલું સમાજ અને દેશના કલ્યાણનું કામ થતું નથી. વિહારો પણ હવે લાંબા થતા નથી. પણ સૌના કલ્યાણને માટે મારી ભાવના છે. મારા જેવા જૈન સાધુને અભિનંદન આપો તેનો શો અર્થ? હું તો સાધુ છું. મારો ધર્મ ફરજ અને કર્તવ્ય, મારી સાધુતા સમાજકલ્યાણ, દેશ-કલ્યાણ અને ધર્મપ્રચાર. પ્રાણીમાત્રના કલ્યાણની ભાવના અમારો ધર્મ સેવે છે. જે જીવનવ્રત મેં લીધું છે તે આજીવન પાળવાનો મારો ધર્મ હું કેમ ભૂલું?

“બીજી વાત એ છે કે આપણા દેશની આઝાદીમાં આપણા સૌનું કલ્યાણ છે. આઝાદીને માટે હિંદુ-મુસ્લિમ-શીખની એકતા જરૂરી છે. આ એકતા આપણે ગમે તે ભોગે પણ સાધવી પડશે જ. આપણા દેશમાં એકતા સ્થપાય તો વિશ્વશાંતિમાં આપણા દેશનું સ્થાન અનેરું બનશે તેની ખાતરી રાખશો. હિંદુ નથી ચોટલીવાળા જન્મતા, મુસલમાન નથી સુન્નતવાળા જન્મતા, શીખ નથી દાઢીવાળા જન્મતા. જન્મ લીધા પછી જેવા જેના સંસ્કાર અને જેવા જેના આચાર તેવો તેને રંગ ચઢે છે. આત્મા તો બધામાં એક જ છે. સર્વે મોક્ષના અધિકારી છે. સર્વ સરખા છે. આપણે બધા એક જ છીએ. આ દેશમાં હળીમળીને રહેવું જોઇએ. એકના દુ:ખે દુ:ખી અને એકના સુખે સુખી એમ જ રહી શકાય. ખુદાના બંદા થવું હોય તો તમામ પ્રાણીઓને આપણા જેવા ગણવા જોઇએ. **शिवमस्तु सर्वजगतः**”

અહીંથી તાજપુર પધારી સરદાર મહેરસિંહની શંકા-આશંકાઓ આચાર્યશ્રીએ દૂર કરી. ગઢદીવાલામાં આર્યસમાજના પંડિતો સાથે ચર્ચા કરી આચાર્યશ્રી ચૈત્ર શુદિ તેરસના દિવસે અમૃતસરમાં પધાર્યા અને સંક્રાંતિ તથા મહાવીરજયંતી ઊજવી. ત્યાંથી વિહાર કરતા કરતા આચાર્યશ્રી શિયાલકોટ પધાર્યા. અહીંથી આચાર્યશ્રીએ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની અમદાવાદ શાખાના ઉદ્ઘાટન પ્રસંગે નીચેનો સંદેશો મોકલી આપ્યો: “શ્રી મહાવીર જૈન વિદ્યાલયની શાખાનું ઉદ્ઘાટન અમદાવાદ જેવી નગરીમાં થઈ રહ્યું છે તે અત્યંત આનંદની વાત છે. આજ સુધી વિદ્યાલયે જૈન સમાજમાં શિક્ષણ-પ્રચાર સંબંધી જે સેવા કરી છે અને હાલ કરી રહેલ છે તે કોઈનાથી અજાણ્યું નથી. હિંદુસ્તાનના શહેરે શહેરમાં અને વિદેશમાં પણ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની શાખાઓ સ્થાપિત થાય અને વ્યાવહારિક શિક્ષણની સાથોસાથ ઉચ્ચ ધાર્મિક શિક્ષણનો પ્રચાર થાય એ જ શુભ ભાવના છે. વિશેષ આનંદની વાત તો

એ છે કે અમારા નામરાશિ સરદારશ્રી વલ્લભભાઈ પટેલના શુભ હસ્તે આ શાખાનું ઉદ્‌ઘાટન થવાનું છે. આશા છે કે જેમ સરદાર પ્રજાવલ્લભ થઈ રહ્યા છે, તેવી જ રીતે આ સંસ્થા પણ પ્રજાવલ્લભ થશે જ થશે, અને દિન-પ્રતિદિન ઉન્નતિના પંથ પર ચાલશે એ જ મંગળ આશીર્વાદ."

ગુજરાનવાલા પધારી જેઠ શુદિ આઠમના દિને પૂ૦ આત્મારામજી મહારાજના નિર્વાણના દિનની ઊજવણી કરી. આ પ્રસંગે આચાર્યશ્રીએ રચનાત્મક કાર્યનો અનુરોધ કર્યો. ભારતના અનેક સ્થળોએ પૂ૦ આત્મારામજીની નિર્વાણ અર્ધશતાબ્દી ઊજવાઈ. અહીં આચાર્યશ્રીએ ગુરુકુળનું નિરીક્ષણ કર્યું અને પ્રગતિનો ખ્યાલ મેળવ્યો. આષાઢી સંક્રાંતિ ઉત્સાહપૂર્વક ઊજવાઈ અને ગુજરાનવાલા શ્રીસંઘની ચાતુર્માસ કરવાની વિનતિ સ્વીકારી. આચાર્યશ્રીએ પ્રતાપજયંતીની ઊજવણીમાં હાજરી આપી. મહારાણા પ્રતાપ અને ભામાશાની વાત કરી તેમણે અંજલિ અર્પી. આ ચોમાસામાં ધર્મારાધના સારી થઈ. પર્યુષણપર્વ બાદ શ્રી હીરવિજયસૂરિજીની જયંતી ઊજવાઈ. કાર્તિક શુદિ બીજે આચાર્યશ્રીની ૭૭મી વર્ષગાંઠ હિંદભરમાં ઊજવાઈ. આ દિવસે આચાર્યશ્રીએ સંદેશો આપતાં જણાવ્યું કે, "શિક્ષણસંસ્થાઓનું સંગઠન અત્યંત આવશ્યક છે. આજે જે આઝાદીની નોબતો વાગે છે તે માટે આપણે—જૈન સમાજે સાવધાન રહેવાનું ન ભૂલવું જોઈએ. કાલે હિંદુસ્તાન-પાકિસ્તાન ગમે તે થાય, પણ જૈનસંઘનું, જૈન સમાજનું અનુપમ સંગઠન થવું જોઈએ." કાર્તિક શુદિ પૂનમે કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રીહેમચન્દ્રાચાર્યની જન્મજયંતી ઊજવાઈ, અને આચાર્યશ્રીએ વિહાર કર્યો.

આચાર્યશ્રીની પ્રેરણાથી શિયાલકોટમાં બે માળનું ભવ્ય એવું ચૌમુખજીનું મંદિર તૈયાર કરવામાં આવ્યું. આ મંદિર જમીનથી ૧૦૨ ફૂટ ઊંચું છે. આચાર્યશ્રી અહીં પધાર્યા અને વિ૦ સં૦ ૨૦૦૩ના માગશર શુદિ પાંચમે તા૦ ૨૯–૧૧–૧૯૪૬ ના રોજ પ્રતિષ્ઠા કરાવી. બપોરે શહેરમાં રથયાત્રા નીકળી. સાતમના દિવસે લાલા મોતીલાલજીની પુત્રી પ્રકાશવંતીને દીક્ષા આપી. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રીશ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ ઉપર આચાર્યશ્રીએ સં૦ ૨૦૦૩ ના પોષ શુદિ ચોથના રોજ પપનાખાથી વિદ્યાલયની પ્રગતિ વિશે એક પત્ર લખ્યો. આ પત્રમાં આચાર્યશ્રીએ જણાવ્યું હતું કે, "અમદાવાદના પ્રયત્નો સફળ થવા સાથે જ અમારી-તમારી પૂનાની ભાવના સફળ થઈ તે વિશેષ આનંદની વાત છે. અમારી તો પ્રથમથી જ જ્વલંત ભાવના રહી છે કે જ્યાં સુધી 'જૈન વિદ્યાપીઠ'ની યોજના મૂર્તસ્વરૂપ નહિ લે ત્યાં સુધી આપણું ધ્યેય પૂરું સધાશે નહિ.

"કાઠિયાવાડ તથા મેવાડ-મારવાડમાં એક એક શાખા ખોલવાની જરૂર છે. પ્રયત્ન કરો તો બનારસમાં પણ એક શાખા થઈ શકે અને પછી તો મુંબઈના પરામાં એક કૉલેજ થઈ જાય તો જૈન સંશોધનને માટે ઘણું ઘણું થઈ શકે તેમ છે. આપણી કોમના સ્વરાજના ઘડતરમાં જૈન-સમાજને વિદ્વાનો, લેખકો, વિવેચકો, વક્તાઓ, સેવકો અને સંશોધકો જોઈશે, જે આવી વિદ્યાપીઠ સિવાય શક્ય નથી. જૈન સમાજ જેવી સમૃદ્ધ કોમ માટે પૈસાનો પ્રશ્ન તો ગૌણ છે. સાચા એકનિષ્ઠ ધગશવાળા કાર્યકર્તાઓ જોઇશે. આજે પણ ઘણા દાનવીરો છે. તેઓને જૈન સમાજના ઉત્થાન માટે અને જૈન શિક્ષણના વિકાસ માટે અનન્ય પ્રેમ છે. તમે નિર્ણય કરો તો ગુરુદેવની કૃપાથી સંજોગો મળી રહેશે. તમારી અનન્ય સેવાભક્તિ માટે ધન્યવાદ. તમારા જેવા દસ–વીસ નવલોહિયા સમાજ—દેશના ઘડવૈયાઓ તૈયાર કરવાની જવાબદારી ક્યારે સ્વીકારશે? તે દિશામાં પણ પ્રયત્ન કરવાની જરૂર છે."

આચાર્યશ્રીની પ્રવૃત્તિ વધતી જતી હતી પણ રાજકારણ અને રાજકીય પ્રવાહો ખેદજનક હતાં. જૈન સંશોધન અંગે વિદ્વાનો મદદ માગતા હતા. લાહોરના મ્યુઝિયમના ક્યુરેટર મિ૦ ફાસ્રીએ

તા૦ ૧૮–૧–૧૯૪૭ના રોજ કલ્પસૂત્રની પ્રત અંગે આચાર્યશ્રીને પત્ર લખ્યો અને તેમણે તેનો સાનુકૂળ જવાબ આપ્યો.

ઈ૦ સ૦ ૧૯૪૭ના દિવસો આવતા હતા. પંજાબમાં અનેક જાતની ભડક હતી અને વાતાવરણમાં ભયાનકતા હતી. તા૦ ૧૧–૩–૧૯૪૭ના દિવસે ચોવીસ કલાકના કર્ફ્યુનો અમલ થયો. ઉપાશ્રયના રક્ષણ માટે સંઘે પચીસ માણસોની દરરોજની વ્યવસ્થા કરી. અમૃતસર, લાહોર વગેરે શહેરોમાં તોફાનો શરૂ થયાં હતાં. લાઠીમાર અને ગોળીબાર દરરોજની વાત બની ગઈ. ૧૪૪મી કલમનો ભંગ અને ભયંકર રાજકીય અશાંતિ ચાલુ થઈ ગયાં હતાં. તા૦ ૨૦–૩–૧૯૪૭ના રોજ મહાવીર રાહત સમિતિના તારના જવાબમાં આચાર્યશ્રીએ જણાવ્યું હતું કે, "હજુ ગુજરાનવાલામાં કશું તોફાન નથી. ૧૪૪મી કલમનો અમલ ચાલુ છે. પંજાબની અશાંત પરિસ્થિતિને લીધે પૂ૦ ગુરુમહારાજનો કાળધર્મ અર્ધ શતાબ્દી મહોત્સવ મુલતવી રખાયો છે." ચૈત્ર શુદિ તેરસના દિને આચાર્યશ્રીએ મહાવીર-જયંતીની શાનદાર ઊજવણી કરી.

મામલો તંગ બનતો જતો હતો. જાનમાલની સલામતી નહોતી. કર્ફ્યુનો અમલ વ્યાપક કરાતો જતો હતો. તાર ઉપર તાર અને પત્રો ઉપર પત્રો આચાર્યશ્રીને મળતા હતા. બિકાનેરથી જૈનોની વ્યવસ્થા માટેનો પત્ર આવ્યો. ફાલનાથી આચાર્યશ્રી વિજયલલિતસૂરિજીનો તાર આવ્યો. તા૦ ૬–૫–૧૯૪૭ના દિવસે રાતના દશ વાગે શ્રી આત્માનંદ જૈનગુરુકુળના દરવાજાને આગ લગાડવાનો હીચકારો નિષ્ફળ પ્રયાસ થયો.

તા૦ ૨૭–૫–૧૯૪૭ના રોજ બાબુ જ્ઞાનચંદજી દુગડના અધ્યક્ષપદે શ્રી આત્મારામજી મહારાજની જયંતી ઊજવાઈ. ઉપાશ્રયમાં વિવિધ પ્રવચનો થયાં. ભારતીય જૈન સ્વયંસેવક પરિષદના બીજા અધિવેશન પ્રસંગે આચાર્યશ્રીએ સંદેશો પાઠવ્યો.

તોફાનો વધતાં જતાં હતાં. ૪૮–૭૨ કલાકના કર્ફ્યુનો અમલ થયો. ગુરુદેવના સમાધિમંદિરને આગ લગાડવામાં આવી. ત્રણ દરવાજા અને બે બારીઓ બળી ગઈ છતાં પણ પ્રતિમા અને ગુરુદેવની પાદુકા બચી ગયાં. નાનકપુરામાં મોટું તોફાન થયું પણ આચાર્યશ્રી મક્કમ હતા. કોઈ જાતનો દેહનો ડર એમણે રાખ્યો નહિ. તા૦ ૯–૭–૧૯૪૭ના રોજ ઉપાશ્રય પર ત્રણ બૉમ્બ નખાયા. એક બૉમ્બ તો પં૦ શ્રી સમુદ્રવિજયજીની નજીક જ પડ્યો, પણ શાસનદેવની કૃપાથી કોઈને નુકસાન પહોંચ્યું નહિ. બધા જ બચી ગયા. આત્માનંદ જૈન ગુરુકુળની પ્રતિમાઓ બિકાનેર મોકલાવી. તા૦ ૨૪–૭–૧૯૪૭ના રોજ પરિસ્થિતિ વધુ બગડી. હિંદુઓ ખાસ કરીને ગુજરાનવાલામાં રહ્યા હતા. પાલણપુરથી આચાર્યશ્રી લલિતસૂરિજીના તેમ જ અન્ય ઠેકાણેથી આચાર્યશ્રીની પૃચ્છા કરતા પત્રો તેમ જ તારો આવતા હતા. આચાર્યશ્રીએ તા૦ ૭–૮–૧૯૪૭ના રોજ પત્ર લખ્યો. તેમાં તેઓશ્રીએ જણાવ્યું: "લોકો તેમ જ તમારા પત્રથી ભક્તિ અને ધર્મ પ્રત્યેની લાગણીનો ખ્યાલ આવે છે. પણ એક વાત વિચારવા જેવી છે. કોઈ પણ શાહુકાર પોતાની જૂની દુકાન, ઇજ્જત અને આબરૂનો સવાલ વિચારે તો એ પોતાના જીવન પર ડાઘ પસંદ નહિ કરે. બે-આબરૂ થવું તેના કરતાં મોત પસંદ કરે. થોડી જિંદગીની ખાતર આખી જિંદગીની કમાઈ છોડી દેવાય—એ વસ્તુ વ્યાજબી નથી. 'જ્ઞાનીએ જે દીઠું હશે તે થશે' એવા જ્ઞાની મહારાજના વચન ઉપર શ્રદ્ધા રાખીએ છીએ. શ્રીશાસનદેવ તથા સદ્ગુરુની કૃપાથી આજ સુધી ચારે બાજુની આગ છતાં બચાવ થતો રહ્યો છે. આથી કોઈ પ્રકારની ફિકર કર્યા વિના ભગવાન પર શ્રદ્ધા રાખી કર્મમાં જે ભોગવવાનું હશે તે ભોગવીશું. જ્ઞાની મહારાજના નિશ્ચય અને વ્યવહારના વચનોપર ખ્યાલ રાખીશું: 'જ્ઞાનીએ જે દીઠું હશે તે થશે.'"

પંદરમી ઑગષ્ટે હિંદ-પાકિસ્તાન જુદાં થયાં. ભારતે સ્વતંત્રતા મેળવી. પરંતુ પંજાબમાં કત્લેઆમ હતી. પ્રજા ગાંડી બની હતી. જનતા આઝાદી પચાવી શકે એમ ન હતું. પંજાબમાં ઠેર ઠેર હત્યાકાંડો રચાયા. ઘર, ધન, બધું મૂકી પ્રજાએ સ્થળાંતર કર્યું. અહિંસા દ્વારા મેળવેલી આઝાદીને કલંક લગાડવા માટે હિંસાનું વ્યાપક સ્વરૂપ દેખાતું હતું. રાષ્ટ્રપિતાના દિલમાં ભારોભાર વ્યથા હતી. નેતાઓને કાંઈ સૂઝ પડતી ન હતી. આઝાદીએ માનવીની માનવતાનો ભોગ લીધો હતો.

આચાર્યશ્રીની પંજાબની ભૂમિ રહેંસાઈ રહી હતી. કરેલાં નિર્માણોનો આંખ સામે વિનાશ થતો દેખાતો હતો. માનવી અસહાય હતો, માનવતા વિસરાઈ ગઈ હતી. ધરતી પુકાર કરતી હતી અને રાષ્ટ્રજીવનની નવી તવારીખ રચાતી હતી. પપનાખાના પચીસ જેટલા શ્રાવકો મૂર્તિઓ ભોંયરામાં પધરાવી આચાર્યશ્રી પાસે આવી ગયા.

દેશદેશાવરના ભક્તજનોની વિનંતિ ધ્યાનમાં લઈને આચાર્યશ્રીએ સ્થાનાંતર કરવાનું નક્કી કર્યું. ઉપાશ્રયથી બહાર નીકળીને આચાર્યશ્રી ગુરુદેવના સમાધિ-મંદિરે દર્શન કરવા ગયા. ત્યાં બધા ફોટાઓ તોડીફોડી નાખ્યા હતા. મંદિરમાં શ્રી વાસુપૂજ્યસ્વામીની મૂર્તિનું મસ્તક ખંડન કરી નાખ્યું હતું. આંખોમાં આંસુ, હૃદયમાં ગ્લાનિ અને અનેક યાતના સાથે આચાર્યશ્રી ગુરુકુળ પહોંચ્યા. આગળ હજારો ગુંડાઓ લૂંટવા માટે ખડા છે એ સમાચાર જાણી લોકો ગભરાઈ ગયા. અચાનક જ ગુરુદ્વારાપુરથી મિલિટરીની લૉરીઓ આવી પહોંચી. મિલિટરી સાથે લાહોર સુધી જવાનો નિર્ણય લેવાયો. ચારપાંચ માઈલ દૂર ઝાડીઓમાં સંતાયેલા સશસ્ત્ર ગુંડાઓ મિલિટરી જોઈ ભાગી ગયા. આઠ સાધુ, ચૌદ સાધ્વીઓ તથા સો-સવાસો જેટલા માણસો તા૦ ૨૮–૯–૧૯૪૭ના દિને અમૃતસર સુખરૂપ પહોંચી શકયા.

આચાર્યશ્રી અમૃતસર સુખરૂપ પહોંચ્યાથી આનંદમંગળ પ્રવર્ત્યા. સં૦ ૨૦૦૪ના કાર્તિક શુદિ બીજના રોજ આચાર્યશ્રીની ૭૮મી વર્ષગાંઠ હર્ષોલ્લાસપૂર્વક ઊજવાઈ. મહા શુદિ પાંચમના રોજ આચાર્યશ્રીએ રાષ્ટ્રવંદનીય રાષ્ટ્રપિતા ગાંધીજીના ગોળીથી ઠાર થયાના સમાચાર સાંભળી દુઃખની લાગણી વ્યક્ત કરી. અહીંથી વિહાર કરતા કરતા આચાર્યશ્રીએ અનેક ગામોને પવિત્ર કર્યાં અને તા૦ ૧૪–૪–૧૯૪૮ના રોજ બિકાનેર પધાર્યા.

બિકાનેરમાં અનેક ધર્મારાધના થઈ. સંવત્સરીની ચર્ચામાં આચાર્યશ્રીએ સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું. તા૦ ૧૪–૬–૧૯૪૮ના રોજ પૂ૦ આત્મારામજી મહારાજની જયંતી શાનદાર રીતે ઊજવી. બિકાનેરના મંદિરોની વ્યવસ્થા માટે સંઘની પેઢી સ્થાપવાની પ્રેરણા આચાર્યશ્રીએ આપી. પર્યુષણ પર્વની સુંદર રીતે ઊજવણી થઈ. આચાર્યશ્રીના ઉપદેશથી પંજાબ સંઘે પાલીતાણાના શ્રી આત્માનંદ જૈન ભવન માટે એક લાખ રૂપિયાનો પ્રબંધ કર્યો. મુનિશ્રી મેઘવિજયજીના કાળધર્મના સમાચાર સાંભળી આચાર્યશ્રીએ અંજલિ આપી. સં૦ ૨૦૦૫ના કાર્તિક શુદિ બીજના દિને આચાર્યશ્રીની ૭૯મી વર્ષગાંઠ ઊજવાઈ. કાર્તિક શુદિ ચૌદશના રોજ મહિલા ઉદ્યોગશાળાની સ્થાપના કરવાનો બિકાનેરમાં નિર્ણય લેવાયો.

શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ સન્માન સમિતિને સંદેશો પાઠવતા આચાર્યશ્રીએ જણાવ્યું: "શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી તરીકેની અખંડ સેવા અંગે સન્માન કરવાનો જે નિર્ણય કર્યો છે તે યોગ્ય છે. શ્રી મોતીચંદે અનેક વિપત્તિઓ સહન કરીને વિદ્યાલય તેમ જ સમાજની જે સેવા કરી છે તે સમાજ માટે નહિ પણ પોતાના આત્માના ઉદ્ધાર માટે કરી છે. એમ છતાં એમના જેવા યોગ્ય માનવીનું સન્માન કરવું એ આપણી શોભા છે અને અન્ય સેવાભાવી વ્યક્તિઓને સેવા માટેનું આમંત્રણ છે...... સાચી વાત એ છે કે માન-સન્માન આપવું એ એક વ્યવહારુ રૂઢિ છે અને આવી રૂઢિ હોવી પણ

જોઈએ. પરંતુ સત્ય રીતે વિચારીએ તો જે સન્માન કરે છે તે એક રીતે પોતાનો ઉદ્ધાર કરે છે. આથી ધાર્મિક કાર્યોમાં જેટલી પ્રશંસા કરવામાં આવે તેટલી ઓછી છે.”

ફાગણ શુદિ પાંચમના દિવસે આચાર્યશ્રીએ આંખનો મોતિયો ઊતરાવ્યો. આચાર્યશ્રી લલિતસૂરિજી ભાવનગરથી વિહાર કરી આચાર્યશ્રીને મળ્યા. પાટણથી શેઠ કેશવલાલે આચાર્યશ્રીને રૂપિયા એક હજાર ધર્મિકોની સેવા માટે ધર્યા. જેઠ શુદિ આઠમના રોજ પૂ૦ આત્મારામજી મહારાજની જયંતી ઊજવી. સાદડીમાં આચાર્યશ્રીએ ભગવતીસૂત્રની વાચના શરૂ કરી. સાથે સાથે નળ–દમયંતી ચરિત્ર પણ તેઓશ્રીએ વાંચ્યું. સં૦ ૨૦૦૫નું ચાતુર્માસ આચાર્યશ્રીએ સાદડીમાં કર્યું. કન્યાવિક્રય તેમ જ વરવિક્રય બંધ કરવા અંગે આચાર્યશ્રીએ સંગીન કાર્ય કર્યું. પર્યુષણ દરમિયાન સારી તપશ્ચર્યા થઈ. ધર્મમાં હસ્તક્ષેપ અંગે સરકારનું ધ્યાન ખેંચતા પત્રો પં૦ જવાહરલાલ નેહરુ અને સરદાર વલ્લભભાઈ પટેલ ઉપર લખ્યા.

શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈને મુંબઈમાં સન્માન આપવાનો જે સમારંભ તા૦ ૨૮મીએ થવાનો હતો તે અંગે નીચેનો પત્ર તા૦ ૨૪–૯–૧૯૪૯ના રોજ પાઠવ્યો: “આવા સમારંભમાં અવશ્ય કોઈ સમાજ-સુધારાનું નક્કર કામ થવું જોઈએ. આપની જાણમાં છે કે શ્રી જૈન સંઘની કેટલી અવ્યવસ્થા થઈ રહી છે, સંઘસત્તાનો દુરુપયોગ થઈ સંઘસત્તા જેવી કોઈ ચીજ રહેવા પામી નથી. આપ સમજો છો કે કોઈ પણ સત્તા અધિકારી વિના ચાલતી નથી અને શોભતી પણ નથી. આપ સમજુઓને વધારે સમજાવવાની જરૂર રહેતી નથી. આ સમયે અમને મરહૂમ શેઠ મનસુખભાઈ ભગુભાઈ અને શેઠ લાલભાઈ દલપતભાઈ યાદ આવે છે. એઓ કેવી કુનેહભારી વાતથી સર્વ કોઈનું મન રાજી કરી શકતા હતા. અમદાવાદમાં શેઠ આણંદજી કલ્યાણજીની સામાન્ય સભામાં કંઈક ગરબડ મચી હતી. પણ બંને ભાગ્યશાળીઓએ કેવી બુદ્ધિથી એ ગરબડને શાંત કરી દીધી તે આપનામાંથી ઘણા સજ્જનો જાણતા હશે!... શેઠશ્રી કસ્તુરભાઈએ પોતાનું નામ ગુણસંપન્ન બનાવી સર્વને પોતાની કસ્તુરીની વાસનાથી વાસિત કર્યા છે. અમે ઇચ્છીએ છીએ કે પૂર્વોક્ત બંને ભાગ્યવાનોએ કરેલા સંકેતને ધ્યાનમાં લઈને તેઓનું નિર્ધારિત કામ પૂરું કરી સુ-યશના ભાગી બને એવી અમારી અંતઃકરણની આશા છે.”

સં૦ ૨૦૦૬ની શરૂઆતમાં આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ મહુવા મુકામે કાળધર્મ પામ્યા. આચાર્યશ્રી અને તેઓશ્રીના મિલનો ઠેર ઠેર થયેલાં. બંને વચ્ચે સમભાવની લાગણી જન્મી હતી. આ પ્રસંગે આચાર્યશ્રીએ સંવેદના પ્રકટ કરી.

આચાર્યશ્રીની ૮૦મી જન્મજયંતી સાદડીમાં સુંદર રીતે થઈ. આ પ્રસંગે આચાર્યશ્રીએ પંજાબના ઉદ્ધારનો અનુરોધ કર્યો. સાદડીમાં સ્થિરતા કરી અને ત્યારબાદ વિજાપુર પધારી ત્યાં અંજન-શલાકા કરાવી. સાદડીના સંઘે આચાર્યશ્રીને શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના અધિવેશનમાં હાજરી આપવા સવિનય અનુરોધ કર્યો. બિજોવામાં મુનિશ્રી પુણ્યવિજયજીએ જેસલમેરના જ્ઞાનભંડારનો આચાર્યશ્રીને ખ્યાલ આપ્યો. વરકાણાથી વિહાર કરી આચાર્યશ્રી ફાલના પધાર્યા. અહીંના સંઘમાં આચાર્યશ્રીએ સંપ કરાવ્યો. આચાર્યશ્રીની સંનિધિમાં આચાર્ય શ્રીલલિતસૂરિજી સં૦ ૨૦૦૬ના મહા શુદિ નોમના રોજ કાળધર્મ પામ્યા. શ્રી મહાવીર જૈન વિદ્યાલય, શ્રી વરકાણા જૈન વિદ્યાલય તેમજ મારવાડની અનેક સંસ્થાઓના ઉત્કર્ષમાં અને સામાજિક સુધારણાઓમાં સ્વ૦ આચાર્યશ્રી લલિતસૂરિજીનો અનન્ય સાથ આચાર્યશ્રીને મળ્યો હતો. આચાર્યશ્રીએ શાંત સમભાવે આ વિયોગ સહન કર્યો અને જણાવ્યું: “કાળની ગતિ વિચિત્ર

છે. એ સૌને પોતાના ગ્રાસ બનાવી લે છે. એક દિવસ આપણે પણ એ જ રસ્તે જવાનું છે. માટે બધા વિખવાદો મિટાવી સમ્યક્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર આદિ આત્માના કલ્યાણના સાધનોમાં તત્પર રહેવું એ જ શ્રેયસ્કારી છે. મરવાથી ડરવું નહિ. મરવા ઇચ્છવું નહિ પણ એના માટે તૈયાર રહેવું."

ફાલનામાં ભરાયેલા શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના અધિવેશનમાં આચાર્યશ્રીએ પ્રેરણાત્મક સંદેશો આપ્યો. ઐક્ય અંગેનો ઠરાવ પસાર થયો અને રાજસ્થાન જૈન સમિતિની સ્થાપના થઈ. ફાલનાથી નાનાવિધ ગામોમાં વિહાર કરતા કરતા આચાર્યશ્રી ચૈત્ર શુદિ છઠ્ઠના દિવસે પાલણપુર પધાર્યા. પાલણપુરે સુંદર સામૈયું કર્યું. આચાર્યશ્રીએ મહાવીરજયંતી ઊજવી અને કેટલીક વડી દીક્ષાઓ આપી. આ વખતનું ચાતુર્માસ આચાર્યશ્રીએ અહીં કર્યું. આસો વદિ નોમના દિને ડૉ૦ હીરાલાલ પટેલે આચાર્યશ્રીની આંખનું ઑપરેશન કર્યું. કાર્તિક શુદિ બીજના દિને આચાર્યશ્રીની ૮૧મી જન્મજયંતી ઠામેઠામ ઊજવાઈ. આ સમય દરમિયાન આચાર્યશ્રીની તબિયત અસ્વસ્થ રહી હતી. આનું કારણ આંખની વ્યાધિ હતું. આંખની આ વ્યાધિ અનેક ઉપાયો કર્યા છતાં કાયમ રહી.

પાલણપુરથી આચાર્યશ્રીએ વિહાર કરી પાટણમાં પ્રવેશ કર્યો. ખૂબ સુંદર સામૈયું થયું. અહીં આચાર્યશ્રીએ 'આપણું કર્તવ્ય' એ વિષય ઉપર ચિંતનીય જાહેર પ્રવચન કરી જૈન-જૈનેતર ભાઈઓને લાભ આપ્યો. અહીંથી વિચરતા વિચરતા આચાર્યશ્રી શંખેશ્વર પધાર્યા. આચાર્યશ્રીને અહીં પૂ૦ આચાર્યશ્રી વિજયદર્શનસૂરિજી, પૂ૦ આચાર્યશ્રી વિજયોદયસૂરિજી, પૂ૦ આચાર્યશ્રી નંદનસૂરિજી વગેરે મળ્યા. આચાર્યશ્રી તથા અન્ય મુનિપુંગવોએ અંદરોઅંદર વિચારવિનિમય કર્યો. આચાર્યશ્રીએ જાહેર પ્રવચનમાં કહ્યું: "શ્રી બુટેરાયજી મહારાજશ્રીના સુપ્રસિદ્ધ શિષ્ય શ્રીમદ્ મુક્તિવિજયજી (મૂળચંદજી), ગણિવર શાંતમૂર્તિ શ્રી વૃદ્ધિવિજયજી અને શ્રીમદ્ વિજયાનંદસૂરિજી ત્રણે પ્રતાપશાળી અને પંજાબી હતા. શ્રી બુટેરાયજી મહારાજ પણ પંજાબના હતા. આ ત્રણેય મહાપુરુષોનો પરિવાર વર્તમાનમાં છે." પૂ૦ આચાર્યશ્રી વિજયાનંદસૂરિજીએ આચાર્યશ્રીના પંજાબના કાર્યની પ્રશંસા કરી.

અહીંથી વિહાર કરીને સૌરાષ્ટ્રમાં ધ્રાંગધ્રા, બોટાદ વગેરે સ્થળોએ થઈ સોનગઢ પહોંચ્યા. ત્યાંથી ચૈત્ર શુદિ દશમના રોજ પાલિતાણા પધારી ગુરુકુળમાં બે દિવસની સ્થિરતા કરી. તા૦ ૨૨–૮–૧૯૫૧ના રોજ આચાર્યશ્રીએ તીર્થ ઉપર પૂ૦ આત્મારામજી મહારાજની ધાતુની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. મુનિશ્રી નંદનવિજયજીને આચાર્યશ્રીએ વડી દીક્ષા આપી.

વૈશાખ વદિ સાતમ-આઠમના રોજ જૂનાગઢ મુકામે ભરાયેલા શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સના અઢારમા અધિવેશનમાં આચાર્યશ્રીએ મોકલેલા સંદેશામાં જણાવ્યું હતું કે: "જૈન સમાજ અને ધર્મના રચનાત્મક કાર્યોમાં કાર્યકરો મગ્ન રહે અને નાની નાની વાતો ભૂલી જાય. શાસનોન્નતિના કાર્યો કરે, શિક્ષણ અને સાહિત્યનો પ્રચાર કરે. જે જે ક્ષેત્ર નબળું પડતું લાગે તે તે ક્ષેત્રનું પોષણ કરે અને પોતાની ફરજ બજાવે. સ્વામીવાત્સલ્ય કેવળ જમવામાં સમાઈ જતું નથી. સ્વધર્મી ભાઈઓને પગભર કરવા એ પણ સાચું સ્વામીવાત્સલ્ય છે. આ વાત પર બધાંએ ધ્યાન આપવું જોઈએ."

પાલીતાણાથી વિહાર કરી આચાર્યશ્રીએ તળાજામાં પ્રવેશ કર્યો અને ત્યાં 'અનેકાંતવાદ' પર પ્રવચન કર્યું. પાલીતાણા પાછા ફરી આચાર્યશ્રીએ ત્રણ દિવસ સુધી પૂ૦ આત્મારામજી મહારાજની જયંતી ઊજવી. આ દિવસોમાં સૌરાષ્ટ્રના વડા પ્રધાન શ્રી ઉછરંગરાય ઢેબરે આચાર્યશ્રીની મુલાકાત લીધી. આચાર્યશ્રીએ "शिवमस्तु सर्वजगतः"નો શ્લોક સમજાવ્યો. શેઠ શ્રી કસ્તુરભાઈએ સરકારી કાયદાઓ વિશે બે દિવસ આચાર્યશ્રી સાથે વાતચીત કરી. સં૦ ૨૦૦૭માં પાલીતાણામાં મુનિ–પુંગવોનું સંમેલન મળ્યું. આ

સંમેલનને ધર્મમાં અવરોધ કરતી રાજસત્તાનાં અને મુંબઈ પબ્લિક ટ્રસ્ટ ઍક્ટનો વિરોધ કરતા ઠરાવ પસાર કર્યા. વહીવટો વ્યવસ્થિત કરવા માટે સામાન્ય યોજનાની રૂપરેખા તૈયાર કરી આ સંમેલનમાં એકતાની સામાન્ય ભૂમિકા રચાઈ પણ દુર્ભાગ્યે કશું સંગીન કામ ન થઈ શક્યું.

સં૦ ૨૦૦૮ના કાર્તિક શુદિ બીજે આચાર્યશ્રીની ૮૨મી જન્મજયંતી ઊજવાઈ. સ્વ૦ મુનિશ્રી ચારિત્રવિજયજી મહારાજની જન્મ જયંતી આચાર્યશ્રીની અધ્યક્ષતા નીચે ઊજવાઈ. ત્યાંથી આચાર્યશ્રીએ ભાવનગર આવી શ્રી આત્મ-કાન્તિ જ્ઞાનમંદિરની ઉદ્ઘાટન વિધિ કરી. આચાર્યશ્રીએ ' ज्ञानक्रियाभ्यां मोक्षः 'ની વ્યાખ્યા કરી જ્ઞાનનો મહિમા સમજાવ્યો. ટાઉન-હૉલમાં આચાર્યશ્રીએ " સેવાનો માર્ગ " એ વિષય ઉપર જાહેર પ્રવચન કર્યું.

ભાવનગરથી વિવિધ સ્થળોએ વિહાર કરતા કરતા આચાર્યશ્રી છાણી થઈ વડોદરા પધાર્યા. અહીં આચાર્યશ્રીએ ' મનુષ્યજન્મની દુર્લભતા ' પર પ્રવચન કર્યું. સોળ વર્ષના ગાળા બાદ આચાર્યશ્રીએ પોતાની જન્મભૂમિમાં પ્રવેશ કર્યો અને પ્રતિષ્ઠા તથા અંજન-શલાકા મહોત્સવમાં ભાગ લીધો. ફાગણ શુદિ દશમના રોજ આચાર્યશ્રીએ પં૦ શ્રી સમુદ્રવિજયજી અને પં૦ શ્રી પૂર્ણાનંદવિજયજીને ઉપાધ્યાયની પદવીથી વિભૂષિત કર્યા અને આચાર્ય શ્રીવિજયઉમંગસૂરિજીને પંજાબ તરફ જવાનો આદેશ દીધો. વડોદરાના શ્રીસંઘે આચાર્યશ્રીને ' શાસન-સમ્રાટ 'ની પદવી આપવાની ઇચ્છા વ્યક્ત કરી. પરંતુ આચાર્યશ્રીએ એ પદવીનો અસ્વીકાર કર્યો. શ્રીઆદિનાથ પ્રભુની પ્રતિષ્ઠાવિધિ કરાવી ફાગણ વદિ ચોથના રોજ વિહાર કર્યો.

વિચરતા વિચરતા આચાર્યશ્રી ડભોઈમાં થોડા દિવસ સ્થિરતા કરી જગડિયા પધાર્યા જ્યાં પૂ૦ આત્મારામજી મહારાજની જયંતી ઊજવી તથા શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ સ્થાપવાનો નિર્ણય કર્યો. અહીંથી વિહાર કરતા કરતા આચાર્યશ્રી ચૈત્ર શુદિ દશમના રોજ સુરત પધાર્યા. ચૈત્ર શુદિ તેરસના દિને મહાવીરજયંતીની ઊજવણી થઈ. ત્યારબાદ મુંબઈ પધાર્યા અને શુદિ ચોથના દિને આચાર્યશ્રીએ ભાયખલામાં આચાર્યશ્રી વિજયપ્રેમસૂરિજી સાથે વિચારવિનિમય કર્યો.

મુંબઈમાં જેઠ શુદિ પાંચમના દિને પૂ૦ આત્મારામજી મહારાજની જયંતી ઊજવી. જેઠ વદિ પાંચમે આચાર્યશ્રી ભાયખલા પધાર્યા અને ત્યાં શ્રી જૈન કૉન્ફરન્સના અધિવેશનમાં ત્રણ દિવસ હાજરી આપી. શ્રાવક-શ્રાવિકાના ઉત્કર્ષ માટે પ્રેરક પ્રવચન કર્યું. આચાર્યશ્રીની પ્રેરણાથી ઉત્કર્ષ ફંડમાં રૂ૦ ૧,૬૫,૦૦૦ નો ફાળો થયો. અધ્યાત્મપ્રેમી આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજીની જયંતી ઊજવી. ચાતુર્માસના પ્રેરક પ્રવચનોને પરિણામે સાધર્મી સેવા-સંઘની સ્થાપના થઈ.

આચાર્યશ્રીની મુંબઈમાં અનેકવિધ પ્રવૃત્તિઓ હતી. સં૦ ૨૦૦૮ના શ્રાવણ વદિ બારસે મુંબઈ પબ્લિક ટ્રસ્ટ ઍક્ટના વિરોધની સભામાં હાજરી આપી. પર્યુષણપર્વની સારી ઊજવણી કરાવી. ભાદરવા શુદિ અગીઆરસના દિને આચાર્યશ્રી હીરવિજયસૂરિજીની, અને ચૌદશના દિને શ્રી જૈન સ્વયંસેવક મંડળના ઉપક્રમે શ્રી વિજયધર્મસૂરિજીની સ્વર્ગારોહણ જયંતી ઊજવી. ભાદરવા વદિ બીજના દિને શ્રી જિનદત્તસૂરિની જયંતી ઊજવી. ભાદરવા વદિ અગિયારસના દિને ચોપાટી પરની જાહેર સભામાં " अहिंसा परमो धर्मः " પર આચાર્યશ્રીએ આદર્શ પ્રવચન આપ્યું.

આસો શુદિ ત્રીજના દિવસે ડૉ૦ ડગને આચાર્યશ્રીની આંખે સફળ ઑપરેશન કર્યું. સં૦ ૨૦૦૯ ના કાર્તિક શુદિ એકમના દિને ગોડીજીના ઉપાશ્રયેથી આચાર્યશ્રીના ૮૩મા વર્ષના પ્રસંગે ભવ્ય વરઘોડો નીકળ્યો. બીજના દિવસે ભાયખલાની સભામાં આચાર્યશ્રીને અંજલિ આપતાં પ્રવચનમાં મુંબઈના મેયર

ता. ७ थी ९ नवेम्बर १९५२ना रोज श्री महावीर जैन विद्यालयमां योजायेल संमेलन प्रसंगे विराजमान आचार्य श्रीविजयवल्लभसूरि अने मुनिमहाराजो

संमेलनना छेल्ला दिवसे प्रवचन करता आचार्य श्रीविजयवल्लभसूरि

संमेलनना छेल्ला दिवसे श्री महावीर जैन विद्यालय तरफथी प्रमुख श्री मनसुखलाल मास्तरने आवकार आपतां श्री खीमजी भुजपुरीआ आचार्यश्रीनी अनेकविध सेवाओने अंजलि आपी रह्या छे. श्री सुरचंद्र बदामी, श्री भोळाभाई दलाल, श्री शांतिलाल शाह, श्री गणपतिशंकर देसाई, श्री मनसुखलाल मास्तर अने मुनिश्री जिनविजयजी वगेरे नजरे पडे छे.
डाबी बाजू आचार्य श्रीविजयवल्लभसूरि तथा शिष्यसमुदाय बेठा छे.

आचार्यश्री श्रीमहावीर जैन विद्यालयमां विराजमान होई ता. १५-१०-१९५२ना रोज शेठ श्री कस्तुरभाई लालभाई वंदनार्थे आव्या ते प्रसंग

શ્રી ગણપતિશંકર દેસાઈએ કહ્યું : "એક વલ્લભ રાજક્ષેત્રે જન્મ્યો, આ વલ્લભ ધર્મક્ષેત્રે જન્મ્યો." ઉત્સવ ચાલુ હતો એ દરમિયાન ભાયખલાના મંડપમાં આગ લાગી પણ કોઈને નુકસાન થયું નહિ. શુદિ ત્રીજના દિવસે ભાયખલાના મંડપમાં પરમાર ક્ષત્રિયોને વાસક્ષેપ નાખી શ્રાવક બનાવ્યા. ગુરુભક્ત શ્રી ઘનશ્યામજીના ભજનોએ પણ મુંબઈને ઘેલું લગાડ્યું. કાર્તિક શુદિ ચૌદશના દિને થાણા ખાતે ઉપધાન કરાવવાની આચાર્યશ્રીને વિનતિ કરવામાં આવી. આ દિને ઉપદેશ આપતાં આચાર્યશ્રીએ પ્રતિજ્ઞા કરી : "મારા વિહાર સુધી કૉન્ફરન્સે શરૂ કરેલા ઉત્કર્ષ ફંડમાં પાંચ લાખ રૂપિયા નહિ થાય તો દૂધનો ત્યાગ કરીશ." આ પ્રતિજ્ઞાથી વાતાવરણમાં નવી ચમક આવી. કાર્તિક શુદિ પૂનમે કલિકાલ-સર્વજ્ઞ આચાર્યશ્રી હેમચન્દ્રાચાર્યની જયંતી વિશે પ્રેરક પ્રવચન કર્યું.

કાર્તિક વદિ છઠ્ઠ, સાતમ, તથા બીજી સાતમે શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં ઐતિહાસિક સંમેલન મળ્યું. આ પ્રસંગ માટે આચાર્યશ્રી અને મુનિમંડળ તા૦ ૬–૧૧–૧૯૫૨ના રોજ વિદ્યાલયના મકાનમાં પધાર્યા. સંસ્થાના કાર્યવાહકો અને વિદ્યાર્થીઓએ તેઓશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું.

તા૦ ૭મી શુક્રવારે સવારે સંમેલનનો આરંભ આચાર્યશ્રીના પ્રેરક મંગળ પ્રવચનથી શરૂ થયો. તેઓશ્રીએ જણાવ્યું : "કોઈ પુણ્યનાં ઉદયના લીધે હું આજે શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં વર્તમાન અને પૂર્વ વિદ્યાર્થીઓને, કાર્યકર્તાઓને અને શ્રોતાગણને મળી શક્યો છું." વિદ્યાર્થીઓને સંબોધીને તેઓશ્રીએ કહ્યું : "અભ્યાસનો ઉદ્દેશ શું છે ? વિચાર-વિનિમય, ચર્ચા આદિથી જ્ઞાનને કસવું અને પુષ્ટ કરવું...માત્ર પુસ્તકો ગોખી જવાથી કાંઈ વળતું નથી, પરંતુ યોગ્ય અભ્યાસ અને તેનો જીવનમાં ઉપયોગ થાય તે જ ઇષ્ટ છે. અભ્યાસનો ખરો ઉદ્દેશ આપણને પશુ અવસ્થામાંથી માનવ અવસ્થામાં લાવવાનો અને છેલ્લે ખરો માનવ બનાવવાનો છે...

"આજની કેળવણી માણસના દિલને બગાડે છે. તેને દૂર કરવા ધાર્મિક અભ્યાસ આવશ્યક છે. તે માટે આવાં વિદ્યાલય અને પાઠશાળા સ્થાપવામાં આવે છે."

બપોરે ભરાયેલા વિદ્યાર્થી સંમેલનમાં વિદ્યાલયની સ્થાપનાનો આદર્શ રજૂ કરતાં તેમણે કહ્યું : "કેળવણી પ્રાપ્ત કરવાની સાથે જ તમારે વિનયી થવું જોઈએ. વિદ્યાર્થી અવસ્થા એક પ્રકારની દીક્ષા છે; તેથી તમારે વિદ્યાપ્રાપ્તિના કાર્યમાં તલ્લીન બની જવું જોઈએ."

"વિદ્યાલય એ જૈન સમાજની શાન છે, પ્રગતિની પારાશીશી છે, શ્રમની સિદ્ધિ છે અને આદર્શની ઇમારત છે. પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે કે આ સમારંભ સફળ હો, અને સંસ્થા સદાસર્વદા પ્રગતિમાન અને વિકાસશીલ હો તથા દેશ અને સમાજની સેવામાં સહાયભૂત હો!" આવા બીજા અનેક સંદેશાઓ સભ્યો, કેળવણીકારો અને શુભેચ્છકો તરફથી મળ્યા હતા.

બીજે દિવસે આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિજીકૃત ચારિત્રપૂજા રાગરાગણી સાથે ભણાવવામાં આવી હતી. રાત્રે સંગીતનો રસપ્રદ કાર્યક્રમ જાણીતા સંગીતકાર શ્રી શાંતિલાલ બી૦ શાહે રજૂ થયો હતો.

ત્રીજે દિવસે આચાર્યશ્રીએ પોતાના મંગલ પ્રવચનથી સંમેલનની શરૂઆત કરી. અનેક ઐતિહાસિક દાખલાઓ ટાંકી તેઓશ્રીએ ધર્મના સિદ્ધાંતોને સમજણપૂર્વક અનુસરવા જણાવ્યું. ધાર્મિક ક્રિયાઓ તેની અંદર રહેલી મૂળભૂત ભાવનાઓ સમજીને કરવા ખાસ અનુરોધ કર્યો. દરેક જીવો ઉપર પ્રેમ-દયા રાખી દુર્ગતિમાં લઈ જનાર કષાયો ઉપર જીત મેળવવાની એઓશ્રીએ ઘોષણા કરી.

બપોરના જાહેર સમારંભમાં ઘણાં મનનીય પ્રવચનો થયાં. આચાર્યશ્રીએ પ્રવચનની શરૂઆત કરતાં જણાવ્યું કે "મુંબઈ શહેરમાં ઘણાં ધનાઢ્યો છે, ઘણાં ઉદારદિલ ગૃહસ્થો છે, ઘણા સાક્ષરો છે, છતાં મારી ભાવના મુજબ આ વિદ્યાલયની જેટલી ઉન્નતિ થવી જોઈએ તેટલી થઈ દેખાતી નથી. અલ્પ ઉન્નતિથી મને સંતોષ નથી. હું તો માગું છું કે હજુ આ વિદ્યાલય મારફત જૈન સમાજ માટે શિક્ષણના અનેક કાર્યો થાય. સમજનાર માટે ઇશારો બસ છે. વિદ્યાલયને તમારી ઇચ્છા પ્રમાણે દાન આપી શિક્ષણના કાર્યને વેગ આપો. જૈન શાસનનો ઉદય કરવો હોય, જૈન શાસનનો ઝંડો જગતમાં ફરકાવવો હોય તો તમારું ધન શિક્ષણપ્રચારના કાર્યમાં લગાડો. આ મારી ભાવના છે—મારા અંતરની ભાવના છે. હજુ તમે મારી એ ભાવના પારખી શક્યા નથી એનું મને દુઃખ છે."

મુંબઈ સરકારના મજૂર સચીવ શ્રી. શાંતિલાલ શાહે જણાવ્યું કે, "ભારતવર્ષના જૈનો પાસે પુષ્કળ ધન છે. જૈનો પાસે વિદ્વાનોની કમી નથી. જૈનો પાસે વિદ્યા તથા ત્યાગને વરેલો પૂજનીય સાધુવર્ગ છે. તો જૈનો જૈન ધર્મ તથા તત્ત્વજ્ઞાનની એકાદ કૉલેજ ઊભી કરે તો તે આવકારદાયક ગણાશે."

મુંબઈના તે વખતના નગરપતિ શ્રી ગણપતિશંકર દેસાઈએ જણાવ્યું કે, "કાળ વહી રહ્યો છે. એનો સદુપયોગ કરો. જુગેજુગે આવા આચાર્યો જન્મતા નથી. કર્તવ્યબુદ્ધિને જાગ્રત કરો. જાગ્રત કરનાર જો કોઈ વસ્તુ હોય તો તે વિદ્યા છે. સમાજ વિદ્યાથી ઉન્નત બનશે. આચાર્યશ્રીએ સમાજમાં વિદ્યારૂપી દીવડો પ્રગટાવ્યો છે, એનો પ્રકાશ સદાકાળ તેજપૂંજ વેરતો રહે એમ હું ઇચ્છું છું."

પુરાતત્વ વિશારદ મુનિશ્રી જિનવિજયજીએ જણાવ્યું કે "આ પ્રસંગે આચાર્ય વિજયવલ્લભસૂરિજીના દર્શનનો લાભ મળશે એમ સમજી હું અહીં આવ્યો છું. એમના ચરણોમાં થોડા દિવસ રહેવાનો મને લાભ મળ્યો હતો. આચાર્યમહારાજે તમને આ સંસ્થાને આગળ વધારવાની જે વાત કહી છે તે તમે સમજો. તમને તેમના પ્રત્યે ભક્તિભાવ હોય તો દરેક ભાઈએ તેમની પાસે જઈ કહેવું જોઈએ કે 'પૂ૦ આચાર્યશ્રી, આપની ઇચ્છા મુજબ અમે કાર્ય કરવા તૈયાર છીએ.' આ પ્રમાણે તેમની ઇચ્છા મુજબ વિદ્યાનો પ્રચાર કરવાના કાર્યમાં લાગી જાઓ."

પ્રમુખસ્થાનેથી બોલતાં શ્રી મનસુખલાલ મારતરે સંસ્થાની ધીમી છતાં નક્કર પ્રગતિ માટે સંચાલકોને અભિનંદન આપ્યા હતા. તેમણે આચાર્યશ્રીના પ્રવચનનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, "જૈન કોમ બુદ્ધિશાળી અને વ્યવહારુ છે એટલું જ નહિ, તેની પાસે ધન પણ છે. આચાર્યશ્રીએ જે મૂર્તિ ખડી કરવાની, જે પ્રાસાદ રચવાની યોજના કરી હતી એ યોજના સિદ્ધ થઈ નથી. સંચાલકોએ તેમની આ ભાવનાને આ વિદ્યાલયમાં મૂર્ત કરવાનો પ્રયાસ કરવો જોઈએ."

તેમણે વધુમાં કહ્યું હતું કે "ધનાઢ્ય પુરુષો ઓછા થતા જાય છે એમ કહેવાય છે. ધીમે ધીમે કર વધતો ગયો છે અને ધીમે ધીમે માલમિલકતનો મોટો ભાગ સરકાર તેના હાથમાં લઈ લેશે એ વાત સાચી છે. આથી જેમની પાસે ધન છે તેમણે પોતાની હયાતી દરમિયાન સારી એવી રકમનું દાન કરવું જોઈએ. વળી વિદ્યાદાન જેવુ બીજું એકેય દાન નથી. એટલે આ દિશામાં જૈન સમાજ દાનનો પ્રવાહ વહેતો કરશે એવી આશા છે."

આવી રીતે આચાર્યશ્રીની નિશ્રામાં ત્રણ દિવસનું ભરાયેલું આ સ્નેહસંમેલન ખરે જ 'ઐતિહાસિક સંમેલન' તરીકે ઓળખાય તેવું બન્યું.

આ પછી આચાર્યશ્રીની પ્રવૃત્તિ દિન-પ્રતિદિન વિકસતી રહી. શિવ, ભાંડુપ વગેરે સ્થળોએ પ્રેરક પ્રવચનો આપી આચાર્યશ્રી થાણામાં પધાર્યા. માગસર શુદિ દશમથી બે મહિના સુધી આચાર્યશ્રીએ

થાણામાં સ્થિરતા કરી ઉપધાન કરાવ્યાં. ઉપધાનમાં આચાર્યશ્રીએ સૂતરની માળાનો સુધારો કર્યો. ઉપધાન તપસમિતિએ માળાના ઘી બોલનારની ઇચ્છા મુજબ ઘીની બોલીની ઉપજ સાધારણમાં લઈ જવાનો ઠરાવ કર્યો. મહા શુદિ ચોથના દિને માળારોપણની વિધિ થઈ અને ઉપાધ્યાય શ્રી સમુદ્રવિજયજીને આચાર્ય-પદવી આપવામાં આવી. આ બધા પ્રસંગોએ જનતાનો ઉત્સાહ સારો હતો.

થાણાથી આચાર્યશ્રી ગોડીજીના ઉપાશ્રયે પધાર્યા. ફાગણ મહિનાની શરૂઆતમાં આચાર્યશ્રીએ જૈન સિદ્ધાંતોના પ્રચાર માટે 'પુસ્તક પ્રકાશન ફંડ' શરૂ કરાવ્યું. ફાગણ શુદિ નોમના દિને જૈન ધર્મ અંગે પાશ્ચાત્ય વિદ્વાનોએ પ્રવચન કર્યાં અને જૈન સિદ્ધાંતોના પ્રચાર માટે વિદ્વાનોની સમિતિ નીમવાનું સૂચન કર્યું.

ફાગણ વદિ બીજના દિવસે આચાર્યશ્રી સાથે ચાલીસ ચાલીસ વર્ષ રહેલા આચાર્ય સમુદ્રસૂરિજીએ પંજાબ જવા માટે વિહાર કર્યો. ઉત્કર્ષ ફંડ માટેનો પ્રચાર જોરશોરથી શરૂ થયો. ધનજી સ્ટ્રીટની સભામાં બહેનોએ બંગડીઓ આપી. પાટણ જૈન મંડળ બિલ્ડિંગમાં બેસી ભાઈઓએ બે હજાર રૂપિયા ભેગા કરવાની પ્રતિજ્ઞા લીધી. આચાર્યશ્રીએ ગલીએ ગલીએ પ્રવચનો કર્યાં.

આઝાદ મેદાનમાં ચારે ફિરકાના આશ્રયે મજૂર-સચિવ શ્રી શાંતિલાલ શાહના અધ્યક્ષપદે મહાવીર જયંતીની ઊજવણી થઈ. આ પ્રસંગે આચાર્યશ્રીએ જિનેશ્વર દેવે બતાવેલ અહિંસાધર્મને આચરણમાં મૂકવાનો ઉપદેશ આપ્યો. જૈનોના ઉત્કર્ષની મોટી યોજના માટે શ્રી કપુરચંદ મહેતા તથા શ્રી સોહનલાલ દુગડજીએ મોટી રકમ આપવાની તૈયારી બતાવી.

ચૈત્ર વદિ ચૌદશના રોજ આચાર્યશ્રીએ લુહારચાલની વિરાટસભામાં દારૂત્યાગ પર પ્રેરક પ્રવચન કર્યું. આ પ્રસંગે શ્રી મંગળદાસ પકવાસા, તેમ જ બીજા જાણીતા ગૃહસ્થોએ હાજરી આપી હતી. આચાર્યશ્રીએ જણાવ્યું: "ધર્મ-શાસ્ત્રો પુકારી પુકારીને કહે છે કે ખોટાં સાધનો અને પીણાં મનુષ્યને દુર્ગતિને પંથે ધકેલે છે. એવો દોષિત મનુષ્ય પોતાનું નુકસાન કરે છે અને પોતાના કુટુંબનો, સમાજનો અને રાષ્ટ્રનો ઉચ્છેદ કરે છે. માટે બૂરી આદતોને છોડી દો. મનુષ્યમાં મનુષ્યત્વ હોય તો દુર્ગતિને પંથે લઈ જતી વસ્તુઓ છોડી દેવી ઘટે. આત્મતત્ત્વના વિકાસની આડે આવતી બધી વસ્તુઓને છોડી દો. પરદેશીઓ વિદાય થયા એની સાથે દારૂ પણ જવો જોઈએ. કોઈ પણ જાતનો નશો નાશકારક છે."

આચાર્યશ્રીએ વધુમાં કહ્યું કે, "હું પંજાબમાં અંબાલા શહેરમાં હતો. ત્યાં મને પંડિત મોતીલાલ નહેરુનો ભેટો થઈ ગયો. વાર્તાલાપ દરમિયાન મેં તેમને પૂછ્યું કે 'તમે દેશને આઝાદ કરવા બહાર પડ્યા છો તો પછી પરદેશી સિગારેટ કેમ પીઓ છો?' તરત જ મોતીલાલજીએ સિગારેટ ફેંકી દીધી અને સિગારેટ ન પીવાની પ્રતિજ્ઞા લીધી. પછી પંડિત મોતીલાલ નહેરુએ એક જાહેર સભામાં કહ્યું હતું કે 'અત્યાર સુધી હું અક્કલ ગુમાવી બેઠો હતો પણ એક જૈન મુનિએ અક્કલ આપી.' શ્રી કે૦ કે૦ શાહ અને શ્રી પોપટલાલ શાહ વગેરેએ પણ આ પ્રસંગે પ્રેરક પ્રવચનો કર્યાં હતાં.

આચાર્યશ્રીએ વાલકેશ્વરમાં સ્થિરતા કરી. વૈશાખ વદિ ત્રીજે શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં 'મનુષ્યજન્મની દુર્લભતા' અને બીજે દિવસે 'જૈનોની એકતા' ઉપર આચાર્યશ્રીએ પ્રેરક અને ઉદ્‌બોધક પ્રવચન કર્યું. ઉદ્યોગગૃહો ખોલવાનો આચાર્યશ્રીએ અનુરોધ કર્યો. વૈશાખ શુદિ પાંચમથી દશમ સુધી શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં આચાર્યશ્રીએ બોધપ્રદ પ્રવચનો કર્યાં. ૩૪૦ મૂર્તિઓની અંજન-શલાકા વિધિ કરી પાયધુનીથી આચાર્યશ્રી ભાયખલા પધાર્યા. ચારિત્રમહોત્સવનો ભવ્ય કાર્યક્રમ થયો. સમારંભમાં પ્રમુખપદે શ્રી શ્રેયાંસપ્રસાદ જૈને આચાર્યશ્રીને 'હીરક મહોત્સવ ગ્રંથ' અર્પણ કર્યો. ચારે ફિરકાઓમાં એકતા

વધારવા તેમ જ સ્વધર્મી બંધુઓના ઉત્કર્ષ કાજે એક સમિતિ રચાઈ. આષાઢ મહિનામાં 'પૈસા ફંડ'ની યોજનાની જાહેરાત કરી. આચાર્યશ્રીની પ્રેરણાથી શ્રી મહાવીર જૈન વિદ્યાલયને સારી આર્થિક મદદ મળી. શ્રી કપુરચંદ નેમચંદ મહેતા, શ્રી ઝવેરચંદ નેમચંદ મહેતા અને શ્રી કેવળચંદ નેમચંદ મહેતા તથા તેમનાં કુટુંબીજનોને તથા અન્ય દાતાઓને અભિનંદન આપવાનો સમારંભ તા૦ ૧૪–૧૦–૧૯૫૩ના રોજ શ્રી મહાવીર જૈન વિદ્યાલયે યોજ્યો અને બીજે દિવસે આચાર્યશ્રી સંસ્થામાં બિરાજમાન હોઈ શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ વંદનાર્થે આવ્યા.

સં૦ ૨૦૧૦ કાર્તિક શુદિ બીજે આચાર્યશ્રીની ૮૪મી જન્મજયંતી પ્રસંગે ડૉ૦ જીવરાજ મહેતા, શ્રી નાથાલાલ પરીખ વગેરેએ સુંદર પ્રવચનો કર્યાં. ચોપાટી ઉપરની તોંતેર સંસ્થાઓના ઉપક્રમે શ્રી એસ૦ કે૦ પાટીલના અધ્યક્ષપદે જાહેરસભામાં આચાર્યશ્રીની પ્રશસ્તિ થઈ. આચાર્યશ્રીએ કહ્યું, "હું જૈન નથી. બૌદ્ધ નથી, વૈષ્ણવ નથી, શૈવ નથી, હિંદુ નથી, મુસ્લિમ નથી; હું તો પરમાત્માને શોધવા માટેના પંથ પર આગેકૂચ કરવા માગતો એક માનવી છું. આજે સૌને શાંતિ ખપે છે પણ શાંતિ માટે સૌ પ્રથમ આપણા જ મનમાં શોધ થવી જોઈએ."

ઘાટકોપર જતાં આચાર્યશ્રીની અષ્ઠિલાગ્રંથીની વ્યાધિ ઉગ્ર સ્વરૂપ લેતાં ચિકિત્સા અને સારવાર માટે તા૦ ૨૧મી ડિસેંબર ૧૯૫૩ના રોજ શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં પધાર્યા. સંસ્થામાં અને બીજા અનેક સ્થળોએ આચાર્યશ્રીની દર્દશાંતિ માટે અંતરાયકર્મની પૂજા અને સમૂહપ્રાર્થનાઓ થઈ. સંસ્થાના કાર્યવાહકોએ અથાક મહેનત શરૂ કરી. નિષ્ણાતો દ્વારા ઉપચાર શરૂ કર્યા ને સ્વાસ્થ્યમાં સહેજ સુધારો થયો. ડૉ૦ જે૦ કે૦ મહેતા, એમ. ડી., એમ. આર. સી. પી. (લંડન), ડૉ૦ શાંતિલાલ એન૦ શાહ, એમ. ડી. અને ડૉ૦ મોહનલાલ હેમચંદ શાહ, એમ. બી., બી. એસ., ડી. ટી. એમ. (ડબ્લીન), તેમ જ આચાર્યશ્રીની પ્રકૃતિ અને શારીરિક સ્થિતિથી વર્ષોથી પરિચિત વૈદરાજ શ્રી વાડીલાલ મગનલાલ વૈદ્ય શુશ્રૂષામાં હાજર હતા. મુંબઈના સિદ્ધહસ્ત નિષ્ણાત ડાક્તરોને રૂબરૂ બોલાવી તેઓની સલાહસૂચના અનુસાર ઉપચાર શરૂ થયા. તા૦ ૧૦–૧–૧૯૫૪ના રોજ આચાર્યશ્રીની તબિયત તથા સારવાર અંગે વિચારણા કરવા જૈન સમાજના આગેવાન કાર્યકર્તાઓની સભા મળી. જે વખતે એ સમિતિ નીમવામાં આવી. ઉપચાર સમિતિ ઉપર શ્રી ભોગીલાલ લેહેરચંદ ઝવેરી, શ્રી સાકરચંદ મોતીલાલ મૂળજી, શ્રી કાંતિલાલ ઈશ્વરલાલ, શ્રી ઉદયભાણ પ્રેમચંદ, શ્રી હજારીમલ ચંદ્રભાણ, શ્રી રતનચંદ ચુનીલાલ દાલીઆ, શ્રી ફૂલચંદ શામજી, શ્રી શાંતિલાલ મગનલાલ શાહ, શ્રી કપુરચંદ માણેકચંદ, શ્રી રતનચંદજી સુંદરમલજી અને મંત્રીઓ તરીકે શ્રી ચંદુલાલ સારાભાઈ મોદી અને શ્રી ચંદુલાલ વર્ધમાન શાહની નિમણૂક કરવામાં આવી. તબીબી સલાહકાર મંડળ ઉપર ડૉ. જે૦ કે૦ મહેતા, એમ. ડી., એમ. આર. સી. પી. (લંડન), ડૉ૦ મુકુન્દ કે૦ પરીખ, એફ. આર. સી. એસ. (ઇંગ્લૅંડ), ડૉ૦ કીર્તિલાલ મલુકચંદ ભણશાળી, એમ. ડી. એમ. આર. સી. પી. (લંડન), ડૉ૦ હીરાલાલ કે૦ ડૉક્ટર, એફ. આર. સી. એસ. (ઇંગ્લૅંડ), ડૉ. શાંતિલાલ એન૦ શાહ, એમ. ડી., ડૉ૦ મોહનલાલ હેમચંદ શાહ, એમ. બી., બી. એસ., ડી. ટી. એમ. (ડબ્લીન) અને વૈદરાજ શ્રી. વાડીલાલ મગનલાલની નિમણૂક કરી.

ડાક્તરી નિષ્ણાતોની સલાહ ધ્યાનમાં લઈ સારવારમાં પ્રસંગોપાત્ત ફેરફાર કરવામાં આવતા હતા. દિવસમાં ત્રણચાર વખત ડૉક્ટરોએ આચાર્યશ્રીની શારીરિક તપાસ અને ઉપચાર કરવાનું ચાલુ રાખ્યું.

જૈન સમાજના આગેવાનોની નીમેલ ઉપચાર સમિતિ તા૦ ૧૩–૧–૧૯૫૪ના રોજ મળી અને હોમિયોપથી સારવાર થોડા દિવસ માટે શરૂ કરવાનું નક્કી થયું. હોમિયોપથી અને એલોપથીના નિષ્ણાત

ડૉ૦ એલ૦ ડી૦ ધવળે, એમ. ડી. ની સારવાર શરૂ થઈ. દિનપ્રતિદિન સુધારો જણાતો ગયો. શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં પધાર્યા ત્યારથી આચાર્યશ્રીની સર્વશ્રેષ્ઠ સારવાર થાય અને તેમનું સ્વાસ્થ્ય એકદમ સુધરે તે અંગેનો સંસ્થાની વ્યવસ્થાપક સમિતિનો આદેશ ધ્યાનમાં લઈ સર્વ કાર્યવાહી કરવામાં આવી હતી. તેઓશ્રીના સ્વાસ્થ્ય અંગે દેશપરદેશથી આવતા તાર તથા પત્રોના યોગ્ય પ્રત્યુત્તર તુરત આપવામાં આવતા હતા. આચાર્યશ્રીની લોકપ્રિયતાને કારણે દરરોજ હજારો ભક્તો સંસ્થામાં તેઓશ્રીના દર્શનાર્થે આવતા હતા. આ સમય દરમિયાન સંસ્થા તીર્થધામ બની ગઈ હતી. દાક્તરી ઉપચાર માટે જરૂરી સર્વ સૂચનોનો બરોબર અમલ કરવામાં આવતો હતો. દિનપ્રતિદિન તબિયતમાં પણ સુધારો ચાલુ રહ્યો.

આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરિજી બોરસદથી ઉગ્ર વિહાર કરી શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં આચાર્યશ્રીની શુશ્રૂષામાં હાજર થયા. ઘાટકોપરમાં ઉપધાનના તપસ્વીઓ અને સંઘને આચાયશ્રીએ સાવધાન રહેવાનો અનુરોધ કરી કહ્યું, "મુંબઈના શ્રીસંઘે ખ્યાલ રાખવો જોઈએ કે શ્રી મહાવીર જૈન વિદ્યાલય એક બૉર્ડિંગ છે પણ એ મહાવીર જૈન વિદ્યાલય જો યુનિવર્સિટીના સ્વરૂપમાં હોય તો ધાર્મિક અને સાંસારિક બે પ્રકારની શિક્ષાનો પ્રચાર સુલભ થઈ શકે. એ વિના જૈન સમાજની દશા સંપૂર્ણ રીતે સુધરવી મુશ્કેલ છે. શ્રાવકસમુદાય ભૂખ્યો ન રહે અને કેળવણી વિના કોઈ ન રહે એ વસ્તુ પર ધ્યાન આપવું જોઈએ." સં૦ ૨૦૧૦ના ચૈત્ર શુદિ એકમના રોજ પૂ૦ આત્મારામજી મહારાજની ૧૧૭મી જયંતી શાનદાર રીતે ઊજવાઈ. ચૈત્ર શુદિ તેરશના દિને મુંબઈ સરકારના કેળવણી ખાતાના પ્રધાન શ્રી દિનકરરાવ દેશાઈના પ્રમુખપદે મહાવીરજયંતી પ્રસંગે 'અહિંસા દિન'ની ઊજવણી થઈ. જેઠ વદિ બારશના દિને આચાર્યશ્રી સમુદ્રસૂરિજીએ 'શિક્ષણ દ્વારા સમાજનો અભ્યુદય' એ વિષય ઉપર મનનીય પ્રવચન કર્યું. અષાઢ શુદિ બારસના રોજ આચાર્ય તુલસી આચાર્યશ્રી ને મળવા વિદ્યાલયમાં પધાર્યા. આસો વદિ ત્રીજે વિદ્યાલયમાં વિદ્યાર્થીઓ સમક્ષ આચાર્યશ્રીએ કહ્યું, "વિદ્યાપ્રાપ્તિનું મુખ્ય ધ્યેય સત્ય સમજવાનું અને સત્યનું આચરણ કરવાનું છે. વિદ્યા પ્રાપ્ત કરી તેનો ઉપયોગ સમાજના કલ્યાણમાં અને ધર્મોદ્ધારમાં કરવો એ જ મહાન સદ્ગુણો છે."

આચાર્યશ્રીને શક્તિ અનુસાર હરવાફરવાની છૂટ મળી અને દરરોજ સવારમાં વાલકેશ્વર દર્શનાર્થે જવાનો કાર્યક્રમ લગભગ દોઢ માસ ચાલુ રહ્યો. વર્ષાઋતુ શરૂ થતાં આ કાર્યક્રમ બંધ થયો. આ સમય દરમિયાન તબીબી સલાહકાર મંડળના દાક્તરો નિયમિત રીતે આચાર્યશ્રીનું સ્વાસ્થ્ય તપાસવા આવતા હતા અને સુધારા પ્રત્યે સંતોષ વ્યક્ત કરતા હતા. આચાર્યશ્રીની સંસ્થામાં સ્થિરતા હોવાથી દાક્તરી લાઈનના જૂના વિદ્યાર્થીઓ હંમેશાં મદદ આપવા તત્પર હતા. આ રીતે જુલાઈના અંત સુધી ચાલ્યું. આચાર્યશ્રીની શારીરિક સ્થિતિમાં સવિશેષ સુધારો કે રોગ તદ્દન નાબૂદ ન થયેલ હોવાથી ઉપચારસમિતિ બોલાવવામાં આવી હતી; જે વખતે ઉપાયોમાં ફેરફાર કરવા અંગે જુદાં જુદાં સૂચનો થયાં. આ સમિતિએ પર્યુષણ પર્વ પછી ફરી મળી પુનઃ વિચારણા કરવાનું નક્કી કર્યું. થોડા દિવસો સુધી સારવાર અને ઉપચાર ચાલુ રાખ્યા. દાક્તરોએ નિયમિત આવી શારીરિક તપાસ ચાલુ રાખી.

આચાર્યશ્રીની શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં સ્થિરતા દરમિયાન તબીબી મંડળના દાક્તરોએ કોઈ પણ જાતના સંકોચ વિના સમગ્ર શક્તિ અને નાણાંના ભોગે સેવા અર્પી છે. તબીબી મંડળના દાક્તરોએ રાત્રે કે દિવસે ગમે તે સમયે, સમયની અનુકૂળતા હોય કે ન હોય, છતાં યે આચાર્યશ્રીના સ્વાસ્થ્ય માટે તરત જ રૂબરૂ આવી પૂરતી કાળજી રાખી હતી. ડૉ૦ જયંતિલાલ ચંદુલાલ શ્રોફે મહિનાઓ સુધી સંસ્થામાં અને પછી ઈશ્વરનિવાસમાં દરરોજ એક વખત નિયમિત જઈને સેવા અર્પી હતી. પૅથોલૉજિસ્ટ ડૉ૦ શાંતિલાલ એન૦ શાહે સંસ્થામાં આચાર્યશ્રીની સ્થિરતા દરમિયાન અને પછી પણ મહત્ત્વની સેવા અર્પી હતી.

તબીબી મંડળના દાક્તરો ઉપરાંત ડૉ૦ જી૦ વી૦ દેશમુખ, ડૉ૦ એ૦ ટી૦ ગાલીઆ, ડૉ૦ નાથુભાઈ પટેલ, ડૉ૦ નવલ પટેલ, પં૦ શિવશર્મા, ડૉ૦ ટી૦ જી૦ મોદી, ડૉ૦ રતીન્દ્ર મોતીચંદ કાપડીઆ, ડૉ૦ પન્નાલાલ શાહ, ડૉ૦ સ્ટોર, ડૉ૦ રસિકલાલ શાહ તથા બીજા દાક્તરોએ આવી કિંમતી સેવા અર્પી હતી. વૈદરાજ શ્રી વાડીભાઈએ વડોદરાથી આવી આચાર્યશ્રીની બરાબર સારવાર થાય તે માટે સંસ્થામાં રહી ખડે પગે સેવા અર્પી હતી.

તા૦ ૧૭–૧–૧૯૫૪ના દિવસે શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં સ્થિરતા દરમિયાન આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરીશ્વરજીએ ‘શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ’ અંગે નીચે પ્રમાણે અભિપ્રાય મોકલી આપ્યો હતો :

“જૈન સમાજની પરિસ્થિતિનું અવલોકન કરતાં અમો એવા અભિપ્રાય ઉપર આવ્યા છીએ કે જો ધાર્મિક કાર્યોનાં મુહૂર્તાદિનો સમય બરાબર સાચવવો હોય, તિથિ અંગેનું અનૈક્ય દૂર કરવું હોય અને જાહેર તહેવારોની ઉજવણી બધાએ સાથે મળીને કરવી હોય તો દરેક ફીરકાએ આ પંચાંગને માન્ય રાખવું જોઈએ. જો આમ થશે તો આપણે સહકાર અને સંગઠનની દિશામાં એક મોટું પગલું ભરેલું ગણાશે.”

તા૦ ૧૨મી ઑગસ્ટના રોજ આચાર્યશ્રીએ સ્થળ બદલવા ઇચ્છા દર્શાવી અને શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલના નિવાસસ્થાને ગયા. ઉપચારમાં ફેરફાર કરવાની આચાર્યશ્રીની ઇચ્છાને માન આપી પંજાબથી વૈદ્યરાજને બોલાવવામાં આવ્યા.

આચાર્યશ્રીને છેલ્લા ત્રણ ચાતુર્માસ દરમિયાન શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં સ્થિરતા કરવાના અનેક પ્રસંગો ઉપસ્થિત થયા. જીવનને સુફલિત અને સુસાર્થક કરનાર આચાર્યપ્રવરની આ છેલ્લી સ્થિરતા જૈન સમાજ અને આ સંસ્થાના ઇતિહાસમાં સીમાચિહ્ન બની રહે છે.

આચાર્યશ્રીએ સંવત્સરી પ્રસંગે નીચેનો સંદેશો પાઠવ્યો : “સંવત્સરીના આ મહાન દિવસે ક્ષમા, દયા, દાન, સંગઠન અને સાધર્મિક ભક્તિ વગેરે ગુણોને તમે તમારા જીવનમાં ઉતારશો. આજના આ મહાન દિવસે ચતુર્વિધ શ્રીસંઘ પાસે હું એવી આશા રાખું છું, કે આપ વહેલામાં વહેલી તકે “જૈન યુનિવર્સિટી” ઊભી કરશો. આજના દિને ‘क्षमा वीरस्य भूषणम्’નું સૂત્ર હૃદયમાં ઉતારી સૌ કોઈને ક્ષમાવી અને ક્ષમા આપીને નિર્મળ આત્મકલ્યાણ સાધજો.”

વૈદરાજ શ્રી દત્ત શર્માએ કહ્યું, “નાડીના સરસ ધબકારામાં તેઓશ્રીના ઉજ્જ્વળ ચારિત્રશીલ જીવનના પ્રતિબિંબો ઊપસી આવે છે.” ત્યારબાદ અગ્રણીઓ આચાર્યશ્રી પાસે આવ્યા. પંજાબનું નામ નીકળતાં આચાર્યશ્રી નાના બાળકની જેમ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા હતા. તેમણે જણાવ્યું “ચાતુર્માસ બાદ પાલીતાણા દાદાના દર્શન કરીને પંજાબ તરફ વિહાર કરવાની ભાવના છે. પણ એ ભાવના પૂર્ણ થશે કે?” આટલું બોલતાં એ ગમગીન બન્યા અને પછી સર્વને માંગલિક સંભળાવ્યું હતું. તા૦ ૧૯–૯–૧૯૫૪ના રોજ આચાર્યશ્રીએ જૈન તત્ત્વજ્ઞાનનો અંગ્રેજી ભાષામાં અનુવાદ થાય તે માટે અનુરોધ કર્યો. સાહિત્ય સંમેલન ભરવાનો વિચાર પણ પ્રગટ કર્યો.

સં૦ ૨૦૧૦ના ભાદરવા વદિ દશમ ને મંગળવારનો દિન હતો. સાંજે પાંચ વાગે વૈદરાજ આવ્યા. આચાર્યશ્રીની નાડી તપાસી. આચાર્યશ્રીએ વૈદરાજને કર્મનું તત્ત્વચિંતન સમજાવ્યું. દૂધ પીવાની આચાર્યશ્રીની અરુચિ હોવા છતાં આગ્રહથી થોડું દૂધ પીધું. ‘કલ્યાણમંદિર’ સાંભળી, પ્રતિક્રમણ સંથારાપોરસી કરી આચાર્યશ્રીએ આરામ લેવા માંડ્યો. રાત્રે સાડા દશ વાગે આંખ ખૂલી ગઈ. થોડું શરીર દબાવતાં જરા નિદ્રા આવી ગઈ. સાડા અગિયાર વાગે ફરી આંખ ખૂલી ગઈ. પાસું ફેરવી આચાર્યશ્રી પાછા સૂઈ ગયા. રાત્રે બે વાગ્યા. નિદ્રા ન રહી. આચાર્યશ્રીએ ચોવીસ ભગવંતોના નામોનું સ્મરણ કર્યું. નવકાર મંત્રો

બોલવા લાગ્યા. પાસે સૂતેલા મુનિશ્રી જિનભદ્રવિજયજી જાગી ઊઠ્યા અને આચાર્યશ્રીને કહ્યું, "સાહેબ, પ્રતિક્રમણને વાર છે. બે વાગ્યા છે." આચાર્યશ્રી વિશેષ અસ્વસ્થ જણાયા. બધા મુનિમહારાજો ગુરુદેવના ચરણમાં આવ્યા. નવકારમંત્રો ઉપરાઉપરી સંભળાવવા માંડ્યા અને રાત્રે ૨–૩૨ મિનિટે જૈન ધર્મ અને સમાજને પ્રગતિશીલ બનાવવા માટેની જ્યોત પ્રગટાવનાર પૂ૦ શ્રીવિજયાનંદસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પૂ૦ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીનો જીવનદીપક બુઝાઈ ગયો.

આચાર્યશ્રીના કાળધર્મના સમાચાર ભારતના ખૂણે ખૂણે પ્રસરી ગયા. લાખોનો લાડીલો પંજાબકેસરી લાખોનાં હૈયામાં કલ્પાંત મચાવી સ્વર્ગે સંચર્યો. આંખો આંસુ વહાવી રહી. હૈયેહૈયું આક્રંદ કરી ઊઠ્યું. મુંબઈની ધરતી ઉપર તો જાણે ગમગીનીનાં વાદળ એકાએક ઊતરી આવ્યાં.

* * *

જૂના, નવા તથા જાણીતા સર્વે સામયિકોએ તંત્રીલેખો દ્વારા તેમ જ બીજી રીતે આચાર્યશ્રીને અનુપમ અંજલિ આપી. તાર અને ટપાલના થોકડેથોકડા શ્રી મહાવીર જૈન વિદ્યાલય, શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ વગેરે સંસ્થાઓ ઉપર આવવા લાગ્યા.

કોઈએ એઓશ્રીને પંજાબના રચયિતા તરીકે ઓળખાવ્યા. વ્યક્તિએ અને સમષ્ટિએ અંજલિ આપી. અરે, પ્રકૃતિ પણ ભૂલી નહીં. ગગનના પ્રભાકરે એઓશ્રીના ભવ્ય આત્માને આવકારવા દેવ-વિમાન જેવું તેજનું કુંડાળું રચી પોતાના પ્રાંગણને વિભૂષિત કર્યું. કોઈએ આચાર્યશ્રીને આર્યસંસ્કૃતિના ઉત્કર્ષમાં પોતાનો ફાળો આપનાર તરીકે પણ ગણાવ્યા. કોઇએ લખ્યું, "આવા આર્ષદ્રષ્ટાઓ દરેક ધર્મમાં યુગે યુગે પાકો, જેથી આત્મમુક્તિ અને સાચી માનવતા માટેના ખુદાઈ માર્ગમાં પ્રકાશ પાથરતી જ્યોત વધુ વિકસિત બને." સાથે આચાર્યશ્રીના અધૂરા રહેલાં કાર્યોને યાદ કરી તે પૂરાં કરવાની ફરજ આપણી છે એવું કહ્યું "વલ્લભવિદ્યાલય રચો"ની માગણી થઈ. કોઈએ એમને મહાન કેળવણીકાર ગણાવી જૈન યુનિવર્સિટીની તેમની અતૃપ્ત ઇચ્છા પૂરી કરવાની હિમાયત કરી.

સર પરસોતમદાસ ઠાકોરદાસને અધ્યક્ષસ્થાને લગભગ ૧૬૦ સંસ્થાઓના ઉપક્રમે મુંબઈમાં આઝાદ મેદાનમાં આચાર્યશ્રીને ભવ્ય અંજલિ અપાઈ. વિખ્યાત વક્તાઓએ એમનાં જીવનકાર્યો ઉપર પ્રશસાના પુષ્પો ચઢાવ્યાં. સર્વાનુમતે ઠરાવ પસાર થયો: "જૈન સમાજના જ્યોતિર્ધર, સચ્ચારિત્રચૂડામણી, પંજાબકેસરી આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીના બુધવાર તા૦ ૨૨–૯–૧૯૫૪ના રોજ થયેલા સ્વર્ગારોહણથી ભારતને એક મહાન વિભૂતિની ખોટ પડી છે તેઓશ્રીનો ઉપદેશ સમગ્ર સમાજ તથા રાષ્ટ્રને માર્ગદર્શક બની રહે છે. કેળવણીના ક્ષેત્રમાં તેઓશ્રીએ અનેક સંસ્થાઓ દ્વારા અદ્વિતીય કાર્ય કરી પ્રેરણા આપી છે. આપણે તેઓશ્રીના ઉપદેશના અનુગામી બનીએ એવી શાસનદેવ પ્રત્યે આ સભા પ્રાર્થના કરે છે."

આચાર્યશ્રીના જીવનની મનની છેલ્લી પ્રક્રિયા શું હશે એ તો જ્ઞાની જ કહી શકે. માનવબુદ્ધિનો એ વિષય નથી. વડોદરાનો છગન નામનો નાનો બાળક પૂ૦ આત્મારામજી મહારાજના પ્રભાવ નીચે આવી દીક્ષા લે છે. ઠેરઠેર વિહાર કરી પંજાબ પહોંચી પૂ૦ આત્મારામજી મહારાજનું સ્વપ્ન સિદ્ધ કરવા પ્રયત્નો કરે છે. જીવનની પ્રત્યેક પળ જૈન શાસનના અભ્યુદય માટે વાપરવા ઇચ્છે છે, લાહોરમાં આચાર્ય પદવી સ્વીકારે છે, અનેક માનવોને પ્રેરણા આપે છે, એકતા માટે અનેક પ્રચાર કરે છે, મારવાડમાં નવજાગૃતિનું પૂર આણે છે, સાધુસમુદાયમાં પણ એકતા માટે પ્રયાસ કરે છે, ફરી પાછા પંજાબ જાય છે અને ત્યાં પણ ધર્મનો અને ધર્મસાહિત્યનો પ્રચાર કરે છે, કોમી રમખાણો જુએ છે, અનેક સ્થળોએ વિહાર કરતા કરતા શત્રુંજયની યાત્રા કરી મુંબઈ પધારે છે. આવી અનેક પ્રવૃત્તિઓ કરી પ્રેરણા આપે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો ખ્યાલ રાખી સમાજમાં નવચેતન આણનાર, કેળવણીનો પ્રચાર કરનાર, સમય-જ્ઞ આચાર્યશ્રીનો દેહ કાળના ધર્મને વશ થાય છે. કાળ કાળનું કામ કરે છે. માનવી

માનવીનું કામ કરે છે. સંસારની આ ઘટમાળમાં અનેકો આવ્યા છે, આવે છે અને આવશે. આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિજીના નામે ઓળખાતો દેહ નાશ પામે છે પણ આચાર્યશ્રીનું કાર્ય ને તેમનો દીધેલો જીવન-સંદેશ આપણી પાસે છે. શિવમસ્તુ સર્વજગતઃની ભાવનાનો અમલ કરીને એમનું કાર્ય એ વાત સિદ્ધ કરે છે કે આચાર્યશ્રીએ પોતાનું કર્તવ્ય પરિપૂર્ણ અદા કર્યું છે. આવા પુણ્યાત્મા માટે મૃત્યુ મૃત્યુ નથી હોતું. એવા પરમ આત્માની શાંતિ સૌ કોઈએ વાંછવી રહી.

આચાર્યશ્રીના સ્મારક માટે અનેક યોજનાઓ થઈ છે, આ યોજનાઓ કાર્યસ્વરૂપ પણ પામી છે પરંતુ તેઓશ્રીનું સાચું સ્મારક તો તેઓશ્રીના જીવનના સંદેશને, આદર્શોને અનુરૂપ આપણું જીવન ઘડવાનું છે. દિવસરાત વીતે છે. કાળનો પ્રવાહ વિચિત્ર રીતે સતત વહ્યે જાય છે. આ સંજોગોમાં માનવી પોતાનું કર્તવ્ય અદા કરે અને એક પળનો પણ નિરર્થક વ્યય ન કરે તે મહત્ત્વનું છે. મહાન માનવી જન્મે છે, જીવે છે, પ્રેરણા આપે છે. આ પ્રેરણા જો આપણા જીવનને ઉન્નત બનાવવામાં નિમિત્ત નીવડે તો હાથ આપણો છે. આચાર્યશ્રીની ચોરાશી વર્ષની વયની જીવનયાત્રા સાથે આપણા સામાજિક, આર્થિક, રાજકીય અને ધાર્મિક જીવનના પ્રવાહો સંકળાયેલા છે. આચાર્યશ્રીનું ઘડતર અને એની વિકાસકથા આપણને એ રીતે પ્રેરણા આપે છે. આ પ્રેરણા આપણા જીવનને ધન્ય બનાવી શકે એટલી એનામાં તાકાત છે. આ તાકાતને આપણે પિછાણવી રહી અને તેમણે ઉપદેશેલા ધર્મ પ્રમાણે વર્તવું રહ્યું—તો જ તેમનું સાચું સ્મારક કર્યું ગણાશે. તો જ કઠિન તપશ્ચર્યા દ્વારા તેમણે કરેલી સમાજની સેવાનો યોગ્ય બદલો આપ્યો ગણાશે.

ચોર્યાસી વર્ષ જેટલું લાંબુ આયુષ્ય આચાર્યશ્રી આપણી વચ્ચે જીવ્યા. જો કે કાળગણનામાં ચોર્યાસી વર્ષનો કાંઈ હિસાબ નથી, પરંતુ આ વર્ષો દરમિયાન આચાર્યશ્રી જે કાંઈ કરી ગયા, જે કાંઈ વારસો આપણા માટે મૂકી ગયા તે અમૂલ્ય છે. આપણું કર્તવ્ય એ વારસાને યોગ્ય બનવાનું છે. આપણાથી એ બનશે?

અને આચાર્યશ્રી સંસારી જનો માટે જ સર્વ કાંઈ કરી ગયા એવું નથી. જેઓએ સંસાર છોડ્યો છે, જેઓ જગતના સર્વ સુખોપભોગનો ત્યાગ કરી આત્મકલ્યાણના પંથે પડ્યા છે, તેવા સાધુ મહાત્માઓને પણ તેમણે એક નવીન અંગુલિનિર્દેશ કરીને કહ્યું છે કે સાધુઓનું કર્તવ્ય માત્ર પોતાના આત્માનો ઉત્કર્ષ કરવામાં જ પર્યાપ્ત થતું નથી. પોતાની આસપાસ અજ્ઞાન રૂપી જે ઘોર અંધકાર પ્રવર્તે છે તેના નાશ માટે, સંસારીજનોના સામાન્ય દુઃખોને સમજી તેને હળવાં કરવા માટે પણ તેમણે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ.

વળી આચાર્યશ્રી દૃઢપણે માનતા હતા કે પ્રેમ, ઉદારતા, દયા, કરુણા, પરસ્પર આદર, ક્ષમા, નમ્રતા, નિર્ભયતા, આંતરબાહ્ય પાવિત્ર્ય વગેરે ગુણોથી જ સમાજનો ઉત્કર્ષ થાય, સમાજને ટકી રહેવા માટે આ ગુણો અનિવાર્ય છે, નહિતર તેનો નાશ જ થાય. અને એથી જ પોતાના સમગ્ર જીવન દરમિયાન સમાજના આ ગુણો વિકસાવવા માટે એમણે કાર્ય કર્યું. આમ કરતાં એમને અનેક મુશ્કેલીમાંથી પસાર થવું પડ્યું હશે, પોતે જે કાંઈ માને છે, આચરે છે, તે લોકોના હૃદયમાં ઠસાવવા માટે અથાક શ્રમ પણ કરવો પડ્યો હશે, છતાં પોતે પોતાના નિશ્ચિત કાર્યમાંથી તસુભાર પણ પાછા હઠ્યા નહિ. આપણે જોઈએ છીએ કે એમના એ કાર્યના મીઠાં ફળ આજે પ્રત્યક્ષ જણાઈ રહ્યાં છે.

ભારતવર્ષ કદી મહાપુરુષ વિહોણું રહ્યું નથી. મહાવીર, બુદ્ધ, ગાંધી જેવા પરમ પુરુષોનું સાનિધ્ય એમને સદાય સાંપડ્યું છે. તેમના આવા સાનિધ્યે દેશને ઊજળી કેડી પર લાવી મૂક્યો છે. આપણા આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિજી પણ મહાપુરુષોની આ પરંપરા પૈકીના એક હતા. એમણે પોતાના સુકૃત્યોથી સમાજનું અને દેશનું નામ ઉજ્જવળ કર્યું છે. સમાજનું અને દેશનું એ સૌભાગ્ય છે કે એમને આંગણે આવા પરમ પુરુષો—યુગપુરુષો જન્મે છે અને સમાજના ઉદ્ધારનું પોતાનું અવતારકૃત્ય પૂર્ણ કરીને પરમધામને પામે છે. આપણા તેમને લાખ લાખ વંદન હો!

જીવન ઘડનારાં પરિબળો

કોઈપણ માનવીના સંપૂર્ણ વ્યક્તિત્વને પારખવું એ ધારીએ એટલે સહેલી વાત નથી, અને એમાંયે મહાન પુરુષને આપણે બહુ અલ્પ અંશે સમજી શકીએ છીએ. મહાન પુરુષો જ મહાન પુરુષોને સારી રીતે સમજી શકે છે એમ કહીશું તો કદાચ વધારે સાચું લેખાશે.

માનવી પોતે મહાન છે કે સંજોગોએ તેને મહાન બનાવ્યો એ પણ નક્કી કરવું અતિ કઠિન છે; પણ સહેજ ઊંડો વિચાર કરતાં લાગે છે કે માનવી અને સંજોગો બન્નેનો ભિન્ન રીતે નહિ પણ સાથે જ વિચાર કરવો જોઈએ. કેટલીકવાર માનવી સંજોગોને ઘડે છે અને કેટલીકવાર સંજોગો માનવીને ઘડે છે. મહાન પુરુષ માટે ભાગે પોતે જ સંજોગોમાં પલટા લાવતો હોય છે, સમકાલીન સંજોગોનો તટસ્થ દૃષ્ટિએ વિચાર કરતો હોય છે અને છેવટે ક્ષતિઓ દૂર કરી તેને નૂતન સ્વરૂપ અર્પતો હોય છે.

આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિના જીવનમાં તેમના વ્યક્તિત્વની અને સમકાલીન સંજોગોની પરસ્પર સંમિશ્રિત અસર નિહાળવા મળે છે. સંજોગો જે રીતે આવ્યા તે રીતે આચાર્યશ્રીના જીવનનું ઘડતર થયું; અને સંજોગોએ જે પરિસ્થિતિ જન્માવી એ પરિસ્થિતિમાં આચાર્યશ્રીએ અનેક આઘાત-પ્રત્યાઘાતો જન્માવ્યા. પરિણામે પોતાના જીવનકાળ દરમિયાન જે સુધારાઓ માટે આચાર્યશ્રી ઝઝૂમ્યા એ સુધારાઓ આજે સિદ્ધાંત અને વ્યવહારના સ્વરૂપમાં સ્વીકારાઈ ચૂક્યા છે. સમાજમાં વ્યાવહારિક કેળવણીની સાથોસાથ ધાર્મિક કેળવણીની જરૂર છે; સંકુચિત જ્ઞાતિવાદ, વરવિક્રય અને કન્યાવિક્રયની પ્રથા, બારમું તેમ જ બીજાં જમણવારો વગેરે અનુચિત છે. તેઓશ્રીએ રજૂ કરેલી આ હકીકતો સમાજમાં આજે સ્વીકારાઈ ગઈ છે.

આઝાદી માટે અનેક યુગો સુધી હિંદની જનતાએ લડત આપી. આ લડતનાં સ્વરૂપો અનેક હતાં. અરજીયુગ, વિનીતયુગ, દાદાભાઈ નવરોજીયુગ, તિલકયુગ વગેરે યુગોએ પોતપોતાની રીતે ફાળો આપ્યો. કોંગ્રેસમાં ગાંધીજીનો યુગ, અસહકારયુગ, મીઠાનો સત્યાગ્રહ, સવિનય કાનૂનભંગ, વ્યક્તિગત સત્યાગ્રહ, બેંતાળીસની લોકક્રાંતિ, સુભાષબાબુની કામગીરી, હિંદ આઝાદફોજ અને ૧૯૪૭ની સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ—આપણી રાષ્ટ્રીય તવારીખના આ તબક્કાઓ આજની પેઢીને હમણાં બની ગયેલી ઘટનાઓ લાગે, પણ નવી પેઢીને તો એની કલ્પના જ કરવાની રહી. વર્તમાનકાળ ઝડપથી ભૂતકાળ બની જાય છે, અને એને ભૂતકાળની તવારીખ બનતાં વાર નથી લાગતી. આપણે સામાન્ય માનવી જીવનની અવધથી બધી વસ્તુઓને માપીએ છીએ. ભૂતકાળના વારસાને ઝીલી, વર્તમાનમાં જીવી ભવિષ્યકાળ તરફ કૂચ કરીએ છીએ. સમાજનું સ્વરૂપ બદલાતું જાય છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની એના ઉપર અચૂક અસર પડે છે. આચાર્યશ્રીનો ચોરાશી વર્ષનો જીવનકાળ; આ કાળ દરમિયાનનાં સામાજિક, આર્થિક અને રાજકીય જીવનનાં પરિબળોની આચાર્યશ્રી અને સમાજ પર થયેલી અસર; આ બધું સમજીએ તો જ એમના જીવનનું મૂલ્યાંકન આપણે કરી શકીએ અને એમની વિકાસકથાના ઊંડાણોનો સંપૂર્ણ તાગ પામી શકીએ.

સં૦ ૧૯૨૭થી સં૦ ૨૦૧૦–૧૧નો સમય લઈએ. આ કાળે નવો જમાનો શરૂ થયો હતો. એક અંગ્રેજે જ્યારે રાષ્ટ્રીય કોન્ગ્રેસની સ્થાપના કરી ત્યારે એણે ભાગ્યે જ કલ્પના કરી હશે કે આ કોન્ગ્રેસ અંગ્રેજો "હિંદ છોડી જાય"નો નાદ ગજવશે. શ્રી દયાનંદ સરસ્વતીએ આર્યસંસ્કૃતિ ઉપર ભાર મૂકી હિંદુ સંસ્કૃતિને નવી રીતે ચકાસી. શ્રી બુટેરાયજી અને પૂ૦ આત્મારામજી મહારાજે વહાવેલા સાંસ્કૃતિક

પ્રવાહોની વ્યાપક અસર હેઠળ મુનિ શ્રીવલ્લભવિજયજીએ જ્ઞાનપ્રચારની પ્રેરણા ઝીલી અને જ્ઞાનપ્રચારને જ પોતાનું આજીવન કૃત્ય ગણી એ માટે જીવનના અંતકાળ સુધી ઝૂઝ્યા.

મહારાષ્ટ્રમાં ગોપાળકૃષ્ણ ગોખલે, રાનડે અને પછી કર્વે તથા લોકમાન્ય તિલક અને બીજાઓ થયા. ગુજરાતમાં પણ આ યુગની અસર થઈ. મુંબઈ પણ આ અસરથી મુક્ત ન હતું. ફિન્લોક ફાર્બસના નામ હેઠળ ફાર્બસ સભા, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (અત્યારની ગુજરાત વિદ્યાસભા) અને એના દ્વારા કેળવણીના પ્રચાર થયો; કવિ દલપતરામ, સુધારક કવિ નર્મદ, વિવેચક નવલરામ અને દુર્ગાશંકર મહેતાજીનો સમય, અને એમાંથી જન્મ પામ્યો તે અર્વાચીન કવિતા અને સાક્ષરોનો યુગ; એમાંથી આજના અનેક સાહિત્યપ્રવાહો જન્મ્યા. આ પછી બીજી પેઢીમાં ભાષાશાસ્ત્રી, કવિ અને વિવેચક નરસિંહરાવ, કેશવલાલ ધ્રુવ, બળવંતરાય ઠાકોર, કવિ નાનાલાલ વગેરેનો યુગ; આ યુગની સમાપ્તિ થઈ અને આપણા સાહિત્યમાં ગાંધીજીની અસર આવી. આ યુગ પૂરો થયો અને એ રીતે સાહિત્યમાં આજના સમય નજીક આપણે આવીએ છીએ.

ખાદીનો સ્વીકાર અને પરદેશી ખાંડનો ત્યાગ

રાજકીય જીવનની સમીક્ષા કરતાં લાગે છે કે આચાર્યશ્રીના જીવનકાળ દરમિયાન આપણી લડતના અનેક તબક્કાઓ પૂરા થયા. ગાંધીજીએ એમના જીવનકાર્યની હિંદમાં શરૂઆત કરી એ પહેલાંના અસરોમાં આચાર્યશ્રી ઘડાયેલા અને આ સમયની અસર એમના જીવનપર થયેલી. કેળવણી માટેનો ઉત્સાહ આચાર્યશ્રીએ ગાંધીજીના પુરોગામીઓ પાસેથી મેળવેલો. રાજકીય સ્પંદનાની અસર હેઠળ આચાર્યશ્રીએ ખાદી સ્વીકારી અને પંજાબની જૈન કૉન્ગ્રેસ પાસે સ્વીકારાવી. પરદેશી ખાંડ સામેની જેહાદનો પ્રસાદ આચાયશ્રીએ આ સમયમાંથી લીધો. આચાર્યશ્રી રાજકીય જીવનથી જલકમલવત્ હોવા છતાં તેની અસરથી અલિપ્ત ન રહી શક્યા. રાષ્ટ્રમાં સ્વરાજ્યપ્રાપ્તિ પૂર્વેની નવજાગૃતિ એમણે સ્વ-આંખે નિહાળી. ત્યાર પછી પણ વિનોબાની ભૂ-દાન ચળવળ, સંપત્તિદાન, શક્તિદાન અને સર્વસ્વદાન વગેરે પણ તેઓશ્રીએ જોયું. જૈનોના ઉત્કર્ષ કાજે સ્વ-જીવનપર પણ જાતે જ પ્રયત્ન કર્યો અને તે માટે આકરી પ્રતિજ્ઞાઓ લીધી. આ બધું બતાવે છે કે ધાર્મિક જીવનને વરેલા આચાર્યશ્રી ઉપર જમાનાની ઠીક ઠીક અસર હતી. એઓશ્રી આ અસરને ઝીલી એના સર્જક પ્રત્યાઘાતો પાડતા.

સામાજિક જીવન પર રાજકીય જીવનની અસર યુગોથી પડતી આવી છે. આચાર્યશ્રીએ જે સામાજિક સુધારાઓ માટે પ્રચાર કર્યો એ સુધારાઓ હકીકત તરીકે આપણા જીવનમાં આજે વણાઈ ગયા છે. મધ્યયુગની અનેક અસરો આપણા જીવન પર હતી. વ્યાવહારિક અને ધાર્મિક કેળવણીની જરૂરિયાત અને સ્ત્રી-કેળવણી ઉપર આચાર્યશ્રી ભાર મૂકતા હતા એ આજના જમાનામાં વિચિત્ર લાગે, પણ એ સમયમાં આ સ્વીકારાયેલી વસ્તુ ન હતી. એમની જેહાદના પરિણામે વરવિક્રય, કન્યાવિક્રય, બારમા-તેરમાના રિવાજો, અધરણીની નાતો વગેરે અનિષ્ટોએ પોતાનું પ્રભુત્વ ગુમાવ્યું છે એ હકીકત છે.

આચાર્યશ્રીના જીવનકાળ દરમિયાન બે મહાન વિશ્વયુદ્ધો થયાં અને એની ઘેરી અસર સમસ્ત જગત ઉપર થઈ. પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન રશિયામાં ક્રાંતિ થઈ. ભારતમાં સ્વદેશીની ચળવળ થઈ અને મૂડીવાદનું સ્વરૂપ વિકસતું ગયું. બીજા વિશ્વયુદ્ધે સમૃદ્ધિની સાથોસાથ યાતનાઓ આપી. આ વિશ્વપ્રવાહોએ મધ્યમ વર્ગ ઉપર ઘેરી અસર કરી. સમાજના અર્થતંત્રની કાયાપલટ કરી નાખી છે. વિશ્વવિગ્રહે ફુગાવો આપ્યો, બંગાળનો દુષ્કાળ આપ્યો અને સમાજના મધ્યમ વર્ગ ઉપર સખત ફટકો માર્યો જેની અસર હજુ સુધી ગઈ નથી.

પ્રથમ અને દ્વિતીય વિશ્વયુદ્ધના પરિણામે મધ્યમ વર્ગ તૂટી રહ્યો છે. મધ્યમ વર્ગની સામાન્ય આકાંક્ષા મૂડીવાદી વર્ગનું અનુકરણ કરવાની હોય છે. આ અનુકરણ બાહ્ય છે પણ ખરું જોતાં અંદરથી મધ્યમ વર્ગ તૂટી રહ્યો છે. આ ક્રિયા-પ્રક્રિયા ચાલુ રહેશે તો સમાજના મધ્યમ વર્ગને મજૂરવર્ગમાં ફેરવાઈ જતાં વાર નહિ લાગે. આચાર્યશ્રીએ મધ્યમ વર્ગને જિવાડવાની, તેમના ઉત્કર્ષની જે વાત કરી છે એનું કારણ એ છે કે એ સંગઠિત નથી અને એકત્રિત અવાજ ઉઠાવી શકે તેમ નથી. સમય-જ્ઞ આચાર્યશ્રીએ કાળની નાડ પારખી સમાજને કાળની સાથે કૂચકદમ ભરતો કરવાના શુભાશયથી અનેક પ્રયત્નો કર્યા. આચાર્યશ્રીની આ સેવા અનુપમ છે અને એનું મૂલ્યાંકન એ રીતે થવું ઘટે.

જૈન સાધુને અને સમાજસેવાને શી લેવા દેવા? મધ્યમ વર્ગના ઉત્કર્ષની ભાવના, કેળવણી અને સુધારા માટેની હિમાયત—આ બધી પંચાત જૈન સાધુઓ શા માટે કરે? આવા પ્રશ્નો સ્વાભાવિક રીતે પુછાય છે. કારણ કે જૈનશ્રમણ પોતાના આત્માના ઉત્કર્ષ માટે જ પ્રવૃત્તિ કરે છે. એમની પ્રવૃત્તિ સાંસારિક પ્રવૃત્તિ નથી. સમાજની સામાન્ય સમજણ આવી હોવા છતાં જેઓ વસ્તુસ્થિતિને સાચી રીતે સમજી શકે છે તેઓ તો બરાબર સમજે છે કે સમાજને પ્રગતિશીલ અને સશક્ત બનાવે એવાં કાર્યો માટે સમાજને પ્રેરણા આપવી એ એમની ફરજ છે. સમાજ અને સંસ્થા અન્યોન્ય પૂરક છે. જૈન સંઘના આપણા આદર્શમાં પણ સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાને સમાનભાવે પ્રરૂપ્યા છે. એ ચારેના સમુત્કર્ષમાં જ સંઘનો યોગક્ષેમ છે. આચાર્યશ્રીના જીવનમાં સમાજસેવાનો આ આદર્શ ભારોભાર જોવા મળે છે.

યુગમૂર્તિ તરીકેનો વિકાસ

જૈન સમાજ અને જૈન સંસ્કૃતિની વિકાસકથા બતાવે છે કે દેશની અનેકવિધ અસરોથી એ મુક્ત નથી. જૈનશ્રમણોએ સાહિત્યની અનેકવિધ સેવાઓ કરી છે. વિવિધ અસરો ઝીલતા સમાજને યોગ્ય માર્ગદર્શન કરાવ્યું છે. કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય, જગદ્‌ગુરુ શ્રીહીરવિજયસૂરિજી અને સમર્થ વિદ્વાનો મહોપાધ્યાય શ્રીયશોવિજયજી, શ્રી આનંદઘનજી મહારાજ અને એ પછીના અનેક મહાપુરુષોએ એ સેવાને ચાલુ રાખી છે. આ પરંપરા સમાજથી પર છે એમ કહી શકાય નહિ. તે તે યુગની અસરો તે તે સમાજ પર અચૂક પડે છે. આ વાત જૈન ધર્મની પરિભાષામાં કહેવી હોય તો એમ કહી શકાય કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અસર એક યા બીજા રૂપે વ્યક્તિ અને સમાજ ઉપર થયા વિના રહેતી નથી. આ રીતે વિચાર કરતાં લાગે છે કે આચાર્યશ્રી કાળના પ્રવાહના અને નિત્યનૂતન સંજોગોના જ્ઞાતા હતા. આચાર્યશ્રી જોઈ શક્યા કે શ્રમણ સંસ્થા સમાજથી જુદી નથી. એ સંસ્થાએ જો વિકાસ સાધવો હશે તો એણે પણ કાળના પ્રવાહો સાથે વહેવું પડશે. તો જ એ પ્રગતિશીલ બની શકશે. આથી જ આચાર્યશ્રીએ રૂઢ સમાજના ચોકઠામાંથી બહાર જઈને ધાર્મિક કેળવણીની સાથોસાથ વ્યાવહારિક કેળવણીના મહત્ત્વ ઉપર ભાર મૂકયો. શ્રી મહાવીર જૈન વિદ્યાલયથી માંડીને અનેકવિધ વિદ્યાલયો, કૉલેજો અને સ્કૂલોની સ્થાપના કરાવી જ્ઞાનની પ્રવૃત્તિ કરી. સ્ત્રી વર્ગના ઉદ્ધારની વાતો કરી. રાજકીય તેમ જ સામાજિક પરિબળોની સાથે રહી તેઓશ્રી 'યુગમૂર્તિ' બની શકયા.

આચાર્યશ્રી જૈનશ્રમણ સંસ્કૃતિના પ્રખર જાણકાર એવા હોવા છતાં તેઓશ્રી અન્ય સંસ્કૃતિઓનું પણ સમગ્રતયા દર્શન કરી શકયા. રાજ્ય તથા સમાજની પ્રવર્તમાન અસરોને ઝીલી તેનો પડઘો પાડી શકયા. સાંપ્રદાયિક આંતરકલહોની બાબતો પડતી મૂકી આચાર્યશ્રી સર્વગ્રાહી સિદ્ધાંતના સમન્વય કાજે પ્રયત્ન કરી તેના પુરસ્કર્તા બન્યા.

રાજકીય પરિબળોની સમાજ ઉપર થતી પ્રબળ અસર પ્રીછી શકેલા આચાર્યશ્રી જનતાને રાજકીય જીવનમાં રસ લેવા કહે એ એમના યુગમૂર્તિ તરીકેના વિકાસક્રમની એક કડી છે. એની પાછળનો

શુભાશય સ્પષ્ટ છે. આચાર્યશ્રી સમજી શક્યા હતા કે રાજકીય લાગવગ વિના સમાજ તણાઈ જાય છે. એટલે કોઈ પણ સમાજે જો સ્થિર ઊભા રહેવું હશે તો રાજકીય પ્રવાહોમાં એ સમાજે પોતાની તાકાત બતાવવી પડશે. યુદ્ધોની અસરોએ એ સ્પષ્ટ સાબિત કરી નાખ્યું કે 'વાણિયો વેપારે શોભે' એ હવે હકીકત નથી. તેઓશ્રી સ્પષ્ટ રીતે સમજી શક્યા કે બિનસાંપ્રદાયિક લોકશાહીમાં માનવી કેવળ સાંપ્રદાયિક હેતુઓ અને વાડાઓ બાંધી બેસી રહે એ નહિ ચાલે. સામાન્ય તત્ત્વોની ભૂમિકા પર આવી સમાજમાં નવું જ પરિબળ જન્માવે તો જ એ જીવી શકશે. આચાર્યશ્રીના જીવનની વિકાસકથા એ રીતે વિચારવા જેવી છે.

સામાજિક એકરૂપતા અને જીવનનું ધ્યેય

આચાર્યશ્રીનો જીવનવિકાસ ઉત્તરોત્તર વધતો રહ્યો છે એની પ્રતીતિ એમનું જીવનકાર્ય આપી જાય છે. આનું કારણ એ છે કે માનવી જ્યારે જીવનનું એક મહાન સત્ય સ્વીકારે છે અને કાળના પ્રવાહને અનુકૂળ બની જીવનનું ઘડતર કરે છે ત્યારે જીવનના બીજા પ્રવાહો એને માટે અનુકૂળ થઈ ને રહે છે. આચાર્યશ્રી સામાન્ય જનસમુદાયની માફક માત્ર વારસામાં જ રાચતા હોત, માત્ર શ્રમણસંસ્કૃતિના "ચંદનઘર"માં વસતા હોત અને ફક્ત ગુજરાતમાં જ વસ્યા હોત તો કદાચ એમના જીવનનું ઘડતર બીજી જ રીતે થયું હોત! દીક્ષા લીધા બાદ આચાર્યશ્રી એમના જીવનઘડતરના સમય દરમિયાન પંજાબમાં રહ્યા. પંજાબમાં જાણેઅજાણે એઓશ્રીને સમાજ સાથે એકરૂપ થવું પડ્યું. આ સમાજના એક ભાગરૂપ બની ગયેલા આચાર્યશ્રીને સમાજના ઉત્થાન માટે કેળવણીનું મહત્ત્વ સમજાયું. એમાંથી અનેક પ્રવૃત્તિઓ જન્મી. પંજાબના અસ્તિત્વ માટે લડતાં લડતાં આચાર્યશ્રી નૂતન દૃષ્ટિ અને ચપળતા પ્રાપ્ત કરી શક્યા. એક બાજુ આચાર્યશ્રી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ વિચારતા થયા અને બીજી બાજુ રાજકીય અને સામાજિક અસરો તેઓશ્રીના જીવન ઉપર પડતી ગઈ. આ રીતે એમનું વિશિષ્ટ વ્યક્તિત્વ ઉત્તરોત્તર વિકાસ પામતું ગયું. જીવનમાં એક સત્ય લાધી ગયું અને એ સત્યની ઉપાસના એ જ એમનો જીવનધર્મ બની ગયો. કેળવણીનો પ્રચાર એ આચાર્યશ્રીનું ધ્યેયબિંદુ બની ગયું; આ કારણે એઓશ્રીની પ્રેરણાથી સમાજને લાભદાયી એવી અનેક કેળવણી-સંસ્થાઓનો જન્મ થયો. કેળવણી માટેના આચાર્યશ્રીના આગ્રહે સમાજમાં અનેક પ્રત્યાઘાતો પણ જન્માવ્યા. પરંતુ સમયજ્ઞ આચાર્યશ્રીએ જરા પણ સ્વસ્થતા ન ગુમાવતાં સર્વગ્રાહી સમન્વયકારી વ્યક્તિત્વનો વિકાસ સાધ્યો. કેળવણીની અનેક સંસ્થાની સ્થાપનાથી માંડીને જૈન યુનિવર્સિટી સ્થાપવા અંગેની તેમની ઇચ્છા અને હિમાયત એ આચાર્યશ્રીના જીવનકાર્ય અને દર્શનની એક પ્રેરક કથા છે.

પ્રગતિશીલ બળો અને કેળવણીના પુરસ્કર્તા

ચોરાશી વર્ષના જીવનકાળમાં પ્રત્યેક પળ સમાજના શ્રેય માટેની પ્રવૃત્તિમાં અને આત્માના વિકાસમાં ગાળનાર આચાર્યશ્રી સમાજમાં પ્રવર્તતાં અનિષ્ટો, અન્યાયો અને અસમાનતાઓના જાણકાર હતા. ધર્મના સંસ્કારો અને રૂઢિગત પરંપરા વચ્ચે ભેદ છે. ધાર્મિક રિવાજો કે રૂઢિઓ અને એ રૂઢિઓએ જન્માવેલી પરંપરા અને મૂળ ધાર્મિક સિદ્ધાંતો વચ્ચે મહત્ત્વનો ભેદ પડી ગયો છે અને ધાર્મિક કે ધર્મમય જીવન એટલે માત્ર પરંપરા જ નહિ એ વસ્તુ એમના જીવનમાં જોવા મળે છે. સ્વ૦ વીરચંદ ગાંધી વિશ્વધર્મપરિષદમાં જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે અમેરિકા જઈ આવ્યા બાદ સમાજમાં જે પડઘા અને પ્રત્યાઘાતો પડેલા તેનો આચાર્યશ્રીને પરોક્ષ કે અપરોક્ષ રીતે અનુભવ હતો. એમની અનેકવિધ પ્રવૃત્તિઓએ જન્માવેલા આઘાત-પ્રત્યાઘાતોથી આચાર્યશ્રી વાકેફ હતા અને એનો તો આચાર્યશ્રીને પ્રત્યક્ષ ખ્યાલ હતો. આ અનુભવોથી આચાર્યશ્રીનું વ્યક્તિત્વ ઘડાયું હતું. આચાર્યશ્રી બહુ જ સારી રીતે સમજી

શકતા હતા કે સામાન્ય રૂઢિગત જીવન જીવનારની સમક્ષ અસામાન્ય દૃષ્ટિબિંદુ રજૂ કરવામાં આવે ત્યારે તે એનો વિરોધી પડઘો પાડે છે. આ મનોદશા અતીતમાંથી ચાલી આવે છે. સામાન્ય માનવી આવા ચીલામાં જ પોતાનું જીવન વીતાવે છે. આ ચીલામાંથી તેમને બહાર લાવવા માટે ઘણી મહેનત કરવી પડે છે. એના માટે ધાર્મિક રૂઢિ અને બાહ્ય ક્રિયાઓ એ જ છત્ર બની જાય છે. એનો ભંગ કરનારા પ્રત્યે એ વિરોધી સૂર કાઢે છે અથવા તો અણગમો બતાવે છે. સમાજના મોટા વર્ગની આ મનોદશા હોય છે.

આ મનોદશામાં કેળવણીનો પ્રચાર કરનાર ધર્મગુરુના કાર્ય પ્રત્યે શંકાઆશંકાઓ સેવાય એમાં નવાઈ નથી. કશુંક ન ગમે એવું આ મહારાજ કરી રહ્યા છે એવી મનોદશા એમનામાં પેદા થાય છે અને આ સ્થિતિ કંઈ આજના યુગની જ નથી. દરેક યુગમાં આમ બનતું આવ્યું છે. અર્ધમાગધીના સૂત્રોને સંસ્કૃતમાં રજૂ કરવા માટે 'કલ્યાણસ્તોત્ર'ના રચયિતા શ્રી સિદ્ધસેન દિવાકરને ગચ્છ બહાર મૂકવામાં ક્યાં નહોતા આવ્યા? પરંતુ એમના મંતવ્યોનો જૈન-શ્રમણોએ પાછળથી સ્વીકાર કર્યો.

પોતાની દૃષ્ટિના વિકાસને પરિણામે આચાર્યશ્રી સમજતા થયા કે જૈન ધર્મનો આદર્શ ગમે તેવો હોય, પરંતુ ઈતર સમાજ તો આ ધર્મ પાળતા સમાજની રહેણીકરણી અને વિચારોથી આ ધર્મ વિશે ખ્યાલ બાંધશે. આથી જૈન ધર્મના નાયક તરીકે આચાર્યશ્રી પોતાની ફરજ માનતા થયા કે સમાજને પ્રગતિશીલ બનાવે એવાં બળોના જો પોતે પુરસ્કર્તા નહિ બને તો સમાજ પાછળ રહી જશે. આ પીછેહઠની અસર સમાજના બીજા અંગો ઉપર પડશે. સ્વામી દયાનંદ સરસ્વતીના અનુયાયીઓ કેળવણીનો કેવી રીતે પ્રચાર કરતા હતા એનો દાખલો આચાર્યશ્રી પાસે હતો. રૂઢિ-રિવાજોએ જન્માવેલી પ્રણાલિકાઓમાં જો જમાનાની માગ પ્રમાણે ફેરફાર નહિ થાય તો એ બંધિયાર પાણી બની જાય. આચાર્યશ્રી પાસે પૂ૦ આત્મારામજી મહારાજનો અનુપમ દાખલો હતો. સમાજમાં નવજાગૃતિ આણવા મથનાર આચાર્યશ્રીને ખ્યાલ હતો કે સત્ય અને યોગ્ય માર્ગદર્શન આપવાથી સમાજના અજાગ્રત વર્ગનો વિરોધ વણનોતર્યો ઊભો થશે પણ પ્રત્યાઘાતીઓની પરવા કર્યા વિના આચાર્યશ્રી મૂળને પકડતા અને તે આરાધવા અનુરોધ કરતા. આચાર્યશ્રીના જીવનકાર્યનું આ પ્રેરક બિંદુ આપણે સમજીએ તો એમના જીવનકાર્યને અને કાર્યે જન્માવેલ પરિબળોને સમજવું અતિ સહેલ બની જાય.

મનની સમતુલા જાળવી વિરોધી સૂરોના આંદોલનો વચ્ચે પણ આચાર્યશ્રીએ સમાજને પ્રામાણિક માર્ગદર્શન આપ્યું. માત્ર ધર્મનો જ પ્રચાર કરવાના સંકુચિત ચોકઠામાંથી બહાર નીકળી આચાર્યશ્રીએ ધર્મની સાથે સાથે સમાજના ઉત્કર્ષની પણ વાત કરી. જેમ જેમ દૃષ્ટિબિંદુ વિકસતું ગયું તેમ તેમ સમાજના નવાં મૂલ્યો અને પ્રગતિશીલ બળોના પોતે પુરસ્કર્તા બની શક્યા. આચાર્યશ્રીની આ મહાન સાધના પાછળ ક્ષુલ્લક મનોવૃત્તિ અને સ્વાર્થ ન હોવાને કારણે સમાજ પર એની સારી અને સ્થાયી અસર થઈ. આજે જૈન સમાજમાં જે અનેક શિક્ષણ સંસ્થાઓ, ગુરુકુળો અને વિદ્યાલયો છે તેનું માન આચાર્યશ્રીને ફાળે જાય છે. આને કારણે આજે કેળવણીનું પ્રમાણ વધ્યું છે. આચાર્યશ્રીના દૃષ્ટિબિંદુને સમજીએ તો ભૂલવું ન જોઈએ કે પ્રણાલિકા સાથે પ્રયોગની તાકાત ગુમાવવી ન જોઈએ. જે માનવી, સંસ્થા કે સમાજ આ તાકાત ગુમાવે છે તે મૃતઃપ્રાય બને છે.

* * *

આ રીતે જોતાં આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિજી શબ્દના સાચા અર્થમાં ચેતનમય અને આવતી કાલ જોઈ શકનારા દૃષ્ટાપુરુષ હતા. જૈન શ્રમણો માત્ર આત્માની આરાધનામાં જ મસ્ત રહે, માત્ર રૂઢ સંસ્કારોનો પ્રવાહ ચાલુ રાખે એ સંજોગોમાં ઉછરેલા આચાર્યશ્રી આવતી કાલ જોઈને એક કદમ આગળ ઉઠાવે છે. આ કદમ ઉઠાવતી વખતે આચાર્યશ્રીને સંપૂર્ણ ખ્યાલ છે કે એના પ્રત્યાઘાતો પડવાના છે; છતાં

કે એઓશ્રીએ આત્મ-સાધના ઓછી કરી છે. પરંતુ કેવળ આત્મસાધનામાં જ પોતાનું જીવન મર્યાદિત બનાવવાને બદલે સમાજસેવા દ્વારા જીવનનો વિકાસ કરવાના આશયમાંથી આચાર્યશ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ જન્મેલી. આત્માના વિકાસની વાતો આચાર્યશ્રીને મંજૂર હતી પણ એની સાથોસાથ એ સમાજના ઉત્કર્ષનું, શ્રાવકોની ઉન્નતિનું અને એ દ્વારા આખા સમાજને પ્રગતિના માર્ગે લઈ જવાનું એ કદી વીસરી શકતા નહિ.

ધર્મ પહેલો કે સમાજ પહેલો? ધર્મથી સમાજ છે કે સમાજથી ધર્મ? આ પ્રશ્નો મહત્ત્વના છે. જૈન આચાર્ય સદાયે ઝંખે છે મોક્ષને, સાંસારિક પ્રવૃત્તિમાંથી આત્માના કલ્યાણને કાજે નિવૃત્તિને; એ બોધ કરે છે નિવૃત્તિનો, વૈરાગ્યનો, દીક્ષાનો અને ધર્મનો. આચાર્યશ્રીના પ્રવચનોમાં આને માટે બોધ નથી એમ કહી શકાય નહિ. પણ એઓશ્રીના પ્રવચનોમાં માત્ર આ જ વસ્તુ નથી. ધર્મના પ્રશ્નો આવે, ધર્મની કથા આવે અને તત્ત્વજ્ઞાનની ચર્ચા આવે ત્યારે આચાર્યશ્રી જરૂર આ વસ્તુ પર ભાર મૂકતા અને બોધ આપતા. પરતુ એમનો મુખ્ય હેતુ સમાજના ઉત્કર્ષનો, સમાજના મધ્યમ વર્ગના માનવીને ઊંચે લઈ જાય તેવો બોધ આપવાનો રહેતો. સામાન્ય માનવીને તેઓ સ્પષ્ટ હકીકતો રજૂ કરી કહેતા: "હું ઝંખું છું સામાન્ય માનવીના ઉત્કર્ષને, જૈન યુનિવર્સિટીને. હજારો શ્રાવકો આર્થિક રીતે ભીંસાતા હોય ત્યારે આ બેદરકારી ન શોભે. સમાજ જીવશે તો ધર્મ જીવશે. સમાજમાં જૈનધર્મીઓનું નેતૃત્વ હશે તો જ જૈન-ધર્મની વાહવાહ બોલાશે. દેવમંદિરોની જેમ જ્ઞાનમદિરો પણ પ્રવૃત્તિથી ગુંજતા હોવા જોઈએ."

આનો અર્થ એ નથી કે આચાર્યશ્રીને પોતાના ધર્મનો ખ્યાલ ન હતો. પૂ૦ આત્મારામજી મહારાજ અને એમના ગુરુઓમાં આચાર્યશ્રીએ આદર્શ સાધુના ધર્મનું ઉત્કૃષ્ટ સ્વરૂપ નિહાળ્યું હતું. પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ, શ્રી હંસવિજયજી મહારાજ, શ્રી વીરવિજયજી મહારાજ વગેરેની જીવનચર્યાનો આચાર્યશ્રીને ગાઢ પરિચય હતો. એમના આશીર્વાદો પણ આચાર્યશ્રીને મળેલા હતા પણ સમાજના માર્ગદર્શક કે ઉદ્ધારક થવામાં આચાર્યશ્રીને આદર્શ સાધુજીવન સાથે કોઈ પણ જાતનો બાધ ન જણાયો. ઊલટું એમાં એમને આત્મવિકાસ માટે વધુ અવસર મળતો લાગ્યો. પરિણામે એઓશ્રીની પ્રવૃત્તિઓ અને જીવનચર્યા પણ એ રીતે ચાલી. એક સંસ્થા શરૂ થાય એટલે એના વિકાસ માટે બીજી અનેક પ્રવૃત્તિઓ જન્મે અને એ માટે બીજી અનેક જાતની ચિંતાઓ સેવવી પડે એ સ્વાભાવિક છે. પંજાબની અનેક સંસ્થાઓ માટે આચાર્યશ્રી હમેશાં ચિંતા વ્યક્ત કરતા. છતાં તેઓ કદી સમાજમાંથી શ્રદ્ધા ગુમાવતા નહિ. સંસ્થાઓ માટે આચાર્યશ્રી નિઃસંકોચ હાથ લાંબો કરી શકતા અને બીજાઓને એમ કરવાની પ્રેરણા આપતા. તેઓ કાર્યકરો સમક્ષ એક ઉત્તમ ઉદાહરણ રજૂ કરતા. અનેક સ્થળના વિહારમાં, દિનચર્યામાં તેમ જ પત્રવ્યવહારમાં આચાર્યશ્રીની આ પ્રવૃત્તિનું દર્શન થઈ શકે તેમ છે. આથી એમના જીવનની પ્રત્યેક પળ કોઈ ને કોઈ કાર્યમાં મગ્ન થયેલી આપણને દેખાય છે.

"હે ગૌતમ! એક ક્ષણમાત્રનો પણ પ્રમાદ તું ન કરીશ"—પ્રભુ મહાવીરનો આ જીવનસંદેશ આચાર્યશ્રીએ જીવનમાં ઉતાર્યો હતો. જીવનની પ્રત્યેક પળ કોઈ ને કોઈ કાર્યમાં, કોઈને કોઈ ઉપાસનામાં વીતતી હતી. સવારના ચારથી ઊઠીને રાત્રે સંથારો કરે ત્યાં સુધી એમનું કાર્ય ચાલતું. આગંતુકો સાથે સંકુચિતતાના નામ વિના જીવન-સિદ્ધિની કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવે જન્માવેલા અનેક વિષયોની ચર્ચા ચાલે.

સામાન્ય જનતા કેવું જીવન જીવે છે એનો ખ્યાલ આચાર્યશ્રીને વિહારમાં મળતો. જન-સંપર્કના પરિણામે સમાજના દુઃખ-સુખ, વ્યક્તિઓની ઇર્ષા-અસૂયા-ઝેર અને વ્યક્તિના ગુણો, દેશનું વ્યાપક

રાજકીય-સામાજિક-આર્થિક-સાંસ્કારિક જીવન, સ્ત્રી સમાજના પ્રશ્નો, સંઘસમાજના [illegible] અનેક પ્રશ્નો—આ બધાંનો આચાર્યશ્રી તાગ મેળવી શકતા. જીવનકાળમાં ઉત્તરોત્તર વધતી જતી પ્રતિષ્ઠાનું આ એક કારણ ગણાવી શકાય. એક કામ પૂરું થયું કે આચાર્યશ્રી બીજું કામ હાથમાં લેતા – બલ્કે એક કાર્યમાંથી બીજા કાર્ય માટેની તેઓશ્રી પૂર્વભૂમિકા ઊભી કરતા.

માનવપ્રેમી અને માનવી માત્રના ગુરુ

એમના અનુયાયીઓમાં મુસલમાનો, ખ્રિસ્તીઓ, શીખો—બધા જ ધર્મના લોકો હતા. આચાર્યશ્રીએ મેઘવાળો માટે કૂવો કરાવી આપ્યો હતો અને એક સ્થળે હરિજનોના સત્યાગ્રહ અંગે સમજૂતી કરી આપી હતી. એક ગામના નવાબને હિંદુ ભાઈઓના ઝઘડાનું સમાધાન કરાવી આપ્યું હતું. એક મુસ્લિમને ઉપદેશ આપી અઠ્ઠાઈ કરવા પ્રેર્યો હતો. ઉપદેશ આપવા માટે સ્થળ અને સમયના બંધન તોડી, શ્રોતાઓનો ખ્યાલ રાખી એમની ભૂમિકા પ્રમાણે આચાર્યશ્રી બોધ આપતા. શીખો વિનંતિ કરે તો ગુરુદ્વારામાં જાય અને ઉપદેશ આપે, રામ-જયંતીમાં ભાગ લઈ શકે; એક સ્થળે આચાર્યશ્રીએ ઠેઠ મહિના સુધી સનાતની ભાઈઓને જૈન રામાયણ સંભળાવ્યું હતું. આચાર્યશ્રીનું મંતવ્ય સ્પષ્ટ હતું: "પ્રત્યેક માનવી સંસારમાં આત્મા છે. એ જન્મે છે એનાં કર્મોને અધીન થઈને. માનવી જન્મે છે એના પૂર્વ સંસ્કારો લઈને. પોશાક, રીત-રિવાજ એ તો બહારનો વેશ છે. હિંદુનું બાળક ચોટલી સાથે જન્મતું નથી. મુસ્લિમ બાળક સુન્નત સાથે રાખીને જન્મતું નથી. શીખ બાળક દાઢી સાથે જન્મતું નથી. પણ જ્યારે ને જેવા સંસ્કારો પડે છે ત્યારે ને તેવા માનવો બને છે. કોઈ પણ માનવી પ્રત્યે દ્વેષ એ જ ખરાબ વસ્તુ છે. પ્રેમથી પ્રેમ મળે છે. સાચા પ્રેમથી માનવીના અંતરને જીતી શકાય છે, એની લાગણીને સમજી શકાય છે. સમભાવના અને સહિષ્ણુતા એ જ જીવનની ને ધર્મની સાચી ચાવી છે. માનવીના ભિન્ન વિચાર હોય તેમાંથી સારપ ગ્રહણ કરી એના મનોભાવોને સમજીને માનવીને જીતતાં શીખો. ઝઘડો, વૈમનસ્ય, વેર, ક્રોધ, માન, માયા, લોભ આ બધાં શત્રુ છે. એ માનવીનો સાચો માર્ગ નથી. ગમે તે ધર્મનો, ગમે તે વિચારો ધરાવતો માનવી હોય, એ માનવીના દુઃખો હળવા કરવાની, એનો સંતાપ દૂર કરવાની આપણી ફરજ છે. એના આત્માને દુઃખ ન થાય, એના મનની પ્રફુલ્લતામાં વિક્ષેપ ન પડે,—આ પ્રયત્ન એ જ સાચો ધર્મ છે. હૃદય આપી હૃદય મેળવી લેવાય છે ને ઐક્ય સાધી જીવનને ઉચ્ચ બનાવી શકાય છે." આ ઉદ્ગારો કહે છે કે આચાર્યશ્રીના દિલમાં માનવપ્રેમ ભર્યો પડ્યો હતો અને તેઓ માનવમાત્રના ગુરુ હતા.

રાષ્ટ્રપ્રેમી આચાર્ય

આચાર્યશ્રી એ સમજી શક્યા હતા કે જો સમાજ જીવંત હોય તો એ રાષ્ટ્રવ્યાપી આંદોલનની અસરથી મુક્ત ન રહી શકે. જો સમાજ એથી અલગ પડી જાય તો સરવાળે એને જ નુકસાન થાય. આથી આચાયશ્રી રાષ્ટ્રપ્રવૃત્તિના પુરસ્કર્તા બન્યા. એ પ્રવૃત્તિ અને એની પાછળનાં બળોને સમજતા થયા. પરિણામે આચાર્યશ્રીમાં રાષ્ટ્રના પ્રશ્નો સમજવાની નવી દૃષ્ટિ આવી અને સામાન્ય પ્રજાના માનસને અનુકૂળ અને ધર્મબાધ ન આવે એવી દિશા એમની જીવનપ્રવૃત્તિએ લીધી. આ દૃષ્ટિને લીધે રાષ્ટ્રીય આંદોલન તેમ જ સંસારથી અલગ હોવા છતાં રાષ્ટ્રના પ્રશ્નો અને પ્રજાના આંદોલનોનું મૂલ્ય એઓશ્રી સમજી શક્યા અને પ્રજા રાજકીય તેમ જ બીજી રીતે કઈ બાજુ જઈ રહી છે એનો ખ્યાલ એઓશ્રી મેળવી શક્યા.

આ સંસ્કારોથી જીવનને વિવિધ રૂપે જોવાની દૃષ્ટિ આચાર્યશ્રીએ મેળવી અને ગાંધીજીની ખાદીની વાત અપનાવી. રાષ્ટ્રનેતાઓ પ્રત્યે તેઓશ્રી સમભાવ રાખતા થયા. વખત આવ્યે તેમનો સંપર્ક પણ સાધતા.

શ્રી મોતીલાલ નહેરુ તથા પં૦ માલવિયાજી સાથે આચાર્યશ્રીને સારો એવો પરિચય હતો. એ જમાનામાં જૈન સાધુ ખાદી અપનાવીને રાષ્ટ્રીય ભાવનાને જીવનમાં સ્થાન આપે અને પરદેશી ખાંડનો બહિષ્કાર પોકારાવે એ કંઈ નાનીસૂની વાત નથી. આ રીતે આચાર્યશ્રી ચાલી આવતી પ્રણાલિકા સાથે જીવન જીવવાના પ્રયોગો કરતા થયા, નવી વસ્તુ અપનાવતા થયા અને રાષ્ટ્રીય ભાવનાના પુરસ્કર્તા થયા.

માત્ર ખાદી પહેરવામાં જ નહિ પણ સમાજના વ્યાપક અનિષ્ટો સામેના આંદોલનમાં પણ આચાર્યશ્રીએ વખતોવખત ઉત્સાહ બતાવ્યો છે. દારૂત્યાગ માટે અનેકો પાસે આચાર્યશ્રીએ પ્રતિજ્ઞા લેવરાવી એટલું જ નહિ, પણ દારૂબંધીના પ્રચાર અંગે અનેક સમયે આચાર્યશ્રીએ જાહેર પ્રવચનો કર્યાં. જ્યારે રાજકીય અસર અતિવ્યાપક બની માનવીના પ્રત્યેક અંગને સ્પર્શી જાય છે અને રાજકીય તાકાત દુન્યવી તાકાતનું રૂપ ધારણ કરે છે ત્યારે એની અવજ્ઞા સમાજનો કોઈ પણ નેતા કરી શકે નહિ. આચાર્યશ્રી આ વસ્તુ બરોબર સમજી શકયા હતા અને તેથી રાજકારણ પ્રત્યે દુર્લક્ષ ન સેવતાં ધર્મનો માનમરતબો વધે એ હેતુથી અનેક જુવાનોને રાજકીય નેતૃત્વ માટે આચાર્યશ્રીએ પ્રેરણા આપી. આચાર્યશ્રી સમજી શકયા હતા કે કેળવણી અને રાજકીય લાગવગના પરિણામે સમાજ પાસે ધાર્યાં કામો કરાવી શકાશે.

ભાવિષ્યનું દર્શન : શ્રમણ સંઘની જવાબદારી

સાંપ્રતને સમજવો એ જરાયે અઘરું નથી. ભવિષ્યને ભાખવો એ ખરે જ દુર્લભ છે. મહાપુરુષો હંમેશાં ભવિષ્યને જુએ છે અને એ પ્રમાણે વર્તમાનને ઘડવા પ્રયત્ન કરે છે જેથી ભવિષ્યમાં વર્તમાન સમાજના માનવીઓને નવું કંઈ ન લાગે. કવિઓ આવતી કાલને જુએ છે. સ્વપ્નદૃષ્ટાઓ આજના સ્વપ્નમાં આવતી કાલની સિદ્ધિ જુએ છે. વૈજ્ઞાનિક આજની શોધમાં આવતી કાલને બદલી નાખવાની ઉમેદ સેવે છે. આ બધા માનવીઓ માત્ર વર્તમાનમાં ન રાચતાં ભૂતકાળના વારસાનું યોગ્ય મૂલ્યાંકન કરી ભવિષ્યમાં વ્યાજ સાથે એને વધારે છે. મૂડીનું રોકાણ વધે છે, નફો પણ ઝાઝો થાય છે. આવતી કાલને જોઈ આવા માણસો વર્તમાન ઘડે છે. આવા માનવો જ સમાજને ઉપકારી થઈ શકે છે. એમની દીર્ઘદૃષ્ટિને લઈને જ આવતી કાલની પેઢી ઉજ્જવળ બને છે. આચાર્યશ્રી આ જાતના કવિ, દૃષ્ટા અને ભાવિષ્યના પ્રવાહોના વેત્તા હતા. આથી જ સમાજને તેઓશ્રી યોગ્ય માર્ગદર્શન આપી શકતા. ભવિષ્યમાં સમાજને શાની જરૂર પડશે એનો ખ્યાલ રાખીને અને આવતી કાલની વાસ્તવિકતાને નજરમાં રાખીને આચાર્યશ્રીએ સમાજને દોર્યો હતો. આચાર્યશ્રીનું મંતવ્ય એ હતું કે સંઘમાં સાધુ મુખ્ય પદે છે અને એથી સંઘને સાચી દોરવણી આપવાનું કાર્ય શ્રમણ સંસ્થાનું છે. આ સંસ્થા સમાજના બીજા વિભાગોથી અલગ રહી શકે નહિ. કર્મની નિર્જરા કરવા મથતા શ્રમણની જવાબદારી સંઘ પ્રત્યે હોય છે. નિજાનંદમાં મસ્ત રહેતા શ્રમણ પણ સંઘના એક ભાગ રૂપ છે અને સંઘની પ્રભાવનામાં જ એમનું શ્રેય છે. આચાર્યશ્રી એ પણ સમજી શકયા કે ધર્મના મૂળ સંસ્કારોને સમય અને વિજ્ઞાનની ચકાસણીમાંથી પસાર કરવા પડશે. પાશ્ચાત્ય જીવનની ઊંડી અસરોમાં ઘેરાતા સમાજમાં સમન્વય એ જ સાચો માર્ગ છે. આથી ધર્મ એકાંગી ન રહેતાં વ્યાવહારિક કેળવણીની સાથોસાથ કદમ રાખે એવું એઓશ્રી સમજી શકયા અને એ પ્રકારનો ઉપદેશ પણ આપતા.

ધાર્મિક ઉદારતાની જરૂર

આચાર્યશ્રી સમજી શકયા કે નવા યુગમાં જૈનો માત્ર કૂવાના દેડકા ન બની રહે. વિશ્વના પ્રવાહો સાથે એ કદમ બઢાવશે તો એનું શ્રેય થશે. જૈન ધર્મનાં વિશિષ્ટતા, અભિનવ ચિંતન, સનાતન સિદ્ધાંતો વગેરેની રજૂઆત પણ નવી વૈજ્ઞાનિક દૃષ્ટિથી કરવી પડશે. પોતાના ટૂંકા ગજથી માપનારાઓએ જૈન

ધર્મને સંકુચિત બનાવ્યો છે. ભેદોની દીવાલોમાં, સમાજની રૂઢિઓમાં અને સ્થાપિત વ્યવહારમાં એને ગૂંગળાવ્યો છે. આ ગૂંગળામણ ટળે તો જ ધર્મનું સાચું સ્વરૂપ સમજાય. આચાર્યશ્રીના મનોવ્યાપાર અને કાર્યનું પ્રેરક બળ આ જ લાગણીઓ હતી એમ કહેવામાં કંઈ જ ખોટું નથી. આ પ્રયાસોમાંથી વ્યાવહારિક અને ધાર્મિક કેળવણીનો સમન્વય સાધતી અનેક સંસ્થાઓ જન્મી. આચાર્યશ્રીએ આવી સંસ્થાઓમાં રોપેલાં બીજ આજે તો ફૂલ્યાં છે. કેટલીક સંસ્થાઓ વિરાટ વૃક્ષ બની છે. જૈન સમાજ આધુનિક કેળવણીમાં આગળ વધી રહ્યો છે અને વધી શક્યો છે એ આચાર્યશ્રીની દોરવણીનું પરિણામ છે. 'જૈન યુનિવર્સિટી'ની એમની ભાવના મૂર્ત કરવાની હજી બાકી છે. જૈન શાસ્ત્રોના પદ્ધતિસરના વિજ્ઞાની રીતે અભ્યાસ, પશ્ચિમના લોકોને જૈન સંસ્કૃતિનો પરિચય, જૈન તત્ત્વજ્ઞાનનું સુંદર વિવેચનાત્મક આલેખન—જૈન ધર્મની ઉદારતાનો જગતને પરિચય આપવા માટે આ બધું કાર્ય કરવું હજી બાકી છે.

શિક્ષણ-સંસ્થાઓનું મહત્ત્વ

આચાર્યશ્રીએ સ્થાપેલી કે પ્રેરણા આપેલી શિક્ષણસંસ્થાઓની સુવાસ જૈન સમાજમાં પ્રસરી છે. એ સંસ્થા સ્થાપવામાં શરૂઆતમાં વિરોધ કરનારાં તત્ત્વો છેવટે એક યા બીજી રીતે એના પુરસ્કર્તા બન્યાં છે. અનેક જૈનોએ આ સંસ્થાઓનો લાભ લીધો છે. વ્યાવહારિક અને ધાર્મિક કેળવણીનો સમન્વય અને ધાર્મિક સંસ્કારોનું સિંચન આ સંસ્થાઓમાં થાય છે. આને પરિણામે જૈન સમાજને અનેક આગેવાનો અને સેવકો સાંપડ્યા છે. આજે વ્યવહારિક જ્ઞાનમાં જૈન કોમ આગળ પડતી થઈ છે અને તે પોતાના હકો તેમ જ ફરજો પ્રત્યે જાગ્રત રહે છે એમાં આ સંસ્થાઓનો પણ નોંધપાત્ર હિસ્સો છે.

આચાર્યશ્રીની આ જીવનસાધના અને એની મૂળમાંની દૃષ્ટિના લીધે આચાર્યશ્રીનું ઘડતર અસામાન્ય રીતે થયું છે એ એક હકીકત છે. જીવનમાં એક સત્ય લાધી જાય અને એનાથી આખો જીવનપંથ ઉજ્જ્વળ બને એ વસ્તુ આચાર્યશ્રીના જીવનમાં બની છે. એથી એમની બીજી પ્રવૃત્તિઓ શ્રમણધર્મની હોવા છતાં ય એમાં અજબનું આકર્ષણ રહે છે. આચાર્યશ્રી મહાન ક્રાંતિકારી હતા એમ કહેવું બરાબર નથી; પણ સમાજના કલ્યાણ કાજે જે સાધના કરી એમાંથી આચાર્યશ્રીને નવી દૃષ્ટિ સાંપડી. આચાર્યશ્રી સમય જ હતા એથી એઓશ્રી સમાજમાં નવા આંદોલનો સર્જી શક્યા; અને છતાં એની અનેક મર્યાદાઓ હતી. આચાર્યશ્રીએ જન્માવેલ આઘાત-પ્રત્યાઘાતો હજુ શમ્યા નથી એવા સંજોગોમાં એમના જીવનકાર્યની સમીક્ષા કરવી મુશ્કેલ બને છે, અને એ માટેનું તાટસ્થ્ય કેળવવું એ પણ મુશ્કેલ છે, છતાં અતિપ્રશંસાનો દોષ ટાળીને એટલું કહી શકાય કે આચાર્યશ્રી સમાજના આગામી પરિવર્તનશીલ બળોના પુરસ્કર્તા થયા અને એઓશ્રીની આ પ્રવૃત્તિથી વ્યવહાર જ સમાજ, સમાજના આગામી બળોને સાનુકૂળ બની શક્યો.

સુમેળ સાધવાની વૃત્તિ અને પ્રવૃત્તિ

કેળવણીમાં સમન્વયનો આદર્શ રજૂ કરનાર આચાર્યશ્રી જીવનની અનેકવિધ પ્રવૃત્તિમાં શાંતિ અને સમાધાનની હિમાયત કરે એ વસ્તુ સ્વાભાવિક છે. વિભિન્ન મતભેદોમાં એમણે હમેશાં મધ્યસ્થી રસ્તો સ્વીકાર્યો છે. એમનું જીવનસૂત્ર રહ્યું છે : " મળો, વિચાર-વિનિમય કરો અને નિર્ણયને અમલી બનાવવામાં સાથ આપો. મતભેદો દૂર રાખી જે વસ્તુમાં મેળ થાય, જે સર્વસામાન્ય હોય તેના માટે કામ કરો. " જીવનના છેલ્લાં વર્ષોમાં ત્રણ ફીરકાની સામાન્ય ભૂમિકાની એઓશ્રીએ જે હિમાયત કરી એના મૂળમાં આ વસ્તુ હતી.

આને પરિણામે આચાર્યશ્રીએ અનેક પ્રવૃત્તિઓ કરી છે. સં૦ ૧૯૫૯માં અંબાલામાં શ્રી આત્માનંદ જૈન મહાસભાનું અધિવેશન થયું. પછી આ સંસ્થા વિકસી. આને લીધે પંજાબમાં નવચેતના પ્રગટી.

અનેક સંમેલનો-પરિષદો-મંત્રણાઓ અને વિચાર-વિનિમય માટેની ભૂમિકા આચાર્યશ્રીએ ઊભી કરી. આવાં સંમેલનો સફળ થાય અને કાર્ય આગળ ધપે અને સમાજમાં મેળ સ્થાપવાની જાગૃતિ આવે એ માટેની જ એમની પ્રવૃત્તિ હતી. અનેક સ્થાને આ રીતે જૈનોમાં પરસ્પર ભ્રાતૃભાવ વધે, સંગઠનનાં બીજ રોપાય અને સમાજની પ્રગતિ સધાય એ એમનો મુખ્ય હેતુ રહ્યો હતો.

આચાર્યશ્રીએ માત્ર શ્રાવકોના જ નહિ પણ સાધુઓના સંમેલનો પર પણ ભાર મૂક્યો. આચાર્યશ્રીનું મંતવ્ય એવી મતલબનું હતું કે જો જૈન મુનિઓ ભેગા થાય તો સમાજોન્નતિનું કાર્ય ઘણું સરળ થાય. જૈન સમાજને સ્પર્શતા વ્યાપક પ્રશ્નોની વિચારણા થાય અને એ વિચારણા પછીનું કાર્ય જો અમલી બને તો સમાજને ઘણો જ ઝડપી લાભ થાય. આવા શુભાશયથી અથાગ મહેનત કરીને વડોદરામાં પૂ૦ આત્મારામજી મહારાજના મુનિઓનું સંમેલન તેમણે યોજ્યું હતું. અમદાવાદમાં પણ અનન્ય મુનિ–સંમેલન મળ્યું. તેની પૂર્વભૂમિકા ઊભી કરવામાં આચાર્યશ્રીનો મોટો ફાળો હતો. ત્યાર બાદ આચાર્યશ્રી નેમિસૂરિજી અને આચાર્યશ્રી વચ્ચે મીઠો સંબંધ રહ્યો હતો.

મહાન સમાધાનકાર

વ્યક્તિઓના અને સંઘના કલહો દૂર કરાવવા પણ એમણે પ્રયત્ન કર્યો છે. જીવનની આ પ્રવૃત્તિના અનેક દાખલા આપણને એમના જીવનમાં જોવા મળે છે.

સં૦ ૧૯૬૫માં જેઠ શુદિ બીજે આચાર્યશ્રી પાલણપુર ગયા. એક દિવસ રહીને બીજે દિવસે ચોંકાવનારી જાહેરાત કરી : " હું ભોયણી જવાનો છું."

આખો સંઘ વિસ્મય પામ્યો. સંઘે પૂછ્યું, "કેમ ? આપ અહીં ચાતુર્માસ કરો ને !"

આચાર્યશ્રીએ કહ્યું : " તમે બધા તમારા મતભેદો દૂર કરી તમામ પક્ષોને એક કરો તો રહું. જ્યાં વિખવાદ હોય ત્યાં મને ઘડીભર પણ રહેવું ન પાલવે. મારે તો સમાધાનની ભિક્ષા જોઈએ."

આ જાહેરાતના પરિણામે પાલણપુરના નેવું જેટલા આગેવાનોએ લખી આપ્યું કે આચાર્યશ્રી જે ચુકાદો આપે તે અમને મંજૂર છે. આચાર્યશ્રીએ સૌને પ્રિય એવો ચુકાદો આપ્યો અને પાલણપુરમાં સુખદ સમાધાન થયું.

બાલાપુરમાં માતા-પુત્રનો ઝઘડો અદાલતે પણ ગયેલો. તેમના ઘરે આચાર્યશ્રી ગોચરી વહોરવા ગયા. 'ધર્મલાભ' કહી ઊભા રહ્યા અને કહ્યું : " મને બીજું ન ખપે. તમારી ગોચરી જ્યારે તમે બંને સયુક્ત રીતે વહોરાવો ત્યારે ખપે. આપણે કોણ ? આ બધા ઝઘડા શા માટે અને કેટલા વખત માટે અને કોના માટે ?...અને આખરે શું ? આ વેરઝેરનાં કર્મ બાંધી કયે દિવસે છોડવાના ?" આચાર્યશ્રીની સમજાવટની વીજળી જેવી અસર થઈ. પુત્ર માતાને પગે પડી ગયો અને આચાર્યશ્રીની હાજરીમાં એક કુટુંબ કિલ્લોલ કરતું થઈ ગયું.

જે વસ્તુ ઉપર પોતે ભાર મૂકતા તે સ્વીકારવામાં સમાજ ઢીલ કરે છે એવું આચાર્યશ્રીને લાગતું ત્યારે એઓશ્રી પ્રતિજ્ઞા લેતા. એની અસર સમાજ ઉપર તાત્કાલિક પડતી. ઉત્કર્ષ ફંડમાં પાંચ લાખ રૂપિયા ભેગા કરવા આચાર્યશ્રીએ દૂધત્યાગની પ્રતિજ્ઞા લીધી. શત્રુંજય તીર્થની યાત્રા બંધ થઈ ત્યારે પ્રવેશ સમયના પોતાના સામૈયાનો તેમણે ત્યાગ કર્યો હતો.

ઉગ્રવિહારી

આચાર્યશ્રી ઉગ્ર વિહારી હતા. આ વસ્તુ એમનું આખું જીવન કહી જાય છે. એમનો વિહાર ઘણો જ ઝડપી હતો અને તે પંજાબમાં ગુજરાનવાલાથી પૂનાની પેલી બાજુ સુધી વીસ્તરેલો હતો.

પંજાબ–મારવાડ–ગૂજરાત–મહારાષ્ટ્રના અનેક નાનામોટા કસ્બાઓમાં આચાર્યશ્રીનો વિહાર થયો હતો. સં૦ ૧૯૬૪માં જેઠ મહિનામાં પીરાઇથી ગુજરાનવાલાનો સાડા ચારસો માઇલનો વિહાર રોજના ત્રીસ માઇલના હિસાબે આચાર્યશ્રીએ કર્યો હતો. સં૦ ૨૦૦૧માં પંચોતેર વર્ષની વયે બિકાનેરથી પંજાબ તરફ આચાર્યશ્રીએ ઉગ્ર વિહાર કર્યો હતો.

આ વિહારો અને નવી દૃષ્ટિને લીધે આચાર્યશ્રીની સંકલ્પશક્તિ પણ ખૂબ વિકાસ પામી હતી. પોતાની સૌજન્યભાવનાથી તેઓ અનેક માનવોને માટે પ્રેરણાદાતા અને શાંતિદાતા બની ગયા હતા. માનવી એની સંકલ્પશક્તિ દ્વારા જ કામો સિદ્ધ કરી શકે છે. એવો માનવી સંજોગોને ઘડી પોતાના કાર્યને અનુરૂપ બનાવે છે. સંજોગોને અનુરૂપ કાર્ય એને કરવાનું હોતું નથી. આવો માનવી જ્યાં જાય ત્યાંથી કજિયો-કંકાસ દૂર થાય, વાતાવરણમાં નવી ચમક આવે. આચાર્યશ્રીના ચાતુર્માસો એ રીતે અનેક પ્રવૃત્તિ-પ્રવાહોના પ્રેરક બની શક્યા હતા.

પુણ્યાત્માનો પ્રભાવ

આચાર્યશ્રીના જીવન સાથે કેટલીક અસામાન્ય ઘટનાઓ સંકળાયેલી છે. આ વસ્તુને સામાન્ય જનતા ચમત્કાર તરીકે ઓળખે, આજનું વિજ્ઞાન પણ એ વસ્તુને એ રીતે સ્વીકારવા તૈયાર નથી, છતાં આવા દાખલાઓ વ્યક્તિના અસામાન્ય પુણ્યત્વનો નિર્દેશ કરી જાય છે. હજારો–લાખો માનવોની મેદની મળી હોય છતાં કોઈ પણ માણસને કશું અનિષ્ટ ન થાય, અશુભ ન થાય એ પુણ્યાત્માની હાજરીનો પ્રભાવ જ ગણાય. જ્યાં પુણ્યાત્મા હોય છે ત્યાં ઉપસર્ગો નાશ પામે છે, વિઘ્નરૂપી વેલાઓ છેદાઈ જાય છે અને માનવીનું મન પ્રફુલ્લ થઈ જાય છે.

સં૦ ૧૯૭૨ની સાલમાં કરચલીઆમાં પ્રભુજીને નદી ઓળંગીને લાવવાના હતા. બે વખત આ પ્રયત્નો નિષ્ફળ ગયા. પણ આચાર્યશ્રીએ જે મુહૂર્ત કાઢી આપ્યું તે મુહૂર્તે પ્રભુજી શાંતિથી પધાર્યા. જૂનાગઢમાં ચાલુ વ્યાખ્યાને બારીએથી એક છોકરી પડી ગઈ, પણ આબાદ બચી ગઈ. આચાર્યશ્રીના પવિત્ર પગલાં પસરૂરમાં પડતાં ગામના સુકાઈ ગયેલા કૂવામાં પાણી આવ્યાં. ઈ૦ સ૦ ૧૯૪૭ના બનાવો વખતે ઉપાશ્રયમાં ચાર બૉમ્બ પડ્યા પણ કોઈને ઈજા થઈ નહિ. કોઈપણ વ્યક્તિના ભોગ વિના આચાર્યશ્રી પાકિસ્તાનથી પાછા ફર્યા એ પણ બનાવ અસામાન્ય ગણી શકાય.

સર્વગ્રાહી વ્યાખ્યાતા

ઉગ્રવિહારી, કેળવણી માટેનો આગ્રહ વગેરેને લીધે આચાર્યશ્રીની દૃષ્ટિ દિનપ્રતિદિન વિશાળ બનવા લાગી. આથી તેઓ લોકસમુદાયની સમાન ભૂમિકા પર બોધ આપવા લાગ્યા. માત્ર સંપ્રદાયના વાડામાં પુરાઈ રહેવાને બદલે આચાર્યશ્રી જીવનનાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યો ઉપર ભાર મૂકતા થયા. જીવનના જુદા જુદા અનુભવોમાંથી તવાયેલી દૃષ્ટિને કારણે આચાર્યશ્રી પ્રત્યેક પ્રશ્નનું હાર્દ સમજી શકતા, અને વાણી દ્વારા સુંદર રીતે વ્યક્ત કરી શકતા. હિંદુ, મુસલમાન, ઇસાઈ, પારસી કે શીખ કોઈ પણ જ્ઞાતિનો શ્રોતાગણ હોય, તેમની આગળ તેમને અનુરૂપ પોતાનું વક્તવ્ય આચાર્યશ્રી સફળ રીતે રજૂ કરી શકતા. સહુ કોઈને સાર્વજનિક ધર્મ સમજાવતા.

જૈન ધર્મની પ્રણાલિકા, ભવ્ય સંસ્કૃતિ અને તેના જ્ઞાનનો અમૂલ્ય વારસો આચાર્યશ્રીને મળ્યો. જીવનના વિકસિત ખ્યાલો પણ એઓશ્રી મેળવી શક્યા. આને કારણે એઓશ્રીના પ્રવચનો માત્ર સાંપ્રદાયિક બનવાને બદલે સર્વગ્રાહી બન્યા. આચાર્યશ્રી જૈન સિદ્ધાંતોની બાહ્ય વાતો કે માત્ર સૂત્રોના અર્થમાં અટવાઈ નહોતા જતા. પણ એ સૂત્રનો અર્થ વાંચીને સામા માનવીને સમજાય એવો સુગમ બનાવતા.

આચાર્યશ્રી ઘણી વખત શાસ્ત્રોને સમજાવતાં પોતાની મર્યાદા સ્વીકારતા. ઘણી વખત આધુનિક દાખલાઓથી અને અદ્યતન માહિતીથી વ્યાખ્યાનોને રસિક બનાવતા. શાસ્ત્રીય કે અસામાન્ય લાગતી બાબતો ઘણી સરળ ભાષામાં સાદી ઉપમા કે રૂપક લઈ આચાર્યશ્રી રજૂ કરતા અને બધી વાતો તેમાં સાંકળી લેતા. આને કારણે અનેક જૈનેતર ભાઈઓને પણ આચાર્યશ્રીએ જૈન ધર્મના સિદ્ધાંતોનો ખ્યાલ આપી જીવનમાં સમભાવ કેળવતા કર્યા.

આચાર્યશ્રીનું વક્તવ્ય આ બધાં કારણોને લઈ સર્વદૃષ્ટિનો સમન્વય કરનારું થતું. આચાર્યશ્રી અહિંસાનો ઉપદેશ આપે ત્યારે માત્ર જૈન ધર્મના સિદ્ધાંતોમાં જ એમની વાત મર્યાદિત ન થતાં એમાં બધા ધર્મોની વાત આવે. વેદના અનેક ઉલ્લેખો, કુરાને શરીફના સિદ્ધાંતો, ઇસાઈ ધર્મના મંતવ્યો—આ બધામાંથી અહિંસાનું તારતમ્ય તારવી શ્રોતાગણને રસાસ્વાદ કરાવે. આચાર્યશ્રીના અનેક વ્યાખ્યાનોમાં પૂ૰ આત્મારામજી મહારાજ, એમનો જમાનો, એમનું મંતવ્ય અને પોતાના વિવિધ અનુભવો કેન્દ્રસ્થાને રહેતાં. રામ, કૃષ્ણ કે પ્રતાપ જેવા મહાન પુરુષોના જીવન પર, દાદુસાહેબ જેવી વ્યક્તિ ઉપર, ગીતા અને પુરાણ પર આચાર્યશ્રી પ્રવચનો કરતા. આ વ્યાખ્યાનોમાં સત્યની ઉપાસના ઉપર આગ્રહ રહેતો. આચાર્યશ્રી સત્યને સાપેક્ષ અને નિરપેક્ષ રીતે રજૂ કરતા. આ રીતે તેઓશ્રી એક ધાર્મિક નેતામાંથી માનવતાવાદી મહાપુરુષ બની શક્યા. આચાર્યશ્રીનાં મંતવ્યોનો સાર એટલો જ રહેતો : "शिवमस्तु सर्वजगतः"—સર્વ જગતનું કલ્યાણ થાવ. આચાર્યશ્રી માનતા કે સત્ય માટેનો આગ્રહ સાચી વસ્તુ છે, પણ સત્યાગ્રહની મર્યાદા હોય છે અને એ કોઈ પણ સમયે હઠાગ્રહ કે દુરાગ્રહનું સ્વરૂપ પકડે ત્યારે અસહિષ્ણુતા, વિસંવાદ, અસમાનતા અને અશાંતિ જન્માવે છે. સાચો સત્યાગ્રહી સમજે કે એનો સત્યાગ્રહ માનવ માત્રના કલ્યાણ માટે હોય, વિસંવાદ પેદા કરી અશાંતિ જન્માવવા માટે નહિ. આચાર્યશ્રીએ પોતાની રીતે આવા સત્યની ઉપાસના કરી જીવન વ્યતીત કર્યું અને એથી તેઓ જમાનાના પ્રેરક થઈ શક્યા.

વિનય અને સેવાનો મહાન ગુણ

"विणयमूलो धम्मो" આચાર્યશ્રીમાં બીજો તરી આવતો ગુણ 'વિનય'નો હતો. આને કારણે સામા માનવીના હૃદયને તેઓ સદા જીતી લેતા. સાગર પોતાની ગંભીરતા સમજે છે અને એક પ્રકારનું નિરવધિ સંગીત સંભળાવી જનોનાં ચિત્તને પ્રફુલ્લિત કરે છે. વિનયી દિલ ગુલાબનું બનેલું હોય છે અને તેથી જ સુવાસિત હોય છે. 'હું કંઈક છું' એવી અહંતાની લાગણી વિનયના ગુણ આગળ તવાઈ જાય છે. આચાર્યશ્રી વખતોવખત કહેતા : "જેનામાં વિનય નથી, પરંતુ અભિમાન છે એ કષાય એવા માનવીના આત્મવિકાસ અને આત્મકલ્યાણની આડે આવે છે. આથી સૌ કોઈએ વિનયી તેમ જ નમ્ર બનવું જોઈએ."

વિનયના આ ગુણને કારણે આચાર્યશ્રી પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ તેમ જ બીજા વડેરા મુનિઓની વખતોવખત સલાહ લેતા, એમનો વિનય જાળવતા અને વ્યવહાર પણ સાચવતા.

આ વિનયના લીધે એમનામાં સેવાભાવનો ગુણ ખૂબ ખીલ્યો હતો. માનવી ગમે એટલો મહાન હોય, પણ એની મહત્તાની પારાશીશી તો એની સાથેના નાના માનવો પ્રત્યેનો વર્તાવ જ છે. માનવી જેટલો મહાન બને તેટલો તેણે નાના માનવી પ્રત્યે ખ્યાલ રાખવો ઘટે. આને કારણે સેવાની લાગણી વિકાસ પામે. અંતેવાસીઓમાંથી કોઈ પણ માંદુ પડે કે તબિયત સહેજ પણ અસ્વસ્થ લાગે તો આચાર્યશ્રી તુરત દોડી જતા અને ખૂબ જ સમભાવથી એમની શુશ્રૂષા કરવા લાગી જતા. આવી હતી તેઓશ્રીની સેવાની મહાન ભાવના અને માનવી પ્રત્યેની લાગણી.

તીર્થયાત્રાઓ અને સંઘો

આચાર્યશ્રીએ લગભગ બધાં જ તીર્થોની યાત્રા કરી હતી. તેઓશ્રી કહેતા : " તીર્થસ્થાનમાં હોઈએ ત્યારે તે તે વિસ્તારોની પરિસ્થિતિ જાણવા મળે છે. આવા પ્રદેશમાં હોઈએ ત્યારે સ્વાભાવિક જ કર્મનો બંધ ઓછો થાય છે. અહીં અનુભવની સાથે જ્ઞાન મળે છે. તીર્થયાત્રા એ માત્ર મોજશોખની વસ્તુ નથી, પણ જીવનની જરૂરિયાત છે. આવાં તીર્થસ્થાનોને લીધે આપણો ધર્મ અને આપણી સંસ્કૃતિ જળવાઇ રહ્યાં છે." આચાર્યશ્રીએ શત્રુંજય, આબુ, રાણકપુર, ભોયણી, પાનસર, ભીલડીઆજી, પાટણ, કેશરીઆજી, ગાંભુ, કાંગડા, હસ્તિનાપુર, જેસલમેર વગેરે અનેક તીર્થોની યાત્રા કરી હતી. સાથે સાથે કેટલાંક તીર્થોના રક્ષણ અને ઉદ્ધાર માટે પ્રેરણાઓ પણ આપી હતી.

આચાર્યશ્રીની પ્રેરણાથી અનેક સંઘો નીકળ્યા હતા. સં૦ ૧૯૬૬માં રાધનપુરથી પાલિતાણાનો સંઘ નીકળ્યો હતો. એ જ વર્ષે વડોદરાથી ગાંભુનો સંઘ નીકળ્યો. સં૦ ૧૯૭૬માં આચાર્યશ્રી સાદડીથી કેસરીઆજીના સંઘમાં ગયા હતા. સં૦ ૧૯૮૯માં જેસલમેરનો સંઘ નીકળ્યો. આચાર્યશ્રીની પ્રેરણાથી સં૦ ૧૯૯૬માં હોશિયારપુરથી કાંગડાતીર્થનો સંઘ નીકળ્યો હતો. પ્રત્યેક સંઘમાં આચાર્યશ્રી ધર્મોપદેશ આપતા અને ધર્માનુષ્ઠાનો કરવા પ્રેરણા આપતા.

રૂઢિ સામેની જેહાદ

જે માનવીનું અંતિમ ધ્યેય મોક્ષ છે, જે આત્માની દૃષ્ટિ અમુક રીતે વિકાસ પામેલી છે એ માનવી કોઈપણ જાતના પૂર્વગ્રહોથી કે પક્ષપાતથી કામ કરે નહિ. કર્મ અને મોહની અકળ લીલાને જોતો વિકસિત આત્મા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો ખ્યાલ રાખી એ પ્રમાણે વર્તે છે. આવતી કાલનો ખ્યાલ રાખી ભૂતકાળની નકામી વસ્તુઓને તે ફગાવી દે છે. આવા માણસના જીવનને રૂઢિ-રિવાજો કુંઠિત કરી શકતા નથી. આવો માનવી જીવનના મૂળને પકડે છે. આથી કોઈ કોઈ વખત રૂઢ જનતાને આંચકો આપી જાય છે. નિર્ભેળ સત્યને ઉપાસતો માનવી કોઈ કોઈ વાર સામા માણસને કડવું લાગે એવું પણ કહી દે છે. આવો માનવી જૂના કે નવાનો એકાંત આગ્રહી કે વિરોધી નથી હોતો, પણ એ તો હમેશાં જૂના અને નવા વચ્ચેનાં સારભૂત તત્ત્વોનો સમન્વય કરી જીવનને વિકસાવે છે.

આચાર્યશ્રી આવા પ્રકારના માનવી હતા. આચાર્યશ્રીએ જોયું કે કેટલીક પ્રણાલિકાઓ, રૂઢિઓ માનવીને સાચો ધાર્મિક બનવામાં પ્રત્યવાય બની રહી છે ત્યારે તે પ્રણાલિકાઓ અને રૂઢિઓને ફગાવી દેવાની આચાર્યશ્રીએ હિંમત દાખવી. રૂઢિઓ અને રિવાજો તો બહારના ખોળિયા જેવાં છે, અંદરનો આત્મા એ મૂળ ધાર્મિક વસ્તુ છે. રૂઢિ-રિવાજોનું ખોળિયું જાળું બની આત્માના મૂળ સંસ્કારને સપડાવે છે. આચાર્યશ્રીએ અઠ્ઠાઈ નિમિત્તે રૂઢ થયેલા સામાજિક વ્યવહારને પડકાર્યો, રેશમી વસ્ત્રો અને વિલાયતી કેશર સામે જેહાદ કરી, અને અનેક સ્થળે કન્યાવિક્રય અને વરવિક્રય બંધ કરાવવા પ્રયત્ન કર્યો.

પરાણે ઠોકી બેસાડવાથી સમાજમાં સુધારો આવતો નથી એ વાત આચાર્યશ્રી બરાબર સમજતા. કન્યાવિક્રય અને વરવિક્રય સામે મારવાડમાં ચાલેલી લાંબી જેહાદથી એ પ્રથા ત્યાં નાબૂદ થઈ. આને કારણે તેઓશ્રી 'અજ્ઞાનતિમિરતરણી કલિકાલકલ્પતરુ'ના વિશેષણથી ઓળખાવા લાગ્યા. બ્રાહ્મણવાડામાં પોરવાડ સંમેલનમાં ત્રીસ હજાર માનવોની જંગી મેદની સમક્ષ પ્રવચન કરતાં આચાર્યશ્રીએ જણાવ્યું હતું કે : " સમાજમાં સુધારાઓ એવી રીતે દાખલ થવા જોઈએ કે જેથી કોઈને અપચો ન થાય. સુધારાઓ બળજબરીથી કોઈના માથે ઠોકી બેસાડાય નહિ. સુધારાનો અમલ એવી રીતે થવો જોઈએ કે જેથી સમાજનો ઘણોખરો વર્ગ તેનો સ્વીકાર કરે અને કાર્ય સરળ થઈ જાય." આચાર્યશ્રીએ આખા મારવાડમાં

જ્ઞાનપ્રચાર કરી ઠેર ઠેર પાઠશાળા, કન્યાશાળા, પુસ્તકાલય, નિશાળો, વિદ્યાલયો વગેરે માટે પ્રેરણા આપી.

સર્જકશક્તિ અને સરળ ભાષા

આચાર્યશ્રીમાં સર્જકશક્તિ અને કલ્પનાશક્તિ હતાં, પરંતુ સમાજસેવાના વિશાળ કાર્યમાં આ શક્તિને વિકસાવવાની એઓશ્રીને પૂરી તક ન મળી. આચાર્યશ્રીએ ઘણું લખ્યું છે. જો કે એમાં ઘણુંખરું પ્રાસંગિક છે, પ્રચારાત્મક છે, અને ચિરંજીવી ગણી શકાય તેવું મૌલિક સાહિત્ય પણ તેમાં ઘણું છે, જેનાંથી એમની સર્જકશક્તિનાં આપણને દર્શન થાય છે. આ શક્તિ આચાર્યશ્રીની બહુશ્રુતતા પુરવાર કરે છે. આચાર્યશ્રીએ પૂ૦ વિજયાનંદસૂરિજીનું જીવનચરિત્ર લખ્યું. 'વિશિષ્ટ નિર્ણય' તથા બીજાં પુસ્તકો એઓશ્રીએ ગુજરાનવાલામાં લખ્યાં, જેમાં એમણે અહિંસાનું સમર્થન કર્યું. વેદાદિક શાસ્ત્રો, ભાષ્યો, સૂત્રો વગેરેમાંથી હિંસાવિરોધી દલીલો રજૂ કરી. અનેક અઠવાડિક પત્રોમાં અને સામયિકોમાં પ્રસંગોપાત્ત આચાર્યશ્રીએ લેખો લખ્યા અને જૈન સાહિત્યની રચના માટે પ્રેરણા આપી. આચાર્યશ્રીનાં વ્યાખ્યાનો તેમ જ બીજાં સર્જનમાં કવિત્વના ચમકારા દેખાય છે. એઓશ્રીની ભાષા સરળ, બોધવાહી અને સુરેખ હતી. આચાર્યશ્રી ટૂંકા અને સચોટ, તર્કશીલ છતાં ઊર્મિથી ભરપૂર વાક્યો બોલતા. એમનાં કથિતવ્યમાં ઘણા ઉલ્લેખો આવતા. આથી સામાન્ય માનવી ઉપર તેની છાપ તરત જ પડી જતી.

નીડર અને સ્પષ્ટભાષી

જેણે કંચન અને કામિનીનો ત્યાગ કર્યો છે તેવા સાધુઓને દુનિયામાં કોઈનાથી બીવાનું હોતું નથી. ત્યાગી માનવી પોતાની અમૂલ્ય શક્તિને કારણે કોઈની શેહમાં આવતો નથી. જે માણસને કંઈ પણ ગુમાવવાનો ભય નથી, જે પોતાના નક્કી કરેલા અમુક કાર્યક્ષેત્રમાં જ માને છે તે માનવી સદાયે સિંહસમો નિર્ભય હોય છે. જેને સિદ્ધાંતોમાં તડજોડ ન કરવી હોય તેનામાં સ્વાભાવિક રીતે જ આ નિર્ભયતા જન્મે છે. જે માનવી નિસ્વાર્થી છે, પ્રામાણિક છે, જે દુનિયામાં સીધા રાહે ચાલવા માગે છે, જે નિઃસ્પૃહી છે અને જે ચંચળ વસ્તુઓ માટે ઝંખતો નથી તે માનવી સદાયે નીડર હોય છે.

'પંજાબ કેસરી' આચાર્યશ્રીની આ નીડરતા જાણીતી છે. એમનું બિરુદ પણ એ રીતે સાર્થ છે. ઉદેપુરમાં પ્રવચન વખતે કર્મનો સિદ્ધાંત સમજાવતા આચાર્યશ્રીએ એક દાખલો આપ્યો: "જુઓ, સામે બેઠેલા ઉદેપુરના મહારાજાને જુઓ. આ મહારાજાનું ઉપરનું અંગ કેટલું સુંદર છે! નીચેના અંગમાં પગે ખોડ છે. કર્મરાજાનો આ પ્રતાપ છે. કર્મરાજા કોઈને ય છોડતા નથી અને જો કોઈ એમ માનતું હોય કે કર્મવાદ મિથ્યા છે તો એ માનવી મૂર્ખાઓના સ્વર્ગમાં વસતો હોવો જોઈએ. જૈન ધર્મ કહે છે કે કર્મ એ જ સૌથી મોટી બળવાન વસ્તુ છે. સારું કર્મ કરે એ પુણ્યના બંધ બાંધે અને ખરાબકર્મી પાપના બંધ બાંધે."

આચાર્યશ્રી વ્યાખ્યાનોમાં ધનપતિઓને ખાસ ટકોર કરી કહેતા: "લક્ષ્મી ચંચળ છે. કોઈ દિવસ એ સીધી ટકવાની નથી. લક્ષ્મી વાપરે વધે છે. માટે એનો ત્યાગ કરી ભોગવવી જોઇએ....જો મોજશોખમાં જ લક્ષ્મીનો ઉપયોગ કરશો તો પુણ્યથી મેળવેલી લક્ષ્મી પાપકર્મ બાંધનારી થઈ જશે. ધનનો આ નિયમ સનાતન છે..." આચાર્યશ્રી આ રીતે નીડરતાથી ટકોર કરતા અને અસત્ય વસ્તુનો વિરોધ કરતા. રાજ્યો ધર્મમાં દખલ કરે તો એમને પણ સ્પષ્ટ કહી દેતા, અને રાજ્યનો વિરોધ કરવામાં પહેલ કરતા.

સમજાવવાની સરળ પદ્ધતિ

જૈનધર્મના આચાર્ય તરીકે તેઓશ્રી આગમો, વ્યાકરણ, સિદ્ધાંતો અને પ્રણાલિકા–પરંપરાથી વાકેફ હતા. જૈન ધર્મમાં વૈશિષ્ટ્ય શું છે એનો તેઓશ્રીને ખ્યાલ હતો. વ્યાખ્યાન દરમિયાન એમની તીવ્ર સ્મૃતિને કારણે શ્લોકો ઉપર શ્લોકો બોલ્યે જતા અને એનો અર્થ પણ સમજાવતા. વિરોધીઓના તર્કનો બુદ્ધિગમ્ય જવાબ આપવાની આચાર્યશ્રીની શક્તિ અજોડ હતી. એઓશ્રી બીજાની શક્તિની કદર કરી શકતા અને એને ઉત્તેજન આપતા, અને છતાં કદીયે તેઓશ્રીએ પોતાને ‘ વિદ્વાન ’ ગણવાનો દંભ કર્યો નથી અને કરાવ્યો પણ નથી. અનેકાંત જેવા ગહન વિષયને સમજાવવા તેઓ ઘરગથ્થુ દાખલા આપતા. તેઓ કહેતા : “ એક માણસ ભત્રીજાનો કાકો, ભાણેજનો મામો, ભાઈનો ભાઈ, બાપનો બેટો અને બેટાનો બાપ તથા બહેનનો ભાઈ છે. એક જ માણસ જુદા જુદા માણસની જુદા જુદા સંબંધોની અપેક્ષાએ વિવિધ રીતે ઓળખાય છે. આવી રીતે એક જ વસ્તુ દરેકની જુદી જુદી દૃષ્ટિએ જુદી જુદી સમજાય છે. કોઈ કહે તે બાપ છે અને બેટો નથી. એવો આગ્રહ કેમ રખાય? બેટાની અપેક્ષાએ તે બાપ છે અને બાપની અપેક્ષાએ તે બેટો છે. એ રીતે સત્યને સમજવા માટે સંબંધોની અપેક્ષા રહે છે. ”

શાસ્ત્રની વસ્તુ સમજાવવામાં આચાર્યશ્રી ઘણી વખત સાદાસીધા રૂપકનો ઉપયોગ કરતા અને તે પછી મૂળ વિષય પર જઈ એમાનું ચિંતન, એ ચિંતન પર વિવિધ આચાર્યોએ દર્શાવેલો અભિપ્રાય અને એમાંથી વિકસેલા જ્ઞાનનો અદ્યતન ખ્યાલ આપતા. આમ આચાર્યશ્રી એક વસ્તુને એના સ્વરૂપમાં રજૂ કરતા ત્યારે એ વિષયના મૂળથી માંડીને છેક અદ્યતન માહિતી મૂકી વિષયને રસિક બનાવતા. આનું પરિણામ એ આવતું કે આચાર્યશ્રી ધર્મના ગહન સિદ્ધાંતો અને ગહન વિષયો માનવીઓને સહેલાઈથી સમજાવી શકતા.

મૂર્તિપૂજાનો વિરોધ કરનારને તે પડકારતા અને કહેતા : “ પ્રત્યેક ધર્મમાં મૂર્તિપૂજા એક યા બીજા સ્વરૂપે છે જ. મૂર્તિઓ ભાવની પ્રતીક છે. વિવિધ સંસ્કૃતિઓ, વિવિધ સ્થળો વગેરેને લીધે ભાવનું પ્રતીક ભલે બદલાય પરંતુ માનવીના જીવનને ઉદાત્ત બનાવવા માટે પ્રતીક હોવું જોઈએ. આ પ્રતીક વિના કોઈને ન ચાલે. કોઈ છબીને માને, કોઈ ગ્રંથને માને. હિંદુઓ હરદ્વારની યાત્રાએ જાય. મુસલમાનો પાક થવા માટે મક્કાની હજે જાય. પારસીઓ અગિયારીમાં જાય. શીખો ગુરૂદ્વારામાં જાય. ઇસાઈઓ દેવળમાં જઈ પ્રાર્થના કરે. આમાં સૌ કોઈનો હેતુ જીવનને ધન્ય બનાવવાનો અને જીવનનો ભાર ઓછો કરવાનો છે. મૂર્તિપૂજામાં ન માનનારા નાસ્તિકો પણ પોતાના માતા-પિતાની છબીઓ પડાવે છે ને એને સારા સ્થળે રાખે છે. આ મૂર્તિપૂજા નથી તો છે શું? પ્રભુનું નામ અક્ષરોમાં લખાય એ પણ મૂર્તિપૂજાનો એક પ્રકાર છે. તો પછી એમની પ્રતિમા રાખીને આપણા હૃદયમાં પૂજ્યભાવ જાગ્રત કરીએ તો એમાં કશું ખોટું નથી.”

પ્રતિષ્ઠાઓ તથા ઉપધાન

ઉપધાન તથા પ્રતિષ્ઠા જેવાં અનુષ્ઠાનોના આચાર્યશ્રી પુરસ્કર્તા ન હતા તેમ કહેવું તદ્દન ખોટું છે. પરંતુ આ ક્રિયાઓના નામે જે પ્રદર્શનાત્મક બિનજરૂરી ખર્ચાઓ થાય છે અને સમાજ ઉપર એનો જે ભારે બોજો પડે છે એનો પોતે ચોક્કસ વિરોધ કરતા. આચાર્યશ્રીએ અનેક ગામોમાં પ્રભુની પ્રતિમાઓ વિરાજમાન કરી પ્રતિષ્ઠામહોત્સવો ઊજવ્યા હતા ને મંદિરો માટે ફંડફાળા કર્યા હતા. મુંબઈમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના દહેરાસરની પ્રતિષ્ઠા, જાડણમાં દહેરાસર, અંબાલામાં સં૦ ૧૯૭૯માં શ્રી શાંતિનાથ પ્રભુની પ્રતિષ્ઠા, સં૦ ૧૯૮૦માં આચાર્ય-પદ સ્વીકાર્યાં પછી શ્રી શાંતિનાથ પ્રભુની પ્રતિષ્ઠા,

સં૦ ૧૯૮૨માં બિનૌલીની પ્રતિષ્ઠા, બડૌતમાં પ્રતિષ્ઠા, સં૦ ૧૯૮૫માં કરચલીઆમાં શ્રી સંભવનાથ પ્રભુની પ્રતિષ્ઠા, પૂનામાં શ્રી સિદ્ધાચળજીનો પટ, આકોલા અને બીજેવામાં પ્રતિષ્ઠા, ડભોઈમાં શ્રી લોઢણ પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા, સં૦ ૧૯૯૩માં ખંભાતમાં પ્રભુજી અને ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા, સાઢેરામાં પ્રતિષ્ઠા, ખાન ડોગરામાં શ્રી શાંતિનાથ પ્રભુની પ્રતિષ્ઠા, સં૦ ૧૯૯૮માં કસુરમાં શ્રી આદીશ્વર પ્રભુની પ્રતિષ્ઠા, સં૦ ૨૦૦૦માં બિકાનેરમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ, તેમ જ શ્રીહેમચંદ્રાચાર્ય, શ્રીહીરવિજયસૂરિજી મહારાજ તથા ગુરુદેવની મૂર્તિઓની પ્રતિષ્ઠા, સં૦ ૨૦૦૨માં ગુજરાનવાલામાં પ્રતિષ્ઠા, સં૦ ૨૦૦૮માં વડોદરામાં પ્રતિષ્ઠા, મુંબઈમાં પ્રતિષ્ઠા વગેરે જાણીતું છે. આચાર્યશ્રીના ઉપદેશથી અનેક સ્થળોએ શાંતિસ્નાત્રો થયા છે, અનેક સ્થળોએ ઉપધાનાદિ ક્રિયાઓ થઈ છે.

આ ક્રિયાઓ અંગેના સામાજિક રિવાજોમાં સંઘના નિર્ણય અનુસાર આચાર્યશ્રી ફેરફાર કરાવતા અને અમુક ફેરફારો માટે આચાર્યશ્રી આગ્રહી રહેતા. વર્જ્ય રૂઢિઓને ફગાવવામાં જરા પણ ઢીલ તેઓશ્રી કરતા નહિ. સામાન્ય માનવીના મિત્ર, ચિંતક અને શુભેચ્છક બની સંઘને પ્રવૃત્તિ કરવાનો ઉપદેશ આપતા.

આચાર્યશ્રી ઇતિહાસ, ગણિત અને જ્યોતિષના સારા અભ્યાસી હતા. ઇતિહાસ-વિષેનું પરંપરાગત જ્ઞાન તેમના વ્યાખ્યાનોમાં હરદમ જોવા મળતું. આખો જૈન ઇતિહાસ તેઓશ્રીને મોઢે હતો. એઓશ્રીએ ઇતિહાસનાં અનેક પુસ્તકો વાંચેલાં અને આથી પ્રણાલિકાગત ઇતિહાસ ઉપર એઓશ્રીનું અપૂર્વ પ્રભુત્વ હતું. ગણિતશાસ્ત્રનું તેમનું જ્ઞાન પણ અદ્ભુત હતું. ભલભલા લાંબા ગુણાકાર તથા ભાગાકાર આંકડા લખ્યા વગર મોંએ કરી આપતા. જ્યોતિષમાં પણ તેઓશ્રીને સારો રસ હતો. મુહૂર્ત કાઢી આપવામાં તેઓ નિષ્ણાત હતા. એઓશ્રીનો યોગવિદ્યા પર સારો કાબૂ હતો. પ્રાણાયામ વગેરે આચાર્યશ્રી સારી રીતે કરતા. આચાર્યશ્રીએ ટાઢ-તડકો જોયા વિના પણ ધ્યાનને જીવનચર્યામાં સ્થાન આપ્યું હતું. ધ્યાનમાં મગ્ન થઈ નિજાનંદમાં મસ્ત બનતા.

મધ્યમ વર્ગને બચાવવાની જરૂર

જનતા સાથેના સીધા સંપર્કને લીધે સામાન્ય જનતાનાં સુખદુઃખો, ઇચ્છા-અનિચ્છાઓ, પૂર્વગ્રહો, પક્ષપાતો, મર્યાદાઓ, વિચિત્રતાઓ, ગુણો-દુર્ગુણો તથા નબળાઈઓ વગેરેથી આચાર્યશ્રી વાકેફ હતા. જૈન સમાજની નાડી આચાર્યશ્રીના હાથમાં હતી. એઓશ્રી કહેતા કે મધ્યમ વર્ગની ઘણીખરી નબળાઈઓ અનુકરણમાંથી આવે છે. દેખાદેખીના ખપ્પરમાં, સમાજની રૂઢિઓમાં એની બચત ખર્ચાઈ જતાં એ રહેંસાઈ રહ્યો છે અને અન્યનો દેવાદાર પણ બની રહ્યો છે. જો એ પોતાનાં કૃત્યો પરત્વે જાગ્રત ન હોય તો એ સમાજમાં આડે માર્ગે જાય છે અને આખરે સમાજને બોજારૂપ થઈ પડે છે. કરોડરજ્જુ સમાન ગણાતા મધ્યમ વર્ગની દિનપ્રતિદિન બગડતી પરિસ્થિતિનો આચાર્યશ્રીને ખ્યાલ હતો અને તેથી અવારનવાર વ્યાખ્યાનો દ્વારા ભારપૂર્વક તેઓશ્રી કહેતા કે મધ્યમ વર્ગ તૂટી જશે તો સમાજનો પાયો સ્થિર નહિ રહે. સમાજમાં અરાજકતા અને આંતર-વિગ્રહની ભૂમિકા રચાશે. આવતી કાલના રાજકીય–આર્થિક–સાંસ્કૃતિક પરિબળોએ સર્જાવેલ પ્રત્યાઘાતો જે સમાજ ન જીરવી શકે તે ભારે પછડાટ ખાશે.

જીવનના ત્રણ આદર્શો

શ્રમણ ભગવાન મહાવીરે જૈન સંઘનું પ્રરૂપેલું બંધારણ લોકશાહી છે એ આચાર્યશ્રી બરોબર સમજતા હતા. શ્રમણ ભગવાન મહાવીરે સત્ય અહિંસાનો આદર્શ રજૂ કરી સમાનતાની હિમાયત કરી હતી. કર્મવાદ અને સ્યાદ્વાદ રજૂ કરીને જૈન દર્શને અનેકોને નવી દૃષ્ટિએ વિચાર કરતા કરી મૂક્યા

હતા. પણ કાળના પરિબળોએ સર્જેલી સ્થિતિમાં ધર્મ સ્થાપિત હિતોનો પુરસ્કર્તા બની ગયો હતો. કાળનો પ્રભાવ વિચિત્ર રીતે પડ્યો હતો અને મધ્યમ વર્ગ અજાગ્રત હતો. સમાજના નેતાઓને સમાજના વ્યાપક પ્રશ્નોનો જોઈએ તેવો ખ્યાલ નહોતો અને ધર્મનો અર્થ બહુ સંકુચિત બની ગયો હતો સારાય સમાજમાં એ રીતે અજ્ઞાને જન્માવેલી અવદશા હતી. બધે જ માત્ર વણિકવૃત્તિ કામ કરતી હતી.

આવી પરિસ્થિતિમાં હવે ફેરફાર થયો. રાજકીય ક્ષેત્રે આવેલી નવજાગૃતિની સાથે ધર્મક્ષેત્રમાં વ્યાપક પ્રચાર કરવાનું શ્રેય આચાર્યશ્રીને ફાળે જાય છે. આચાર્યશ્રી સ્પષ્ટ કહેતા : **"મારા જીવનના ત્રણ મુખ્ય આદર્શો: આમાં પહેલું આત્મસન્યાસ, બીજું જ્ઞાન-પ્રચાર અને ત્રીજું શ્રાવક-શ્રાવિકાઓનો ઉત્કર્ષ."** આચાર્યશ્રીએ આ ત્રણ આદર્શોને માટે જીવનની પ્રત્યેક પળનો ઉપયોગ કરી જીવનને ધન્ય બનાવ્યું છે અને એક અનુપમ પ્રેરણાત્મક જીવનદર્શન જનતા સમક્ષ મૂક્યું છે. આચાર્યશ્રીનું જીવન-કવન સ્પષ્ટ રીતે ખ્યાલ આપે છે કે સતત આત્મજાગૃતિ સાથે જૈન નેતાઓ જો સમાજની સેવા માટે પ્રયત્નો કરે તો એ સંગીન કાર્ય કરી શકે અને સમાજને એમની પ્રવૃત્તિ લાભદાયી થાય! વળી જૈન શ્રમણો માત્ર પોતે માની લીધેલી અસાંસારિક બાબતોમાં જ જૈન સમાજને દોરે એ ન ચાલે. કારણ કે શ્રમણોનો એક મોટો ભાગ તો સમાજના એક ભાગ તરીકે જ જીવન વ્યતીત કરી આરાધના કરે છે. આ શ્રમણ–સમુદાય તત્કાલીન સમાજમાં જે પરિવર્તનો આવતાં હોય તેની અવજ્ઞા ન કરી શકે. આથી શ્રમણ–સમુદાયનું એ કર્તવ્ય બને છે કે જૈન ધર્મની ઉચ્ચ પ્રણાલિકા જાળવી સમાજના કલ્યાણ માટે પ્રયત્નો કરવા અને સમાજને ઉત્કર્ષના માર્ગે લઈ જવો. પ્રથમ ધર્મ કે પ્રથમ સમાજ એ પ્રશ્ન કેટલાંકને મૂંઝવે છે, પણ એ વસ્તુ સ્પષ્ટ છે કે બંનેને એક-બીજાના પૂરક તરીકે ગણીને શ્રમણે આગળ ધપવું જોઈએ તથા કાર્યક્ષેત્રમાં બંનેનો સમન્વય કરવો જોઈએ. એમ કરીને કાળના આવતા આક્રમણ સામે શ્રાવક-શ્રાવિકાઓનો બચાવ કરવો જોઈએ. આચાર્યશ્રીનું જીવન આપણને આવા સમાજકલ્યાણવાંછુ આદર્શ શ્રમણ તરીકેનો દાખલો પૂરો પાડે છે. એઓશ્રી કહેતા કે આત્મમંગળની આરાધના કરતાં શ્રમણે સમાજ પ્રત્યેની પોતાની ફરજ ભૂલવી ન જોઈએ. આચાર્યશ્રીએ પોતે પણ આ બાબત પોતાની આગવી જવાબદારી છે એમ સમજી એ વસ્તુને પોતાના જીવને ફલિત કરી છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો ખ્યાલ રાખી એઓશ્રી જીવન જીવી ગયા અને અનેકોને ઉપકારી થયા.

અનાદિ સંસારના ક્ષય માટે ભગવાન મહાવીરે જૈન ધર્મના અનેક સિદ્ધાંતોનું પ્રરૂપણ કર્યું છે; અનેકાંતવાદની હિમાયત કરી છે; સંઘની સ્થાપના કરી છે અને ભાવિક જીવોને માર્ગદર્શન આપ્યું છે. શ્રમણ ભગવાન મહાવીરના શાસનને અનેક સદીઓ વીતી ગઈ છે. જૈન ધર્મનું સ્વરૂપ એનું એ રહ્યું હોવા છતાં એની આજુબાજુનું સ્વરૂપ બદલાઈ ગયું છે. પ્રભુ મહાવીરે જે સંદેશો આપ્યો છે તે સાચો છે પણ એ સંદેશો જીરવવો એ નાનીસૂની વાત નથી. કાળના પ્રવાહની સામે જઈ નિજાનંદમાં મસ્ત બનવું અને સમાજને ઉચ્ચ માર્ગે દોરવો એ વસ્તુ વિરલ માનવો જ કરી શકે. આચાર્યશ્રી આવા એક વિરલ પુરુષ હતા.

જૈન ધર્મ અને વિજ્ઞાન

આચાર્યશ્રીના જીવન અને કવને બતાવ્યું છે કે ધર્મનું મૂળ નથી બદલાતું પણ એની આજુબાજુ ગૂંથાયેલી સમાજિક રૂઢિઓ અને રસમો બદલાય છે—બદલવી પડે છે. જૈન દર્શને સદીઓના ચિંતનથી જ્ઞાનોત્કર્ષમાં જે વિશિષ્ટ ફાળો આપ્યો છે તે હવે વૈજ્ઞાનિક રીતે સાબિત થવા માંડ્યો છે, એટલે કે વિજ્ઞાન પણ હવે જૈન સિદ્ધાંતોની વાતો કબૂલ રાખતું થયું છે. ભારતીય વૈજ્ઞાનિક સ્વ૦ જગદીશચંદ્ર બોઝે વનસ્પતિમાં જીવ છે એ સાબિત કર્યું અને આખું જગત આજે તે માનતું થયું છે. જૈન ધર્મે આ વાત

ઘણાં વર્ષોથી કહી છે. પશ્ચિમના ચિંતકો આપણા સ્વતંત્ર દર્શનને સ્વીકારતા થયા છે. જર્મન ચિંતક હેગલ આપણા જૈન દર્શનની નજીક આવે છે. સ્વ૦ પ્રા૦ આલ્બર્ટ આઈન્સ્ટાઈન એમના સાપેક્ષવાદના સિદ્ધાંતને લઈને જૈન સિદ્ધાંતની ઘણી નજીક આવે છે. 'મેટર' અને 'માઇન્ડ'ની વ્યાખ્યામાં અને વિશ્વના ઉદ્ભવ સંબંધી વિચારણામાં જૈન વ્યાખ્યાઓનો હવે વ્યાપક રીતે સ્વીકાર થઈ રહ્યો છે. વિજ્ઞાનની ચકાસણીમાં આપણો ધર્મ ટકી રહ્યો છે અને ટકી શકે એમ છે એ નક્કર સત્ય છે.

વિજ્ઞાન અને ધર્મ વચ્ચે મેળની જરૂર

આજના વિજ્ઞાને સમય અને સ્થળનું અંતર દૂર કર્યું છે. સમસ્ત વાતાવરણમાં આપણા અવાજનો પડઘો પડે છે એ વસ્તુ રેડીઓ જેવી શોધોએ પુરવાર કરી છે. આજના વિજ્ઞાને આસુરી કહી શકાય એવી વિનાશક શક્તિ પેદા કરી છે. આજના માનવી પાસે સાધનો છે, સંપત્તિ છે, જ્ઞાનના વિવિધ પ્રકારનો વિકાસ અને સિદ્ધિઓ છે. આજના યુગમાં માનસશાસ્ત્રજનિત વિજ્ઞાને માનવીના ચિંતન અને એ પરત્વેનું એનું વલણ બદલી નાખ્યાં છે. માનવીએ ભૌતિક પ્રગતિ કરી વિપુલતા પ્રાપ્ત કરી છે પણ આજના દાર્શનિકો અને તત્ત્વજ્ઞોને લાગે છે કે આ ભૌતિક પ્રગતિના મુકાબલે માનવી આધ્યાત્મિક અને નૈતિક જીવનમાં કંઈ જોજનો દૂર પાછળ રહી ગયો છે. આમ આજના અપરિમિત જ્ઞાનવિજ્ઞાનની અનેક શોધો છતાં માનવી હજી કેટલીય બાબતમાં પાછળ છે—અજ્ઞ છે.

વિજ્ઞાન એક તરફ આગળ વધી રહેલ છે, જ્યારે બીજી તરફ આપણા વિનાશનું કારણ બની રહેલ છે. આથી વિજ્ઞાન ઉપર અંકુશ મૂકવો જરૂરી બની રહેલ છે. આ લગામ જો નહિ આવે તો માનવીના વિનાશની એક નવી તવારીખ રચાશે. અણુબૉમ્બ અને બીજી શોધોએ યુદ્ધનું આખું શાસ્ત્ર બદલી નાખી આજના જીવનમાં અનેક કોયડાઓ પેદા કર્યા છે.

વિજ્ઞાનની શોધોને પરિણામે આજે સંકુચિત ભાવનાઓને ક્યાંયે સ્થાન રહ્યું નથી. માનવીની દૃષ્ટિને વિકસાવે એવું ઘણું ઘણું આ ભૌતિક દુનિયામાં બની રહ્યું છે. ભૌતિક દુનિયાનો વિકાસ અને આધ્યાત્મિક નૈતિક જીવનની પીછેહઠ આ બંને કારણોને લઈ આજની જીવન-વીણા વિસંવાદી સૂરો વહાવી રહી છે. સમષ્ટિના સંઘર્ષમાં પણ આ જ બે કારણો છે. પરિણામે નિષ્ફળતા અને નિરાશાના ઘોર વાદળો ચારે બાજુ ઝળુંબી રહ્યાં છે. વિજ્ઞાને જન્માવેલી લાગણી અને ધર્મભાવના વચ્ચે મેળ સાધવાની ખાસ જરૂર છે. આ કાર્ય ધર્મગુરુઓ જેટલું બીજું કોઈ ન કરી શકે. આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિજી આ રીતે આપણી ઘણી સેવા બજાવી ગયા.

આદર્શ ગુરુ

આજના યુગને પ્રતિકૂળ થવાથી—યુગની પ્રવૃત્તિઓથી નિર્લેપ થવાથી આપણે સાચું જીવન જીવી શકવાના નથી. એમ કરવા જતાં આપણી તાકાત જ તૂટી જશે. એથી આજના યુગને સમજીને આપણે પ્રવૃત્તિ કરવાની છે. કોઈનું યે અમંગળ ઇચ્છ્યા વિના, સદાયે જાગ્રત રહી, આત્મકલ્યાણ સાધવાનું છે. આ આત્મકલ્યાણ આપણે આપણી રીતે કરવાનું છે. એ માટે આપણને સદ્ગુરુની જરૂર છે. આજના યુગમાં આ સદ્ગુરુ કેવા હોઈ શકે એનો દાખલો આચાર્યશ્રીએ આપણી સમક્ષ મૂક્યો છે. એમની અનેકવિધ સમાજોપયોગી પ્રવૃત્તિનું ઉદાહરણ આપણી સમક્ષ છે. એઓશ્રીએ આપણને આપણી ફરજનું ભાન કરાવ્યું છે. યુગવીર–યુગદ્રષ્ટા આચાર્ય તરીકેનું એઓશ્રીનું સ્થાન અનન્ય છે. પરિવર્તનશીલ સંસારમાં સમાજ તેમ જ ધર્મને નજરમાં રાખી ધર્મમય પ્રવૃત્તિ કેવી રીતે કરી શકાય એનો અનુપમ દાખલો આચાર્યશ્રી આપણી સમક્ષ મૂકી ગયા છે. એમનો વારસો આપણે જીરવવાનો છે. આપણે આપણી

સમક્ષ મહાપુરુષોનાં જીવન અને કાર્યનો દાખલો રાખીએ તો આપણને જીવન જીવવાની પ્રેરણા મળે, અને આપણે આપણું જીવન ધન્ય બનાવી શકીએ. આમ કરીને જ આપણે આપણા ધ્યેયની દિશામાં આગળ ધપી શકીએ. મહાપુરુષોનાં જીવન તો માત્ર પ્રેરણા આપે પણ આપણે જ જીવનમાં તે ઉતારવા પ્રયત્ન કરીએ અને સદાએ જાગ્રત બનીએ તો આપણે પણ 'પુરુષોત્તમ' બની શકીએ. આચાર્યશ્રીના જીવનમાંથી આપણને આ પ્રેરક સંદેશ મળે છે. આ રીતે એઓશ્રી ખરેખર એક આદર્શ ગુરુ હતા.

ઉપસંહાર

આચાર્યશ્રીના જીવન અને વ્યક્તિત્વ પ્રતિ આપણે એક ટૂંકો દૃષ્ટિપાત કર્યો. શરૂઆતમાં જ કહ્યું તેમ કોઈ મહાન વ્યક્તિને પૂર્ણ રીતે સમજવી મુશ્કેલ છે; તેના અંતરમાં વહી રહેલા ગહન પ્રવાહોને પામવા કઠિન છે; તેમ છતાં આપણે જેટલે અંશે અને જેટલી રીતે તેને સમજી શકીએ તેટલું આપણું સદ્‌ભાગ્ય. મહાન પુરુષો પોતાની જાતને કદી અસાધારણ કે અસામાન્ય ગણાવતા નથી. તેઓ તો પોકારી પોકારીને કહેતા હોય છે કે 'તમે અમને સમજવા પ્રયત્ન કરો, અમારી વાતો આચરણમાં મૂકો અને તમે પણ અમારા જેવી પ્રગતિ સાધી શકશો.'

"Lives of great men all remind us
We can make our lives sublime!"

આચાર્યશ્રીનું વ્યક્તિત્વ વિવિધ પ્રકારનું હતું. પોતાની આગવી પ્રતિભા અને શક્તિ વડે તેમણે પોતાનો તેમ જ સમષ્ટિનો વિકાસ સાધવા જીવનભર સતત પ્રયત્ન કર્યો. જ્યાં અન્યાય જોયો ત્યાં ન્યાયની સ્થાપના માટે મથ્યા; જ્યાં અનિચ્છનીય માન્યતાઓ, રૂઢિઓ અને વહેમો નિહાળ્યાં ત્યાં સત્યનું મંડાણ કર્યું. નિરક્ષર સમાજને શિક્ષિત બનાવવા વિદ્યામંદિરો સ્થાપ્યાં, અજ્ઞાનને દૂર કરવા જ્ઞાન અને બુદ્ધિયુક્ત પ્રવચનો કર્યાં, સમાજની પરિસ્થિતિને પૂર્ણ રીતે સમજવા શહેરેશહેર અને ગામોગામ ભમ્યા. જીવનની અનેક લીલીસૂકી અનુભવી અને પરિણામે તેમની દૃષ્ટિ અતિ વિશાળ બની, તેમની દૃષ્ટિમાં દિવ્ય તેજ આવ્યું અને અંગેઅંગ નૂતન સૌરભથી મહેકી રહ્યું. તેમનાં આ તેજ અને સૌરભને આપણે ઝીલી શકીએ તો તેમને યોગ્ય તેમ જ સાચી અંજલિ અર્પી ગણાશે અને તેમની દૃષ્ટિને પામી શકીશું અને તો જ આપણે સાચી ભક્તિ વ્યક્ત કરી લેખાશે.

આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિજીનું જીવન-કવન રજૂ કરતાં જાણતાં-અજાણતાં આચાર્યશ્રીનું મંતવ્ય ખોટી રીતે રજૂ થઈ ગયું હોય અથવા ક્યાંય ઉત્સૂત્રની પ્રરૂપણા થઈ ગઈ હોય તો તે અંગે **मिच्छामि दुक्कडं !**

અને પ્રાંતે—

ગુરુ–આત્માપાલક, ગુરુની અંતિમ ભાવનાને મૂર્ત સ્વરૂપ આપનાર, ગુરુના પુનિત પગલે ચાલનાર આચાર્યશ્રીએ સ્વર્ગીય ગુરુની અંતિમ ભાવના પૂર્ણ કરી. ધન્ય છે આવા ધર્મ અને સમાજનો સમોત્કર્ષ ઇચ્છનાર વીરવ્રતધારીને!

ॐ शांतिः शांतिः शांतिः !
शिवमस्तु सर्वजगतः ! !

સાધુસંસ્થાના કીર્તિ કળશ

આચાર્યશ્રી ઉમંગસૂરિજી

સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે આધુનિક યુગ એ એક પડતો કાળ છે; અને તે માટે 'કળિકાળ' જેવો ઘણાદર્શક શબ્દ વાપરવામાં આવે છે. હાલના કહેવાતા સુધરેલા લોકો પર એક મોટો આક્ષેપ મૂકવામાં આવે છે કે તેઓ ધર્મહીન, શ્રદ્ધાહીન અને નાસ્તિક બનતા જાય છે. જ્યારે બીજી બાજુ એક એવો વિશાળ વર્ગ છે જે માને છે કે તેઓએ અપૂર્વ પ્રગતિ સાધી છે, જગત પ્રતિ વૈજ્ઞાનિક રીતે જોવાની નૂતન દૃષ્ટિ કેળવી છે અને દુનિયાને નવાં સત્યોનું દિવ્ય દર્શન કરાવ્યું છે. આમાંથી કોણ સાચું તે નક્કી કરવું મુશ્કેલ છે; પણ એટલું તો અવશ્ય ધ્યાનમાં રાખવાની જરૂર છે કે બન્ને વર્ગોમાં કોઈ સંપૂર્ણ સાચું કે સંપૂર્ણ ખોટું નથી. બન્નેની દૃષ્ટિમાં એક યા બીજા પ્રકારે અમુક સત્ય રહેલાં છે અને તેથી બન્નેના સુભગ સમન્વયમાં જ માનવતું હિત સમાયું છે.

આ વાત જગતમાં પ્રવર્તી રહેલા દરેક ધર્મ, દેશ અને સમાજને લાગુ પડે છે. જૈનધર્મનો પણ એ દૃષ્ટિએ વિચાર કરવો જોઈએ. પડતા જતા આ કાળમાં ધર્મને ટકાવી રાખનાર મહત્ત્વનાં ત્રણ બળો છેઃ જિનાગમ, જિનબિંબ અને સાધુસંસ્થા. હાલની વૈજ્ઞાનિક પ્રગતિ જોઈને અત્યંત અંજાઈ જવાની જરૂર નથી. ધર્મના ઘણાખરા મહત્ત્વના સિદ્ધાન્તોનો વૈજ્ઞાનિક દૃષ્ટિએ જ વિચાર કરવામાં આવ્યો છે એ ભૂલવા જેવું નથી. ઉપર્યુક્ત ત્રણ બળોને ઉવેખ્યા વિના તેના પર ઊંડો વિચાર કરવાથી ઘણું જ્ઞાન મળી શકે એમ છે; અને તેમાં યે ખાસ કરીને સાધુસંસ્થાને સમજવાનો પ્રયત્ન વધુ આવશ્યક છે.

સાધુસંસ્થા મોટે ભાગે સમાજને હમેશાં ઉપકારક નીવડી છે. તેણે સમાજનું ધોરણ જાળવી રાખ્યું છે, સમાજને સાચો પંથ ચીંધ્યો છે અને આમસમાજ પર એક પ્રબળ અસર પાડી છે. આપણી સાધુસંસ્થા જેટલી વિરક્ત, ચારિત્રમય અને પુનિત હશે તેટલી તે વધુ સબળ અને અસરકારક નીવડશે. એટલે આપણે કહી શકીએ કે સાધુસંસ્થાની ઉન્નતિમાં સમાજની ઉન્નતિ સમાયેલી છે.

જૈન સાધુસંસ્થાનો ક્રમિક વિકાસ નિહાળતાં આપણું હૃદય પુલકિત બને છે. જૈન સાધુ-સંસ્થાએ આજ સુધી પોતાની જે પ્રતિષ્ઠા જાળવી રાખી છે તે જોતાં કહેવું જોઈએ કે તેની કીર્તિ કદી ઝાંખી નહિ પડે; તેની દીપ્તિ નિતનિત બઢતી જ રહેશે.

શ્રી મહાવીર ભગવાનથી માંડી ૭૪મી પાટ પર વિરાજમાન થયેલ આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરીશ્વરજી સુધીની ક્રમિક વિકાસ સાધતી સાધુ સંસ્થા નોંધપાત્ર છે. શ્રી મહાવીર ભગવાન પછી તેમના પટ્ટધર શ્રી સુધર્માસ્વામી ગણધર થયા, ત્યારપછી ૬૧મી પાટ ઉપર શ્રી વિજયસિંહસૂરિ મહારાજ થયા અને ૬૨મી પાટ ઉપર પં૦ શ્રી સત્યવિજયજી ગણિમહારાજ થયા. તે પછીના ત્રણ સાધુ આચાર્યોની નોંધ પણ છે. ૭૨મી પાટ ઉપર બિરાજેલ શ્રી બુદ્ધિવિજયજી (બુટેરાયજી), ૭૩મી પાટ પર આવેલ શ્રી વિજયાનંદસૂરિજી (પૂ૦ આત્મારામજી) અને છેલ્લા ૭૪મી પાટને શોભાવનાર શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી.

આપણા સમકાલીન શ્રીવિજયવલ્લભસૂરિજીએ આધુનિક જૈન સમાજ પર એક પ્રબળ અસર કરી છે એ નિઃશંક છે. તેઓ સાચા અર્થમાં સાધુ હતા. પોતાની નિશ્ચિત સાધનાના અઠંગ ઉપાસક હતા. તેમની પાસે પોતાની આગવી દૃષ્ટિ અને શક્તિ હતાં. તેમના દૃઢ ચારિત્ર્યમાં

અપૂર્વ અલૌકિકતા અને દિવ્ય તેજસ્વિતા હતાં. આ બધાંના પરિણામે તેઓ સરસ્વતીદેવીના સાચા ભક્ત બન્યા; અને એ દેવીને વ્યક્ત કરવા તેમની વાણીએ નૂતન દિવ્યતા ધારણ કરી. તમના શબ્દેશબ્દે અમીની ધાર વછૂટવા માંડી. તેમનાં વાક્યેવાક્યે જ્ઞાનની છોળ ઊછળવા લાગી. આ નવીન શૈલીએ તેમના ભાવિકો પર ધારી અસર નિપજાવી. જે વિષયનું તેઓ પ્રતિપાદન કરતા તેનું પૂરેપૂરું ધ્યાન આપતી વખતે સામી વ્યક્તિના પ્રશ્નોનો એવો સચોટ જવાબ આપતા કે તે વ્યક્તિ હંમેશાં પોતાને સાનુકૂળ બની જતી. વાદવિવાદ વખતે તેઓ કદી પોતાના મનની સ્વસ્થતા કે શાંતિ ન ગુમાવતા. શાસ્ત્રાર્થ કરતી વખતે ધૈર્ય અને ગાંભીર્ય એ એમના મૂળભૂત ગુણો હતા અને આથી જ જૈનશાસનને પ્રતિષ્ઠિત કરવામાં તેમણે અમૂલ્ય સાફલ્ય પ્રાપ્ત કર્યું.

તેઓએ સમાજહિતનાં એવાં પ્રશંસનીય કાર્યો કર્યાં કે જેથી તેઓ ભિન્ન ભિન્ન બિરુદોને પાત્ર બન્યા. પંજાબમાં સાધેલી પ્રગતિએ તેમને ' પંજાબ-કેસરી ' બનાવ્યા. અજ્ઞાનરૂપી અંધકારને કેળવણી દ્વારા નષ્ટ કરવામાં સૂર્ય સમાન હોવાથી ' અજ્ઞાનતિમિરતરણી ' કહેવાયા. કળિકાળમાં ભવ્ય જીવોના પ્રેરક અને માર્ગદર્શક હોવાથી ' કળિકાળ-કલ્પતરુ ' બન્યા. આધુનિક યુગમાં વીર સમાન હોવાથી ' યુગવીર ' તરીકે સંબોધાયા.

સામાજિક પ્રવૃત્તિઓની સાથે સાથે તેઓએ ધાર્મિક પ્રવૃત્તિઓને પણ ઉચિત રીતે મૂર્તિમંત બનાવી. પંજાબ, ગુજરાત, મારવાડ આદિ પ્રદેશોમાં જિનમંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો; કેટલાંક શહેરોમાં અંજનશલાકાઓના મહોત્સવો ઊજવાયા, અનેક સ્થળોએ ગુરુમૂર્તિઓનાં ગુરુમંદિર તથા સમાધિમંદિર ઊભાં કરી પાદુકાઓની સ્થાપના કરી, ધાર્મિક અને અન્ય પ્રકારની કેળવણી અર્થે અનેક સંસ્થાઓ ઊભી કરી. કન્યાશાળાઓ, પૌષધશાળાઓ, ગુરુકુળો, જ્ઞાનમંદિરો, વાચનાલયો વગેરેના વિકાસ અર્થે તેઓએ સમગ્ર જીવનને ખર્ચી નાખ્યું. સાધર્મિક ફંડો અને કેળવણી ફંડો એકત્રિત કરવા માટે તેઓએ અપાર જહેમત ઉઠાવી.

આ બધી પ્રવૃત્તિઓ ઉપરાંત તેમણે ધાર્મિક સાહિત્યની પણ કીમતી સેવા કરી છે. તેમનામાં આંતરિક કવિશક્તિ હતી. 'પંચતીર્થની પૂજા', 'પંચપરમેષ્ઠીપૂજા', 'બ્રહ્મચર્યવ્રત' વગેરે ૧૯ પૂજાઓની રચના તેમની કવિત્વશક્તિનો નિર્દેશ કરે છે. 'ભીમજ્ઞાન દ્વાત્રિંશિકા', 'જૈન ભાનુ', 'ગવ્ય દીપિકા' જેવા ગ્રંથો એમના વિશાળ જ્ઞાનની ઝાંખી કરાવે છે. તેમનાં સ્તવનો, સઝ્ઝાયો, સ્તુતિઓ તેમના ભક્તિસાહિત્યનું દર્શન કરાવે છે. આ બધા સાહિત્યનો ઊંડો અભ્યાસ કરીએ તો જ એમની અપૂર્વ શક્તિનો ખ્યાલ આવી શકે.

પોતાના જીવનસંદેશને પહોંચાડવા તેઓ ગામેગામ, શહેરેશહેર ફર્યા. અનેક તીર્થોની ભાવપૂર્વક યાત્રા કરી. જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં તેમની વાણીરૂપી સૌરભ મહેકી ઊઠી, તેમના જ્ઞાનરૂપી પ્રકાશથી સર્વ સ્થળ ઝળહળી ઊઠ્યાં. તીર્થાધિરાજ શત્રુંજય, ગિરનાર, આબુ આદિ સ્થળોની યાત્રા અર્થે સંઘો યોજ્યા. જ્યાં જ્યાં તેમનું આગમન થયું ત્યાં ત્યાં અપૂર્વ સ્વાગત થયું. તેમણે સત્ય, અહિંસા, દાન અને દયા એવા અનેક વિષયો પર જ્ઞાનયુક્ત પ્રવચનો કર્યાં, જેની સમાજ પર તેની ઊંડી અસર પડી. અનેક સ્થળોએ હિંસાત્મક કાર્ય બંધ પડ્યાં. જૂના વહેમો અને રૂઢિઓ સામે તેમણે જેહાદ ઉઠાવી. સમાજનું નવનિર્માણ કરવા સતત ઝંખના કરી. આમ તેમણે સાધુસંસ્થાને દિપાવવા ઉપરાંત સમાજની પણ અલૌકિક પ્રગતિ સાધી. તેઓ જાણતા હતા કે સાધુસંસ્થા આખરે તો સમાજનું જ ફરજંદ છે, સમાજની પ્રગતિ થશે તો તેમાંથી જ સાધુરત્નો પાકશે. આમ સમગ્ર સાધુસંસ્થાને સમાજનાં નવનિર્માણનાં કાર્યો ચીંધી તેમણે નૂતન દૃષ્ટિ અર્પી છે; માટે જ તેમને સાધુસંસ્થાના કીર્તિકળશ કહીએ તો જરા ય અતિશયોક્તિ નથી.

યુગદ્રષ્ટા આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરીશ્વરજીના હસ્તાક્ષર

દાનવીર સેઠ દેવકરણ મૂલજી
ભેગા ધર્મલાલજી સાથે માલમ
થાય જે ગઈ કાલે અમારી સાથે
તમારી જે વાત થઈ હતી તે
મુજબ અને અમુક વિશ્વાસુ
આદમીની સાથે થયેલી વાત
ચિત મુજબ અમારો વિચાર
નીચે મુજબ જણાય છે.
હોસ્પીટલની વાત ઘણી મોટી
અને અશક્ય જેવી અમને
લાગે છે તો એના બદલામાં
હોસ્પીટલની જલદી જરૂરત
ન પડે એવી રીતે આપના
સાધર્મિ ભાઈઓની તંદુરસ્તી

૨

ને માટે ખાસ સગવડ
મોટા પાયા ઉપર થાય તો
વધારે સારૂ બનવા જોગ છે
અને આ કામ જૈન સમાજ
માં આજ સુધી થયું નથી
આપનું નામ પ્રથમ નંબરે
આવશે અને હમેશાંને
માટે કાયમ રહેશે માટે
ઘણાં નાનાં નાનાં કામો
કરવા કરતાં એક જ મોટું
અને સંગીન કામ થાય તો

3

કાંઈ પણ કર્યું કહેવાય
આ બાબત પ્રથમ પણ કઈ
વખતે પત્રોમાં તમને
જણાવેલ યાદ હશે -
એ ઉપરાંત શ્રી મહાવીર જૈન
વિદ્યાલયમાં આપનું અમર
નામ અમદાવાદ વાળા
વાડીલાલ સારાભાઈની
માફક થવાની જરૂરત છે
એ આપ પોતે જાણો છો
કારણ કે પ્રથમ થી આપે જ

૪

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનું
કામ માથે લીધેલું છે -
આ બે કામ ખરાં આપની
જીંદગીમાં લાહો લેવાનાં
સમજવામાં આવે છે તો
આશા છે આપ જરૂર ઉદાર
તા દાખવી વિચારી એક
મક્કમપણું જણાવશો - મોતી
ચંદભાઈ આવશે ત્યારે
બની શકશે તો હું પણ આવી
શ હાલ એ જ — દ. વલ્લભવિ૦
નાધર્મલાભ
તા. ૭-૬-૨૮

આ પત્રની મૂળ નકલ શેઠશ્રી દેવકરણ મૂળજી ટ્રસ્ટના એકઝીકયુટર શ્રી ગોકળદાસ મૂળજી સંઘવી પાસે છે.

वल्लभवाणी *

અનેકાંતવાદ

હિંદુસ્તાનમાં ત્રણ મુખ્ય દર્શનો—બૌદ્ધ, જૈન અને વેદ. કાલાનુક્રમની દૃષ્ટિએ વિચારતાં તેમના વિભાગ પડી શકે. છતાં તે વિવાદાસ્પદ છે. આથી આ ત્રણેમાં પ્રથમ કયું એ પ્રશ્નનો ઉત્તર મુશ્કેલ છે.

સર્વ પદાર્થો એકાંતે નિત્ય નથી, તેમ જ એકાંતે અનિત્ય પણ નથી. વેદ સર્વ વસ્તુને એકાંતે નિત્ય માને છે. બૌદ્ધદર્શન દરેક ચીજને એકાંતે અનિત્ય ઠરાવે છે. આમ વેદ નિત્યને માને અને બૌદ્ધ અનિત્યને—ક્ષણિકને—માને. સાદી ભાષામાં કહેવું હોય તો એમ કહેવાય કે વસ્તુ જે પ્રમાણે છે તે જ પ્રમાણે રહે છે એવું વેદનું માનવું છે—વસ્તુ જે હાલતમાં, જે સ્વરૂપમાં છે તે જ હાલતમાં અને તે જ સ્વરૂપ સદૈવ ટકી રહે છે એવી વેદની માન્યતા છે. જે વસ્તુ એકરૂપ રહે તે નિત્ય. બૌદ્ધદર્શન બરાબર આનાથી ઊલટું જ કહે છે. વસ્તુ ક્ષણિક છે. હરપળે એનું સ્વરૂપ બદલાય છે. એકરૂપ વસ્તુ રહી શકે જ નહિ. અને આવી વસ્તુને અનિત્ય કહેવાય. એક જ વસ્તુને વેદાંતી એકાંતે નિત્ય માને અને બૌદ્ધ-દાર્શનિક અનિત્ય માને.

જૈનદર્શન આ બંનેની લડાઈ શાંત કરનાર દર્શન છે. જૈનદર્શનનો સિદ્ધાંત અગાધ—અતાગ છે. સંદેહને એ પોતાના મનોપ્રદેશમાં કદી પ્રવેશવા દેતો નથી. શંકાનું તે તરત જ નિરસન કરે છે. શંકાનું નિધન એટલે સ્યાદ્‌વાદ એમ કહેવું હોય તો કહી શકાય ખરું. જૈનદર્શન માને છે કે વસ્તુ એકરૂપે ન રહે. સમયે સમયે તેની અવસ્થા બદલાય. નહોતું તો આવ્યું ક્યાંથી? હતું તે ગયું ક્યાં? આમ જૈનોનો મત સ્યાદ્‌વાદ, અનેકાંતવાદ છે—એકાન્તવાદ નહિ. જૈનો વસ્તુને સદા નિત્ય કે એકાંતે અનિત્ય માનતા નથી.

સ્યાદ્‌વાદને અપેક્ષાવાદ પણ કહે છે. એક અપેક્ષાએ વસ્તુ સત્ય ઠરે, તો અન્ય અપેક્ષાએ વસ્તુ અસત્ય પણ ઠરે. જે એકનો ગુરુ છે, તે બીજાનો ચેલો છે. જે એકનો પિતા છે તે જ બીજાનો પુત્ર છે. આમ વસ્તુની સત્યાસત્યતા સમજવા વસ્તુના અંતરંગ અને બહિર્ સંબંધો સમજવાની અપેક્ષા રહે છે.

બૌદ્ધદર્શનનો વિચાર કરીએ. આ દર્શનની માન્યતા પ્રમાણે વસ્તુનો સમયે સમયે નાશ થાય. અર્થાત્ કોઈ પણ વસ્તુ બીજા જ સમયે સ્વરૂપ બદલે. પહેલા સમયે હતી તે બીજા સમયે નથી રહેતી. આ માન્યતામાં રહેલી અપૂર્ણતાનો તરત જ ખ્યાલ આવી જાય છે. આ માન્યતા પ્રમાણે ઉધાર આપનાર અને ઉધાર લેનાર બંને બીજા સમયે નાશ પામે. ઉધાર આપનારનું સ્વરૂપ બદલાઈ ગયું; ઉધાર લેનારનું સ્વરૂપ બદલાઈ ગયું. તો પછી રકમની લેણદેણી કરશે કોણ? આ દર્શનની અપેક્ષાએ તો બંને મરી ગયા.

પરંતુ અપેક્ષાએ વેદ અને બૌદ્ધદર્શન—બંને સાચાં. એક અપેક્ષાથી નિત્યતા પ્રરૂપી શકાય અને બીજી જ અપેક્ષાથી અનિત્યતા પણ દર્શાવી શકાય. સમયે સમયે વસ્તુનું બદલાવું તે તેની અવસ્થા—દશા કે હાલત અથવા પર્યાય. મૂળ વસ્તુ કાયમ રહે તે દ્રવ્ય. મૂળ વસ્તુમાં કોઈ ફેરફાર થતા નથી, અને તેથી તે નિત્ય છે. તેના સ્વરૂપમાં, અવસ્થામાં, હાલતમાં, દશામાં કે પર્યાયમાં સમયે સમયે ફેરફાર થાય છે તેથી તે અનિત્ય. આમ દ્રવ્યથી દરેક પદાર્થ નિત્ય અને પર્યાયથી દરેક પદાર્થ અનિત્ય ઠરે છે.

---

* આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિએ જુદા જુદા સ્થળે કરેલ વ્યાખ્યાનોમાંથી તારવેલ સામગ્રી.

આજે એક બાળક જન્મ્યો. તે દશ વર્ષનો થયો. યુવાન થયો અને પરણ્યો. અંતે ઘરડો થયો અને મરી ગયો. જે બચ્ચું જન્મ્યું તે જ બાળક થયો. તે જ યુવાન વયે પરણ્યો અને તે જ ઘરડો થઈ મૃત્યુ પામ્યો. પરંતુ બીજો કોઈ નહિ. એક હાલતમાંથી બીજી હાલતમાં, બીજીમાંથી ત્રીજી હાલતમાં અને...... પણ વ્યક્તિ તો તેની તે જ છે. બાળક જન્મ્યો તેનો તે જ. તે જ મૂળ દ્રવ્ય. તેની અવસ્થાઓ તે પર્યાય. જો બાળકનો નાશ માનીએ તો મોટું કોણ થયું? આમ દ્રવ્યથી દરેક પદાર્થ નિત્ય અને પર્યાયથી દરેક પદાર્થ અનિત્ય છે.

વસ્તુ મૂળે એક. માત્ર અવસ્થા બદલાય. ઉત્પન્ન થવું, નાશ પામવું અને કાયમ રહેવું એ ત્રણ ધારા છે. ભગવંત ગણધરને જ્યારે પ્રથમ શિક્ષા આપે છે ત્યારે આ ત્રણ પદ સમજાવે છે: ‘ પહેલું પદ ઉત્પન્ન થાય છે. બીજું પદ નાશ પામે છે. ત્રીજું પદ કાયમ રહે છે.’ રાસભને શિંગડું અને વંધ્યાને પુત્ર ઉત્પન્ન થતાં નથી તેમ જ નાશ પણ પામતાં નથી. એવી જ રીતે, કાયમ પણ રહેતાં નથી. વસ્તુની નવી નવી હાલત ક્ષણે ક્ષણે પ્રગટ થવી અને દર ક્ષણે પૂર્વક્ષણની સ્થિતિ પ્રણષ્ટ થવી, તેમ છતાં મૂળમાં વસ્તુ એની એ જ રહેવી એનું નામ જ અનેકાંતવાદ. એ રીતે દરેક વસ્તુનું યથાર્થ દર્શન કરવું તે અનેકાંતદષ્ટિ. જ્યાં શંકાને સ્થાન નથી એનું નામ જ સ્યાદ્વાદ. આમ સ્યાદ્વાદને પ્રરૂપતું જૈનદર્શન મહદંશે પૂર્ણ છે.

કામ, કામ અને કામ

આપણા સમાજમાં કામ કરવાની આળસ એ એક મોટામાં મોટી ખામી છે. કામ બધાયે કરવાનું છે. ‘ બીજાં કામ કરે છે ’ એમ વિચારી આળસુ ન બનો, બધા કામ કરવા કટિબદ્ધ બનો. ફુરસદ નથી એમ ન કહો. નવરાશ તો મર્યા પહેલાં આવવાની નથી. જીવન સુધી કામ કરો અને એકબીજાને મદદ કરવા તૈયાર બનો. સાધુઓ અને શ્રાવકોના વિચારમાં સામ્ય લાવો. અભિમાન છોડો અને કામ કરવા ઐક્યની સાધના કરો. પછી જુઓ કે એવું કયું કામ છે જે તમારા સૌના સહકારથી પણ અશક્ય હોય! તમારો વિચાર આચારમાં ફેરવાશે ત્યારે સમાજ પ્રોન્નત થશે. જૈન સમાજના હે આબાલવૃદ્ધો! કાર્ય અપનાવવાનો સમય આવી લાગ્યો છે. ઊઠો, જાગો અને કાર્ય કરો.

પ્રભુ મહાવીરના ઝંડા નીચે એકત્ર થાઓ

ભલે તમારી ક્રિયાઓ જુદી હોય, ભલે તમે જુદા જુદા ગામના હો, ભલે તમારા આચાર્યો જુદા જુદા હોય; પણ તમારા દરેકમાં એક વસ્તુનું સામ્ય છે. તમે બધાં જ પ્રભુ મહાવીરને તમારા પ્રભુ માનો છો. તો પછી પ્રભુ મહાવીરના ઝંડા નીચે બધા એક થઈ જૈન સમાજનું વધુ કલ્યાણ થાય તથા પ્રભુના સિદ્ધાંતોનો પ્રચાર થાય અને જૈન સમાજની એકતા થાય તે માટે બધાં એકત્રિત થઈ સંગઠિત પ્રચાર શરૂ કરો. સંગઠનથી ચમત્કારિક લાભ થશે.

આત્માને પવિત્ર બનાવો

જ્યાં સુધી આત્મા કર્મબદ્ધ છે ત્યાં સુધી તેની કિંમત છોતરાવાળા ચોખાના જેવી છે. જેમ ઉપરનું છોતરું કાઢી નાખતાં છોતરાની કિંમત કંઈ નહિ અને ચોખાની કિંમત વધી જાય છે તેમ કર્મોનો નાશ થતાં આત્માની કિંમત વધી જાય છે, આત્મા ઊંચે ચઢતો જાય છે. એ માટે કષાયોનો ત્યાગ કરી, રાગદ્વેષ ઘટાડી, તપ કરી આત્માને તેનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરાવો. આત્માને પવિત્ર બનાવો.

દરરોજ એક પૈસો આપો

આ શું? એક પૈસો જ આપવાનો? એક પૈસાથી શું થશે એમ તમને વિચાર થશે. સજ્જનો! તમારા જેવા એક લાખ ભાઈઓ જો દરરોજ એક પૈસો આપે તો એક વર્ષમાં સાડાપાંચ લાખ રૂપિયા ભેગા થઈ જાય. ટીપે ટીપે સરોવર ભરાય તેમ પૈસે પૈસે રૂપિયાનું સરોવર ભરાઈ જાય. લક્ષ્મી ચંચળ છે. આપણને ખબર ન પડે તેમ તે જતી રહે છે. કરકસર કરી દરરોજ એક પૈસો બચાવો. હું તો માનું છું કે તમે દરેક દરરોજ એક પૈસો જરૂર બચાવી શકો. પૈસો બચાવો. બધાના પૈસા એકત્રિત કરી તે રૂપિયા તમારા સધર્મી ભાઈઓને પગભર કરવાના કાર્યમાં લગાડો.

સારો સ્વભાવ રાખો

કિનારે બેઠેલો સંન્યાસી તળાવમાં ડૂબતા વીંછીને બહાર કાઢીને બચાવે છે. તરત જ વીંછી સંન્યાસીને ડંખ મારે છે. ડંખ મારતાંની સાથે સંન્યાસીના હાથમાંથી છૂટીને વીંછી ફરીથી પાણીમાં પડી જાય છે. તેને ડૂબતો દેખી સંન્યાસી ફરીથી તેને બચાવે છે. સ્વભાવ મુજબ વીંછી ફરીથી ડંખ મારે છે. ફરી પાણીમાં ડૂબે છે. સંન્યાસી ફરીથી તેને બચાવે છે. આ દૃશ્ય જોઈ રહેલો કોઈ મુસાફર સંન્યાસીને પૂછે છે: "આપ તેને શા માટે ફરી ફરી બચાવો છો?" સંન્યાસી પ્રત્યુત્તર આપે છે! "ભાઈ, વીંછી જો તેનો ડંખ મારવાનો સ્વભાવ છોડતો નથી, તો પ્રાણીમાત્રને દુઃખમાંથી બચાવવાનો હું મારો ધર્મ કેમ છોડું? ભલે કોઈ ખરાબ સ્વભાવવાળો ખરાબ કરતો જાય, પણ તમે સજ્જન હો તો તમારા સારા સ્વભાવને ન છોડવો જોઈએ."

સંગઠન સાધો

સૂતરનો એક દોરો જરાક ખેંચતાં તરત તૂટી જાય છે. સુતરના ખૂબ તાંતણા ભેગા કરી બનાવેલ દોરડું જાનવરોમાં મજબૂત ગણાતા હાથીને પણ બાંધી શકે છે. તમે જુદા જુદા બોલશો તો તમારો અવાજ કોઈ નહિ સાંભળે. બધા જો એક સાથે એક અવાજે બોલો તો તમારો અવાજ આખી દુનિયાને સાંભળવો પડશે. તમારા સંગઠિત અવાજથી અનેક ખરાબાઓનો નાશ થશે. એનાથી તમારા દરેક કામ સિદ્ધ થશે. બધા જોડે પ્રેમમય વર્તન કરો. એકબીજાના વિચાર સમજો. એકત્રિત થઈ ભલા કાર્યો કરવા તૈયાર બનો. સંગઠનથી બધું શક્ય છે. સંગઠન આત્માના ઉદ્ધારનું સાધન છે. આત્માનો ઉદ્ધાર થવાથી મોક્ષના માર્ગે આગળ વધી શકશો.

બ્રહ્મચર્યનો મહિમા

બ્રહ્મચારીને જગત વંદન કરે. બ્રહ્મચારીના તેજથી બધા અંજાઈ જાય. ઉચ્ચ વિચારો, ધર્મશ્રવણ, ઉત્તમ પુસ્તકોનું મનન, સંયમ અને સતત ઉદ્યમી રહેવાથી વિષયવાસના શાંત પડે છે. શરીર, મન, બુદ્ધિ અને આત્માને પરમ શાંતિ મળે છે. બ્રહ્મચર્યનો મહિમા અપરંપાર છે. ગૃહસ્થે પણ સ્વદારાસંતોષી બની બને તેટલું વધુ ને વધુ બ્રહ્મચર્ય પાળવું જોઈએ. તપમાં શ્રેષ્ઠ એવા બ્રહ્મચર્યનું મન, વચન અને કાયાથી પાલન કરનાર સાચો જૈન છે.

સદ્બુદ્ધિ રાખો

જે બુદ્ધિ દ્વારા એકબીજા વચ્ચે મિત્રતા, સંપ અને એકતા થાય, ધર્મની ગાથાઓનું તત્ત્વ સમજાય-સમજાવાય, સત્યની ઓળખ થાય, નમ્રતા વધે, સંયમમાં વૃદ્ધિ થાય, સેવાભાવી બનાય, ત્યાગવૃત્તિ આવે, ધર્મપ્રેમી થવાય, તે સદ્બુદ્ધિ. આવી સદ્બુદ્ધિ રાખી તમારા જીવનને સાર્થક કરો. સદ્બુદ્ધિદ્વારા સમાજના ભલા માટે ઉદ્યમ કરો.

आचार्य विजयवल्लभसूरि स्मारक ग्रंथ

लेख-संग्रह : गुजराती विभाग

: संपादक मंडळ :

डॉ. भोगीलाल ज. सांडेसरा, एम्. ए., पीएच्. डी.

डॉ. उमाकान्त प्रे. शाह, एम्. ए., पीएच्. डी.

श्री नागकुमार ना. मकाती, बी. ए., एल्एल्. बी.

धरणाशाहे बंधावेल चतुर्मुख जिनप्रासादनुं गगनचुंबी शिखर, राणकपुर, १५मी सदी
Śikhara of the famous temple at Rāṇakpur, 15th Century

तसवीर : श्री० आर० भारद्वाज]

धरणाशाह अने रतनाशाहे बंधावेल चतुर्मुख देरासरनुं भव्य प्रवेशद्वार, राणकपुर, १५मी सदी
Entrance to the temple at Rāṇakpur built by Dharaṇāshā and Ratanashā in the 15th Century

तीर्थाधिराज शत्रुंजय, पालिताणा
Śatruñjaya : The city of temples, Pālitāṇā, Saurāṣṭra

तसवीर : श्री० आर० भारद्वाज]

कुंभारियाजीनां पार्श्वनाथ भगवानना देरासरनी भमतीमां चौद स्वप्न अने देव-देवीओ कोतरेल स्तंभ अने द्वार
Interior of Pārśvanātha temple, Khumbhāriā, N. Guj. c. 12th Century

तसवीर : श्री० आर० भारद्वाज]

राणकपुरना चतुर्मुख जिनप्रासादना कलामय स्तंभोपरनी अद्भुत कोतरणी
Richly carved pillars in the famous Jaina Shrine at Rāṇakpur, 15th Century

[तसवीर : श्री० आर० भारद्वाज]

विमलवसही, आबु : रंगमंडप तथा देवकुलिकाओनुं एक दृश्य
Arnamental interior of the Rangamaṇḍapa and Devkúlikás, Vimal-Vasahi, Abu

[तसवीर : श्री० आर० भारद्वाज]

हठीसिंगना देरासरनो उपरनो भाग, अमदावाद, १९मी सदी
Upper part of Hathising temple, side-view, Ahmedabad, 19th Century

तसवीर : जॉनस्टन अने हॉफमेन]

मालादेवी मंदिरनुं भोंयतलियुं अने पडशाळ, ग्यारासपूर, भीलसा

Basement and porch of Mālādevi Shrine, view from south, Gyaraspur, Bhilsa

शेठ हठीसिंगे बंधावेल देरासरनुं कलामय प्रवेशद्वार, अमदाबाद, १९मी सदी
Entrance to the temple built by Sheth Hathising, Ahmedabad, 19th Century

तसवीर : जॉनस्टन अने हॉफमेन]

लूण-वसहीना रंगमंडपमां प्रभुदर्शनलीन साध्वीजीओ, आबु, १३मी सदी
Rangamaṇḍapa of Lūṇa-Vasahī (Ābu) with Jaina nuns worshipping, 13th Century

तसवीर : श्री० जगन महेता]

जैन स्तंभ, चितोडगढ, इ. स. आशरे ११००
Jaina Pillar, Chitorgaḍh, c. 1100 A.D.

कुंभारियाजीना महावीरस्वामी देरासरनी सात छतो पैकीनी नटारंभ दर्शावती चोथा नंबरनी छत
Ceiling carvings in Mahāvīraswāmi temple, Kumbhāriā, N. Guj. 13th Century

तसवीर : श्री० जगन महेता]

ભારતીય કળામાં જૈન સંપૂર્તિ

શ્રી૦ રવિશંકર મ. રાવળ

આધુનિક જૈન સમાજને જેનો પૂરેપૂરો ખ્યાલ પણ નહિ હોય, અથવા જેનું મૂલ્યાંકન કે સમાદર કરવા જેટલી તુલનાશક્તિ બહુ જ થોડા જનોને છે, એવી કલાસમૃદ્ધિ ધરાવવાનો યશ આજના સંશોધકો અને કલાપ્રવીણોએ જૈન સંપ્રદાયને આપ્યો છે.

ગુજરાતમાં ૧૧મી અને ૧૨મી સદીના રાજ્યકર્તાઓના શાસનકાળમાં જૈન સંપ્રદાયે જે જાહોજલાલી અને લોકપ્રિયતા ભોગવી તેવી બીજા પ્રાંતોમાં એક કાળે અસ્તિત્વમાં હશે એમ અનેક પ્રાચીન જૈન સ્થાનોના સંશોધન પરથી પ્રત્યક્ષ થયું છે, પરંતુ આજે ઘણાની ગણનામાં કે અનુભવમાં તેનો ઉલ્લેખ થતો નથી. જેટલાં જૈન પ્રાચીન સ્થળોની ભાળ લાગી છે ત્યાં એક વખત અતિ ઉત્કૃષ્ટ કલા-પ્રકારથી ભરેલાં શિલ્પ અને સ્થાપત્યો હતાં તેની વિશાળ પ્રમાણમાં પ્રતીતિ મળે છે.

સાધારણ રીતે જૈન કલાસમૃદ્ધિનું સરવૈયું લેતાં શત્રુંજય, ગિરનાર, આબુ, રાણકપુર કે કુંભારિયાનાં દેવસ્થાનો અને જૈન કલ્પસૂત્રો કે કાલક કથાનાં ચિત્રો અને વિજ્ઞપ્તિપત્રોમાં આજની સમાલોચના પર્યાપ્ત થાય છે. પરંતુ ઇતિહાસ અને પુરાતત્ત્વની પરંપરામાં જૈનકલાનો નિર્માણયુગ બૌદ્ધધર્મની સાથે જ આરંભાયો છે એ નિર્વિવાદ ઠર્યું છે.

હિંદુસ્તાનમાં પ્રાચીનમાં પ્રાચીન કલાવશેષો ગુફામંદિરો કે ગુફાનિવાસોમાં મળી આવે છે. પાષાણ કે ઈંટચૂનાના ભવનોની કલા સિદ્ધ બની તે પૂર્વેની સંસ્કૃતિમાં નગરોનાં નિવાસો અને મહાલયો લાકડાકામથી બનતાં, પરંતુ યોગીઓ અને ધર્મસંસ્થાપકો વનોમાં અને ગુફાઓમાં જઈ પોતાની સાધના કરતા; આથી લોકોએ ત્યાં દેવોનો વાસ માની તે સ્થાનોમાં તેમની સમાધિઓ અને અવશેષોનાં મહાન સ્મારકો રચ્યાં; આવાં આ સ્મારકોમાં તે તે યુગના ધનિકો, રાજાઓ અને જનતાએ ઉદાર મનથી દાન આપી શ્રેષ્ઠ શિલ્પપંડિતો પાસે તે કાર્ય કરાવ્યાના પુષ્કળ ઉલ્લેખો મળે છે. આથી ઘણીવાર એક જ યુગના જુદા જુદા સંપ્રદાયોનાં ધાર્મિક સ્થાનકોનું રૂપનિર્માણ સરખું લાગે એ સંભવિત છે અને તેથી સંશોધનના પ્રારંભકાળે ઘણા વિદ્વાનોને તે સ્થાનો વિષે નિર્ણય કરતાં સંભ્રમ થયેલો હતો. બુદ્ધનાં ઘણાં સ્થાનકો હોવાથી બધાં પ્રાચીન સ્થળોની પદ્માસન કે યોગમુદ્રાવાળી પ્રતિમાઓને બૌદ્ધ ઠરાવી હતી. મથુરાનાં અને બીજાં સ્થળોના કેટલાક સ્તુપોને પણ બૌદ્ધ ઠરાવ્યા હતા.

ભારતના પ્રાચીન ધર્મસંપ્રદાયોમાં બુદ્ધ અને જૈન સંઘો સમકાલીન અસ્તિત્વ ધરાવતા હતા અને તાત્ત્વિક રીતે વ્યવહારપ્રણાલિમાં ઘણી સમાનતા ધરાવતા હતા. બૌદ્ધ સાધુઓની જેમ જૈન સાધુઓ માટે પણ ગિરિનિવાસો અને ભિક્ષુગૃહો નિર્માણ થયાં હતાં; ફરક એટલો જ હતો કે જૈનોને ચૈત્યમંદિરો જેવા મંડપોની જરૂર નહોતી. બન્ને સંપ્રદાયે ભારતમાં સર્વવ્યાપક એવી ભવનનિર્માણની રૂઢિ ગ્રહણ કરી હતી.

તે રીતે ઈ. પૂ. બીજા સૈકા જેટલા પ્રાચીન સમયથી જૈન ગિરિનિવાસો ઓરિસ્સા, દક્ષિણ ભારત અને ગુજરાતમાં ગિરનાર અને બીજાં કોઈ કોઈ સ્થળે થયા હતા. તેમાંનાં બદામી, પાટના (ખાનદેશ), ઈલુર વગેરે સ્થળોનાં ગુફામંદિરો ભારતની કલાના શ્રેષ્ઠ પંક્તિના નમૂના છે. એ પ્રત્યેકનું સ્વરૂપ આજનાં જૈન મંદિરો સાથે મળતું નહિ હોવાથી ઘણો કાળ તેને બૌદ્ધ સંપ્રદાયનાં ગણી લેવામાં આવ્યાં હતાં.

ઓરિસ્સામાં આવેલી ઉદયગિરિ અને ખંડગિરિની ગુફાઓ ભારતની પ્રાચીનતમ સ્થાપત્યરચનાઓ ગણાય છે. એનાં સ્વરૂપનું વૈચિત્ર્ય, શિલ્પપ્રતિમાઓની લાક્ષણિકતા અને કોતરણીની વિશેષતા, અતિ પ્રાચીનતા વગેરે કારણોને લઈને ભારતના વિદ્વાનોએ તેની પર ઘણું શાસ્ત્રીય

ઉદયગિરિ – ખંડગિરિ

સંશોધન કર્યું છે. આ ગુફાઓની પ્રાચીનતા સિદ્ધ કરવાનો યશ ગુજરાતના સુપ્રસિદ્ધ વિદ્વાન પંડિત ભગવાનલાલ ઇન્દ્રજીને મળ્યો છે. હાથીગુફાના પ્રવેશદ્વાર ઉપર ભાંગીતૂટી પ્રાચીન લિપિનો લેખ છે તેનું સ્વરૂપ ગિરનારના અશોકના શિલાલેખોને મળતું હોઈ, સૌએ તેને બૌદ્ધ ગુફા ધારી લીધી હતી પણ તેનો ઉકેલ થતાં તેમાં પ્રારંભ જૈન સૂત્રથી કરેલો છે તે પરથી છેવટનો નિર્ણય થઈ ગયો. સાતમા સૈકામાં ચીની પ્રવાસી હ્યુ એન સંગે ઉલ્લેખ કરેલો છે કે તે કાળે કલિંગ દેશમાં જૈન સંપ્રદાયનું મોટું મથક હતું અને ઉપરોક્ત લેખ તે વાતની સાબિતી આપે છે.

કલિંગના રાજા ખારવેલે જૈન સાધુઓ માટે અનેક ગિરિનિવાસો કરાવ્યા હતા. તેણે આંધ્રના સાતકર્ણી રાજાને સહાય કરી હતી. ઈ. પૂ. ૧૫૫ વર્ષે મૌર્ય સંવત ૧૬૫માં તેના રાજ્યકાલને ૨૩ વર્ષ થયાં હતાં.

હાથીગુફાનો પથ્થર ઘસાતો જાય છે, શિલ્પ ભૂંસાતું જાય છે પણ તેના પર આવો મહત્ત્વનો લેખ હોવાથી તે જરૂર પ્રધાનસ્થાન ધરાવતી હશે. એની રૂપવિધાનની શૈલી અને શિલ્પાકૃતિઓ અચૂકપણે સાંચીના તોરણદ્વારો અને ભારતના વિહારોને મળતી છે એટલે ઈ. પૂ. બીજા

હાથીગુફા

સૈકાનું કામ તે ઠરે છે. ત્યાં બૌદ્ધ સંપ્રદાયના કોઈ અવશેષો નથી. ગજલક્ષ્મી, નાગ કે વૃક્ષપૂજા, સ્વસ્તિક વગેરે ચિહ્નો એ કાળે સર્વવ્યાપક હતાં. કેટલીક જૂની ગુફાઓમાં જૈન તીર્થંકરો અને પાર્શ્વદોની ઉત્કીર્ણ પ્રતિમાઓ છે. ઉદયગિરિમાં રાણીગુફા, હાથીગુફા, વ્યાઘ્રગુફા વગેરે જુદાં જુદાં નામોવાળી ૧૯ ગુફાઓ છે. ખંડગિરિમાં પણ વૈવિધ્યવાળી ૨૪ જેટલી ગુફાઓ છે. ગુફાઓમાં સ્તંભોવાળી પરસાળ કે ઓસરી અને સાથે અનેક ખંડો છે.

વ્યાઘ્રગુફાનો ઉલ્લેખ કરવો જરૂરનો છે. એક વિશાળ ખડકને કોરીને વાઘના ફાડેલા મોંનો ઘાટ ઉપરનાં જડબાંને આપેલો છે. નીચે એક દ્વાર બનાવી અંદર સવાછ ફૂટ ઊંડી, સાત અને નવ ફૂટ પહોળીચોડી ઓરડી કોતરી કાઢેલી છે. આ એક તરંગી પ્રકાર છે, પણ તેથી નક્કી થાય છે કે એ કાળે

વ્યાઘ્રગુફા

ધાર્યો ઘાટ વિરાટ રૂપમાં ઉતારવાની કલા સિદ્ધ થઈ હતી. ખંડગિરિની તત્ત્વગુફાના સ્તંભ (પર્સીપોલીસ) ઈરાની ઘાટના છે. અટારીનો કઠેડો ભારતના જેવો છે. ત્યાં હાથી, મોર, હરણ અને પશુપંખીઓ પણ કોતરેલાં છે.

પશ્ચિમ ભારતમાં બીજાપુરની દક્ષિણે બદામીની ગુફાઓ જોતાં સમજાય છે કે એ કાળે બ્રાહ્મણ, બૌદ્ધ, જૈન દાર્શનિકોનું સહજીવન કેટલું શક્ય બન્યું હતું. બ્રાહ્મણ ગુફાઓનો સમય એક લેખમાં શક વર્ષ ૫૦૦ એટલે ઈ. સ. ૫૭૯ આપેલ છે. બદામીની ચાર ગુફાઓમાં એક જૈન

બદામીની ગુફાઓ

ગુફા છે પણ ચારે એકબીજાને એટલી મળતી છે કે એક જ સમયમાં તે કોતરાઈ હશે એમ કહી શકાય; છતાં જૈન ગુફા સૌથી પાછળ થઈ લાગે. એ ગુફા ૧૬ ફૂટ ઊંડી અને ૩૧ ફૂટ પહોળી છે. પરસાળને બેઉ પડખે આકૃતિઓ કરેલી છે. અંદરની પ્રતિમાઓ ગુફાના જ ખડકમાંથી કોતરાવેલી છે. ઈલુરની ઈંદ્રસભાના પાષાણમંદિર સાથે સરખાવતાં તેનાથી એક સૈકો પાછળ લાગે. બદામીની ભીંતો પર અજંતા શૈલીનાં ચિત્રો છે. બદામીની નજીકમાં ઐહોલ ગામે બદામીથી મોટી જૈન ગુફા બ્રાહ્મણ ગુફાની પાસે છે. તેની પરસાળને ચાર સ્તંભો છે.

પરસાળ ૩૨ ફૂટ લાંબી, ૭ ફૂટ જેટલી પહોળી અને સુઘડ એવી છત છે. આ છતનો મંડપ ૧૭ ફૂટ ૮ ઇંચ પહોળો અને ૧૫ ફૂટ ઊંડો છે. તેની આસપાસ નાનાં દેવઘરો કોતરેલાં છે અને સામે મુખ્ય ગોલક ૮1 ઓરસ ચોરસ છે. તેમાં શ્રીમહાવીરની પદ્માસન પ્રતિમા છે. તેની આગળ બે કોતરણીભર્યા સ્તંભો છે. બૌદ્ધ કે બ્રાહ્મણ ગુફાઓની જેમ પ્રવેશ આગળ બન્ને બાજુ દ્વારપાળો કોતરેલા છે. બદામી તાલુકામાં બીજાં પણ જૈન મંદિરો છે.

ઇલુર અજંટાથી ૩૦ માઇલ છેટે ઔરંગાબાદની પાસે આવેલું છે. ઇલુરનાં શિલ્પમાં પાષાણમંદિર અને ગુફામંદિરનાં જેવી માત્ર અંતરંગ કોતરણી નથી, પણ તેનો બહિરંગનો ઉઠાવ ખરેખરાં દેવમંદિરોની જેમ ઘડી કાઢી આકાર પ્રત્યક્ષ કરવામાં આવ્યો છે એટલે તે પહાડમાંથી અખંડ કોતરી કાઢેલાં

ઇલુર

શિલ્પો જ છે. જગતની વિશાળકાય કલાકૃતિઓમાં તેની ગણના થાય છે. ગ્રીક શિલ્પો તેની પાસે વામણાં બની જાય છે. પહાડને ઉપરથી ભોંતલ સુધી કોતરી મંદિરનો સંપૂર્ણ ઘાટ, સ્તંભો અને છેવટ અંદરના મંડપો અને ગોલકોમાં અદ્ભુત પ્રભાવવાળી પ્રતિમાઓ સ્વચ્છ, સપ્રમાણ, સુઘડ, તક્ષણકાર્યથી પરિપૂર્ણ બનાવેલી છે. લગભગ ચાર માઇલના ઘેરાવામાં ખડક કાપીને કરેલાં ૩૪ જેટલાં ખડકમંદિરોમાં ૫થી ૮મા સૈકા સુધીની શિલ્પકળાનો પ્રસ્તાર છે; આમાં મોટા ભાગની બ્રાહ્મણ અને બાકીની બૌદ્ધ જૈન ગુફાઓ છે. અહીં ફરી આપણને કલાની સૃષ્ટિમાં સર્વ ધર્મોનું સામંજસ્ય જોવા મળે છે.

ઇલોરી અતિ કૌતુક વસ્યું જોતાં હીયડું અતિ ઉલસ્યું
વિશ્વકર્મા કીધું મંડાણ ત્રિભુવન ભાવતણું સહિનાણ.

(શ્રી શીલવિજયજી)

ઇલુર–ઇલોરા (એલાગિરિ) ની પ્રસિદ્ધિ કેવી હતી તે ઉપરની પ્રશસ્તિથી સમજાય છે. ઇલુરની જૈન ગુફાઓ સૌથી પાછળ થયેલી લાગે છે. ગુફામંદિરોની પિછાન ૧૦માંથી નવની માત્ર બાહ્ય સ્વરૂપથી થઈ શકે. આ દર્શનભાગ અંદર પ્રકાશ જાય એવા હેતુથી કોતરેલો હોય છે. બાંધકામથી કરેલા મકાન કરતાં તેના છેદ મોટા રાખવા અને તે સાથે ખડકના ભાર પ્રમાણે ટેકા, થાંભલા પણ ભારેખમ રહેવા દેવા જોઈએ. આથી અંદરની રચનાને તેને અનુસરી આકાર લેવો પડે.

ઇલુરનાં જૈન ખડકમંદિરો ઈ. સ. ૮૫૦ પહેલાંનાં નથી. તેનું દર્શનસ્વરૂપ અને પ્રતિમાઓ ધ્યાનથી જોઈએ તો દક્ષિણ (દ્રાવિડ) પદ્ધતિએ કામ થયેલું લાગે છે. બ્રાહ્મણ ગુફા કૈલાસ પણ એ જ શૈલીની છે. બન્ને વચ્ચે એટલું સામ્ય છે કે તેના રચનાકાલ વચ્ચે બહુ અંતર નહિ હોય.

ઇન્દ્રસભા અને કૈલાસનાથ બન્ને મંદિરો બે માળનાં છે અને અંદર નાના ખંડો છે. જૈન મંદિરમાં ગોમતેશ્વર અને પાર્શ્વનાથની પ્રતિમાઓ છે તે પરથી તે દિગંબર જૈન સંપ્રદાયનાં છે એમ નિર્ણય કરી શકાય. બદામીમાં એક લેખ છે, તે કન્નડ ભાષામાં છે, તેથી માની શકાય કે શિલ્પીઓ

ઇન્દ્રસભા

દક્ષિણના હતા અને તેઓ દ્રવિડી ઘાટ લઈ આવ્યા. ત્યાં એક કુદરતી માપનો હાથી છે. સામી બાજુ ૩૧ ફૂટ ૬ ઇંચનો એક જ શિલ્પનો સ્તંભ હતો તે સો વર્ષ પહેલાં પડી ગયો હતો. આ ગુફાઓના ઉપરના ભાગમાં પાર્શ્વનાથની વિરાટ પ્રતિમા કોતરેલી છે. આ પ્રતિમા પર કોતરેલ અક્ષરો પરથી લાગે છે કે તે ઈ. સ. ૧૨૩૫ની આસપાસ થઈ હશે.

આ બધાં શિલ્પો ચાલુક્ય અને રાષ્ટ્રકૂટ રાજ્યોની સીમા ઉપર હોવાથી બન્ને રાજ્યોની શૈલીઓનો તેમાં શંભુમેળો થયો જણાય છે. અહીં ઉત્તર ભારતમાં વિકસી રહેલાં દેવમંદિરોની વિશાળતા અને

શિખરરચનાઓને અવકાશ નથી છતાં કલ્પના અને રૂપનિર્માણની શક્તિ અજબની ભભક ત્યાં પ્રસરાવી રહી છે.

પહેલા ચાલુક્ય સમયનો છેલ્લો રાજા કીર્તિવર્મા બીજો ઈ. સ. ૭૪૬માં રાજ્યપદે આવ્યો, પણ ઈ. સ. ૭૫૭માં માલ્યખેડના રાષ્ટ્રકૂટ દંતિદુર્ગે તેનું રાજ્ય પડાવી લીધું તે પછી, જૈનોએ, ઈલુરમાં દ્રવિડી શૈલીનાં મંદિરો કરાવ્યાં. કૈલાસ અને બીજાં મંદિરો, રાષ્ટ્રકૂટો પોતે દ્રવિડો હતા એટલે, સ્વાભાવિક રીતે બ્રાહ્મણ શૈલીનાં થયાં. એમની આણ નર્મદાના કાંઠા સુધી પહોંચી હતી. આ બધું જોતાં બૌદ્ધો કરતાં જૈન સંપ્રદાયને બ્રાહ્મણો સાથે ઠીક ફાવ્યું જણાય છે.

ગુફાશિલ્પમાં અગત્યનું ગણીએ એવું એક પાષાણમંદિર, પ્રાચીનતા અને કલાપૂર્ણતાભર્યું ઉલ્લેખવા જેવું, દક્ષિણમાં તીનીવેલી પ્રાંતમાં શ્રીવીલીપુત્તુરથી ૨૭ માઈલ દૂર, કન્યાકુમારીથી ૭૫ માઈલ ઉત્તરે 'કાલુગુમલાઈ' નામના સ્થળે મહાબલીપુરમ જેવું જ ખડકમાં કોતરેલું મંદિર છે. એ પૂર્ણ થવા પામ્યું જ નથી. એનો દાનવીર મૃત્યુ પામતાં કામ બંધ પડ્યું ન હોત તો એનો કેટલો વિસ્તાર થઈ શકત તે કહેવાતું નથી. તે ટેકરીની બીજી તરફ તીર્થંકરોની પ્રતિમાઓ છે ને ત્યાં જૈનોની વસતિ છે. આ મંદિર કોઈએ પાછળથી પૂર્ણ કરાવ્યું નહિ એટલે તેના મૂળ દાતાની કીર્તિ અમર રહી છે.

દક્ષિણનાં જૈન ગુફામંદિરોની કલામાં સિતન્નવાસલ (सिद्धणवास) અથવા સિદ્ધનો વાસ તે સ્થાપત્ય શોભા ઉપરાંત ચિત્રકલાની પ્રાચીન પરિપાટીના એક અનન્ય સ્થાન તરીકે જાણીતું થયેલું છે.

સિતન્નવાસલ

પુદુકોટાથી નવ માઈલને અંતરે આ ગુફામંડપ આવેલ છે. ત્યાં ઈ. પૂ. ત્રીજી સદીનો બ્રાહ્મી લેખ છે તેમાં સૂચન છે કે જૈન મુનિઓના નિવાસ માટે તેનું નિર્માણ થયું હતું. ત્યાં સાત સમાધિશિલાઓ છે. ગુફાનો અંતરંગ વિસ્તાર ૧૦૦ ફૂટ લાંબો અને ૫૦ ફૂટ પહોળો છે. તેનો રચનાપ્રકાર ઈ. સ. બીજી સદીથી આરંભી ૧૦મી સદી સુધી પહોંચ્યો છે. સાધુઓને અરણ્યવાસ વધુ પસંદ હતો એટલે વખતોવખત ત્યાં ભિન્ન ભિન્ન પ્રકારનું કોતરકામ અને રૂપરચના થયાં કર્યાં છે. ૧૦મી સદીમાં પલ્લવરાજા મહેન્દ્રવર્મા કલાનો મહાન આશ્રયદાતા હતો. તેણે ત્યાં ચિત્રો કરાવ્યાં છે તેમાં સુશોભિત કમળસરોવરો તેમ જ અપ્સરાઓ અને કેટલાક જૈન પ્રસંગો છે. ચિત્રોમાં અજંતાના પાછલા સમયની સંપૂર્ણ અસર છે. ભીંતો પર ચિત્રો કરવાની પ્રથાનું સંરક્ષણ આજ સુધી જૈન સંપ્રદાયે નભાવ્યું છે; માત્ર તેની રુચિકક્ષા અને પરીક્ષણમાં ભ્રષ્ટતા આવેલી જણાય છે. ઈલુરનાં મંદિરોનાં ચિત્રોનો સંબંધ ગુજરાતની ૧૦મી–૧૧મી સદીની ચિત્રકલા સાથે સ્પષ્ટ થયો છે. તેનું સ્વરૂપ કલ્પસૂત્રોનાં ગ્રંથસ્થ ચિત્રોમાં ઊતરી આવ્યું છે.

વિરાટ પ્રાતમાઓ

દક્ષિણ ભારતમાં જૈન–પ્રભાવિત શિલ્પકલા બદામી, ઐહોલ કે ઈલુર યા સિતન્નવાસલથી સમાપ્ત થતી નથી. જૈનોએ ઉત્તર ભારતમાંથી પહેલા સૈકામાં દક્ષિણ ભારતમાં પ્રવેશ કર્યો ત્યારથી ઘણી ચડતીપડતી થઈ છતાં ૧૦મા સૈકા સુધી ઈલુરનાં નિર્માણો કર્યાં. તે ઉપરાંત ઉત્તર ભારતમાં મળે નહિ એવું વિરાટ પ્રતિમાનિર્માણ જૈન કલ્પનાએ દક્ષિણ ભારતને આપ્યું છે. એવી ત્રણ પ્રતિમાઓ શ્રમણબેલગુલ, કાર્કલ અને પન્નુરમાં છે.

શ્રમણ બેલગુલની પ્રતિમા સુપ્રસિદ્ધ છે. કેવળી જ્ઞાન પ્રાપ્ત થયું છે એવા ગોમતેશ્વરની પ્રતિમા મૈસુર રાજ્યમાં ઈન્દ્રગિરિની ૪૦૦ ફૂટ ઊંચી ખડક ટેકરી પર છે. તપસ્વીની નિઃસંગતા દર્શાવતી ૫૮ ફૂટની એ નગ્ન પ્રતિમા જરા પણ ક્ષોભરહિત બાલોચિત સરલતાભરી મુદ્રા દર્શાવવામાં શિલ્પકારને અપ્રતિમ સફળતા મળી છે. કાર્યસિદ્ધિનો બીજો ચમત્કાર તો ખડકના મથાળેથી ૫૮ ફૂટ સુધીનું વધારાનું ખડકદળ

કાપી કાઢ્યું છે તે છે. આવું પ્રચંડ પૂતળું જમીન પરથી એટલી ઊંચાઈએ લઈ જવાનું અશક્ય કાર્ય કલ્પનાનો અવરોધ કરે, પરંતુ ઉપરથી જ પ્રતિમાઓ કોરી કાઢવાની યોજના ભારતીય શિલ્પીની અપૂર્વ મૌલિકતા છે. આવું મૂર્તિનિર્માણ મિસર વિના અન્ય સ્થળે નથી થયું.

બીજી પ્રતિમા કન્નડદેશમાં કારકલમાં છે. તેની ઊંચાઈ ૪૧ ફૂટ ૫ ઇંચ છે. વજનમાં લગભગ ૮૦ ટન છે. એ પ્રતિમા તૈયાર કર્યા પછી તેના સ્થાને મુકાઈ છે. આ પ્રતિમા ઈ. સ. ૧૪૩૨ના વખતની છે. ત્રીજી પન્નુર કે વેનુર ખાતે છે. તેની ઊંચાઈ ૩૫ ફૂટ છે. તે ઈ. સ. ૧૬૦૪માં બનેલી છે. આ ત્રણે પ્રતિમાઓ દિગંબર જૈન સંપ્રદાયની છે. ત્રણે ઊભેલી કાર્યોત્સર્ગ સ્વરૂપની નગ્ન છે. પગ આગળથી વનવેલીઓ શરીર પર ચડી ગયેલી છે. ઉત્તર ભારતમાં ગોમતેશ્વરની પ્રતિમા જોવામાં આવતી નથી, પરતુ દક્ષિણ ભારતની શિલ્પકલાએ આ પાત્ર માટે કલાની ચરમ શક્તિઓ કામે લગાડી છે.

આ ઉપરાંત દક્ષિણ ભારતનાં મંદિરોની કલામાં ધાબાની ઉપર ચડઊતર માળોની રચના પણ એક વિશિષ્ટ પ્રકારની છે. કેટલાંકનાં છપ્પરો નેપાળનાં મંદિરોને મળતાં છે, પણ બીજી નવાઈ એ છે કે ઉત્તર ભારતમાં અશોકના વખતમાં સ્મારક–સ્તંભો ઊભા કરવાની પ્રથાનો પછીથી લોપ થયો હતો તે પ્રથા દક્ષિણનાં જૈન મંદિરોમાં બહુ સુંદર પ્રકારે પાંગરી છે. મંદિરથી અલગ મંદિરના ચોકમાં સ્વતંત્ર ઊભેલા સ્તંભની શોભા અને રચનાનો પ્રકાર આપણે ઇલુરના કૈલાસમંદિરમાં જોયો છે. આમ સ્વતંત્ર સ્તંભ ખડો કરવાની રીતો પ્રાચીન કાળમાં નાઈલ પ્રદેશમાં હતી. નાઈલ પ્રદેશના સ્તંભો એક જ શિલામાંથી ઘડી કાઢેલ ચોરસ ઘાટના અને ટોચ પરથી પિરામિડ જેવી અણીવાળા હતા, પરંતુ દક્ષિણના સ્તંભો તો શિલ્પનાં અલંકારકાવ્યો જેવા ગોળ તેમ જ પાસાદાર અનેક કંદોરાવાળા એક એકથી જુદા રમ્ય વ્યક્તિત્વવાળા છે.

દક્ષિણ ભારતને ઉત્તર ભારત સાથે સાંકળવામાં મહાકોસલની જૈન કલા–પરિપાટીનું મહત્ત્વ છે. રામગિરિની ટેકરી, જ્યાં મેઘદૂતનો યક્ષ વસ્યો હતો, ત્યાંના ગુફાગૃહોમાં જૈન પ્રસંગો મળી આવ્યા છે.

મહાકોસલ

ગુફાચિત્રોથી આરંભ થયેલો જૈનકલાનો વિહાર આઠમી સદી પૂરી થતાં અંધકારમાં લુપ્ત થયો. કલચૂરી રાજવંશના નરેશો મતસહિષ્ણુ હતા. તેઓ શૈવ હોવા છતાં જૈનોને સંપૂર્ણ રક્ષણ અને આશ્રય આપતા. કલચૂરી શંકરગણ જૈનધર્માનુસારી હતો. મહાકોસલની રાજ્યધાની ત્રિપુરિ (તેવર) હતી. એ રાજકુળને દક્ષિણના રાષ્ટ્રકૂટો સાથે સગા-સંબંધ હતો. આ રાષ્ટ્રકૂટોની સભામાં જૈન વિદ્વાનો રહેતા. મહાકવિ પુષ્પદંત્ત તેમનો રાજકવિ હતો. જૈન ધર્માનુસાર અમોઘવર્ષે જૈન મુનિપદનો અંગિકાર કર્યો હતો.

મહાકોસલના જૈન કલાવૈભવને પ્રસિદ્ધિ આપવાનું શ્રેય મુનિશ્રી કાન્તવિજયજીને આપી શકાય. એ કાર્યથી એમનો માત્ર જૈન સમાજ ઉપર જ નહિ, પણ સમગ્ર ભારતવર્ષના સંસ્કારી સમાજ ઉપર ઉપકાર થયો છે. ગુપ્ત સમયની અનેક જૈન પ્રતિમાઓ, દેવીઓ, પ્રતિહારીઓ અને સ્થાપત્ય અવશેષોની વિસ્તારવંતી તપસીલ અને વિગતપૂર્ણ વર્ણન તેમણે 'खण्डहरोंका वैभव' નામના પુસ્તકમાં આપેલું છે. તે સાથે જે ચિત્રમુદ્રાઓ આપી છે તે છાપકલાની દૃષ્ટિએ સંપૂર્ણ નથી પરંતુ અસલ વસ્તુમાં કેટલું સૌન્દર્યનિરૂપણ અને પ્રભાવ હશે તેનો ખ્યાલ આપે છે. આ પ્રત્યેક અવશેષના સુંદર સ્વચ્છ ફોટોગ્રાફો નવેસરથી તૈયાર કરાવી મોટી પ્લેટો યા ચિત્રસંપુટો રૂપે પ્રજા આગળ મુકાય તો જૈન સંસ્કૃતિનો પ્રકાશ અનેક જનોને આહ્લાદક બનશે.

બુદ્ધ અને મહાવીરનો જીવનકાલ એક જ સમયમાં વીત્યો હતો અને ભારતમાં બન્ને સંપ્રદાયોનો સરખો વિકાસ થયો હતો. બન્નેમાં ત્યાગ અને તપની ભાવનાનું પ્રાધાન્ય હતું છતાં બૌદ્ધ ધર્મ આરંભમાં ઘણાં વિશાળ રાજ્યોનો આશ્રય પામ્યો. પૂર્વ ભારતમાં પાટલીપુત્રનો તે રાજ્યધર્મ થયો ત્યારથી તેનું વિશ્વમાં બહુમાન થયું અને તેનાં સ્મારકસ્થાનો અનેક મળી આવ્યાં છે, પરંતુ તે સાથે જૈન ધર્મના સંસ્થાપક શ્રીમહાવીર અને તેમના અનુયાયીઓએ પશ્ચિમ ભારતમાં જે પ્રસાર કર્યો તે ઘણો ગૌણ પણ વ્યાપક હતો. બૌદ્ધ ધર્મ આરંભમાં રાજ્યાશ્રય પામ્યો અને આમ જનતાને ભાવી ગયો. આથી તેના સ્મારકોને વિશાળ પ્રસ્તાર મળ્યો.

ઉત્તર ભારતમાં જૈનકલાનો પ્રસ્તાર

જૈન સંપ્રદાય ખેતી અને યુદ્ધના ક્ષેત્રોથી અલિપ્ત રહેવાનો આગ્રહ સેવતો હતો એટલે વેપાર અને વ્યવહારના ક્ષેત્રમાં સંકળાયેલી પ્રજાનો આદર પામ્યો. આથી ભારતમાં જ્યાં જ્યાં વેપાર અને વહીવટનાં મોટાં મથકો હતાં ત્યાં તેના આશ્રયદાતાઓએ સ્તુપો, ભિક્ષુગૃહો અને મંદિરોનું નિર્માણ કર્યું છે. દક્ષિણ ભારતમાં પણ આપણે જોયું કે જ્યાં સુરક્ષા અને સહિષ્ણુતા જોયાં ત્યાં જૈન પ્રજાએ વસવાટ કરેલ છે અને ધર્મસ્મારકો પાછળ પુષ્કળ દાનો આપ્યાં છે. જૈન સંપ્રદાયનું આ લક્ષણ ઉત્તર ભારતના પ્રાચીન કાળના ઇતિહાસમાં સુસ્પષ્ટ થાય છે.

ભારતનાં શિલ્પનો ઇતિહાસ ઈ. પૂ. ૩૦૦૦ વર્ષે સિંધના મોહનજો-દરોનાં પ્રાચીન અવશેષોથી પ્રાપ્ત થાય છે. એ કાલે પ્રાણીઓનાં માટીમાં ઉપસાવેલાં ચિત્રો અને ચૂના તેમ જ ધાતુની માનવઆકૃતિઓ જોતાં લાગે કે માનવસમાજમાં કલાનાં આકર્ષક અને સાંકેતિક સ્વરૂપોનો પ્રચાર થઈ ચૂક્યો હતો. એ સમયની મુદ્રાઓમાં ય ધ્યાનસ્થ યોગીઓની આકૃતિઓ પણ મળી છે, પરંતુ સમ્રાટ અશોક મૌર્યના સમયની જે શિલ્પકૃતિઓ મળી છે તેની સાથે હજારો વર્ષનો ખાલી ગાળો સાંધનારા નમૂના મળ્યા નથી. અશોકના સમયમાં પૂર્વ ભારતમાં યક્ષો અને યક્ષીઓની સહેજ માનવમાપથી મોટી અને કદાવર પાષાણમૂર્તિઓ મળી છે પણ તેનાં મંદિર વિષે કોઈ ખ્યાલ બાંધી શકાતો નથી.

ભૂમિના મહાન પુરુષો કે નેતાઓના સ્મારકરૂપે તેમના ભસ્માવશેષો ઉપર ગોળાકાર મોટા સ્તુપો અથવા ટોપ (ઊંધા ટોપલા ઘાટના) રચાતા અને તે પર વૃક્ષ કે છત્રની છાયા થતી. આ રિવાજ તેથી પણ પ્રાચીન હશે. કોઈ મૃત દેહને ધરતીમાં દફનાવી ઉપર માટીનો ટીંબો કરી ઉપર વૃક્ષ કે વૃક્ષની ડાળી તેની છાયા માટે મુકાતી. તે પછી ભિન્ન દેશોમાં બાળવા કે દફન કરવાના ભેદ થયા, એટલે કબરો અને સ્તુપોનાં રૂપો જુદાં થયાં. સ્તુપની આકૃતિમાં અવશેષો મુકાય છે તે ભાગને ચૈત્ય કહે છે. ચૈત્ય શબ્દ ચિતા પરથી ઊપજ્યો છે; એટલે પ્રાચીનકાળથી ચૈત્યનો રિવાજ ચાલતો અને તે પ્રમાણે બુદ્ધના અવશેષો નિર્વાણ પછી ચૈત્યરૂપ પામ્યા અને બૌદ્ધ સ્થાનોમાં જ્યાં ચૈત્ય હોય તે ચૈત્યમંદિર અને પૂજાની પ્રતિમા અને ભિક્ષુગૃહ હોય તેને વિહાર એવાં નામો મળ્યાં.

આવાં ચૈત્યો, સ્તુપો અને ભિક્ષુગૃહો બૌદ્ધ, જૈન તેમ જ વેદ સંપ્રદાયોમાં હતાં પણ બુદ્ધના સ્તુપોનો વિસ્તાર થવાથી પહેલાં બધા જ સ્તુપો તેને નામે ચડાવી દેતા. પાછળના સંશોધન અને ઉત્કીર્ણ લેખોથી સિદ્ધ થયું છે કે પ્રાચીન સ્તુપો તેમ જ ગુફાગૃહો નિર્માણ કરવામાં જૈન સંપ્રદાયનો હિસ્સો ઘણો મોટો અને વ્યાપક હતો.

તક્ષશિલામાં, મથુરામાં, અવધમાં, મહાકોસલમાં એવાં જૈન સ્થાનો મળી આવ્યાં છે જેની શિલ્પ–મુદ્રાઓ, ઉત્કીર્ણ લેખો, પ્રતિમાઓ, અલંકારો તત્કાલ પ્રજાની સંસ્કૃત અને શિલ્પવિદ્યાના અતિ ઉચ્ચ

પ્રકારના નમૂનારૂપ છે. આમાંના ઘણાખરા ખંડિત અથવા વિશીર્ણ સ્થિતિમાં ઉપેક્ષિત પડ્યા છે છતાં મૌર્યકાળથી ઈ. સ. ૧૦૮૦ સુધીની એકસરખી અંકોડા પૂરતી અનેકવિધ શિલ્પસામગ્રી એકત્રિત થઈ છે પણ બૌદ્ધ કે બ્રાહ્મણ સ્મારકો જેટલી પ્રસિદ્ધિ પામી નથી.

પ્રાચીન તક્ષશિલામાં જે સ્તુપ મળી આવ્યો તેના શિલ્પમાં બાક્ટ્રીયન, ઇરાની, બેબીલોનિયન અસરોવાળી આકૃતિઓ છે. પરંતુ મથુરાની કંકાલી ટેકરીમાંથી જે અપાર શિલ્પખંડો મળ્યા છે તેમાંથી જૈન સંપ્રદાયની એ નગરીમાં કેવી જાહોજલાલી હશે તે સમન્વય છે.

ઘણા માને છે કે ગુફામંદિરો પરથી મંદિરોનું નિર્માણ થયું છે, પરંતુ મંદિરોનાં ગર્ભગૃહની રચના જોતાં તેનો સંબંધ યજ્ઞવેદી સાથે હોય એમ લાગે છે. આવી વેદિકાઓ રચવાની પ્રથા વૈદિક સંપ્રદાય બહારના પણ સ્વીકારતા હતા. જ્યારથી સ્તુપની પૂજા બંધ થઈ ગઈ અને પ્રતિમાપૂજન શરૂ થયું ત્યારથી જૈનોએ પણ મંદિરોની રચના પર ધ્યાન આપ્યું હતું. પણ તે કાળે તે બહુ મોટા પ્રમાણમાં બંધાયાં નહિ હોય. મંદિરનાં વાસ્તુશાસ્ત્રમાં વર્ણવેલા શાંતિક, પૌષ્ટિક, નાપદ એવાં નામો છે; નાગર કે દ્રવિડ એવા ભેદો છે પણ સાંપ્રદાયિક નામ નથી.

મથુરાનગરી જે સમયે સમૃદ્ધિપૂર્ણ હતી તે વખતે ત્યાં અનેક જૈન ધનાઢ્યો વસતા. તેમના દાનથી થયેલાં મંદિરોની જે શિલ્પસામગ્રી કંકાલી ટેકરીમાંથી મળી આવી છે તેમાં જૈન પ્રતીકોથી ભરપૂર તક્ષણપ્રચુરતા અને પ્રતિમાઓ મથુરાના મ્યુઝીયમમાં છે તે તે કાલની કલાની ચરમ સીમા રજૂ કરે છે. મથુરાના શક રાજાઓ હવિષ્ક અને કનિષ્કના સંવત્સરવાળી અનેક જીનમૂર્તિઓ, સ્તુપની વંડીઓના કોતરેલા પથ્થરો, સાંચી અને ભારુતના સાથમાં મૂકી શકાય એવાં છે. એક લેખ વિ. સં. ૭૮ના લેખવાળો છે તે દેવનિર્મિત એટલે તેના નિર્માણના સમયની કોઈને ખબર નથી એવો છે.

મથુરાનો જૈન સમાજ વેપારથી ધનાઢ્ય હતો; એટલે તેમનાં શિલ્પો ઉપર નોંધ મૂકવાની ઘણી ચીવટ બતાવી છે.

અવધકોસલ અને ઉત્તર ભારતના સ્તુપો ઈ. પૂ. ૫૦ વર્ષ પહેલાંના ઠરે છે. જૈન શિલ્પાવશેષો ઉત્તર ભારતમાં બ્રાહ્મીલિપિનો વિકાસ, વ્યાકરણ, પ્રાકૃત ભાષાઓનો ઉદય તેમ જ રાજકીય અને સામાજિક પરિસ્થિતિ અને ઇતિહાસ અને જૈન ધર્મના પૂજાકાંડ પર પ્રકાશ પાડે છે. એ શિલ્પોનું મૂલ્યાંકન કરવા પ્રત્યક્ષ પરિચય થાય અથવા ઉત્તમ ફોટોગ્રાફો જોવા મળે એવું થવું જોઈએ. અલંકારો તેમજ વેલોની સુસ્પષ્ટ કોતરણી ભારતીય કલામાં ગ્રીક ઇરાની આસીરિયન તેમ જ બેબીલોનની અસરો કેટલી ઊતરી હતી તેનાં દૃષ્ટાંતો તેમાં મળે છે. ખાસ કરી પાંખોવાળા સિંહો, દરિયાઈ પ્રાણીઓ તેમ જ વેલબુટીમાં ગ્રીક પ્રકારો ભારતના સંસ્કારવ્યવહારનાં ઉદાહરણો છે, છતાં વસ્તુ સંપૂર્ણ ભારતીય છે. બ્રાહ્મણ, બૌદ્ધ, જૈન સર્વ કોઇ તત્કાલીન દેશવ્યાપી કલાસ્વરૂપોનો પોતાના સંપ્રદાય માટે વિના સંકોચ ઉપયોગ કરતા. બધાનાં પ્રતીકો–રૂઢ પદ્ધતિઓ–એક જ શિલ્પભંડારમાંથી મળી રહેતાં. વૃક્ષ, કઠેડા ચક્રો, શણગારો બધે સરખાં હતાં. જૈન ધર્મના ઈ. પૂ. ના પુરાતન અને આજ સુધીના શિલ્પની પાકી સાક્ષી આપતા ભૂતકાળના મહત્ત્વના અંકોડા ત્યાં મળી રહે છે. જૈન સંપ્રદાયમાં પ્રાચીન વિભાગો "ગણ, કુલ, શાખા" વગેરે પ્રચલિત હતા એ શિલ્પ પરના લેખોથી નક્કી થયું છે. જૈન સાધ્વીઓ સમાજમાં ઊંચો મોભો ધરાવતી હતી એ પણ જાણવા મળે છે. મથુરાનાં શિલ્પોમાં ઈ. પૂ. બસોથી વિ. સં. ૧૦૮૬ સુધીની શિલ્પસૃષ્ટિ જોવા મળે છે.

ઉત્તર ભારતમાં ગુપ્ત સમયમાં જે ગિરિમંદિરો હતાં તેનું અસ્તિત્વ અદ્યાપિ જળવાયું છે, પરતુ સ્વતંત્ર બાંધણીનાં દેવમંદિરોનાં સ્વરૂપો વિરલ છે. જે છે તે બહુ જ નાના કદનાં છે. ચૂનો કે કોઈ બંધ વગર પથ્થરની શિલાઓ ખડકીને ઉપાડવામાં આવતાં આ મંદિરોમાંનાં ઘણાં દક્ષિણના મહાબલીપુરમ્ કે ઐહોલના પરિવાર હોય એવું લાગે. મળી આવતી શિલાઓની લંબાઈ પર તેના વિસ્તારનો આધાર રહેતો. ઉત્તર ભારતમાં ગ્વાલિયરનું તૈલપ મંદિર, સૌરાષ્ટ્રમાં ગોપ, કદવાર, કલસાર વગેરે સ્થળ એનાં સાક્ષીરૂપ છે.

ગુપ્ત સમયની કલા

તાજેતરમાં ગુજરાતમાંથી મળેલાં ગુપ્ત સમયનાં શિલ્પો ઉપર વડોદરાના પુરાતત્ત્વવિદ્ શ્રી ઉમાકાન્ત શાહે નવીન જ પ્રકાશ પાડયો છે. તેમણે અંકોટામાંથી શ્રીઋષભદેવજીની ૩૨·૫ ઇંચની સુંદર ધાતુપ્રતિમા પ્રાપ્ત કરી મ્યુઝીયમને આપી છે. જૈનશિલ્પના કલશ જેવી આ પ્રતિમાથી ગુજરાત સમૃદ્ધ બન્યું છે.

કાલાનુક્રમે આઠમા સૈકામાં ગર્ભમંદિર ઉપરના શિખરોમાં વિકાસ અને ઉઠાવદાર સ્વરૂપો થયાં ને તેમાંથી ઓરિસ્સાનાં રથાકારનાં શિખરોનો પ્રારંભ થયો. દેવતાની પ્રતિમાના બહિરંગ જેવાં એ મંદિરો ગગનગામી સ્વરૂપે વધવા લાગ્યાં. દક્ષિણમાં એ રીતે ગોપુરોથી મંદિરનો વૈભવ વધ્યો. ઉત્તર ભારતમાં ઓરિસ્સાથી પ્રચાર પામેલી શૈલી આર્યાવર્ત અથવા મધ્ય દેશની શૈલી તરીકે પ્રચાર પામી, જેના અવશેષો ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છમાં ઘણે ઠેકાણે મળે છે.

ભુવનેશ્વર અને પુરીનાં મંદિરો જેવાં શિખરોના ઘાટનો પ્રારંભિક પ્રકાર સૌરાષ્ટ્રનું રાણકમંદિર અને ઘૂમલીમાં એક દેવમંદિરમાં જણાય છે. કચ્છમાં કેરા, કોટાઈ વગેરે મંદિરો નવમા સૈકાના નમૂના છે. પણ પછીથી ગુજરાત, રાજસ્થાન અને બુંદેલખંડના શિલ્પીઓએ રંગમંડપ અને તેની જાળીઓને વિમાન સ્વરૂપ આપી જે નાવીન્ય અને ભવ્યતા ઊપજાવી છે તેની આગળ ઓરિસ્સાનાં મંદિરો પહાડ જેવાં તોતિંગ લાગે છે.

રાજસ્થાન અને ગુજરાતમાં દસમી સદીમાં રાજપૂત રાજ્યો થયાં. તેઓનાં દેવમંદિરો, રાજ્યમહેલો, જલાશયો, કિલ્લાઓ બાંધવાની એક અપૂર્વ હરીફાઈ લાગી હોય એમ દેખાય છે. મૂળરાજ સોલંકીએ ગુજરાતમાં રુદ્ર મહાલયનું બારમાળનું મંદિર શરૂ કર્યું તે વખતે સ્થાપત્યમાં ગુફામંદિરમાં ભારેખમ સ્તંભો અને કોતરકામની પ્રણાલિ જીવતી હશે. ચૌલુક્યો કદાચ દક્ષિણના સ્થપતિઓ કે રૂપનિર્યોજના લાવ્યા હશે એવું એ સમયના દાઢી, ચોટલાવાળા સૈનિકો અને રાજવીઓની મૂર્તિઓ પરથી ધારી શકાય. પરંતુ મંદિરને ઊંચું લેવું, ગગનચુંબી શિખર કરવું એ વિચાર તો ઉત્તર ભારતનો જ હતો. નવાં રાજ્યોની સ્થાપના સાથે શાંતિભર્યા ધંધા કરનારી જૈન પ્રજાએ નગરોની જાહોજલાલીમાં સારો ભાગ ભજવ્યો હશે અને ઉપયોગી સમાજ તરીકે પણ આદર પામ્યા હશે. સૂર્ય, શૈવ કે વિષ્ણુના ઉપાસક રાજાઓથી તેમને કદી ઉપદ્રવ થયો જાણવામાં નથી. તેઓ વસ્તુસંચય કરવાનાં અને દ્રવ્યસંચય કરવામાં પ્રવીણ હોઇ અનેકવાર રાજ્યકર્તાઓને આપત્તિ વખતે સહાયકારક બન્યા હતા એ પણ વનરાજ ચાવડાના સમયથી સુવિદિત છે. ગુજરાતનાં નવાં પાટનગરો — શહેરો વસ્યાં ત્યારે તેમાં આગળ પડીને બાંધકામો કરનાર જૈન સમાજો હતા. તેમની વ્યાપારકુશળતા અને અર્થવ્યવસ્થાના અનુભવે તેમાંનાં કેટલાક ક્રમે ક્રમે ગુજરાતના રાજપુરુષો, મુત્સદ્દીઓ અને ધનાઢ્ય વેપારીઓ થયા. અન્ય સંપ્રદાયોની ધાર્મિક સંસ્થાઓ અને મંદિરો રાજ્યાશ્રયથી સર્જાયેલાં અને નભેલાં તે રાજ્યાશ્રય જતાં ખંડિત થયાં તથા ઉપેક્ષા પામ્યાં. તેમના નિર્વાહ કે મરામત માટે ખર્ચ કરનાર કોઈ રહ્યું નહિ, જ્યારે જૈનધર્મના શ્રીમંતો અને દાનવીરોએ દેવકાર્યમાં પોતાની સંપત્તિ આપી ચિરકાળનો યશ પ્રાપ્ત કર્યો છે.

૧૧મી સદીના પરદેશી હુમલાથી ઉત્તર ભારત પાદાક્રાન્ત થઈ ગયો હતો, રાજ્યકુળો જડમૂળથી ઉખડી-ગયાં હતાં અને પ્રજાના મોટા સમુદાયો દક્ષિણ તરફ ભાગી છૂટ્યા હતા. તે વખતે ધર્મદ્વેષથી પણ પરદેશી સૈન્યોએ દેવમંદિરો, પ્રતિમાઓ અને ગ્રંથોનો સર્વનાશ કરવાનો નિર્ધાર કર્યો હતો.

આવા વિકટ સમયમાં કલા કારીગરી પર નભતા સમાજનો તો શો આશરો ? પણ ગઝનીનાં ધાડાં પાછાં વળ્યાં કે તુરત જ આબુ, શત્રુંજય અને ગિરનાર ઉપર શિલ્પીઓનાં ટાંકણાનાં તાલ પડવા લાગ્યા અને જૈનધર્મના દેવમંદિરો પહેલાંની જેમ આરતીપૂજાથી ગાજી રહ્યાં.

જૈન સંપ્રદાયનું એક વિશેષ સુજ્ઞ કાર્ય એ છે કે ખંડિત થયેલ મંદિર કે પ્રતિમાની પુનઃ પ્રતિષ્ઠા કરી તેને ઉપયોગમાં લઈ શકાય છે. આથી પૂર્વજોએ કરેલાં કીર્તિકાર્યો સચવાઈ રહે છે અને પ્રજાના કલાસંસ્કારને પૂર્તિ આપે છે. આ રીતે શત્રુંજય, આબુ, ગિરનાર, રાણકપુર વગેરે જૈન પ્રજાના જ નહિ પણ સકલ ભારતવર્ષના કીર્તિધ્વજસમાં મોજૂદ છે.

આબુનું સૌથી જૂનું મંદિર સં. ૧૦૮૮માં ભોળા ભીમદેવના મહામંત્રી વિમળશાહે બંધાવ્યું હતું અને બીજાં મંદિરો ઈ. સ. ૧૨૩૦ના અરસામાં વાઘેલાના મંત્રીઓ વસ્તુપાળ તથા તેજપાળે બંધાવ્યાં.

આબુ દેલવાડાનાં મંદિરો

આ મંદિરોનું બાંધકામ ધોળા આરસથી કરેલું છે. આસપાસ વીસ કે ત્રીસ માઈલ પર આરસની કોઈ ખાણ નથી. એટલે ઘણે દૂરથી આટલો પથ્થર ઉપર પર્વત ચડાવવાનું કામ કરવામાં અપાર ખર્ચ અને શ્રમ લાગ્યાં હશે. પણ જૈન કોમ ધર્મનાં કાર્યમાં ખર્ચ કે સમયનો હિસાબ રાખે નહિ એવી પ્રથા એ વખતે હશે. અને તેથી જ શિલ્પ કલાધરોએ તેના નિર્માણમાં જે નૈપુણ્ય તથા નવીન પ્રકારોની અજબ સૃષ્ટિ અદ્ભુત ધીરજ અને ઝીણવટથી આકારબદ્ધ કરી છે તે જગતના સર્વ પ્રવાસીઓને અને કલાકારોને વિસ્મયમુગ્ધ કરી દે છે.

આ મંદિરોની કલામાં ગુજરાતના શિલ્પીઓએ આઠમી સદીના ખજુરાહોના મંદિરો કરતાં જે વિશેષતા કરી છે તે તેના રંગમંડપની રચના છે. તે પહેલાંના રંગમંડપોની છત ચારેપાસની દીવાલો પર ટકાવવામાં આવતી અને તેની ઉપર નાનું મેરુ ઘાટનું શિખર થતું. મંડપને કદી કદી અંદરથી બે બાજુ જાળિયાં અથવા વિમાનઘાટના ગવાક્ષો કે ઝરૂખા મૂકવામાં આવતાં. પરંતુ ગુજરાતના શિલ્પીઓએ આઠ થાંભલા પર ગોળાકારે લાંબી શિલાઓ ગોઠવી ઉપરથી અઠાંસ મારી ધીરે ધીરે નાનાં થતાં ગોળ વર્તુલોનો ઉપર મળી જતો ઘુમ્મટ રચ્યો. તેમાં ય જગતને અપાર આશ્ચર્ય કરાવતું નકશીદાર આરસનું ઝુમ્મર જેને મધુચ્છત્ર કહે છે તે ગુજરાતના શિલ્પીઓનું નાવીન્ય છે. મંદિરની રચનામાં દ્વારમંડપ, શૃંગારચોકી, નયચોકી, ગૂઢમંડપ, ગર્ભગૃહ, તોરણ શિખર, મંગળ ચૈત્ય વગેરે વિભાગોવાળો શિલ્પવિસ્તાર છે.

રંગમંડપના સ્તંભો પર વિવિધ વાદ્યો સહિત ઊભી રાખેલી અપ્સરાઓ, વિદ્યાધરીઓ, નર્તિકાઓ, સ્તંભો પર સંમોસરણ્ તથા ભીંતો અને છતો પર કોરેલાં ઋષભદેવના જીવનપ્રસંગો, નાગપ્રબંધ, અનેક શરીર છતાં એક મસ્તકવાળું માનવપ્રબંધ એ બધું શિલ્પકલાનો વ્યાપક સમાદર બતાવે છે.

જૈન સંપ્રદાયમાં જાણે એ કાળે એવી માન્યતા હશે કે મંદિરમાં કોઈ ઠેકાણે સપાટ પ્રદેશ ભીંત કે છતમાં ખાલી રખાય નહિ. એનાં દૃષ્ટાંત તરીકે દેરાણી-જેઠાણીનો ગોખ બતાવવામાં આવે છે. કિંવદન્તી પ્રમાણે કારીગરોને આગળ કામ કરી શકે માટે વધુ વધુ કોતરી ધૂળ લાવે તેની ભારોભાર રૂપું કે નાણું મળતું, એનું રહસ્ય એટલું જ કે કલાકારીગીરી માટે દેવમંદિરમાં દ્રવ્યનો સંકોચ લેશભાર નહોતો થતો. સામાન્ય જનને તો એ દેવસૃષ્ટિમાં ગયાનો આનંદ થાય અને સંસ્કારીને કલાની સમાધિ લાગે એવાં એ કાર્યો નિઃશંક બન્યાં છે.

આબુની પ્રશસ્તિ તેના શિલ્પવૈભવ માટે થાય છે તો મારવાડના રાણકપુરના મંદિરમાં ૪૨૦ સ્તંભોની રચના, સુમેળ અને મંદિરનો સ્થાપત્ય પ્રભાવ ભારતનાં ગણનાપાત્ર સ્થાનોમાં પદ અપાવે છે.

રાણકપુર

મંદિરને ઉન્નત સ્વરૂપ આપવાની યોજના, બે માળથી ભવ્યતા વધારવા મેઘનાદ મંડપ નામનો પ્રકાર ભારતીય સ્થાપત્ય રચનામાં સ્થપતિની બુદ્ધિનો યશોધ્વજ છે. અનેક સ્તંભો દ્વારા આગળના શિલ્પીઓએ રંગમંડપમાં ચારે દિશાઓનાં હવાપ્રકાશ ખેંચ્યાં તે જ પ્રમાણે મેઘનાદ મંડપે ઉપરના માળના સ્તંભોમાંથી હવાપ્રકાશ સાથે મંડપની ઊંચાઈ વધારી આપી.

પવિત્ર, સ્વચ્છ અને જનસંપર્કથી અલગ શાંત વાતાવરણ મેળવવા માટે ગિરિનિવાસનું માહાત્મ્ય ભારતમાં પુરાણપરિચિત છે. પણ તેનો શ્રેષ્ઠપણે ઉપયોગ કરવામાં જૈન સંપ્રદાયે શત્રુંજયનાં શિખર ઉપર મંદિરોની જ નગરી કરીને અવધિ કરી બતાવી છે.

શત્રુંજય, ગિરનાર અને તારંગા

સૌરાષ્ટ્રમાં પાલીતાણા આગળ ભાગ્યે જ ૧૦૦૦ ફૂટ ઊંચી ટેકરી ઉપર માનવીની સાધનાએ જે અજબ દૃશ્ય રચ્યું છે તેનો જોટો અન્ય નથી. પુણ્યપ્રાપ્તિ માટે મંદિર બંધાવવા જેવું કોઈ કાર્ય નથી એવી દૃઢ આસ્થા જૈનોમાં હોવાથી લગભગ ૧૦માંનાં ૯ મંદિરો કોઈ એક જ ગૃહસ્થના દાનથી બન્યાં છે. સ્વાભાવિક રીતે દાનકર્તા પોતાનું નામ અમર રહે માટે મંદિરના શોભા-શણગાર-નકશી પાછળ થાય એટલું ખર્ચ કરે છે. આ મંદિરોનો ખરેખરો રચનાકાળ નિશ્ચિત નથી. કોઈ તો જરૂર ૧૧મા સૈકાનું હશે પરંતુ ૧૪મા – ૧૫મા સૈકામાં વિદેશી હુમલાઓથી ખંડિત થયેલાં તેનો જીર્ણોદ્ધાર કરતાં પહેલાંના જેવી શુદ્ધિ રહી નથી. ઘણે ઠેકાણે મરામતને કારણે પ્લાસ્ટરના લેપડા નીચે ઘણું અદૃશ્ય થયું છે. પણ આ મંદિરમાં ૧૪થી ૧૮મા સૈકા સુધીના અનેક પ્રકારના સ્થાપત્ય નિર્માણના નમૂના મળી આવે છે.

પાછળના કાળમાં પ્રતિમાઓ અને ચિત્રોનું રૂપકામ તથા નકશીના ઉઠાવ નબળાં જણાય છે. પણ તેમાં પરંપરા વિશુદ્ધ રહી છે, એટલે પુનરુદ્ધારના અભ્યાસી માટે ત્યાં ઘણું સાધન છે. જો કોઈ સંશોધક મંડળ તેના નકશા, નોંધ અને પુરાણકથા સંપૂર્ણ રીતે ચિત્રો સાથે તૈયાર કરી શકે તો સ્થાપત્યનું એક અનેરું પુસ્તક થાય.

ગિરનાર અને તારંગાનાં મંદિરોની ભૂતળરચના વિચક્ષણ છતાં બુદ્ધિયુક્ત રચનાઓ છે. ઉપરના સમુદ્ધાર કાર્યમાં અજ્ઞાન શિલ્પીઓએ તેમના પૂર્વજોની કીર્તિ પર અસ્તર માર્યાં છે. બનાસકાંઠામાં અને કચ્છમાં જે જિનમંદિરો છે તેનું અસલ સ્વરૂપ તો ક્યાંય રહ્યું પણ જીર્ણોદ્ધારને નામે આરસ અને ટાઈલ્સની વખારો અથવા કાચના ઠઠેરા બની ગયા છે. મુંદ્રા આગળનું ભદ્રેશ્વરનું પ્રાચીન પ્રસિદ્ધ મંદિર જગડુશાહે બંધાવેલું તેની સર્વ ભીંતો ચૂનાના અસ્તરથી સન્યાસીના મુંડાની જેમ વીતરાગ બની ગઈ છે, અને દ્વારની કમાનો પર રમકડાં જેવી મડમો અને અંગ્રેજી પૂતળાંના બેહૂદા ઢગલા છે, આ આરોપની સામે ધન્યાસપદ અપવાદ રૂપે રાણકપુર અને આબુનું જીર્ણોદ્ધાર કામ ગણી શકાય. એનું ઉદાહરણ સર્વત્ર સ્વીકાર પામે તો જ આગલાં પાપોનું પ્રાયશ્ચિત્ત થાય.

મંદિરોના દાનવીરો અને શિલ્પીઓ જ્યાં સુધી સંસ્કાર અને વિદ્યાના ઉપાસકો હતા ત્યાં સુધી જૈન સંપ્રદાયે કરાવેલાં મંદિરો, પ્રતિમા અને અલંકારો અને અન્ય પદાર્થો જેવા કે દીપસ્તંભો, ધાતુપ્રતિમાઓ, દીવીઓ વગેરેમાં એક રમ્ય ઝલક સચવાતી રહી હતી પણ ૧૯મી સદી પછી બ્રિટિશ વર્ચસ્વ વધતાં એ સંસ્કારો લુપ્ત થયા અને આજે ઉપર કહ્યા તેવા હાલ ઘણે ઠેકાણે થયા છે.

મરામત અને રંગકામ પાછળ તમામ મંદિરોનો ખર્ચ કુલ વર્ષે એંશી–પંચાશી લાખ રૂપિયા થવા જાય છે એમ એક સંભાવિત વ્યક્તિએ કહ્યું હતું. તેમ હોય તો જૈન કોમ આ કાર્ય માટે પૂર્ણ અભ્યાસી શાસ્ત્રજ્ઞ કુશળ કલાકાર ને નિરીક્ષકો નીમીને ફરી પૂજ્ય સ્થાનોની પ્રતિષ્ઠાનું રક્ષણ કરી શકે છે.

રંગ અને ચિત્રની હકીકત પર આવતાં મંદિરોમાં થતું ચિત્રકામ અને રંગકામ આજકાલના સુસંસ્કારી જનની રુચિને સંતોષે એવું થતું નથી. કારણ કે તેમાં કોઈ પ્રકારે જૈન કલાની પ્રાચીન શિષ્ટતા કે પરિપાટીનો સંભાસ કે અસર નથી. આધુનિક બજારુ રમકડાં જેવા રંગરાગ અને ભેંકારાં સંગીતમાંથી કોમની પ્રજાને કયા સંસ્કાર અને સદ્‌ગુણોની પ્રાપ્તિ થશે એ માનસશાસ્ત્રનો પ્રશ્ન બને છે. પણ ગુજરાતને ગૌરવ લેવા જેવી હકીકત એ છે કે ભારતવર્ષમાં અજંતા પછી ૧૧મી સદીથી અપભ્રંશ થયેલી કલાનું એક મોટું આશ્રયસ્થાન ગુજરાત અને મારવાડ હતું. મોટે ભાગે ૧૩મીથી ૧૬મી સદીના કલ્પસૂત્રો અને કાલક કથાનાં હસ્તગ્રંથોમાં જ એ કલાનાં અવશેષો રક્ષાયેલાં મળ્યાં હતાં, અને તેથી જ વિદ્વાનો ભારતીય કલાના ઇતિહાસની ખૂટતી કડીઓ મેળવી શકયા છે. સને ૧૯૧૦માં આરંભાયેલ સંશોધન પ્રવૃત્તિમાંથી આજે એ ફલિત થયું છે કે એ કલા રાજસ્થાન, નેપાળ, બંગાળ અને દક્ષિણ સુધી વિસ્તરી હતી પણ મોટું સરોવર સુકાઈ જતાં છેવટનું જળ જેમ એક મોટા ખાડામાં સચવાઈ રહે તેમ ગુજરાતના ધનાઢ્ય જૈન સમાજે એ કલાને ગ્રંથભંડારોમાં સાચવી રાખી હતી અને ધર્મ સંબંધથી પ્લુત એ પ્રકારની પરંપરા અને રૂઢિનું રક્ષણ કર્યું હતું. અને હવે તે નવા યુગના કલાકારોના તેમજ વિદ્વાનોના અભ્યાસમાં એક અગત્યનું પ્રકરણ બની ચૂકી છે.

એના પ્રચાર અને પરિશીલન માટે સુંદર પ્રકાશનો કરવાનો યશ અમદાવાદના એક તરુણ ગૃહસ્થ શ્રી સારાભાઈ નવાબને આપીશું.

ગ્રંથસ્થ કલાના નમૂના ઉપરાંત એમણે આઠમી સદીની જિન ધાતુ પ્રતિમાઓનું સંશોધન અને સંગ્રહ કરી દક્ષિણ ભારતની ધાતુ પ્રતિમાઓની બરોબરી કરે એવો એક કલાપ્રદેશ પ્રકાશમાં આણ્યો છે.

કાષ્ઠ શિલ્પના ઉત્તમોત્તમ નમૂના પાટણનાં ગૃહમંદિરો કે ઘરદહેરાસરો છે. આ અપૂર્વ ભારતીય શિલ્પકૃતિઓની નિકાસ કે વેપાર પર અટકાયત મુકાવી જોઈએ. મંદિરોના નાના નમૂનાઓ ઉપરાંત કાષ્ઠ શિલ્પીઓએ જૂના મંદિરોની છતોમાં કાષ્ઠ પૂતળીઓ, નકશીઓ, પ્રસંગો અને નકશીદાર સ્તંભો કોતર્યા છે. એ આરસના તક્ષણની પૂરી સ્પર્ધા કરે છે.

પાટણ અને અમદાવાદમાંથી અનેક કલાશિલ્પની અપ્રાપ્ય વસ્તુઓ પરદેશના સંગ્રહાલયોમાં પહોંચી ગઈ છે. એ માટે હવે સૌ જૈન કલાપ્રેમીઓને ખેદ થવો જોઈએ અને હવે પછીથી એવી વસ્તુઓ મેળવવા ઉદાર દાનફંડમાંથી તેની ખરીદી કરી સંગ્રહ રચવો જોઈએ, જેથી પ્રજા જૈનકલા માટે સુયોગ્ય રીતે ગૌરવ લઈ શકે. ઉપરાંત કુશળ અને કલાવિદ્ વિદ્વાનો પાસે એ વસ્તુઓની પરીક્ષા, કદર અને નોંધ કરાવી ઉત્તમ ચિત્રો સાથે તેના ગ્રંથો પ્રજા સમક્ષ મૂકવાથી જૈનકલાની સંપૂર્તિમાં યશકલગી ઉમેરાશે.

જૈન ધર્મ અને જૈન સંસ્કૃતિની કેટલીક લાક્ષણિકતાઓ

પ્રા૦ અમૃતલાલ સવચંદ ગોપાણી, એમ્.એ., પીએચ્.ડી.

આર્ય સંસ્કૃતિના નિર્માણ અને ઘડતરમાં વૈદિક અને બૌદ્ધ સંસ્કૃતિઓની જેમ અને જેટલો જ જૈન સંસ્કૃતિનો પણ ફાળો છે. જૈન એટલે "જિન"નો ભક્ત, અનુયાયી અને મન, વાણી તથા શરીર આ ત્રણે ય ઉપર જેણે સર્વાંગસંપૂર્ણ વિજય મેળવ્યો હોય તે "જિન". આ "જિન" પછી ગમે તે દેશનો હોય, ગમે તે કાળે થઈ ગયો હોય અને ગમે તે ફિરકાનો હોય. આ એની ઉદારમાં ઉદાર વ્યાખ્યા છે. આમાંથી જૈન ધર્મ અને સંસ્કૃતિની અનાદિતા સ્વતઃ ફલિત થાય છે. જૈન ધર્મ અને સંસ્કૃતિનો ઉગમ કોઈ પણ અન્ય ધર્મ કે સંસ્કૃતિમાંથી થયો નથી; એનું અસ્તિત્વ સ્વતંત્ર છે. ઐતિહાસિક પ્રમાણો અને પુરાણમાં પુરાણ ગણાતાં શાસ્ત્રો અને ગ્રંથોમાં આવતા ઉલ્લેખો ઉપરથી આ વિધાન હવે અસંદિગ્ધ રીતે પુરવાર થઈ ચૂક્યું છે. એના ઉપર અન્યે, અને અન્ય ઉપર એણે પ્રભાવ અને સંસ્કાર નાખ્યા છે — આ બન્ને વસ્તુઓ સ્વીકારવી જોઈએ. સંસ્કૃતિઓ પારસ્પરિક અસરથી તદ્દન મુક્ત રહી શકતી નથી એ સિદ્ધાંત સર્વમાન્ય છે.

અહિંસા જૈન ધર્મ અને સંસ્કૃતિનો પ્રાણ છે. એટલા માટે એને અહિંસા ધર્મ તરીકે પણ વ્યવહારમાં ઓળખાવવામાં આવે છે. એના મૌલિક સિદ્ધાંતો પૈકીમાં કર્મવાદનો સિદ્ધાંત મોખરે છે. જન્મ અને મરણના ફેરાઓથી રચાતું સંસાર ભ્રમણ એ એક મહાનમાં મહાન દુઃખ એને હિસાબે ગણાય છે. આ દુઃખ કર્મજન્ય છે. ચોરાશી લાખ યોનિઓમાં ભમતો ભમતો, ઉત્ક્રાન્તિ સાધતો સાધતો આત્મા કર્મમુક્ત થઈ છુટકારો મેળવે છે. એ મોક્ષ સાધ્ય કરી આપવામાં ઈશ્વરાદિ કોઈ બાહ્ય તત્ત્વ નિમિત્ત કારણભૂત નથી બનતું. આત્માએ પોતે જ સિદ્ધિ હાંસલ કરવાની છે. એટલે એનામાં અનંત સામર્થ્યનો સ્વીકાર કરવામાં આવ્યો છે. બાહ્ય પદાર્થની આપખુદ મહેરબાની ઉપર એને જીવવાનું નથી. એ પોતે જ કર્તા, ભોક્તા અને હર્તા છે. પોતાનાં સુખ-દુઃખ માટે કોઈને પણ એ જવાબદાર ન ગણી શકે. આમાં રાગ-દ્વેષની પરિણતિનો પરિહાર સમાવિષ્ટ થઈ જાય છે. નિરહંકાર મિશ્રિત પુરુષાર્થનું સંકલન પણ આ સિદ્ધાંતમાંથી જ સ્વતઃ સરે છે, ઝરે છે.

જડ અને ચેતન અર્થાત્ અજીવ અને જીવ—આ બે મુખ્ય તત્ત્વો સ્વીકારી, બીજાં સાત તત્ત્વોને—પુણ્યપાપાદિને—અજીવના અવાંતર ભેદો તરીકે સ્થાપી કુલ્લે નવ તત્ત્વોની પ્રરૂપણા જૈન ધર્મે કરી છે.

જગતના સ્રષ્ટા અને સંહારક તરીકે "ઈશ્વર"ને કલ્પનાર ધર્મોની દૃષ્ટિએ જૈન ધર્મ નિરીશ્વરવાદી ગણાતો હોય તો ભલે ગણાય, પરંતુ નિરીશ્વરવાદી એટલે નાસ્તિક અને નાસ્તિક એટલે નીતિની આવશ્યકતા અને મૂલ્યમાં નહિ માનનાર એવો જો અર્થ કરવામાં આવતો હોય તો તે કેવળ ભ્રાન્ત, અજ્ઞાનયુક્ત અને ન્યાયવિહીન છે. પાપ અને પુણ્યમાં અનીતિ અને નીતિના મૂલ્યાંકનો અંતર્ગત જ છે. આ કહેવાની પણ જરૂરત નથી.

પૃથ્વી, પાણી, તેજ, વાયુ આદિ ઈશ્વરકર્તૃક નથી. તેઓનું અસ્તિત્વ પોતપોતાના ખાસ નિયમોને આભારી છે. ઈશ્વરત્વ આ રીતે જૈન દૃષ્ટિને અનુકૂળ નહિ હોવા છતાં આત્મા પોતે પોતાને બળે પરમાત્મા બની શકે છે એ રીતે ઈશ્વરત્વનો એ અંગીકાર પણ કરે છે.

કર્મને આભારી સંસારત્વ છે એમ પ્રતિપાદી તમામ પ્રાણ, જીવ, ભૂત અને સત્ત્વને સમકક્ષ બનાવ્યા છે ને ઉચ્ચ, નીચનો ભેદ ટાળ્યો છે, વર્ણ અને જ્ઞાતિના વિચારને બહિષ્કૃત કર્યો છે અને સ્ત્રી–પુરુષના એકસરખા અધિકારની હિમાયત કરી છે. આ રીતે કરેલી જગત્ પ્રત્યેની જૈન ધર્મની અપૂર્વ સેવા ઉવેખવા કે હાંસી કરવા જેવી તો છે જ નહિ, પરંતુ સન્માનવા જેવી છે. વર્તમાનમાં ચાલી રહેલ ભીષણ તાંડવને ખાળવાની અને અરાજકતાને સ્થાને સુરાજ્ય સ્થાપવાની, મારામારી અને કાપાકાપીને નાબૂદ કરવાની, શોષણ, લાંચ, રુશવત વગેરે બદીઓને નિર્મૂળ કરવાની, એકને ભોગે બીજાની જીવવાની અસદ્ વૃત્તિને વિદાય આપવાની શક્તિ કે કામયાબી કોઈપણ પ્રચલિત સંસ્કૃતિમાં સાંપ્રતમાં હોય તો તે કેવળ જૈન સંસ્કૃતિમાં છે. નીતિની નાદારીને દેવાળું કાઢતાં બચાવવાની અને કાચી પડવા જતી આસામીને ફડચામાં નહિ જવા દેતાં ટકાવી રાખવાની સંપૂર્ણ યોગ્યતા જૈન ધર્મ પ્રતિબોધિત અને પ્રરૂપિત અહિંસાના, કર્મવાદના, અનેકાંતના અને પંચમહાવ્રતોનાં તત્ત્વોમાં છે. આ સંસ્કૃતિના હાર્દને સમજ્યે અને પચાવ્યે જ વર્તમાન ભ્રાન્ત અને મદમત્ત જગતનો છુટકારો છે—આ સંસ્કૃતિમાં એવાં ઉન્નાયક તત્ત્વો છે એ કારણે.

જૈન ધર્મની પ્રાચીનતા પુરવાર કરતો બડલીનો શિલાલેખ મોજૂદ છે. શ્રેણિક, ચંદ્રગુપ્ત, બિંદુસાર, અશોક, સંપ્રતિ, ખારવેલ, વિક્રમાદિત્ય, મુંજ, ભોજ વગેરે વગેરે ઐતિહાસિક રાજાધિરાજાઓએ જૈન ધર્મને સપૂચો અપનાવ્યો હતો અથવા તો વેગ આપ્યો હતો. સિદ્ધરાજ, કુમારપાળ વગેરેએ તો જૈન ધર્મની સારી એવી પ્રભાવના કરી હતી એ તો હવે કયાં છાની વાત રહી છે ? જૈન ધર્મે દક્ષિણમાં પણ પોતાના પ્રભાવનો પ્રસાર સારો કર્યો હતો. મહાપ્રતિભાશાળી જૈન સાહિત્યકારોએ, કવિવર્યોએ બીજાઓને મોમાં આંગળી ઘાલવી પડે એવી સાહિત્યની ચિરંજીવ કૃતિઓનું નિર્માણ કર્યું છે. સ્થાપત્યના, ચિત્રકળાના, સાહિત્યના—ટૂંકમાં બુદ્ધિના એકેએક પ્રદેશમાં જૈન સાધુઓએ અને શ્રાવકોએ નિર્દોષ વિહાર કરી બતાવી જગતમાં નામ સ્થાપ્યું છે, કાઢયું છે. વસ્તુપાળ, તેજપાળ, જગડુશા, ભામાશા વગેરે દાનવીરોએ ફોર્ડ કે રોકફેલરને ભુલાવી દે એવું કરી બતાવ્યું છે. જૈન ધર્મની અને સંસ્કૃતિની જગતને આ દેણ છે. એની પુરાણી યશોગાથાને અહીં સ્પર્શવામાં ડંફાશ મારવાનો કોઈ અપ્રશસ્ત હેતુ નથી, પરંતુ એ ધર્મ અને સંસ્કૃતિ મહાપ્રાણવાન, સત્ત્વશાળી સંસ્કૃતિના બીજ ધરાવે છે એ તરફ કેવળ અંગુલિનિર્દેશ જ કરવાનો હેતુ છે.

સાધુ, સાધ્વી, શ્રાવક, અને શ્રાવિકા—આ ચાર ચતુર્વિધ જૈન સંઘના એકમ, ઘટક. પહેલાં બેને પાળવાનો ધર્મ તે અણગાર ધર્મ અને બીજા બેનો તે આગારધર્મ. પોતપોતાના કર્તવ્યપાલનની મર્યાદામાં રહી એ ચારે ય આત્મોન્નતિ સાધી સંપૂર્ણ દશાએ પહોંચી શકે છે. એ ચારેયે અમુક જ સ્થિતિ અવશ્યમેવ પ્રથમથી સ્વીકારવી જોઈએ એવું કાંઈ નથી. પોતપોતાની મર્યાદાના વર્તુળમાં રહી, સદાચાર સેવી, વિકાસ વધારતાં વધારતાં અંતે છુટકારો મેળવી શકે. આ ઔદાર્યનો દાખલો છે. સંકુચિત નહિ પરંતુ વિસ્તારિત—તદ્દન વિસ્તારિત દૃષ્ટિનું આ ઉદાહરણ કહેવાય. સાધુ અને શ્રાવકના ધર્મનું નિરૂપણ પારિભાષિક હોઈ અહીં અપ્રસ્તુત છે. સંયમ અને તપ દ્વારા અશુદ્ધિઓનું પરિમાર્જન કરવાની પરમ આવશ્યકતા બન્નેમાં નિર્ધારાઈ છે. વંશપરંપરાથી કે પેઢાનુપેઢીથી આચાર્ય કે એવા કોઈ પદની પ્રાપ્તિ થતી નથી. આચાર્યના ગુણ ધરાવતો હોય તો જ આચાર્ય કહેવાય, વય કે લિંગ આદરનું સ્થાન નથી, ગુણની જ પ્રતિષ્ઠા કરવામાં આવી છે. જૈન ધર્મ રૂઢિચુસ્ત નથી પણ વેગવાન્ વિકાસમાં જ માનનારો છે એવું જ્વલંત પ્રતીક આથી બીજું કયું હોઈ શકે ? માત્ર જ્ઞાન કે માત્ર ક્રિયા—આ બન્ને એકાંતો હોઈ એનો અસ્વીકાર કરવામાં આવ્યો છે અને એને સ્થાને જ્ઞાનક્રિયા સમુચ્ચયવાદને મૂકવામાં આવ્યો છે. સાધુ–સાધ્વીએ

મધુકરવૃત્તિથી ગોચરી કરવાની કહી છે. માલ મલીદા આત્મરમણના પોષક નથી એમ કહી એનો નિષેધ કરવામાં આવ્યો છે. "શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્" આ સિદ્ધાંતના પુરસ્કર્તાઓ સામે લાલ બત્તી ધરતાં એ ભાખે છે કે ગરીબને એક ટુકડો પણ ન મળતો હોય ત્યાં બીજાએ પાડેલા પરસેવાથી રળેલા અનાજનો કે ભોજનનો નફકરા બની તમે ઉપભોગ ન કરી શકો. ફલાણું વિટામિન એમાં નથી એ જોવાનું એને ન હોય. સંયમ-યાત્રાના નિર્વાહમાં ઉપયોગી બને એટલી હદે જ શરીરની સંભાળ હોવી જોઈએ—આ એક જ મુખ્ય વાત. દાન-દયાની ઉપાદેયતા વ્યવહારનયે એ સ્વીકારે છે જ. ક્રિયાશૂન્ય, આત્માની શુષ્ક જ્ઞાનની વાતો તરફ એને નફરત છે.

જીવ અને અજીવ—આ બે મુખ્ય તત્ત્વોમાંથી ફલિત થતા નવ તત્ત્વોનો સ્વીકાર જૈન દર્શન કરે છે એ આગળ કહેવાઈ ગયું. આમાં જીવના, સંસારી અને મુક્ત; સંસારીના ત્રસ અને સ્થાવર; પૃથ્વીકાયાદિ પાંચ એ સ્થાવર ભેદ. ઈંદ્રિયાદિ ભેદો પણ ભેદો છે. ત્રસમાં બે ઈંદ્રિયોથી માંડી પાંચ ઈંદ્રિયો સુધીના ભેદો છે જ્યારે સ્થાવર એકેંદ્રિય છે. પાંચ અસ્તિકાયો—ધર્માધર્માદિ—અજીવના ભેદો છે. આમાં કાળને ભેળવી છ દ્રવ્યોની કલ્પના કરવામાં આવી છે. જૈન દર્શન વિષયક દૃષ્ટિને પ્રધાનપણે ધ્યાનમાં રાખી આ ઉપર કહી તે બાબતોની તાર્કિક કલ્પના, યોજના અને સિદ્ધિ પણ કરવામાં આવી છે જેના ઊંડાણમાં ઊતરવું એ અહીં અભીષ્ટ નથી.

બધા જ જીવોનો મોક્ષ થાય તો સહેજે એક સ્થિતિ અને એક સમય એવો આવીને ઊભો રહે કે જે વખતે સંસાર જેવું કાંઈ હોય જ નહિ. ઉત્તર પક્ષની આ શંકાનો જૈનદર્શન એ રીતે જવાબ આપે છે કે ના, એમ નથી. કારણ કે જીવોના પણ ભવ્ય અને અભવ્ય એવા બે મોટા વિભાગો પાડવામાં આવ્યા છે. આમાંથી જે અભવ્ય છે તે સ્વભાવે જ એવા છે કે એમનો મોક્ષ કદાપિ થતો જ નથી. આ અભવ્ય જીવોની ઉપમા શાસ્ત્રકારોએ (જૈન) કોરડુ મગની આપી છે. કોરડુ મગ કદી પણ પાકતા નથી. આમ એ અભવ્ય જીવો પણ કદી મોક્ષ મેળવતા નથી.

આત્માની સાથે કર્મના સંયોગને અનાદિ માનવા જતાં સામો પક્ષ એક મુશ્કેલી આ ઊભી કરી શકે કે અનાદિ વસ્તુનો નાશ થાય નહિ અને એમ માનવા જતાં સંપૂર્ણ કર્મનો નાશ અશક્ય બની જઈ મોક્ષનો પણ અસંભવ ઊભો થશે. આ મુશ્કેલીનો જૈન શાસ્ત્રકારોએ એવી રીતે ઉકેલ આપ્યો છે કે આત્મા સાથે નવાં કર્મો બંધાતા જાય છે અને જૂનાં ખરતાં જાય છે. આવી બાબતમાં કોઈપણ એક કર્મની યુતિ અનાદિ નથી, પરંતુ કર્મયુતિનો પ્રવાહ જ અનાદિ કાળથી ચાલ્યો આવે છે અને આ ઔપચારિક રીતે આત્મા સાથે કર્મો અનાદિ કાળથી જોડાયેલા છે એમ સમજવાનું છે.

જૈન દર્શને આત્માને ચૈતન્ય સ્વરૂપ, પરિણામી, કર્તા, સાક્ષાત્ ભોક્તા, દેહપરિમાણી, પ્રતિક્ષેત્રે ભિન્ન, પૌદ્ગલિક અદૃષ્ટવાન્ માન્યો છે. જ્ઞાનને આત્માનું મૂળ સ્વરૂપ કહી નૈયાયિકોથી જૈનમત જુદો પાડ્યો છે. પરિણામી, કર્તા અને સાક્ષાત્ ભોક્તા કહી પરિણામરહિત—ક્રિયારહિત માનનાર સાંખ્યમતથી ભિન્નતા પ્રરૂપી છે. દેહપરિમાણી એવું લક્ષણ બાંધી આત્મા સર્વવ્યાપી છે એવું કહેનાર વૈશેષિક, નૈયાયિક, અને સાંખ્ય મતનો અનાદર કર્યો છે. શરીરે શરીરે આત્માનું પાર્થક્ય પ્રતિબોધી એક જ આત્મામાં માનનાર અદ્વૈતવાદીઓ સાથેની પોતાની અસંમતિ દર્શાવી છે. કર્મને એટલે કે ધર્મ–અધર્મને આત્માનો વિશેષ ગુણ માનનાર નૈયાયિક-વૈશેષિકો સાથેનું મતભિન્નત્વ જૈનદર્શને છેલ્લા વિશેષણ મારફત વ્યક્ત કર્યું છે.

પુણ્યાનુબંધી પુણ્ય, પુણ્યાનુબંધી પાપ, પાપાનુબંધી પુણ્ય, અને પાપાનુબંધી પાપ આમ પુણ્ય–પાપના વિભાગો પણ જૈન દર્શનની વિલક્ષણતાના સૂચક છે.

વસ્તુને અનંતધર્માત્મક માની એના ધર્મોને અમુક અમુક દષ્ટિકોણોથી જોવાં તેનું નામ સ્યાદ્વાદ છે. જૈનોનો આ અણમોલ સિદ્ધાંત છે પરંતુ પ્રતિસ્પર્ધીઓએ એને હાથે કરી ખોટે સ્વરૂપે સમજી અન્યાય કરવામાં પણ બાકી રાખી નથી. અપેક્ષા દષ્ટિએ સ્વીકાર કરવો એનું નામ પણ સ્યાદ્વાદ જ. નિત્યત્વ, અનિત્યત્વ, વિનાશીપણું, સ્થિરપણું, સત્પણું, અસત્પણું—આ ઉપરાંત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી જોવાનું—આમ અનેક ધર્મોને અનેક દષ્ટિથી જોઈ શકાય છે. માટે અપેક્ષાવાદ સ્વીકારવાથી જ વસ્તુના સ્વરૂપનું યત્કિંચિત્ પણ સાચું ભાન થાય છે. સ્યાદ્વાદ સંશયવાદ છે એવો એક મોટો આક્ષેપ એના ઉપર છે. એક જ વસ્તુને પ્રતિસ્પર્ધી ગુણોથી યુક્ત કહેવી એ એક પ્રકારનો સંશય ઊભો કરવા જેવું જ થયું એવો સામા પક્ષનો દાવો છે. પરંતુ અહીંયાં સંશય કોને કહેવો એ જ એક મુખ્ય સવાલ છે. રજ્જુમાં સર્પની ભ્રાન્તિ કે ઝાડના ઠૂંઠામાં માણસની ભ્રાન્તિ—આ સંશય જરૂર કહેવાય. કારણ કે સર્પ અને દોરડી કે ઝાડ અને માણસ—આ બન્નેમાંની કોઈ પણ એક નિશ્ચિત નથી હોતું. જ્યારે સ્વાદ્વાદ કથન કરે છે ત્યારે અમુક એક વસ્તુમાં અમુક ધર્મ એ કથન કરતી વખતે નિશ્ચિતપણે રહેલો છે એમ કહે છે. હકીકત જ્યારે આમ છે ત્યારે એને સંશયવાદ શી રીતે કહી શકાશે?

વસ્તુના અનેક ધર્મો. એને વ્યક્ત કરનારા અભિપ્રાયો કે વચનપ્રકારો પણ અનેક હોય. છતાં એ બધાને દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક આમ બે પ્રધાન નય દ્વારા વિભક્ત કરી પછી અવાંતર સાત ભેદો પાડ્યા છે.

જૈન ધર્મને વીતરાગનો ધર્મ પણ કહેવાય છે. રાગ-દ્વેષની પરિણતિને થંભાવવામાં સ્યાદ્વાદ અગત્યનો ભાગ ભજવે છે.

પરમાત્માએ મુક્તિનો માર્ગ બતાવ્યો. આ માર્ગે ચાલી અન્યે મુક્તિ હાંસલ કરી માટે પરમાત્મા મુક્તિદાયક ઉપચારથી ગણાય—આવું સ્યાદ્વાદ કહે અને એમ કહી ઈશ્વરકર્તૃત્વવાદના પુરસ્કર્તાઓને ન્યાય આપે.

આત્મા જ ઈશ્વિર છે અને આત્મા સ્પષ્ટપણે કર્તા છે જ. ઈશ્વર જગતનો કર્તા છે એવું કહેનારના આશયને સ્યાદ્વાદ એ પ્રમાણે સમજાવે.

મોહવાસનાના પ્રાબલ્યને હણવા બુદ્ધે ક્ષણિકવાદ આગળ ધર્યો; વિષયની આસક્તિ હઠાવવા વિજ્ઞાનવાદ પ્રરૂપવામાં આવ્યો; સમભાવની પ્રાપ્તિ અર્થે અદ્વૈતવાદની ખોજ થઈ—આમ પરમાર્થ બતાવી સ્યાદ્વાદ બધાના મનનું સમાધાન કરે છે. ખરેખર! વિચારકલહોને શમાવવાનું અમોઘ સાધન સ્યાદ્વાદ છે. અસ્તુ.

આ પ્રમાણે ઉપર જણાવી તે લાક્ષણિકતાઓ જૈન ધર્મ અને સંસ્કૃતિની છે. અત્યારે આ લાક્ષણિકતાઓ ઘણું અનેરું કામ કરી બતાવે તેમ છે. સમસ્ત જગતને શાંતિ આપવાનું જબ્બર સામર્થ્ય આ ધર્મમાં છે એમ સૌ કોઈ ખરેખર સમજે અને એ પ્રમાણે આચરે તો જગત્નું વાસ્તવિક કલ્યાણ થાય તેમ છે. ઇત્યલમ્.

જૈન અભ્યાસમાં નવીન દૃષ્ટિની આવશ્યકતા

પ્રા૦ કેશવલાલ હિં. કામદાર, એમ્.એ.

હમણાં હમણાં જૈન સાહિત્ય, ફિલસૂફી, ઇતિહાસ, સંસ્કારિત્વ વગેરે ઉપર અતિ માર્ગદર્શક પ્રકાશનો જોઈ શકાય છે. એ પ્રયાસમાં મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટી જેવી સંસ્થાઓએ હવે પ્રવેશ કર્યો છે તે આનંદની વાત છે. આવાં પ્રકાશનોમાંથી કેટલાંક પ્રકાશનોને આદિથી અંત સુધી વાંચી જવાનો અને કેટલાંકનાં અવલોકનો કરવાનો મને પ્રસંગ મળ્યો છે. દિલગીરીની વાત તો એ છે કે આ પ્રકાશનો અને તેમનાં વિવેચનો તરફ આપણી પ્રાકૃત જનતાનું તો ઠીક, પણ આપણા વિદ્વજ્જનોનું ધ્યાન બહુ ઓછું જાય છે. કારણો સ્પષ્ટ છે. અવલોકનો જે સામયિકોમાં કે વર્તમાનપત્રોમાં આવે છે તે બધે ઉપલબ્ધ હોતાં નથી, અને જે વર્તમાનપત્રોનાં અને સામયિકોનાં કાર્યાલયોને એ પ્રકાશનો મોકલવામાં આવે છે તેમના કાર્યવાહકો અને સંપાદકો યાદીમાં તેમની સ્પષ્ટ નોંધ પણ લેતા નથી. ઘણીવાર એવું બને છે કે પ્રકાશનો જે માણસોના હાથમાં અવલોકન અર્થે મૂકવામાં આવે છે તેઓ એ વિષયોના અભ્યાસી હોતા નથી, એટલે તેમનાં અવલોકનો અર્ધદગ્ધ અને ઉપલકિયાં નીવડે છે.

આવાં પ્રકાશનો બહુધા ગુજરાતીમાં અને હિન્દીમાં હોય છે. દક્ષિણ ભારતની ભાષાઓનો મને પરિચય નથી એટલે તેમને વિષે હું લખી શકતો નથી. પ્રકાશનો જૈન સંસ્કારના તમામ વિષયો સંબંધી હોય છે, મુખ્યત્વે તેઓ ઇતિહાસ, ફિલસૂફી, જીવનચરિત, સાહિત્ય, ભાષા વગેરે ઉપર હોય છે. તેમના સંપાદકો વિદ્વાનો હોય છે એટલે સંપાદનક્ષેત્રની ન્યૂનતા ઓછી હોય છે. એક ન્યૂનતા મને માલમ પડી છે અને તે વિષે હું અહીં લખવા ઇચ્છું છું, તેને દૂર કરવાનો ઇલાજ પણ સાથે હું સૂચવીશ.

આવાં પ્રકાશનોનાં સંપાદનોમાં, મારા નમ્ર મત પ્રમાણે, ક્રાંતિકારક ફેરફાર થવાની જરૂર છે. કોઇ પ્રકાશન જૈન ફિલસૂફી કે ન્યાય વિષે હોય છે. એમાં જૈન દૃષ્ટિનો સચોટ વિચાર રજૂ થયેલો હોય છે. અનેક જૈન–જૈનેતર અવતરણોથી તે પ્રકાશન ખીચોખીચ ભરેલું હોય છે. અનુવાદ હોય તો તે ઘણો સ્પષ્ટ હોય છે, પ્રસ્તાવના જૈન દૃષ્ટિને બરોબર સમજાય તેવી લખાયેલી હોય છે. એનો અભ્યાસ તુલનાત્મક હોય છે, એમાં લેખકે બૌદ્ધ, બ્રાહ્મણ, જૈન સન્દર્ભ ગ્રન્થોનાં અનેક અવતરણો ટાંકેલાં હોય છે. વર્તમાન જૈન લેખકોએ આ દિશા પર તો ખરેખર અનેરું માર્ગદર્શન કરેલું છે, બીજા લેખકોએ આ માર્ગદર્શન સ્વીકારી લેવું જોઇએ, કારણ કે આ પ્રકારના જૈનેતર સાહિત્યમાં જૈન દૃષ્ટિનો વિચાર નજરે પડતો નથી. આટલી પ્રગતિ થયેલી આપણે જોઈએ છીએ, છતાં મને એક ન્યૂનતા જણાઈ આવી છે. તે આપણે હવે સુધારી લેવી જોઇએ. દૃષ્ટાંતમાં સંપાદક કે લેખક જૈન ન્યાયનો વિચાર કરે ત્યારે તે વિચારમાં હવે પશ્ચિમનો વિચાર પણ આવી જવો જોઈએ. કોઈ લેખક કે સંપાદક જો જૈન તત્ત્વ-વિચારની સમજાવટ કરતો હોય તો તેમાં હવે પશ્ચિમની વિદ્યાનો વિચાર પણ આવી જવો જોઈએ. જૈનોની એકાન્ત દૃષ્ટિ પશ્ચિમનાં ન્યાયસૂત્રોમાં નજરે પડે છે. જૈનોએ કરેલો અપેક્ષાવાદ યુરોપમાં કરાયેલો હોય છે. જૈનોનો નિયતિવાદ – Pre-destination Determinism – સમગ્ર ખ્રિસ્તી ફિલસૂફીમાં સ્થળે સ્થળે નજરે ચડે છે. આ દૃષ્ટિ પ્લેટોથી માંડીને હ્યુએ સુધીના ફિલસૂફોમાં જોઈ શકાય છે. ગ્રીક ગ્રન્થોનાં તો અનેક ઈંગ્રેજી ભાષાંતરો થયાં છે. જર્મન ફિલસૂફી સાહિત્ય ઈંગ્રેજીમાં મળી શકે છે. આપણી કૉલેજોમાં આ સાહિત્યનો અભ્યાસ થાય છે, પણ ત્યાંના અધ્યાપકો જૈન દૃષ્ટિથી અપરિચિત

હોય છે, અથવા તો તેમને એ સુલભ હોતી નથી. આપણા જે અભ્યાસીઓ આવા સંપાદનકાર્યમાં પડેલા છે તેમને પશ્ચિમની વિદ્યાઓનો સંસર્ગ હોતો નથી. ઘણે ભાગે આ લેખકો સાધુઓ હોય છે. કોઈ કોઈ શ્રાવકો તેમાં જોવામાં આવે છે. તેમનો મોટો ભાગ પશ્ચિમની વિદ્યાથી અ-પરિચિત હોય છે. તેમને પશ્ચિમની વિવેચનકળાનું યોગ્ય જ્ઞાન પણ હોતું નથી. પરિણામે એમનાં અમૂલ્ય પણ જૂની ઢબમાં થયેલાં પ્રકાશનોનું ઉપયોગિત્વ સંકુચિત થઈ જાય છે અને જૈન દૃષ્ટિનો જે પરિચય બહારની દુનિયાને થવો જોઈએ તે થઈ શકતો નથી.

જૈન સાહિત્યના સંપાદનમાં આ ન્યૂનતા મને ગંભીર રીતે જણાય છે. એ સંપાદનોમાં સામયિક પૂર્વપીઠિકા, ઐતિહાસિક અન્વેષણ, અવલોકનની તીક્ષ્ણતા વગેરે ગુણો પશ્ચિમની દૃષ્ટિએ ઓછા જોવામાં આવે છે. ઇંગ્રેજીમાં પ્રસ્તાવના લખાયેલી હોય તો ભાષાનો કોઈ ધડો હોતો નથી, અને એમાં વાસ્તવિક ઇતિહાસદર્શન જોવામાં આવતું નથી. સ્વભાષા પણ એવી જ લૂલી હોય છે. સાહિત્યનાં પ્રકાશનનું સંપાદન તો ઘણે ભાગે ભારતવર્ષની પુરાણી પ્રણાલિકા પ્રમાણે કરવામાં આવેલું હોય છે. જીવનચરિત લખેલું હોય તો જીવનચરિત શું હોવું જોઇએ તેનો કોઈ ખ્યાલ હોતો નથી — ઇંગ્રેજીમાં જેને characterisation — નિરૂપણ કહેવામાં આવે છે તે જોવાતું જ નથી. અવતરણો ખીચોખીચ હોય, પણ તેમનો ગૂઢ અર્થ સ્પષ્ટ થઈ શકતો નથી.

એક દૃષ્ટાંત આપું. વસ્તુપાળે ખંભાત બંદરનો કબજો સઈદ પાસેથી લીધો તે આપણે કેટલીવાર વાંચતા હઇશું ! મને હરહંમેશ લાગ્યું છે કે લેખકને તેનો ગૂઢ અર્થ સમજાયો હોતો નથી, કારણ કે લેખક કે સંપાદક જૂની ઘરેડમાં લખ્યે જાય છે અને તેને ઇતિહાસનું શુદ્ધ દર્શન હોતું નથી, એટલે તે ઊંડો ઊતરી શકતો નથી. હું તે ગૂઢ અર્થને મારી અલ્પ મતિ અનુસાર અહીં સ્પષ્ટ કરીશ, જેથી વાચકને મારી દૃષ્ટિનો ખ્યાલ આવી શકે.

ખરી વસ્તુસ્થિતિ આ પ્રમાણે છે. જેમ સોળમી સદીથી ઓગણીસમી સદી સુધી આપણે ત્યાં યુરોપના વેપારીઓ સશસ્ત્ર કોઠીઓ નાખી વેપાર કરતા હતા તેમ અરબ લોકો ખંભાત, સોમનાથ–પાટણ વગેરે સ્થળોએ સશસ્ત્ર કોઠીઓ જમાવી આપણી સાથે વેપાર કરતા હતા. સમકાલીન સાહિત્યમાં ખંભાત બંદરના સઈદ કુલનો ક્ષય કરનાર વસ્તુપાળની પ્રશંસા થયેલી છે ત્યારે કુળનો અર્થ આપણે આ પ્રમાણે સમજવો જોઇએ. એ સાહિત્યમાં કહેવામાં આવ્યું છે કે સઈદનો મહાલય વારણો – હાથીઓથી રક્ષાયેલો હતો. તેનો અર્થ એવો કરવો જોઇએ કે એ વારણસેના હતી, હસ્તિવૃન્દ સશસ્ત્ર હતું, અને જેમ ગોરા અને હિન્દી સિપાહીઓ મદ્રાસ, હુગલી, પોંદેચેરી, સૂરત, દીવ, વસઈ, માહે વગેરે સ્થળોએ પરદેશી વેપારીઓનો બચાવ કરતા હતા તેમ ખંભાતનો અરબ–વસવાટ પણ એવો જ સુરક્ષિત હતો; ઉપરાંત જેમ ડૂપ્લેએ હિન્દીઓને પશ્ચિમી વિદ્યાની તાલીમ આપી નવીન સિપાહીઓ બનાવ્યા તેમ અરબ વેપારીઓએ આપણી યુદ્ધકલાને ઝડપી લઈ આપણા જ હાથીઓને શસ્ત્રસજ્જ કરી આપણી જ સામે ખડા કર્યા હતા. એ કારણથી વસ્તુપાલે આ પરદેશી સશસ્ત્ર વેપારી વસાહતનો ધ્વંસ કર્યો—જેમ શાહજહાંએ પોર્ચુગીઝોના વેપારી થાણા હુગલીનો ધ્વંસ કર્યો હતો, ચીમાજી અપ્પાએ વસઈ ને ઉડાડી દીધું હતું, સિરાઝ–ઉદ–દૌલાએ કલકત્તાને લીધું હતું, તેમ.

બીજું દૃષ્ટાંત આપું. હીરવિજયસૂરિએ અકબર મારફત અમારિઘોષણા ચલાવી, એનો અર્થ એવો ન થાય કે હીરવિજયસૂરીને અકબરને જૈનધર્મી કરવો હતો, કે અહિંસાવાદી કરવો હતો. એક સ્થળે એવું લખવામાં આવ્યું છે કે જજિયાવેરો અકબરે માફ કર્યો તેમાં હીરવિજયસૂરીનો હાથ હતો, પણ ઐતિહાસિક ઘટનાએ એ વાસ્તવિક નથી, કારણ કે જજિયાવેરાની માફી અકબરે હીરવિજયસૂરીનો

પરિચય થયો તે પહેલાં વર્ષો થયાં આપી દીધી હતી. જૈન સાધુઓના આવા પ્રયાસોમાં એક હેતુ હતો, તે એ કે મુસ્લિમ અને હિન્દુ રાજ્યકર્તાઓના અમલમાં જે હિંસક અને Irrational વહીવટનાં સૂત્રો ઘૂસી ગયાં હતાં તેમને દૂર કરવાનો હેતુ હતો, જેમ રોમના મહારાજ્યના સમયમાં રોમના પાટનગરમાં અને અન્ય સ્થળોએ Gladiators એટલે હિંસક પ્રાણીઓની સાથે માણસજાતને દ્વંદ્વયુદ્ધ કરવાની ફરજ પાડવામાં આવતી અને અગડ—Arena—માં દાખલ થઈ જીવને ભોગે અનેક ખ્રિસ્તી સાધુઓએ તે પાશવ પરંપરાને અટકાવી હતી તેમ.

સાહિત્યના સંપાદનક્ષેત્રમાં પણ આ દલીલ લાગુ પાડી શકાય. ડૉ. બુલચંદે મહાવીરના જીવનચરિત્રને લખવામાં નવીન ભાત પાડી છે તેમ હવે આ ક્ષેત્રમાં નવીન ભાત પાડવાની જરૂર છે. જૈન દર્શનના એક ઈંગ્રેજી ગ્રન્થમાં આવી જ નવીન ભાત મેં જોઈ છે. સાહિત્યના વિચારપરત્વે એક દૃશ્યને રજૂ કરું. રામ સીતાને વનવાસમાં મોકલે છે તે અગાઉ ઋષિ લોકો અને પ્રધાનમંડળ ઋષ્યશૃંગને આશ્રમે શરૂ થયેલા યજ્ઞમાં હાજરી આપવા ગયા છે ત્યાંથી તેઓ રાજ્યધર્મમાં હમણાં જ દીક્ષિત થયેલા રામને સન્દેશ મોકલે છે કે જમાઈના યજ્ઞમાં હવે અમે રોકાઈ ગયા છીએ, તું બાળ છું, રાજ્ય નવું છે, તો પ્રજાને અનુરંજતો રહેજે, કારણ કે તેથી મળતો યશ એ જ ખરું ધન છે ... जामातृयज्ञेन वयं निरुद्धाः। त्वं बाल एवासि नवं च राज्यं॥ युक्तः प्रजानामनुरंजने स्याः। तस्माद्यशस्तत् परमं धनं वः॥ આમાં **બાળ**નો અર્થ અનુભવહીન એવો થવો જોઈએ, કારણ કે આ સમયે રામનું વય ૩૫–૪૦ વર્ષનું તો હોવું જોઈએ. રામ વયમાં પુખ્ત હતા, પણ રાજ્યના અનુભવની અપેક્ષાએ બાળક જ હતા, એટલે વસિષ્ઠ આદિ મોટેરાંઓએ તેને યોગ્ય સલાહ આપેલી કે ધ્યાન રાખજે, ઉતાવળો ન થતો. રામ લોક–અપવાદનો આશ્રય લઈ સીતાને લક્ષ્મણ સાથે વનવાસે કાઢે છે, ત્યારે પણ કવિને એનું બાળત્વ યાદીમાં જ છે, કારણ કે બારબાર વર્ષ થઈ ગયાં, પણ રામ હજુ જીવે છે, જ્યારે સીતાનું નામ સરખું રહ્યું છે – देव्याः शून्यस्य जगतो द्वादशः परिवत्सरः। प्रणष्टमिव नामापि न च रामो न जीवति॥ રામને આ શલ્ય જિંદગીભર સાલતું હતું. વિધિ પ્રમાણે રાજ્ય કરવું, અને પ્રિય સીતાનો વિયોગ સહન કરવો — કેવું દુષ્કર કામ છે! (इदं राज्यं पाल्यं विधिवत् (constitutionally) अभियुक्तेन मनसा) "ઉત્તરરામચરિત"માં રામના પાત્રની માનવભૂમિકા સરજીને ભવભૂતિએ પતિધર્મ, રાજ્યધર્મ, અનુભવહીનતા અને વેદનાશીલ રામસ્વભાવ – એનું અનેરું ચિત્ર રજૂ કરી આપણને કરુણ રસની પરાકાષ્ઠા બતાવી છે, સાહિત્યના સંપાદનમાં આવી દૃષ્ટિ આવવી જોઈએ.

આપણાં સંપાદનો યોગ્ય દૃષ્ટિ કેળવી શકે તે માટે શું થવું જોઈએ એ બીજો પ્રશ્ન છે. એટલું તો ખરું છે કે આપણા સંપાદકો વિદ્વાનો છે, તેમનો ભારતવર્ષીય સંસ્કારિત્વનો અભ્યાસ ખરેખર તુલનાત્મક છે; જે ન્યૂનતા છે તે પરંપરાગત શૈલીથી અભ્યાસ કરવાથી નિપજતી ન્યૂનતા છે. અત્યારે જૈન સાધુઓ પંડિતો પાસે ભણે છે, એ પંડિતોની ગીર્વાણ ભાષાની વાગ્ધારા ખરેખર અદ્‌ભુત જોવામાં આવી છે; વ્યવસ્થા ખરેખર ઉત્તમ છે; પણ હવે સમય આવ્યો છે, જ્યારે એવી વ્યવસ્થા કરવાની જરૂર છે, જેથી આપણો સાધુવર્ગ અને અપેક્ષિત શ્રાવકવર્ગ પશ્ચિમની વિદ્યાથી પણ વિભૂષિત હોય. ફિલસૂફીના વિવેચનમાં તેમણે ગ્રીક અને યુરોપીય તત્ત્વવિવેચકોનો પરિચય બતાવવો જોઈએ, તેમણે તે માટે ફિલસૂફી અને ન્યાયનો ઇતિહાસ જાણવો જોઈએ. હું એથી પણ આગળ જાઉં અને દલીલ કરું કે—તેમણે સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર, એનાં સામાન્ય સૂત્રો પણ જાણવાં જોઈએ, જેથી તેઓ વિવેચનમાં ગંભીર ભૂલો ન કરે, અને દરેક વિચારને ઇતિહાસના યોગ્ય ચોકઠામાં ગોઠવી શકે.

એમને સાયન્સનો પરિચય પણ હોવો જોઇએ, કોઈ વિધાન જૈન વિધાનોને પ્રતિકૂળ હોય એનો વાંધો હોવો જોઇએ નહિ. Jeans નો ખગોળનો ગ્રંથ વાચીયે તો, ઊલટું, જૈનોના અનાદિ–અનંતકાળની ભાવનાનો વિચાર દૃઢ થવાનો.

આ જ વિચાર જૈન સ્થાપત્ય, શિલ્પ, ચિત્રકળાના અભ્યાસને લાગુ પડી શકે છે. આપણે અનેકવાર કહેતા ફરીએ છીએ કે મુસ્લિમ સ્થાપત્ય, શિલ્પ અને ચિત્રકળા ઉપર જૈન છાયા જોવામાં આવે છે, પણ જો વધારે સ્ફુટ કરવાનું તે જ વિવેચકને કહેવામાં આવશે તો તે ગોથાં ખાશે, કારણ કે આ વિવેચકો ભાગ્યે જ કોઈ મસ્જિદમાં ગયા હશે, કે મુસ્લિમ શિલ્પ, સ્થાપત્ય, ચિત્રકળા તેમણે સૂક્ષ્મ રીતે જોયાં હશે!! કેટલાક લેખકો તો બધે અજંતાની છાયા જ જોતા આવ્યા છે!! આ વિષયમાં જો એકદમ વિશદ દૃષ્ટિ આપણામાં આવી હોત તો જૈન પ્રતિમાઓના ઓષ્ઠ વગેરેને લાલ રંગ લગાડવામાં આવે છે તે હોત નહિ!!

Literary criticism — સાહિત્યના વિમર્શને તો આ વિચાર ખાસ લાગુ પડશે. આપણે આ વિમર્શ ઘણે ભાગે આપણી જૂની પ્રણાલિકાથી કરીએ છીએ. આપણા આ જૂનવાણીથી ભરેલા સંપાદકો જાણતા નથી કે સાહિત્ય, કળા વગેરેનો વિમર્શ યુરોપમાં જે દૃષ્ટિથી થયો છે તે દૃષ્ટિ વ્યાપક અને મૌલિક દૃષ્ટિ છે અને તે દૃષ્ટિને આપણે ત્યાં ખાસ કેળવવાની જરૂર છે.

આપણું ઇતિહાસનું પરિશીલન તો આ દૃષ્ટિએ અનેક ભૂલોથી ભરેલું છે. એ કળા આપણે કેળવી જ નથી.

ચાલુ વસ્તુસ્થિતિમાં ફેરફાર થાય તે માટે આપણા આગેવાનોએ, ખાસ કરીને શ્રી મહાવીર જૈન વિદ્યાલય જેવી સંસ્થાઓના સંચાલકોએ સાધુઓના અને વિદ્યાર્થીઓના અભ્યાસવિધિમાં ક્રાંતિ લાવવી પડશે અને તે માટે તેમણે વાચનાલયોની અને ગ્રન્થાલયોની વ્યવસ્થામાં નવું ચેતન લાવવું પડશે. હું તો એટલે સુધી દલીલ કરી શકું કે આપણો સાધુવર્ગ થોડા સમય માટે કૉલેજોમાં શિષ્ટ પ્રાધ્યાપકોના વર્ગોમાં હાજરી આપે, અને પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ યોગ્યતા પ્રાપ્ત કરે!! અલબત્ત, તે માટે સંઘે વ્યવસ્થા કરવી પડશે. આપણા ખ્રિસ્તી પાદરી–ભાઇઓને મેં કૉલેજોમાં અભ્યાસ કરતા જોયા છે. તેઓ અનેક સ્થળે Theology ની અભ્યાસસંસ્થાઓ ચલાવે છે. આપણે એવું કેમ ન કરીએ!!

બ્રિટિશ અમલ અગાઉ જૈન સાધુઓએ ભારતવર્ષપૂરતો તુલનાત્મક અભ્યાસ કરેલો; વિશેષ અભ્યાસ તે સમયે આવશ્યક નહોતો. મુસ્લિમ યુગમાં કોઈ કોઈ એ ફારસી અભ્યાસ કરેલો; જિનપ્રભસૂરી, ભાનુચન્દ્ર ઉપાધ્યાય, સિદ્ધિચંદ્ર વગેરે એ અભ્યાસના નિષ્ણાત હતા. શ્રાવક વર્ગ તો એ નવી પ્રણાલિકાને અપનાવતો જાય છે; સાધુ વર્ગ હજુ પછાત છે. ઇચ્છીએ કે શિક્ષિત સાધુસમુદાય અને શિક્ષિત શ્રાવકસમુદાય યુરોપની પ્રણાલિકાને ગ્રહણ કરે અને જૈન સંસ્કારિત્વને તેથી નવો ઓપ આપે. જ્યારે એ સિદ્ધ થશે ત્યારે આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીનો પ્રયાસ પરિપૂર્ણતાના ગુણને વરશે અને ત્યારે જ આચાર્યપદની ભૂમિકા નવીન સફળતા પ્રાપ્ત કરશે.

ભાષાના વિકાસમાં પ્રાકૃત–પાલિભાષાનો ફાળો

પંડિત બેચરદાસ

માનવકુલમાં પરસ્પર કૌટુંબિક સંબંધ જે રીતે તુલનાત્મક પરીક્ષણ દ્વારા અનુભવાય છે તેજ રીતે ભાષાકુલમાં પણ એવો જ સંબંધ સ્પષ્ટપણે છે એમ હવે સિદ્ધ થઈ ગયું છે.

ધારો કે આપણી સામે જુદાં જુદાં દેખાતાં પાંચસાત કુટુંબનાં ભાઈબહેનો બેઠેલાં છે, તેમની એકબીજાની વપરાશની ભાષા જુદી જુદી છે, તેમનો પોશાક, ખાનપાન અને બીજી પણ રહેણીકરણી નોખી નોખી છે. આ ઉપલક દેખાતા ભેદભાવ દ્વારા આપણે એમ સમજી લઈએ કે એ કુટુંબો વચ્ચે પરસ્પર કોઈ પ્રકારનો સંબંધ નથી જ તો એ ખરેખર ભૂલભરેલું ગણાય. કોઈ તુલનાત્મક દૃષ્ટિ ધરાવનારો ખંતીલો અભ્યાસી એ તદ્દન જુદાં જુદાં જ દેખાતાં કુટુંબોમાં ય તેમનામાં રહેલી એક મૌલિક સમાનતા શોધી બતાવે અને તે મૌલિક સમાનતાના પુરાવા તરીકે આપણી સામે તે કુટુંબોમાં વર્તતી કેટલીક તેમની એકસરખી મૂલ ખાસિયતો એક પછી એક વીણીવીણીને તારવી બતાવે ત્યારે માત્ર ઉપલક ભેદને લીધે અત્યાર સુધી એ કુટુંબોને જુદાં જુદાં માનનારા આપણે પણ તેમને એક માનવા લાગીશું.

આવો જ ન્યાય ભાષાકુળને પણ બરાબર લાગુ પડે છે. જે ભાષાઓનો મૂળ પ્રવાહ જ તદ્દન જુદો છે તેમના સંબંધમાં ભલે આ ન્યાય ન લાગુ થાય; પરંતુ જેમનો પ્રવાહ મૂળમાં એકસરખો છે તેમને વિશે તો જરૂર ઉપરનું ધોરણ બંધ બેસે એવું છે. ઉપરઉપરથી જોતાં ભલે તે ભાષાકુટુંબો તદ્દન જુદાં જુદાં પરસ્પર એકબીજા વચ્ચે સંબંધ વિનાનાં માલૂમ પડતાં હોય તેમ છતાં ય જ્યારે તે ભાષા-કુટુંબોની અંદર રહેલી એક મૌલિક સમાનતાને આપણે જાણી શકીએ અને તેના પુરાવા તરીકે આપણી સામે તે નોખા નોખા દેખાતા ભાષાકુલોમાં વર્તતી કેટલીક તેમની એકસરખી મૂલભૂત અનેકાનેક ખાસિયતોને આપણે સ્પષ્ટપણે તેમના તુલનાત્મક પરીક્ષણ દ્વારા પૂરેપૂરી ખાતરીથી અનુભવી શકીએ ત્યારે એ ભાષાકુલો વિશેનો આપણે કલ્પેલો ઉપલકિયા ભેદનો ભ્રમ ભાંગે જ ભાંગે.

પ્રસ્તુતમાં પ્રાકૃતપાલિભાષા વિશે કહેતી વખતે આપણે તેમના મૂળ સુધી પહોંચી જઈએ તો જ એ હકીકત સ્પષ્ટપણે આપણા ધ્યાનમાં તત્કાળ ઊતરી જશે કે એ ભાષાએ ચાલુ લોકભાષાઓના વિકાસમાં કેવો અને કેટલો ભારે ફાળો આપેલો છે.

આજથી હજારો વરસ પહેલાં મૂળ એક આર્યભાષા હતી. પરિસ્થિતિનાં જુદાં જુદાં બળોને લીધે તેની બીજી અનેક પેટાભાષાઓ બની ગઈ. જેમકે; હીટાઈટ ભાષા, ટોખારિયન ભાષા, સંસ્કૃત ભાષા, પુરાણી ફારસી ભાષા, ગ્રીક ભાષા, લેટિન ભાષા, આઇરિશ ભાષા, ગોથિક ભાષા, લિથુઆનિઅન ભાષા, પુરાણી સ્લાવ ભાષા અને આર્મેનિઅન ભાષા.

ભાષાનાં આ નામો સાંભળતાં કોઈને પણ એમ લાગવાનો સંભવ નથી કે આ બધી ભાષાઓ એકમૂલક વા અભિન્નપ્રવાહવાળી છે; તેમ છતાં ય તેમના તુલનાત્મક પરીક્ષણ દ્વારા એમ ચોક્કસ માલૂમ પડેલ છે કે ભલે તે ભાષાઓનાં નામો જુદાં જુદાં હોય અને બીજી પણ તેમાં ઉપલક જુદાઈ ભલે દેખાતી હોય; પરંતુ તેમનામાં એટલે તે બધી ભાષાઓમાં મૂળભૂત એવી એકસરખી અનેક ખાસિયતો હોવાનાં ઘણાં ઘણાં એંધાણો મળી આવેલાં છે એટલે તેમને એકમૂલક માન્યા વિના કોઈનો પણ છૂટકો નથી.

એમનામાં જે એકસરખી અનેક ખાસિયતો છે તે બધી વિશે તો કહેવાનું આ સ્થાન નથી; છતાં તેમની પારસ્પરિક એકમૂલકતાનો સ્પષ્ટ ખ્યાલ આવે તે સારુ તેમના કેટલાક શબ્દો આ નીચે નોંધી બતાવું છું :

સંસ્કૃત	પતિઃ	ગ્રીક	પોતિસ્	લેટિન	પોતિસ	લિથુઆનીઅન	પતઇસિ
”	અપિ	”	એપિ				
”	પિબામિ			”	બિબો		
”	ભરામિ	”	ફેરો	”	ફેરો	આર્મેનિયન	બેરેમ
”	ત્રયઃ	”	ત્રેસ્	”	ત્રેસ		
”	દમઃ	”	દોમોસ્	”	દોમુસ્	સ્લાવ	દોમુ
”	પાદમ્	”	પોદ	”	પેદેમ્		
”	ધૂમઃ	”	થુમોસ્	”	ફુમુસ્	સ્લાવ	દ્યમુ
”	રુધિર	”	એ-રુથ્રોસ્	”	રુબેર		

(સંસ્કૃત સિવાયની બીજી બીજી ભાષાઓના જે એકસરખા શબ્દો ઉપર દર્શાવ્યા છે તેમને હું શુદ્ધ રીતે અહીં આપણી ગુજરાતી લિપિમાં ઉતારી શક્યો નથી એથી અહીં બતાવેલા શબ્દો દ્વારા તેમનાં શુદ્ધ ઉચ્ચારણો કરી શકાય એમ નથી.)

તે તે ભાષાનાં નામો પ્રજા ઉપરથી કે દેશ ઉપરથી પ્રચલિત થયેલાં છે. ઉત્તરમાં વસનારાઓની ભાષાનું નામ ઉદીચ્ય ભાષા, પૂર્વમાં વસનારાઓની ભાષાનું નામ પ્રાચ્ય ભાષા, મધ્યપ્રદેશમાં વસનારાઓની ભાષાનું નામ મધ્યદેશીય ભાષા. એ જ રીતે મગધ દેશની માગધી ભાષા, શૂરસેન દેશની શૌરસેની ભાષા, પિશાચ દેશની પૈશાચી ભાષા, અવંતી દેશની ભાષા અવંતિજા, સુરાષ્ટ્રની સૌરાષ્ટ્રી, મહારાષ્ટ્રની મહારાષ્ટ્રી, વિદર્ભની વૈદર્ભી, ગ્રેઇકિ નામની પ્રજાની ટોળીની ગ્રીક ભાષા, લેટિનમ નામના કસ્બાની લેટિન ભાષા, આર્યોની ઇરાની ભાષા, લોકોમાં પ્રચલિત ભાષાનું નામ લૌકિક ભાષા.

આ રીતે ભાષાના નામકરણની ઘણી પ્રાચીન પ્રથા છે, આમાં ક્યાંય સંસ્કૃત ભાષા, પ્રાકૃત ભાષા કે અપભ્રંશ વા અપભ્રષ્ટ ભાષા આવાં નામ મળતાં નથી. મહાભાષ્યકાર જેવા કટ્ટર સનાતની પુરોહિતે પણ સંસ્કૃત નામે ભાષાનો ઉલ્લેખ કરેલો નથી. ત્યારે અહીં એ પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે એ નામો આવ્યાં શી રીતે ? એ નામોનો ઉદ્ભાવક કોણ ? આનો ઉત્તર અતિસંક્ષેપમાં આમ આપી શકાય :

થોડા સમય પહેલાં આપણા દેશમાં રાજશાહી હતી, તેનો અને તેની અતિસંકુચિત પ્રકૃતિનો આપણને અનુભવ છે. જે લોકો માત્ર પોતાની જ જાતને નરી સુખી સુખી જોવા વા કરવા ચાહે છે તેમને પોતાના ભાઈઓ તરફ પણ જુલમગારની પેઠે વર્તવું પડે છે, માટે જ તે સુખાર્થીઓની પ્રકૃતિ અતિ સંકુચિત બની જાય છે. એવી રાજશાહી જેવી જ આશરે ત્રણ હજાર વરસ પહેલાં આપણા દેશમાં પુરોહિતશાહી ચાલતી હતી. માણસ માત્ર સમાન હક્કના અધિકારી છે એ નિયમને નહીં સ્વીકારી તેણે પોતાની જાતને સૌથી ઉત્તમ કલ્પી અને બીજી તમામ જનતાને પુરોહિતોમાત્રથી ઊતરતી ગણી, આ સાથે તે પુરોહિતશાહીએ જ પોતાની ભાષાને પણ ઉત્તમ કોટિની માની અને બીજી આમજનતાની ભાષાને અનુત્તમ કોટિની કહી અર્થાત્ તે પ્રાચીન પુરોહિતવિપ્રોએ પોતાની ભાષાને સંસ્કૃત એવું નામ આપ્યું અને જનતાની ભાષાને પ્રાકૃત અથવા અપભ્રષ્ટ કે અપભ્રંશ નામ આપ્યું. એવો આ સંસ્કૃત પ્રાકૃત વા અપભ્રંશ નામોની પાછળ વર્તમાનમાં તો ધૃણા આવે એવો ઇતિહાસ છુપાએલ છે.

વસ્તુસ્થિતિએ વિચારવામાં આવે તો સૌ કોઈ તટસ્થને એમ ચોકખું જ જણાશે કે અમુક ભાષા ઉત્તમ છે અને અમુક ભાષા અનુત્તમ છે એવી કલ્પના જ વાહિયાત છે વા અમુક ભાષાને બોલનારો વર્ગ શિષ્ટ છે અને અમુક ભાષાને બોલનારો વર્ગ અશિષ્ટ છે એવી કલ્પના પણ વળી વધારે વાહિયાત છે અને માનવતાનું દેવાળું કઢાવનારી છે.

કોઈપણ ભાષાનું મૂલ્ય તેના ખરા અર્થવહનમાં છે. જે ભાષા જે લોકોને માટે બરાબર અર્થવહન કરનારી હોય તે ભાષા તેમની દૃષ્ટિએ બરાબર છે એટલે 'કયાં જાય છે' એ વાકય જેટલું અર્થવાહક છે તેટલું જ બરાબર અર્થવાહક 'ચો જાય છે' એ વાકય પણ છે; માટે એ બેમાંથી એકે વાકયને અશિષ્ટ કેમ કહેવાય?

ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ તો અમુક એક ભાષા શિષ્ટ છે અને અમુક એક ભાષા અશિષ્ટ છે એવી કલ્પના તદ્દન અસગત છે. એ શાસ્ત્ર તો દરેક ભાષાનાં ઉચ્ચારણો અને તેનાં પરિવર્તનોનાં બળોને શોધી કાઢી તેમની વચ્ચેની સાંકળ બતાવી ભાષાના ક્રમિક ઇતિહાસની કેડી તરફ આપણને લઈ જાય છે.

એ શાસ્ત્રે બતાવેલી કેડીને જોતાં આપણી ભારતીય આર્યભાષાના વિકાસની મુખ્ય મુખ્ય રેખાઓની ભૂમિકાઓ આ પ્રમાણે છે: ભારત–યુરોપીય ભાષા, ભારત–ઈરાની ભાષા અને ભારતીય–આર્ય ભાષા.

પ્રસ્તુતમાં અંતિમ એવી ભારતીય આર્ય ભાષા વિશે ખાસ કહેવાનું છે. ભારતીય આર્ય ભાષાની પણ પ્રધાનપણે ત્રણ ભૂમિકાઓ છે: પ્રાચીન ભારતીય આર્ય ભાષા, મધ્યયુગીન ભારતીય આર્ય ભાષા અને નવ્ય ભારતીય આર્ય ભાષા. આ ત્રણે ભૂમિકાઓને સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષારૂપે પણ સમજાવી શકાય.

આપણી આર્ય ભાષાનો ઇતિહાસ ઘણો પ્રાચીન છે. આવો અને આટલો પ્રાચીન ઇતિહાસ બીજી કોઈ ભાષાને હોય એવું હજી સુધીમાં જણાયેલ નથી.

જો કે મથાળામાં પ્રાકૃત અને પાલિ એ બે નામો જુદાં જુદાં બતાવેલાં છે; છતાં ય વસ્તુસ્થિતિએ એક પ્રાકૃત નામમાં જ તે બન્ને ભાષાનો સમાવેશ થઈ જાય છે.

પ્રાકૃત ભાષાઓ ભારતીય આર્ય ભાષાના ઇતિહાસની એક અગત્યની ભૂમિકારૂપ છે. ભગવાન મહાવીર, ભગવાન બુદ્ધથી માંડીને ભારતીય તમામ સંતોએ એટલે છેલ્લા યુગના પૂર્વ ભારતના સરહપા, કણ્હપા, મહીપા, જયાનંતપા વગેરે સિદ્ધો, દક્ષિણ ભારતના જ્ઞાનેશ્વર, તુકારામ, ઉત્તર ભારતના તુલસીદાસ, કબીર, નાનક, પશ્ચિમ ભારતના નરસિંહ મહેતા, આનંદઘન વગેરે સંતોએ પોતાના સાહિત્યનું મુખ્ય વાહન પ્રાકૃત ભાષાઓને બનાવેલ છે. અહીં એ યાદ રાખવું જરૂરી છે કે આ પ્રાચીન અને અર્વાચીન તમામ સંતો આમજનતાના પ્રતિનિધિસમ હતા અને આમજનતાના સુખદુઃખના સમવેદી હતા.

પ્રાકૃતભાષાનું પ્રધાન લક્ષણ આ પ્રમાણે આપી શકાય: એક તરફથી પ્રાચીનતમ ભારતીય આર્ય ભાષા એટલે ઠેઠ વેદોની ભાષા અને બીજી તરફથી વર્તમાનકાળની બોલચાલની ગુજરાતી, હિન્દી, મરાઠી, બંગાળી વગેરે ભાષાઓ. એ બન્ને વચ્ચે અર્થાત્ આદ્ય ભાષા અને અંતિમ ભાષાના સ્વરૂપોની વચ્ચે વર્તનારા ભારતીય ભાષાના ઇતિહાસની જે સાંકળરૂપ અવસ્થા છે તેને પ્રાકૃતનું નામ આપી શકાય વા પ્રધાન લક્ષણ ગણી શકાય.

કોઈ ને કોઈ પ્રકારે પ્રાકૃતસ્વરૂપે સંક્રમણ પામ્યા પછી જ તે આદ્ય અથવા પ્રાચીનતમ ભારતીય ભાષા, આર્ય ભાષા વા વેદોની ભાષા વર્તમાન કાળે બોલચાલમાં વર્તતી નવીન ભારતીય ભાષાના રૂપમાં પરિણામ પામી શકે, એ એક ભાષાશાસ્ત્રનો સુનિશ્ચિત સિદ્ધાંત છે. એવી જાતનાં વિવિધ સંક્રમણ વિના આ નવી અનેક આર્ય ભાષાઓનો ઉદ્ભવ કેમ કરીને થાય?

આવાં ભાતભાતનાં સંક્રમણોમાં પસાર થતાં પ્રાકૃત ભાષાઓ આ નવી ભાષાના રૂપને પામી છે એ જ એમનો ભાષાઓના વિકાસમાં મોટામાં મોટો ફાળો છે.

ભાષાઓના ક્રમવિકાસની પ્રક્રિયા એ ભાષાશાસ્ત્રનો મૂળ પાયો છે. ધ્વનિઓનું વિવિધ પ્રકારનું સંક્રમણ કાંઈ આકસ્મિક નથી તેમ અનિયમિત પણ નથી. એ સંક્રમણ સર્વથા વૈજ્ઞાનિક નિયમને વશવર્તી છે અને તે અમુક અમુક નિયમોને વશવર્તી હોઈ એકદમ સુનિયમિત છે, આમ છે માટે જ આપણાં પ્રાચીન ભાષાકુળો અને અર્વાચીન ભાષાકુળો વચ્ચે એકસરખું સળંગ અનુસંધાન સચવાયેલ છે અને એને લીધે જ ભૌગોલિક પરિસ્થિતિને લીધે નોખા નોખા પડી ગયેલા છતાં એક આર્ય ભાષા બોલનારા આપણામાં એટલે તમામ પ્રાંતના અને તમામ વર્ગના લોકોમાં એવો કોઈ મોટો વિચ્છેદ થઈ ગયો હોય એવું ભાષાવિકાસની દૃષ્ટિએ જરાય જણાતું નથી વા પરાપૂર્વથી ચાલ્યા આવતા આપણા સામાજિક પ્રવાહમાં કોઈ મોટું અંતર પડી ગયું હોય એમ પણ અનુભવાતું નથી.

ગંગાનાં પાણી નિરંતર બદલાયાં કરતાં હોવા છતાં જેમ તે એકરૂપમાં દેખાય છે તેમ આપણી પ્રાચીન પરંપરાઓ અને અર્વાચીન પરંપરાઓ નિરંતર બદલાતી રહી છે છતાં તેમાં સળંગસૂત્રતા અખંડતા અભિન્નતા સતતસાતત્ય ટકી રહેલાં છે એવું આજે હજારો વરસ પછી પણ આપણે અનુભવીએ છીએ એ પ્રતાપ ભાષાઓના સંબંધમાં સચવાયેલી મૌલિક સમાનતાનો છે એમાં લેશ પણ શક નથી.

આર્યપ્રજાઓ જ્યારે વિજેતારૂપે ભારતમાં ઊતરી પડી અને આર્યેતર પ્રજાઓ સાથે સંઘર્ષમાં આવી ત્યારે આર્યપ્રજાની ભાષાઓને પણ બીજી અનેક આર્યેતર પ્રજાઓની ભાષાઓ સાથે બરાબર સંઘર્ષમાં ઊતરવું પડેલું અને એમાં કેટલેક અંશે વિજય મેળવ્યા પછી જ આર્ય ભાષા ભારતમાં પોતાનું સાંસ્કૃતિક સ્વરૂપ પ્રાપ્ત કરી શકી.

વેદોના સમયથી માંડીને બ્રાહ્મણગ્રંથોના સમય સુધીની આર્ય ભાષા પોતાના સમયની બીજી બીજી અનેક આર્યેતર ભાષાઓ સાથે સંઘર્ષમાં આવતાં છતાં કેટલીક માંડવાળ પછી પોતાનું સ્વરૂપ બરાબર ટકાવીને વિજયી બની માટે જ એ ભાષાને ભારતીય આર્ય ભાષાની પ્રથમ ભૂમિકારૂપે ગણી શકાય.

એકબીજી પ્રજાઓથી અતડા રહેવું વા બાહ્ય રંગ કે ચોકખાઈના મિથ્યાભિમાનથી પ્રેરાઈ બીજી બીજી આર્યેતર પ્રજાઓ સાથે સંસર્ગમાં ન આવવું એ વૃત્તિ આર્યોમાં ન હતી. જેમ સમુદ્રમાં અનેક નદીઓ ભળી જાય છે અને સમુદ્રરૂપ બની જાય છે તેમ આર્યોમાં અનેક આર્યેતર પ્રજાઓ એવી રીતે ભળી ગઈ છે કે પછી તેને આર્યેતર કહીને નોખી પાડવાનાં એંધાણો જ જાણે ભૂંસાઈ ગયાં હોય એવું બની ગયું અને આર્યોનો એક નવો એવો મોટો સમાજ જ બની ગયો. આનો અર્થ એ થયો કે હવે કોઈ આર્યેતર છે એમ કળાવું જ અશક્ય બની ગયું — આર્ય અનાર્ય તે બધા વચ્ચે પરસ્પર લોહીનો સંબંધ, કામકાજનો ગાઢ સંબંધ, ભાષાઓનો પણ પરસ્પર વિનિમય; એને લીધે એકબીજી ભાષાઓએ આર્યોની ભાષા ઉપર સારી એવી અસર કરી અને એ અસરને આર્યોએ બરાબર આવકારી પણ ખરી, તેમ આર્યોની ભાષાએ આર્યેતર ભાષાઓ ઉપર પણ સામી એવી જ અસર કરી. આમ એકબીજી ભાષાઓમાં કોઈએ કશું ય આભડછેટનું તત્ત્વ મુદ્દલ નહીં સ્વીકારેલું; પરંતુ દરેક ભાષાએ બીજી ભાષાની અસરને આવવા દેવા પોતાનાં બારણાં તદ્દન ખુલ્લાં રાખેલાં.

આવી વિશાળહૃદયી પરિસ્થિતિને લીધે આર્ય ભાષાએ આર્યેતર ભાષાના હજારો શબ્દોને પોતામાં પોતાની રીતે સમાવી લીધાના જે પ્રામાણિક પુરાવાઓ ભાષાસંશોધકોને મળી આવ્યા છે તેમાંના કેટલાક આ પ્રમાણે છે :

ભારત અને બેબિલોનિયા વચ્ચે ઘણું મોટું અંતર છે; છતાં જ્યારે આર્યો ત્યાં, ફરતાં ફરતાં પહોંચેલા ત્યારે ત્યાંનાં આજથી આશરે ત્રણેક હજાર વરસ પહેલાનાં સંધિપત્રમાં ત્યાંના આર્યેતર રાજકર્તાએ પોતાના ઇષ્ટદેવનાં જે નામો લખેલાં હતાં તે જ નામો આપણા આર્યોનાં પણ ઇષ્ટદેવનાં બની ગયાં.

બેબિલોન સંધિપત્રમાં	વેદમાં
ઇન્–દ–ર	ઇન્દ્ર
મિ–ઇત્–ત–ર	મિત્ર
અ–રુ–ન અથવા ઉ–રુ–વ–ન	વરુણ
ન–અ–સત્–તિ–ય	નાસત્ય

નાસત્ય શબ્દ વેદમાં યુગલરૂપ અશ્વિનો માટે વપરાયેલ છે. બેબિલોનિયા માટે ઋગ્વેદમાં મંડળ ૧ સૂક્ત ૧૩૪ મંત્ર ૧–૭ માં બેલસ્થાન શબ્દ આપેલ છે અને બિબિલક પ્રજા માટે વેદમાં ભિબ્લગ્ય શબ્દ વપરાયેલ છે.

આર્ય પ્રજા ઓસ્ટ્રિક પ્રજાઓ સાથે, દ્રવિડ પ્રજાઓ સાથે અને તિબેટીચીની પ્રજાઓ સાથે સંબંધમાં આવી ત્યારે તે તે પ્રજાની ભાષાના પણ હજારો શબ્દો આર્ય ભાષામાં આર્ય રીતે મળી ગયેલા શોધી કઢાયા છે. તેમાંના ઘણા જ થોડા આ છે :

આર્ય ભાષામાં ભળી ગયેલા આર્યેતર શબ્દો :

તિતઉ	એટલે	ચાલણી
રાકા	”	પૂનમ
સિનિવાલી	”	ચંદ્રની કળા જણાતી હોય એવી અમાસ
નેમ	”	અડધું
પિક	”	કોયલ
કિતવ	”	જુગારી અથવા ધૂર્ત
અટવી	”	અટવી–જંગલ
કુલાલ	”	કુંભાર
તંડુલ	”	તાંદુલ–ચોખા
તિલ	”	તલ

કેટલાક ઓસ્ટ્રિક શબ્દો :

ઓસ્ટ્રિક ઉચ્ચારણ		આર્ય ઉચ્ચારણ
પોનહ્	એટલે	બાણ
કૌપેહ	”	કર્પાસ–કપાસ
કેલુઈ	”	કદલી–કેળ
માતંગ [1]	”	માતંગ–હાથી
નિયોરકોલઈ	”	નારિકેલ–નાળિયેર
વાહતિઆંગ	”	વાર્તિંગણ–વાઇંગણ–વેંગણ
ચીનાઈ તિબેટી ઉચ્ચારણ		**આર્ય ઉચ્ચારણ**
છૂ	એટલે	ઇક્ષુ–ઇખ–શેરડી
ખોંગ [2]	”	ગંગા

જેમ કોઈપણ ચાલુ વહેતી નદીમાં બીજા બીજા પ્રવાહો ભળી તદ્રૂપ બની જાય છે તેમ જ આપણી જીવતી અને જનતામાં ફેલાયેલી આર્ય ભાષામાં ય આવા હજારો આર્યેતર શબ્દો ભળી જઈ આર્યરૂપ બની જાય એ કોઈપણ જીવતી ભાષા માટે તદ્દન સ્વાભાવિક છે. વેદોમાં, બ્રાહ્મણગ્રંથોમાં અને ત્યારપછીના મહાભારતથી માંડીને અત્યાર સુધીનાં સંસ્કૃત સાહિત્યમાં એવા આર્યેતર શબ્દોને આર્યરૂપે બનાવી વગર સંકોચે તે તે ઋષિઓએ અને કાવ્યકાર પંડિતોએ ખપમાં લીધેલા છે એટલું જ નહીં, પણ આપણા

૧. ઓસ્ટ્રિકમાં માતંગનો અર્થ ‘મોટો હાથ’ થાય છે.

૨. ચીનાઈ તિબેટીમાં ખોંગનો અર્થ ‘નદી’ થાય છે.

આર્યપ્રવાહમાં એવાં કેટલાં ય આર્યેતર કર્મકાંડો, પ્રણાલિકાઓ અને પરંપરાઓ આર્યરૂપ પામી આજલગી ચાલતાં આવેલાં છે, એની પણ કોઈ વિચારક સંશોધક ના નહીં પાડી શકે.

આપણામાં આર્યેતર લોહી આર્યરૂપ પામી ભળેલું છે એ હકીકત કાંઈ આજના શોધકોએ જ શોધી કાઢેલ છે એમ નથી, પરંતુ આપણા મહર્ષિ મીમાંસાશાસ્ત્રકાર શબર અને મહાપંડિત કુમારિલભટ્ટ પણ એ હકીકતને સ્પષ્ટપણે જાણતા હતા, તેથી એ બાબત તેમણે પોતાના શાબર ભાષ્યમાં તથા તન્ત્રવાર્તિકમાં નોંધ આપેલી છે અને ત્યાં ખાસ ભલામણ પણ કરેલી છે કે જે આર્યો બે ભાષાના એટલે આર્ય ભાષા અને આર્યેતર ભાષાના જાણકાર હશે તેઓ વેદોની પરંપરાને અને વેદોના ભાવને ઠીક ઠીક સમજી શકશે.

આ રીતે સમગ્ર માનવમૈત્રીના ધ્યેયને વરેલી આર્ય પ્રજા અને તેની આર્ય ભાષા પોતાના વિકાસમાં આગેકૂચ કરી રહી હતી. ભ્રમણમાં આગળ ને આગળ વધતી આર્યોની ટોળીઓ જ્યારે ભારત-ઈરાની આર્ય ભાષાના સહવાસમાં આવી ત્યારે એ બન્ને ભાષાઓએ વળી એકબીજાની છાપ પરસ્પર બરાબર લગાડી દીધી, તે હકીકત પણ આજે વર્તમાન જે અવેસ્તા સાહિત્ય છે તે દ્વારા સ્પષ્ટ જણાઈ આવે છે. આ નીચે એવાં કેટલાંક નામો, વિભક્તિવાળાં નામો અને ક્રિયાપદો એ બન્ને ભાષાનાં આપ્યાં છે જેથી એ બન્ને ભાષાઓનો અત્યંત નિકટનો સંબંધ સહજ રીતે ખ્યાલમાં આવી જશે.

ભારત-ઈરાની આર્ય ભાષા		ભારતીય આર્ય ભાષા
સ્રએસ્ત	એટલે	શ્રેષ્ઠ
વોહુ	”	વસુ–પવિત્ર
હૂખ્ત	”	સૂક્ત
બૂમી	”	ભૂમિ
હથ્રા	”	સત્રા એટલે સાથે
અહુર	”	અસુર

વિભક્તિવાળાં નામો

થ્વા	એટલે	ત્વામ્–તને
અહ્યા	”	અસ્ય–એનું
વચેબીશ્ચા	”	વચોભિશ્ચ–વચનો વડે
ઉબોઈબ્યા	”	ઉભયેભ્યઃ–યુગલ માટે
હ્વો	”	સ્વઃ–પોતે
અઝેમ્	”	અહમ્–હું
વએમ્	”	વયમ્–અમે
અહ્મા	”	અસ્માન્–અમોને
મત્	”	મત્–મારાથી

વિભક્તિવાળાં ક્રિયાપદો

નેમખ્યામહી	એટલે	નમિષ્યામહે–નમીએ છીએ
બરઈતી	”	ભરતિ–ભરે છે–પોષણ કરે છે
અહી	”	અસિ–તું છે
વએદા	”	વેદ–જાણ્યું

ઈ. સ. પૂર્વે બે હજાર વરસ કરતાં ય વિશેષ પ્રાચીન આપણી ભારતયુરોપીય આર્ય ભાષાનો નમૂનો એક સંસ્કૃત અર્વાચીન વાક્ય દ્વારા આ રીતે બતાવી શકાય :

હરિશ્ચન્દ્રસ્ય પિતા અશ્વસ્ય ઉપરિસ્થિતઃ ગચ્છન્ પઞ્ચ વૃકાન્ જઘાન. આ વાક્યનું બે હજાર વરસ કરતાં ય પહેલાંના સમયનું ઉચ્ચારણ આમ કલ્પી શકાય :

ઝરિકન્દ્રાસ્યા પઅતેસ્ અચ્વાસ્યા ઉપરિ સ્થઅતોસ્ ગમ્શ્રાન્ત્સ્ પઙ્ક્વે ગ્લૂકાન્સ્ ધઘાન

એ જ રીતે ઋગ્વેદના પ્રથમ સૂક્તનું તથા ગાયત્રી મંત્રનું ભારત-ઈરાની આર્ય ભાષામાં જે જુદું ઉચ્ચારણ થાય છે તેને નીચે દર્શાવેલો નમૂનો આ પ્રમાણે બતાવે છે :

ઋગ્વેદ	ઈરાની આર્યભાષા
અગ્નિમ્ ઈડે પુરોહિતમ્	અગ્નિમ્ ઈઝદઈ પુરઝ્ધિતમ્
યજ્ઞસ્ય દેવમ્ ઋત્વિજમ્	યશ્નસ્ય દઈવિમ્ ઋત્વિશમ્
હોતારમ્ રત્નધાતમમ્	શ્હઉતારમ્ રત્નધાતમમ્
ગાયત્રી મંત્ર	**ઈરાની આર્યભાષા**
તત્ સવિતુર્ વરેણ્યમ્	તત્ સવિતુઝ્ ઉવરઈનિઅમ્
ભર્ગો દેવસ્ય ધીમહિ	ભર્ગઝ્ દઈવિસ્ય ધીમધિ
ધિયો યો નઃ પ્રચોદયાત્	ધિયઝ્ યઝ્ નસ્ પ્રચઉદયાત્

નવ્ય ભારતીય ભાષાઓના વિકાસમાં જે પ્રાકૃત ભાષાએ ઘણો મોટો ફાળો આપેલ છે તે પ્રાકૃત ભાષાનું સૌથી પ્રાચીનતમ રૂપ આદિમભારતયુરોપીય ભાષા પછી તેનું બીજું રૂપ ભારત-ઈરાની આર્ય ભાષા અને પછી તેની ત્રીજી ભૂમિકા તે ભારતીય આર્ય ભાષા અને આ પછી આવી પ્રાકૃતની પોતાની ભૂમિકા. આ પ્રાકૃતની ઉત્તર ભૂમિકાઓ તરીકે ત્યારપછીની મધ્ય યુગની વિવિધ પ્રાકૃતો, અપભ્રંશો અને બાદ વર્તમાન હિંદી, મરાઠી, બંગાળી, ગુજરાતી, સિંધી, પંજાબી, ઉડિયા વગેરે ભાષાઓ અને તેમની જુદી જુદી બોલીઓ.

હવે પ્રાકૃત ભાષાનાં પ્રાદુર્ભાવક બળોનો વિચાર કરી વર્તમાન ભારતીય નવ્ય ભાષાઓના વિકાસમાં તેના મહત્ત્વના ફાળા વિશે પણ જાણી લઈએ.

વેદોને વા બીજાં ધર્મશાસ્ત્રોને ભણવાભણાવવાનો અધિકાર એક માત્ર વિપ્રપુરોહિતવર્ગને જ હતો, આમજનતાને તેમના સંપર્કમાં આવતી અટકાવેલી હોવાથી આમજનતાનાં ઉચ્ચારણો પુરોહિતો જેવાં ન રહે એ સ્વાભાવિક છે. એક તો પુરોહિતો ભણેલા અને વળી તેમનો ઉચ્ચારણો કરવાનો વિશેષ મહાવરો હોવાથી તેઓ અભ્યાસ અને પાઠના બળે જડબાંતોડ ઉચ્ચારણો પણ કરી શકતા ત્યારે આમજનતાને એવો મહાવરો મુદ્દલ નહીં અને અભ્યાસ કે પાઠનો તો મોકો ન જ મળતો હોવાથી તેઓની પુરોહિતોનાં જેવાં ઉચ્ચારણો કરવાની ટેવ ન પડી તેમ ન ટકી એટલે આમજનતાનાં અને વિપ્ર—પુરોહિત-વર્ગનાં ઉચ્ચારણો વચ્ચે ફરક પડી ગયેલો. વિપ્રની ભાષામાં કહીએ તો તે પોતાનાં ઉચ્ચારણોને સંસ્કૃત માનતો અને આમજનતાનાં ઉચ્ચારણોને પ્રાકૃત સમજતો, આ ઉપરાંત વેદોનાં સૂક્તો ગ્રંથસ્થ થઈ ગયાં એટલે તેની ભાષા વહેતી નદીની જેવી મટીને નહીં વહેતા ખાબોચિયા જેવી થઈ ગઈ. આ પરિસ્થિતિને લીધે હવે તે બંધાઈ ગયેલી ભાષાનો વિકાસ થતો અટકી પડ્યો અને આમજનતાની વહેતી જીવતી ભાષા તો વિકસવા માંડી—બીજી રીતે કહીએ તો જ્યારથી વેદોની ભાષા બંધાઈ ગઈ, જકડાઈ ગઈ અને વહેતી અટકી પડી ત્યારથી પ્રાચીન સમયથી ચાલ્યાં આવતાં આમજનતાનાં પ્રાકૃતોને પ્રકાશમાં આવવાનો અને ઉત્તરોત્તર વિકાસ પામવાનો અવસર મળી ગયો.

એમ કહેવામાં આવે છે કે ઉદીચ્યોનાં ઉચ્ચારણો ઉત્કૃષ્ટ પ્રકારનાં હતાં અર્થાત તેમનાં ઉચ્ચારણો વેદોની ભાષાને બરાબર મળતાં આવતાં ત્યારે પ્રાચ્યોનાં ઉચ્ચારણો વેદોની ભાષાને મુકાબલે ઊતરતાં હતાં અને મધ્ય પ્રદેશવાળાઓનાં ઉચ્ચારણો ન ઉત્તમ તેમ ન ઊતરતાં; પરંતુ મધ્યમસરનાં હતાં. ઉદીચ્ય પ્રજા એટલે વર્તમાન વાયવ્ય સરહદ અને પંજાબ પ્રાંતની વસતિ. પ્રાચ્યો એટલે વર્તમાન અવધ, પૂર્વ સંયુક્ત પ્રાંત અને ઘણે ભાગે બિહારની પ્રજા અને ગંગા-યમુનાના પ્રદેશમાં વસતા લોકો તે મધ્ય દેશીય પ્રજા.

આમ આ ત્રણે લોકસમૂહોની ભાષા આમજનતાની ભાષા રૂપે ઝપાટાબંધ વિકસવા માંડી, ફેલાવા માંડી અને ઉત્તરોત્તર ઉચ્ચારણોની દૃષ્ટિએ વિવિધ પરિવર્તનો પણ પામવા લાગી. બરાબર આ જ ટાંણે એ સમાજમાંથી કેટલાક આત્માર્થી પુરુષો આમજનતાના ભેરુરૂપે પ્રગટ થયા. તેઓમાં મુખ્ય નાયકરૂપે કપિલ, શ્રીકૃષ્ણ, મહાવીર અને બુદ્ધનું સ્થાન હતું. જે ટોળીના આગેવાન મહાવીર અને બુદ્ધ હતા તે ટોળીઓ વૈદિક કર્મકાંડરૂપ યજ્ઞાદિકને આધ્યાત્મિક શુદ્ધિનું સાધન ન માનતી અને તેથી તે, વિપ્રપુરોહિતોએ નિર્માણ કરેલી કોઈ ધાર્મિક યા સામાજિક વ્યવસ્થાને પણ વશવર્તી નહીં હતી. હિંસાપ્રધાન યજ્ઞાદિકને ધર્મરૂપે નહીં સ્વીકારનારી આ ટોળીઓ કેવળ શબ્દોનાં ઉચ્ચારણોને જ શ્રેયસ્કર નહીં સમજતી ત્યારે વિપ્રપુરોહિતો તો એમ કહ્યા જ કરતા કે એક પણ શબ્દનું શુદ્ધ ઉચ્ચારણ જ કલ્યાણકારી નિવડે છે. આ ટોળીઓને વિપ્રપુરોહિતોએ કેવળ ' વ્રાત્ય ' નામ આપેલું. વ્રાત્ય એટલે બ્રાહ્મણોએ નિર્માણ કરેલી સંસ્કારાદિક પ્રવૃત્તિને નહીં સ્વીકારનારી પરંતુ ચિત્તશુદ્ધિ માટેના વ્રતનિયમોને આચરનારી પ્રજા. પુરોહિતો એ ટોળીઓને ઉત્તમ નહીં સમજતા. આ ટોળીઓના અગ્રણી પુરુષો વેદોની ભાષાનાં જડબાંતોડ ઉચ્ચારણોને પણ સ્પષ્ટ રીતે બોલી બતાવવા સમર્થ હતા છતાંય તેઓએ એ વૈદિક ઉચ્ચારણોને બદલે આમજનતામાં વ્યાપેલાં ઉચ્ચારણોને વિશેષ મહત્ત્વ આપ્યું. કેમકે તેમનો ઉદ્દેશ પોતાનું ધર્મચક્ર આમ જનતા સુધી પહોંચાડવાનો હતો અને એમ કરીને માનવતાના જેમના હકો છિનવાઈ ગયા હતા તેવી આમ જનતાને માનવતાના સર્વ હકો સુધી લઈ આવવાની હતી. આથી કરીને અત્યાર સુધી જે આમજનતાની ભાષાને પ્રકર્ષ નહીં મળેલો તે પ્રકર્ષ શ્રીમહાવીર અને શ્રીબુદ્ધ દ્વારા વધારેમાં વધારે મળ્યો અને આ સમય જ પ્રાકૃત ભાષાના અભ્યુદયનો હતો. આ સમયનું પ્રાકૃત તે જ પ્રાકૃત-ભાષાની પ્રથમ ભૂમિકા. મહાવીરે અને બુદ્ધે પોતાનાં તમામ પ્રવચનો સમગ્ર મગધ, બિહાર, બંગાળ વગેરે પ્રદેશોમાં ફરીફરીને લોક-ભાષામાં જ આપ્યાં. એ બન્ને સંતો આમજનતાના પ્રતિનિધિરૂપ હતા, આમજનતાના સુખદુઃખમાં પૂરી સહાનુભૂતિ રાખનારા હતા અને તેઓએ આમજનતાની ભાષાને પ્રધાન-સ્થાને બેસાડી ઘણી મોટી પ્રતિષ્ઠા આપેલી છે. જો કે એ સમયની ગ્રંથસ્થ વૈદિક ભાષામાંય આમજનતાની ભાષામાં જે પરિવર્તનો આવેલાં તેમનાં મૂળ પડેલાં હતાં છતાં તેમાં તે પરિવર્તનો બીજરૂપે અને પરિમિત માત્રામાં હતાં ત્યારે આમજનતાની ભાષાને વિશેષ પ્રતિષ્ઠા અને પ્રચારનાં સ્થાન મળવાથી તેમાં તે પરિવર્તનો ઝપાટાબંધ વધવા લાગ્યાં અને એ રીતે વિવિધ પરિવર્તનો પામતી આમજનતાની પ્રાકૃત ભાષા હવે દેશમાં ઝપાટાબંધ ફેલાવા લાગી. આમ પોતાની પૂર્વભૂમિકારૂપ આદ્ય ભાષાથી માંડીને આર્ય ઈરાની સહિત વૈદિક ભાષાનો સમગ્ર શબ્દવારસો ધરાવતી આમજનતાની આ પ્રાકૃત ભાષાએ જે જે પ્રકારનાં પરિવર્તનો સ્વીકાર્યાં અને એ જ પરિવર્તનો તેની મધ્ય યુગની પ્રાકૃતના વિકાસમાં, તથા વિવિધ અપભ્રંશોના વિકાસમાં અને છેક છેલ્લે ભારતીય નવ્ય ભાષા હિંદી, મરાઠી, ગુજરાતી, બંગાળી વગેરે ભાષાઓના વિકાસમાં મોટો મહત્ત્વનો ભાગ ભજવનારાં નિવડ્યાં અને નવી ભાષાઓની બોલીઓના—નોખી નોખી અનેક બોલીઓના—પણ ઉત્તરોત્તર વિકાસનાં કારણરૂપ બન્યાં તે તમામ પરિવર્તનો વિશે પણ થોડું વિચારીએ :

સંયુક્ત વ્યંજનો જ્યાં શબ્દની અંદર હતાં વા આદિમાં હતાં તેમાં જે ફેરફાર થયો તે આ પ્રમાણે છે :

હસ્ત ને બદલે હત્થ પછી હાથ
કર્ણ ને બદલે કણ્ણ પછી કાન
અક્ષિ ને બદલે અક્ખિ પછી આંખ અથવા અચ્છિ પછી આંછ
મક્ષિકા ને બદલે મક્ખિઆ પછી માખ અથવા મચ્છિઆ પછી માશ
ક્ષેત્ર ને બદલે ખેત્ત પછી ખેતર અથવા છેત્ત પછી શેતર
ક્ષીર ને બદલે ખીર પછી ખીર અથવા છીર પછી છીર
કુક્ષિ ને બદલે કુક્ખિ પછી કૂખ કે કોખ
ગવાક્ષ ને બદલે ગવક્ખ પછી ગોખ
પ્રસ્તર ને બદલે પત્થર પછી પથ્થર અથવા પાથર
પુષ્કર ને બદલે પુક્ખર પછી પોખર અથવા પુકુર
સત્ય ને બદલે સચ્ચ પછી સાચ કે સાચું
કાર્ય ને બદલે કજ્જ પછી કાજ–કારજ
વૃશ્ચિક ને બદલે વિંછિઅ પછી વીંછી અથવા વીછૂ
અદ્યને બદલે અજ્જ પછી આજે
શય્યાને બદલે સેજ્જા પછી સેજ
મર્યાદા ને બદલે મજ્જાયા પછી માજા
ઉપાધ્યાય ને બદલે ઉવજ્ઝાય પછી ઓઝા
સંધ્યા ને બદલે સંઝા પછી સાંજ
વર્તી ને બદલે વટ્ટી પછી વાટ
ગર્ત ને બદલે ગડ્ડ પછી ખાડો
નિમ્ન ને બદલે નિણ્ણ પછી નેનું–નાનું
સંજ્ઞા ને બદલે સંણા પછી સાન
સ્તમ્ભ ને બદલે થંભ પછી થાંભલો અથવા થંબા કે ખંભા
પર્યસ્તિકા ને બદલે પલ્લત્થિઆ પછી પલાંઠી
સ્ત્યાન ને બદલે થીણ પછી થીણું
મુષ્ટિ ને બદલે મુટ્ઠિ પછી મૂઠી
દૃષ્ટ ને બદલે દિટ્ઠ પછી દીઠો
કુડ્મલ ને બદલે કુંપલ પછી કુંપળ
જિહ્વા ને બદલે જિબ્ભા પછી જીભ
કૃષ્ણ ને બદલે કણ્હ પછી કાન
સ્નાન ને બદલે ણ્હાણ પછી નાણ
આદર્શ ને બદલે આયરિસ પછી અરિસો કે આરસો
ગુહ્ય ને બદલે ગુજ્ઝ પછી ગૂંજું

હવે કેટલાંક અસંયુક્તવ્યંજનોનાં પરિવર્તનો :

રાજન્ — રાજ અથવા લાજ અથવા રાય
નગર — નયર – પછી નેર
નયન — નયણુ – પછી નેણુ
મેઘ — મેહ – પછી મે
કથ — કહ – પછી કહેવું
રેખા — લેહા – પછી લીહા-લી
બધિર — બહિર – પછી બહેરો
શોભામત્ – સોહામણુ – પછી સોહામણું
ઘટ — ઘડ – પછી ઘડો
પાઠ — પાઢ – પછી પાડો
ગુડ — ગુલ – પછી ગોળ
તડાગ — તલાય – પછી તળાવ અથવા તાલાવ
વચન — વયણુ – પછી વેણુ
દીપ — દીવ – પછી દીવો
ભગિનીપતિ — બહિણીવઈ – પછી બનેવી અથવા બન્હોઈ
દશ — દસ – પછી દસ
શબ્દ — સદ્દ – પછી સાદ
સિંહ — સિંઘ અથવા સીહ–પછી સંગ અથવા સંઘ અથવા સી

સ્વરોનાં પરિવર્તનો આ પ્રમાણે છે :

ઋ, લૃ, ઐ અને ઔનો પ્રયોગ જ નિકળી જવા પામ્યો છે.
ઋ ને બદલે અ — ઘૃત – ઘય – પછી ઘી
કૃત – કરિઅ – પછી કર્યું
,, ,, રિ — ઋદ્ધિ – રિદ્ધિ – પછી રધ
,, ,, ઈ — પૃષ્ઠિ – પિટ્ઠિ – પછી પીઠ
,, ,, ઉ — વૃદ્ધ – વુડ્ઢો – પછી બૂઢો
પિતૃગૃહ — પિઉહર – પછી પીહર કે પીયર
માતૃગૃહ — માઉહર – પછી માયરું
ઐ ને બદલે એ અને અઈ — શૈલને બદલે સઈલ અથવા સેલ.
ઐરાવણુ — અઈરાવણુ – પછી અઈરાવણુ
ઔ ને બદલે ઓ અને અઉ — કૌશામ્બી –– કઉસંબી – કોસંબી – કોસંબી – કોસમ
યૌવન –– જોવ્વણુ – જોબન

આ રીતે વ્યંજનો અને સ્વરોનાં ઉચ્ચારણોનાં બીજાં પણ ઘણાં ઘણાં પરિવર્તનો આવવાં પામ્યાં છે. મધ્યયુગની પ્રાકૃતોનાં પણ આવાં જ પરિવર્તનો દેખાય છે ત્યારે અપભ્રંશોમાં વળી આથી વધારે બીજાં વિવિધ પ્રકારનાં પરિવર્તનો છે. આમ પરિવર્તનો પામતી પ્રાકૃત ભાષા અને પાલિ ભાષાએ વર્તમાનકાળની નવ્ય ભાષાઓ હિંદી, ગુજરાતી વગેરે અને તેની જુદી જુદી પ્રાંતિક બોલીઓમાં ઘણો મોટો ફાળો આપેલ છે, તે ઉપરનાં થોડાં ઉદાહરણોથી પણ સ્પષ્ટ થઈ જાય છે. સંસ્કૃત ભાષા પ્રાકૃતમાં સંક્રમ્યા વિના આ નવ્ય ભાષાઓના પ્રાકટ્યમાં સીધું નિમિત્ત નથી થઈ શકતી અર્થાત્ આપણી ભારતીય પ્રચલિત તમામ આર્ય ભાષાઓ અને બોલીઓનું પ્રધાન નિમિત્ત પ્રાકૃત અને પાલિ ભાષા છે; પરંતુ સંસ્કૃત નથી જ એ યાદ રાખવાનું છે.

આ લેખ માટે નીચેના ગ્રંથોનો ખાસ ઉપયોગ કરેલો છે :

૧. ભારતીય આર્ય ભાષા અને હિંદી ભાષા — ડૉ. સુનીતિકુમાર ચેટરજી (ગુજરાત વિદ્યાસભા)

૨. ઋતંભરા — ડૉ. સુનીતિકુમાર ચેટરજી

૩. રાજસ્થાની ભાષા — ”

૪. પ્રાકૃત ભાષા — ડૉ. પ્રબોધ બેચરદાસ પંડિત

૫. ખોરદેહઅવેસ્તા — કાંગા

૬. ભાષાવિજ્ઞાન — મંગળદેવ શાસ્ત્રી

૭. અશોકના લેખો — ઓઝાજી

જૈન પરંપરાનું અપભ્રંશ સાહિત્યમાં પ્રદાન

પ્રા. હરિવલ્લભ ચુ. ભાયાણી, એમ. એ., પીએચ. ડી.

પ્રાસ્તાવિક

અપભ્રંશ સાહિત્યની એક તરત જ ઊડીને આંખે વળગે તેવી વિશિષ્ટતા તેને સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યથી નોખું તારવી આપે છે. ઉપલબ્ધ અપભ્રંશ સાહિત્ય એટલે જૈનોનું જ સાહિત્ય એમ કહીએ તો પણ ચાલે, કેમ કે તેઓએ એ ક્ષેત્રમાં જે સમર્થ અને વિવિધતાવાળું નિર્માણ કર્યું છે તેની તુલનામાં બૌદ્ધ અને બ્રાહ્મણ (એ તો હજી શોધવાનું રહ્યું — મળે છે તે છૂટાંછવાયાં થોડાંક ટાંચણો જ માત્ર) પરંપરાનું પ્રદાન અપવાદરૂપ અને તેનું મૂલ્ય પણ મર્યાદિત. એમ કહોને કે અપભ્રંશ સાહિત્ય એટલે જૈનોનું આગવું ક્ષેત્ર — જો કે આપણને મળી છે તેટલી જ અપભ્રંશ કૃતિઓ હોય તો જ ઉપરનું વિધાન સ્થિર સ્વરૂપનું ગણાય. પણ અપભ્રંશ સાહિત્યની ખોજની ઇતિશ્રી નથી થઈ ગઈ — એ દિશામાં હજી ઘણું કરવાનું બાકી છે. એટલે ભવિષ્યમાં મહત્ત્વની કે ગણનાપાત્ર સંખ્યામાં જૈનેતર કૃતિઓ હોવાનું જાણવામાં આવે તો આપણું આ ચિત્ર પલટાઈ જાય.

પ્રધાનપણે જૈન અને ધર્મપ્રાણિત હોવા ઉપરાંત અપભ્રંશ સાહિત્યની બીજી એક આગળ પડતી લાક્ષણિકતા તે તેનું ઐકાન્તિક પદ્ય સ્વરૂપ. અપભ્રંશ ગદ્ય નગણ્ય છે. તેનો સમગ્ર સાહિત્યપ્રવાહ છંદમાં જ વહે છે. આનું કારણ અપભ્રંશ ભાષા જે ખાસ પરિસ્થિતિમાં ઉદ્‌ભવી અને વિશિષ્ટ ઘડતર પામી તેમાં ક્યાંક રહ્યું હોવાનો સંભવ છે.

અપભ્રંશ ભાષા

સાહિત્યિક પ્રાકૃતોની જેમ સાહિત્યિક અપભ્રંશ પણ એક સારી રીતે કૃત્રિમ ભાષા હોવાનું જણાય છે. એ એક એવી વિશિષ્ટ ભાષા હતી જેના ઉચ્ચારણમાં ' પ્રાકૃત ' ભૂમિકાનાં પ્રમુખ લક્ષણો જળવાઈ રહ્યાં હતાં, પણ જેનાં વ્યાકરણ અને રૂઢિપ્રયોગો (તથા શબ્દકોશનો થોડોક અંશ પણ) સતત વિકસતી તત્તત્કાલીન બોલીઓના રંગે અંશતઃ રંગાતાં રહેતાં હતાં. આથી અપભ્રંશને એક લાભ એ થયો કે તે જડ ચોકઠામાં જકડાઈ જવાના ભયથી છૂટી. કેમ કે શિષ્ટમાન્ય ધોરણનું કડક પાલન કરવાના વલણવાળી કોઈ પણ સાહિત્યભાષા વધુ ને વધુ રૂઢિબદ્ધ થતી જાય છે. તેમાં યે અપભ્રંશ સંસ્કૃત તથા પ્રાકૃત જેવી શતાબ્દીઓ-જૂની પ્રશિષ્ટ પરંપરા ધરાવતી સાહિત્ય–ભાષાઓના ચાલુ વર્ચસ્વ નીચે ઊછરી હતી. એટલે તેને માટે બીજે પક્ષે જીવંત બોલીઓ સાથેનો સતત સંપર્ક નવચેતન અર્પતો નીવડે એ ઉઘાડું છે.

કઈ જાતની પરિસ્થિતિ વચ્ચે અપભ્રંશ ભાષા અને સાહિત્યનો ઉદ્‌ગમ થયો ? આ બાબત હજી સુધી તો પૂર્ણ અંધકારમાં દટાયેલી છે. આરંભનું ઘણુંખરું સાહિત્ય સાવ લુપ્ત થયું છે. અપભ્રંશ સાહિત્યવિકાસના પ્રથમ સોપાન કયાં તે જાણવાની કશી સાધનસામગ્રી ઉપલબ્ધ નથી. અપભ્રંશના આગવા ને આકર્ષક સાહિત્યપ્રકારો તથા છંદોનો ઉદ્‌ભવ ક્યાંથી થયો તે કોઈપણ રીતે સ્પષ્ટપણે સમજાવી શકવાની આપણી સ્થિતિ નથી.

આરંભ અને મુખ્ય સાહિત્યસ્વરૂપો

સાહિત્યમાં તથા ઉત્કીર્ણ લેખોમાં મળતા ઉલ્લેખો પરથી સમજાય છે કે ઇસવી છઠ્ઠી શતાબ્દીમાં તો અપભ્રંશે એક સ્વતંત્ર સાહિત્યભાષાનું સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું. સંસ્કૃત અને પ્રાકૃતની સાથોસાથ તે પણ એક સાહિત્યભાષા તરીકે ઉલ્લેખાર્હ ગણાતી. આમ છતાં આપણને મળતી પ્રાચીનતમ અપભ્રંશ કૃતિ ઇસવી નવમી શતાબ્દીથી બહુ વહેલી નથી. એનો અર્થ એ થયો કે તે પહેલાંનું બધું સાહિત્ય લુપ્ત થયું છે. નવમી શતાબ્દી પૂર્વે પણ અપભ્રંશ સાહિત્ય સારી રીતે ખેડાતું રહ્યું હોવાના પુષ્કળ પુરાવા મળે છે, અને તેના ઉપલબ્ધ પ્રાચીનતમ નમૂનાઓમાં સાહિત્યસ્વરૂપ, શૈલી અને ભાષાની જે સુવિકસિત કક્ષા જોવા મળે છે તે ઉપરથી પણ એ વાત સમર્થિત થાય છે. નવમી શતાબ્દી પૂર્વેના એ પિંગલકારોના પ્રતિપાદન પરથી સ્પષ્ટ સમજાય છે કે પૂર્વકાલીન સાહિત્યમાં અજાણ્યાં એવાં ઓછામાં ઓછાં બે નવાં સાહિત્યસ્વરૂપો — સંધિબંધ અને રાસાબંધ — તથા સંખ્યાબંધ પ્રાસબદ્ધ નવતર માત્રાવૃત્તો અપભ્રંશકાળમાં અસ્તિત્વમાં આવ્યાં હતાં.

સંધિબંધ

આમાં સંધિબંધ સૌથી વધુ પ્રચલિત રચનાપ્રકાર હતો. એનો ઉપયોગ ભાતભાતની કથાવસ્તુ માટે થયેલો છે. પૌરાણિક મહાકાવ્ય, ચરિતકાવ્ય, ધર્મકથા — પછી તે એક જ હોય કે આખું કથાચક્ર હોય— આ બધા વિષયો માટે ઔચિત્યપૂર્વક સંધિબંધ યોજાયો છે. ઉપલબ્ધમાં પ્રાચીનતમ સંધિબંધ નવમી શતાબ્દી લગભગનો છે, પણ તેની પૂર્વે લાંબી પરંપરા રહેલી હોવાનું સહેજે જોઈ શકાય છે. સ્વયંભૂની પહેલાં ભદ્ર (કે દન્તિભદ્ર), ગોવિન્દ અને ચતુર્મુખ રામાયણ અને કૃષ્ણકથાના વિષય પર રચનાઓ કરી હોવાનું સાહિત્યિક ઉલ્લેખો પરથી અનુમાન થઈ શકે છે. આમાંથી ચતુર્મુખનો નિર્દેશ પછીની અનેક શતાબ્દીઓ સુધી માનપૂર્વક થતો રહ્યો છે. ઉક્ત વિષયોનું સંધિબંધમાં નિરૂપણ કરનાર એ અગ્રણી કવિ હતો.

સ્વયંભૂદેવ

પણ એમાંના એક પણ પ્રાચીન કવિની કૃતિ ઉપલબ્ધ ન હોવાથી કવિરાજ સ્વયંભૂદેવ (ઇસવી સાતમીથી દસમી શતાબ્દી વચ્ચે)નાં મહાકાવ્યો એ સંધિબંધ વિશેની માહિતી પૂરી પાડવા માટે આપણો પ્રાચીનતમ આધાર છે. ચતુર્મુખ, સ્વયંભૂ અને પુષ્પદંત ત્રણે અપભ્રંશના પ્રથમ પંક્તિના કવિઓ છે, અને તેમાંયે પહેલું સ્થાન સ્વયંભૂને આપવા પણ કોઈ પ્રેરાય. કાવ્યપ્રવૃત્તિ સ્વયંભૂની કુળપરંપરામાં જ હતી. તેણે કર્ણાટક અને તેની સમીપના પ્રદેશમાં જુદા જુદા જૈન શ્રેષ્ઠીઓના આશ્રયે રહી કાવ્યરચના કરી હોવાનું જણાય છે. સ્વયંભૂ યાપનીયનામક જૈન પંથનો હોય એ ઘણું સંભવિત છે. એ પંથનો તેના સમય આસપાસ ઉક્ત પ્રદેશમાં ઘણો પ્રચાર હતો. સ્વયંભૂની માત્ર ત્રણ કૃતિઓ જળવાઈ રહી છે: **पउमचरिउ** અને **रिट्ठणेमिचरिउ** નામે બે પૌરાણિક મહાકાવ્ય અને **स्वयम्भूच्छन्द*** નામનો પ્રાકૃત અને અપભ્રંશ છંદોને લગતો ગ્રંથ.

---

* માધ્યમિક ભારતીય – આર્ય છંદો માટે એક પ્રાચીન અને પ્રમાણભૂત સાધન લેખેની તેની અગત્ય ઉપરાંત **स्वयम्भूच्छन्द**નું મોટું મહત્ત્વ તેમાં અપાયેલાં પૂર્વકાલીન પ્રાકૃત અને અપભ્રંશ સાહિત્યનાં ટાંચણોને અંગે છે. આથી આપણને એ સાહિત્યની લુપ્ત સમૃદ્ધિનો સારો ખ્યાલ આવે છે.

पउमचरिउ

पउमचरिउ (સં. पद्मचरितम्) એ रामायणपुराणु (સં. रामायणपुराणम्) નામે પણ જાણીતું છે. એમાં પદ્મ એટલે રામના ચરિત પર મહાકાવ્ય રચવાની સંસ્કૃત તથા પ્રાકૃત સાહિત્યની પરંપરાને સ્વયંભૂ અનુસરે છે. पउमचरिउમાં રજૂ થયેલું રામકથાનું જૈન સ્વરૂપ વાલ્મીકિ રામાયણમાં મળતા બ્રાહ્મણ પરંપરા પ્રમાણેના સ્વરૂપ(બંનેમાં આ પુરોગામી છે)થી, અનેક અગત્યની બાબતમાં જુદું પડે છે. સ્વયંભૂરામાયણનો વિસ્તાર પુરાણની સ્પર્ધા કરે તેટલો છે. તે विज्जाहर (સં. विद्याधर), उज्झा (સં. अयोध्या), सुंदर, जुज्झ (સં. युद्ध) અને उत्तर એમ પાંચ કાંડમાં વિભક્ત છે. આ દરેક કાંડ મર્યાદિત સંખ્યાના 'સંધિ' નામના ખંડોમાં વહેંચાયેલો છે. પાંચે કાંડના બધા મળીને નેવું સંધિ છે. આ દરેક સંધિ પણ બારથી વીશ જેટલા 'કડવક' નામના નાના સુગ્રથિત એકમોનો બનેલો છે. આ કડવક (= પ્રાચીન ગુજરાતી સાહિત્યનું 'કડવું') નામ ધરાવતો પદ્યપરિચ્છેદ અપભ્રંશ અને અર્વાચીન ભારતીય–આર્યના પૂર્વકાલીન સાહિત્યની વિશિષ્ટતા છે. કથાપ્રધાન વસ્તુ ગૂંથવા માટે તે ઘણું જ અનુકૂળ છે. કડવકદેહ કોઈ માત્રાછંદમાં રચેલા સામાન્યતઃ આઠ પ્રાસબદ્ધ ચરણયુગ્મનો બનેલો હોય છે. કડવકના આ મુખ્ય કલેવરમાં વર્ણ્ય વિષયનો વિસ્તાર થાય છે, જ્યારે જરા ટૂંકા છંદમાં બાંધેલો ચાર ચરણનો અંતિમ ટુકડો વર્ણ્ય વિષયનો ઉપસંહાર કરે છે કે વધારેમાં પછીના વિષયનું સૂચન કરે છે * આવા વિશિષ્ટ બંધારણને કારણે અપભ્રંશ સંધિ શ્રોતાઓ સમક્ષ લયબદ્ધ રીતે પઠન કરાવાની કે ગીત રૂપે ગવાવાની ઘણી ક્ષમતા ધરાવે છે.

पउमचरिउના નેવું સંધિમાંથી છેલ્લા આઠ સ્વયંભૂના જરા વધારે પડતા આત્મભાનવાળા પુત્ર ત્રિભુવનની રચના છે, કેમ કે કોઈ અજ્ઞાત કારણે સ્વયંભૂએ એ મહાકાવ્ય અધૂરું મૂકેલું. આ જ પ્રમાણે પોતાના પિતાનું બીજું મહાકાવ્ય रिट्ठणेमिचरिउ પૂરું કરવાનો યશ પણ ત્રિભુવનને ફાળે જાય છે અને તેણે पंचमीचरिउ (સં. पञ्चमीचरितम्) નામે એક સ્વતંત્ર કાવ્ય રચ્યું હોવાનો પણ ઉલ્લેખ છે.

સ્વયંભૂએ પોતાના પુરોગામીઓના ઋણનો સ્પષ્ટ શબ્દોમાં સ્વીકાર કર્યો છે. મહાકાવ્યના સંધિબંધ માટે તે ચતુર્મુખથી અનુગૃહીત હોવાનું જણાવે છે, જ્યારે વસ્તુ અને તેના કાવ્યાત્મક નિરૂપણ માટે તે આચાર્ય રવિષેણનો આભાર માને છે. पउमचरिउના કથાનક પૂરતો તે રવિષેણના સંસ્કૃત पद्मचरित કે पद्मपुराण(ઈ. સ. ૬૭૭–૭૮)ને પગલે પગલે ચાલે છે. તે એટલે સુધી કે पउमचरिउને पद्मचरितનો મુક્ત અને સંક્ષિપ્ત અપભ્રંશ અવતાર કહેવો હોય તો કહી શકાય.* ને છતાંયે સ્વયંભૂની મૌલિકતા અને ઉચ્ચ પ્રતિની કવિત્વશક્તિનાં પ્રમાણ पउमचरिउમાં ઓછાં નથી. એક નિયમ તરીકે તે રવિષેણે આપેલા કથાનકના દોરને વળગી રહે છે — અને આમેય એ કથાનક તેની નાનીમોટી વિગતો સાથે પરંપરાથી રૂઢ થયેલું હોવાથી કથાવસ્તુ પૂરતો તો મૌલિક કલ્પના માટે કે સંવિધાનની દૃષ્ટિએ પરિવર્તન કે રૂપાંતર માટે ભાગ્યે જ કશો અવકાશ રહેતો. પણ શૈલીની દૃષ્ટિએ કથાવસ્તુને શણગારવાની બાબતમાં, વર્ણનો ને રસનિરૂપણની બાબતમાં, તેમ જ મનગમતા પ્રસંગને બહેલાવવાની બાબતમાં, કવિને જોઈએ તેટલી છૂટ મળતી. આવી મર્યાદાથી બંધાયેલી હોવા છતાં સ્વયંભૂની સૂક્ષ્મ કલાદૃષ્ટિએ પ્રશસ્ય સિદ્ધિ મેળવી છે. પોતાની ઔચિત્યબુદ્ધિને અનુસરીને તે આધારભૂત સામગ્રીમાં કાપકૂપ કરે છે, તેને નવો ઘાટ આપે છે કે કદીક નિરાળો જ માર્ગ ગ્રહણ કરે છે.

---

* અપભ્રંશ કડવકનું સ્વરૂપ પ્રાચીન અવધિ સાહિત્યનાં સૂફી પ્રેમાખ્યાનક કાવ્યોમાં અને તુલસીદાસકૃત रामचरितमानस જેવી કૃતિઓમાં ઊતરી આવ્યું છે.

* રવિષેણનું पद्मचरित પોતે પણ જૈન મહારાષ્ટ્રીમાં રચાયેલા વિમલસૂરિકૃત પઉચરિય (સંભવતઃ ઈસવી ત્રીજી શતાબ્દી)ના પલ્લવિત સંસ્કૃત છાયાનુવાદથી ભાગ્યે જ વિશેષ છે.

पउमचरिउના ચૌદમા સંધિનું વસંતનાં દશ્યોની મોહક પૃષ્ઠભૂમિ પર આલેખાયેલું તાદશ, ગતિમાન, ઇંદ્રિયસંતર્પક જલક્રીડાવર્ણન એક ઉત્કૃષ્ટ સર્જન તરીકે પહેલેથી જ પંકાતું આવ્યું છે. જુદાં જુદાં યુદ્ધદશ્યો, અંજનાના ઉપાખ્યાન (સંધિ ૧૭–૧૯)માંના કેટલાક ભાવોદ્રેકવાળા પ્રસંગો, રાવણના અગ્નિદાહના ચિત્તહારી પ્રસંગમાંથી નીતરતો વેધક વિષાદ (૭૭મો સંધિ) — આવા આવા હૃદયંગમ ખંડોમાં સ્વયંભૂની કવિપ્રતિભાના પ્રબળ ઉન્મેષનાં આપણે દર્શન કરી શકીએ.

रिट्ठणेमिचरिउ

સ્વયંભૂનું બીજું મહાકાય મહાકાવ્ય रिट्ठणेमिचरिउ (સં. अरिष्टनेमिचरितम्) અથવા हरिवंसपुराणु (સં. हरिवंशपुराणम्) પણ પ્રસિદ્ધ વિષયને લગતું છે. તેમાં બાવીશમા તીર્થંકર અરિષ્ટનેમિનું જીવનચરિત તથા કૃષ્ણ અને પાંડવોની જૈન પરંપરા પ્રમાણેની કથા અપાયેલી છે. કેટલાક નમૂનારૂપ ખંડો બાદ કરતાં તે હજી સુધી અપ્રકાશિત છે. તેના એક સો બાર સંધિઓ (જેનાં બધાં મળીને ૧૯૩૭ કડવક અને ૧૮૦૦૦ બત્રીશ–અક્ષરી એકમો — ‘ ગ્રંથાગ્ર ’ — હોવાનું કહેવાય છે)નો ચાર કાંડમાં સમાવેશ થાય છે : जायव(सं. यादव), कुरु, जुज्झ (सं. युद्ध) અને उत्तर. આ વિષયમાં પણ સ્વયંભૂ પાસે કેટલીક આદર્શભૂત પૂર્વકૃતિઓ હતી. નવમી શતાબ્દી પહેલાં વિમલસૂરિ અને વિદગ્ધે પ્રાકૃતમાં, જિનસેને (ઈ. સ. ૭૮૩–૮૪) સંસ્કૃતમાં અને ભદ્રે (કે દન્તિભદ્રે ? ભદ્રાકવે ?), ગોવિન્દે તથા ચતુર્મુખે અપભ્રંશમાં હરિવંશના વિષય પર મહાકાવ્યો લખ્યાં હોવાનું જણાય છે. रिट्ठणेमिचरिउ નો નવ્વાણુમા સંધિ પછીનો અંશ સ્વયંભૂના પુત્ર ત્રિભુવનનો રચેલો છે, અને પાછળથી ૧૬મી શતાબ્દીમાં તેમાં ગોપાચલ (= ગ્વાલીઅર)ના એક અપભ્રંશ કવિ યશઃકીર્તિ ભટ્ટારકે કેટલાક ઉમેરા કરેલા છે.

રામ અને કૃષ્ણના ચરિત પર સ્વયંભૂ પછી રચાયેલાં અપભ્રંશ સંધિબદ્ધ કાવ્યોમાંથી કેટલાંકનો ઉલ્લેખ અહીં જ કરી લઈએ — આ બધી કૃતિઓ હજી અપ્રસિદ્ધ છે : ધવલે (ઇસવી અગીઆરમી શતાબ્દી પહેલાં) ૧૨૨ સંધિમાં हरिवंशपुराण રચ્યું. ઉપર્યુક્ત યશઃકીર્તિ ભટ્ટારકે ૩૪ સંધિમાં पांडुपुराणु (સં. पांडुपुराणम्) (ઈ. સ. ૧૫૨૩) તથા તેના સમકાલીન પંડિત રઇધૂ અપરનામ સિંહસેને ૧૧ સંધિમાં बलहद्दपुराणु (સં. बलभद्रपुराणम्) તેમ જ णेमिणाहचरिउ (સં. नेमिनाथचरितम्) રચ્યાં એ જ સમય લગભગ શ્રુતકીર્તિએ ૪૦ સંધિમાં हरिवंसपुराणु (સં. हरिवंशपुराणम्) (ઈ. સ. ૧૫૫૧) પૂરું કર્યું. આ કૃતિઓ સ્વયંભૂ પછી સાત સો જેટલાં વરસ વહી ગયાં છતાં રામાયણ ને હરિવંશના વિષયોની જીવંત પરંપરા અને લોકપ્રિયતાના પુરાવારૂપ છે.

પુષ્પદન્ત

પુષ્પદન્ત (અપ. पुप्फयंत) અપરનામ મમ્મઇય (ઈ. સ. ૯૫૭ – ૯૭૨ માં વિદ્યમાન)ની કૃતિઓમાંથી આપણને સંધિબંધમાં ગૂંથાતા બીજા બે પ્રકારોની જાણ થાય છે. પુષ્પદન્તનાં માતાપિતા બ્રાહ્મણ હતાં. તેમણે પાછળથી દિગંબર જૈન ધર્મ સ્વીકારેલો. પુષ્પદન્તનાં ત્રણે અપભ્રંશ કાવ્યોની રચના માન્યખેટ (= હાલનું હૈદરાબાદ રાજ્યમાં આવેલું માલખેડ)માં રાજ્ય કરતા રાષ્ટ્રકૂટ રાજાઓ કૃષ્ણ ત્રીજા (ઈ. સ. ૯૩૯–૯૬૮) અને ખોટ્ટિગદેવ (ઈ. સ. ૯૬૮–૯૭૨)ના પ્રધાનો અનુક્રમે ભરત અને તેના પુત્ર નન્નના આશ્રય નીચે થઈ હતી. સ્વયંભૂ અને તેના પુરોગામીઓએ રામ અને કૃષ્ણપાંડવનાં કથાનકનો ઠીકઠીક કસ કાઢ્યો હતો, એટલે પુષ્પદન્તની કવિપ્રતિભાએ જૈન પુરાણકથાના જુદા — અને વિશાળતર — પ્રદેશોમાં વિહરવાનું પસંદ કર્યું હશે. જૈન પૌરાણિક માન્યતા પ્રમાણે પૂર્વના સમયમાં ત્રેસઠ મહાપુરુષો (કે શલાકાપુરુષો) થઈ ગયા. તેમાં ચોવીશ તીર્થંકર, બાર ચક્રવર્તી, નવ વાસુદેવ (= અર્ધચક્રવર્તી), નવ બલદેવ (તે તે વાસુદેવના ભાઈ) અને નવ પ્રતિવાસુદેવ (એટલે કે તે તે વાસુદેવના વિરોધી)નો

સમાવેશ થાય છે. લક્ષ્મણ, પદ્મ (=રામ) અને રાવણ એ આઠમા બલદેવ, વાસુદેવ ને પ્રતિવાસુદેવ તથા કૃષ્ણ, બલભદ્ર અને જરાસંધ એ નવમા ગણાય છે. આ ત્રેસઠ મહાપુરુષોનો જીવનવૃત્તાંત આપતી રચનાઓ 'મહાપુરાણ' અથવા 'ત્રિષષ્ટિમહાપુરુષ(કે-શલાકાપુરુષ-)ચરિત'ને નામે ઓળખાય છે. આમાં પહેલા તીર્થંકર ઋષભ અને પહેલા ચક્રવર્તી ભરતનાં ચરિતને વર્ણવતો આરંભનો અંશ 'આદિપુરાણ', અને બાકીના મહાપુરુષોનાં ચરિતવાળો અંશ 'ઉત્તરપુરાણ' કહેવાય છે.

મહાપુરાણ

પુષ્પદન્ત પહેલાં પણ આ વિષય પર સંસ્કૃત અને પ્રાકૃતમાં કેટલીક પદ્યકૃતિઓ રચાયેલી. પણ અપભ્રંશમાં પહેલવહેલાં એ વિષયનું મહાકાવ્ય બનાવનાર પુષ્પદન્ત હોવાનું જણાય છે. महापुराण કે तिसट्ठिमहापुरिसगुणालंकारु (સં. त्रिषष्टिमहापुरुषगुणालङ्कारः) નામ ધરાવતી તેની એ મહાકૃતિમાં ૧૦૨ સંધિ છે, જેમાંથી પહેલા સાડત્રીશ સંધિ આદિપુરાણને અને બાકીના ઉત્તરપુરાણને ફાળે જાય છે.

પુષ્પદન્ત કથાનક પૂરતો જિનસેન-ગુણભદ્રકૃત સંસ્કૃત त्रिषष्टिमहापुरुषगुणालङ्कारसंग्रह (ઈ. સ. ૮૯૮માં સમાપ્ત)ને અનુસરે છે. આ વિષયમાં પણ પ્રસંગો અને વિગતો સહિત કથાનકોનું સમગ્ર કલેવર પરંપરાથી રૂઢ થયેલું હતું, એટલે નિરૂપણમાં નાવિન્ય અને ચારુતા લાવવા કવિને માત્ર પોતાની વર્ણનની અને શૈલીસજાવટની શક્તિઓ પર જ આધાર રાખવાનો રહેતો. વિષયો કથનાત્મક સ્વરૂપના ને પૌરાણિક હોવા છતાં જૈન અપભ્રંશ કવિઓ તેમના નિરૂપણમાં પ્રશિષ્ટ સંસ્કૃતના આલંકારિક મહાકાવ્યની પરંપરા અપનાવે છે અને આછાપાતળા કથાનકકલેવરને અલંકાર, છંદ ને પાંડિત્યના ઠઠેરાથી ચઢાવેબઢાવે છે તેનું એક કારણ આ પણ છે. रिट्ठणेमिचरिउમાં સ્વયંભૂ આપણને સ્પષ્ટ કહે છે કે કાવ્યરચના કરવા માટે તેને વ્યાકરણ ઇંદ્રે દીધું, રસ ભરતે, વિસ્તાર વ્યાસે, છંદ પિંગલે, અલંકાર ભામહ અને દંડીએ, અક્ષરડંબર બાણે, નિપુણત્વ શ્રીહર્ષે અને છડ્ડણી, દ્વિપદીને ધ્રુવકથી મંડિત પદ્ધડિકા ચતુર્મુખે. પુષ્પદન્ત પણ પરોક્ષ રીતે આવું જ કહે છે, વિદ્યાનાં બીજાં કેટલાંક ક્ષેત્રમાં પ્રતિષ્ઠિત એવાં થોડાંક નામો ઉમેરે છે અને એવી ઘોષણા કરે છે કે પોતાના महापुराणમાં પ્રાકૃતલક્ષણો, સકલ નીતિ, છંદોભંગી, અલંકારો, વિવિધ રસો તથા તત્ત્વાર્થનો નિર્ણય મળશે. સંસ્કૃત મહાકાવ્યનો આદર્શ સામે રાખી તેની પ્રેરણાથી રચાયેલાં અપભ્રંશ મહાકાવ્યોનું સાચું બળ વસ્તુના વૈચિત્ર્ય કે સંવિધાન કરતાં વિશેષ તો તેના વર્ણન કે નિરૂપણમાં રહેલું છે.

સ્વયંભૂની તુલનામાં પુષ્પદન્ત અલંકારની સમૃદ્ધિ, છંદોવૈવિધ્ય અને વ્યુત્પત્તિ ઉપર વિશેષ આધાર રાખે છે. છંદોભેદની વિપુલતા તથા સંધિ અને કડવકની દીર્ઘતા પુષ્પદન્તના સમય સુધીમાં સંધિબંધનું સ્વરૂપ કાંઈક વધુ સંકુલ થયું હોવાની સૂચક છે. महापुराणના ચોથા, બારમા, સત્તરમા, છેંતાળીશમા, બાવનમા ઇત્યાદિ સંધિઓના કેટલાક અંશો પુષ્પદન્તની અસામાન્ય કવિત્વશક્તિનાં ઉત્તમ ઉદાહરણો તરીકે ટાંકી શકાય. महापुराणના ૬૯થી ૭૯ સંધિમાં રામાયણની કથાનો સંક્ષેપ અપાયો છે, ૮૧થી ૯૨ સંધિ જૈન હરિવંશ આપે છે, જ્યારે અંતિમ અંશમાં ત્રેવીશમા તથા ચોવીશમા તીર્થંકર પાર્શ્વ અને મહાવીરનાં ચરિત છે.

ચરિતકાવ્ય

પુષ્પદન્તનાં બીજાં બે કાવ્ય, णायकुमारचरिउ (સં. नागकुमारचरितम्) અને जसहरचरिउ (સં. यशोधरचरितम्) પરથી જોઈ શકાય છે કે વિશાળ પૌરાણિક વિષયો ઉપરાંત જૈન પુરાણ, અનુશ્રુતિ કે પરંપરાગત ઇતિહાસની પ્રસિદ્ધ વ્યક્તિઓનાં બોધક જીવનચરિત આપવા માટે પણ સંધિબંધ વપરાતો. વિસ્તાર અને નિરૂપણની દૃષ્ટિએ આ ચરિતકાવ્યો કે કથાકાવ્યો સંસ્કૃત મહાકાવ્યોની પ્રતિકૃતિ જેવાં

ગણાય. આમાં પણ પુષ્પદન્ત પાસે કેટલાંક પૂર્વદષ્ટાંત હોવાં જોઈએ. આછડતા ઉલ્લેખ પરથી આપણે પુષ્પદન્તની પહેલાંનાં ઓછામાં ઓછાં બે ચરિતકાવ્યોનાં નામ જાણીએ છીએ : એક તે સ્વયમ્ભૂકૃત सुद्धयचरिउ અને બીજું તેના પુત્ર ત્રિભુવનકૃત पंचमीचरिउ. णायकुमारचरिउ નવ સંધિમાં તેના નાયક નાગકુમાર (=જૈન પુરાણકથા પ્રમાણે ચોવીશ કામદેવમાંનો એક)નાં પરાક્રમો વર્ણવે છે અને સાથે તે ફાગણ શુદિ પાંચમને દિવસે શ્રીપંચમીનું વ્રત કરવાથી થતી ફળપ્રાપ્તિનું ઉદાહરણ પૂરું પાડે છે.

પુષ્પદન્તનું ત્રીજું કાવ્ય जसहरचरिउ ચાર સંધિમાં ઉજ્જયિનીના રાજા યશોધરની કથા આપે છે ને તે દ્વારા પ્રાણિવધના પાપનાં કડવાં ફળો ઉદાહૃત કરે છે. પુષ્પદન્તની પહેલાં અને પછી આ જ કથાનકને ગૂંથતી પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ અને અર્વાચીન ભાષાઓમાં મળતી અનેક રચનાઓ એ જૈનોમાં અતિશય લોકપ્રિય હોવાની સૂચક છે.

પુષ્પદન્તનું પ્રશિષ્ટ કાવ્યરીતિ પરનું પ્રભુત્વ, અપભ્રંશ ભાષામાં અનન્ય પારંગતતા, તેમ જ બહુમુખી પાંડિત્ય તેને ભારતના કવિઓમાં માનવંતુ સ્થાન અપાવે છે. એક સ્થળે કાવ્યના પોતાના આદર્શનો આછો ખ્યાલ આપતાં તે કહે છે કે ઉત્તમ કાવ્ય શબ્દ અને અર્થના અલંકારથી તથા લીલાયુક્ત પદાવલિથી મંડિત, રસભાવનિરંતર, અર્થની ચારુતાવાળું, સર્વ વિદ્યાકલાથી સમૃદ્ધ, વ્યાકરણ અને છંદથી પુષ્ટ અને આગમથી પ્રેરિત હોવું જોઈએ. ઉચ્ચ કોટિનું અપભ્રંશ સાહિત્ય આ આદર્શનો સાક્ષાત્કાર કરવામાં પ્રયત્નશીલ રહ્યું છે, પણ તેમાં સૌથી વધુ સફળતા પુષ્પદન્તને મળી છે એમ કહેવામાં કશી અત્યુક્તિ નથી.

પુષ્પદન્ત પછીનાં ચરિતકાવ્ય

પુષ્પદન્ત પછી આપણને સંધિબદ્ધ ચરિતકાવ્યો કે કથાકાવ્યોનાં પુષ્કળ નમૂના મળે છે. પણ તેમાંનાં ઘણાંખરાં હજી માત્ર હસ્તપ્રતરૂપે જ રહ્યાં છે. જે કાંઈ થોડાં પ્રકાશિત થયાં છે, તેમાં સૌથી મહત્ત્વની ધનપાલકૃત भविसत्तकह (સં. भविष्यदत्तकथा) છે. ધનપાલ દિગંબર ધર્કટ વણિક હતો અને સંભવતઃ ઇસવી બારમી શતાબ્દી પહેલાં થઈ ગયો. બાવીશ સંધિના વિસ્તારવાળું તેનું કાવ્ય પ્રમાણમાં સરળ શૈલીમાં ભવિષ્યદત્તની કૌતુકરંગી કથા કહે છે અને સાથેસાથે કાર્તિક શુદિ પાંચમને દિવસે આવતું શ્રુતપંચમી કે જ્ઞાનપંચમીનું વ્રત કરવાથી મળતાં ફળનું ઉદાહરણ આપવાનો ઉદ્દેશ પણ પાર પાડે છે. તેનું કથાનક એવું છે કે એક વેપારી નિષ્કારણ અણગમો આવતાં પુત્ર ભવિષ્યદત્ત સહિત પોતાની પત્નીનો ત્યાગ કરે છે અને બીજી પત્ની કરે છે. ભવિષ્યદત્ત મોટો થતાં કોઈ પ્રસંગે પરદેશ ખેડવા જાય છે ત્યારે તેનો ઓરમાન નાનો ભાઈ બે વાર કપટ કરી તેને એક નિર્જન દ્વીપ પર એકલોઅટૂલો છોડી જાય છે. પણ માતાએ કરેલા શ્રુતપંચમીના વ્રતને પરિણામે છેવટે તેની બધી મુશ્કેલીઓનો અંત આવે છે, તેનો ઘણો ઉદય થાય છે અને શત્રુનો પરાજય કરવામાં રાજાને સાહાય્ય કરવા બદલ તે રાજ્યાર્ધનો અધિકારી બને છે. મરણ પછી ચોથા ભવમાં શ્રુતપંચમીનું વ્રત કરવાથી તેને કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે. ધનપાલ પહેલાં આ જ વિષય પર અપભ્રંશમાં ત્રિભુવનનું पंचमिचरिउ તથા પ્રાકૃતમાં મહેશ્વરની नाणपंचमीकहाओ (સં. ज्ञानपंचमीकथाः) મળે છે. ધનપાલની સમીપના સમયમાં શ્રીધરે ચાર સંધિમાં અપભ્રંશ भविसत्तचरिउ (સં. भविष्यदत्तचरितम्) (ઈ. સં. ૧૧૭૪) રચેલું છે, જે હજી અપ્રસિદ્ધ છે.

કનકામરનું करकण्डचरिउ (સં. करकण्डचरितम्) દસ સંધિમાં એક પ્રત્યેકબુદ્ધ (એટલે કે સ્વયંપ્રબુદ્ધ સંત)નો જીવનવૃત્તાંત આપે છે. બૌદ્ધ સાહિત્યમાં પણ કરકંડુની વાત આવે છે.

ધાહિલકૃત पउमसिरिचरिउ (સં. पद्मश्रीचरितम्) (ઇસવી અગીઆરમી શતાબ્દી લગભગ) કપટભાવયુક્ત આચરણનાં માઠાં ફળ ઉદાહૃત કરવા ચાર સંધિમાં પદ્મશ્રીનો ત્રણ ભવનો વૃત્તાંત આપે છે.

પણ પહેલાં કહ્યું તેમ સંધિબદ્ધ ચારિતકાવ્યોના ઘણા મોટા ભાગને હજી મુદ્રણનું સદ્ભાગ્ય નથી સાંપડ્યું. અહીં આપણે તેવાં કાવ્યોની એક યાદી—અને તે પણ સંપૂર્ણ નહીં—આપીને જ સંતોષ માનશું. સામાન્ય રીતે આ કાવ્યો અમુક જૈન સિદ્ધાંત કે ધાર્મિક–નૈતિક માન્યતાના દૃષ્ટાંત લેખે કોઈ તીર્થંકરનું કે જૈન પુરાણકથાના યા ઇતિહાસના કોઈ યશસ્વી પાત્રનું ચરિત વર્ણવે છે.

ચરિતકાવ્યોની યાદી

નામ		કવિ	સંધિ સંખ્યા	રચનાસમય (ઇસવીસનમાં)
पासपुराणु	(સં. पार्श्वपुराणम्)	પદ્મકીર્તિ	૧૮	૯૪૩
जम्बूसामिचरिउ	(સં. जम्बूस्वामिचरितम्)	સાગરદત્ત		૧૦૨૦
जम्बूसामिचरिउ	(સં. जम्बूस्वामिचरितम्)	વીર	૧૧	૧૦૨૦
सुदंसणचरिउ	(સં. सुदर्शनचरितम्)	નયનંદી	૧૧	૧૦૪૦
विलासवइकहा	(સં. विलासवतीकथा)	સાધારણ અથવા સિદ્ધસેન	૧૧	૧૦૬૮
पासचरिउ	(સં. पार्श्वचरितम्)	શ્રીધર	૧૨	૧૧૩૩
सुकुमालचरिउ	(સં. सुकुमारचरितम्)	શ્રીધર	૬	૧૧૫૨
सुकुमालसामिचरिउ	(સં. सुकुमालस्वामिचरितम्)	પૂર્ણભદ્ર	૬	...
पज्जुण्णकहा	(સં. प्रद्युम्नकथा)	સિંહ કે સિદ્ધ	૧૫	૧૨મી શતાબ્દી
जिणदत्तचरिउ	(સં. जिनदत्तचरितम्)	લકખણ	૧૧	૧૨૧૯
वयरसामिचरिउ	(સં. वज्रस्वामिचरितम्)	વરદત્ત	૨	
वाहुवलिदेवचरितम्	(સં. बाहुबलिदेवचरितम्)	ધનપાલ	૧૮	૧૩૯૮
सेणियचरिउ	(સં. श्रेणिकचरितम्)	જયમિત્ર હલ્લ	૧૧	૧૫મી શતાબ્દી
चन्दप्पहचरिउ	(સં. चन्द्रप्रभचरितम्)	યશઃકીર્તિ	૧૧	"
सम्मइजिनचरिउ	(સં. सम्मतिजिनचरितम्)	રઇધૂ	૧૦	"
मेहेसरचरिउ	(સં. मेवेश्वरचरितम्)	રઇધૂ	૧૩	"
धणकुमारचरिउ	(સં. धनकुमारचरितम्)	"	૪	"
वड्ढमाणकव्वु	(સં. वर्धमानकाव्यम्)	જયમિત્ર હલ્લ	૧૧	"
अमरसेणचरिउ	(સં. अमरसेनचरितम्)	માણિક્યરાજ	૯	૧૫૨૦
णायकुमारचरिउ	(સં. नागकुमारचरितम्)	"	"	"
सुलोयणाचरिउ	(સં. सुलोचनाचरितम्)	દેવસેન	૨૮	...

કથાકોશો

અહીં સુધીમાં ગણાવ્યા તે ઉપરાંત બીજો એક વિષયપ્રકાર પણ સંધિબંધમાં મળે છે. તે છે કોઈ વિશિષ્ટ જૈન ગ્રંથમાં પ્રતિપાદિત થયેલા અમુક ધાર્મિક વા નૈતિક વિષયને ઉદાહૃત કરતી કથાવલી. 'કથાકોશ' નામે જાણીતા આ સાહિત્યની સંખ્યાબંધ કૃતિઓ સંસ્કૃત અને પ્રાકૃતમાં મળે છે. અપભ્રંશમાં ૫૬ તથા ૫૮ સંધિના બે ભાગમાં રચાયેલું નયનંદીકૃત **सयलविहिविहाणकव्वु** (સં. **सकलविधिविधानकाव्यम्**) (ઇ. સ. ૧૦૪૪) તથા ૫૩ સંધિમાં નિબદ્ધ શ્રીચંદ્રકૃત **कहकोसु** (सं. **कथाकोशः**) (ઇસવી અગીઆરમી સદી) એ બંને, શ્રમણજીવનને લગતા ને જૈન શૌરસેનીમાં રચાયેલા આગમકલ્પ

પ્રસિદ્ધ દિગંબર ગ્રંથ भगवती–आराधनानी સાથે સંકળાયેલી કથાઓ વર્ણવે છે. નયનંદી અને શ્રીચંદ્રે પોતાની કૃતિઓ પુરોગામી સંસ્કૃત અને પ્રાકૃત આરાધનાકથાકોશોને આધારે રચી હોવાનું જણાવ્યું છે.

૨૧ સંધિનો શ્રીચંદ્રકૃત दंसणकहरयणकरंडु (सं. दर्शनकथारत्नकरण्डः) (ઈ. સ. ૧૦૬૪), ૧૧ સંધિની હરિષેણ કૃત धम्मपरिक्खं (સં. धर्मपरीक्षा) (ઈ. સ. ૯૮૮), ૧૪ સંધિનું અમરકીર્તિકૃત छक्कम्मुवएसो (સં. षट्कर्मोपदेशः) અને સંભવતઃ ૭ સંધિનું શ્રુતકીર્તિકૃત परमिट्ठिपयाससारु (સં. परमेष्ठि-प्रकाशसारः) (ઈ. સ. ૧૪૯૭) વગેરેનો પણ આ જ પ્રકારમાં સમાવેશ થાય છે. આ બધી કૃતિઓ પણ હજી પ્રકાશમાં નથી આવી.

આમાં હરિષેણની धम्मपरिक्ख તેના વસ્તુની વિશિષ્ટતાને કારણે ખાસ રસપ્રદ છે. તેમાં મુખ્યત્વે બ્રાહ્મણ પુરાણો કેટલાં વિસંગત અને અર્થહીન છે તે સચોટ યુક્તિથી પુરવાર કરીને મનોવેગ પોતાના મિત્ર પવનવેગ પાસે જૈન ધર્મનો સ્વીકાર કરાવે છે તેની વાત છે. મનોવેગ પવનવેગની હાજરીમાં એક બ્રાહ્મણસભા સમક્ષ પોતાના વિશે સાવ અસંભવિત અને ઉટપટંગ જોડી કાઢેલી વાતો કહે છે, અને જ્યારે પેલા બ્રાહ્મણો તેને માનવાની ના પાડે છે, ત્યારે તે રામાયણ, મહાભારત અને પુરાણોમાંથી એવા જ અસંભવિત પ્રસંગો ને બનાવો સમર્થનમાં ટાંકી પોતાના શબ્દોને પ્રમાણભૂત ઠરાવે છે. હરિષેણની આ કૃતિનો આધાર કોઈ પ્રાકૃત રચના હતી. धम्मपरिक्खने અનુસરીને પછીથી સંસ્કૃત તેમ જ બીજી ભાષાઓમાં કેટલાંક કાવ્યો રચાયાં છે. હરિભદ્રકૃત પ્રાકૃત धूर्ताख्यान (ઇસવી આઠમી શતાબ્દી)માં આ જ કથાયુક્તિ અને પ્રયોજન છે અને આ વિષયની સર્વપ્રથમ કૃતિ હોવાનું માન તેને ફાળે જાય છે.

આ સંક્ષિપ્ત વૃત્તાંત પરથી અપભ્રંશ સાહિત્યમાં સંધિબંધનું કેટલું મહત્ત્વ છે તેનો ઘટતો ખ્યાલ મળી રહેશે.

રાસાબંધ

સંધિબંધની જેમ અપભ્રંશે સ્વતંત્રપણે વિકસાવેલું અને ઠીકઠીક પ્રચલિત બીજું સાહિત્યસ્વરૂપ તે રાસાબંધ. તે ઊર્મિપ્રધાન કાવ્યના પ્રકારની, મધ્યમ માપની (આમ સંસ્કૃત ખંડકાવ્યનું સ્મરણ કરાવતી) રચના હોવાની અટકળ થઈ શકે છે. તેમાં કાવ્યના કલેવર માટે સામાન્ય રીતે અમુક એક પરંપરારૂઢ માત્રા છંદ પ્રયોજાતો, જ્યારે વૈવિધ્ય માટે વચ્ચે વચ્ચે ભાતભાતના રુચિર છંદો વપરાતા. રાસાબંધનો પ્રચાર અને લોકપ્રિયતા આપણને ઉપલબ્ધ પ્રાચીનતમ પ્રાકૃત–અપભ્રંશના પિંગલકારોએ આપેલી રાસકની વ્યાખ્યાથી સમર્થિત થતાં હોવા છતાં (સ્વયંભૂ તો તેને પંડિતગોષ્ઠીઓમાં રસાયણરૂપ કહીને વખાણે છે) એક પણ પ્રાચીન રાસાનો નમૂનો તો ઠીક, નામે ય નથી જળવાઈ રહ્યું એ આશ્ચર્યની વાત છે. અને પાછળના સમયમાં પણ આ મહત્ત્વના અપભ્રંશ કાવ્યપ્રકાર વિશેનું આપણું અજ્ઞાન ઘટાડે તેવી સામગ્રી સ્વલ્પ છે. સતત અને ધરમૂળનું પરિવર્તન પામીને રાસો અર્વાચીન ભારતીય – આર્ય સાહિત્યમાં ઓગણીશમી શતાબ્દીના અંત સુધી ચાલુ રહ્યો છે. પ્રાચીન ગુજરાતી–રાજસ્થાની સાહિત્યમાં ઘણુંખરું જૈન લેખકોના રચેલા રાસાઓ સેંકડોની સંખ્યામાં મળે છે. પણ અપભ્રંશમાં ઠેઠ તેરમી શતાબ્દી લગભગના એક મુસ્લિમ રાસક અને બારમી શતાબ્દી લગભગના સાહિત્યદૃષ્ટિએ મૂલ્યહીન એક ઉપદેશાત્મક જૈન રાસ સિવાય બીજું કશું મળતું નથી. આમાં પાછલી કૃતિ उपदेशरसायनरास એંશી પદ્યોમાં સદ્ગુરુ અને સદ્ધર્મની પ્રશંસા અને કુગુરુ અને કુધર્મની નિંદા કરે છે. એ રાસકકાવ્ય એક પ્રતિનિધિરૂપ કૃતિ નહીં, પણ લોકપ્રિય સાહિત્યપ્રકારનો ધર્મપ્રચાર અર્થે ઉપયોગ કરવાનું ઉત્તરકાલીન ઉદાહરણ માત્ર છે. माणिक्य-प्रस्तारिका-प्रतिबद्ध-रास નામે એક વધારાના રાસનો ઉલ્લેખ બારમી શતાબ્દીની કૃતિમાં મળે છે.

અનિબદ્ધ રચનાપ્રકારો

જેમાં પ્રતિપાદ્ય વિષયને સંવિધાન, સંયોજન વગેરે દ્વારા ચોક્કસ ઘાટ આપવાનો હોય છે તેવા વિશિષ્ટ બંધવાળા પ્રકારો ઉપરાંત અપભ્રંશમાં બંધરહિત પ્રકારોનો પણ ઉપયોગ થતો.

અપભ્રંશ કથાકાવ્ય માટે સંધિબંધ જ નિયત હતો એવું નથી. કેમ કે આરંભથી અંત સુધી નિરપવાદપણે એક જ છંદ યોજાયો હોય અને બંધારણ કે વિષયાદિને અવલંબીને કોઈ પણ જાતના વિભાગ કે ખંડ પાડવામાં ન આવ્યા હોય તેવાં કથાકાવ્યોનાં આપણને એકબે નમૂના મળે છે. ઈ. સ. ૧૧૫૦માં સમાપ્ત થયેલું હરિભદ્રનું णेमिणाहचरिउ(સં. नेमिनाथचरितम्)નું પ્રમાણ ૮૦૩૨ શ્લોક જેટલું છે, અને તે સળંગ રડ્ડા નામના એક મિશ્ર છંદમાં રચાયું છે. હરિભદ્ર પહેલાં ઓછામાં ઓછી ત્રણ શતાબ્દી પૂર્વે થયેલા ગોવિંદ નામે અપભ્રંશ કવિએ પણ રડ્ડાછંદના વિવિધ પ્રકારોમાં એક કૃષ્ણકાવ્ય રચ્યું હોવાનું આપણે स्वयम्भूच्छन्दમાં આપેલાં ટાંચણો પરથી અનુમાન કરી શકીએ છીએ.

ધાર્મિક, તથા આધ્યાત્મિક કૃતિઓ

અપભ્રંશમાં કથાકાવ્યોની (અને સંભવતઃ ઊર્મિપ્રધાન કાવ્યોની) વિપુલતા હતી. એનો અર્થ એવો નથી કે તે બીજા કાવ્યપ્રકારોથી સાવ અજ્ઞાત હતો. ધાર્મિક-બોધક વિષયની કેટલીક નાની નાની રચનાઓ ઉપરાંત ત્રણ આધ્યાત્મિક કે યોગવિષયક રચનાઓ પણ મળે છે.

આમાં યોગીન્દુદેવ (અપ. જોઈંદુ)નો परमप्पपयासु (સં. परमात्मप्रकाशः) અને योगसार સૌથી વિશેષ મહત્ત્વના છે. परमप्पपयासुના બે અધિકારમાં પહેલામાંથી ૧૨૩ દોહા છે, જેમાં બાહ્યાત્મા, અંતરાત્મા અને પરમાત્માનું મુક્ત, રસવતી શૈલીમાં પ્રતિપાદન કરેલું છે. ૨૧૪ પદ્યો(ઘણાખરા દોહા)નો બીજો અધિકાર મોક્ષતત્ત્વ અને મોક્ષસાધન ઉપર છે. યોગીન્દુ સાધક યોગીને આત્મસાક્ષાત્કારનુ સર્વોચ્ચ મહત્ત્વ સમજાવે છે, અને તે માટેના માર્ગ તરીકે વિષયોપભોગ તજવાનો, ધર્મના માત્ર બાહ્યાચારને નહીં, પણ આંતરિક તત્ત્વને વળગી રહેવાનો, આંતરિક શુદ્ધિનો અને આત્માના સાચા સ્વરૂપનું ધ્યાન ધરવાનો ઉપદેશ આપે છે. योगसारમાં ૧૦૮ પદ્યો(ઘણાખરા દોહા)માં સંસારભ્રમણથી વિરક્ત મુમુક્ષુને પ્રબુદ્ધ કરવા માટે ઉપદેશ અપાયેલો છે. સ્વરૂપ, શૈલી અને સામગ્રીની દૃષ્ટિએ તેનું परमप्पपयासु સાથે ઘણું સામ્ય છે.

આ જ શબ્દો રામસિંહકૃત दोहापाहुड(સં. दोहाप्राभृत)ને લાગુ પડે છે. તેનાં ૨૧૨ દોહાબહુલ પદ્યોમાં એ જ અધ્યાત્મિક નૈતિક દૃષ્ટિ પર ભાર મુકાયો છે. તેમાં શરીર અને આત્માનો તાત્ત્વિક ભેદ નિરૂપી, પરમાત્માની સાથે આત્માની અભેદાનુભૂતિને સાધક યોગીનું સર્વોચ્ચ સાધ્ય ગણ્યું છે. વિચારમાં તેમ જ પરિભાષામાં આ ત્રણે કૃતિઓ બ્રાહ્મણ અને બૌદ્ધપરંપરાની અધ્યાત્મવિષયક કેટલીક કૃતિઓ સાથે ગણનાપાત્ર સામ્ય ધરાવે છે.

તેમની ભાષા અને શૈલી સરળ, સચોટ, લોકગમ્ય અને અલંકારના તથા પાંડિત્યના ભારથી મુક્ત છે. તેમને ભારતીય અધ્યાત્મરહસ્યવાદી સાહિત્યમાં જૈન પરંપરાના મૂલ્યવાન પ્રદાન તરીકે ગણાવી શકાય.

નાની ધાર્મિક કૃતિઓમાં લક્ષ્મીચંદ્રકૃત सावयधम्मदोहा (સં. श्रावकधर्मदोहा) અપરનામ नवकारश्रावकाचार (૧૬ મી શતાબ્દી પહેલાં) ઉલ્લેખાર્હ છે. તેમાં નામ પ્રમાણે શ્રાવકોનું કર્તવ્ય લોકભોગ્ય શૈલીમાં સમજાવ્યું છે. એ ઉપરાંત ૨૫ દોહાની મહેશ્વરકૃત સંયમવિષયક संयममञ्जरी (સંભવતઃ ૧૩મી શતાબ્દી લગભગ)નો, જિનદત્ત (ઈ. સ. ૧૦૭૬ – ૧૧૫૨) કૃત चर्चरी અને

कालस्वरूपकुलकનો, અને ધનપાલકૃત सत्यपुरमण्डनमहावीरोत्साह (ઇસવી ૧૧મી શતાબ્દી). અભયદેવકૃત जयतिहुअण આદિ સ્તવનો વગેરેનો ઉલ્લેખ કરી શકાય.

પ્રકીર્ણ કૃતિઓ અને ઉત્તરકાલીન વલણો

સ્વતંત્ર કૃતિઓ ઉપરાંત જૈન પ્રાકૃત તથા સંસ્કૃત ગ્રંથોમાં અને ટીકાસાહિત્યમાં નાનામોટા સંખ્યાબંધ અપભ્રંશ ખંડો મળે છે. ઉદાહરણ લેખે થોડાંક જ નામ ગણાવીએ : વર્ધમાનકૃત ऋषभचरित (ઈ. સ. ૧૧૦૪), દેવચંદ્રકૃત शान्तिनाथचरित्र (ઇ. સ. ૧૧૦૪), હેમચંદ્રકૃત सिद्धहेम વ્યાકરણ તથ कुमारपालचरित અપરનામ द्व्याश्रय (ઇસવી ૧૨મી શતાબ્દી), રત્નપ્રભકૃત उपदेशमालादोघट्टीवृत्ति (ઈ. સ. ૧૧૮૨), સોમપ્રભકૃત कुमारपालप्रतिबोध (ઈ. સ. ૧૧૮૫), હેમહંસશિષ્યકૃત संग्राममंजरीवृत्ति (ઇસવી ૧૫મી શતાબ્દી પહેલાં) વગેરે.

સંધિ

તેરમી શતાબ્દી આસપાસ ટૂંકા અપભ્રંશ કાવ્યો માટે ‘ સંધિ ’ નામે (આગલા ‘ સંધિબંધ ’ થી આ ભિન્ન છે) એક નવો રચનાપ્રકાર વિકસે છે. તેમાં કોઈ ધાર્મિક, ઉપદેશાત્મક કે કથાપ્રધાન વિષયનું થોડાંક કડવાંમાં નિરૂપણ કરેલું હોય છે, અને તેમનો મૂળ આધાર ઘણી વાર આગમિક કે ભાષાસાહિત્યમાંનો — અથવા તો પૂર્વકાલીન ધર્મકથા સાહિત્યમાંનો — કોઈ પ્રસંગ કે ઉપદેશવચન હોય છે. રત્નપ્રભકૃત अंतरंगसंधि (ઇસવી ૧૩મી શતાબ્દી), જયદેવકૃત भावनासंधि, જિનપ્રભ (ઇસવી ૧૩મી શતાબ્દી)કૃત चउरंगसंधि, मयणरेहासंधि (ઈ. સ. ૧૨૪૧) તથા અન્ય સંધિઓ, વગેરે.

તેરમી શતાબ્દીમાં અને તે પછી રચાયેલી કૃતિઓના ઉત્તરકાલીન અપભ્રંશમાં તત્કાલીન બોલીઓનો વધતો જતો પ્રભાવ છતો થાય છે. આ બોલીઓમાં પણ ક્યારનીય સાહિત્યરચના થવા લાગી હતી — જો કે પ્રારંભમાં આ સાહિત્ય અપભ્રંશ સાહિત્યપ્રકારો ને સાહિત્યવલણોના વિસ્તારરૂપ હતું. બોલચાલની ભાષાનો આ પ્રભાવ આછારૂપમાં તો ઠેઠ હેમચંદ્રીય અપભ્રંશ ઉદાહરણોમાં પણ છે. ઊલટપક્ષે સાહિત્યમાં અપભ્રંશપરંપરા ઠેઠ પંદરમી શતાબ્દી સુધી લંબાય છે અને ક્વચિત પછી પણ ચાલુ રહેલી જોવા મળે છે.

વસ્તુનિર્માણની અને ક્ષેત્રની મર્યાદા છતાં નૂતન સાહિત્યસ્વરૂપો અને છંદસ્વરૂપોનું સર્જન, પરંપરાપુનિત કાવ્યરીતિનું પ્રભુત્વ, વર્ણનનિપુણતા અને રસનિષ્પત્તિની શક્તિ — આ બધાં દ્વારા જૈન અપભ્રંશ સાહિત્યનાં જે સામાર્થ્ય અને સિદ્ધિ પ્રકટ થાય છે તેથી ભારતીય સાહિત્યના ઇતિહાસમ સહેજે તેને ઊંચું ને ગૌરવવંતું સ્થાન પ્રાપ્ત થાય છે.

જૈન સાહિત્યનાં પદો વિષે વિચારણા

પ્રા. ચંદ્રકાન્ત મહેતા, એમ. એ., એલએલ. બી., પીએચ. ડી.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં વિશેષ વ્યાપક, વિશેષ લોકગમ્ય અને લોકપ્રિય, અને વિશેષ સમૃદ્ધ પ્રકાર પદનો હતો. બીજા પ્રકારોમાં આમજનતા મોટે ભાગે શ્રોતાનું કામ કરતી. પરન્તુ, આ પ્રકાર જ એવો હતો, કે જે આમજનતા, મુખપાઠ કરીને, હોંશે હોંશે, દિનપ્રતિદિન ગાઈને, આનંદ માણી શકે. આ પ્રકાર એ જૈન, જૈનેતર—બન્નેએ વિકસાવ્યો છે. આ પ્રકારની લોકપ્રિયતા એટલી બધી હતી, કે પ્રબંધલેખકો પ્રબંધોમાં, આખ્યાનકારો આખ્યાનમાં, રાસાલેખકો રાસામાં, ને વાર્તાકારો વાર્તામાં એનો છૂટથી ઉપયોગ કરતા. આમ પદનું સ્વતંત્ર સ્થાન તો હતું જ, પરન્તુ અન્ય પ્રકારો જોડે પણ એ પ્રકાર સંકળાયેલો હતો.

પદ એ ઊર્મિજન્ય કાવ્યપ્રકાર છે. એથી પદને આપણી અર્વાચીન કાવ્યસંજ્ઞા આપવી હોય તો, આપણે એને ઊર્મિકાવ્ય (Lyric) કહી શકીએ. આ પ્રકારમાં ઊર્મિ જેટલે અંશે પ્રબળ, કાવ્યોચિત, તેટલે અંશે કાવ્યની ઉત્તમતા. જે ઊર્મિનું પદમાં નિરૂપણ થાય છે તે ઊર્મિ બે પ્રકારની છે : એક ભક્તિની ને બીજી ઉપદેશાત્મક. ઉપદેશાત્મક ઊર્મિમાં પદો બહુધા શાન્તરસનાં હોય છે અને એ પ્રકાર જૈન સાહિત્યમાં સારા પ્રમાણમાં ખીલ્યો છે. જૈન સાહિત્યનાં પદમાં આપણને જે ઊર્મિ દૃષ્ટિએ પડે છે તે કાં તો કથનાત્મક યા તો વર્ણનાત્મક સ્વરૂપમાં વ્યક્ત થઈ છે.

મધ્યકાલીન સાહિત્યની એક વિશેપતા એ હતી કે સાહિત્ય અને જીવન પરસ્પર સુસંકલિત હતાં. જીવનની જરૂરિયાતમાંથી જ સાહિત્યનો ઊગમ થતો. આથી સાહિત્યનું આખું માળખું જ જીવન જોડે સંકળાયેલું રહેતું. આથી મધ્યકાલીન કવિ સામાન્ય માનવી માટે જ કાવ્ય રચતો, સામાન્ય જનને માટે જ પોતાની ઊર્મિને વ્યક્ત કરતો અને એથી સાહિત્ય સર્વજનસુલભ અને સર્વ જનનું બની જતું. એ સમયનો કવિસામાન્ય જનથી ભિન્ન એવી ભાષામાં બોલતો કે કાવ્ય રચતો નહિ. કાવ્યનો રચયિતા અને ભાવક બન્ને એક જ પ્રકારની દૈનંદિન વપરાતી ભાષાથી સંકળાયલા હતા. કવિ સામાન્ય જીવનમાંથી જ પોતાનાં વક્તવ્ય માટે ઉપમાનો ને દૃષ્ટાન્તો શોધતો; લોકજીવન જ એનું પ્રેરણાસ્થાન હતું; જેમકે સમયસુન્દર એમનાં નીચેના પદમાં લોકજીવનનું જ રૂપક આપે છે.

ધોબીડાં તું ધોજે મનનું ધોતીયું રે,
    રખે રાખતો મેલ લગાર રે.
એણે રે મેલે જગ મેલો કર્યો રે,
    વિણ ધોયું ન રાખે લગાર રે.
શમદમ આદે જે શીલ રે,
    તિહાં પખાળે આતમ ચીર રે.
તપવજે તપ તડકે કરી રે,
    જાળવજે નવબ્રહ્મ વાડ રે.

છાંટા ઉરાડે પાપ અઢારના રે,
એમ ઉજળું હોશે તત્કાળ રે,
આલોયણ સાબુડો સુધો કરે રે,
રખે આવે માયા શેવાળ રે.

અહીં ધોબીનું રૂપક સર્વજનગમ્ય છે એટલું જ નહિ, પણ સરળ શબ્દોમાં, સ્પષ્ટતાથી, રૂપકને કવિએ એક પછી એક ધોબીનાં જીવનનાં ચિત્રો આપીને સમજાવ્યું છે.

આ ઉપરાંત, માનવનાં નિત્યકર્મને પણ પદમાં ગૂંથી તે દ્વારા ધર્મોપદેશ કરવાની, કે માનવને એનાં કર્તવ્યનું સ્મરણ કરાવવાની રીતિ પણ પદમાં દૃષ્ટિએ પડે છે. વાચક જશવિજયજીનું નીચેનું સ્તવન—

દાતણ કરતાં ભાવિયેજી, પ્રભુગુણ જલમુખ શુદ્ધ
ઉલ ઉતારી પ્રમત્તતાજી, હો મુખ નિર્મળ બુદ્ધ
જતનાએ સ્નાન કરીએજી, કાઢો મેલ મિથ્યાય
દીવો કરતાં ચિંતવોજી, જ્ઞાનદીપક સુપ્રકાશ
નયચિંતા ઘી પૂરીયુંજી, તત્ત્વપાત્ર સુવિશાળ

રોજના અત્યંત અગત્યનાં એવાં કાર્યો કવિએ અહીં પોતાનું વક્તવ્ય શ્રોતાઓના હૃદયમાં સોસરું ઊતરે માટે આલેખ્યાં છે. આમ પદનું સાહિત્ય જીવન જોડે ઘનિષ્ઠ રીતે સંકળાયેલું હતું.

સામાન્ય રીતે જૈનસાહિત્યનાં પદ સિવાયના બીજા પ્રકારોમાં, જૈનેતર સાહિત્યની કે ધર્મની અસર જવલ્લે જ દૃષ્ટિએ પડે છે, પરંતુ, જૈનપદોની એક વિલક્ષણતા એ છે કે, એમાં જૈનેતર પ્રેમલક્ષણા ભક્તિની અસર સ્પષ્ટપણે દૃષ્ટિએ પડે છે. વૈરાગ્યપ્રધાન જૈનધર્મમાં પ્રેમલક્ષણા ભક્તિને સ્થાન ન હોય, પણ જૈનકવિઓ પદના પ્રકારમાં પ્રેમલક્ષણા ભક્તિની પરિભાષામાં જ પોતાની ઊર્મિને વ્યક્ત કરે છે. શૃંગારની પરિભાષાનો ઉપયોગ, જૈનકવિઓને પણ જૈનેતર કવિઓ જેટલો જ સુગમ હતો, અને એ વાહન દ્વારા પણ પોતાની ઊર્મિઓ અત્યંત આસાનીથી વ્યક્ત કરતા. ઇશ્વરને પ્રિયતમ માનીને એની ઉપાસના કરાઈ હોય એવું કવિ આનંદઘનજીનું નીચેનું પદ જુઓ :

મુને મારો નાહોલિયો મળવાનો કોડ
મીઠાબોલા મનગમતા માહજી વિણ તનમન થાએ મોડ
કાંઈ ઢોળિયો ખાટ પછેડી તળાઈ ભાવે ન રેશમ સોડ
અબ સબ મારે ભલારે ભલેરા, મારે આનંદઘન શિરમોડ

(જૈનકાવ્યદોહન, પૃ. ૪૭)

બીજા એક પદમાં એઓ કહે છે :

નિરાધાર કેમ મૂકી, શ્યામ મને નિરાધાર કેમ મૂકી
કોઈ નહિ હું કોણ શું બોલું, સહુ આલંબન ટૂંકી
પ્રાણનાથ તુમે દૂર પધાર્યા, મૂકી નેહ નિરાશી
જણજણના નિત્ય પ્રતિગુણ ગાતાં, જનમારો કિમ જાશી

(જૈનકાવ્યદોહન, પૃ. ૪૭)

અહીં ઈશ્વરને માટે 'શ્યામ', 'પ્રાણનાથ' વગેરે સંબોધનો, સ્પષ્ટ રીતે, ગોપી જ કૃષ્ણને સંબોધતી હોય, અને પોતાની વિરહવેદના આર્દ્ર શબ્દોમાં વ્યક્ત કરતી હોય એમ લાગે છે. આનંદઘનજીનું નીચેનું પદ તો એથી પણ વધારે આગળ વધીને, જાણે દયારામ કે નરસિંહે જ લખ્યું હોય, એવી ઉત્કટ શૃંગારની પરિભાષામાં પોતાના ભાવો વ્યક્ત કરે છે.

પિયાબીન સુધબુધ ખુંદી હો
વિરહ ભુજંગ નિશા સમે,
મેરી સેજડી ખૂંદી હો.
નિશદિન જોઉં તારી વાટડી
ઘેરે આવો રે ઢોલા.

અથવા

મીઠો લાગે કંતડો ને ખારો લાગે લોક
કંતવિહુણી ગોઠડી, તે રણમાંહે પોક.

જાણીતા કવિ યશોવિજયજી પણ એમના પદોમાં ગોપીભાવને મળતો પ્રિયતમ–પ્રિયતમાનો ભાવ નિરૂપે છે. એમના એક પદમાં એઓ કહે છે :

પિયુ પિયુ કરી તુમને જપું રે
હું ચાતક તુમે મેહ
(ચૈત્યવંદન ચોવીશી)

આ પંક્તિ મીરાંની આવી જ ઉપમાવલિઓની સહજ રીતે આપણને યાદ આપે છે. આ પરિભાષા એ જૈનપદ સાહિત્યની એક વિશેષતા ગણી શકાય. જૈન રાસાઓ, કથાઓ તથા પ્રબંધોમાં શૃંગાર આવે છે, પણ એ શૃંગારનું એ પ્રકારોમાં સ્વતંત્ર સ્થાન છે. ભક્તિની ભાવનાને વ્યક્ત કરવાની પરિભાષા યા તો રૂપક તરીકે નહિ.

જૈનો મુખ્યત્વે વાણિજ્યપ્રધાન કોમ હોઈ વાણિજ્યની પરિભાષા કે વાણિજ્ય જગતમાંથી લીધેલાં રૂપકો પણ જૈનપદોમાં સ્વાભાવિક રીતે મળે છે. આપણા વાણિજ્યપ્રધાન મુલકને એવાં રૂપકો વિશેષ રૂચે અને ગ્રાહ્ય બને એ સ્વાભાવિક છે. આનંદઘનજીના નીચેના પદમાં જિંદગી ટૂંકી છે અને જીવનમાં આપણે જે સાધવાનું છે તે ઘણું છે, એ હકીકત વેપારની પરિભાષામાં સમજાવતાં એઓ કહે છે :

મૂલડો થોડો ભાઈ વ્યાજડો ઘણો રે,
કેમ કરી દીધો રે જાય.
તલપદ પૂંજી મેં આપી સઘળી રે,
તોય વ્યાજ પૂરું નહિ થાય.
વ્યાપાર ભાગો જલવટ થલવટે રે,
ધીરે નહિ નિશાની માય.
વ્યાજ બોડાવી કોઈ ખંદ્વા પરઠવે,
તો મૂલ આખું સમ ખાય.
હાટડું મારું રૂડાં માણેકચોકમાં રે,
સાજનિયાનું મનડું મનાય.
આનંદઘન પ્રભુ શેઠ શિરોમણિ રે,
બાંહડી ઝાલજો રે આય.

આમાં કવિનું વક્તવ્ય વિશદાર્થ છે અને રૂપકની પસંદગી પણ યોગ્ય રીતે થઈ છે. નરસિંહ મહેતાનું

અમે તો વહેવારિયા રામનામના રે,
વેપારી આવે છે બધા ગામગામના રે.

એ પદનું આ પદ વાંચતાં સ્મરણ થાય છે. બન્ને કાવ્યમાં વેપારીની સૃષ્ટિમાંથી જ રૂપકની પસંદગી કરી છે. આ બન્નેમાં સમાનતા લાગે તેનું કારણ એ કે બન્ને પદોનું પ્રેરણાસ્થાન એક જ હતું. બન્ને જનતાને દૃષ્ટિ સમક્ષ રાખીને, તેમને પોતાનું વક્તવ્ય શી રીતે સુગ્રાહ્ય બને, એ દૃષ્ટિએ લખાયાં છે.

જૈનપદોનો બીજો એક વિશિષ્ટ પ્રકાર 'સજ્ઝાય'નો છે. 'સજ્ઝાય' શબ્દ સ્વાધ્યાયપરથી આવ્યો છે. રોજ પ્રાતઃકાળે કે પ્રભાતે, પોતાના અધ્યયન માટે ભક્તજનો પોતાને જે સજ્ઝાયો મુખપાઠ હોય તે બોલી જતા. આ રીતે સજ્ઝાયો મુખપાઠ થતી અને મંદિરોમાં પણ ગવાતી. સજ્ઝાયોનો મુખ્ય હેતુ લોકોને ધર્મમાર્ગે દોરવાનો હતો. ધર્મમાર્ગે લોકોને એ રીતે દોરી શકાય: કાં તો સીધેસીધો ઉપદેશ આપીને, અથવા તો દૃષ્ટાન્ત દ્વારા – વાર્તા કહીને — પરોક્ષ ઉપદેશ આપીને. સજ્ઝાયમાં આ બન્ને પ્રકારો દૃષ્ટિએ પડે છે.

કથાપ્રધાન સજ્ઝાયોમાં કોઈ ત્યાગી પુરુષનું કે મુનિનું જીવનવૃત્તાંત સંક્ષેપમાં આવતું. જેમકે:

ઇલાચીપુત્રની સજ્ઝાય

નામ ઇલાપુત્ર જાણીએ, ધનદત્ત શેઠનો પુત્ર
નટવી દેખીને મોહીયો, જે રાખે ઘર સૂત્ર
કરમ ન છૂટે રે પ્રાણિયા — ટેક.

નિજકુળ છાંડી રે નટ થયો, નાણી શરમ લગાર -- કરમ૦

ઇકિપુર આવ્યો રે નાચવા, ઊંચો વાંસ વિશેષ
તિહાં રાય જોવા રે આવીયો, મળિયા લોક અનેક — કરમ૦

દોય પગ પહેરી રે પાવડી, વાંસ ચઢ્યો ગજગેલ
નિરાધાર ઉપર નાચતો ખેલે નવનવા ખેલ — કરમ૦

ઢોલ વજાડે રે નટવી, ગાયે કિન્નર સાદ
પાયતલ ઘુઘરા રે ઘમઘમે, ગાજે અંબર નાદ — કરમ૦

તિહાં રાય ચિત્તમેં ચિંતવે, લુબ્ધો નટવીની સાથ
જો નટ પડે રે નાચતો, તો નટવી મુજ હાથ --- કરમ૦

ધન ન આપે રે ભૂપતિ, નટ જાણે રે ભૂપ વાત
હું ધનવંછુ રે રાયનો, ને રાય વંછે મુજ ઘાત. — કરમ૦

તવતિહાં મુનિવર પેખિયા, ધનધન સાધુ નિરાગ
ધિક્ ધિક્ વિખીયા રે જીવરે, એમ તે પામ્યો વૈરાગ. — કરમ૦

થાળ ભરી શુદ્ધ મોદકે, પદમણી ઊભેલાં બહાર
લો લો કે છે લેતા નથી, ધનધન મુનિ અવતાર — કરમ૦

સંવર ભાવે રે કેવળી, થયો મુનિ કર્મ ખપાય
કેવળ મહિમા રે સૂર કરે, લબ્ધિવિજે ગુણ ગાય — કરમ૦

(સજ્ઝાયમાળા)

આ કથામાં કોઈ પણ જાતના ઉપચાર વિના સીધું કથન જ છે. એમાં કથાને ઉચિત વસ્તુ છે. જરા પણ આડફેટે ગયા વિના લબ્ધિવિજયજીએ કથા કહી છે. ઇલાચીપુત્રને વૈરાગ એ મધ્યબિન્દુ છે. અહીં કથાનો દૃષ્ટાન્ત તરીકે ઉપયોગ થયો છે. આમાં ઊર્મિ નથી—સીધું કથન છે. મુનિ વખતસર આવી પહોંચ્યા અને પેલાને રાજા તરફ ઈર્ષા થવાને બદલે વૈરાગ આવ્યો એમાં વાર્તાની ખરી ચમત્કૃતિ રહેલી છે. આવી ઘણી કથાઓ સજ્ઝાયોમાં કહેવાઈ છે. જેમકે 'મેતારજમુનિની સજ્ઝાય', 'અરણિકમુનિની સજ્ઝાય', 'વયરમુનિની સજ્ઝાય', 'પણકમુનિની સજ્ઝાય' વગેરે.

સજ્ઝાયોમાં ક્યારેક સીધો ઉપદેશ પણ આવતો.

કડવાં ફળ છે ક્રોધનાં જ્ઞાની એમ બોલે.
રીસતણો રસ જાણીએ, હલાહલ તોલે.
ક્રોધ કોડ પૂરવતણું સંજ્ય ફળ થાય,
ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય.

(વિવિધ સ્તવનાદિ સમુચ્ચય ગ્રન્થ)

અથવા,

દૃષ્ટિરાગે નવ લાગીએ, વળી જાગીએ ચિત્તે
માગીએ શીખ જ્ઞાન તણી, હવે ભાંગીએ નિત્યે
જ્ઞાની ગુરુવચન રળિયામણાં, કટુ તીરસાં લાગે
દૃષ્ટિરાગે ભ્રમ ઊપજે, વધે જ્ઞાન ગુણ રાગે.

(પદસજ્ઝાયમાળા)

બીજા જૈનપદના પ્રકારોમાં 'ચૈત્યવંદન' અને 'સ્નાત્રપૂજા' છે. આ બન્ને પ્રકારો મંદિરો જોડે સંકળાયેલા છે. ચૈત્યનો અર્થ જૈનમંદિર એવો થાય છે. સામાન્ય રીતે ભક્તો દેવનાં દર્શન કરતી વખતે જે ગીતો કે સ્તુતિ બોલતાં તે ચૈત્યવંદન કહેવાય છે. એટલે સ્વાભાવિક રીતે એમાં મંદિરસ્થ દેવનું સંકીર્તન આવતું. ખીમાએ ચૈત્યવંદનામાં શત્રુંજય તીર્થમાહાત્મ્ય ગાયું છે. જેમકે :

આરાધું સામિણી શારદા, જિમ મતિ તૂઠી દિઈ મતિ અદા
શ્રી શેત્રંજ તીરથ વંદેવિ, ચૈત્રપ્રવાડિ રચેઈ સંખેવિ.
પાલીતાણઈ પ્રણમું પાશ, જિમ મનવાંછિત પૂરઈ આશ
લલિતાસર વંદુ જિનવીર, સોઈ સાયર જિમ ગુહિર ગંભીર

આ પદમાં આરંભ શિરસ્તામુજબ શારદાની સ્તુતિથી કર્યો છે અને લાંબા કાવ્યમાં જે પ્રમાણેનો વિધિ હોય છે, તેવો વિધિ અહીં છે. અંતમાં તો કવિ મંદિરસ્થ દેવની જ પ્રશસ્તિ કરે છે. કવિ કહે છે :

એહ સ્વામી તુમ ગુણ જેટલા, મઈ કિમ બોલઈ તેતલા,
તું ગુણ રયણાયર હોઈ, એહ સંક્ષા નવ જાણઈ કોઈ.

આ રીતે ચૈત્યવંદન એટલે, ચૈત્યમાં વંદન કરતી વખતે ગવાતાં પદો. આ પ્રકારમાં કવચિત્ સ્થળ-માહાત્મ્ય પણ આવતું. મૂળા નામનાં કવિએ એનાં ચૈત્યવન્દનમાં બધા દેવની વંદના કરીને અંતે કહ્યું છે કે:

કલસ

છન્નુએ જિનવર છન્નુએ જિનવર
અર્ધો ઊર્ધ્વ ને લોક તીચ્છે જાણું એ
સાસય અસાસય જૈન પડિમા, તે સર્વે વખાણું એ
ગચ્છ વિધિપક્ષ પૂજ્ય પરગટ, શ્રી ધર્મમૂર્તિ સુરિંદું એ
વાચક મૂલા કહે ભણતાં ઋદ્ધિ, વૃદ્ધિ આણુંદું એ

અહીં કાવ્યના શીર્ષકમાં જે કળશ છે, તે સ્નાનપૂજામાં જે કળશ આવે છે તે નહિ, પણ 'કળશ' એ ઢાળનું કે કાવ્યમાં વપરાતી દેશીનું નામ હતું તે છે. જ્યારે સ્નાત્રપૂજાના ગીતને જે કળશ નામ આપવામાં આવે છે તે સ્નાત્રપૂજામાં વપરાતા કળશને લઈ ને હોવું જોઇએ.

ચૈત્યવંદન જેવો જ મંદિરની જોડે સંકળાયેલો અને મંદિરની જરૂરિયાતમાંથી ઉદ્ભવેલો પદપ્રકાર એ 'સ્નાત્રપૂજા' વા 'કળશ'નો છે. દેવને સ્નાન કરાવતી વખતે અને પુષ્પ ચઢાવતી વખતે 'સ્નાત્રપૂજા' કે 'કળશ'નાં પદો ગવાતાં. આ પદોમાં સ્નાનનો સ્પષ્ટ ઉલ્લેખ આવતો.

પવિત્ર ઉદક લેઈ અંગ પખાળી,
વિવિધ વસ્ત્ર જાદવ ચિરમાળી
કુસુમાંજલિ મહેલો આદિ જિણંદા,
તોરા ચરણકમળ સેવે ચોસઠ જિણંદા
—કુસુમાંજલિ

× × ×

સરસ સેવંતરિ માલતીમાલા,
ગુણ ગાવે ઇમિ કવિય દેવાલા,
ઋષભ અજિત સંભવ ગુણ ગાઉં,
અનંત ચોવીશી જિનની ઓળગ પાઉં,
કુસુમાંજલિ મહેલો વીરજિણુંદા,
તોરા ચરણકમળ સેવે ચોસઠ ઈંદા

અહીં પ્રથમ પંક્તિમાં અંગપ્રક્ષાલનનો અને દ્વિતીય પંક્તિમાં કુસુમાર્પણનો ઉલ્લેખ આવે છે. બીજા એક સ્નાત્રપૂજાનાં પદમાં કહ્યું છે:

નિર્મળ જળ કળશે નવડાવે
વસ્ત્ર અમુલખ અંગ ધરાવે
કુસુમાંજલિ મેલો આદિ જિણંદા
સિદ્ધ સ્વરૂપી અંગ પખાળી
આતમનિર્મળ હૂઈ સુકુમાલિ
—કુસુમાંજલિ

(આર્યા)

મચકુંદ ચંપમાલઈ, કમલાઈ પુફ્ફપંચ વણ્ણાઈ
જગનાહ ન્હવણ સમયે, દેવા કુસુમાંજલિ દીતી.
(વીરવિજય સ્નાત્રપૂજા)

આમાં પણ સ્નાનનો સ્પષ્ટ ઉલ્લેખ છે. કુસુમાર્પણ વિધિનો પણ ઉલ્લેખ છે. એ વિધિમાં વિશેષતઃ તો ફૂલોની નામાવલિ આવતી.

કેટલાક જૈનપદપ્રકારો અન્ય જૈનેતર પદપ્રકારોની જોડે તદ્દન મળતા આવે છે અને બન્ને પ્રકારોમાં બાહ્યદૃષ્ટિએ કશો ભેદ નથી હોતો. ભેદ માત્ર, જે દેવની સ્તુતિ હોય તેનાં નામનો હોય છે. બાકી અન્ય રીતે એટલી બધી જૈન અને જૈનેતર પદપ્રકારમાં આપણને સમાનતા જડે છે કે જો દેવોનાં નામની અદલબદલ કરીએ તો એ પ્રકાર જૈનસાહિત્યનો છે કે જૈનેતર સાહિત્યનો છે તે વરતાય નહિ. આવો પ્રકાર આરતીનો છે. આરતીની વિધિ જૈન, વૈષ્ણવ, શિવ, માતા બધા મંદિરોમાં સમાન હતો એટલું જ નહિ, પણ બધે એક જ શિરસ્તા પ્રમાણે આરતી ઉતારાતી. એટલે બન્ને પ્રકારનાં મંદિરોની જરૂરિયાત પૂરી પાડવા માટે આરતીનો પદપ્રકાર ઉદ્ભવ્યો. મહાવીરસ્વામીની નીચેની આરતી કાંઈક વિશિષ્ટ હોવાથી આપી છે.

મહાવીર સ્વામીની આરતી

જયદેવ જયદેવ જયસુખના સ્વામી પ્રભુ (૨)
તુજને વંદન કરીએ (૨) ભવભવના ભામી — જયદેવ જયદેવ.

સિદ્ધારથના સુત, ત્રિશલાના જાયા પ્રભુ (૨)
જશોદાના છે કંથજી, (૨) ત્રિભુવન જગરાયા — જયદેવ જયદેવ.

બાળપણામાં આપ ગયા રમવાને કાજે — પ્રભુ (૨)
દેવતાએ દીધો પડછાયો (૨) બીવરાવા કાજે — જયદેવ જયદેવ.

એકવારનું રૂપ લીધું છે નાગનું પ્રભુ (૨)
બીજીવારનું રૂપ (૨) લીધું છે બાળકનું — જયદેવ જયદેવ.

બાળક બીના સહુ પોતે નથી બીના પ્રભુ (૨)
દેવતાનું કાંઈ નવ ચાલ્યું, (૨) હારી જતા રહેતા, — જયદેવ જયદેવ.

એવા છે ભગવાન, મહાવીર તમે જાણો પ્રભુ (૨)
વન્દે છે સહુ તેને (૨) નમે રાયરાણો — જયદેવ જયદેવ.

અહીં 'જયદેવ' 'જયદેવ'નું ધ્રુવ ઉચ્ચારણ, એકીપંક્તિના ઉત્તરાર્ધનું અને બેકી પંક્તિના પૂર્વાર્ધનું બે બે વાર ઉચ્ચારણ, એ બધા જૈનેતર તેમ જ જૈન આરતીના પદના બાહ્ય સ્વરૂપનાં સમાનતત્ત્વો છે. અને મહાવીરને બદલે માત્ર નામો બદલીને કૃષ્ણને માટે પણ આ આરતી ચાલી શકે એટલી સમાનતા છે.

મહાવીરના જીવનના સંક્ષેપમાં આલેખાયેલા પ્રસંગોને બદલે કૃષ્ણના પ્રસંગો મૂકી શકાય. આ સમાનતાનું કારણ ઉપર જણાવ્યું તેમ આરતી ગાવાની પદ્ધતિ, તેમ જ આરતી બંને સરખી હતી, વિધિ સરખો હતો, તે જ છે. બીજી એક લાક્ષણિક આરતી જોઈએ :

અપ્સરા કરતી આરતી જિન આગે
હાં રે જિન આગે રે જિન આગે

હાં રે એ તો અવિચળ સુખડાં માગે,
હાં રે નાભિનંદન પાસ — અપ્સરા૦

તા થઈ નાટક નાચતી, પાય ઠમકે હાં રે દોય ચરણે
— ઝાંઝર ઝળકે.
હાં રે સોવન ઘુઘરી ઘમકે, હાં રે લેતી ફૂદડી બાઈ — અપ્સરા૦
તાલ મૃદંગ ને વાંસળી ડફ વીણા, હાં રે રૂડા ગાવંતી સ્વર ઝીણા
હાં રે મધુર સુરાસુર નયણાં, હાં રે જોતી મુખડું નિહાળ — અપ્સરા૦

આની વિશેષતા એ છે કે એમાં દેવના વર્ણનને બદલે દેવની આરતી ઉતારતી અપ્સરાનું વર્ણન છે. આરતીના અંતભાગમાં કવિ સાચું જ જિનવરને પોતાની સઘળી આપત્તિ હરવાની વિનતિ કરે છે. સામાન્ય રીતે આરતીમાં મૂર્તિનું વર્ણન, સ્તવન, કે એની પ્રશસ્તિ જ હોય છે. આ રીતે આરતીનો પ્રકાર જૈન તેમ જ જૈનેતર સાહિત્યમાં બાહ્ય દૃષ્ટિએ — વસ્તુ અને નિરૂપણ બન્ને દૃષ્ટિએ — અત્યંત સમાન હતો.

આ રીતે જૈન પદસાહિત્યમાં વૈવિધ્ય ઘણું છે. એમાં કથન, વર્ણન, ઊર્મિ વગેરે ઘણાં તત્ત્વો આવતાં. આ પ્રકાર જૈનેતર સાહિત્યની જેમ વિશેષતઃ મંદિરો જોડે સંકળાયેલો હતો. અને તેથી જ આ પ્રકાર, જૈનેતર પદપ્રકાર જેટલો જ સમૃદ્ધ, પોતાની આગવી વિશેષતાવાળો, છતાં બીજાં પદોથી સાવ અસ્પૃષ્ટ નહિ પણ સંકળાયેલો એવો મનોહારી સાહિત્ય પ્રકાર છે. અને મધ્યકાલીન પદ સાહિત્યની અઢળક સમૃદ્ધિમાં, જૈનસાહિત્યકારોનો ફાળો પણ ચિરસ્મરણીય છે, સારો તેમ જ માતબર છે એ હકીકત દીવા જેવી સ્પષ્ટ છે.

॥ जयन्तु वीतरागाः ॥

પ્રથમાનુયોગશાસ્ત્ર અને તેના પ્રણેતા સ્થવિર આર્યકાલક

મુનિશ્રી પુણ્યવિજયજી

१

परिआओ पव्वज्जाभावाओ नत्थि वासुदेवाणं ।
होइ बलाणं सो पुण **पढमणुओगाओ** णायव्वो ॥

आवश्यकनिर्युक्ति गाथा ४१२.

દીક્ષા લઈ ન શકવાને કારણે વાસુદેવોનો દીક્ષાપર્યાય નથી પણ બલદેવો દીક્ષા સ્વીકાર કરે છે માટે તેમનો દીક્ષાપર્યાય છે. તે અમે અહીં જણાવતા નથી એટલે જેઓ જાણવા ઇચ્છે તેમણે **પ્રથમાનુયોગ**થી તે જાણી લેવો.

२

तत्थ ताव **सुहम्मसामिणा** जंबूनामस्स **पढमाणुओगे** तित्थयर–चक्कवट्टि–दसारवंसपरूवणागयं **वसुदेवचरियं** कहियं ति ।
वसुदेवहिंडी प्रथमखंड पत्र २

સુધર્માસ્વામિએ જંબૂ નામના પોતાના શિષ્ય સમક્ષ **પ્રથમાનુયોગ**ના વ્યાખ્યાન પ્રસંગે તીર્થંકર ચક્રવર્તી અને દશારોનું ચરિત્ર વર્ણવતાં **વસુદેવ**નું ચરિત્ર કહ્યું હતું.

૩

मेहावीसीसम्मि ओहामिए **कालगज्जथेराणं** ।
सज्झंतिएण अह सो खिसंतेणं इमं भणिओ ॥ १५३८ ॥

સ્થવિર આર્યકાલકનો બુદ્ધિમાન શિષ્ય દીક્ષા મૂકીને ઘરવાસમાં ચાલ્યો ગયો ત્યારે તેમના સહાધ્યાયીએ તેમને (કાલકાર્યને) ઉપહાસ કરતાં આ પ્રમાણે કહ્યું :

अतिबहुतं मेऽधीतं ण य णातो तारिसो **मुहुत्तो** उ ।
जत्थ थिरो होइ सेहो निक्खंतो अहो ! हु बोद्धव्वं ॥ १५३९ ॥

આપ ઘણું ભણ્યા, પણ તેવું મુહૂર્ત નથી જાણી શકયા કે જે મુહૂર્તમાં નિષ્ક્રાંત એટલે દીક્ષા લીધેલો શિષ્ય સ્થિર રહે. અહો ! હજુ આપને પણ કેટલું જાણવાનું છે ?

तो एव स ओमत्थं भणिओ अह गंतु सो **पतिट्ठाणं** ।
आजीविसगासम्मी सिक्खति ताहे **निमित्तं** तु ॥ १५४० ॥

આ પ્રમાણે જ્યારે સહાધ્યાયીએ **કાલકાર્યને** તેમની ઊણપ જણાવી ત્યારે તેમણે **પ્રતિષ્ઠાનપુર**માં જઈને **આજીવકો**ની પાસે **નિમિત્તવિદ્યા**નો અભ્યાસ કર્યો.

अह तम्मि अहीयम्मी वडहेट्ठ निविट्ठ अन्नयकयाति ।
सालाहणो नरिंदो पुच्छतिमा तिण्णि पुच्छाओ ॥ १५४१ ॥

અષ્ટાંગનિમિત્તવિદ્યા ભણી ગયા બાદ કોઈક પ્રસંગે **સ્થવિર આર્યકાલક** વડના ઝાડ નીચે બેઠ છે, ત્યાં **શાલિવાહન** રાજા આવી ચઢે છે અને આચાર્યને આ પ્રમાણે ત્રણ પ્રશ્નો પૂછે છે:

> पसुलिंडि पढमयाए बितिय समुद्दे व केत्तियं उदयं ।
> ततियाए पुच्छाए **महुरा** य पडेज्ज व ण व ? त्ति ॥ १५४२ ॥

પહેલો પ્રશ્ન : બકરી વગેરે પશુઓની લીંડીઓ કેમ થાય છે? બીજો પ્રશ્ન : સમુદ્રમાં પાણી કેટલું? ત્રીજો પ્રશ્ન : **મથુરા**નું પતન થશે કે નહિ?

> पढमाए वामकडगं देइ ताहिं सयसहस्समुल्लं तु ।
> बितियाए कुंडलं तू ततियाए वि कुंडलं बितियं ॥ १५४३ ॥

પહેલા પ્રશ્નના ઉત્તરથી પ્રસન્ન થઈ રાજા શાલિવાહને આચાર્યને લાખમૂલ્યનું ડાબું કડું ભેટ કર્યું. બીજા અને ત્રીજા પ્રશ્નના ઉત્તરથી રાજી થઈ રાજાએ બે કુંડલો ભેટ કર્યાં.

> आजीविता उवट्ठित गुरुदक्खिणं तु एत अम्हं ति ।
> तेहि तयं तू गहितं इयरोचितकालकज्जं तु ॥ १५४४ ॥

આ પ્રસંગે, આર્યકાલકને નિમિત્તવિદ્યા ભણાવનાર **આજીવક** સાધુઓ ત્યાં હાજર હતા, તેમણે 'આ અમારી ગુરુદક્ષિણા છે' એમ કહી તે ત્રણેય ઘરેણાં લઈ લીધાં. અને આર્યકાલક પોતાના સમયોચિત કાર્યમાં લાગી ગયા.

> णट्ठम्मि उ सुत्तम्मी अट्ठम्मि अणट्ठे ताहे सो कुणइ ।
> **लोगणुजोगं** च तहा **पढमणुजोगं** च दोऽवेए ॥ १५४५ ॥

જેનો સૂત્રપાઠ ભુલાઈ ગયો છે, છતાં જેનો અર્થ એટલે કે ભાવ ભુલાયો નથી એવા **લોકાનુયોગ** અને **પ્રથમાનુયોગ** નામના બે ગ્રંથોની તેમણે પુનઃ રચના કરી.

> बहुहा **निमित्त** तहियं **पढमणुजोगे** य होंति चरियाइं ।
> जिण-चक्कि-दसाराणं पुव्वभवाइं निबद्धाइं ॥ १५४६ ॥

ઉપરોક્ત બે ગ્રંથો પૈકી પહેલામાં ઘણા પ્રકારની નિમિત્તવિદ્યા અને **પ્રથમાનુયોગ**માં જિનેશ્વર, ચક્રવર્તિ અને દશારોના પૂર્વભવાદિને લગતું ચરિત્ર ગૂંથવામાં આવ્યાં છે.

> ते काऊणं तो सो **पाडलिपुत्ते** उवट्ठितो संघं ।
> बेइ कतं मे किंची अणुग्गहट्ठाय तं सुणह ॥ १५४७ ॥

આ બન્નેય ગ્રંથોની રચના કરીને તેઓ **પાટલીપુત્ર**માં પહોંચ્યા અને ત્યાંના શ્રીસંઘને કહ્યું કે: મેં કાંઈક કર્યું છે તેને અનુગ્રહ કરીને તમે સાંભળો.

> तो संघेण निसंतं सोऊणय से पडिच्छितं तं तु ।
> तो तं पतिट्ठितं तू णयरम्मी कुसुमणामम्मि ॥ १५४८ ॥

તે પછી **પાટલીપુત્ર**માં વસતા શ્રીસંઘે તે ધ્યાનમાં લીધું. અને ધ્યાનમાં લઈને તેમના ગ્રંથોને આદરપૂર્વક સ્વીકાર્યા. આ રીતે **કુસુમપુર**–પાટલીપુત્રમાં તે ગ્રંથો માન્ય થયા.

> एमादीणं करणं गहणं णिज्जूहणा **पकप्पो** ऊ ।
> **संगहणीण** य करणं अप्पाहाराण तु पकप्पो ॥ १५४९ ॥
>
> पंचकल्प महाभाष्य

ઇત્યાદિ નષ્ટ-ભ્રષ્ટ, શીર્ણ-વિશીર્ણ અને વિસ્મૃત ગ્રંથોની નિર્યૂહણા—ઉદ્ધાર કરવો તેનું નામ **પ્રકલ્પકલ્પ** કહેવાય છે. તદુપરાંત અલ્પ યાદશક્તિ ધરાવનાર માટે **સંગ્રહણી ગ્રંથો**ની રચના કરવી તે પણ **પ્રકલ્પકલ્પ** નામથી જ ઓળખાય છે.

૪

पच्छा तेण सुत्ते णट्ठे **गंडियाणुयोगा** कया। **संगहणीओ** वि कप्पट्ठियाणं अप्पधारणाणं उवग्गहकराणि भवंति। **पढमाणुओगमाई** वि तेण कया। पंचकल्पभाष्य चूर्णी

પછી (અષ્ટાંગનિમિત્ત ભણી ગયા બાદ) તેમણે સૂત્ર નષ્ટ થઈ ગયેલ હોવાથી **ગંડિકાનુયોગ**ની પણ રચના કરી. **સંગ્રહણીઓ**ની પણ રચના કરી. અલ્પસ્મરણશક્તિવાળા બાળજીવોને ઉપકારક થશે એમ માનીને **પ્રથમાનુયોગ** આદિની પણ રચના તેમણે કરી.

૫

एतं सव्वं **गाहाहिं जहा पढमाणुओगे** तहेव इहई पि वन्निज्जति वित्थरतो।

आवश्यकचूर्णी भाग १ पत्र १६०.

આ બધું **ગાથાઓ** દ્વારા જેમ **પ્રથમાનુયોગ**માં વર્ણન છે તે જ પ્રમાણે અહીં વિસ્તારથી—લંબાણથી વર્ણન કરવું.

૬

पूर्वभवाः खल्वमीषां **प्रथमानुयोगतो**ऽवसेयाः।

आवश्यकहारिभद्री वृत्ति पत्र ११९–२

આમના (કુલકરોના) પૂર્વભવોનું ચરિત્ર **પ્રથમાનુયોગ**થી જાણી લેવું.

૭

तत्र **पुष्कलसंवर्त्तो**ऽस्य भरतक्षेत्रस्य अशुभभावं पुष्कलं संवर्त्तयति नाशयतीत्यर्थः। एवं शेषनियोगोऽपि **प्रथमानुयोगा**नुसारतो विज्ञेयः। अनुयोगद्वार हारिभद्री वृत्ति पत्र ८०

પુષ્કલસંવર્ત્ત નામનો મેઘ ભરતક્ષેત્રની અશુભ પરિસ્થિતિનો નાશ કરે છે. આ જ પ્રમાણે બાકીના મેઘોની હકીકત વગેરે **પ્રથમાનુયોગ**થી જાણી લેવું.

૮

से किं तं अणुओगे? अणुओगे दुविहे पण्णत्ते, तं जहा—**मूलपढमाणुओगे** य **गंडियाणुओगे** य। से किं तं **मूलपढमाणुओगे?** एत्थ णं अरहंताणं भगवंताणं पुव्वभवा देवलोगगमणाणि चवणाणि य जम्मणाणि य अभिसेया रायवरसिरीओ सीयाओ पव्वज्जाओ तवा य भत्ता केवलणाणुप्पाया य तित्थप्पवत्तणाणि य संघयणं संठाणं उच्चत्तं आउं वन्नविभागो सीसा गणा गणहरा य अज्जा पवत्तणीओ संघस्स चउव्विहस्स वा वि परिमाणं जिण-मणपज्जव-ओहिनाण-सम्मत्तसुयनाणिणो य वाई अणुत्तरगई य जत्तिया य सिद्धा पाओवगया य जे जहिं जत्तियाइं भत्ताइं छेयइत्ता अंतगडा मुणिवरुत्तमा तमरओघविप्पमुक्का सिद्धिपहमणुत्तरं च संपत्ता, एए

अन्ने य एवमाइया भावा **मूलपढमाणुओगे** कहिया आघविज्जंति पण्णविज्जंति परूविज्जंति, से त्तं मूलपढमाणुओगे ।

से किं तं **गंडियाणुओगे**? २ अणेगविहे पण्णत्ते, तं जहा—कुलगरगंडियाओ तित्थगरगंडियाओ चक्कहरगंडियाओ दसारगंडियाओ वासुदेवगंडियाओ हरिवंसगंडियाओ भद्दबाहुगंडियाओ तवोकम्मगंडियाओ चित्तंतरगंडियाओ उस्सप्पिणीगंडियाओ ओसप्पिणीगंडियाओ अमर-नर-तिरिय-निरयगइगमणविविहपरियट्टणाणुओगे, एवमाइयाओ गंडियाओ आघविज्जंति पण्णविज्जंति परूविज्जंति, से त्तं गंडियाणुओगे ।

समावायांगसूत्र सूत्र १४७.

અનુયોગ શું છે? અનુયોગ બે પ્રકારે છે: **મૂલપ્રથમાનુયોગ** અને **ગંડિકાનુયોગ. મૂલપ્રથમાનુયોગ** શું છે? મૂલપ્રથમાનુયોગમાં અરહંત ભગવંતોના પૂર્વભવો, દેવલોકમાં અવતાર, દેવલોકથી ગુજરવું, જન્મ, મેરુ ઉપર જન્માભિષેક, રાજ્યપ્રાપ્તિ, દીક્ષાની પાલખી, દીક્ષા, તપસ્યા, કેવલજ્ઞાનપ્રાપ્તિ, ધર્મપ્રવર્તન, સંઘયણ, સંઠાણ, ઊંચાઈ, આયુષ્ય, શરીરનો વર્ણવિભાગ, શિષ્યો, સમુદાયો, ગણધરો, સાધ્વીસંખ્યા, પ્રવર્તનીઓ—સમુદાયની આગેવાન સાધ્વીઓ, ચતુર્વિધ સંઘની જનસંખ્યા, કેવળજ્ઞાની મનઃપર્યાયજ્ઞાની અવધિજ્ઞાની ચતુર્દશપૂર્વધરો વાદીઓ અનુત્તરવિમાનગામીઓની અને સિદ્ધોની સંખ્યા, જેટલા ઉપવાસ કરી સિદ્ધિમાં ગયા ઇત્યાદિ ભાવોનું વર્ણન **પ્રથમાનુયોગ**માં કરાયું છે.

ગંડિકાનુયોગ એટલે શું? ગંડિકાનુયોગ અનેક પ્રકારે છે—કુલકરગંડિકાઓ, તીર્થંકરગંડિકાઓ, ચક્રવર્તિગંડિકાઓ, દશારગંડિકાઓ, વાસુદેવગંડિકાઓ, હરિવંશગંડિકાઓ, ભદ્રબાહુગંડિકાઓ, તપઃકર્મગંડિકાઓ, ચિત્રાંતરગંડિકાઓ, ઉત્સર્પિણીગંડિકાઓ, અવસર્પિણીગંડિકાઓ, દેવ-મનુષ્ય-તિર્યંચ-નરકગતિ પરિભ્રમણ આદિને લગતી ગંડિકાઓ ઇત્યાદિ હકીકતો ગંડિકાનુયોગમાં કહેવાઈ છે.

૯

નંદિસૂત્રમાં સૂત્ર ૫૬માં સમવાયાંગ સૂત્રને મળતો જ પાઠ છે;

* * * *

ઉપર એકી સાથે જે અનેક ઊતારાઓ આપવામાં આવ્યા છે તે '**પ્રથમાનુયોગ** શું છે?' તે વિષે વિશિષ્ટ પ્રકાશ પાથરનારા ઉલ્લેખો છે. આજે કોઈક કોઈક વિરલ વ્યક્તિઓને બાદ કરતાં ભાગ્યે જ કોઈને ખબર હશે કે "**પ્રથમાનુયોગ** એ ધર્મકથાનુયોગને લગતો વિસ્તૃત અને વિશિષ્ટ ગ્રંથ હતો." એ ગ્રંથ આ યુગમાં જ અપ્રાપ્ય થઈ ગયો છે એમ નથી, પરંતુ સૈકાઓ પૂર્વે તે નષ્ટ થઈ ગયો છે—ખોવાઈ ગયો છે. આજે માત્ર એ ગ્રંથ વિશેની સ્થૂલ માહિતી પૂરી પાડતા કેટલાક વીખરાયલા ઉલ્લેખો જ આપણા સામે વર્તમાન છે. આમ છતાં આ વિરલ ઉલ્લેખો દ્વારા આપણને કેટલીક એ ગ્રંથ અંગેની અને તે સાથે કેટલીક બીજી પણ મહત્ત્વની હકીકતો જાણવા મળી શકે છે. આપણે અનુક્રમે તે જોઈએ:

૧. ઉપર આપેલાં પ્રાચીન અવતરણો પૈકી ત્રીજા અને ચોથા ઉલ્લેખથી એ વાત સ્પષ્ટ થાય છે કે પ્રાચીન કાળમાં એટલે સૂત્રકાળમાં **પ્રથમાનુયોગ** નામનો ગ્રંથ હતો જ, જેને નંદિસૂત્રકાર અને સમવાયાંગસૂત્રકારે **મૂલપ્રથમાનુયોગ** નામથી ઓળખાવેલ છે. પરંતુ કાળબળે તે લુપ્ત થઈ જવાને લીધે તેમાંની જે અને જેટલી હકીકતો મળી આવે તે આધારે તેનો પુનરુદ્ધાર **સ્થવિર આર્યકાલકે** કર્યો હતો. **વસુદેવહિંડી, આવશ્યકચૂર્ણી, આવશ્યક** સૂત્ર અને **અનુયોગદ્વારસૂત્રની હારિભદ્રી** વૃત્તિ આદિમાં **પ્રથમાનુયોગ**ના નામનો જે ઉલ્લેખ છે તે આ પુનરુદ્ધરિત પ્રથમાનુયોગને લક્ષીને છે. જ્યારે આવશ્યક સૂત્રની નિર્યુક્તિમાં (અવતરણ ૧) આવતો પ્રથમાનુયોગ નામનો ઉલ્લેખ સંભવ છે કે **મૂલપ્રથમાનુયોગ**ને લક્ષીને પણ હોય!

૨. આઠ અને નવ ઉલ્લેખને આધારે આપણને જાણવા મળે છે કે **પ્રથમાનુયોગ**માં માત્ર તીર્થંકરોનાં જ જીવનચરિત્ર હતાં, પરંતુ ત્રીજા ઉલ્લેખને આધારે પ્રથમાનુયોગમાં તીર્થંકરોનાં ચરિત્ર ઉપરાંત ચક્રવર્તી અને દશારોનાં પણ ચરિત્રો હતાં. મને લાગે છે કે સૂત્રકાળમાં પ્રથમાનુયોગનું ગમે તે સ્વરૂપ હો, પરંતુ સ્થવિર આર્યકાલકે પુનરુદ્ધાર કર્યો ત્યારે તેનું સ્વરૂપ આચાર્ય શ્રી**ભદ્ર**ેશ્વરકૃત **કહાવલી**, શ્રી**શી**લાંકાચાર્યકૃત **ચઉપ્પણ્ણમહાપુરિસચરિય** અને આચાર્ય શ્રી **હે**મચંદ્રકૃત ત્રિષષ્ટિ શલાકાપુરુષચરિતને મળતું હોવું જોઈએ.

૩. પાંચમો ઉલ્લેખ જોતાં સમજી શકાય છે કે – પ્રથમાનુયોગ ગ્રંથની રચના ગદ્યપદ્યરૂપે હતી પરંતુ પ્રસ્તુત ગ્રંથ આજે આપણા સામે નથી, એટલે તેની ભાષાશૈલી, વર્ણનપદ્ધતિ, છંદો વગેરે વિષય. આ ગ્રંથમાં શી શી વિશેષતા અને વિવિધતાઓ હશે, એ આપણે ખરા સ્વરૂપમાં સમજી શકીએ તેમ નથી. તે છતાં અનુયોગદ્વારસૂત્ર ઉપરની હરિભદ્રી વૃત્તિ(ઉલ્લેખ ૭)માં પાંચ મહામેઘોનું વર્ણન જોવાં માટે પ્રથમાનુયોગ જોવાની ભલામણ કરી છે. એ ઉપરથી પ્રથમાનુયોગમાં પ્રસંગે પ્રસંગે ઘણી ઘણી હકીકતોનો સમાવેશ હોવાનો સંભવ છે.

૪. સમવાયાંગ સૂત્ર અને નંદિસૂત્ર(ઉલ્લેખ ૮–૯)માં પ્રથમાનુયોગને બદલે મૂલપ્રથમાનુયોગ નામ મળે છે, તેનું કારણ મને એ લાગે છે કે – જ્યાં સુધી સ્થવિર આર્યકાલકે પ્રથમાનુયોગનો પુનરુદ્ધાર નહોતો કર્યો ત્યાંસુધી સૂત્રકાલીન પ્રથમાનુયોગને પ્રથમાનુયોગ નામથી જ ઓળખવામાં આવતો હશે, પરંતુ સ્થવિર આર્યકાલકે એ ગ્રંથનો ઉદ્ધાર કર્યા બાદ સૂત્રકાલીન પ્રથમાનુયોગને મૂલપ્રથમાનુયોગ નામ આપ્યું હોવું જોઈએ. જો કે સમવાયાંગસૂત્ર–નંદિસૂત્રના ચૂર્ણી–વૃત્તિકારોએ વ્યુત્પત્ત્યર્થસિદ્ધ કેટલાક વૈકલ્પિક લાક્ષણિક અર્થો આપ્યા છે, પણ મારી સમજ પ્રમાણે એ વાસ્તવિક અર્થને સ્પર્શ નથી કરતા. જો પ્રથમાનુયોગમાં માત્ર તીર્થંકરોનાં જ ચરિત્રો હોત તો ચૂર્ણીવૃત્તિકારોના અર્થો લાક્ષણિક ન રહેતાં વાસ્તવિક બની જાત. પરંતુ આપણે સંભાવના કરી શકીએ છીએ ત્યાં સુધી પ્રથમાનુયોગમાં માત્ર તીર્થંકરોનાં જ ચરિત્રો હોય અને તેમની સાથે અનિવાર્ય રીતે સંબંધ ધરાવતા ચક્રવર્તિ–વાસુદેવાદિનાં ચરિત્રો હોય જ નહિ, એ કદીયે બનવાયોગ્ય નથી. એટલે પ્રથમાનુયોગમાં માત્ર તીર્થંકરોનાં ચરિત્રો હોવાની વાત નંદિસૂત્ર–સમવાયાંગસૂત્રમાં મળતી હોય કે માત્ર તીર્થંકર–ચક્રવર્તિ–દશારોનાં ચરિત્રો હોવાની વાત પંચકલ્પભાષ્યાદિમાં મળતી હોય તો પણ આપણે એ સમજી જ લેવું જોઈએ કે પ્રથમાનુયોગમાં ઉપર કહેવામાં આવ્યું તેમ ત્રેસઠ શલાકાપુરુષ અને તે સાથે સંબંધ ધરાવતી અનેક વ્યક્તિઓનાં ચરિત્રોનો સમાવેશ થવો જોઈએ. એટલે ચૂર્ણી–વૃત્તિકારોની વ્યાખ્યાને આપણે અહીં લાક્ષણિક જ સમજવી જોઈએ.

દિગંબર આચાર્ય **શ્રીશુભચંદ્ર** પ્રણીત **અંગપણ્ણત્તી**માં **પ્રથમાનુયોગ**માં શું છે તે વિષે આ હકીકત જણાવી છે—

पढमं मिच्छादिट्ठिं अव्वदिकं आसिदूण पडिवज्जं ।
अणुयोगो अहियारो वुत्तो **पढमाणुयोगो** सो ॥ ३५ ॥
चउवीसं तित्थयरा पइणो बारह छखंडभरहस्स ।
णव बलदेवा किण्हा णव पडिसत्तू पुराणाइं ॥ ३६ ॥
तेसिं वण्णंति पिया माई णयराणि तिण्ह पुव्वभवे ।
पंचसहस्सपयाणि य जत्थ हु सो होदि अहियारो ॥ ३७ ॥

દ્વિતીય અધિકાર.

દિગંબર આચાર્ય શ્રી **બ્રહ્મહેમચંદ્ર** વિરચિત **શ્રુતસ્કંધ**માં આ પ્રમાણે નિર્દેશ છે :

तित्थयर चक्कवट्टी बलदेवा वासुदेव पडिसत्तू ।
पंचसहस्सपयाणं एरा कहा **पढमअणिओगो** ॥ ३१ ॥

પ્રથમાનુયોગના પ્રણેતા

પ્રથમાનુયોગના સ્વરૂપ વિશે ટૂંકમાં જણાવ્યા પછી તેના પ્રણેતા સ્થવિર **આર્યકાલક** વિષે ટૂંકમાં જણાવવામાં આવે છે :

૧. પંચકલ્પમહાભાષ્ય અને તેની ચૂર્ણી(ઉલ્લેખ ૩–૪)માં જણાવ્યા પ્રમાણે સ્થવિર આર્યકાલકે **પ્રથમાનુયોગ** ગ્રંથનો પુનરુદ્ધાર કર્યો હતો. તે જ રીતે તેમણે **ગંડિકાનુયોગ** નામના ગ્રંથનો પણ ઉદ્ધાર કર્યો હતો. **લોકાનુયોગ** અને જૈન આગમો ઉપરની **સંગ્રહણીઓ**ની રચના પણ તેમણે કરી હતી. **ગંડિકાનુયોગ**માં શું છે તે માટે આઠમો ઉલ્લેખ જોવા ભલામણ છે. **ગણિતાનુયોગ**માં અષ્ટાંગનિમિત્તવિદ્યા ગૂંથવામાં આવી છે. અને **સંગ્રહણીઓ**, એ જૈન આગમોની ગાથાબદ્ધ સંક્ષિપ્ત વિષયાનુક્રમણિકા છે. આજે આપણે સ્પષ્ટ રીતે જાણી શકતા નથી કે ‘ અહીં જણાવેલી **સંગ્રહણીઓ** કઈ ? ’ તે છતાં સંભવતઃ ભગવતીસૂત્ર, પન્નવણાસૂત્ર, જીવાભિગમસૂત્ર, આવશ્યકસૂત્ર આદિમાં આવતી સંગ્રહણીગાથાઓ જ આ **સંગ્રહણીઓ** હોવી જોઈએ.

૨. સ્થવિર **આર્યકાલકે** અષ્ટાંગનિમિત્તવિદ્યાનું અધ્યયન **આજીવકશ્રમણો** પાસે કર્યું હતું. એટલે કે **નિમિત્તવિદ્યાના વિષયમાં સ્થવિર આર્યકાલક માટે આજીવકોનું ગુરુત્વ અને વારસો હતાં.** શ્રમણ વીર વર્ધમાન ભગવાને અષ્ટાંગનિમિત્તવિદ્યાને સામાન્ય રીતે ભણવાનો નિષેધ કરેલ હોઈ જૈન શ્રમણોમાંથી એ વિદ્યા ભૂંસાઈ ગઈ હતી, પરંતુ સમયબળને કારણે એ જ વિદ્યા પુનઃ શીખવાની આવશ્યકતા જણાતાં આર્યકાલકને આજીવક નિર્ગ્રંથોનું સાન્નિધ્ય સાધવું પડ્યું છે. પંચકલ્પ ભાષ્યમાં “ રાજા **શાલિવાહને આર્યકાલક**ને ઉપહૃત કરેલ કટક અને કુંડલોને આજીવકશ્રમણો પોતાની ગુરુદક્ષિણા તરીકે લઈ ગયા.” આ ઉલ્લેખથી “ તે જમનામાં આજીવકનિર્ગ્રંથોમાં પરિગ્રહધારી નિર્ગ્રંથો પણ હતા” એ જાણવા મળે છે.

૩. પ્રથમાનુયોગાદિના પ્રણેતા સ્થવિર આર્યકાલક રાજા શાલિવાહનના સમકાલીન હતા. રાજા શાલિવાહને આર્યકાલકને પૂછ્યું હતું કે “ મથુરાનું પતન થશે કે નહિ” તેનો ઉત્તર આર્યકાલકે શો આપ્યો હતો એ **પંચકલ્પમહાભાષ્ય**માં જણાવ્યું નથી, તે છતાં રાજાએ પ્રસન્ન થઈ કુંડલ આપ્યાનો ઉલ્લેખ છે તે ઉપરથી રાજાને **વિજય** જણાવ્યો હશે. જે વિજયનો ઉલ્લેખ વ્યવહારભાષ્ય–ચૂર્ણી–ટીકામાં અને બૃહત્કલ્પભાષ્ય[૧]–ચૂર્ણી–ટીકામાં આવે છે. એટલે પંચકલ્પભાષ્યમાં જે પ્રશ્નોનો નિર્દેશ છે એ

૧. महुराणत्ती दंडे णिग्गय सहसा अपुच्छियं कयरं ।
तस्स य तिक्खा आणा दुहा गया दो वि पाडेउं ॥१५२॥

गोयावरीए नईए तडे **पइट्ठाणं** नयरं । तत्थ **सालवाहणो** राया । तस्स **खरगओ** अमच्चो । अन्नया सो **सालवाहणो** राया दंडनायगं आणवेइ—**महुरं** घेत्तूण सिग्घमागच्छ । सो य सहसा अपुच्छिऊण दंडेहिं सह णिग्गतो । ततो चिंता जाया—का **महुरा** घेत्तव्वा ? **दक्खिणमहुरा उत्तरमहुरा** वा ? । तस्स आणा तिक्खा, पुणो पुच्छिअं न तीरति । ततो दंडा दुहा काऊण दोसु वि पेसिया, गहियातो दो वि **महुरातो** । ततो वद्धावगो पेसिओ । तेणागंतूण राया वद्धावितो—देव ! दो वि महुरातो गहियातो ॥

व्यवहारभाष्य–टीका–भाग ४ पत्र ३६

સંભવિત જ છે. અને આ જ કારણસર રાજા શાલિવાહનનો કાલકાર્યસાથેનો સંબંધ ધર્મભાવનામાં પરિણમ્યો હશે એમ લાગે છે. અને આ જ ધર્મસંબંધને કારણે કાલકાર્યે રાજા શાલિવાહનની ખાતર ભાદ્રપદ શુક્લ પંચમીને બદલે ભાદ્રપદ શુક્લ ચતુર્થીને દિવસે સંવત્સરી પર્વની આરાધના કરી હતી. આ ઉપરથી આપણે એટલું નિશ્ચિત કરી શકીએ છીએ કે અષ્ટાંગનિમિત્તવિદ્યાપારંગત, પ્રથમાનુયોગ–ગંડિકાનુયોગ–લોકાનુયોગ–અને જૈન આગમોની સંગ્રહણીઓના પ્રણેતા, તેમ જ પંચમીને બદલે ચતુર્થીને દિવસે સંવત્સરી કરનાર સ્થવિર આર્યકાલક એક જ છે અને તે રાજા શાલિવાહનના સમકાલીન હતા. આ યુગમાં રાજા શાલિવાહન સાથે સંબંધ ધરાવનાર બીજા કોઈ કાલકાર્ય હોવાનો ઉલ્લેખ મળતો નથી. પ્રજ્ઞાપનાસૂત્રના પ્રણેતા શ્યામાર્ય–કાલકાર્ય આ કાલકાર્ય કરતાં જુદા જ છે.

પ્રથમાનુયોગનું ગુપ્ત સ્થાનમાં અસ્તિત્વ

પ્રથમાનુયોગ ગ્રંથ ઘણા ચિરકાળથી નષ્ટ થઈ જવા છતાં પણ એ ગ્રંથ ગુપ્ત સ્થાનમાં હોવાનો અને ત્યાંથી લાવી દેવતાએ કોઈ કોઈ આચાર્યને વાંચવા માટે આપ્યાની કેટલીક કિંવદંતીઓ આપણે ત્યાં ચાલતી હતી અને તેવા બે ઉલ્લેખો મારા જોવામાં આવ્યા છે. જે પૈકીનો એક ઉલ્લેખ જયસાગરકૃત **ગુરુપારતંત્ર્યસ્તવવૃત્તિની** પ્રારંભિક પ્રસ્તાવનામાં છે અને બીજો ઉલ્લેખ હર્ષભૂષણકૃત **શ્રાદ્ધવિધિવિનિશ્ચય**માં છે. પહેલા ઉલ્લેખમાં પ્રથમાનુયોગગ્રંથની હાથપોથી શાસનદેવતાએ ખરતર આચાર્ય શ્રી **જિનદત્તસૂરિ**ને આપ્યાનો, અને વાંચ્યાનો ઉલ્લેખ છે. અને બીજામાં ગુર્જરેશ્વરમહારાજા શ્રીકુમારપાલદેવપ્રતિબોધક આચાર્ય શ્રી **હેમચંદ્ર**ને આપ્યાનો, એક રાત્રિમાં વાંચી લીધાનો અને તદનુસારે **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર** રચ્યાનો ઉલ્લેખ છે, જે વિશેનો જરા સરખો ય નિર્દેશ આચાર્ય શ્રી હેમચંદ્રે પોતાના શલાકાપુરુષચરિત્રમહાકાવ્યમાં કર્યો નથી. આ **દેવતાઈ** વાતોને આપણે કેટલે અંશે માનવી એ એક ગંભીર કોયડો જ છે. આવી રચનાઓની નકલ કરવા દેવામાં કે કરી લેવામાં ન આવે, એ એક નવાઈની જ વાત છે ને? અસ્તુ, એ બન્ને ય ઉલ્લેખો આ નીચે નોંધવામાં આવે છે :—

૧. "ज्ञानदर्शनचारित्रागण्यपुण्यातिशयसत्त्वरञ्जितश्री**शासनदेवतावितीर्णोज्जयिनीस्थितमहाकाल-प्रासाद**मध्यवर्तिशैलमयभारपट्टबीटकान्तःसंगोपितपुरा**सिद्धसेनदिवाकर**वाचितदशपूर्वधरश्री**कालिकसूरि**-विरचितानेकाद्भुतश्री**प्रथमानुयोग**सिद्धान्तपुस्तकरत्नार्थसम्यक्परिज्ञानजगद्विदितप्रभावाः निजप्रतिभावैभव-विस्मापितदेवसूरयः श्री**जिनदत्तसूरयः**" गुरुपारतन्त्र्यस्तववृत्तिः

૨. "श्री **हेमाचार्याः प्रथमानुयोगं देवताप्रसादा**ल्लब्ध्वैकरात्राववधार्य च तदनुसारेण **त्रिषष्टि-चरित्राणि** जग्रन्थुरिति।" **श्राद्धविधिविनिश्चय.**

ગુરુપારતંત્ર્યસ્તવવૃત્તિના ઉલ્લેખમાં सिद्धसेनदिवाकरवाचित એમ ઉલ્લેખ કર્યો છે તે માત્ર કલ્પિત અને અપ્રામાણિક છે. કારણ કે આવશ્યકચૂર્ણિકાર **જિનદાસગણિ** અને આવશ્યક તથા અનુયોગદ્વાર-વૃત્તિકાર યાકિનીમહત્તરાસૂનુ આચાર્ય શ્રી **હરિભદ્રે** ચૂર્ણિ અને વૃત્તિમાં અનેક ઠેકાણે અને અનેક વિષયમાં **પ્રથમાનુયોગની** સાક્ષી આપી છે, જેમાંના થોડા ઉપયોગી ઉલ્લેખો મેં આ લેખના પ્રારંભમાં આપ્યા છે; એટલે પ્રથમાનુયોગની પ્રતિ મેળવવા માટે કે વાંચવા માટે આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકરને દેવતાની જરૂરત જરા ય ન હતી, ભલે શ્રી જિનદત્તસૂરિ મહારાજને હો. શ્રી હર્ષભૂષણે કરેલો ઉલ્લેખ પણ કલ્પિત જ છે. સંભવ છે ગુરુપારતંત્ર્યસ્તવવૃત્તિકારની સ્પર્ધામાં હર્ષભૂષણે પણ એક તુક્કો ઊભો કર્યો હોય. તુક્કો પણ જેવોતેવો નહિ, એક રાત્રિમાં જ આચાર્યશ્રી હેમચંદ્રે પ્રથમાનુયોગ વાંચી લીધો. મને તો લાગે છે કે બન્નેય મહાનુભાવોએ તુક્કા જ ઉડાવ્યા છે.

આવા દેવતાઈ તુક્કાઓ આપણે ત્યાં ઘણા ચાલ્યા છે. પ્રભાવકચરિત્રકાર આચાર્યે પણ એક આવી જ કથા રજૂ કરી છે —

"એવામાં **બુદ્ધાનંદ** મરણ પામી વ્યંતર થયો અને પૂર્વના વૈરભાવથી તેણે મલ્લવાદિકૃત **નયચક્ર** અને **પદ્મચરિત્ર** એ બન્નેય ગ્રંથો પોતાને તાબે કર્યા અને તે કોઈને વાંચવા દેતો ન હતો."

પ્રભાવકચરિત્ર ભાષાંતર પૃષ્ઠ ૧૨૩.

ખરેખર આવી કથાઓ અર્થ વિનાની જ છે. **મલ્લવાદી** પ્રાચીન **નયચક્ર** ગ્રંથને વાંચે છે ત્યારે તેમના હાથમાંથી દેવતા તે ગ્રંથને પડાવી લઈ જાય છે, અને એની જ ભલામણથી નિર્માણ થયેલા **નયચક્ર** ગ્રંથની રક્ષા કરવાની એ દેવતાને પરવા નથી, ત્યારે તો આવી કથાઓ ઉપહાસજનક જ લાગે ને ?

અંતમાં પ્રાસંગિક ન હોવા છતાંય મેં આ લેખમાં પંચકલ્પમહાભાષ્ય અને તેની ચૂર્ણીના ઉલ્લેખોની નોંધ કરી છે એટલે મારે કહેવાની વસ્તુ અનુપ્રસક્ત તો છે જ, અને તે એ કે પંચકલ્પમહાભાષ્ય નામ સાંભળી ઘણા વિદ્વાનો એમ ધારી લે છે કે पञ्चकल्प નામનું સૂત્ર હોવું જોઈએ પરન્તુ ખરું જોતાં તેમ છે જ નહિ. પંચકલ્પમહાભાષ્ય એ કલ્પભાષ્યમાંથી છૂટો પાડેલો એક ભાષ્ય-વિભાગ હોઈ તેનું મૂળ સૂત્ર જો કહી શકાય તો તે કલ્પસૂત્ર (બૃહત્કલ્પસૂત્ર) જ કહી શકાય—જેમ આવશ્યક નિર્યુક્તિમાંથી ઓઘનિર્યુક્તિને જુદી પાડવામાં આવી છે—દશવૈકાલિકનિર્યુક્તિમાંથી પિંડનિર્યુક્તિને જુદી કરી છે તે જ રીતે કલ્પભાષ્યમાંથી પંચકલ્પભાષ્યને પણ અલગ કરવામાં આવ્યું છે. બૃહત્કલ્પસૂત્રની કેટલીક જૂની સૂત્રપ્રતિઓના અંતમાં पञ्चकल्पसूत्रं समाप्तम् આવો ઉલ્લેખ જોઈ કેટલાક ભ્રમમાં પડી જાય છે પરંતુ ખરી રીતે ભ્રમમાં પડવું જોઈએ નહિ. એવા નામોલ્લેખવાળી પ્રતિઓ બધી બૃહત્કલ્પસૂત્રની જ પ્રતિઓ છે.

શ્વે૦ ગુરુ વિમલસૂરિની પ્રશ્નોત્તર-રત્નમાલા

પં. લાલચંદ્ર ભગવાન ગાંધી

જિજ્ઞાસુ શિષ્યના ઉપયોગી પ્રશ્નોના, ગુરુએ આપેલા તાત્ત્વિક ઉત્તરોથી ગૂંથાયેલી આ પ્રશ્નોત્તરમાલા સર્વમાન્ય અમૂલ્ય ઉપદેશ-રત્નોથી શોભતી હોઈ એ ખરેખર રત્નમાલા જેવી મહત્ત્વની કીમતી છે, રત્નમાલાના નામને સાર્થક કરે છે. બાહ્ય રત્નોની માલા કરતાં આંતરિક ગુણ-રત્નોની આ માલા અધિક પ્રભાવક, મંગલ-કલ્યાણકારક, આરોગ્ય-દાયક, આયુષ્ય-વર્ધક, હિતકર, શાંતિકર અને સુખકારક થઈ શકે તેવી છે. સાચા રત્ન-પરીક્ષકો (ઝવેરીઓ) તેની ઊંચી કિંમત આંકી શકે છે. એની રચના હજારેક વર્ષ પૂર્વની હોવા છતાં તેનાં તેજસ્વી રત્નો જરાય ઝાંખાં પડ્યા વિના હજી ઝળહળતાં જણાય છે. સંસ્કૃત ભાષામાં ૨૯ આર્યા—ગાથામાં એ રચાયેલી છે. તેની પહેલી ગાથા મંગલ અને અભિધેય દર્શાવે છે અને તેની છેલ્લી ગાથા કવિના નામની નિર્દેશક છે. એ બે ગાથાઓને માલાના મેર તરીકે ગણીએ તો ૨૭ ગાથા-નક્ષત્રોથી દીપતી આ રત્નમાલા નક્ષત્રમાલા જેવી શોભે છે. કંઠને ભાર ન કરે અને કંઠને શોભાવે એવી એ નાજુક અને સુંદર હોઈ સુંદરીઓએ જ નહિ, સત્પુરુષોએ પણ કંઠે ધારણ કરવા યોગ્ય છે—કંઠસ્થ કરવા યોગ્ય છે. એની મનોહરતાએ જૈન—જૈનેતર જનતાને આકર્ષી જણાય છે. એ રત્નમાલા રચનાર તરીકે શ્વે૦ જૈનાચાર્ય સિવાય દિગંબર જૈન રાજા, શંકરાચાર્ય અને શુક યતીન્દ્રનાં પણ નામ જોડાયેલાં છે, તેમાંથી આના વાસ્તવિક સાચા કવિ-ઉપદેશક કયા હોવા જોઇએ ? તેની પ્રામાણિક ગવેષણા કરી સત્ય શોધવા અહીં પ્રયત્ન કરવામાં આવે છે.

શ્વેતાંબર જૈન-સમાજમાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘમાં ચિરકાલથી એનું લેખન, પઠન—પાઠન, વ્યાખ્યાન, ઉપદેશાદિ પ્રચલિત રહેલું જણાય છે. શ્વે૦ જૈન-સમાજે પાઠ્ય સ્વાધ્યાય-પુસ્તિકામાં, પ્રકરણ-પુસ્તિકામાં, પ્રકરણ-સંગ્રહમાં અને પ્રકીર્ણ-ગ્રંથ-સંગ્રહમાં પણ એને સ્થાન આપી સૈકાઓથી તેના પ્રત્યે આદર દર્શાવેલો જણાય છે. પાટણ, વડોદરા, ખંભાત, છાણી, ડભોઈ, લિંબડી, પાલીતાણા, મુંબઈ, જેસલમેર, બિકાનેર, પૂના, પંજાબ, કલકત્તા (બંગાળ) અને પરદેશોના પ્રખ્યાત સંગ્રહો—ભંડારો—જ્ઞાનમંદિરોમાં આ રત્નમાલાની પચાસ જેટલી પ્રાચીન પ્રતિયો જાણવામાં આવી છે. કાગળો પર જ નહિ, સાતસો વર્ષ પહેલાં તાડપત્રો પર પણ લખાયેલી તેની કેટલીક હસ્તલિખિત પ્રતિયો મળી આવે છે. ગૂજરાતની પ્રાચીન રાજધાની **પાટણ**ના પ્રાચીન ગ્રંથ-ભંડારમાં રહેલી તેવી ૧૫ પ્રતિયોનો નિર્દેશ અમે **પાટણ** જૈન ગ્રંથ-ભંડાર-સૂચી(તાડપત્રીય પ્રથમ ભાગ ગા. ઓ. સિ. નં. ૭૬, સન ૧૯૩૭, પૃ. ૨૪, ૬૪, ૭૦, ૧૦૨, ૧૨૯, ૧૩૩, ૧૪૬, ૧૪૯, ૧૭૪, ૨૬૨, ૨૭૮, ૨૯૬, ૩૮૬, ૪૧૦, ૪૧૨)માં કર્યો છે, જેમાંની કેટલીક વિક્રમની ચૌદમી સદીમાં સંવત ૧૩૦૩માં, ૧૩૨૬માં, સં. ૧૩૩૪માં, અને સં. ૧૩૮૮માં પણ લખાયેલી છે. ડભોઇમાં શ્રીજંબૂસૂરિજીના જ્ઞાનમંદિરની એક પત્રવાળી પ્રતિ (નં. ૬૫૦) સંવત ૧૪૮૨માં કા. વ. ૮ શનિવારે **સું**જિગપુરમાં લખાયેલી જણાવી છે. તેવી જ રીતે વિક્રમના ૧૫મા, ૧૬મા સૈકામાં, તથા તે પછીના સમયમાં લખાયેલી મૂળની પ્રતિયો સંખ્યાબંધ મળે છે. તે સર્વમાં તેના રચનાર કવિનું નામ સ્પષ્ટ રીતે '**શ્વે૦ ગુરુ વિમલ**' છેલ્લી ૨૯મી ગાથામાં દર્શાવ્યું છે. તથા આ રચનાને કવિએ **વિમલ**—નામાંકિત કરી યુક્તિપૂર્વક '**વિમલ**—

પ્રશ્નોત્તર – રત્નમાલા' એવા નામથી ઓળખાવી છે. તેમાં **વીર**જિનેંદ્રના મંગલવાળી, અભિધેય સૂચવતી પ્રથમ ગાથા આવી છે :

" प्रणिपत्य **जिनवरेन्द्रं, प्रश्नोत्तरमालिकां** वक्ष्ये ।
नाग-नरामर-वन्द्यं, देवं देवाधिपं **वीरम्**[1] ॥ १ ॥"

બીજી તથા ૨૮મી ગાથામાં **વિમલ-પ્રશ્નોત્તર-રત્નમાલા** નામનો નિર્દેશ આવી રીતે કર્યો છે:

" कः खलु नालंक्रियते ?, दृष्टादृष्टार्थ-साधन-पटीयान् ।
कण्ठस्थितया **विमल-प्रश्नोत्तर-रत्नमालिकया** ॥ २ ॥"

" इति कण्ठगता **विमला, प्रश्नोत्तर-रत्नमालिका** येषाम् ।
ते मुक्ताभरणा अपि, विभान्ति विद्वत्-समाजेषु ॥ २८ ॥
रचिता **सितपट-गुरुणा, विमला विमलेन** रत्नमालेव ।
प्रश्नोत्तरमालेयं, कण्ठगता कं न भूषयति ? ॥ २९ ॥"

— મૂળ રચનામાં છેલ્લી આર્યામાં કવિએ પોતાનું નામ **સિતપટ - ગુરુ** = શ્વેતાંબર-આચાર્ય **વિમલ** એવું સ્પષ્ટ રીતે જણાવ્યું છે.

-- વિશેષમાં બે શ્વેતાંબર જૈનાચાર્યોએ વિક્રમના તેરમા અને પંદરમા સૈકામાં આ લઘુકૃતિ પર પ્રાસંગિક બોધક દૃષ્ટાંતો સાથે સંક્ષિપ્ત અને વિસ્તૃત વ્યાખ્યાઓ સંસ્કૃતભાષામાં રચેલી છે.

[૧]

આ **પ્રશ્નોત્તર-રત્નમાલા** પર પહેલી વૃત્તિ વિ. સં. ૧૨૨૩માં **હરિપાલ** મંત્રીની વિજ્ઞપ્તિથી **હેમપ્રભસૂરિ**એ રચી હતી, જેનું શ્લોકપ્રમાણ ૨૧૩૪ જણાવેલ છે. આ વૃત્તિકાર, **ચંદ્રપ્રભસૂરિ**ના પટ્ટધર **ધર્મઘોષસૂરિ**ના પ્રશિષ્ય અને **યશોઘોષસૂરિ**ના શિષ્ય હતા, જે **ધર્મઘોષસૂરિ** જયસિંહરાજા(**સિદ્ધરાજ**)થી સન્માનિત થયા હતા. વૃત્તિકારે પોતાનો ઉચિત પરિચય તેના અંતમાં કરાવ્યો છે.[2] આ વૃત્તિની પ્રાચીન પ્રતિ વિક્રમની ચૌદમી સદીમાં લખાયેલી જણાય છે. કારણ કે સાધુ (શાહ) **અભયચંદ્રે** લખાવેલ એ

૧. પાઠાંતરમાં ' प्रथमम् ' છે, અન્યત્ર અન્ય સહજ ફેરફારવાળાં પાઠાંતરો મળે છે.

૨. "श्रीजैनशासनांभोधि-समुल्लास-सुधाकराः । जज्ञिरे जगति ख्याताः, **श्रीचंद्रप्रभसूरयः** ॥
धर्माधारतया सुदुश्चरतपश्चारित्रतेजस्तया नानासूरिविनेयसेविततया तैस्तैर्गुणैर्विश्रुतः ।
श्रीचंद्रप्रभसूरिपट्टतिलक(को) निर्ग्रंथचूडामणि-र्जज्ञे **श्रीजयसिंहभूपतिनुतः श्रीधर्मघोषप्रभुः** ॥
तदीयहस्तपद्मेन, लब्धश्रीसूरिसंपदः । बभूवुर्जंगमं तीर्थं, **श्रीयशोघोषसूरयः** ॥ ९ ॥
आवर्जिते गुणगणैर्येषां गभीरिमादिभिः । समं लक्ष्मी-सरस्वत्यौ, समायातां स्वर्ग(?)तले ॥ १० ॥
तेषां सपुण्य-लावण्य-रूप-पांडित्यसंपदां । स्वहस्तदीक्षितैः शिष्यैः, **श्रीहेमप्रभसूरिभिः** ॥ ११ ॥
भुवन-श्रुति-रवि-संख्ये वर्षे **हरिपालमंत्रि**-विज्ञप्तैः ।
एषा चक्रे वृत्तिः, **प्रश्नोत्तररत्नमालायाः** ॥ १२ ॥"

—**જેસલમેર** ભાં. ગ્રંથસૂચી (ગા. ઓ. સિ. નં. ૨૧, પૃ. ૧૦)

પુસ્તિકાના અંતમાં શ્રીજિનેશ્વરસૂરિના શિષ્ય દેવમૂર્તિ ઉપાધ્યાયે રચેલી ૨૫ શ્લોકની પ્રશસ્તિ છે.[૩] (આ જિનેશ્વરસૂરિ વિક્રમની તેરમી સદીના ઉત્તરાર્ધમાં તથા ચૌદમી સદીના પૂર્વાર્ધમાં વિદ્યમાન હતા.)

જેસલમેર-ગ્રંથ-ભંડારમાં રહેલી હજી સુધી અપ્રકાશિત આ વૃત્તિનો આદ્યન્ત ભાગ અમે જેસલમેર-ભંડાર-ગ્રંથ-સૂચી(ગા. ઓ. સિ. નં. ૨૧, પૃ. ૧૦, પ્ર. સન ૧૯૨૩)માં દર્શાવ્યો છે. તથા ત્યાં અપ્રસિદ્ધ ગ્રંથ-ગ્રંથકૃત્ પરિચય(પૃ. ૪૦)માં, જૈનોપદેશગ્રંથોમાં એનો ઉલ્લેખ કર્યો છે. એ પ્રતિમાં પણ ' रचिता **सितपटगुरुणा** ' ગાથા છે, અને તેની વ્યાખ્યામાં મૂલકાર કવિને શ્વેતાંબર-ગુરુ વિમલ જણાવેલ છે.

[૨]

આ પ્રશ્નોત્તર–રત્નમાલાની દૃષ્ટાંતો સાથે વિવરણરૂપ બીજી વૃત્તિ વિક્રમસંવત ૧૪૨૯માં ચંદ્રગચ્છ-(રુદ્રપલ્લીયગચ્છ)ના દેવેન્દ્રસૂરિએ ૭૭૮૦ શ્લો. પ્રમાણ રચી હતી, જેનું સંશોધન મુનિભદ્રસૂરિએ કર્યું હતું.[૪] આ વૃત્તિકારે અંતમાં પોતાનો પરિચય વિસ્તારથી પ્રશસ્તિમાં આપ્યો છે, તથા જે બે સદ્ગૃહસ્થોની—**ભોલા** અને **ખેતા** નામના ભાઈઓની પ્રેરણાથી તેમણે એ વૃત્તિ રચી હતી, તે ઉપકેશજ્ઞાતિના લિગાવંશનો પણ પરિચય પ્રશસ્તિ દ્વારા કરાવ્યો છે. (કેટલાક વિદ્વાને ભૂલથી આ મુનિભદ્રસૂરિને પણ આના વૃત્તિકાર જણાવ્યા છે.) આ વૃત્તિની વિક્રમસંવત ૧૪૪૧, સં. ૧૪૮૯ અને સં. ૧૫૩૯માં લખાયેલી પ્રાચીન પ્રતિયો **પાટણ** (શ્વે. જૈનાચાર્ય **જયા**નંદસૂરિના ઉપદેશથી **પૂ**જીશ્રાવિકાએ લખાવેલ), **પૂ**ના (**પૂ**ના ડે. કોલેજના સન ૧૮૮૮માં પ્રકટ થયેલા કેટલોગમાં ૧૮૮૧-૮૨ના કલેકશનમાં સૂચિત નં. ૧૬૪) અને પરદેશમાં **બર્લિ**નના પુસ્તકસંગ્રહમાં વિદ્યમાન છે. ચાણસ્મામાં સંવત ૧૬૪૦ની પ્રતિ છે. આ વૃત્તિને **જા**મનગર-નિવાસી શ્રાવક પં. હીરાલાલ હંસરાજે સંવત ૧૯૭૧માં છપાવી પ્રસિદ્ધ કરેલ છે. તે વૃત્તિના અંતમાં પણ મૂળ ' रचिता **सितपटगुरुणा** ' ૨૯મી આર્યા જોવામાં આવે છે. તથા તેની વ્યાખ્યામાં શ્વેતાંબરાચાર્ય **વિમલસૂરિ**એ રચેલી તે પ્ર૦ રત્નમાલા જણાવી છે—

> व्या० "**सितपटाः श्वेताम्बरास्तेषु गुरुः** सूरिपदं प्रतिष्ठस्तेन **सितपटगुरुणा श्वेताम्बराचार्येण विमलेन विमलनाम्ना सूरिणा** विमला गतकलमषा निर्मला वा रत्नमालेव रचिता विहिता इयं **प्रश्नोत्तररत्नमाला** कण्ठगता सती गलस्थिता सती पठिता सती कं भविकं न भूषयत्यलंकरोतीत्यर्थः। यथा रत्नमाला गलकन्दलस्था पुमांसं स्त्रियं वा भूषयति, तथेयमपि प्रश्नोत्तररत्नमाला कण्ठपीठस्था अर्थापत्त्याऽधीता सती नरं नारीं वा शृङ्गारयतीत्या**र्याऽर्थः** ॥
>
> समाप्ता चेयं **प्रश्नोत्तररत्नमाला**वृत्तिः ॥"　　(પં. હી. હં. પ્ર. પૃ. ૫૬૭)

---

૩. "**श्रीजिनेश्वर**सूरीणां पादांभोजमधुव्रतैः। **श्रीदेवमूर्त्यु**पाध्यायैर्निर्मितैषा प्रशस्तिका ॥
इति **प्रश्नोत्तररत्नमाला**वृत्तिपु० साधु**अभयचंद्र**लेखितायाः प्रशस्तिः समाप्ता ॥" — જે. ભં. ગ્રંથસૂચી

૪. "तस्यानुजेन **देवेन्द्रसूरिणा** विक्रमार्कतः। **नन्द-युग्म-पयोराशि-शशाङ्क**-प्रमवत्सरे (१४२९) ॥१७॥
प्रश्नोत्तररत्नमालाया वृत्तिर्विदधे मुदा। शोधिता च लसद्भद्रैः **श्रीमुनिभद्रसूरिभिः** ॥१८॥ युग्मम्"
— પ્રશ્નોત્તરરત્નમાલા સટીકા (પ્ર. પં. હી. હં.)

—આ વૃત્તિના પ્રારંભમાં પણ મૂલકારને ગૌરવપૂર્વક **વિમલાચાર્ય, વિમલચંદ્રસૂરિ** એવા નામથી ઓળખાવ્યા છે—

"तत्पद्माम्भोजतिग्मांशुः, **श्रीदेवेन्द्रमुनीश्वरः** ।
भोला-खेताऽभिध-भ्रातृयुगेनात्यर्थमर्थितः ॥
प्रश्नोत्तररत्नमाल्यां, विमलाचार्यनिर्मिताम् ।
विवृणोति मुद्दान्तेर्वुपकारी सतां श्रमः ॥ युग्मम् ॥

इह हि श्रेयःश्रीजिनेशजिनेशागमकुपदेशप्रासादमहास्तम्भे **प्रश्नोत्तररत्नमाला-प्रकरण**प्रारम्भे कुन्दावदात-प्रशमादिगुणभूरिः श्री**विमलचन्द्रसूरिः** शिष्टसमयपालनाय........." (पृ. २)

[૩]

આ પ્ર૦ રત્નમાલાના ભાવાર્થને તત્કાલીન ચાલુ ભાષામાં—ગૂજરાતીમાં—સમજાવવા બાલાવબોધ નામથી પણ કેટલાક શ્વે૦ જૈન વિદ્વાન મુનિજનોએ પ્રયત્ન કર્યા છે. તેની પંદરમી-સોળમી સદીમાં લખાયેલી પ્રાચીન પ્રતિઓ મળી આવે છે. **વ**ડોદરાના પ્રાચ્યવિદ્યામંદિરમાં રહેલી નં. ૨૧૨૬ની ૬ પત્રવાળી પ્રતિ સં. ૧૫૪૩માં માઘ વ. ૧૪ દિને **વિ**શ્વલનગરમાં લખેલી જણાવી છે, તે શ્વે૦ **ત**પાગચ્છાલંકાર-હાર શ્રી**લ**ક્ષ્મીસાગરસૂરિના શિષ્ય **સ**હજચારિત્રગણિએ સ્વ-પરોપકાર માટે લખેલી જણાવી છે, તથા અંતના સૂચન પ્રમાણે તે પ્રવર્તિની પુષ્પચૂલાને અપાયેલી હતી. તેમાં પણ શ્વે૦ ગુરુ **વિ**મલના નામવાળી આર્યા છે, તથા ગૂજરાતીમાં તેના અર્થમાં એનો ઉલ્લેખ છે. [૫]

[૪]

વડોદરા–પ્રાચ્યવિદ્યામંદિરમાં (નં. ૭૦૦) આ ગ્રંથની ત્રણ પત્રવાળી બાલાવબોધ સાથેની બીજી પ્રતિ પણ ૧૬ મી સદી જેટલી પ્રાચીન છે, જે ત. જયવૃદ્ધે સા. **સો**મા પાસે લખાવેલ છે, તેમાં પણ એ જ પ્રમાણે શ્વે૦ ગુરુ **વિ**મલનો નામ-નિર્દેશ છે. [૬]

૫. "**श्वेतांबर गुरु विमलि** रत्नमालानी परिइं **विमल** प्रश्नोत्तररत्नमाला कीधी । ए प्रश्नोत्तरर[त्न]माला कंठि कहिं प्रति न भूषइ? अपि तु सविकहिनइ अलंकरइ । इणिइं शास्त्रिइं भणिइं पुरुष शोभा पामइ । अर्थ जाणिइं पुण्य हुइ । इसिउ अर्थ ॥

इति प्रश्नोत्तररत्नमालाप्रकरणबालावबोधः समाप्तः । संवत् **१५४३** वर्षे माघवदि १४ दिने लिखि **श्रीविश्वलनगरे** तपागच्छालंकारहार**श्रीलक्ष्मीसागरसूरि**शिष्य पं० सहजचारित्रगणिना स्वपरोपकाराय ॥

प्र० **पुष्फचूलायाः** प्रदत्ता ॥"

६. "**श्वेतांबर गुरु विमलिइं** रत्नमालानी परिइं **विमल प्रश्नोत्तररत्नमाला** कीधी ए प्रश्नोत्तररत्नमाला कंठि रही कहि प्रति न भूषइं? अपि तु सविकहिनइं अलंकरइ । ईणि शास्त्रि भणिइ पुरुष शोभा पामइ । अर्थ जांणिइं पुण्य हुइ । इसिउ अर्थ ।

इति प्रश्नोत्तररत्नमाला–बालावबोध समाप्तः । श्रीत० जयवृद्धेण लिखापितं सा. **सो**मापार्श्वे । श्रीः ॥"

[૫-૧૨]

— એ જ પ્રમાણે **વ**ડોદરા, ડભોઈ અને અન્ય સ્થળોના ગ્રંથ-સંગ્રહોની બાલાવબોધ સાથેની એ ગ્રંથની બીજી પ્રાચીન પ્રતિયોમાં પણ તેવા ઉલ્લેખ જોવામાં આવે છે.

વડોદરા–જૈનજ્ઞાનમંદિરમાં પ્ર. **કાં**તિવિજયજી મ. શાસ્ત્રસંગ્રહમાં નં. ૮૯૦માં બીજી વૃત્તિની પ્રતિ કથા–સંવત ૧૬૪૮માં લખાયેલી છે. તથા **પ**૬૫માં, નં. ૫૬૭માં, ૨૦ પત્રવાળી પ્રતિમાં આ પ્ર૦ ૨૦ સાથે સંક્ષિપ્ત કથા-સંબંધ છે, પ્રતિ સં. ૧૬૭૫માં લખાયેલી છે.

વડોદરામાં શ્રીઆત્મારામજી–જૈનજ્ઞાનમંદિરમાં શ્રી**હું**સવિજયજી–શાસ્ત્રસંગ્રહમાં નં. ૨૧૬૪ની ચાર પત્રવાળી પ્ર૦ ૨૦ પ્રતિ સ્તબક–ગુજરાતી ટબા–ભાવાર્થ સાથે છે, તેના અંતમાં જણાવ્યા પ્રમાણે તે સાધ્વી શ્રી**રૂપલક્ષ્મી**-પદસેવિ સાધ્વી **ગુણલક્ષ્મી**-પઠનાર્થ લખેલી જણાવી છે. તેમાં પણ પૂર્વોક્ત ગાથા છે, તથા તેના અર્થમાં 'નીપજાવી **શ્વેતામ્બર** આચાર્યઈ **વિમલ** ઇસિનામઈં' જણાવેલ છે.

ડભોઈમાં શ્રી જંબૂસૂરિજીના જૈનજ્ઞાનમંદિરમાં નં. ૪૬૫માં રહેલી ચાર પત્રવાળી પડીમાત્રામાં લખાયેલી પ્ર૦ રત્નમાલા–**બાલાવબોધ**ની પ્રતિ, સંવત ૧૬૯૪ આશ્વિન વ. ૩ ભૌમે લખાયેલી છે, તે **નાગબાઈ**ના પઠન માટે લખાઈ હતી—તેવો તેના અંતમાં ઉલ્લેખ છે—

તેમાં પણ **સિત**પટગુરુ **વિ**મલ નામવાળી આર્યા છે, તેના ભાવાર્થમાં **'નીપજાવી સેતંબરનઈ આચારયઈ'** વગેરે ઉલ્લેખ છે.

—એ જ જ્ઞાનમંદિરની નં. ૯૫૪ની ૨૮ પત્રવાળી, વૃત્તિને આધારે સંક્ષિપ્ત કથાવાળી બાલાવબોધ સાથેની પ્ર૦ ૨૦ની પ્રતિ, **ઋષિ સહ**સકરણજીના ચરણ-પ્રસાદથી ઋ. **સા**દુલે લખી હતી—તેમાં પણ **વિમલ** નામવાળી ગાથાના ભાવાર્થમાં "નીપજાવી **શ્વે**તાંબર-ગુરુઈં **વિ**મલનામા આચાર્યઈં" વગેરે જણાવેલ છે.

—એ જ સંગ્રહની નં. ૧૦૦૧ની ૧૦ પત્રવાળી, તથા નં. ૧૨૮૪ની ૬ પત્રવાળી પ્ર૦ ૨૦ **બા**લાવબોધની પ્રતિમાં પણ તે જ નામ જણાવેલ છે.

મુંબઈ–લાલબાગમાં, મંડલાચાર્ય કમલસૂરિ-ભંડારની સં. ૧૭૫૨માં લખેલી ટબાવાળી પાંચપત્રવાળી પ્ર૦ રત્નમાલાની પ્રતિમાં પણ તે આર્યા છે અને ત્યાં તેવો ઉલ્લેખ જોવાય છે. **વ**ડોદરાના **આ**ત્મારામજી જૈનજ્ઞાનમંદિરમાં શ્રી**હું**સવિજયજી–જૈનશાસ્ત્રસંગ્રહની નં. ૨૧૮૩ મૂળ પ્રતિમાં, તથા નં. ૨૧૩૩ ગુજરાતી ભાવાર્થવાળી પ્ર૦ રત્નમાલાની પ્રતિમાં પણ શ્વે૦ ગુરુ **વિ**મલાચાર્યનો નામનિર્દેશ જોઈ શકાય છે.

પ્રો. પીટર્સનસાહેબના હ. લિ. પુસ્તકોના રિપોર્ટમાં પણ એ જ નામ મળે છે.

'એ **કેટલોગ** ઑફ સં. મેન્યુ. ઇન ધી લાયબ્રેરી ઑફ હીજ હાઇનેસ ધી મહારાજા ઑફ **બીકાનેર**' (કં. **રા**જેન્દ્રલાલ મિત્ર, પ્ર. સન ૧૮૮૦, કલકત્તા) નં. ૧૫૦૬માં જણાવેલ પ્ર૦ રત્નમાલાના અંતમાં પૂર્વોક્ત **સિ**તપટગુરુ **વિ**મલનામવાળી આર્યા છે.

'**કેટલોગ** ઑફ ધી સં. મેન્યુ. ઇન ધી **બ્રિટિશ મ્યુઝિયમ**' સન ૧૯૦૨માં **લં**ડનથી પ્રકાશિત પુ. પૃ. ૧૨૮માં નં. ૩૧૧માં પણ એ પ્રમાણે આર્યા જણાવેલ છે.

'નોટીસીઝ્ ઑફ્ સં. મેન્યુ. ૧૮૯૪ એ. સો. બંગાલ' પ્ર. સન ૧૯૦૭ વૉ. ૩, પૃ. ૧૨૫, નં. ૧૯૪માં **સિ**તપટગુરુ **વિ**મલ નિર્દેશવાળી આર્યા સાથે પ્ર. રત્નમાલાની ૬ પત્રવાળી પ્રતિ **બ**નારસની દિક્મંડલાચાર્ય મ. **બા**લચંદ્રની જણાવી છે.

ભૂલથી બુદ્ધિસ્ટ મેન્યુ. તરીકે

"ડિ. કેટલૉગ સં. મેન્યુ. ગવર્નમેન્ટ કલેક્શન અંડર ધી કેર ઑફ ધી એ. સો. બંગાલ. વૉ. ૧ બુદ્ધિસ્ટ મેન્યુ." સન ૧૯૧૭માં પ્ર. પુ. પૃ. ૧૭૭-૧૭૮માં નં. ૯૯૯૫ 'ઓકન પામલીફ' જણાવી સં. મ. હરપ્રસાદ શાસ્ત્રીજીએ જે અવતરણો આપ્યાં છે, તે શ્વે. **વિમલ**સૂરિની પૂર્વોક્ત પ્ર૦ રત્નમાલાની

આર્યા ૧૩ "को नरकः ? परवशता, किं सौख्यं ? सर्वसङ्गविरतिर्या ।"

આર્યા ૧૮ "कुत्र विधेयो यत्नो ? विद्याभ्यासे सदौषधे दाने ॥
अवधीरणा क्व कार्या ? खल-परयोषित्-परधनेषु ॥"

--નિ. સા. કાવ્યમાલા સપ્તમ ગુચ્છક(પૃ. ૧૨૨)માં અને અન્યત્ર જોઈ શકાય છે.

આ પ્ર૦ રત્નમાલા પર શ્રી**આ**નંદસમુદ્રની સંક્ષિપ્ત વૃત્તિ, તથા અવચૂરિ વગેરે મળે છે, તેમાં પણ શ્વે૦ ગુરુ **વિમલ**ને તેના કર્તા જણાવ્યા છે.

પ્રશ્નોત્તર-રત્નમાલા (પ્રાકૃતમાં)

વડોદરા-જૈનજ્ઞાનમંદિરમાં શ્રીહંસવિજયજી-શાસ્ત્રસંગ્રહમાં નં. ૧૦૯૨માં ૨૧ પત્રવાળી નવી પ્રતિ છે, તે સં. પ્ર૦ રત્નમાલાના પ્રાકૃત રૂપાંતર – ભાષાંતરરૂપ છે, તેમાં સાથે ઉત્તમઋષિએ કરેલ વાર્તિક છે, તે પ્રાચીન ગૂજરાતીમાં ભાવાર્થરૂપ છે.

તેના પ્રારંભમાં---'भगवं ! किमुवादेयं ? गुरुवयणं' ઇત્યાદિ છે.

મૂળની ૨૯મી અંતિમ ગાથા આવી છે---

"**पण्हुत्तररयणमालं**, कंठे धारेइ सुद्धभावेण ।
सो नर-सिव-सुहलच्छी, वरइ अचिरेण कालेण ॥"

વાર્તિકના પ્રારંભમાં—'श्रीमद्**वीर**जिनं नत्वा, **गौ**तमादिगणाधिपम् ।
ऋष्यु**त्तमेन** आत्मार्थं, क्रियते वार्तिकं मुदा ॥'

અમોઘવર્ષ નામ સાથે

આ **પ્ર**શ્નોત્તરરત્નમાલા (મૂળ), નિર્ણયસાગર-મુદ્રણાલય, મુંબઈ તરફથી પ્રકટ થયેલી કાવ્યમાલાના સપ્તમ ગુચ્છકમાં (સન ૧૮૯૦થી સન ૧૯૨૬ ચાર આવૃત્તિમાં) પ્રકાશિત થયેલ છે, ત્યાં પણ છેલ્લી આર્યામાં મળતા ઉલ્લેખ પ્રમાણે આ કૃતિને શ્રી**વિમલ**-પ્રણીતા (વિરચિતા) **પ્રશ્નોત્તર**-રત્નમાલા નામથી જણાવી છે. તેમ છતાં સંપાદકે તેમને મળેલ બે પત્રવાળી બીજી એક પ્રતિ, કે જે **સૂરતથી** શેઠ ભગવાનદાસ કેવલદાસે મોકલી હતી, તેમાં ૨૯મી આર્યાને બદલે મળતું જુદું પદ્ય (અનુષ્ટુપ્ શ્લોક) પાઠાંતર તરીકે ટિપ્પણીમાં જણાવ્યું છે —

"विवेकात्त्यक्तराज्येन राज्ञेयं रत्नमालिका । रचितामोघवर्षेण सुधियां सदलंकृतिः ॥"

દિગંબર જૈન વિદ્વાનો આ પદ્ય જોઈ આ કૃતિને રાજા અમોઘવર્ષની—રાજ્યનો ત્યાગ કરી થયેલા દિ૦ જૈન સાધુની રચના જણાવે છે. ઇંડિયન ઍન્ટિક્વેરી વૉ. ૧૫, પૃ. ૩૭૮ અને અન્યત્ર આ ગ્રંથના કર્તા તરીકે અમોઘવર્ષને ઠરાવવા દિ૦ વિદ્વાનોએ પ્રયત્ન કર્યા જણાય છે. સુપ્રસિદ્ધ લેખક પં૦ નાથૂરામ પ્રેમીજીના સન ૧૯૪૨માં પ્રકાશિત થયેલા હિંદી 'જૈન સાહિત્ય ઔર ઇતિહાસ' પુસ્તકમાં 'તીન મહાન ગ્રન્થકર્તા' સંબંધમાં જણાવતાં, **અમોઘવર્ષ**(પ્રથમ)નો ઉલ્લેખ કરતાં તેવા આશયનું

સૂચન પૃ. ૫૧૮માં કર્યું છે. વિશેષમાં પૃ. ૫૨૦માં 'ક્યા અમોઘવર્ષ જૈન થે?' એને પ્રમાણિત કરવા માટે અન્યોન્યાશ્રિત આ પ્રશ્નોત્તરરત્નમાલા સંબંધમાં જણાવ્યું છે કે —

" ऊपर हम अमोघवर्षकी प्रश्नोत्तररत्नमालाका जिक्र कर आये हैं। एक तो उसके मंगलाचरणमें वर्द्धमान तीर्थंकरको नमस्कार किया गया है और दूसरे उसमें अनेक बातें जैनधर्मानुमोदित ही कही गई हैं। इससे कमसे कम उस समय जब कि रत्नमाला रची गई थी, अमोघवर्ष जैनधर्मके अनुयायी ही जान पड़ते हैं।

प्रश्नोत्तररत्नमालाका तिब्बती भाषामें एक अनुवाद हुआ था जो मिलता है और उसके अनुसार **वह अमोघवर्षकी ही बनाई हुई है**। ऐसी दशामें **उसे शंकराचार्यकी, शुक यतीन्द्रकी या विमलसूरिकी रचना बतलाना जबर्दस्ती है**।"

તથા ત્યાં નીચે ૪-૫ ટિપ્પણીમાં જણાવ્યું છે કે —

" शंकराचार्य और शुक यतीन्द्रके नामकी जो प्रतियाँ मिली हैं उनमें छह सात श्लोक नये मिला दिये गये हैं परन्तु वे **वसन्ततिलका** छन्दमें है जो बिल्कुल अलग मालूम होते हैं और उनके अन्त्यपद्योंमें न शुकयतीन्द्रका नाम है और न शंकरका।

" श्वेताम्बर साहित्यमें ऐसे किसी विमलसूरिका उल्लेख नहीं मिलता जिसने प्रश्नोत्तर-रत्नमाला बनाई हो। विमलसूरिने अपने नामका उल्लेख करनेवाला जो अन्तिम पद्य जोड़ा है वह आर्याछन्दमें है, परन्तु ऐसे **लघु प्रकरण-ग्रन्थोंमें अन्तिम छन्द आम तौरसे भिन्न होता है** जैसा कि वास्तविक प्र० र० मालामें है और वही ठीक मालूम होता है।"

પ્ર૦ રત્નમાલાના રચનાર શ્વે૦ જૈનાચાર્ય **વિમલ**ને બદલે દિ૦ **અ**મોઘવર્ષને ઠરાવવા પં. પ્રેમીજીએ કરેલી દલીલો યુક્તિ-યુક્ત નથી — એમ પૂર્વમાં જણાવેલાં પ્રમાણે જોનાર-વાંચનાર વિચારક વાચકોને સમજાશે. **અ**મોઘવર્ષના નામનિર્દેશવાળી પ્રતિ કેટલી પ્રાચીન છે? તે કોણે ક્યારે લખાવી છે? અથવા તેમાં છેલ્લા શ્લોકનું લેખન કેટલું પ્રાચીન છે? તે કોઈએ જણાવ્યું નથી. પૂર્વે દર્શાવેલાં પ્રમાણો જોતાં-વિચારતાં સંભવ તો એ છે કે આર્યામય એ કૃતિમાં જુદો તરી આવતો **અ**મોઘવર્ષ નામવાળો અંતનો અનુષ્ટુપ્ શ્લોક કોઈએ પાછળથી જોડી દીધો જણાય છે. આ કાંઈ મહાકાવ્ય નથી કે મહાકાવ્યનાં લક્ષણો પ્રમાણે તેના સર્ગ-પરિચ્છેદના અંતની જેમ પ્રકરણના અંતમાં પણ શ્લોક ભિન્ન છંદમાં હોવો જોઈએ.

શ્વે૦ જૈન સાહિત્યમાં **વિ**મલસૂરિ નામના અનેક જૈનાચાર્યોનાં નામ મળી આવે છે, તેમાં વિ. સં. ૬૦ (મહાવીર નિર્વાણ પછી ૫૩૦ વર્ષે) પ્રા. पउमचरिय રચનાર **વિ**મલસૂરિ સુપ્રસિદ્ધ છે, કે જેની રચનાનું સંસ્કૃતમાં પલ્લવિત રૂપાંતર पद्मचरित નામથી દિ૦ જૈન કવિ **ર**વિષેણે કરેલું જાણીતું છે. એ જ શ્વે૦ **વિ**મલસૂરિની કે તે પછીના બીજા **વિ**મલસૂરિની આ રચના માનવી જોઈએ.

વિવેકથી રાજ્યનો ત્યાગ કરનાર નિસ્પૃહ ત્યાગી આવી લઘુકૃતિના અંતમાં પોતાને રાજા **અ**મોઘવર્ષ તરીકે ઓળખાવે, પોતાના પૂર્વનામને પ્રકટ કરે, એવા પૂર્વનામના મોહનો ત્યાગ ન કરે અને પોતાની સાધુ-અવસ્થાનું નામ પ્રકાશિત ન કરે! એ સર્વ વિચાર કરતાં પણ **અ**મોઘવર્ષ-નામવાળો શ્લોક પાછળથી કોઈએ જોડી દીધો હોય તેમ જણાઈ આવે છે. **અ**મોઘવર્ષ દિ૦ જૈને આ પ્ર૦ રત્નમાલા રચી એવું દિ૦ સાહિત્યમાં ક્યાં ક્યાં મળે છે? એવું પં. પ્રેમીજીએ ત્યાં જણાવ્યું નથી. પ્ર૦ રત્નમાલાના તિબ્બતી અનુવાદમાં **અ**મોઘવર્ષનું નામ મળે છે — એ કથન માટે પણ ત્યાં પ્રમાણ દર્શાવ્યું નથી.

શંકરાચાર્ય નામ સાથે

બૃહત્સ્તોત્રરત્નાકર (લક્ષ્મી વેંકટેશ્વર સ્ટીમ પ્રેસ સં. ૧૯૮૫માં પ્ર.) પૃ. ૫૬૮–૫૭૨માં તથા **બૃહત્સ્તોત્રરત્નહાર** (સન ૧૯૨૫માં મ. ઈ. દેસાઈ દ્વારા ગુજરાતી ન્યુઝ પ્રિ. પ્રેસ, મુંબઈથી પ્ર.)માં પૃ. ૮૩૮થી ૮૪૦માં વેદાંતસ્તોત્રોમાં આ **પ્રશ્નોત્તરરત્નમાલિકા** પ્રકાશિત થઈ છે, તેમાં 'प्रणिपत्य **जिनवरेन्द्रं**'—એ મંગલાચરણવાળી પ્રથમ આર્યા નથી, તથા અંતની 'रचिता **सितपटगुरुणा**' નામવાળી આર્યા નથી. ૨૮ આર્યા પછી અંતમાં ગદ્યમાં 'इति श्रीमत्परमहंस० '**श्रीमच्छङ्कराचार्यकृता**' આ કૃતિને જણાવી છે.

'ધી વર્ક્સ ઑફ શ્રીશંકરાચાર્ય' વૉ. ૧૬ (શ્રીરંગમ્ શ્રીવાણીવિલાસ પ્રેસથી પ્રકાશિત) પ્રકરણ-પ્રબંધાવલિ (દ્વિતીય ભાગ પૃ. ૮૭થી ૧૦૪)માં **પ્રશ્નોત્તરરત્નમાલિકા** પ્રકટ કરી છે, તેમાં પણ ઉપર જણાવ્યા પ્રમાણે મંગલ, અભિધેયવાળી આર્યા નથી, 'कः खलु नालंक्रियते'થી પ્રારંભ છે. ૨૭ શ્લોકો પ્રસ્તુત વિમલ-**પ્રશ્નોત્તરરત્નમાલા**ના છે, ત્યાં 'रचिता **सितपटगुरुणा**' **વિમલ**નામવાળી આર્યા નથી. વધારામાં ૨૮થી ૬૬ પદ્યો છે. ૬૭મું પદ્ય આવું છે—

> "इत्येषा कण्ठस्था, **प्रश्नोत्तर**रत्नमालिका येषाम् ।
> ते मुक्ताभरणा इव, **विमला**श्चाभान्ति सत्समाजेषु ॥"

અંતમાં ગદ્યમાં "इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य श्री**गो**विन्दभगवत्पूज्यपादशिष्यस्य श्रीमच्**छंकर**-भगवतः **कृतौ प्रश्नोत्तर**रत्नमालिका संपूर्णा ॥" આવો ઉલ્લેખ છે.

— પહેલાં દર્શાવેલાં પ્રમાણોનો વિચાર કરતાં આગળનું મંગલ-અભિધેયવાળું પદ્ય કાઢી નાખી પાછળથી કર્તાનું નામ બદલી આમાં કોઈએ પ્રક્ષિપ્ત ભાગનો વધારો કર્યો જણાય છે.

શંકરાચાર્ય નામ સાથે બીજી પ્રશ્નોત્તર-મણિરત્નમાલા

શંકરાચાર્ય નામ સાથે એક બીજી **પ્રશ્નોત્તર-મણિ**રત્નમાલા નામની કૃતિ મળે છે, પરંતુ તે આર્યાછંદમાં નથી. તે ઉપજાતિછંદમાં દ્વાત્રિંશિકા (બત્રીશી) છે. તે રચના જુદા પ્રકારની છે. તેનાં આદિ-અંતનાં પદ્યો તથા અંતિમ ઉલ્લેખ જુદો છે—

આદિ—" अपारसंसारसमुद्रमध्ये, सम्म(निम)ज्जतो मे शरणं किमस्ति ? ।
गुरो ! कृपालो ! कृपया वदैतद्, विश्वेशपादाम्बुज-दीर्घनौका ॥ १ ॥

અંતમાં—कण्ठं गता वा श्रवणं गता वा, प्रश्नोत्तराख्या **मणिरत्नमाला** ।
तनोतु मोदं विदुषां प्रयत्नाद्(सुरम्या), रमेश-गौरीश-कथेव सद्यः ॥ ३२ ॥
श्रीमच्छङ्कराचार्यविरचिता **प्रश्नोत्तर**रत्नमाला समाप्ता ॥"

બૃહત્સ્તોત્રરત્નહારમાં (પૃ. ૮૦૪થી ૮૦૭) અને અન્યત્ર વેદાંતસ્તોત્રોમાં એ પ્રકાશિત થયેલ છે.

કેટલાક સાક્ષરોએ **વિમલસૂરિ**ની પૂર્વોક્ત **પ્રશ્નોત્તરરત્નમાલા**ને જ ભ્રમથી **શંકરાચાર્ય**ની કૃતિ સમજી લીધી જણાય છે. ખરી રીતે આંતર અવલોકન કરતાં ઉપર જણાવ્યા પ્રમાણે તે બંને કૃતિઓ સ્પષ્ટ રીતે જુદી છે.

'બુદ્ધિપ્રકાશ' માસિક સન ૧૯૦૬ નવેંબરના પુ. ૫૩, અંક ૧૧માં પૃ. ૩૩૪થી ૩૩૭ ઉપર "પ્રશ્નોત્તરમાલા" સંબંધમાં લે. **ન**રસિંહરાવ હરિલાલ **ધ્રુ**વે ચર્ચા કરી હતી. તેના ચાર કર્તા (૧) શ્વે૦ જૈન **વિ**મલ, (૨) યતીન્દ્ર **શુ**કદેવ, (૩) **શં**કરાચાર્ય અને (૪) અમોઘવર્ષ સંબંધમાં પોતાના વિચારો જણાવતાં 'કોઈ જૈન વિદ્વાને તેમાં **વિ**મલાચાર્યનું નામ દાખલ કરી દીધું હોય' એવો આક્ષેપ કર્યો હતો —તે અનુચિત હતો તે પહેલાં આપેલાં પ્રમાણો જોનાર-વાંચનાર વિચારક વાચકો સમજી શકે તેમ છે. તથા તે લેખકે તે ગ્રંથને જૈનેતર કૃતિ તરીકે ઓળખાવવા શ્લો. ૮, ૧૦, ૨૦, ૨૪ તથા ૩૦મા શ્લોકના જે અવતરણો આપ્યાં હતાં, તે શ્વે૦ ગુરુ **વિ**મલસૂરિની **પ્ર**શ્નોત્તરરત્નમાલાનાં નહિ, પણ ઉપર જણાવેલ **શં**કરાચાર્યકૃત મનાતી **પ્ર**શ્નોત્તર**મ**ણિરત્નમાલા નામની બીજી કૃતિમાંનાં છે. લેખકે સરખા નામવાળી કૃતિના ભ્રમથી વિમલસૂરિની પૂર્વોક્ત પ્ર૦ રત્નમાલામાં તે જણાવેલા શ્લોકો છે કે કેમ ? તે જોયું જણાતું નથી.

શુક યતીન્દ્રના નામ સાથે

જર્નલ રો. એ. સો. બંગાલ વૉ. ૧૬ ભા. ૨, પૃ. ૧૨૩૫માં જણાવ્યા પ્રમાણે તે કૃતિના અંતમાં આવો ઉલ્લેખ છે—

"इति श्री**शुक**यतीन्द्रविरचिता **प्र**श्नोत्तरमाला समाप्ता।" તે બીજી પ્રશ્નોત્તર**મ**ણિરત્નમાલાના અંતમાં જણાય છે.

ઉપસંહાર

વિશેષમાં, **પૂ**ના ભાં. ઓ. રિ. ઇન્સ્ટિટ્યૂટ તરફથી સન ૧૯૪૪માં પ્રકાશિત થયેલ, પ્રો. હરિ દામોદર વેલણકર, એમ. એ., એમના પ્રયત્નથી તૈયાર થયેલ ગ્રંથ **જિ**નરત્નકોશ (ભા. ૧, પૃ. ૨૭૬-૨૭૭)માં પૂર્વોક્ત **પ્ર**શ્નોત્તરરત્નમાલાના કર્તા **વિ**મલસૂરિ જણાવ્યા છે. તેની મૂળની, વૃત્તિ, ટીકા આદિની પ્રતિયો ક્યાં ક્યાં ? કયા કયા સંગ્રહોમાં, હ. લિ. પુ. ના કયા કયા રિપોર્ટ, કેટલોગમાં છે ? તે જાણવા ઇચ્છનાર ત્યાંથી જાણી જોઈ શકશે—અને સત્ય સ્વીકારશે—એવી આશા છે.

આ સંબંધમાં 'प्रश्नोत्तररत्नमालाका कर्ता (?)' આવો એક અમારો હિંદી લેખ વીરનિ. સં. ૨૪૭૬માં **સા**ગરથી પ્રકાશિત 'वर्णी अभिनंदन ग्रंथ'માં પૃ. ૪૧૯થી ૪૨૨માં પ્રકાશિત થયેલ છે, પરંતુ તેમાં સંપાદક તરફથી કેટલુંક પરિવર્તન થયું જણાય છે, તેથી અહીં ફરીથી બીજી રીતે થોડા વિસ્તારથી પ્રમાણો સાથે પુનઃ પ્રયત્ન કર્યો છે. સત્ય-શોધકો આથી સંતુષ્ટ થશે—એવી શુભ ભાવના સાથે વિરમું છું.

બ્રહ્મવિહાર—જૈન અને જૈનેતર દૃષ્ટિએ

પ્રા૦ જયંતીલાલ ભાઈશંકર દવે, એમ. એ.

બ્રહ્મવિહાર એટલે શું: ઘણા માણસોને બ્રહ્મવિહાર શબ્દ અપરિચિત લાગશે. પરંતુ 'બ્રહ્મવિહાર' શબ્દ ખાસ કરીને બૌદ્ધ દાર્શનિક સાહિત્યમાં ઘણે સ્થળે વપરાયેલો જોવામાં આવે છે. જો કે વૈદિક અને જૈન દર્શનોમાં આ શબ્દ સીધી રીતે વપરાયેલો જોવામાં આવતો નથી છતાં તે શબ્દથી જે અર્થની અભિવ્યક્તિ થાય છે તે અર્થનાં વર્ણનો ઠેરઠેર જોવામાં આવે છે. સત્ય એક હોય છતાં તેને બતાવવા માટે જગતમાં જુદી જુદી ભાષા અથવા ચેષ્ટાઓનો ઉપયોગ કરવામાં આવે છે.

ચાર્વાક દર્શનમાં તો આત્મા, મોક્ષસાધન વગેરે વિચારોને સ્થાન નથી જ. બાકીનાં બધાં ભારતીય દર્શનોને આપણે નિઃશંકપણે મોક્ષગામી દર્શનો કહી શકીએ. મોક્ષની કલ્પનાઓ ભલે જુદી જુદી હોય, બીજી રીતે કહીએ તો આ દર્શનો આત્મતત્ત્વનું નિરતિશય મહત્ત્વ આંકતા હોવાથી તે આત્માર્થી દર્શનો છે એટલે કે આધ્યાત્મિકતા મુખ્ય વસ્તુ છે, તે જ જ્ઞેય છે, તે જ ધ્યેય છે, તે જ સાક્ષાત્કાર્ય છે.

બ્રહ્મવિહારની વૈદિક કલ્પના: ભારતીય દર્શનોને બે મોટા વિભાગમાં વહેંચી નાખીએ તો (૧) વૈદિક દર્શનો અને (૨) શ્રમણ પરંપરાનાં દર્શનો એમ વર્ગીકરણ થાય છે. શ્રમણ પરંપરામાં જૈન અને બૌદ્ધ દર્શનો છે અને વૈદિક પરંપરામાં સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા અથવા વેદાંત આવી જાય છે.

ઉપર અમે કહી ગયા છીએ તેમ 'બ્રહ્મવિહાર' વૈદિક દર્શનોમાં વપરાયેલો નથી પરંતુ તેને બદલે 'બ્રાહ્મી સ્થિતિઃ' 'બ્રહ્મસંસ્થઃ' 'આત્મસંસ્થઃ' આવા શબ્દો વપરાયેલા જોવામાં આવે છે. બ્રહ્મ શબ્દ અનેકાર્થ છે એમ હવે લગભગ બધા વિદ્વાનોએ સ્વીકાર્યું છે. તેમાંથી જ બ્રહ્મચર્ય શબ્દ આવ્યો છે. બ્રહ્મચર્યના પાલનથી જ બ્રહ્મને જાણી શકાય છે અથવા પામી શકાય છે માટે જ તેનો મહિમા ઉપનિષદ્, ગીતા વગેરે તમામ વૈદિક પ્રસ્થાનોમાં ગવાયો છે. બ્રહ્મમાં રમણ કરે, બ્રહ્મમાં વિહાર કરે તે આત્મવિહારી અથવા બ્રહ્મવિહારી કહેવાય. બ્રહ્મ અને આત્મા એક જ અર્થના દ્યોતક વેદાંતીઓએ માનેલા હોવાથી બન્નેમાંથી ગમે તે એક શબ્દ તેઓ વાપરે છે પણ સરવાળે એક જ અર્થમાં. વેદાંતની કલ્પના પ્રમાણે તમામ લૌકિક અને વૈદિક વ્યવસાયો અને વ્યાપારોથી રહિત થઈને કેવળ આત્મચિંતનપરાયણ રહે એવા પુરુષને આત્મસંસ્થ અથવા બ્રહ્મસંસ્થ પુરુષ કહેવાય. આવો પુરુષ જ અધ્યાત્મી અથવા આત્માર્થી અથવા મોક્ષાર્થી હોઈ શકે છે.

કઠોપનિષદ્માં વર્ણવ્યા પ્રમાણે જગતના મનુષ્યમાત્ર, કાં તો પ્રેયાર્થી હોય છે અથવા શ્રેયાર્થી હોય છે. દુન્યવી વસ્તુઓનો પરિગ્રહ કરવો અને તેમાં ગાઢ પ્રીતિ રાખવી એ પ્રેયાર્થી મનુષ્યનું લક્ષણ છે. તેથી ઊલટું, આ વસ્તુઓ ક્ષણભંગુર હોવાથી ક્ષણભર આનંદ આપનારી હોવા છતાં પરિણામે દુઃખ જ આપનારી છે એવું સમજી આત્માને જ સાચા આનંદની જન્મભૂમિ જે સમજે છે તેજ સાચો શ્રેયાર્થી છે. ટૂંકામાં શ્રેયાર્થી પુરુષ બ્રહ્મવિહારી છે.

જૈન તત્ત્વજ્ઞોએ કરેલી બ્રહ્મવિહારની કલ્પના: પાતંજલયોગમાં ચાર ભાવનાઓનું વર્ણન આવે છે. આ ચાર ભાવનાઓનાં નામો અનુક્રમે મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા છે. પાતંજલયોગ પ્રમાણે આ ચારેય ભાવનાઓ અહિંસામાં અંતર્ગત થઈ જાય છે. જૈનદર્શનમાં પણ અહિંસા એ જ એક

વ્યાપક આત્મધર્મ હોવાથી તેની વ્યાપક ભાવનામાં મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા આવી જાય છે. એક જૈન કવિ-દાર્શનિક અમિતગતિ કહે છે તેમ,

सत्त्वेषुमैत्री गुणिषु प्रमोदः
संक्लिश्यमानेषु कृपापरत्वम् ।

અર્થાત્ પ્રાણીમાત્ર પ્રત્યે મૈત્રીભાવ રાખવો જોઇએ, જ્યાં જ્યાં આપણને સદ્ગુણી લોકો દેખાય ત્યાં તેમના પ્રતિ આનંદ વ્યક્ત કરવો જોઈએ અને દુ:ખથી પીડાતા લોકો તરફ કરુણા બતાવવી જોઈએ.

આચાર્ય હેમચંદ્રની બ્રહ્મવિહારકલ્પના : હેમચંદ્રાચાર્યનો એક જ શ્લોક બસ થશે :

प्राणभूतं चरित्रस्य परब्रह्मैककारणम् ।
समाचरन् ब्रह्मचर्यं पूजितैरपि पूज्यते ॥

અર્થાત્ બ્રહ્મચર્ય પાળનાર માણસ પૂજાર્હ માણસો વડે પણ પૂજાય છે. આ બ્રહ્મચર્ય એટલે શું અને તે કેવું છે? ચારિત્ર્યનો પ્રાણ છે અને **પરબ્રહ્માની જે સ્થિતિ છે** તે પ્રાપ્ત કરાવનાર એક માત્ર કારણ છે એવું જે બ્રહ્મચર્ય તેનું પાલન કરનાર બ્રહ્મમાં સ્થિતિ કરે છે—તે જ બ્રહ્મવિહારી છે.

શ્રીશુભચંદ્રની બ્રહ્મવિહારકલ્પના : તેમનો પણ એક જ શ્લોક (સ્થળસંકોચના કારણે) બસ થશે :

यदिविषयपिशाची निर्गता देहगेहात्
सपदि यदि विशीर्णो मोहनिद्रातिरेकः ।
यदि युवतिकरंके निर्ममत्वं प्रपन्नो
झटिति ननु विधेहि ब्रह्मवीथीविहारम् ॥

અહીંયાં થોડાક ફેરફાર સાથે શ્લોકની છેલ્લી લીટીમાં બ્રહ્મવિહાર શબ્દ સ્પષ્ટ રીતે મળી આવે છે. બ્રહ્મવીથીવિહાર એટલે બ્રહ્મમાર્ગે વિહાર કરવો તે. હવે આપણે શ્લોકનો અર્થ તપાસીએ.

શરીરરૂપી ઘરમાંથી વિષયરૂપી ડાકણ જો કાયમને માટે જાય એવો ઉપાય કરવો હોય, જો મોહ-નિદ્રાની ગાઢ અસરને ભૂંસી નાખવી હોય, જો યુવતીના મોહક દેહને હાડપિંજર સમાન ગણીને આસક્તિરહિત થવું હોય તો હે ભાઈ! તું તુરત બ્રહ્મમાર્ગે વિહાર કર! બીજી રીતે અર્થ કરીએ તો સાંસારિક પદાર્થોમાંથી ગાઢ પ્રીતિ ઊઠી ગઈ હોય તો તું બ્રહ્મમાર્ગે વિહાર કરવા લાયક થયો છે!

ઉમાસ્વાતિની કલ્પના : તત્ત્વાર્થસૂત્ર નામના ઉમાસ્વાતિના ગ્રંથમાં બ્રહ્મ શબ્દનો નકારાત્મક પ્રયોગ (Negative use of the word) अब्रह्म શબ્દ તરીકે જોવામાં આવ્યો છે, તે પણ સૂચક છે. તે ગ્રંથના સાતમા અધ્યાયનું ૧૧મું સૂત્ર આ પ્રમાણે છે : **मैथुनमब्रह्म ।**

એટલે કે મૈથુનપ્રવૃત્તિ તે અબ્રહ્મ. તો અહીં સ્વાભાવિક પ્રશ્ન એ થાય છે કે મૈથુનને અબ્રહ્મ શા માટે કહ્યું? ટૂંકામાં કહીએ તો બ્રહ્મ એટલે સાત્ત્વિક મનોવૃત્તિઓનો સમૂહ અથવા અધ્યાત્મપરાયણ વૃત્તિઓ. આવા બ્રહ્મના પાલનથી અને અનુસરણથી સદ્ગુણો વધે છે. બ્રહ્મચર્ય શબ્દ પણ તેટલા માટે જ અને તે પરથી જ આવ્યો લાગે છે. એનાથી વિમુખ થવું એટલે જ અબ્રહ્મ થવું. ઘણુંખરુ મૈથુન એવી ગર્હ્ય પ્રવૃત્તિ છે કે તેમાં પડવાથી સાધુઓને ખાસ અને ગૃહસ્થાશ્રમીઓને પણ સત્ત્વહાનિ અચૂક થાય છે.

આ બધા ઉપરથી એટલું જરૂર ફલિત થાય છે કે બ્રહ્મવિહાર અને બ્રહ્મચર્યપાલનનો નિકટ સંબંધ છે. જૈનદર્શન પ્રમાણે બ્રહ્મચર્યનો ભંગ તો એક મહાન હિંસાનો પ્રકાર ગણાય છે માટે જ બ્રહ્મચર્યને અહિંસાનું એક આવશ્યક અંગ માન્યું છે. જે માણસ આત્માર્થી કે શ્રેયાર્થી થવા ઇચ્છતો હોય તેણે મન,

વચન અને કાયાથી પવિત્ર રહેવું જોઈએ જ. ટૂંકામાં ચારિત્ર ઉપર જૈન દાર્શનિકોએ જે ભાર મૂક્યો છે તે યથાર્થ છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર મળીને મોક્ષમાર્ગ કિંવા આત્મમાર્ગ કહેવાય છે.

બૌદ્ધ બ્રહ્મવિહાર : બ્રહ્મવિહારનું વર્ણન બૌદ્ધ સાહિત્યમાં ઘણે સ્થળે છે. ખાસ કરીને विसुद्धिमग्गના પરિચ્છેદ ૯માં અને करणीय मेत्तसुत्तમાં તેનું વર્ણન આવે છે. બૌદ્ધ ધર્મગ્રંથોની ભાષા પાલી હોવાથી હું તેની મૂળ ગાથાઓ નથી આપતો પણ તેનો સાર જ અહીં આપું છું. करणीय मेत्तसुत्तની ગાથાઓ જે હું નીચે આપું છું તેમાં કેટલો ઊંચો નૈતિક આદર્શ છે!

પહેલી ગાથા : માતા જેમ પોતાના એકના એક પુત્રનું પોતાના પ્રાણના જોખમે પણ પાલન અને રક્ષણ કરે છે તેમ સાધકે પોતાનું મન સર્વ પ્રાણીમાત્રમાં અપરિમિત પ્રેમથી ભરી રાખવું જોઈએ.

બીજી ગાથા : મનમાં અપરિમિત મૈત્રીની ભાવના કરવી. દશે દિશાઓને પ્રેમથી ભરી નાખવી. આ પ્રેમને અંતરાય હોવો જોઈએ નહિ. સર્વ પ્રત્યે નિષ્પક્ષપાતપણે પ્રેમ રાખવો.

ત્રીજી ગાથા : ઊઠતાં, બેસતાં, ચાલતાં કે સૂતાં હોઈએ – શરીરની બધી ચેષ્ટાઓ અને અવસ્થાઓમાં મૈત્રીની ભાવના જાગ્રત રાખવી કારણ કે પંડિતો એને જ 'બ્રહ્મવિહાર' કહે છે. ટૂંકામાં દુઃખિત લોકો તરફ સહાનુભૂતિ રાખવી તેને કરુણા કહે છે. પુણ્યશાલી જીવોને જોઈએ ત્યારે આપણા હૃદયમાં આનંદ થવો જોઈએ. એને મુદિતા કહે છે. અને અપુણ્યાત્માઓને જોઈને તેનો તિરસ્કાર ન કરતાં તે લોકો પણ સત્કર્મથી પુણ્યાત્મા થશે એવી આશાથી તેમના પ્રત્યે સમભાવ રાખવો તે ઉપેક્ષાની ભાવના કહેવાય છે.

'બ્રહ્મવિહાર'ના અર્થપરત્વે મતભેદ : બૌદ્ધ ધાર્મિક સાહિત્યમાં વપરાયેલ 'બ્રહ્મવિહાર' શબ્દનો તાત્પર્યાર્થ સમજવામાં વિદ્વાનોમાં કાંઈક મતભેદ દેખાય છે. પંડિત બલદેવ ઉપાધ્યાયકૃત બૌદ્ધદર્શન(हिंदी)માં પૃષ્ઠ ૪૦૬ પર તે લખે છે કે चार ब्रह्मविहारों के नाम हैं—मैत्री, करुणा, मुदिता तथा उपेक्षा। इनकी, ब्रह्मविहार संज्ञा सार्थक है क्योंकि इन भावनाओं का फल ब्रह्मलोक में जन्म लेना तथा उस लोक की आनंदमय वस्तुओं का उपभोग करना है। બ્રહ્મવિહારનો આવો અર્થ ઘટાવવો તે સયુક્તિક લાગતું નથી. ખરી રીતે આ ભાવનાઓ તો બૌદ્ધ ધ્યાનયોગનાં અંગો છે અને આત્મ-ધ્યાનનાં ઉપકારક તત્ત્વો છે તેને બ્રહ્મલોકમાં જન્મ લેવાની સાથે અને આનંદોપભોગના લાભ સાથે સાંકળી દેવાં યોગ્ય નથી જ.

શ્રીહરિભદ્રસૂરિકૃત યોગદૃષ્ટિસમુચ્ચયમાં મિત્રાદૃષ્ટિ વગેરેનું વર્ણન જોવાથી જણાઈ આવે છે કે મૈત્રી ઇત્યાદિ ભાવનાઓ ધ્યાનયોગનાં જ અંગો છે.

હવે બીજા બૌદ્ધ વિદ્વાન પ્રોફેસર ધર્માનંદ કોસાંબીનો અભિપ્રાય તપાસીએ. 'બુદ્ધ, ધર્મ અને સંઘ' નામની પુસ્તિકામાં તે પંડિત બળદેવ ઉપાધ્યાયના કરતાં જુદો જ અર્થ ઘટાવે છે. ધર્માનન્દજીના કથન પ્રમાણે આ ચાર ભાવનાઓ હૃદયની શુભતમ અને શુદ્ધતમ મનોવૃત્તિઓ છે. જ્યારે બ્રહ્મદેવ બુદ્ધ પાસે આવ્યા ત્યારે બુદ્ધના હૃદયમાં આ ભાવનાઓને પૂર્ણ વિકસિત થયેલી જોઈ અને તેથી બ્રહ્મદેવ બુદ્ધને પ્રણામ કરી ચાલતા થયા.

આત્મતત્ત્વવિચારણામાં જૈન દર્શનની અપૂર્વતા : મહાત્મા ગાંધી જ્યારે ડરબન (દ૦ આફ્રિકા)માં હતા ત્યારે શ્રીમદ્ રાજચંદ્રની સાથે તેમને પત્રવ્યવહાર થયેલો. એક પત્રમાં શ્રીમદ્ રાજચંદ્ર લખે છે કે જગતના અન્ય ધર્મો અને દર્શનોમાં જે આત્મવિચારણા કરાયેલી છે તેના કરતાં વધારે સૂક્ષ્મતાથી આત્મતત્ત્વવિચારણા જિનકથિત સિદ્ધાંતમાં છે. આ વાત કોઈને અતિશયોક્તિવાળી જણાશે પણ તેમાં જરાપણ અતિશયોક્તિ નથી. એ તો માત્ર સત્ય હકીકતનું કથન માત્ર છે. જૈન દાર્શનિકોએ

મનોવિજ્ઞાન (Psychology) અને જીવમીમાંસા ઉપર ઘણો જ સૂક્ષ્મ વિચાર કર્યો છે તેમાં શંકા નથી. આ વાતના સમર્થનમાં એક જ ઉદાહરણ બસ થશે. પશ્ચિમનું મનોવિજ્ઞાન (Psychology) તો હજી પ્રયોગાત્મક અવસ્થામાં છે અને અનેક શાખા-ઉપશાખાઓમાં અટવાઈ ગયું છે.' (Psycho-analysis) એ પ્રયોગાત્મક મનોવિજ્ઞાનની એક શાખા છે તેમાં ફ્રોઈડ, જંગ વગેરે વિદ્વાનો થઈ ગયા છે. એમના અભિપ્રાય પ્રમાણે માણસો બે પ્રકારનાં હોય છે, (૧) બહિર્મુખ (Extravert) અને (૨) અંતર્મુખ (Intravert). હવે હજારો વર્ષ પહેલાં જૈન દાર્શનિકોએ આ જ વાત બહિરાત્મા અને અંતરાત્માનો ભેદ પાડીને સમજાવી છે. જે માણસ શરીરાદિમાં જ આત્મબુદ્ધિ રાખે છે તે મોટા ભ્રમમાં પડ્યો છે. આવો માણસ બહિરાત્મા કહેવાય. દુઃખની વાત તો એ છે કે તેનું તેને ભાન નથી. આ કેવળ બહિર્મુખ પ્રવૃત્તિઓમાં રાચે છે, પણ અંતર્મુખ વૃત્તિવાળો વિચાર કરી શકે છે, અંતરમાં જોઈ શકે છે તેથી તે વહેલો જાગી જાય છે. અંતરાત્મા પુરુષ શુદ્ધ આત્મા તરફ પ્રગતિ કરવા યોગ્ય ગણી શકાય. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એવા જે ત્રણ ભેદ આત્માના જૈનદાર્શનિકોએ પાડ્યા છે તે કેટલા સુંદર અને વૈજ્ઞાનિક છે? મને તો લાગે છે કે આ આધ્યાત્મિક વિકાસનાં આ ત્રણ માર્ગસૂચક સ્તંભો છે. આ ક્રમ આપણે આધ્યાત્મિકતા તરફ કેટલી પ્રગતિ કરી શક્યા છીએ તેનાં સૂચક અને નિદર્શક છે.

ફલશ્રુતિ : વૈદિક, જૈન અને બૌદ્ધદર્શનોમાં બ્રહ્મવિહારની કલ્પના કેવી રીતે કરવામાં આવી છે તે આપણે જોઈ ગયા. થોડાક શબ્દોના જ ફેરફાર બાદ કરતાં ત્રણે દર્શનોની કલ્પના સમાંતર ચાલી આવે છે એમ આપણને લાગ્યા વગર રહેતું નથી. જગતના તમામ ધર્મોમાં એક અથવા બીજી રીતે આ ચાર ભાવનાઓનો સ્વીકાર થયેલો જોવામાં આવે છે. (Practical Religion of Mankind) એટલે માનવ માત્રનો વ્યવહારમાં મૂકી શકાય તેવો ધર્મ એટલે જ આ ચાર ભાવનાઓ. જૈનધર્મમાં તો અહિંસાનાં તે અંગ છે. જૈનદર્શન પોકારીને કહે છે કે રાગ અને દ્વેષ એ મિથ્યાત્વનાં ખાસ લક્ષણ છે. જ્યાં રાગદ્વેષ હોય ત્યાં મૈત્રી ક્યાંથી સંભવે? અને કરુણા તથા મુદિતા પણ ક્યાંથી હોય? વળી આ રાગદ્વેષથી માધ્યસ્થ ભાવ અને ઉપેક્ષા કેવી રીતે ઊપજે? ક્રોધ, દ્વેષ, મત્સર એ તો આત્માના ઉઘાડા દુશ્મન છે; આત્મવિહાર કરનાર માટે, આત્મ-ધ્યાન કરનાર માટે તો ક્ષમા, શાંતિ, ભૂતદયા અને સત્યનું અનુશીલન જોઈએ તે સિવાય અંતઃકરણની શુદ્ધિ થવી અશક્ય છે. શુદ્ધ અંતઃકરણ વગર ધ્યાનયોગ ક્યાંથી સિદ્ધ થાય? આ વાત જેમ આત્માર્થીએ લક્ષ્યમાં રાખવાની છે તેમ વ્યવહારમાં પડેલા વ્યવસાયી માણસોએ પણ ધ્યાનમાં રાખવી ઘટે. વ્યાવહારિક જીવન, તે વ્યક્તિગત હોય કે રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય હોય—તે જેટલું પ્રામાણિક, સત્યનિષ્ઠ, પ્રેમદયાથી ભરેલું અને પરોપકારી હોય તેટલું જ હિતકર અને સાર્થક કહી શકાય. આવું જીવન એ જ બ્રહ્મવિહાર. એ જ, વ્યક્તિ, સમાજ અને જગત્‌નું ઉપકારક બની શકે.

શ્રી પાર્શ્વનાથની એક પ્રાચીન ધાતુપ્રતિમા

ડૉ૦ ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ, એમ. એ., પીએચ. ડી.

મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં શ્રીપાર્શ્વનાથ ભગવાનની એક કાયોત્સર્ગ મુદ્રાએ ખડી ધાતુપ્રતિમા છે. આ પ્રતિમાની ઊંચાઈ આશરે નવ ઈંચની છે. પ્રતિમાની નીચેનું મૂળ આસન મળ્યું નથી એટલે હાલ કાષ્ઠના આસન ઉપર સ્થિર કરેલ છે. ભગવાનનો જમણો હાથ, મસ્તક તથા પાછળના સર્પની ત્રણ ફેણ ખંડિત છે. મસ્તક પાછળ પાંચ ફણાવાળો નાગ છે જેનું બાકીનું શરીર વાંકુંચૂંકું ભગવાનના પાછળના (પીઠના) ભાગ ઉપર થઈ પગ સુધી પહોંચે છે. ચિત્ર ૧ માં પ્રતિમાજીનો ફોટો સન્મુખથી લેવામાં આવ્યો છે. જ્યારે ચિત્ર ૨ માં પીઠનો ભાગ બતાવ્યો છે. ચિત્ર ૩ માં ફક્ત કમ્મર સુધીનો શરીરનો ઉપરનો ભાગ વધારે મોટો કરી બતાવ્યો છે.

આ પ્રતિમા ક્યાંથી મળી તેની કોઈ માહિતી નથી. મ્યુઝિયમમાં આ પ્રતિમા કોઈકે વેચી હોય તે વેપારીએ મૂળ સ્થળ બતાવ્યું ના હોય, વેપારીને પણ ખબર ના હોય, અને ઘણાં વર્ષો ઉપર મ્યુઝિયમમાં આવેલી આ પ્રતિમાની માહિતી ઝીણવટથી મેળવી નોંધવાની રહી પણ ગઈ હોય. ગમે તેમ હોય, આજે આપણે પ્રતિમાના રૂપવિધાન ઉપરથી એટલું તો કહી શકીએ કે ઉત્તર ભારતના કોઈ સ્થળની આ પ્રતિમા છે, દક્ષિણની નહિ.

પ્રતિમા સાવ નગ્ન છે એટલા જ કારણે એ દિગમ્બર સમ્પ્રદાયની ગણી શકાય નહિ. કેમકે વાસ્તવિક રીતે એ પ્રતિમા એ સમયમાં ભરાઈ હતી જે સમયમાં શ્વેતામ્બર–દિગમ્બર મતભેદનો ઉદ્‌ભવ પણ થયો નહોતો. એ પ્રતિમા એટલી બધી પ્રાચીન છે કે ફક્ત નગ્નત્વના કારણે એની અગત્યતા તરફ આંખ આડા કાન કરનાર શ્વેતામ્બર જૈન પોતાના ધર્મની પ્રાચીનતાને જ અન્યાય કરી બેસશે.

સારા યે ભારતવર્ષમાં મળેલી જૈન પ્રતિમાઓમાં સૌથી વધુ પ્રાચીન પ્રતિમા કહી શકાય એવી પ્રતિમા પટણા પાસે લોહાનિપુરમાં ખોદકામમાંથી મળી આવી છે. એ પ્રતિમા એક પ્રાચીન જૈન મન્દિરના પાયાના અવશેષોમાંથી મળી છે. અશોકના ધર્મચક્રયુક્ત સિંહધ્વજ (ભારતીય રાજમુદ્રા) પર જે જાતનો ચળકાટ–ઓપ–છે તે ચળકાટ મૌર્યકાલીન શિલ્પકલાની વિશિષ્ટતા હતી. આ જૈન પ્રતિમા પણ એવા જ ચળકાટ High polish વાળી છે. હાલ પટણા મ્યુઝિયમમાં સુરક્ષિત આ પ્રતિમા જ્યાંથી મળી છે એ ભાગ પણ પ્રાચીન પાટલિપુત્ર નગરીની હદમાં જ ગણી શકાય એવો છે.

આ પ્રતિમા ચિત્ર નં. ૪ તરીકે રજૂ કરી છે. એમાં મસ્તક તથા ઘૂંટણ નીચેનો ભાગ નથી—એ તો ખંડિત થઈ ખોવાઈ ગયા, પણ ધડ અને પગ (torso and legs)ના જે ભાગ બચાવ્યા છે તે બતાવે છે કે એક તો આ પ્રતિમા કાયોત્સર્ગમુદ્રાએ અચેલ-અવસ્થામાં ઊભેલા કોઈ તીર્થંકરની છે. આપણે જાણીએ છીએ કે જિનકલ્પી સાધુઓ પણ વસ્ત્ર ઇત્યાદિનો પરિગ્રહ રાખતા નથી અને તીર્થંકરો પણ પોતે નિર્વસ્ત્ર રહી ધ્યાન-સાધના કરે છે એ હકીકતનો ઇનકાર કોણ કરી શકે? ખાસ કરીને પહેલા અને છેલ્લા તીર્થંકરનો ઉપદેશેલો ધર્મ પણ આચેલક્યનો હતો એ તો પ્રાચીન ગાથા પણ કહે છે. એવા સંજોગોમાં મૌર્યકાલીન આ તીર્થંકર પ્રતિમા નગ્ન અવસ્થામાં જ મળવી જોઈએ અને તેને જૈન સમ્પ્રદાયના બેઉ ફિરકાઓએ ભાવપૂર્વક અપનાવવી જ પડે.

श्रीपार्श्वनाथनी एक प्राचीन धातुप्रतिमा

चित्र नं. १ सन्मुखदर्शन चित्र नं. २ पृष्ठभाग

[मुंबईना प्रिन्स ऑफ वेल्स म्युझियमना सौजन्यथी]

श्रीपार्श्वनाथनी एक प्राचीन धातुप्रतिमा

चित्र नं. ३ [मुंबईना प्रिन्स ऑफ वेल्स म्युझियमना सौजन्यथी

लोहानिपुर(पटणा पासे)थी मळेल मौर्यकालीन जिन-प्रतिमा

चित्र नं. [illegible] पटणा म्युझियमना सौजन्यथी

એ પ્રતિમા અશોક પછીની હોય તો પણ સમ્પ્રતિના સમયની તો ગણવી જ પડે. એટલે એ લોહાનિપુરની પાષાણપ્રતિમાને ઈ. સ. પૂર્વે ૨૫૦ આસપાસના સમયની ગણીએ તો તેમાં જરાયે ગેરવ્યાજબી નથી.

આ પ્રતિમાના ધડના ભાગનું ઘડતર, ખાસ કરીને પેટના ભાગને જે રીતે ઘડ્યો છે તે, બરોબર સમજવા જેવું છે. બરોબર એ જ શૈલીનું, એના જ અનુકરણના ઘાટનું પેટ વગેરે ભાગનું ઘડતર પાર્શ્વનાથજીની ધાતુપ્રતિમાનું છે. એટલે કે મૌર્યકાલીન રૂઢિને અનુસરીને આ પ્રતિમાનાં અંગોનું ઘડતર થયું છે. એથી લોહાનિપુરની કબન્ધ આકૃતિ (torso)–પછી આ ધાતુપ્રતિમા ભરાઈ હોય તો પણ ઈ. સ. પૂર્વેના બીજા સૈકા આસપાસની તો માની શકાય.

આ પ્રતિમાને આટલી પ્રાચીન માનવા માટે બીજાં અનેક કારણો છે. પહેલું તો એ આપણે પ્રતિમામાં મનુષ્ય-આકૃતિના ઘડતરની જે શૈલી છે, તે ભારતની અતિ પ્રાચીન શૈલી છે. મોહેં–જો ડારોમાંથી મળેલી, નૃત્ય કરતી અંગનાની એ નાની ધાતુપ્રતિમા મળેલી છે.[1] આ પ્રતિમામાં જે જાતનું મુખ છે બરોબર એ જ જાતિનું, એવી જ ઢબનું મુખ પાર્શ્વનાથની પ્રતિમાનું છે. લંબગોળ મુખ, ગંડસ્થલો વચ્ચે વધુ વિશાલ અને ધીરે ધીરે દાઢી સુધી સાંકડું થતું લાંબું મુખ, લાંબું નાક, નાના પણ જાડા હોઠ, આયત નેત્રો વગેરેની રચના ઉપરની મોહેં-જો-ડારોની આકૃતિ ઉપરાંત, મથુરા, હાથરસ વગેરે સ્થળોએ મળેલી પ્રાચીન માટીકામની માતાની આકૃતિઓ સાથે સરખાવી શકાય તેવી, એ જ ઘાટની છે. આમ મુખાકૃતિ જેને Primitive (પ્રાકૃત અથવા જંગલી) કહેવામાં આવે એવી ઢબની છે. પ્રાચીન માટીની આકૃતિઓ ઉપર ભવાં— eye-brows , ઘરેણાં વગેરે બતાવવા માટે માટીના તેવા લોચાઓ ચોઢવામાં આવતા જેને આપણે applique art કહીશું. આ applique art (ખચિતકલા)ની ઢબ દેખાડતી આ ધાતુપ્રતિમા છે એટલે એમાં માટીકામ માફક પાછળથી ચોઢેલાં ભવાં તો ન જ હોય પણ પ્રતિમા ભરનાર કારીગર પહેલાં જે માટી વગેરેનું કે મીણનું બિંબ બનાવે તેના ઉપર એ રીતની કારીગરી કરે, અને પછી એ ઘાટનું બિંબ ઢાળે. આ કલા એટલે કે ભરવાની કલા નહિ પણ આ જાતની applique technique (ખચિત–કારીગરી) વાળી કલા—જે પ્રાચીન માટીની માતૃમૂર્તિઓમાં જોવામાં આવે છે તેવી કલા—આજદિન સુધી અમુક જાતની મૂર્તિઓમાં ચાલુ રહી છે છતાં કઈ મૂર્તિ પ્રાચીન અને કઈ અર્વાચીન તે ઓળખવું સહેલું હોય છે. જૂની મૃણ્મય[2] મૂર્તિઓ (terracottas) સાથે સરખાવવાથી એ સ્પષ્ટ થાય છે કે શ્રીપાર્શ્વનાથજીની આ મૂર્તિ સહેજે ઈ. સ. પૂર્વે પહેલાબીજા સૈકાની તો છે જ.

વળી મોહેં–જો–ડારોની નર્તકી અને ત્યાંથી જ મળેલી માટીની એક પુરુષાકૃતિ[3] એ, બેઉમાં શરીરનાં અંગો, હાથ અને પગ પાતળા લગભગ સોટા જેવા ઘડેલા છે. આ પ્રમાણે પાર્શ્વનાથની પ્રતિમામાં પણ હાથપગ લાંબા અને પાતળા છે તેમ જ આ ત્રણેય આકૃતિઓનાં અંગો લાંબાં અને સ્થૂલ નહિ એવાં કંઈક પાતળાં છે.[3] ખભા આગળથી પહોળાં નહિ એવાં આ શરીરો કુષાણકાલીન મથુરાની

---

૧. જુઓ, સર જૉન માર્શલકૃત, મોહેં-જો-ડારો એન્ડ ધ ઇન્ડસ વૅલી સિવિલિઝેશન, વૉલ્યુમ ૩, પ્લેટ ૯૪, આકૃતિ ૬-૭-૮.

૨. આવી મૃણ્મૂર્તિઓ માટે જુઓ, ડી. એચ. ગૉર્ડન લિખિત, અર્લી ઇન્ડિઅન ટેરાકોટાઝ્, જર્નલ ઑફ઼ ઇન્ડિઅન સોસાઇટી ઑફ઼ ઓરિએન્ટલ આર્ટ, વૉલ્યુમ ૧૧.

૩. આવા શરીરઘડતરની બીજી આકૃતિઓ માટે જુઓ, સર જૉન માર્શલ, મોહેં-જો-ડારો ઍન્ડ ધ ઈન્ડસ વૅલી સિવિલિઝેશન, વૉલ્યુમ ૩, પ્લેટ ૯૪, ચિત્ર ૯, ૧૧. પ્લેટ ૯૫, ચિત્ર ૨૬, ૨૭; અર્નેસ્ટ મૅકેકૃત, ફ઼ર્ધર એક્સ્કૅવેશન્સ ફ્રૉમ મોહેં–જો–ડારો, વૉલ્યુમ ૨, પ્લેટ ૭૨, આકૃતિ ૮, ૯, ૧૦. પ્લેટ ૭૩, આકૃતિ ૬, ૧૦, ૧૧. પ્લેટ ૭૫, આકૃતિ ૧, ૨૧.

જૈન અને બાદ્ધ પ્રતિમાઓથી જુદા તરી આવે છે. મથુરાની મૂર્તિઓ વિશાલ ખભાને લીધે વધુ મજબૂત દેખાય છે.

શ્રીપાર્શ્વનાથની આ પ્રતિમામાં છાતીની નીચે પેઢાનો ભાગ જે રીતે ઘડેલો છે તે પ્રાચીન યક્ષમૂર્તિઓ, લોહાનિપુરની ચળકાટવાળી મસ્તકરહિત જિન પ્રતિમા વગેરેને મળતો આવે છે.

મોહેં-જો-ડારો અને મૌર્ય કે શુંગ યુગો વચ્ચે સમયનું એટલું મોટું અંતર હોવા છતાં, ભારતમાં પ્રાચીન કલાપ્રણાલિઓ ચાલુ રહી એવું માનવાને કાંઈ જ હરકત નથી. લોહાનિપુરની પ્રતિમાના ઘડતરને અને પાર્શ્વનાથજીની ધાતુપ્રતિમાના ઘડતરને સરખાવતાં તો એ વચ્ચે જે સમ્બન્ધ દેખાય છે તે જોતાં આ પ્રતિમા ઈ. સ. પૂર્વે બીજા સૈકાથી પણ પ્રાચીન હોઈ શકે પણ આપણી પાસે એવા નિર્ણય પર આવવા માટે અત્યારે બીજાં કોઈ સાધન નથી.

ધાતુપ્રતિમા ભરવાની કલા તો હિંદમાં હતી જ. મોહેં-જો-ડારોની નર્તકી એની સાક્ષી પૂરે છે. અને એક બાજુ મોહેં-જો-ડારોની કલાકૃતિઓ અને બીજી બાજુ મથુરા, હાથરસ, લોહાનિપુર વગેરે સ્થળોની મૂર્તિઓ અને પાષાણશિલ્પ સાથે સમ્બન્ધ ધરાવતી આ પ્રતિમા પશ્ચિમ ભારત કે ઉત્તર ભારતમાંના કોઈ સ્થળેથી મળી આવી હોય એમ સંભવી શકે.

આપણી પાસે મૌર્યકાલીન કે શુંગકાલીન બીજી કોઈ ઢાળેલી કે ભરેલી ધાતુપ્રતિમા નથી જેની સાથે આ પ્રતિમાને સરખાવી શકાય. કુષાણકાલીન, ઈ. સ.ના પહેલાથી ત્રીજા સૈકા સુધીની ધાતુપ્રતિમાઓ પણ ભાગ્યે જ મળે છે. અત્યાર સુધીમાં ઈ. સ.ના પહેલા સૈકામાં નિશ્ચિતરૂપે મૂકી શકાય એવી પણ ધાતુ પ્રતિમાઓ જાણીતી નથી.

બકસર પાસે ચૌસા નામના સ્થળેથી કેટલાંક વર્ષો ઉપર થોડીક જૈન ધાતુપ્રતિમાઓ મળી આવી હતી. બધી જ પ્રતિમાઓ તીર્થંકરોની છે, બધી જ નગ્ન છે અને બધી પ્રતિમાઓને અંદાજે ઈ. સ.ના પહેલાથી ચોથા સૈકામાં મૂકી શકાય તેવી છે. આ પ્રતિમાઓ હજુ પૂરતી જાણીતી નથી થઈ કેમકે તેને વિષે કોઈએ ઝાઝો વિચાર કે ઊહાપોહ કર્યો નથી. પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિઅમના બુલેટિનના પહેલા અંકમાં આ લેખકે એમાંની એક, ઋષભદેવની પ્રતિમા છપાવી છે. બાકીની પ્રતિમાઓ The Art of the Akota Bronzes નામના આ જ લેખકના ટૂંકમાં પ્રસિદ્ધ થનારા પુસ્તકમાં છપાશે.

આ પ્રતિમાઓ સાથે પણ પાર્શ્વનાથજીની પ્રતિમાને સરખાવતાં ઉપર દોરેલું અનુમાન યોગ્ય લાગે છે. આર્શ્વનાથજીની પ્રતિમા ઉપર શ્રીવત્સ ચિહ્ન નથી એ નોંધપાત્ર છે. સંભવ છે કે તે સમયમાં શ્રીવત્સ અંકિત કરવાનો પ્રચાર શરૂ પણ ના થયો હોય. ચૌસાની પ્રતિમાઓમાં કેટલીક ઉપર શ્રીવત્સ છે. પાર્શ્વનાથજીના મસ્તક ઉપરની કેશરચના દક્ષિણાવર્ત નાના કેશની (Schematic curls of hair) છે. શાસ્ત્રો મુજબ આ મહાપુરુષ લક્ષણ છે. દક્ષિણાવર્ત રોમરાજિ મથુરાની કુષાણકાલીન પ્રતિમાઓમાં તો મળે છે જ પણ બોધગયાના ઈ. સ. પૂર્વે પહેલી સદીના શિલ્પમાં પણ જોવામાં આવી છે. એટલે દક્ષિણાવર્ત કેશના કારણે પણ પાર્શ્વનાથજીની આ ધાતુપ્રતિમાને પ્રાચીન માનવામાં કોઈ વિરોધ નડતો નથી.

ઉપર જણાવ્યું તેમ આ પ્રતિમાને શ્વેતામ્બર–દિગમ્બર મતભેદ સાથે કાંઈ સમ્બન્ધ રહેતો નથી. કેમકે એ તો એ ભેદથી ઠીક ઠીક પ્રાચીન સમયની છે. હિંદમાં પ્રાગૈતિહાસિક સમયની ઈ. સ. પૂર્વે આશરે બે હજાર વર્ષ પૂર્વેની મોહેં-જો-ડારોની નર્તકીની ધાતુપ્રતિમાને બાદ કરીએ તો ઐતિહાસિક સમયની ભારતમાંથી આજસુધી ઉપલબ્ધ સહુ ઢાળેલી ધાતુપ્રતિમાઓમાં આ પ્રતિમા સૌથી વધુ પ્રાચીન છે એ નિર્વિવાદ છે.[૪]

---

૪. વધુ માટે જુઓ, ડૉ. ઉમાકાન્ત પ્રે. શાહ લિખિત, એન અર્લી ઇમેજ ઑફ પાર્શ્વનાથ ઇન ધ પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ એ લેખ, બુલેટિન ઑફ ધ પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ, અંક ૩ પૃ. ૬૩–૬૫.

પ્રકાશાનું એક પ્રાચીન શિલ્પ

શ્રી. શિવલાલદાસ શમ્ભુભાઈ દેસાઇ

પશ્ચિમ ખાનદેશમાં નંદરબારથી ઉત્તરે દશ માઇલ દૂર પ્રકાશા નામનું તીર્થક્ષેત્ર છે. પ્રકાશા નામ શાથી પડ્યું અથવા તે સ્થળનું પ્રાચીન નામ શું હશે તે વિષે જૂનો ઇતિહાસ ખાસ જડતો નથી, ફક્ત સ્કન્દપુરાણાન્તર્ગત તાપી-માહાત્મ્યમાં પ્રકાશાનો ઉલ્લેખ આવે છે.

સ્થાનિક લોકમાન્યતા મુજબ આ સ્થળ પ્રતિ-કાશી<પ્રકાશી>પ્રકાશા છે, અને કાશીની યાત્રા આ પ્રતિકાશીની યાત્રા વિના પરિપૂર્ણ ગણાતી નથી. તાપી કિનારે ભેખડ ઉપર વસેલા આ ગામની વસતિ હાલ આશરે પાંચેક હજારની છે, જેમાં મોટે ભાગે લેવા પાટીદાર છે[1] તેઓ ખેતીનો ધંધો કરે છે. આ ઉપરાંત અન્ય કોમોમાં ગુજરાતી લાડ વાણિયા અને વૈશ્ય સોનીઓની પણ થોડી વસતિ છે, તેમ જ ગુજરાતી મૈત્રાયણી બ્રાહ્મણો અને થોડાક દક્ષિણી બ્રાહ્મણો પણ છે. આ સિવાય મરાઠાઓની પણ વસતિ છે. વસતિનો મોટો ભાગ ગુજરોનો છે અને ભાષા પણ ગુજરાતી છે, જો કે દક્ષિણી પ્રદેશના સહવાસમાં કેટલુંક દક્ષિણી ભાષાનું મિશ્રણ વ્યવહારમાં ચાલે છે.

પ્રકાશામાં પુષ્પદન્તેશ્વર મહાદેવનું મંદિર છે. મહિમ્નસ્તોત્રના કર્તા પુષ્પદન્ત સાથે આ શિવાલયનો સંબંધ ત્યાંના બ્રાહ્મણો જોડે છે. પણ તે બાબતમાં કાંઈ જ નિર્ણય કરી શકાય એવાં સાધનો નથી. આ સિવાય કેદારેશ્વર, સંગમેશ્વર, ગૌતમેશ્વરનાં મંદિરો છે. આ ઉપરાંત ગામ લોકોએ છૂટીછવાઈ પ્રતિમાઓને એક સ્થળે ભેગી કરી છે જેમાં સૂર્યની, વિષ્ણુની તેમ જ અન્ય દેવદેવીઓની નાનીમોટી મૂર્તિઓ છે, કેટલીક તો ચારપાંચ ફૂટ ઊંચી પણ છે. આ બધાં શિલ્પોનો વિગતવાર વિચાર આ સ્થળે ન કરતાં ફક્ત એક અગત્યના પ્રાચીન શિલ્પાવશેષ—મસ્તક—નો જ વિચાર કરીશું.

પ્રકાશામાં નાગપૂજાના અવશેષ પણ છે, એમાં નાગની આકૃતિનાં બે શિલ્પો (એક જૂનું, અને એક અર્વાચીન) ખાસ ધ્યાન ખેંચે છે. આ સ્થળે ડિસેમ્બર ૧૯૫૪માં વલ્લભવિદ્યાનગરના સંશોધક ભાઇશ્રી અમૃત વસંત પંડ્યાએ, સંગમેશ્વરના મંદિર પાસેના ટેકરા ઉપર પ્રાચીન ઐતિહાસિક તેમ જ પ્રાગૈતિહાસિક અવશેષો ખોળી કાઢ્યા અને અમદાવાદમાં ભરાયેલી અખિલ ભારતીય ઇતિહાસ પરિષદ પ્રસંગે ગોઠવાયેલા પ્રદર્શનમાં રજૂ કર્યા હતા—આમાં અશ્માયસ્ (chalcolithic) યુગનાં ઓજારોથી માંડીને મૌર્યકાળ અને ઈ.સ.ની શરૂઆત સુધીના અવશેષો હતા. જેને Northern Black Polish નામથી ઓળખવામાં આવે છે તેવા વિશિષ્ટ પ્રકારના ખૂબ સુંદર ચકચકિત ઓપવાળા માટીકામના ટુકડાઓ પણ મળ્યા હતા.

આ પછી તુરત જ ભારત સરકારના પુરાતત્ત્વખાતાએ તેના અનુભવી સંશોધક શ્રી. થાપરની દેખરેખ નીચે આ સ્થળે ખોદકામ તરીકે લગભગ પચાસ-પંચાવન ફૂટ સુધી ઊંડુ ખોદી જુદા જુદા થરની જુદા જુદા સમયની પ્રાચીન વસ્તુઓ મેળવી, આ સ્થળનો ક્રમબદ્ધ સાંસ્કૃતિક ઇતિહાસ મેળવ્યો છે, જે સરકાર તરફે યથાવકાશ પ્રસિદ્ધ થશે. આ ખોદકામમાં લગભગ ગુપ્તકાલીન ગણપતિનું શિલ્પ પણ તેઆને મળ્યું છે.

---

૧. ગુજરાતના લેવા પાટીદારો ખેતી માટે નંદરબાર, ખાનદેશ અને નીમાડામાં જઈને વસ્યા હતા.

આ ખોદકામની વિગતોમાં આપણે ઊતરીશું નહિ પણ આ સ્થળેથી મને જુદા જુદા પ્રસંગે ઉપલબ્ધ થયેલા પ્રાચીન સિક્કાઓ જોતાં સાતવાહન રાજાઓના, તેમ જ જેને tribal coins (કેટલીક વિશિષ્ટ જાતિઓના) કહે છે તેવા સિક્કા મળ્યા છે. આ ઉપરાંત ક્ષત્રપોના સિક્કા પણ મળ્યા છે અને અહમદશાહ પહેલાના તથા ગુજરાતના સુલતાન મહમદશાહના સિક્કા પણ મળ્યા છે. આનો વિગતવાર અભ્યાસ મારા મિત્ર ડૉ. હરિહરપ્રસાદ ત્રિવેદી (ઇંદોર મ્યુઝિયમના ક્યુરેટર) પ્રસિદ્ધ કરનાર છે. આ સિક્કાઓ જોતાં એમ લાગે છે કે એક કાળે ગુજરાત, માળવા અને મહારાષ્ટ્રમાં એક જ પ્રકારના સિક્કાઓ વપરાતા હતા.

બીજી મળેલી પુરાતન વસ્તુઓમાં શંખની બંગડીઓ, તેમ જ જુદા જુદા પાષાણના રંગબેરંગી પ્રાચીન મણકાઓ વગેરેમાંથી કેટલાક ગુપ્તયુગના અને કેટલાક તેથી પ્રાચીન ક્ષત્રપયુગના પણ છે.

આ સ્થળ પશ્ચિમ ખાનદેશમાં ગુજરાતની, અથવા કહો કે પ્રાચીન લાટની, પૂર્વહદમાં આવેલું છે. ત્યાંની વસતિ અને ભાષા જોતાં તેમ જ પાસેના નંદરબારનો ગુજરાત અને તેના વિખ્યાત કવિ પ્રેમાનંદનો સંબંધ વગેરે જોતાં ઐતિહાસિક યુગમાં ખાનદેશનો આ પશ્ચિમ ભાગ મોટે ભાગે ગુર્જરો સાથે સાંસ્કૃતિક રીતે જોડાયેલો છે. ત્યાંની ગુજરોની વસતિ એ આ હકીકતનો પોષક અને નિર્ણાયક પુરાવો છે.

સ્વાભાવિક રીતે અહીંની કલા પણ ગુજરાતના બીજા ભાગોની શૈલી સાથે જોડાયેલી મળવી જોઈએ. આ સાથે ચિત્રમાં રજૂ કરેલું લગભગ સવા બે ઇંચનું શીસ્ટ (મરકત શિલા) નામના પાષાણમાં કંડારેલું એક પ્રાચીન મસ્તક ગુજરાત અને પશ્ચિમ ખાનદેશના શિલ્પના ઇતિહાસમાં બહુ જ અગત્યની કડી છે. આ મસ્તક સૂર્ય અથવા વિષ્ણુની પ્રતિમાનું હોય એમ લાગે છે, કેમકે આ બેઉ દેવતાઓને આવા ઊંચા ટોપ જેવા બનેલા મુકુટ જૂના શિલ્પોમાં જોવા મળે છે.

પારસીઓના પાઘ જેવા, પણ એથી સહેજ જુદા ઘાટના, જો કે અસલ ઇરાની (પારસી) ઘાટના આ મુકુટ અથવા પાઘની રચના સમજવા જેવી છે, સીધા ઊભા ટોપની બે બાજુએ પહેલ પાડેલા છે તેમાં જે ઊંચી જતી રેખાઓ દેખાય છે તે વાસ્તવમાં અગ્નિ-જ્વાલાની સૂચક છે. આ તેજ-જ્વાલાયુક્ત મુકુટ એ ઇરાની અસરવાળો ટોપ છે. આને મળતો પણ આથી જૂના ઘાટનો ટોપ પહેરેલી ઇન્દ્રની એક આકૃતિ મથુરામાંથી મળેલી છે જે ઈ. સ.ના બીજા સૈકા લગભગની છે, હાલ મથુરા મ્યુઝિયમમાં સુરક્ષિત આ ઇન્દ્રની આકૃતિ પ્રાચીન ભારતીય શિલ્પના અભ્યાસીઓને સુવિદિત છે.[૨] આ ઇરાની પાઘ ઉપરથી ભારતીય કલાકારોએ જુદા જુદા ઘાટના પાઘ અને મુકુટ બનાવવા માંડ્યા. ઊભા પાઘને લગભગ ગોળને બદલે ચોરસ અથવા ચોરસ જેવા અને પૂરા ગોળની પણ પાસાદાર બનાવી તેમાં ગુલાબની સુંદર આકૃતિઓ કોતરી ગુપ્તયુગમાં વિષ્ણુના સુંદર મુકુટ બનાવ્યા. આવો એક સુંદર મુકુટ પહેરેલી જૈન જીવન્તસ્વામીની (મહાવીર સ્વામીની) ધાતુપ્રતિમા વડોદરા પાસે અકોટાથી મળેલી તે ડૉ. ઉમાકાન્ત શાહે કુમાર, ડિસેમ્બર, ૧૯૫૪ના અંકમાં પ્રસિદ્ધ કરેલી છે. આ પ્રતિમા ઈ. સ.ના પાંચમા સૈકાની મનાય છે. એથી જૂનું એક મસ્તક કારવણથી શ્રી. રમણલાલ નાગરજી મહેતાને મળ્યું છે જેની મુખાકૃતિના ઘડતરને પ્રકાશાના અહીં રજૂ કરેલા મસ્તકના ઘડતર સાથે ઘણું સામ્ય છે. કારવણના મસ્તક ઉપરનો મુકુટ પણ આ શૈલીનો અને અકોટાના જીવન્તસ્વામી કરતાં કદાચ જૂનો છે. એ મસ્તક શ્રી. મહેતા પ્રકાશમાં આણશે. એઓના સૌજન્યથી મને એ મસ્તકનો અભ્યાસ કરવાનો અવસર પ્રાપ્ત થયો, તેથી સ્પષ્ટ થાય છે કે પ્રકાશાનું આ મસ્તક તેમ જ કારવણનું શ્રી. મહેતાએ શોધી કાઢેલું મસ્તક બેઉ એક જ શૈલીનાં અને લગભગ એક જ સમયનાં છે.

૨. ચિત્ર માટે જઓ, Dr. J. Ph. Vogelનું પુસ્તક, La Sculpture de Mathura, Plate 39, figs. a and b.

प्रकाशानुं एक प्राचीन शिल्प

(पृ. ७३) [श्री. म. स. युनिवर्सिटिना पुरातत्व विभागना सौजन्यथी]

[पृ. ७६]

श्री पंचासरा पार्श्वनाथ मन्दिरनी वनराज चावडा तथा ठ. आसाकनी मूर्तिओ

[आर्किऑलॉजिकल सर्वे ऑफ इन्डिआना सौजन्यथी]

શ્રી પંચાસરા પાર્શ્વનાથના મન્દિર વિષેના કેટલાક ઐતિહાસિક ઉલ્લેખો

પ્રા૦ ભોગીલાલ જ. સાંડેસરા, એમ. એ., પીએચ. ડી.

[પાટણનું શ્રીપંચાસરા પાર્શ્વનાથનું મન્દિર એ ગુજરાતનું એક મહત્ત્વનું જૈન તીર્થ છે. એના અનેક જીર્ણોદ્ધારો અત્યાર સુધીમાં થયા છે. લાખોના ખર્ચે થયેલા એના છેલ્લા જીર્ણોદ્ધાર પછી એમાં પ્રતિષ્ઠાવિધિ આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિના પવિત્ર હસ્તે થવાની હતી. પણ વિધિનિર્મિતિ કંઈ જુદી હતી. એ કાર્ય થઈ શકે ત્યાર પહેલાં જ આચાર્યશ્રી કાળધર્મ પામ્યા, અને પ્રતિષ્ઠાવિધિ તેઓશ્રીના શિષ્ય આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરિના હસ્તે થોડાક માસ પહેલાં, સં. ૨૦૧૧ના જેઠ શુદિ પાંચમ, તા. ૨૬મી મે ૧૯૫૫ના રોજ થઈ હતી. પાટણના સ્થાપક ચાવડા વનરાજે બંધાવેલા એ મન્દિર વિષેના ઐતિહાસિક ઉલ્લેખો પરની સંકલિત નોંધ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિના સ્મારકરૂપે પ્રસિદ્ધ થતા આ ગ્રન્થમાં સમુચિત થઈ પડશે એમ માનીને અહીં આપીએ છીએ. — સંપાદકો]

અણહિલવાડ પાટણના સ્થાપક વનરાજે પોતાના ગુરુ શીલગુણસૂરિના આદેશથી પાટણમાં શ્રીપંચાસરા પાર્શ્વનાથનું મન્દિર બંધાવ્યું હતું એ ઘટના ઇતિહાસપ્રસિદ્ધ છે. વનરાજનો પિતા પંચાસરમાં રાજ્ય કરતો હતો, તેથી આ મન્દિરમાં પ્રતિષ્ઠિત પાર્શ્વનાથની મૂર્તિને પંચાસરા પાર્શ્વનાથ નામ આપવામાં આવ્યું હોય, અથવા કેટલાક વિદ્વાનો માને છે તેમ, એ મૂર્તિ પંચાસરમાંથી લાવીને નવા પાટનગર પાટણમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી હોય. પાટણની સ્થાપના સં. ૮૦૨માં થઈ હતી, એટલે ત્યાર પછી થોડા સમયમાં આ મન્દિર બંધાયું હશે એમ અનુમાન કરવું વધારે પડતું નથી. એ રીતે ગુજરાતનાં જૂનાંમાં જૂનાં, વિદ્યમાન જૈન મન્દિરોમાંનું એક તેને ગણવું જોઈએ. જો કે વખતોવખત તેના જીર્ણોદ્ધારો થયા હોવા જોઈએ. વિક્રમના તેરમા શતકમાં મંત્રી વસ્તુપાલે કરાવેલા જીર્ણોદ્ધારની હકીકત તત્કાલીન ઐતિહાસિક કાવ્યોમાંથી મળે છે. હમણાં જ થયેલા છેલ્લા જીર્ણોદ્ધાર પૂર્વે જે મન્દિર હતું તેનું સ્થાપત્ય સોળમા સૈકાનું જણાતું હતું. વળી આ મન્દિર સૌ પહેલાં તો જૂના પાટણમાં હશે. ત્યાંથી એ પ્રતિમાઓ આદિ નવા પાટણમાં કયારે લાવવામાં આવ્યાં હશે એ વિષે પણ કંઈ આધારભૂત માહિતી મળતી નથી. વનરાજના ગુરુ શીલગુણસૂરિ નાગેન્દ્ર ગચ્છના ચૈત્યવાસી આચાર્ય હતા અને પંચાસરા પાર્શ્વનાથનું મન્દિર સદીઓ સુધી નાગેન્દ્ર ગચ્છનું ચૈત્ય હતું એમ પ્રાપ્ત ઉલ્લેખો ઉપરથી જણાય છે. ગુજરાતની ઐતિહાસિક રાજધાની પાટણના ઇતિહાસ સાથે સંકળાયેલું હોઈ આ મન્દિર એક વિશિષ્ટ ઐતિહાસિક અગત્ય ધરાવે છે. એનો સળંગસૂત્ર વૃત્તાન્ત આલેખવા માટેનાં કોઈ સાધનો નથી. સાહિત્યમાં અને ઉત્કીર્ણ લેખોમાં જે પ્રકીર્ણ ઉલ્લેખો મળે છે એને આધારે જ આ મન્દિર વિષે કેટલીક માહિતી પ્રાપ્ત થાય છે અથવા એ પરત્વે રસપ્રદ અનુમાનો થઈ શકે છે. આ મન્દિર વિષેના તમામ ઉલ્લેખો બધા ઉપલબ્ધ ગ્રન્થાદિમાંથી ખોળી કાઢવાનું મર્યાદિત સમયમાં શક્ય નથી, પણ જે ઉલ્લેખો મળી શકયા તે કાલાનુક્રમિક સંદર્ભમાં, યોગ્ય નોંધ સાથે અહીં રજૂ કરું છું.

૧. હરિભદ્રસૂરિકૃત 'ચન્દ્રપ્રભચરિત' (સં. ૧૨૧૬ આસપાસ)

પંચાસરા પાર્શ્વનાથના મન્દિર વિષેનો પહેલો લિખિત ઉલ્લેખ, એ મન્દિર બંધાવ્યા પછી લગભગ ચારસો વર્ષ બાદ મળે છે. એ ઉલ્લેખ બૃહદ્ ગચ્છના આચાર્ય શ્રીચન્દ્રસૂરિના શિષ્ય હરિભદ્રસૂરિના

પ્રાકૃત 'ચંદ્રપ્રભચરિત'માંથી છે. એ જ ગ્રન્થકારનું અપભ્રંશ 'નેમિનાથચરિત' સં. ૧૨૧૬માં રચાયેલું છે, એટલે ઉક્ત 'ચંદ્રપ્રભચરિત' પણ એ અરસામાં રચાયું હશે. જો કે સં. ૧૨૨૩ પછી તો એ રચાયું નથી જ, કેમ કે એ વર્ષમાં લખાયેલી એ કાવ્યની તાડપત્રીય પ્રતિ પાટણમાં સંઘવીના પાડાના ભંડારમાં છે. એની પ્રશસ્તિના ઉલ્લેખ પ્રમાણે, જયસિંહદેવ અને કુમારપાલના મંત્રી પૃથ્વીપાલે પોતાનાં માતાપિતાના શ્રેય અર્થે પંચાસર પાર્શ્વગૃહમાં મંડપની રચના કરાવી હતી—

जयसीहएव–सिरिकुमरवालनरनायगाण रज्जेसु ।
सिरीपुहइवालमंती अवितहनामो इमो विहिओ ॥
अह निन्नयकारावियजालिहरगच्छरिसहजिणभवणे ।
जणयकए जणणीए उण **पंचासरपासगिहे** ॥
चड्डावलीयंमि उ गच्छे मायामहीए सुहहेउं ।
अणहिल्लवाडयपुरे कराविया मंडवा जेण ॥[1]

અર્થાત્ શ્રીજયસિંહદેવ અને કુમારપાલ નરનાયકોના રાજ્યમાં શ્રી પૃથ્વીપાલ મંત્રી અવિતથ નામવાળો થયો. (પોતાના પૂર્વજ) નિન્નયે કરાવેલા જાલિહર ગચ્છના ઋષભજિનભવનમાં તથા **પંચાસર પાર્શ્વગૃહમાં** પોતાના જનક અને જનનીના (શ્રેય) અર્થે તથા પોતાની માતામહીના સુખ અર્થે તેણે ચડ્ડાવલી (ચંદ્રાવતી) અને અણહિલવાડપુરમાં મંડપો કરાવ્યા હતા.

૨. અરિસિંહકૃત 'સુકૃતસંકીર્ત્તન' (સં. ૧૨૭૮ અને ૧૨૮૭ ની વચ્ચે)

અરિસિંહ એ ગુજરાતના સુપ્રસિદ્ધ મહામાત્ય વસ્તુપાલનો આશ્રિત કવિ હતો અને વસ્તુપાલનાં સત્કૃત્યો વર્ણવતું 'સુકૃતસંકીર્ત્તન' નામે મહાકાવ્ય તેણે રચેલું છે. એના પહેલા સર્ગમાં કવિએ ચાવડા વંશના રાજાઓનો કાવ્યમય વૃત્તાન્ત આપ્યો છે. આમાં ખાસ નોંધપાત્ર તો એ છે કે સોલકી અને વાઘેલા યુગમાં રચાયેલાં અનેક ઐતિહાસિક કાવ્યોમાંથી માત્ર અરિસિંહકૃત 'સુકૃતસંકીર્ત્તન' અને ઉદય-પ્રભસૂરિકૃત 'સુકૃતકીર્તિકલ્લોલિની'માં જ ચાવડાઓનો ઉલ્લેખ છે; 'દ્વયાશ્રય' કાવ્યમાં ગુજરાતનો ઇતિહાસ આલેખવાનો રીતસર પ્રયત્ન કરનાર આચાર્ય હેમચન્દ્રે પણ ચાવડાઓની વાત કરી નથી. ચાવડાઓની હકૂમત પાટણ આસપાસના થોડા પ્રદેશ ઉપર જ હતી અને તે કારણે ઐતિહાસિક કાવ્યોના લેખકોએ એમને એટલું રાજકીય મહત્ત્વ નહિ આપ્યું હોય. એ રીતે 'સુકૃતસંકીર્તન'માં આપેલી ચાવડાઓની વંશાવલી મહત્ત્વની છે. 'સુકૃતસંકીર્તન'ની રચના સં. ૧૨૭૮ અને ૧૨૮૭ની વચ્ચે કયારેક થયેલી છે.[2] એ કાવ્યના પ્રથમ સર્ગના ૧૦મા શ્લોકમાં પંચાસરા પાર્શ્વનાથના મન્દિરનો ઉલ્લેખ છે, એટલું જ નહિ પણ એ મન્દિરની તુલના પર્વત સાથે કરી છે, જે એના શિખરની ઊંચાઈ દર્શાવે છે—

अंतर्वसद्घनजनाद्भुतभारतो भू-
र्मा भ्रंश्यतादिति भृशं वनराजदेवः ।
पञ्चासराह्वनवपार्श्वजिनेशवेश्म-
व्याजादिह क्षितिधरं नवमाततान

---

૧. પાટણ ભંડારની સૂચિ (ગાયકવાડ્ઝ ઓરિએન્ટલ સિરીઝ), પૃ. ૨૫૫

૨. જુઓ મારું પુસ્તક Literary Circle of Mahamatya Vastupala, પૃ. ૬૩

વળી એ કાવ્યના છેલ્લા સર્ગમાં (શ્લોક ૨) વસ્તુપાલનાં બાંધકામો વર્ણવતાં કર્તાએ કહ્યું છે કે અણહિલવાડ પાટણમાં પંચાસરા પાર્શ્વનાથના મન્દિરનો જીર્ણોદ્ધાર કરાવીને મંત્રીએ વનરાજની વૃદ્ધ થયેલી કીર્ત્તિને હસ્તાવલંબન આપ્યું હતું —

पञ्चासराह्वमणहिल्लपुरीपुरन्ध्री-
सीमन्तरत्नमिवपार्श्वजिनेशवेश्म ।
उद्धृत्य येन यशसा जनितो जरत्या
हस्तावलम्बनविधिर्वनराजकीर्तेः ॥

૩. ઉદયપ્રભસૂરિકૃત 'સુકૃતકીર્તિકલ્લોલિની' (સં. ૧૨૭૭)

નાગેન્દ્રગચ્છના વિજયસેનસૂરિ જેઓ વસ્તુપાલના માતૃપક્ષે ગુરુ હતા તેમના શિષ્ય ઉદયપ્રભસૂરિ-કૃત 'સુકૃતકીર્ત્તિકલ્લોલિની' કાવ્ય સં. ૧૨૭૭માં વસ્તુપાલે કરેલી શત્રુંજયની સંઘયાત્રા પ્રસંગે રચાયું હતું, અને વસ્તુપાલે શત્રુંજય ઉપર બંધાવેલા ઇંદ્રમંડપમાં એક શિલાપટ્ટ ઉપર કોતરીને તે મૂકવામાં આવ્યું હતું.[૩] મંત્રીનાં સુકૃતોની પ્રશસ્તિરૂપે રચાયેલા આ કાવ્યના ૧૪મા શ્લોકમાં કવિ કહે છે કે ગુર્જર-ભૂમિરૂપ સુન્દરીના મુખ સમાન અણહિલપુરના તિલકરૂપ આ પંચાસર ચૈત્ય વનરાજે બંધાવ્યું હતું, જેના શિખરનો ઊંચો કલશ સેંથાના મણિ જેવો શોભતો હતો —

स्फूर्जद्गूर्जरमण्डलावनिवधूवक्त्रोपमेऽस्मिन् पुरे
चैत्ये किञ्च विशेषकं व्यरचयत् **पञ्चासराह्वं** नृपः ।
यस्योच्चैः कलशश्चकास्ति रुचिभिः किञ्चिद्विभिन्नाम्बर-
श्यामत्वव्यपदेशकेशपदवीसीमन्तसीमामणिः ॥

૪. ઉદયપ્રભસૂરિકૃત 'ધર્માભ્યુદય' મહાકાવ્ય (સં. ૧૨૯૦ પહેલાં)

ઉપર્યુક્ત ઉદયપ્રભસૂરિએ 'ધર્માભ્યુદય' અથવા 'સંઘપતિચરિત્ર' નામે પંદર સર્ગનું મહાકાવ્ય રચ્યું છે. એમાં મંત્રી વસ્તુપાલની સંઘયાત્રાનું વર્ણન હોઈ સં. ૧૨૭૭ની મોટી સંઘયાત્રા પછી તુરત એ રચાયું હોય એ સંભવિત છે, પણ સં. ૧૨૯૦ પહેલાં તો નિઃશંક એની રચના થયેલી છે, કેમ કે એ વર્ષમાં ખુદ વસ્તુપાલના હસ્તાક્ષરોમાં લખાયેલી એની તાડપત્રીય નકલ ખંભાતના ભંડારમાં છે. એ કાવ્યની પ્રશસ્તિમાં (શ્લોક ૭) નાગેન્દ્ર ગચ્છના આચાર્યોની ગુરુપરંપરા આપીને પોતાના ગુરુ વિજયસેનસૂરિ વિષે કર્તા કહે કે તેઓ પંચાસરા નામથી ઓળખાતા વનરાજવિહાર તીર્થમાં વ્યાખ્યાનો આપતા હતા —

पञ्चासराह्ववनराजविहारतीर्थे
प्रालेयभूमिधरभूतिधुरन्धरेऽस्मिन् ।
साक्षादधःकृतभवा तटिनीव यस्य
व्याख्येयमच्युतगुरुक्रमजा विभाति ॥

પંચાસરા પાર્શ્વનાથનું મન્દિર બંધાયું ત્યારથી નાગેન્દ્ર ગચ્છના આચાર્યોનો એ સાથેનો સંબંધ જોતાં આ સ્વાભાવિક છે. વળી પંચાસરાનું મન્દિર તે જ વનરાજવિહાર એમ અહીં કર્તાએ સ્પષ્ટ કહ્યું છે.

---

૩. એ જ, પૃ. ૭૧.

વસ્તુપાલે એ મન્દિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો એનો ઉલ્લેખ પણ કાવ્યના પહેલા સર્ગ(શ્લોક ૨૨)માં છે —

अणहिल्पाटकनगरादिराजवनराजकीर्त्तिकेलिगिरिम् ।
पञ्चासराह्वजिनगृहमुदध्रे यः कुलं च निजम् ॥

૫. શ્રી પંચાસરા પાર્શ્વનાથના મન્દિરમાંનો સં. ૧૩૦૧ નો શિલાલેખ

આ મન્દિરમાંની વનરાજની મૂર્તિ પાસેની ઠ० આસાકની મૂર્તિ નીચે આ પ્રકારે શિલાલેખ છે—

(१) सं. १३०१ वर्षे वैशाख सुदि ९ शुक्रे पूर्वमंडलीवास्तव्य मोढज्ञातीय नागेंद्र...
(२) सुत श्रे० जाहूलणपुत्रेण श्रे० राजुकुक्षीसमुद्भूतेन ठ० आशाकेन संसारासार...
(३) योपार्जितवित्तेन **अस्मिन् महाराजश्रीवनराजविहारे** निजकीर्तिवल्लीवितान...
(४) कारितः तथा च ठ० आसाकस्य मूत्तिरियं सुत ठ० अरिसिंहेन कारिता प्रतिष्ठिता...
(५) संबंधे गच्छे **पंचासरातीर्थे** श्रीशीलगुणसूरिसंताने शिष्य श्री...
(६) देवचन्द्रसूरिभिः ॥ मंगलं महाश्रीः । शुभं भवतु ॥

આ શિલાલેખમાં પણ પંચાસરા તીર્થનો વનરાજવિહાર તરીકે ઉલ્લેખ છે. પંચાસરાના મન્દિરમાં શીલગુણસૂરિના શિષ્ય દેવચન્દ્રસૂરિની મૂર્તિ છે. એક મૂર્તિ વનરાજના મામા સુરપાળની ગણાય છે; પણ આખા યે મન્દિરમાંના બીજા કોઈ લેખમાં પંચાસરા પાર્શ્વનાથના મન્દિરનો ઉલ્લેખ નથી. એમાં એક માત્ર અપવાદ વનરાજની મૂર્તિ નીચેના લેખનો છે. એ શિલાલેખમાં સં. ૭૫૨ અને સં. ૮૫૨નો નિર્દેશ છે, પણ એની લિપિ એટલી પ્રાચીન લાગતી નથી. આ ઉપરાંત તેમાં સં. ૧૩૦૧ અને સં. ૧૪૧૭ના ઉલ્લેખ છે અને એક સ્થળે 'મહમદ પાતસાહ' અને 'પીરોજસાહ'ની પણ વાત છે. એ મૂર્તિની નીચે તથા તેની આસપાસ નીચેના પથ્થર ઉપર ત્રણેક શિલાલેખો ભેગા થઈ ગયા છે અને ઘસાયેલા હોવાને કારણે તે વિશેષ દુર્વાચ્ય બન્યા છે. પૂ. મુનિશ્રી પુણ્યવિજયજી, સ્વ. મોહનલાલ દલીચંદ દેસાઈ અને પં. લાલચંદ ગાંધીએ એ બંધ બેસાડવા પ્રયત્ન કર્યો છે અને તેમણે તૈયાર કરેલી એ લેખની વાચના નાગેન્દ્રગચ્છીય દેવેન્દ્રસૂરિકૃત 'ચન્દ્રપ્રભચરિત્ર'ની પ્રસ્તાવના(પૃ. ૧૧)માં છપાઈ છે. એનો એકદેશ નીચે મુજબ છે—

...सं. १३०१...**श्रीपार्श्वनाथचैत्ये** श्रीवनराज...राजराजश्री कडेससु (?) श्रीअणहल्लेस्वर शवायतनं त्रा पि...ति श्रीवनराजमूर्ति श्रीशीलगुणसूरि सगणे श्रीदेवचंद्रसूरिभिः प्रतिष्ठिता सं. १४१७ वर्षे

આ લેખમાંનું '...પાર્શ્વનાથ ચૈત્ય' એટલે 'પંચાસરા પાર્શ્વનાથ ચૈત્ય' એમ ગણવું જોઈએ. વનરાજે બંધાવેલા અણહિલ્લેશ્વર મહાદેવના મન્દિર ('શવાયતન')નો પણ એમાં નિર્દેશ છે. વનરાજની મૂર્તિની પ્રતિષ્ઠા દેવચન્દ્રસૂરિના હસ્તે થઈ હોવાનું એમાં જણાવ્યું છે અને તેની જ સાથે સં. ૧૪૧૭નો ઉલ્લેખ છે એનો મેળ બેસતો નથી. આ શિલાલેખની વધારે સારી વાચનાની હજી અપેક્ષા રહે છે.

૬. મેરુતુંગાચાર્યકૃત 'પ્રબન્ધચિન્તામણિ (સં. ૧૩૬૧)

ગુજરાતના મધ્યકાલીન ઇતિહાસના સુપ્રસિદ્ધ સાધનગ્રન્થ 'પ્રબન્ધચિન્તામણિ' અનુસાર, વનરાજે શીલગુણસૂરિને પોતાના સિંહાસન ઉપર બેસાડીને પ્રત્યુપકારબુદ્ધિથી સપ્તાંગ રાજ્ય આપવા માંડ્યું,

પણ સૂરિએ તેનો નિષેધ કર્યો; પછી સૂરિના આદેશથી વનરાજે પંચાસરા પાર્શ્વનાથનું ચૈત્ય કરાવ્યું તથા તેમાં પોતાની આરાધક મૂર્તિ પણ સ્થાપિત કરી. ૪ —

पञ्चासरग्रामतः श्रीशीलगुणसूरीन् सभक्तिकमानीय धवलगृहे निजसिंहासने निवेश्य कृतज्ञचूडामणितया सप्ताङ्गमपि राज्यं तेभ्यः समर्पयंस्तैर्निःस्पृहैर्भूयो निषिद्धस्तत्प्रत्युपकारबुद्ध्या तदादेशाच्छ्रीपार्श्वनाथप्रतिमालङ्कृतं **पञ्चासराभिधानं चैत्यं निजाराधकमूर्तिसमेतं** च कारयामास ।

(આચાર્ય શ્રીજિનવિજયજીની વાચના, પૃ. ૧૩)

પ્રભાચન્દ્રસૂરિકૃત 'પ્રભાવકચરિત' (સં. ૧૩૩૪)ના 'અભયદેવસૂરિચરિત'માં કહ્યું છે કે "નાગેન્દ્રગચ્છરૂપી ભૂમિનો ઉદ્ધાર કરવામાં આદિવરાહ સમાન અને પંચાશ્રય નામે સ્થાનમાં આવેલા ચૈત્યમાં વસતા (पञ्चाश्रयाभिधस्थानस्थितचैत्यनिवासिना) શ્રીદેવચન્દ્રસૂરિએ વનરાજને બાલ્યકાળમાં ઉછેર્યો હતો. વનરાજે આ નગર (અણહિલપુર) વસાવીને ત્યાં નવું રાજ્ય સ્થાપ્યું. એ રાજાએ ત્યાં વનરાજવિહાર બંધાવ્યો અને કૃતજ્ઞતાપૂર્વક એ ગુરુનો સત્કાર કર્યો" (શ્લોક ૭૨–૭૪). અહીં पञ्चाश्रयाभिधस्थानस्थितचैत्य એટલે પાટણનું પંચાસરા પાર્શ્વનાથ ચૈત્ય નહિ, પણ પંચાસર ગામમાં જ આવેલું ચૈત્ય, કે જ્યાં એ આચાર્ય પાટણની સ્થાપના પહેલાં રહેતા હશે. પાટણની સ્થાપના પછી વનરાજે બંધાવેલો 'વનરાજવિહાર' એ પંચાસરા પાર્શ્વનાથ ચૈત્યનું જ બીજું નામ છે એ 'ધર્માભ્યુદય'ના ઉલ્લેખથી સ્પષ્ટ છે. આ મન્દિરમાં ઠ૦ આસાકની મૂર્તિ નીચેનો શિલાલેખ પણ એ સૂચવે છે.

૭. જયશેખરસૂરિકૃત 'પંચાસરા વીનતી' (સં. ૧૪૬૦ આસપાસ)

સં. ૧૪૬૨માં સંસ્કૃતમાં 'પ્રબોધચિન્તામણિ' નામે આધ્યાત્મિક રૂપકગ્રન્થિ રચીને પછી એનું છટાદાર ગુજરાતી પદ્યમાં 'ત્રિભુવનદીપક પ્રબન્ધ' નામથી રૂપાન્તર કરનાર અંચલગચ્છીય આચાર્ય જયશેખરસૂરિનું સ્થાન જૂના ગુજરાતી સાહિત્યના સર્વોત્તમ કવિઓમાં છે. એમણે રચેલી કેટલીક પ્રકીર્ણ ગુજરાતી કાવ્યરચનાઓની ૨૧ પત્રની એક પ્રાચીન હસ્તપ્રત પૂ. મુનિશ્રી પુણ્યવિજયજી અને પૂ. મુનિશ્રી રમણીકવિજયજીએ ચાણસ્માના ભંડારમાંથી મેળવી હતી. એ પોથીના પાંચમા પત્ર ઉપર 'પંચાસરા વીનતી' એ નામનું પંચાસરા પાર્શ્વનાથનું એક સુન્દર સંક્ષિપ્ત સ્તુતિકાવ્ય છે. આ પહેલાંના, પંચાસરા પાર્શ્વનાથના મન્દિર વિષેના ઉલ્લેખો, ઉપર સૂચવ્યા તેમ મળે છે, પણ એ વિષેનું ગુજરાતી ભાષામાં આ પહેલું જ ઉપલબ્ધ સ્તવન છે. આ સ્તવન જયશેખરસૂરિએ પાટણમાં રહીને જ રચ્યું હોય એ સંભવિત છે. એની પહેલી કડી નીચે મુજબ છે :

"સખે **પાસુ પંચાસરાધીશ** પેખઉં,
હુયઉ હર્ષ્યું કેતઉ ન જાણઉં સુલેખઉં,
ક્રિયાં પાછિલઇ જન્મિ જે પુણ્યકાજ,
ફલિયાં સામટાં દેવ દીઠઇ તિ આજ."

---

૪. 'પ્રબન્ધચિન્તામણિ'– અંતર્ગત કેટલાક પ્રબન્ધોનો આશરે ૪૦૦ વર્ષ પર થયેલો સંક્ષેપ 'પુરાતન પ્રબન્ધસંગ્રહ'ના પરિશિષ્ટમાં છપાયો છે તેમાં 'પ્રબન્ધચિન્તામણિ'ના ઉપર્યુક્ત વૃત્તાન્તનો સારોદ્ધાર આપતાં કહ્યું છે (પૃ. ૧૨૮)– आचार्यवचसा श्रीपार्श्वप्रतिमालंकृतं निजाराधकमूर्तियुतं **पञ्चासरं** कारितम् । આજે પણ આ મન્દિરને સામાન્ય બોલીમાં '**પંચાસરા**' નામે ઓળખવામાં આવે છે તે આ સાથે સરખાવી શકાય.

૮. સિદ્ધિસૂરિકૃત 'પાટણ ચૈત્યપરિપાટી' (સં. ૧૫૭૬)

પાટણનાં જૈન મન્દિરોનું વર્ણન કરતી ચાર પ્રાચીન ચૈત્યપરિપાટીઓ અત્યાર સુધીમાં મળેલી છે, જેમાંની બે—લલિતપ્રભસૂરિ અને હર્ષવિજયકૃત—આ પહેલાં શ્રીહંસવિજયજી લાયબ્રેરી, અમદાવાદ તરફથી પ્રકટ થયેલી છે. જુદા જુદા મહોલ્લા, શેરીઓ, રાજમાર્ગો અને પરાંનો તથા કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓનો એમાં નિર્દેશ આવતો હોઈ સ્થાનિક ઇતિહાસ અને ભૂગોળ માટે એ બહુ અગત્યની છે. એ ચારમાં સૌથી પ્રાચીન ઉપલબ્ધ ચૈત્યપરિપાટી સિદ્ધિસૂરિની છે. એની નકલ પૂ. મુનિશ્રી રમણિકવિજયજી પાસેની હસ્તપ્રત ઉપરથી મેં કરી લીધી હતી. એમાં ૯મી કડીમાં નીચે પ્રમાણે પંચાસરા પાર્શ્વનાથનો ઉલ્લેખ છે :

" મહૂકર મનહ મનોરથ પૂરઇ, **પાસ પંચાસરઇ** ભાવ વિચૂરઇ, સાર સંસારઇ લેમિ. "

૯. સિંઘરાજકૃત 'પાટણ ચૈત્યપરિપાટી' (સં. ૧૬૧૩)

આ પરિપાટીની હસ્તપ્રત પણ મને પૂ. મુનિશ્રી રમણિકવિજયજી પાસે જોવા મળી હતી. એમાં પંચાસરા પાર્શ્વનાથનો તથા આસપાસનાં મન્દિરોનો નિર્દેશ કડી ૬૨થી ૬૫ સુધીમાં નીચે પ્રમાણે છે :

"**પંચાસર શ્રીપાસ,** આશાપૂરણ જિનપ્રતિમા નવ વાદીઇ એ,
હરખ્યા હીયા મઝારિ, હરખ ભવનિ જઈ જિન દેખી આણંદિઆ એ. ૬૨
મૂલનાયક શ્રીઆદિ પ્રથમ તીર્થંકર, ત્રાસી પ્રતિમા વાંદીઇ એ,
ભમતી માહિ દેહરી રૂયડી નિરષીઇ નઇ ત્રીજઇ દેહરઇ આવીઆ એ. ૬૩
તિહાં પ્રતિમા પાંત્રીસ, ચુવીસવટ્ટા સૂ વાસપુજ નાયક ધણી એ,
ચુથિઇ જિન ઉગણીસ, પ્રતિમા પૂજીઇ મૂલનાયક માહાવીર તણી એ. ૬૪
પોસાલમાહિ દેહરૂ પાંચમૂ, જાઇનિઇ નિરષીઇ નેમીસરુ એ,
તેર પ્રતિમા તિહાં વાંદી, પાપ નિકંદીનઇ સેવીઇ રાજલિવરુ એ." ૬૫

એ એક જ પટાંગણમાં સત્તરમા સૈકાના આરંભમાં પાંચ મન્દિર હતાં. પંચાસરા પાર્શ્વનાથન મન્દિર પછી ૮૩ પ્રતિમાઓ સહિત જે આદિનાથના મન્દિરનો ઉલ્લેખ છે તે હાલમાં નથી. તપાગચ્છનો ઉપાશ્રય, જે પોળિયા ઉપાશ્રય કે પોશાળ તરીકે ઓળખાય છે, એમાં તે સમયે નેમિનાથનું મન્દિર હોવાનો ઉલ્લેખ છે એ નોંધપાત્ર છે અને ચૈત્યવાસની પરંપરાનો દ્યોતક છે.

૧૦. લલિતપ્રભસૂરિકૃત 'પાટણ ચૈત્યપરિપાટી' (સં. ૧૬૪૮)

પૂનમિયા ગચ્છના આચાર્ય લલિતપ્રભસૂરિકૃત ચૈત્યપરિપાટીમાં કડી ૧૮–૨૦માં પંચાસરા પાર્શ્વનાથનો તથા આસપાસનાં મન્દિરોનો ઉલ્લેખ નીચે પ્રમાણે છે :

"**પંચાસરઇ પાટકિ** અછઇ એ, ધુરિ વીર જિનવર સાર તુ;
નવ પ્રતિમા વંદી કરી એ, વાસપૂજ્ય જુહારિ તુ. ૧૮
સતાવીસ બિંબ તિહાં નમી એ, **પંચાસરુ પ્રભુ પાસ** તુ;
અવર સાત જિનવર નમું એ, વંછિત પૂરઇ આસ તુ. ૧૯
ઋષભદેહરઇ હિવઇ જિન નમું એ, દશ વલિ ભમતી હોઇ તુ;
નવઇ ધરે છઇ પાસ જિન, ત્રિહતાલીસ બિંબ જોઇ તુ." ૨૦

આ ચૈત્યપરિપાટીમાં 'પચાસરપાટક' અર્થાત પંચાસરવાડો એવો ઉલ્લેખ મન્દિરોના આ જૂથ માટે છે એ ધ્યાન ખેંચે છે. સિંઘરાજની જેમ લલિતપ્રભસૂરિએ પણ અહીં પાંચ મન્દિરો નોંધ્યાં છે. જો કે સિંઘરાજે પોશાળમાં નેમિનાથના મન્દિરનો ઉલ્લેખ કર્યો છે તે અહીં નથી અને તેને બદલે 'નવઇ ઘરિ'—નવા ઘરમાં પાર્શ્વ જિનનો નિર્દેશ કર્યો છે. નવા ઘરનો અર્થ 'નવું દેવગૃહ' લઈ એ તો એ મન્દિર સિંઘરાજની કૃતિ રચાઈ (સં. ૧૬૧૩) ત્યાર પછી નવું બન્યું હશે એમ કહી શકાય. વળી એ સમય દરમિયાન પોશાળમાંની પ્રતિમાઓ અન્યત્ર સ્થાપિત કરવામાં આવી હશે. એમ ન હોત તો લલિતપ્રભસૂરિએ એનો ઉલ્લેખ અવશ્ય કર્યો હોત.

૧૧. હર્ષવિજયકૃત 'પાટણ ચૈત્યપરિપાટી' (સં. ૧૭૨૯)

આમાં પંચાસરા સાથેનાં મન્દિરોનું વર્ણન નીચે મુજબ છે :

"પ્રથમ **પંચાસરે** જાઇઇ એ, તિહાં પ્રાસાદ ચ્યાર,
પંચાસર જિનવર તણા એ, દેખો દીદાર. ૪
ચોપાન બિંબ તિહાં અતિ ભલા એ, વલી **હીરવિહાર,**
પ્રતિમા ત્રિણ સહગુરુ તણી એ, મૂરતિ મનોહાર. ૫
તિહાંથી ઋષભ જિણંદ નમું એ, બિંબ પન્નર ગંભારઇ,
એકસો બિંબ અતિ ભલા એ, ભમતીએ જુહારઇ. ૬
વાસુપૂજ્યને દેહરે એ, બિંબ ત્રણ વખાણું,
મહાવીર પાસે વલી એ, બિંબ ચાર જ જાણું." ૭

આમાં હીરવિહારનો ઉલ્લેખ મહત્ત્વનો છે. છેલ્લો જીર્ણોદ્ધાર થયો ત્યાર પહેલાંના પંચાસરાના મન્દિરમાં પેસતાં ડાબી બાજુએ એક ઓરડી હતી અને તેમાં આચાર્યો વગેરેની જ મૂર્તિઓ હતી. એમાં મુખ્ય વેદિકા ઉપર હીરવિજયસૂરિ, વિજયસેનસૂરિ અને વિજયદેવસૂરિ એ તપગચ્છના ત્રણ પ્રભાવક આચાર્યોની મૂર્તિઓ હતી. આ સ્થાન હીરવિહાર તરીકે ઓળખાતું હશે. એમાં હીરવિજયસૂરિની મૂર્તિ સં. ૧૬૬૨માં તથા વિજયસેનસૂરિ અને વિજયદેવસૂરિની મૂર્તિઓ સં. ૧૬૬૪માં પ્રતિષ્ઠિત થયેલી છે એમ તે સાથેના શિલાલેખો ઉપરથી જણાય છે.[૫] આથી આ પહેલાંની ચૈત્યપરિપાટીઓમાં હીરવિહારનો ઉલ્લેખ ન હોય એ સમજાય એવું છે.

૧૨. 'અહો શાલક બોલિ' વર્ણક

આ જૂની ગુજરાતી ગદ્યમાં રચાયેલું વર્ણક છે. લિપિ ઉપરથી અનુમાને સત્તરમા સૈકામાં લખાયેલી જણાતી એની હસ્તપ્રત વડોદરાના શ્રી આત્મારામ જૈન જ્ઞાનમન્દિરમાંથી મળી હતી. વડોદરા યુનિવર્સિટી તરફથી પ્રકટ થયેલ 'વર્ણક–સમુચ્ચય'માં આ કૃતિનો પણ સમાવેશ થયેલો છે. એમાં એક સ્થળે અણહિલપુર પાટણનું ટૂંકું વર્ણન છે, અને તેમાં પાટણના પ્રમુખ દેવાલય તરીકે પંચાસરાના મન્દિરનો પણ ઉલ્લેખ છે :

"હૂં તે અહ્મારું અણહીલપુર પાટણ વર્ણવૂં. પણિ કસૂ એક છિ જે અણહિલપુર પાટણ? સઘટ ઘાટે કરી વિચત્ર ચિત્રામે કરી અભિરામ, મહામહોછવે ભલાં આરામ, **પંચાસર પ્રમુખ દેવ દેવાલા,**

૫. શ્રી જિનવિજયજી–સંપાદિત 'પ્રાચીન જૈન લેખસંગ્રહ,' ભાગ ૨ નં. ૫૧૧–૧૩.

જે નગરમાંહઇ દાનશાલા, પૌષધશાલા, ધરમશાલા, ગઢ મઢ મન્દિર પ્રકાર, ચુરાસી ચુહટાંની હટશ્રેણિ, માંહઇ વસ્ત સંપૂર્ણ વરતઇ...''

૧૩. દેવહર્ષકૃત 'પાટણની ગઝલ' (સં. ૧૮૬૬)

ખરતર ગચ્છના મુનિ દેવહર્ષે સં. ૧૮૬૬માં 'પાટણની ગઝલ' એ નામનું એક સ્થલવર્ણનાત્મક કાવ્ય રચ્યું છે.[૬] ગઈ શતાબ્દીના પાટણની સ્થાનિક પરિસ્થિતિ, નોંધપાત્ર સ્થળો તથા વિશિષ્ટ વ્યક્તિઓ આદિની માહિતી માટે આ રચના અગત્યની છે. એના અંતિમ પદ્ય—કલશરૂપ છપ્પાની છેલ્લી બે પંક્તિઓમાં નીચે પ્રમાણે પંચાસરાના મન્દિરનો ઉલ્લેખ છે :

"પાટણ જસ કીધો પ્રગટ જિહાં **પાંચાસર** ત્રિભુવન ધણી,
કવિ દેવહર્ષ મુખથી કહે કુશલ રંગલીલા ઘણી."

કલશમાં આ રીતે એકમાત્ર પંચાસરા પાર્શ્વનાથના મન્દિરનો ઉલ્લેખ કર્યો છે, એ પાટણનાં જૈન મન્દિરોમાં એનું મહત્ત્વ દર્શાવે છે.

૧૪. 'પંચાસરા પાર્શ્વનાથ સ્તવન'

આ નામની બે સંક્ષિપ્ત ભાષાકૃતિઓ જાણવામાં આવી છે અને તે બન્ને વડોદરા જૈન જ્ઞાનમન્દિરમાં પૂ. મુનિશ્રી હંસવિજયજીના શાસ્ત્રસંગ્રહમાં (પ્રતિ નં. ૩૩૯૪ અને ૪૫૧૫) છે. બન્નેય સ્તવનોમાં કર્તાનું નામ કે રચ્યા સંવત નથી, પણ લિપિ ઉપરથી સો–દોઢસો વર્ષ પહેલાં તે લખાયેલાં જણાય છે. પહેલું સ્તવન 'પાસ પંચાસર ભેટ્યો હો, દૂખ મેટ્યો મુઝ ઘર આંગણે' એ પંક્તિથી તથા બીજું સ્તવન 'સુખકર શ્રીપંચાસરો પાસ, પાટણપુરનો રાજીઓ' એ પંક્તિથી શરૂ થાય છે. બન્નેયમાંથી કોઈ ખાસ એતિહાસિક હકીકત મળતી નથી. આ પ્રકારનાં બીજાં પણ સ્તવનો તપાસ કરતાં મળી આવવા સંભવ છે.

૬. મારા વડે સંપાદિત, 'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક', એપ્રિલ–સપ્ટેમ્બર ૧૯૪૮માં.

ગુજરાતનું પ્રથમ ઇતિહાસકાવ્ય

પ્રા૦ જયન્ત પ્રે. ઠાકર, એમ્. એ., કોવિદ્

આપણા દેશમાં પ્રાચીન કાળમાં આજના જેવી ઇતિહાસદૃષ્ટિ ખીલેલી ન હતી તે દોષ આપણી સામે વારંવાર ધરવામાં આવે છે. પ્રાચીનોની ઇતિહાસની વ્યાખ્યા બહુ વ્યાપક હોવાથી તેમાં પ્રચલિત આખ્યાયિકાઓ તથા પૌરાણિક કથાઓ પણ સમાઈ જતી. આ જ કારણે રામાયણ અને મહાભારત બહુ દળદાર બનેલાં છે. તે વખતે ચરિત્રગ્રન્થો પણ જવલ્લે જ લખાતા, કારણ કે ધર્મને બહુ પ્રાધાન્ય મળવાથી ચમત્કારિક જીવનનું જ ચરિત્રચિત્રણ કરવાનું યોગ્ય લેખાતું. પાંચમી શતાબ્દીના महावंसो પછી છેક સાતમી સદીના બાણના हर्षच्चरितમાં કાંઈક ઐતિહાસિક તત્ત્વ મળે છે તેમ કહી શકાય. આ हर्षच्चरितના ચતુર્થ ઉચ્છ્વાસમાં 'गूर्जर' શબ્દનો સર્વપ્રથમ પ્રયોગ જોવા મળે છે. ત્યાં સમ્રાટ્ હર્ષવર્ધનના પિતા પ્રભાકરવર્ધનને 'गूर्जरप्रजागरः'—ગુજરાતને જાગરણ કરાવનાર—કહ્યા છે.

મુસલમાનોના સમ્પર્ક બાદ, વિક્રમના દશમા શતક પછી આપણે ત્યાં ઐતિહાસિક સામગ્રી અર્પનારા પ્રબન્ધો રચાવા લાગ્યા. વેરવિખેર ઐતિહાસિક સામગ્રીવાળા આવા સંસ્કૃત, પ્રાકૃત તથા અપભ્રંશમાં લખાયેલા ગ્રન્થોમાં બારમા શતકમાં રચાયેલી કાશ્મીરી કવિ કલ્હણકૃત राजतरङ्गिणी ખાસ નોંધપાત્ર છે; કેમ કે તે બીજાની માફક કેવળ સ્તુતિથી નહિ અટકતાં રાજાનાં દૂષણો પણ આલેખે છે. અગિયારમી સદીમાં થઈ ગયેલા, विक्रमाङ्कदेवच्चरितના રચયિતા, કાશ્મીરના કવિ બિલ્હણના कर्णसुन्दरी નાટકનો નાયક ગુજરાતનો રાજા અને પ્રસિદ્ધ સિદ્ધરાજ જયસિંહનો પિતા કર્ણદેવ સોલંકી છે અને તેના કવિકલ્પિત વસ્તુમાં ઐતિહાસિક તત્ત્વો બીજરૂપે મળે છે.

ગુજરાતને માટે એ એક ગૌરવનો વિષય છે કે ભારતના બીજા કોઈ પણ રાજવંશ કરતાં ગુજરાતનાં ૩૦૦ વર્ષ જેટલા લાંબા શાસનકાળવાળા ચૌલુક્યવંશના ઇતિહાસની સામગ્રી અતિવિપુલ પ્રમાણમાં મળી શકી છે તેવું ડૉ. બ્યૂલર જેવાએ પણ કબૂલ કર્યું છે. [જુઓ 'ઇંડિયન ઍન્ટિક્વરી,' ગ્રન્થ ૬, પૃ. ૧૮૦]

ગુજરાતના ઇતિહાસના આલેખનના વિષયમાં વિક્રમના ૧૨મા શતકના ઉત્તરાર્ધમાં તથા ૧૩માના પૂર્વાર્ધમાં થઈ ગયેલા, ગુજરાતના બે મહાન્ રાજાઓ સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાલના સમકાલીન અને કલિકાલસર્વજ્ઞનું બિરુદ પ્રાપ્ત કરનારા મહાન્ જૈન આચાર્ય શ્રીહેમચન્દ્રસૂરિનું સ્થાન મોખરે છે. તેમણે 'ગુજરાતના નાથ' સિદ્ધરાજ જયસિંહની પ્રેરણાથી सिद्धहेमशब्दानुशासन નામક નૂતન સંસ્કૃત-પ્રાકૃત વ્યાકરણ રચ્યું છે, જેના આઠ અધ્યાય છે અને દરેક અધ્યાય ચાર ચાર પાદમાં વહેંચાયેલો છે. આ બત્રીસે પાદને અન્તે પ્રશસ્તિનો એક-એક શ્લોક મૂકી તેમાં ગુજરાતમાં ચૌલુક્યવંશના સ્થાપક મૂળરાજથી માંડીને પોતાના સમકાલીન અને શિષ્ય કુમારપાલ સુધીના આઠે રાજાઓની ક્રમબદ્ધ નામાવલિ આપેલી છે. આ વ્યાકરણના નિયમોનાં તે જ ક્રમમાં ઉદાહરણો આપવા અર્થે ગુજરાતના આ મહાન્ સાહિત્યાચાર્યે સંસ્કૃત-પ્રાકૃત દ્વ્યાશ્રયકાવ્યની રચના કરી છે, જેમાં ઉપરિનિર્દિષ્ટ ૩૨ શ્લોકોને વિસ્તારીને મૂલરાજ (વિ. સં. ૯૯૮થી ૧૦૫૩)થી કુમારપાલ (વિ. સં. ૧૧૯૯થી ૧૨૨૯) પર્યન્તનો ઇતિહાસ વણી લેવાનો પ્રશસ્ય પ્રયત્ન કરેલો છે. આમાં વલભીપુરના પ્રખ્યાત કવિ ભટ્ટિ(આશરે ઈ. સ. ૫૦૦ – ૬૫૦)ના વ્યાકરણકાવ્ય रावणवध અથવા भट्टिकाव्यની સરસાઈ કરવાનો પ્રયાસ હોવાનો સંભવ છે. તે ગમે તે હોય,

પરંતુ ગુજરાતનો ૨૩૦ વર્ષનો ક્રમબદ્ધ ઇતિહાસ નિદર્શતો આ પ્રથમ જ ગ્રન્થ છે, અને તે દૃષ્ટિએ તેનું મૂલ્ય ઘણું છે.

બીજી રીતે પણ આ કાવ્યનું મહત્ત્વ ઘણું છે. મૂલરાજ જ્યારે પાટણનો અધિપતિ થયો ત્યારે તે પ્રદેશ તો 'सारस्वतमण्डल' તરીકે જ ઓળખાતો હતો. (મૂળરાજના પોતાના વિ. સં. ૧૦૪૩ના દાનપત્રમાં પણ આ જ નામ આપેલું છે.) મૂલરાજ જ્યાંથી આવ્યો તે રાજપૂતાનામાંના શ્રીમાલ-ભિન્નમાલની આસપાસનો પ્રદેશ ત્યારે 'गुर्जरात्र – गुज्जरत्ता – गुर्जरदेश' ગણાતો. ગુર્જરેશ્વર મૂલરાજ સારસ્વતમણ્ડલનો રાજા બન્યો તે પછી ગુર્જરેશનો પ્રદેશ તે 'गुर्जरमण्डल–गुर्जरदेश–गुर्जरात्र–गुज्जरत्ता' ગુજરાત કહેવાયો. આમ આપણા પ્રદેશને 'ગુજરાત' નામ પણ મૂળરાજના સમયમાં જ મળ્યું. ('ગુજરાત' વિષે વિશેષ ચર્ચા માટે જુઓ ડૉ. ભોગીલાલ સાંડેસરાકૃત 'ઇતિહાસની કેડી' પૃ. ૧૩૧–૧૫૨) તદુપરાન્ત, આ પ્રદેશ સમૃદ્ધિની ઉચ્ચતમ કોટિએ પણ આ સોલંકીયુગમાં જ – સિદ્ધરાજ અને કુમારપાલના શાસનસમયમાં – પહોંચેલો. આ રીતે પુરાણકથાનુસાર જેનો મૂળપુરુષ બ્રહ્માના ચુલુક એટલે ખોબામાંથી ઉત્પન્ન થયેલો મનાય છે તે ચૌલુક્ય કે સોલંકીવંશનો યુગ ગુજરાતના ઇતિહાસમાં સૌથી વધારે મહત્ત્વનો યુગ ગણાય, અને દ્વ્યાશ્રયમહાકાવ્ય પણ આ જ યુગનો ઇતિહાસ આપતું હોવાથી ગુજરાતના ઇતિહાસની દૃષ્ટિએ તેનું મહત્ત્વ અદ્વિતીય છે.

ઇતિહાસ અને વ્યાકરણ એ બે આલમ્બનોને કારણે આ અઠ્ઠાવીસ સર્ગના મહાકાવ્યને 'द्व्याश्रय' નામ આપવામાં આવ્યું છે. પ્રથમ વીસ સર્ગના સંસ્કૃત દ્વ્યાશ્રયકાવ્યમાં મૂળરાજ સોલંકીની કારકિર્દીથી તે કુમારપાલના શાસનકાલ સુધીનો ઇતિહાસ આલેખી આઠ સર્ગના પ્રાકૃત દ્વ્યાશ્રયકાવ્યમાં કુમારપાલની અધૂરી કથાની પૂર્તિ કરવામાં આવી છે. આથી પ્રથમ વિભાગને 'चौलुक्यवंशोत्कीर्तन' તથા દ્વિતીય વિભાગને 'कुमारपालचरित' પણ કહેવામાં આવે છે.

હવે આપણે આ કાવ્યનું સંક્ષિપ્ત વસ્તુનિરીક્ષણ કરી લઈએ.

પહેલા સર્ગમાં અણહિલપાટક – પાટણ, રાજા મૂલરાજ, પ્રજાની સુખસમૃદ્ધિ તથા રાજાપ્રજાપ્રીતિનું સુંદર વર્ણન આપી પછીના ચાર સર્ગમાં સૌરાષ્ટ્રના પ્રજાપીડક ગ્રાહરિપુ ઉપરનો મૂલરાજનો વિજય વર્ણવ્યો છે. આ નિમિત્તે બન્ને પક્ષે ઉપસ્થિત અનેક રાજાઓનાં નામ આપવામાં આવ્યાં છે. ગ્રાહરિપુને તેની સ્ત્રીઓની આજીજીથી આંગળી કાપી છોડી મૂકયો, જ્યારે તેનો મિત્ર કચ્છનો લક્ષરાજ—લોકકથાઓનો લાખો ફુલાણી—યુદ્ધમાં હણાયો.

છઠ્ઠા સર્ગમાં અંગ, વિન્ધ્ય, પાણ્ડુ, સિન્ધુ, વનવાસ (ઉત્તર કાનડા), શરજાચલ (દેવગિરિ), કોલ્લાપુર, કશ્મીર (તેના રાજા માટે 'कीर' શબ્દ વાપર્યો છે, શ્લોક ૨૩), કુરુ અને પાંચાલ (હિમાલયની તળેટીથી ચમ્બલ નદી સુધીનો પ્રદેશ, જેની રાજધાની કામ્પીલ્યનગરમાં હતી) જેવા દૂર–દૂરના દેશોના રાજાઓ તરફથી મૂલરાજને ચરણે આવેલી વિશિષ્ટ ભેટોનું વર્ણન છે, જે પછી લાટના દ્વારપે મોકલેલ નિષિદ્ધ લક્ષણોવાળા ગજરાજને નિમિત્ત બનાવી તેના ઉપર યુવરાજ ચામુણ્ડરાજે મેળવેલો વિજય આલેખેલો છે.

સાતમા સર્ગમાં કાશી તરફ જતા ચામુણ્ડરાજ(વિ. સં. ૧૦૫૩થી ૧૦૬૬)ને માલવાના રાજાએ લૂંટતાં તેનો પુત્ર વલ્લભરાજ (વિ. સં. ૧૦૬૬) તેની આજ્ઞાથી માલવા પ્રતિ પ્રયાણ કરે છે, પરન્તુ માર્ગમાં જ શીતળાના અસાધ્ય વ્યાધિથી તેનું મૃત્યુ થાય છે અને એ વાત છુપાવી સૈન્ય પાછું ફરે છે.

વલ્લભરાજ પછી રાજ્યારૂઢ થયેલા તેના ભાઈ દુર્લભરાજ (વિ. સં. ૧૦૬૬–૧૦૭૮) સાથેના મારવાડ (मरु) ના રાજા મહેન્દ્રની બહેન દુર્લભદેવીના સ્વયંવરલગ્નનું તથા તે નિમિત્તે દુર્લભરાજના બીજા ઘણા રાજાઓ સાથેના યશઃપ્રદ યુદ્ધનું વર્ણન પણ આ જ સર્ગમાં આવે છે.

આઠમા સર્ગમાં દુર્લભરાજના નાનાભાઈ નાગરાજના પુત્ર ભીમદેવ કે ભીમરાજ (વિ. સં. ૧૦૭૮–૧૧૨૦)ના યશસ્વી અને નીતિમય શાસનનું તેમ જ પરાક્રમી સિન્ધુરાજ હમ્મુકને તેણે દ્વન્દ્વયુદ્ધ કરી હરાવેલો તેનું સુન્દર આલેખન મળે છે.

સિન્ધુવિજય પછી નવમા સર્ગમાં ભીમદેવ ચેદિ (મધ્યપ્રદેશ) તરફ વળ્યો, પરન્તુ તેના દૂત દામોદર દ્વારા (કર્ણાટક, ગુજરાત અને ચેદિ ત્રણેએ સાથે હુમલો કરી હરાવેલા) માલવપતિ ભોજની સુવર્ણમણ્ડપિકા અને બીજાં નજરાણાં મોકલી ચેદિરાજે સન્ધિ કરી લીધી.

પરાક્રમી ભીમ પછી તેના જ્યેષ્ઠ પુત્ર ક્ષેમરાજે રાજ્ય ન સ્વીકારતાં નાના કર્ણરાજ(વિ. સં. ૧૧૨૦ – ૧૧૫૦)ને ગાદી મળે છે. કર્ણ અને દક્ષિણમાં આવેલા ચન્દ્રપુરના જયકેશીની પુત્રી મયણલ્લાદેવી(મીનળદેવી)ના ચિત્રદર્શનથી ઉદ્‌ભવેલા પ્રેમલગ્નનું અતિસુન્દર ચિત્રણ પણ આ જ સર્ગમાં આવે છે.

દશમા સર્ગમાં કર્ણરાજના તપથી પ્રસન્ન થઈ શ્રીલક્ષ્મી પ્રતાપ તેમ જ પુત્ર માટે વરદાન બક્ષે છે, અને ૧૧મામાં "ગુજરાતનો નાથ" જયસિંહ (વિ. સં. ૧૧૫૦–૧૧૯૯) શાસક બને છે.

બારમા સર્ગમાં શ્રીસ્થળ(સિદ્ધપુર)ના બ્રાહ્મણોને પરેશાન કરનાર રાક્ષસરાજ (ખરી રીતે ભિલ્લરાજ) બર્બરક સાથે દ્વન્દ્વયુદ્ધ કરી જયસિંહ તેને પોતાનો દાસ બનાવે છે અને તેને શ્રીસ્થળનો જ રક્ષક સ્થાપે છે. "બાબરા ભૂત" તરીકે લોકપ્રવાદમાં ખ્યાતિ પામેલા એ ભિલ્લરાજના ચમત્કારોનો પણ કવિ અહીં પરિચય કરાવે છે.

તેરમા સર્ગમાં બીજો એક રસિક પ્રસંગ વર્ણવેલો છે. મહારાજા જયસિંહ રાત્રે વિક્રમની માફક, વેષપરિવર્તન કરીને પ્રજાનાં સુખદુઃખ તથા વિચારો જાણવા નીકળી પડતો. એક રાત્રે કોઈ સ્ત્રીના કરુણ શબ્દો તેને કાને પડતાં તે તે બાજુ ગયો અને પૃચ્છા કરતાં આ પ્રમાણે જાણવા મળ્યું:

પાતાલમાં નાગલોકની ભોગવતી નામની નગરીમાં વાસુકિનો માનીતો નાગરાજ રત્નચૂડ રહેતો હતો. તેના પુત્ર કનકચૂડ નાગે એક વખત પોતાના સહાધ્યાયી દમન સાથેના વાદવિવાદમાં પત્નીને હોડમાં મૂકી. અહીં તેણે ભૂલ કરેલી અને સ્વાભાવિક રીતે જ દમન લવલીની વેલીને હેમન્તઋતુમાં પુષ્પો આવે છે તેવું પ્રત્યક્ષ બતાવી જીતી ગયો. છતાં કનકચૂડ પાસે પત્નીની મુક્તિનો એક ઉપાય હતો.

ઘણા સમય પહેલાં વરુણના વરદાનને પ્રતાપે હુલ્લડ નામના ફણીએ પાતાલલોકને જલમાં ડુબાડવાનો વિચાર કરેલો, જેથી ગભરાયેલા નાગો તેને શરણે ગયેલા અને હુલ્લડે શાસન ફરમાવેલું કે પ્રતિવર્ષ ઉત્તરાયણે એક એક નાગે કાશ્મીરમાં કાયમ રહેતા પોતાની સ્તુતિપૂજા કરવા આવવું. તે બાદ હિમથી દુર્ગમ તેવા કાશ્મીર દેશમાં હુલ્લડ ચાલ્યો ગયો અને પૂર્વે 'સમગ્ર પૃથ્વીને પણ ઉખેડી નાખીએ' એવાં બણગાં ફૂંકનારા સર્પો હુલ્લડના કોપના ભયથી દર વર્ષે વારા પ્રમાણે નિયમિત રીતે તેની પૂજા અર્થે જવા લાગ્યા. આ વર્ષે દમનનો વારો આવ્યો હતો; એટલે હિમના દાહથી બચવા તેણે કનકચૂડ પાસે શરત મૂકી કે જો તે તેને હિમઘ્ન ઔષ લાવી આપે તો પોતે તેની પત્નીને પણમાંથી મુક્ત કરે. આથી છેલ્લો દાવ અજમાવવા કનકચૂડ પાટણ આવેલો અને એક ઊંડા કૂવામાથી ઔષ લાવવા તે તેમાં પડવા જતો હતો, પરંતુ તે અંધારો કૂવો વજ્રમુખી મક્ષિકાઓથી વ્યાપ્ત હોવાથી તેમાંથી જીવતા પાછા આવવાની આશા રખાય તેમ ન હતું, તેથી તેની પત્ની પણ સહગમન કરવા તત્પર થઈ હતી અને પોતાને ન વારવા પતિને વિનવતી હતી.

આ વૃત્તાન્ત સાંભળી આશ્વાસન આપી બાહોશ રાજા જયસિંહદેવે કાંઠા પરના વેતસવૃક્ષને વેગપૂર્વક મારવા માંડ્યું. તેના અવાજથી કૂવામાંથી માખીઓ એકદમ ઊડી ઉપર આવતી રહી. પછી

નિર્મક્ષિક બનેલા કૂવામાં રાજાએ વિનાવિલંબે ઝંપલાવ્યું અને ઊષનો ઘડો (ઘટી) ભરીને તત્કાળ બહાર કૂદી આવ્યો, અને ઊષ સાથે તે નાગદમ્પતીને બર્બરકાદિના રક્ષણ નીચે પાતાલમાં મોકલી દીધું. (કદ્રૂ અને વિનતાની પૌરાણિક કથા અહીં સરખાવવા યોગ્ય છે. નાગ લોકો સાથેનો ગુજરાતનો ઐતિહાસિક સંબંધ પૌરાણિક જેવા લાગતા આ કથાનક દ્વારા વર્ણવાયો છે એમ સમજવું?)

ચૌદમા સર્ગમાં પણ ચમત્કારકથા આવે છે. યોગિનીઓના ચમત્કારને ન ગણકારતાં પોતાની પ્રતિમા બનાવી કામણપૂર્વક તેને બાળી નાખવાને પ્રવૃત્ત થયેલી બહુરૂપી યોગિની કાલિકાને હરાવી કર્મવીર જયસિંહે માળવાના વિદ્યાપ્રેમી રાજા યશોવર્મા ઉપર ચિરસ્મરણીય વિજય પ્રાપ્ત કર્યો અને અન્તે પંદરમા સર્ગમાં તે ભગવાન સોમનાથની કૃપાથી સુવર્ણસિદ્ધિ મેળવી "सिद्धराज" બન્યો. કેદારનાથના માર્ગને તેણે દુરસ્ત કરાવેલો, શ્રીસ્થળમાં રુદ્રમહાલય તથા જૈન ચૈત્ય બંધાવેલાં, પાટણમાં સહસ્રલિંગ તળાવ અને જૈન તથા જૈનેતર મન્દિરો બંધાવેલાં, સૌરાષ્ટ્રમાં સિંહપુર(શિહોર)ની સ્થાપના કરેલી—આ બધી વિગત પણ આ સર્ગમાં મળે છે.

સોળમા સર્ગથી કુમારપાલની કથા શરૂ થાય છે અને ત્રણ સર્ગમાં સપાદલક્ષ (અજમેર)ના, આન્નરાજે તેના હાથે ખાધેલી હારનું મનોહર વર્ણન આપેલું છે; જ્યારે ઓગણીસમા સર્ગમા કુમારપાલ આન્ન (અર્ણોરાજ)ની પુત્રી જલ્હણાને પાટણમાં પરણે છે અને તેનો બ્રાહ્મણ સેનાપતિ કાક—શ્રી મુનશીની નવલકથાઓમાં અમર બનેલો મંજરીપતિ કાક—અવન્તિના બલ્લાલ પર વિજય પ્રાપ્ત કરે છે. સ્વાભાવિક રીતે જ ઉભયપક્ષસ્થ બીજા અનેક રાજાઓનો ઉલ્લેખ અહીં મળે છે.

આજે પણ ગુજરાત ઉપર જેની અસર છે તે કુમારપાલની પ્રખ્યાત अमारिघोषणाનું વિશમા સર્ગમાં વિસ્તૃત વર્ણન આપેલું છે. આમલકૈકાદશી(ફાલ્ગુન શુક્લ ૧૧)ના વૈષ્ણવ પર્વના દિવસે ત્રણ–ચાર દીન પશુઓને ખાટકીને ત્યાં વેચવા ખેંચી જતા એક માણસને જોઈ દયાર્દ્ર બનેલા તે મહારાજાએ મૃષાભિભાષણ, પરદારગમન, જન્તુવધ, માંસભક્ષણ અને મદ્યપાનનો નિષેધ ફરમાવ્યો તેટલું જ નહિ, પણ તેથી જેને નુકસાન થાય તેમ હતું તેવા બધાને ત્રણ ત્રણ વર્ષ ચાલે તેટલું ધાન્ય આપ્યું જેથી પોતાની આજ્ઞાનો કડક અમલ થાય. તદુપરાન્ત, એક મધ્યરાત્રે કોઈ સુન્દરીનું કરુણ રુદન સાંભળી રાજા તે તરફ ગયો તો એક વૃક્ષ સાથે પાશ બાંધી તે આત્મહત્યાની તૈયારી કરતી હતી. પૃચ્છા કરતાં જણાયું કે તે યુવતીના પુત્ર તેમ જ પતિ ગુજરી જવાથી નિયમ મુજબ તેનું સઘળું ધન રાજાને જશે અને તેથી તે સાવ નિરાધાર થઈ જતાં આત્મહત્યા એ જ તેના માટે એકમાત્ર માર્ગ હતો. કૃપાળુ રાજાએ તેને આશ્વાસન આપ્યું કે "राजायं तेऽर्थं न ग्रहीता ग्रहीता"—"આ રાજા તારું ધન નહીં લઈ લે, નહીં લઈ લે"—અને વિનાવિલંબે અપુત્રમૃતધન પરનો રાજ્યનો હક ઉઠાવી લીધો.

આ રીતે મધ્યયુગમાં સમાજસુધારણાનો નવો ચીલો પાડનાર અને કેદારપ્રસાદ તથા સોમનાથ-મન્દિરનો જીર્ણોદ્ધાર કરાવી સ્વપ્નાદેશાનુસાર ગૂર્જરપુર–પાટણ–માં કુમારપાલેશ્વરની સ્થાપના કરનાર તેમ જ પાર્શ્વનાથનાં ચૈત્યો બંધાવનાર લોકપ્રિય રાજા કુમારપાલને આ પ્રમાણે આશીર્વાદ આપી સંસ્કૃત દ્વયાશ્રય કાવ્ય પૂરું થાય છે.

> आयुष्मान् भव भूपता ३ इ अजय ३ (:) शान्त्या ३ सुबुद्धा ३ वृषी (३) ज्
> जिष्णा ३ वूर्जं तदै ४ न्दवे जय चिरं चौलुक्यचूडामणे ।
> क्ष्मानृण्यीकरणात्प्रवर्तय निजं संवत्सरं चेत्यृषि—
> ष्वाघोषत्सु सदा नृपः पदविधिर्यद्वत्समर्थोभवत् ॥१०॥

અર્થાત્—"હે રાજા! તું આયુષ્માન્ થા. હે સુબુદ્ધિ! શાન્તિમાં તું ઋષિઓથી પણ ચઢી જા. હે જિષ્ણુ! તું બલિષ્ઠ બન. હે ચન્દ્રવંશી! હે ચૌલુક્યચૂડામણિ! ચિરકાલપર્યન્ત વિજયી થા! અને પૃથ્વીને

ઋણમુક્ત બનાવીને પોતાનો સંવત્સર પ્રવર્તાવે ”–આ પ્રમાણે ઋષિઓ જ્યારે ઘોષણા કરતા (આશીર્વચન ઉચ્ચારતા) હતા ત્યારે રાજા (કુમારપાલ), જેમ કોઈ પણ પદ હમેશાં સમ્–અર્થ—અર્થ સાથે જ યોજાય છે તેમ, સમર્થ—શક્તિસંપત્તિવાળો—થયો.’

પ્રાકૃત દ્વયાશ્રયકાવ્ય કુમારપાલની આ અધૂરી કથા પૂરી કરે છે. પ્રથમ પાંચ તથા છઠ્ઠા સર્ગના પૂર્વાર્ધમાં પાટણનું, રાજા તથા પ્રજાની સમૃદ્ધિનું, મન્દિરો તથા સવારીની જાહોજલાલીનું અને રાજાની ઉદારતા તેમ જ ભક્તિ ઇત્યાદિનું વર્ણન મળે છે. છઠ્ઠા સર્ગના ઉત્તરાર્ધમાં કોંકણના મલ્લિકાર્જુન ઉપરના કુમારપાલના વિજય ઉપરાન્ત મથુરા. ચેદિ, દશાર્ણ, કાન્યકુબ્જ, મગધ, ગૌડ, સિન્ધ, શ્રીનગર, ત્રિલિંગ, કાંચી વગેરે ઉપરની તેની સત્તા આલેખેલી છે.

છઠ્ઠા સર્ગમાં જંગલ(જાંગલ)ના રાજાએ કરેલી સ્તુતિ સુણી સૂતેલો કુમારપાલ સાતમામાં જાગ્રત થઈ કર્તવ્યચિન્તન કરે છે અને અન્તે આઠમા સર્ગમાં, તેની વિનતિથી, શ્રુતદેવી સરસ્વતી ધર્મોપદેશ આપે છે.

ઉપરના અવલોકનપરથી ગુજરાતની આણ કેટલા દૂર-દૂરના પ્રદેશોમાં વર્તતી હતી તેનો ખ્યાલ આવે છે. હેમચંદ્રાચાર્યની બીજી અતિબૃહદ્ કૃતિ त्रिपष्टिशलाकापुरुषचरितमहाकाव्यના દશમા પર્વના ચોથા સર્ગનો બાવનમો શ્લોક કુમારપાલના ગુજરાતની શાસનસીમા આ પ્રમાણે જણાવે છે :

“ स कौबेरीमातुरुष्कमैन्द्रीमात्रिदशापगाम् ।
याम्यामाविन्ध्यमावार्धि पश्चिमां साधयिष्यति ॥ ”

અર્થાત્–“ તે (કુમારપાલ) ઉત્તર દિશાને તુર્કસીમા સુધી, પૂર્વને ગંગાપર્યન્ત, દક્ષિણને વિન્ધ્યાચળ સુધી અને પશ્ચિમ દિશાને સમુદ્ર સુધી સાધશે–જીતશે.” અહીં ‘ साधयिष्यति ’ એ ભવિષ્યકાળ વાપરેલો છે તેનું કારણ એ છે કે આ શ્લોક ભગવાન્ મહાવીરના મુખમાં ભવિષ્યવાણીના રૂપમાં મૂકેલો છે.

આ સંક્ષિપ્ત અવલોકનપરથી જણાય છે કે એવા કેટલાક પ્રસંગો છે જે અન્ય પ્રબન્ધો તેમ જ ઉત્કીર્ણ લેખો દ્વારા સિદ્ધ થઈ ચૂકેલા છે અને છતાં દ્વયાશ્રય જેવા સમકાલીન ગ્રન્થમાં નિર્દેશ પણ પામતા નથી. તે જ પ્રમાણે બીજા પણ એવા પ્રસંગો દ્વયાશ્રયમાં મળે છે—વિશેષતઃ ચમત્કારયુક્ત—જેને ઇતિહાસ સાથે બહુ સંબંધ ન હોઈ શકે.

મૂળરાજનો ચાવડાઓ સાથેનો સંબંધ, તેનો શાકમ્ભરી(અજમેર)ના વિગ્રહરાજને હાથે થયેલો પરાભવ, માળવાના ભોજે ભીમને આપેલી હાર, નાડૂલ(નાડોલ)ના અણહીલ–અહિલને હાથે ભીમદેવનો પરાજય, ભીમના જ સમયમાં થયેલું મહમૂદ ગઝનવીનું સુપ્રસિદ્ધ સોમનાથ-આક્રમણ, માળવા અને શાકમ્ભરીના રાજાઓએ કરેલો કર્ણનો પરાજય, અને સિદ્ધરાજના શાસનકાળ દરમ્યાન કુમારપાળની વર્ષોની રખડપટ્ટી – જેવા પ્રસંગોનો નિર્દેશ પણ આ કાવ્યમાં મળતો નથી. જે વંશનું પોતે ઉત્કીર્તન કરે છે તથા જે કુલના રાજાના પ્રોત્સાહનથી ગ્રન્થ રચાય છે, તેને કલંકરૂપ લાગતા પ્રસંગોનો સમાવેશ પોતાની કૃતિમાં ન કરવાનો કવિનો હેતુ આ મૌનના મૂળમાં હોઈ શકે.

સંસ્કૃત દ્વયાશ્રયકાવ્યનો ગુજરાતી અનુવાદ ઈ. સ. ૧૮૯૩માં પ્રકટ થયેલો. અનુવાદક શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદી એવો તર્ક કરે છે કે મહમૂદના સોમનાથ-આક્રમણની વાત મુસલમાનોએ ઉપજાવી કાઢી પણ હોઈ શકે. “ ભારતમેં અંગ્રેજી રાજ ”ના પ્રખ્યાત લેખક પં. સુન્દરલાલજીએ પણ એવું અનુમાન કરેલું છે. પરન્તુ એવી શંકા લાવવાનું કોઈ કારણ નથી. વિ. સં. ૧૨૨૫માં કુમારપાલે સોમનાથના પાશુપતાચાર્ય ભાવબૃહસ્પતિની દેખરેખ નીચે સોમનાથના મન્દિરનો જીર્ણોદ્ધાર કરાવેલો.

તે નિમિત્તે આલેખાયેલી સોમનાથની ભાવબૃહસ્પતિની પ્રશસ્તિમાં ભીમદેવે પથ્થરનું મન્દિર બંધાવ્યાનું સ્પષ્ટ કથન છે. પહેલાંનું લાકડાનું મન્દિર મહમૂદે તોડ્યા પછી આ પથ્થરનું બંધાવ્યું હોય તેમ કેમ ન બને? મહમૂદના સમકાલીન અલ્બેરુની ઉપરાન્ત ૧૪મા શતકના પ્રારંભમાં થઈ ગયેલા શ્રીજિનપ્રભસૂરિ પણ તેમના विविधतीर्थकल्पમાં સોમનાથખંડનનો ઉલ્લેખ કરે છે. આ વિષયમાં માળવાના પ્રખ્યાત કવિ ધનપાલનો પણ ટેકો મળે છે એવું મુનિશ્રી જિનવિજયજીએ "જૈનસાહિત્યસંશોધક"ના ત્રીજા ગ્રન્થમાં સિદ્ધ કર્યું છે. તે જ દિવસોમાં (૧૧મી સદીના અન્ત અને ૧૨મીના પ્રારંભમાં) થઈ ગયેલા આ કવિએ સ્વરચિત सत्यपुरमण्डनના श्रीमहावीर–उत्साहમાં મહમૂદના પરાક્રમની નોંધ કરી છે, જે સોમનાથ-આક્રમણને કલ્પિત માનનારને સચોટ જવાબરૂપ થઈ પડશે : જુઓ તેનો ત્રીજો જ શ્લોક :

> भञ्जेविणु सिरिमाल देसु अनु अणहिलवाडउं
> चड्डावलि सोरट्ठु भग्गु पुणु देउलवाडउं ।
> सोमेसरु सो तेहि भग्गु जणयणआणंदणु
> भग्गु न सिरि सच्चउरि वीरु सिद्धत्थह नंदणु ॥

અહીં સ્પષ્ટ રીતે કહ્યું છે કે સિરિમાલ–શ્રીમાલ–ભિન્નમાલ, અણહિલવાડ (પાટણ), ચડ્ડાવલિ–ચન્દ્રાવતી (આબુની તળેટીમાં આવેલું), સોરઠ, દેલવાડા અને સોમેસરુ–સોમેશ્વર–શ્રીસોમનાથ ભાંગ્યાં; ન ભાંગ્યું એક સિરિ સચ્ચઉરિ–શ્રીસત્યપુરી–સાચોર. હેમચન્દ્રાચાર્ય જેવા સમર્થ લેખકે આવા મોટા બનાવનો નિર્દેશ પણ કર્યો નથી તે માટે ઉપર કારણ આપ્યું છે. દિલ્હીના રાજા વજ્રદેવે ભીમ અને બીજા રાજાઓનો સહકાર મેળવી, નાસતા મહમૂદના પાછલા લશ્કરને હરાવેલું અને થાણેશ્વર વગેરે કબજે કરી લીધેલા. દ્વયાશ્રયના આઠમા સર્ગના શ્લોક ૪૦થી ૧૨૫ સુધી ભીમે સિન્ધુરાજ હમ્મુકને હરાવેલો તેનું વિસ્તૃત વર્ણન આપેલું છે. વજ્રદેવના સહાયક અન્ય રાજાઓના તુરુષ્કવિજયનું કથન ઉત્કીર્ણ લેખોમાં મળે છે. આથી અનુમાન થાય છે કે દ્વયાશ્રયનું આ વર્ણન તે ઉપરના સમૂહવિજયનું હશે.

રાણકદેવી તથા જસમાના પ્રચલિત પ્રસંગો પણ ઉપર દર્શાવેલા કારણે જ નહીં આપ્યા હોય. છતાં માલવાવિજયનું વર્ણન તો છે જ, જેને ઉત્કીર્ણલેખોમાંના "अवन्तिनाथ" બિરુદથી ટેકો મળે છે અને સિદ્ધરાજના જ વિ. સં. ૧૧૯૬ના દોહદના લેખના સ્પષ્ટ શબ્દો છે કે :

> "श्री जयसिंहदेवोऽस्ति भूपो गूर्जरमण्डले ।
> येन कारागृहे क्षिप्तौ सुराष्ट्रमालवेश्वरौ ॥"

અર્થાત્–"ગૂર્જરમણ્ડલમાં શ્રીજયસિંહદેવ રાજા છે જેણે સુરાષ્ટ્ર (સૌરાષ્ટ્ર) તથા માલવાના રાજાઓને કારાગૃહમાં નાખ્યા છે."

વળી દ્વયાશ્રયના ૧૫મા સર્ગનો ૯૭મો શ્લોક કહે છે કે સૌરાષ્ટ્રમાં શત્રુંજય પર્વત પાસે તેણે સિંહપુર (શિહોર) વસાવ્યું :

> "सोऽत्र सौपन्थ्य-सांकाश्य-सौतङ्गमिपुरोपमम ।
> स्थानं सिंहपुरं चक्रे द्विजानां मौनिचित्तिजित् ॥"

અર્થાત્–"તે મૌનિચિત્તિજિત્ (રાજા)એ અહીં (શત્રુંજય પાસે) સૌપન્થ્ય, સાંકાશ્ય તથા સૌતંગમિ નગરો જેવા (સમૃદ્ધ) સિંહપુરની સ્થાપના કરી."

આ જ સમયે તેણે સિંહસંવત્સર પ્રવર્તાવ્યો હશે.

દ્વયા. ૧૫. ૫૦માં ભગવાન સોમનાથનું કૃપાવચન છે કે:

"क्ष्मानृण्यायाधुना स्वर्णसिद्ध्या त्वं भव सिद्धिराट् ॥"

અર્થાત્–"હવે પૃથ્વીને અનૃણી કરવા માટે (મદ્દત્ત) સુવર્ણસિદ્ધિ વડે તું (સંવત્સર પ્રવર્તાવનાર) સિદ્ધિરાજ થા."

તે જ પ્રમાણે વડનગરપ્રાકારપ્રશસ્તિ (વિ. સં. ૧૨૦૮)નો ૧૧મો શ્લોક પણ કહે છે કે:

"सद्यः सिद्धरसानृणीकृतजगद्गीतोपमानस्थिति—

र्जज्ञे श्रीजयसिंहदेवनृपतिः श्रीसिद्धराजस्ततः ॥"

અર્થાત્–"તત્કાળ સિદ્ધરસ વડે ઋણમુક્ત કરાયેલું જગત્ જેની ઉપમાનસ્થિતિ ગાય છે (પ્રશંસે છે) તેવો શ્રીજયસિંહદેવ રાજા પછી **શ્રીસિદ્ધરાજ** બન્યો."

આજે વધારે પ્રચલિત થયેલા તેના "સિદ્ધરાજ" નામ પાછળ આ રહસ્ય છે.

સૌરાષ્ટ્રમાંના માંગરોળનો વિ. સં. ૧૨૦૨નો ઉત્કીર્ણ લેખ સિંહસંવત્ ૩૨ આપે છે. ભીમદેવ બીજાનું વિ. સં. ૧૨૬૪નું તામ્રપત્ર સિંહ સં. ૯૩ આપે છે. આ ગણતરી મુજબ વિ. સં. ૧૧૭૦થી સિંહસંવત્સર શરૂ થયો ગણાય. ઇતિહાસવિદોનું માનવું છે કે આ સંવત્નું પ્રવર્તન સિદ્ધરાજના સૌરાષ્ટ્ર–વિજયની સ્મૃતિમાં થયું હશે.

સોમેશ્વર (ઈ. સ. ૧૧૭૯–૧૨૬૨)ની कीर्तिकौमुदी તેમ જ સમકાલીન વિજયસેનસૂરિના रेवन्तगिरिरासुમાં પણ સિદ્ધરાજના ખેંગાર પરના વિજયનો સ્પષ્ટ ઉલ્લેખ છે.

આશાપલ્લી ગામના આશાભીલને જીતી કર્ણદેવે કોછરબ દેવીનું મન્દિર, કર્ણસાગર તળાવ અને કર્ણેશ્વર મહાદેવનું મન્દિર બંધાવી કર્ણાવતી શહેર વસાવેલું તે હકીકત પણ દ્વયાશ્રયમાં જડતી નથી. આ કર્ણાવતીમાંથી આજનું અમદાવાદ વિસ્તર્યું. (વિશેષ ચર્ચા માટે જુઓ: ૨૧૦ રત્નમણિરાવનું 'ગુજરાતનું પાટનગર અમદાવાદ').

શાકમ્ભરી (અજમેર)ના આન્ન (અર્ણોરાજ) પરની જયસિંહની જીત વિષેના હેમચન્દ્રના મૌન માટે એવો લૂલો બચાવ કરી શકાય કે પાછળથી તેને સિદ્ધરાજે પોતાની પુત્રી કાંચનદેવી લગ્નમાં આપેલી. બીજા વિજયોની માફક શાકમ્ભરીવિજયનું સૂચક બિરુદ પોતે ધારણ કર્યું નથી તેથી સ્વ. દુર્ગાશંકર શાસ્ત્રી માને છે કે આ મોટો વિજય નહીં હોય પણ મૈત્રીસ્થાપના હશે. છતાં મૂળરાજે આબુના પરમાર ધરણીવરાહને પરાસ્ત કરેલો તેના અનુલ્લેખ માટે કોઈ કારણ જડતું નથી. અને આ એક મહત્ત્વનો બનાવ ગણાય, કેમકે ત્યારથી આબુપ્રદેશ ગુજરાતના શાસન નીચે આવ્યો.

વળી વંશાવલિ બરાબર આપી હોવા છતાં કાલક્રમ તો કોઈ સ્થળે આપેલો નથી.

ઇતિહાસની દૃષ્ટિએ આ મોટાં દૂષણ લેખાય. પરંતુ આપણે એ ભૂલવું ન જોઈએ કે હેમચન્દ્રાચાર્યનો હેતુ કેવળ ઇતિહાસ આલેખવાનો નથી; પણ મહાકાવ્યનાં લક્ષણો લક્ષમાં રાખી, તે પ્રમાણેનાં આવશ્યક વર્ણનો વગેરે મૂકી, પોતાના વ્યાકરણના નિયમોનાં ઉદાહરણો આપતું મહાકાવ્ય રચવાનો અને તેમાં શક્ય તેટલા ઐતિહાસિક પ્રસંગોને સાંકળી લેવાનો જ છે. એ પણ નોંધવું જોઈએ કે બહુ લાગવગવાળા, પ્રત્યક્ષ જોનાર તથા રાજ્ય–દફતરો વગેરે દ્વારા પૂર્વની હકીકત મેળવવા શક્તિમાન્ એવા હેમચન્દ્રાચાર્યે રજૂ કરેલી વિગતો અતિવિશ્વસનીય છે. ચમત્કારો અને અલંકારો તો કાવ્યમાં હોય જ. વિક્રમનું અનુકરણ કરનારો મહત્ત્વાકાંક્ષી સિદ્ધરાજ જાતે પણ પોતાના વિષે યોગિનીઓ ઇત્યાદિની અદ્‌ભુતરસભરપૂર આખ્યાયિકાઓ પ્રચલિત કરે તે પણ સમજી શકાય તેવી વાત છે. દ્વયાશ્રયમાં જેને

રાક્ષસ કહ્યો છે તે ભિલ્લરાજ બર્બરક તે પછી એક જ સૈકામાં "બાબરો ભૂત" બની જાય છે તે સોમેશ્વર (ઈ. સ. ૧૧૭૯–૧૨૬૨)ની કીર્તિકૌમુદીમાંના નીચેના ઉદ્ધરણ પરથી સ્પષ્ટ થશે :

"श्मशाने **यातुधानेन्द्रं** बद्ध्वा बर्बरकाभिधम् ।
सिद्धराजेति राजेन्दुर्यो जज्ञे राजराजिषु ॥" २·३८.

અર્થાત્ – "બર્બરક નામના શ્મશાનમાંના મોટા ભૂતને બાંધીને તે રાજચન્દ્ર રાજાઓની પંક્તિઓમાં 'સિદ્ધરાજ' બન્યો."

તામ્રપત્રોમાં સિદ્ધરાજને बर्बरकजिष्णु એવું વિશેષણ લગાડાયેલું હોવાથી આ પ્રસંગ બહુ મોટો ગણાતો હોવો જોઈએ.

પોતાના વિ. સં. ૧૨૫૬ના ભાદ્રપદ અમાસ વાર મંગળના પાટણના તામ્રપત્રમાં ભીમદેવ બીજો પોતાને "अभिनवसिद्धराज" કહેવરાવે છે. આ પછીનાં પણ કેટલાંક તામ્રપત્રોમાં આ બિરુદ મળે છે. આથી સમજાય છે કે માત્ર ૫૦ જ વર્ષમાં જયસિંહ સિદ્ધરાજ ચૌલુક્યવંશનો અનુકરણીય આદર્શ રાજા ગણાવા લાગેલો.

આ કાવ્યમાં વર્ણવેલા મૂળરાજના સૌરાષ્ટ્રવિજય તથા તેના જ શાસનકાળ દરમ્યાન ચામુણ્ડરાજના લાટવિજયને સ્વ૦ દુર્ગાશંકર શાસ્ત્રી કલ્પિત માને છે; પરન્તુ સ્વ૦ રા૦ ચુ૦ મોદીએ આનો સચોટ ઉત્તર આપેલો છે. મૂળરાજ પછી ભીમદેવ સુધી કોઈએ સૌરાષ્ટ્ર પર આક્રમણ કર્યાનું કથન મળતું નથી; જ્યારે સોમનાથની ભાવબૃહસ્પતિની પ્રશસ્તિમાં પણ ભીમદેવે સોમનાથનું પથ્થરનું મન્દિર બંધાવ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ છે, તે આપણે આગળ જોઈ ગયા. તે જ રીતે ચામુણ્ડરાજથી કર્ણદેવ સુધીના કોઈ ગુર્જરેશ્વરે લાટ જીત્યાનું સૂચન ક્યાંય મળતું નથી; જ્યારે કર્ણનું વિ. સં. ૧૧૩૧નું નવસારીનું તામ્રપત્ર તેની લાટ પરની સત્તાનું સૂચક છે. આથી આ પ્રસંગોને સત્ય માનવા પડે છે.

ઉપર ઉતારેલા સંસ્કૃત દ્વ્યાશ્રયના છેલ્લા શ્લોકમાં ઋષિઓ ચૌલુક્યચૂડામણિ રાજા કુમારપાલને પૃથ્વીને અનૃણી કરી સ્વકીય સંવત્સર-પ્રવર્તન માટે આદેશ – આશીર્વાદ આપે છે. **त्रिषष्टिशलाकापुरुषचरित**ના ૧૦મા પર્વના ૧૨મા સર્ગના ૭૭મા શ્લોકમાં શ્રી મહાવીરસ્વામીના મુખમાં મૂકેલી ભવિષ્યવાણી પણ કહે છે કે :

"दायं दायं द्रविणानि विरच्य्याऽनृणं जगत् ।
अङ्कयिष्यति मेदिन्यां स संवत्सरमात्मनः ॥"

અર્થાત્ – "તે (કુમારપાલ) દ્રવ્ય આપી આપીને જગતને ઋણમુક્ત કરીને પૃથ્વી ઉપર નિજ સંવત્સર આંકશે — પ્રવર્તાવશે."

"શ્રી જૈન સત્યપ્રકાશ"ના ૯૩મા અંકમાં મુનિશ્રી પુણ્યવિજયજીએ શત્રુંજયની ચોમુખજીની ટૂકના મૂળ મન્દિરના દરવાજાની ડાબી બાજુની એક ધાતુપ્રતિમા ઉપરનો લેખ પ્રકાશિત કરેલો, જેમાં "श्रीसिद्धहेमकुमार सं ४" આપેલી છે. હેમચન્દ્રાચાર્યના પોતાના "अभिधानचिन्तामणि" કોશમાં એક સ્થળે (૬. ૧૭૧) 'संवत्'નો અર્થ સમજાવતાં કહ્યું છે કે :

"यथा विक्रमसंवत् सिद्धहेमकुमारसंवत्"

આથી વિશેષ પ્રકાશ આ વિષય પર અદ્યપર્યન્ત પડ્યો નથી, પરન્તુ કુમારપાલની નૂતન સંવત્સર પ્રવર્તાવવાની તીવ્ર ઇચ્છા ફલીભૂત થઈ હશે, જેને પરિણામે સિદ્ધરાજ, હેમચન્દ્રાચાર્ય અને કુમારપાલ એ ત્રણે વિભૂતિઓનાં નામથી અંકિત આ સંવત્સર શરૂ થયો હશે.

ટૂંકમાં, દ્વયાશ્રયમાં આવેલો કોઈ ઐતિહાસિક પ્રસંગ ઉપજાવી કાઢેલો—કલ્પિત નથી. ઊલટું, અન્ય પ્રબન્ધો ઉપરાન્ત પુષ્કળ ઉત્કીર્ણ લેખો અને તામ્રપત્રોએ હેમચન્દ્રે આપેલી હકીકતને પુષ્ટિ આપેલી છે. ચૌલુક્યોની દ્વયાશ્રયમાંની વંશાવલિ પણ આ લેખોમાં તે જ ક્રમમાં જોવા મળે છે. અને ઐતિહાસિક પ્રસંગોનો નિર્દેશ દ્વયાશ્રયકાવ્યમાં નથી કરાયો, તેમાંના કેટલાક માટે કદાચ મૌખિક આખ્યાયિકાઓ ઉપરાન્ત વિશેષ સબળ પુરાવા મળ્યા ન પણ હોય. જો તેમ જ હોય, તો તે કવિની સજાગવૃત્તિ જ સૂચવે છે. સ્વ૦ રા૦ ચુ૦ મોદી કહે છે તેમ, શ્રી હેમાચાર્યે આ કાવ્યમાં પુરાવા વિનાની વિગતો ત્યજીને તથા કેવળ આખ્યાયિકાઓને વિના સંશોધને નહિ સ્વીકારતાં, એક સાચા ઇતિહાસકારને શોભે તેમ, યોગ્ય તુલનાપૂર્વક ઐતિહાસિક પ્રસંગોને સંગ્રહ્યા છે. દા૦ ત૦ માળવા પર ચઢેલા વલ્લભરાજને માર્ગમાં જ મૃત્યુ પામેલો ન વર્ણવતાં માળવા પર વિજય મેળવી પાછો આવતો ચીતરી કવિ કાવ્યને ઓપ પણ આપી શકત, પરન્તુ હકીકતને ફેરવવાનું આ સંયમી આચાર્યને રૂચ્યું નથી. જ્યારે જયસિંહસૂરિ(ઈ. સ. ૧૩૬૬)એ તો પોતાના कुमारपालचरितમાં ચામુણ્ડરાજના હાથે માલવપતિ સિન્ધુરાજને હણાવ્યો છે ! આવી ઝીણી બાબતો પણ द्व्याश्रयमहाकाव्यનું મહત્ત્વ વધારે છે.

તત્કાલીન ગુજરાતની સમાજસ્થિતિ તથા સંસ્કૃતિ ઉપર પણ આ કાવ્ય ઘણો પ્રકાશ પાડે છે, જે એક સ્વતંત્ર નિબન્ધ માગી લે છે.

આ સર્વતોમુખી અવલોકનથી પ્રતીતિ થાય છે કે ભારતના સાંસ્કૃતિક અને રાજકીય ઇતિહાસના સાહિત્યમાં આ કાવ્યનું સ્થાન બહુ ઊંચું રહેશે. ખરેખર, ગુજરાતના બે સૌથી વધારે પ્રભાવશાળી મહારાજાધિરાજો ઉપર પરમ પ્રભાવ પાડનાર આચાર્ય શ્રીહેમચન્દ્રને ગુજરાતના પ્રથમ ઇતિહાસકાર ગણવામાં અને દ્વયાશ્રયમહાકાવ્યને ગુજરાતના પ્રથમ ઇતિહાસકાવ્ય તરીકે નવાજવામાં લેશ પણ અતિશયોક્તિ નથી.

સોલંકી રાજવીઓનો ત્યાગધર્મ

શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ

ગુજરાતમાં રાજ્ય ચલાવી ગયેલા સોલંકી વંશના રાજવીઓનો સમય ગુજરાત માટે સર્વ પ્રકારના વિકાસ તથા આબાદીનો સમય હતો. ધર્મસંસ્કારનું અને વિશેષે કરીને ત્યાગધર્મનું મહત્ત્વ ગુજરાતને એ કાળમાં વિશેષ સમજાયું. એ વંશના કેટલાક રાજવીઓએ તો ત્યાગધર્મને આચરણમાં મૂકીને ગુજરાતના લોકજીવન પર જે સુંદર છાપ પાડી હતી, તે ઇતિહાસમાં સુવર્ણાક્ષરે નોંધાયેલી રહેશે.

આર્યસંસ્કૃતિમાં પરાપૂર્વથી માનવજીવનના પ્રેય અને શ્રેયની વિચારણા થતી આવી છે. આર્યોએ જે જે ધર્મો સ્થાપ્યા તેમાં એ વિચારણા મુખ્યતયા પ્રવર્તેલી છે અને તેમાંથી જે સંપ્રદાયો નીકળ્યા તેઓએ પણ એ જ વિચારણાપૂર્વક પ્રેય તથા શ્રેય પ્રત્યે તર-તમ દૃષ્ટિ દાખવી છે. વૈદિકોની વિચારણાનો જે કાંઈ ઇતિહાસ સાંપડે છે તેમાં એક વાર પ્રેયદૃષ્ટિની વિશેષતા દેખાય છે તો બીજી વાર તેમાંથી શ્રેયદૃષ્ટિ ઉત્પન્ન થઈ હોય એવું ય માલૂમ પડે છે. વૈદિકોની પૂર્વે શ્રેયદૃષ્ટિ નહોતી એમ કહી શકાય તેમ નથી. ભારતમાં આવેલા આર્યોમાં એવી બે શાખા હતી તેના પુરાવા મળે છે. પ્રેયદૃષ્ટિમાંથી બહુધા ઐશ્વર્યવાદ અને દેવોપાસનાવાદ વિકસ્યો છે અને શ્રેયદૃષ્ટિમાંથી આત્મકલ્યાણસાધના અથવા ત્યાગવાદ વિકસ્યો છે. એ ત્યાગવાદનું બીજ જૈન ધર્મમાં રહેલું છે. બૌદ્ધ ધર્મમાં પણ તે જ છે. પૌરાણિક વૈદિક માર્ગમાં દેવોપાસનાનું બીજ રહેલું છે. બેઉનાં આત્યંતિક સ્વરૂપો જ્યારે જ્યારે સમાજના સમધારણમાં ગૂંચવણ ઉત્પન્ન કરનારાં લાગ્યાં છે, ત્યારે ત્યારે બેઉનો સમન્વય કરનારા માર્ગો યોજાયા છે. વૈદિક ધર્મમાં એ સમન્વયને પ્રબોધનારાં ઉપનિષદો છે. જૈન ધર્મ ત્યાગમાર્ગમાં દૃઢ રહ્યો છે, પણ તેના આત્યંતિક સ્વરૂપે તેના આરાધકોને ઓછા કરી નાખ્યા છે, અને એવો કાળ આવી રહ્યો છે કે જ્યારે આત્મકલ્યાણરૂપ શ્રેયની સાથે સંસારના તથા સમાજના હિતરૂપ પ્રેયની આરાધનાને વિસારી મૂકવાનું પાલવશે નહિ.

ગુજરાતમાં રાજ્ય કરી ગયેલા સોલંકી રાજવીઓએ રાજશાસન ચલાવવા છતાં ત્યાગધર્મના અવલંબનનું સુંદર દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. એમ તો મગધમાંથી પણ એવા જ દૃષ્ટાંતો મળે છે, પણ તે ઐતિહાસિક કરતાં પૌરાણિક વિશેષ છે. સોલંકીવંશના રાજવીઓની ત્યાગધર્મની આરાધનાના પુરાવા ઇતિહાસમાંથી સારી પેઠે ઉપલબ્ધ થાય છે.

એ સોલંકી રાજવીઓનો આદિ પુરુષ મૂળરાજ હતો. મૂળરાજે ચાવડા વંશના પોતાના મામાનું રાજ્ય પડાવી લીધું હતું. તેનામાં જાણે પોતાના પૂર્વજોના પ્રદેશ કાન્યકુબ્જના ઋષિઓના જીવનસંસ્કાર ઊતર્યા હોય તેમ તેણે રાજશાસન ચલાવવાની સાથે સંસારત્યાગી તાપસો, ઋષિઓ, બ્રહ્મચારીઓની સંપર્કસાધના કર્યા કરી હતી. તે શૈવધર્મ પાળતો અને જૈન ધર્મને સારું માન આપતો. પ્રજાને સંસ્કારદાન કરવાનું તેનું મોટામાં મોટું કાર્ય એ હતું કે તેણે ઉત્તર પ્રદેશમાંથી ઋષિઓને–બ્રાહ્મણોને નિમંત્રી, તેમને ભૂમિ, ધન અને પશુઓનું દાન કરી, નાનાં–મોટા શિવાલયો બંધાવી, ગુજરાત-સૌરાષ્ટ્રમાં જ્ઞાન-સંસ્કારની પરબો સ્થાપી હતી. એ કાર્ય પાછળ તેણે પુષ્કળ ધન વાપર્યું હતું. તે કાળનાં મન્દિરો તથા તાપસોના આશ્રમો સંસ્કારધામો તથા ગુરુકુળો સમાં હતાં. મૂળરાજે દાનશાળાઓ સ્થાપીને રાજ્યમાં દાનવ્યવસ્થાનો અધિકારી પણ નીમ્યો હતો. તેનાં કેટલાંક દાનપત્રો ઉપલબ્ધ થયાં છે.

મૂળરાજે અનેક પરાક્રમો કરીને રાજ્ય જમાવ્યું હતું, તેમ રાજ્યનું ધન પ્રજાના પ્રેય-શ્રેયને માટે વાપરીને સમૃદ્ધિત્યાગનું દૃષ્ટાંત પોતાના વંશજોને માટે મૂક્યું હતું. એટલું કર્યા પછી વૃદ્ધ વયે તેણે રાજ્યનો ત્યાગ કરી, શ્રીસ્થળમાં સંન્યાસી તરીકે રહી પ્રભુભક્તિમાં છેવટનાં વર્ષો ગાળ્યાં હતાં.

મૂળરાજની પછી ગુર્જરેશ્વરની ગાદી પર જે જે સોલંકી વંશના રાજપુરુષો આવ્યા તેઓમાં ત્યાગધર્મની આરાધના કેટલાક કાળ સુધી જાણે સ્વાભાવિક બની હોય તેમ ચાલુ રહી. તેની પછી ચામુણ્ડ ગુર્જરેશ્વર થયો. તે શૈવ ધર્મ પાળતો, છતાં એક જૈન આચાર્યને તેણે ગુરુપદે સ્થાપી તેમના ઉપદેશનો લાભ લીધો હતો. તેણે ચાળીસેક વર્ષની વયે ગાદીએ બેસી ૧૩ વર્ષ રાજ્ય કરી રાજાપદનો ત્યાગ કર્યો હતો, એટલે તેના પુત્ર વલ્લભરાજને ગાદી પર બેસાડવામાં આવ્યો હતો. ચામુણ્ડમાં કામલોલુપતા વિશેષ હતી, એટલે પોતાની બહેનના આગ્રહથી તેણે ઇંદ્રિયદમન માટે સંન્યસ્ત લીધું હતું એમ ઇતિહાસ પરથી જણાય છે. સંન્યાસી વેશે કાશીની યાત્રાએ જતાં માળવાના પરમાર રાજાએ તેની પજવણી કરી હતી તેથી તે પાછો ફર્યો હતો, અને તેના પુત્રોએ માલવનરેશને હરાવ્યા પછી તેનો યાત્રામાર્ગ મુક્ત થયો હતો. પરંતુ ત્યાર પછી ચામુણ્ડ વધુ જીવ્યો નહિ. તેણે શુક્લતીર્થમાં તપસ્યા કરતાં દેહત્યાગ કર્યો હતો.

ચામુણ્ડની પછી, વલ્લભરાજના ઓચિંતા મૃત્યુથી, દુર્લભરાજ ગુર્જરેશ્વર થયો. તેણે લોકોપયોગ માટે ‘ દુર્લભ સરોવર ’ બંધાવેલું જેને નવો ઘાટ આપી સિદ્ધરાજે ‘ સહસ્રલિંગ ’ તૈયાર કરાવેલું. દુર્લભરાજે પોતાના ભાઈ નાગરાજના પુત્ર ભીમદેવને રાજસિંહાસન પર સ્થાપિત કરીને સંન્યાસ અંગીકાર્યો હતો.

ભીમદેવ પ્રતાપી ગુર્જરેશ્વરોમાંનો એક હતો. તેના સમયમાં મહમુદ ગઝનવીએ તોડેલું સોમનાથનું શિવાલય તેણે ફરી બંધાવ્યું હતું. તેણે માળવા સાથે લડીને યશવિસ્તાર કર્યો હતો અને રાજ્યવિસ્તાર પણ કર્યો હતો. મંદિરો બાંધવામાં, દાનો આપવામાં તેણે દ્રવ્યનો ઉપયોગ સારી પેઠે કર્યો હતો. વૃદ્ધાવસ્થા થતાં તેણે તાપસ જીવન અંગીકારવાનો નિશ્ચય કર્યો અને તે પૂર્વે મોટા પુત્ર ક્ષેમરાજનો રાજ્યાભિષેક કરવાનો તેનો મનોભાવ હતો, પરંતુ ક્ષેમરાજ તો જુવાન વયથી તાપસ જીવનનો અનુરાગી હતો. તેણે રાજ્ય લેવાની ના કહી અને ગૃહત્યાગ કરી દધિસ્થળી પાસે આશ્રમ સ્થાપી ત્યાં નિવાસ કર્યો. આથી ભીમદેવે બીજા પુત્ર કર્ણદેવનો રાજ્યાભિષેક કરી પોતે તાપસ જીવન ગાળ્યું.

કર્ણદેવ મહાપરાક્રમી ગુર્જરેશ્વર હતો. તેણે કર્ણાવતી નગર વસાવ્યું હતું જે હાલનું અમદાવાદ છે. તેણે અત્યન્ત નાની વયના પુત્ર જયસિંહનો રાજ્યાભિષેક કરી સ્વર્ગગમન કર્યું હતું એમ ઇતિહાસ કહે છે.

સિદ્ધરાજ જયસિંહની નાની વયમાં તેની માતા મિનળદેવી રાજ્યનો કારભાર ચલાવતી હતી. સિદ્ધરાજ જેવો પરાક્રમી નીવડ્યો તેવો જ તે વિદ્યાપ્રેમી પણ હતો. ‘ સિદ્ધહૈમ ’ વ્યાકરણ, ‘ સહસ્રલિંગ સરોવર અને ‘ રુદ્રમહાલય ’ આદિ તેની કીર્તિનાં સ્મારકો છે. પરન્તુ કર્ણદેવથી તૂટેલી સોલંકી રાજવીઓની ત્યાગધર્મની આરાધના સિદ્ધરાજે ન કરી. તે અપુત્ર મૃત્યુ પામતાં ક્ષેમરાજનો પૌત્ર કુમારપાળ ગુર્જરેશ્વર થયો.

કુમારપાળ શૈવ અને જૈન ધર્મનો સંયુક્ત ઉપાસક હશે, એમ તેણે કરેલાં કેટલાંક ધર્મકાર્યો પરથી જણાય છે. તેણે શત્રુંજયની યાત્રા કરી હતી તેમ સોમનાથની યાત્રા ય કરી હતી. બેઉ ધર્મનાં તીર્થસ્થાનોનો તેણે ઉદ્ધાર કર્યો હતો. તેના જીવન ઉપર હેમચંદ્રાચાર્યના ઉપદેશનો એટલો પ્રભાવ પડ્યો હતો કે તે વિશેષાંશે જૈન ધર્મનો આરાધક રહ્યો હશે એમ માનવું ઘટે છે. કુમારપાળની ધર્મરુચિ અનુપમ હતી. તેણે સ્વયં ધર્મારાધન કરવા ઉપરાંત લોકોને ધર્મારાધક બનાવવા અને નિત્યજીવનમાં સુખી વા નમથકર

કર્યું હતું. તેણે ધનની, સુખ-વિલાસની અને અનેક સંસારી વસ્તુઓની આસક્તિ વ્રતગ્રહણ દ્વારા છોડી હતી. તે મૃત્યુ સુધી રાજા રહ્યો પરંતુ તેનું જીવન સંયમવડે શ્રેયોમાર્ગનું આરાધક નીવડ્યું હતું એમ જણાઈ આવે છે.

કુમારપાળ પછીના સોલંકી વંશના રાજવીઓમાં ત્યાગધર્મનું આરાધન ઉત્તરોત્તર ઘટતું ચાલ્યું હતું. માંહોમાંહેના સંઘર્ષણથી તેઓ ઘસાવા લાગ્યા હતા અને જીવનકલહમાં દટાઈ રહેવાથી સોલંકી વંશની ઊતરતી કળા આવી હતી.

રાજા રાજ્ય કરે, યુદ્ધો કરે, હિંસા કરે, પીડન કરે અને રસથી અનેક પ્રકારનાં સુખો માણે; એવો રાજવી વૃદ્ધ થાય, શક્તિ ઘટે, ઇંદ્રિયો શિથિલ બને, વિલાસની તૃપ્તિ અનુભવે અને પછી પુત્રને રાજ્ય સોંપી વાનપ્રસ્થ થાય, તાપસ બને, કિંવા સંન્યાસી બની એકાકી જીવન ગાળે અને છેવટે મૃત્યુ પામે : તે શું બહુ મહત્ત્વની ઘટના છે ? પહેલાં પાપ કરવું અને પછી પાપનાં પ્રક્ષાલનનાં સત્કાર્યો કરવાં એ શું દંભાચરણ નથી ? આવા પ્રશ્નો સોલંકી રાજવીઓ પૂરતા ઉપસ્થિત થતા નથી, તે પૂર્વે અને તે પછી થયેલા અનેક રાજવીઓ અને ઇતર વ્યક્તિઓને તે સ્પર્શે છે, કે જેમણે ઉત્તર જીવનમાં વાનપ્રસ્થ થવાનું કે સંસાર ત્યજી તપોમય જીવન ગાળવાનું ઇષ્ટ માન્યું હતું.

ત્યાગ ત્યારે જ ત્યાગ છે કે જ્યારે માનવી સિદ્ધિ-સમૃદ્ધિ સંપાદન કરનાર, પરાક્રમી કે વીરત્વશાલી હોય અને એ તરફ આસક્તિ ન રાખતાં તેનો ત્યાગ કરવા તત્પર બને. ત્યાગનું એ ઉચ્ચ બિંદુ છે. અસમર્થ કે અશક્તિમાનનો ત્યાગ તે ત્યાગના નામને યોગ્ય જ લેખાય, તે નિર્વીર્યત્વ કહેવાય. સ્વાભાવિક રીતે રજ-તમ-સત્ત્વના સંમિશ્રણરૂપ મનુષ્ય જીવનમાં પોતાના તેજને સ્ફુરાવવા લાગે છે. એ સ્ફુરણા દ્વારા કરેલી સિદ્ધિ કે પ્રાપ્ત કરેલી સમૃદ્ધિ પરની તેની આસક્તિ ત્યારે જ છૂટે છે—ઘટે છે—કે જ્યારે તેનો સત્ત્વગુણ ઉદયમાં આવે છે, પ્રિય વસ્તુની પ્રાપ્તિ કરતાં પ્રાપ્ત વસ્તુ પ્રત્યેનો રાગ ઘટે છે અને તેનો ત્યાગ કરવામાં રસ જાગે છે; એ રીતે તેને શ્રેયસ્‌નો—આત્મકલ્યાણનો પથ સાંપડે છે. પૂર્વકાળે જે જે રાજવીઓએ—જૈનો કે જૈનેતરોએ—પરાક્રમો કર્યાં છે અને પછી સંસારનો કે સુખસમૃદ્ધિનો ત્યાગ કર્યો છે તે પ્રેય અને શ્રેયનો સમન્વય છે અને આત્મકલ્યાણાર્થે કરાતા એકાંત સંસારત્યાગ કરતાં ઓછો મહત્ત્વનો નથી.

યક્ષપૂજાની ઐતિહાસિકતા

શ્રી કનૈયાલાલ ભાઈશંકર દવે

વૈદિક, બૌદ્ધ અને જૈન એ ત્રણે સંપ્રદાયોમાં યક્ષપૂજા સ્વીકારાઈ છે. તેની ઐતિહાસિકતા તપાસતાં તે અતિ પ્રાચીનકાળથી ઊતરી આવી હોવાનું જણાય છે. યક્ષો પ્રધાનદેવોના પરિવારમાં ગણાતા હોઈ, તેઓને દેવોના અનુચરો તરીકે કેટલેક સ્થળે બતાવ્યા છે. દેવતાઓની માફક યક્ષો, ગંધર્વો, અને વિદ્યાધરોના સ્વતંત્ર ગણો હોવાનું ધર્મશાસ્ત્રકારોએ માન્યું છે. તેઓને દેવોના કાર્યમાં મદદ કરનારા તેમના સેવકો તરીકે શાસ્ત્રકારોએ કલ્પ્યા છે. વૈદિક સંપ્રદાયમાં તો વેદથી આરંભી પુરાણો વગેરે કથાગ્રંથોમાં, તેમના વિવિધ ઉલ્લેખો રજૂ કરતાં यक्षगंधर्वराक्षसा : કહી યક્ષો, રાક્ષસો અને ગંધર્વોને એક જ કોટિમાં મૂકયા છે. આથી યક્ષગણો દેવોથી ઊતરતી કોટિના હતા એમ સ્પષ્ટ જણાય છે. ભગવદ્‌ગીતામાં પણ यजंते सात्त्विका देवान् यक्षरक्षांसि राजसाः ॥ એ ઉક્તિ અનુસાર, રાજસી-કામનાઓની ઇચ્છાવાળા યક્ષો-રાક્ષસો વગેરેની ઉપાસના કરતા હોવાનું ભગવાન્ કૃષ્ણે અર્જુનને જણાવ્યું છે.[૧]

બૌદ્ધ સંપ્રદાયમાં તો યક્ષગણો પ્રત્યે લોકો પૂજ્યભાવ રાખતા હોવાના ઉલ્લેખો મળ્યા છે એટલું જ નહિ, પણ કેટલાક યક્ષો બૌદ્ધમતવાદી નહિ હોવાનું સુત્તનિપાતની એક આખ્યાયિકા ઉપરથી જાણવા મળે છે. બુદ્ધ ભગવાન જ્યારે આલવક ગામમાં ગયા ત્યારે તેમણે આલવક યક્ષના પ્રશ્નોનું સમાધાન કરી તેને બૌદ્ધ બનાવ્યો હોવાનું તે ગ્રંથકારે નોંધ્યું છે.[૨] સંયુક્તનિકાય અને મહામાયૂરી ગ્રંથમાંથી જુદા જુદા યક્ષો અને તેનાં સ્થાનોની વિસ્તૃત માહિતી મળી આવે છે.[૩] સુત્તનિપાતમાં પણ યક્ષોના સ્વતંત્ર મંદિરો હોવાના ઉલ્લેખો નોંધાયા છે.[૪]

જૈન સંપ્રદાયમાં યક્ષપૂજા પ્રાચીનકાળથી પ્રચારમાં આવી હોવાનું જાણવા મળે છે. પ્રત્યેક તીર્થંકરોને સ્વતંત્ર યક્ષો હોવાનું રૂપાવતાર નિર્વાણકલિકા, અને પ્રતિષ્ઠાસારસંગ્રહ વગેરે ગ્રંથોમાં જણાવ્યું છે.[૫] આથી જ દરેક તીર્થંકરોની પ્રતિમાના પરિકરોમાં, યક્ષો અને શાસનદેવીઓની મૂર્તિઓ, ખાસ કરીને મૂકવામાં આવે છે. તીર્થંકરોના યક્ષો સિવાય પૂર્ણભદ્ર, મણિભદ્ર, શાલિભદ્ર, લક્ષરથ, પૂર્ણરથ, શ્રવણ, સારબ્લલ, સર્વકામ, સમૃદ્ધિ, કડવક અને અસ્થાતા વગેરે યક્ષોનાં નામ કેટલાંક જૈન ધર્મશાસ્ત્રોમાંથી મળે છે. કલ્પસૂત્રમાં શૂલપાણિ, મુદ્ગરપાણિ, ઘંટિકયક્ષ, અને ભાંડીરયક્ષના ઉલ્લેખો નોંધાયા હોઈ, ભાંડીરયક્ષનું સ્થાન મથુરામાં તથા શૂલપાણિનું ચૈત્ય રાજગૃહમાં હોવાનું નોંધ્યું છે.[૬] ઘંટીકયક્ષની આખ્યાયિકા નોંધતાં આ જ ગ્રંથકાર નોંધે છે કે, ડોંબી તેનો ભક્ત હતો અને જ્યારે જરૂર પડે ત્યારે, તે પોતાના ઉપાસ્યદેવ ઘંટીકયક્ષને પ્રશ્નો પૂછી, તેના સાચા જવાબો લોકોને કહેતો હતો.[૭]

---

૧. ભગવદ્‌ગીતા અ. ૧૭ શ્લો. ૪

૨. સુત્તનિપાત આલવાકસુત્ત

૩. સંયુત્તનિકાય ૧. ૧૦. ૪ મહામાયૂરી બાય સેલ્વીનલેવી. પા. ૮૮

૪. સુત્તનિપાત. ચકખસુત્ત

૫. નિર્વાણકલિકા પા. ૩૦થી ૩૭ રૂપાવતાર પા. ૧૩૫થી ૧૪૩

૬. બૃહત્કલ્પસૂત્ર. ક્ષેમંકરકીર્તિની વૃત્તિ પા. ૧૪૮૯

૭. એજન. – વિ. ૨. પા. ૪૧૪

આચારાંગ સૂત્રકારે મથુરામાં ભૂતગુહા નામે યક્ષાયતનની નોંધ લેતાં, તે આચાર્ય આર્યરક્ષિને તેમાં કેટલોક વખત નિવાસ કર્યો હોવાનું જણાવ્યું છે.[૮] અંતકૃતદશાસૂત્ર દ્વારકા પાસે નંદનોદ્યાનમાં સુરપ્રિય યક્ષના મંદિરની નોંધ લે છે.[૯] વઢવાણ પાસે શૂળપાણિયક્ષના ઉપસર્ગની સ્થાપના છે. આથી પૂર્વકાળમાં અહીં શૂળપાણિયક્ષનું સ્થાન હશે, એમ તો જરૂર લાગે છે. આજે પણ વઢવાણ શહેરની બહાર શૂળપાણિયક્ષની દેરી મોજૂદ છે. તેવી જ રીતે શૌરિપુરમાં સારાંબરયક્ષના મંદિરની નોંધ પાક્ષિક સૂત્રકારે આપી છે.[૧૦] આનંદપુર(હાલનું વડનગર)ની અંદર યક્ષપૂજા સારી રીતે પ્રચલિત હતી, એમ આવશ્યક સૂત્રમાં જણાવ્યું છે.[૧૧] ઈ૦ સ૦ના પાંચમા-છઠ્ઠા સૈકામાં રચાયેલ, વાચક સંઘદાસગણિની વસુદેવહિંડીમાંથી સુરૂપ અને સુમનસ યક્ષોની નોંધ મળે છે.[૧૨] આ બધા પુરાવાઓ જૈન સંપ્રદાયમાં યક્ષપૂજાની ઐતિહાસિકતા વ્યક્ત કરતા હોઈ, તેમાં જણાવેલા બધા યક્ષો ઉપાસ્યદેવો તરીકે તે કાળે પ્રચલિત હતા કે કેમ, તેનો સ્પષ્ટ જવાબ આપવો મુશ્કેલ છે. છતાં કેટલાક યક્ષોની ઉપાસના તત્કાલીન સમાજમાં વહેતી હતી એમ પ્રાપ્ત ઉલ્લેખો ઉપરથી સમજી શકાય તેમ છે.

આ સિવાય ઐહિક કામનાઓ પરિપૂર્ણ કરનાર દેવ તરીકે વધુ માન્ય બનેલ મણિભદ્રયક્ષની ઉપાસના જૈન સંપ્રદાયમાં સારી રીતે પ્રચાર પામી છે. વૈદિક અને બૌદ્ધ સંપ્રદાયોમાં પણ, મણિભદ્રને યક્ષરાટ્ અર્થાત્ યક્ષોના અધિરાજ તરીકે જણાવતાં, તેની ઉપાસના માટે વિધિવિધાનો રજૂ કર્યાં છે. યક્ષોનો અધિપતિ કુબેર ગણાતો હોવા છતાં તેઓનો આદ્યપુરુષ મણિભદ્ર હોવાનું હિંદુ ધર્મનાં પુરાણો કહે છે. કશ્યપે સારી સૃષ્ટિનું નવસર્જન કર્યું ત્યારે, ખશા નામની પત્નીથી રજતનાભ નામે પુત્ર થયો. આ રજતનાભ મણિભદ્રનો પિતા હોવાનું વિષ્ણુધર્મોત્તર પુરાણમાં જણાવ્યું છે.[૧૩] પુરાણકાર યક્ષગણનો વિસ્તાર મણિભદ્ર અને તેના ભાઈ પૂર્ણભદ્રથી થયો હોવાનું સૂચવતાં તે બધા પુણ્યજન યક્ષો થયા હોવાનું કહે છે. આથી મણિભદ્ર યક્ષગણનો આદિ પૂર્વજ હતો એમ પુરાણોના આધારે જાણવા મળે છે. મહાભારત કાળે પણ મણિભદ્રયક્ષની ઉપાસના જાણીતી હતી. દમયંતી જ્યારે એકલી નિઃસહાય દશામાં વનમાં ભૂલી પડી ત્યારે તેને એક સાર્થવાહનો ભેટો થયો. આ સાર્થવાહ દમયંતીની વિતક વાર્તા સાંભળી તેના પ્રત્યે અનુકંપા પ્રદર્શિત કરતાં, મણિભદ્રયક્ષ પ્રસન્ન થાઓ, એવો આશીર્વાદ આપે છે.[૧૪] મોટે ભાગે સાર્થવાહો વ્યાપારી વૈશ્યો હોય એવી સામાન્ય માન્યતા છે. વૈશ્યોમાં મણિભદ્રની ઉપાસના શ્રદ્ધેય બની હોવાથી, તે કાળે પણ વ્યાપારીવર્ગમાં મણિભદ્ર યક્ષ પ્રત્યે વધુ પૂજ્યભાવ સેવાતો હોવાનું, અપરોક્ષ રીતે આમાંથી સૂચન મળે છે.

બૌદ્ધ સંપ્રદાયમાં કુબેરયક્ષને ઝંભલ તરીકે ઓળખવામાં આવે છે. તેની ઉપાસના માટે સ્વતંત્ર વિધિ-વિધાનો અને અનુષ્ઠાનો બૌદ્ધ તંત્રગ્રંથોમાં જણાવ્યાં છે. આ ઝંભલ અર્થાત્ કુબેરના અનુષ્ઠાનમાં મણિભદ્ર

૮. આચારાંગસૂત્ર ચૂર્ણિ. પા. ૧૩૧

૯. અંતકૃત દશાસૂત્ર પા. ૧

૧૦. પાક્ષિકસૂત્ર યશોદેવસૂરિની વૃત્તિ પા. ૬૭

૧૧. આવશ્યક સૂત્રચૂર્ણિ. પા. ૩૩૧

૧૨. વસુદેવહિંડી. ગુ. ભાષાંતર ડૉ. ભોગીલાલ સાંડેસરા પા. ૪૪૧–૧૦૮

૧૩. कश्यपस्य तु या पत्नी खसा नाम्नी त्वयेरिता ।
यस्याः पुत्रौ महात्मानौ कथितौ यक्ष राक्षसौ ॥२॥ विष्णुधर्मोत्तर-पु. खं. १ अ. १३७

૧૪. મહાભારત, વનપર્વ, નલોપાખ્યાન

તથા પૂર્ણભદ્રને કુબેરના અગ્રભાગે બેસારવાનું સાધનમાલામાં જણાવ્યું છે.[૧૫] મણિભદ્ર યક્ષગણોનો આદિપુરુષ હોવા છતાં, તે કુબેરનો અનુચર–સેવક હતો એમ અનેક પુરાણોમાં નોંધ્યું છે. આ પરંપરાને અનુલક્ષી, ઝંભલના અનુષ્ઠાનમાં મણિભદ્રને તેના સેવક તરીકે સ્થાન મળ્યું હશે એમ માનવાને કારણ મળે છે એટલું જ નહિ, પણ બૌદ્ધ સંપ્રદાયમાં, મણિભદ્ર કુબેરના પરિવાર દેવ તરીકે સુપ્રસિદ્ધ હતા એમ સ્પષ્ટ જણાવે છે. મણિભદ્રનાં સ્વતંત્ર મન્દિરો પણ તે કાળે વિદ્યમાન હોવાની નોંધ મળે છે. મહામાયૂરીના કથન મુજબ તેમનો સ્વતંત્ર સંપ્રદાય તે સમયે બ્રહ્માવતીમાં હતો.[૧૬] પવાયા પ્રાચીન પદ્માવતીથી પ્રાપ્ત મણિભદ્રની એક શિરોભગ્ન પ્રતિમા આજે પણ ગ્વાલિયર મ્યુઝિયમમાં મૂકેલી છે. તેની નીચે પટ્ટીમાં કોતરેલ લેખના આધારે આ પ્રતિમા શિવનંદીના ચોથા વર્ષમાં પ્રતિષ્ઠિત કરી હોવાનું જાણવા મળે છે.[૧૭] આથી તે ઈ૦ સ૦ ના પહેલાબીજા સૈકા જેટલી પ્રાચીન હોવાનું વિદ્વાનો એ અનુમાન્યું છે.

જૈન સંપ્રદાયમાં તીર્થંકરોના યક્ષો સિવાય અન્યતર યક્ષોમાં મણિભદ્રનું સ્થાન અનન્ય હોવાનું સમજાય છે. સર્વકામનાઓ પરિપૂર્ણ કરનાર, એક ઉપાસ્ય દેવ તરીકે તેની ઉપાસના માટે અનુષ્ઠાનવિધાનો પણ રચાયાં છે. વાચક સંઘદાસગણિની વસુદેવહિંડીમાં, પ્રદ્યુમ્ન અને સાંબના પૂર્વજન્મની આલોચના કરતાં, તેઓ બન્ને આગળના જન્મમાં મણિભદ્ર અને પૂર્ણભદ્ર નામના શ્રેષ્ઠી હતા એવો ઉલ્લેખ છે.[૧૮] જો કે મણિભદ્રયક્ષ, અહીં પ્રદ્યુમ્નના ગત જન્મના મણિભદ્ર શ્રેષ્ઠી તરીકે અભિપ્રેત નથી છતાં મણિભદ્ર અને પૂર્ણભદ્ર નામોનું સામ્ય વિચારતાં જૈન, વૈદિક અને બૌદ્ધ એમ ત્રણે સંપ્રદાયોમાં મણિભદ્ર એક ભવ્ય પુરુષ તરીકે વિખ્યાત બન્યા હોવાનું તેની પાર્શ્વભૂમિકા જણાવે છે. શ્વેતાંબરોના કેટલાક ઉપાશ્રયોમાં આજે પણ મણિભદ્રયક્ષના સ્થાનો જોવામાં આવે છે. તપાગચ્છના તો તેઓ મુખ્ય વીરશ્રેષ્ઠ ગણાતા હોઈ, રવિકીર્તિએ મણિભદ્ર છંદમાં તેમને તપાગચ્છ કુલમંડણ તરીકે બિરદાવ્યા છે.[૧૯] આમ ભારતની મુખ્ય ધર્મત્રયીમાં સુપ્રસિદ્ધ બનેલ મણિભદ્રયક્ષ, એક વિશિષ્ટદેવ તરીકે જૈન સંપ્રદાયમાં ઉપાસ્ય બન્યા હતા એમ સમજાય છે. તેટલું જ નહિ પણ લક્ષ્મીપ્રદાતા અને કાર્યસિદ્ધિ આપનાર દેવ તરીકે તેમની ઉપાસના પ્રાચીન કાળમાં વધુ લોકાદર પામી હતી એવા ઉલ્લેખો મળે છે.

વિવિધતીર્થકલ્પમાં જીનપ્રભસૂરિએ શત્રુંજય પર્વતનું પરમપવિત્ર મહાત્મ્ય આલેખેલું છે. તેમાં આ તીર્થના રક્ષક કપર્દિયક્ષનો પણ સ્વતંત્ર કલ્પ લખતાં, આ યક્ષનું અહીં સ્થાન હોવાનું સૂચવ્યું છે. આ કપર્દિયક્ષની ઉપાસના ભગવાન કૃષ્ણે અહીં એક ગુફામાં કરી હતી.[૨૦] આ સિવાય ઉદયપ્રભસૂરિએ ધર્માભ્યુદય અપરનામ સંઘાધિપતિચરિત્રમાં, કપર્દિયક્ષોત્પત્તિ જણાવતાં તે કેવી રીતે જૈનધર્માવલંબી થઈ, શત્રુંજય પર્વત ઉપર યક્ષ બન્યો તે જણાવ્યું છે.[૨૧] આ બધા ગ્રંથોમાં તેને ગ્રામમહત્તર, અર્થાત્ ગામના પટેલ તરીકે સૂચવતાં, તે સુરાપાન વગેરે નિંદ્ય વ્યસનો સેવતો હતો. જેને કોઈ સૂરિશ્વરે

---

૧૫. સાધનમાલા ભાગ ૨, ઝંભલસાધન પા. ૫૬૦

૧૬. મહામાયૂરી બાય સેલ્વીન લેખ પા. ૮૯

૧૭. राशः स्वामी शिवनंदीस्य संवत्सरे चतुर्थे......मगिभद्र भक्ता गर्भ सुसिना भगवतो मणिभद्रस्य प्रतिमा प्रतिष्ठापयन्ति ॥ गोष्ठय भगवा आयु बळं वाचं ॥ આર્કેયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા એન્યુઅલ રિપોર્ટ. ૧૯૧૫–૧૬ પા. ૧૦૫–૬.

૧૮. વાસુદેવહિંડી. ગુ. ભાષાંતર ડૉ. ભોગીલાલ સાંડેસરા પા. ૧૦૮

૧૯. ઘંટાકર્ણ મંત્રતંત્ર કલ્પ. સંપાદક શ્રી. સારાભાઈ નવાબ પા. ૩૫

૨૦. વિવિધતીર્થકલ્પ. કપર્દિયક્ષકલ્પ

૨૧. ધર્માભ્યુદય મહાકાવ્ય. સર્ગ ૭ પા. ૫૭–૫૮

પ્રબોધ આપી ભગવાન જીનેશ્વરનો મહાન ભક્ત બનાવ્યો. તે કાળધર્મ પામતાં અહીં શેત્રુંજય પર્વત ઉપર યક્ષ થયો અને આમહાતીર્થના રક્ષક તરીકે[૨૨] સ્થાન પામ્યો. આવી જ આખ્યાયિકા પુરાતન પ્રબંધ સંગ્રહમાં નોંધાઈ છે જેમાં તેને કોળી જણાવ્યો છે. કાર્પાર્દયક્ષની આખ્યાયિકા ગમે તે હો, પરંતુ પ્રભાવક યક્ષ તરીકે પૂજાતા અને, ભગવાન્ કૃષ્ણ જેવાએ જેની ઉપાસના કરી હોય, તે આવો શુદ્ર આત્મા ત્યાં પુજાતો હોવાની સંભાવના માટે શંકા રહે છે. છતાં એટલું તો સ્પષ્ટ છે કે કપર્દિયક્ષ પ્રત્યે જૈન સંપ્રદાયમાં પૂર્વકાળથી પૂજ્યભાવ હતો એટલું જ નહિ, પણ સંઘાધિપતિ મહામાત્ય વસ્તુપાળે આ યક્ષનો પ્રાસાદ શત્રુંજય પર્વત ઉપર બંધાવ્યો હતો. પુરાતન પ્રબંધસંગ્રહમાં તેના માટે જણાવ્યું છે કે, એક વખત શત્રુંજય પર્વત ઉપર વસ્તુપાળે કપર્દિયક્ષનો પ્રાસાદ બંધાવવાનું શરૂ કર્યું. જ્યાં જ્યાં તેઓ પ્રાસાદ બંધાવતા, ત્યાં ત્યાં તેમને ભૂમિગત–નિધિ–દ્રવ્ય પ્રાપ્ત થતું. તે જ પ્રમાણે આ પ્રસાદનું કામ શરૂ કરતાં, પાષાણો ખોદવા માંડ્યા ત્યારે, એક પાષાણશિલા નીચે, મોટો સર્પ લોકોના જોવામાં આવ્યો. પરંતુ મંત્રીશ્વરે ત્યાં આવી જોયું તો, તે અમૂલ્ય રત્નમંડિત એકાવલી હાર હતો. તેમણે બધાના દેખતાં તે હાર ઉપાડી લીધો અને કપર્દિયક્ષની અનન્ય ભાવે સ્તુતિ કરતાં, નીચે પ્રમાણે શ્લોક ઉચ્ચાર્યો :

चिंतामणिं न गणयामि न कल्पयामि, कल्पद्रुमं मनसि कामगविं न वीक्ष्ये ॥
ध्यायामि नो निधिमधीनगुणातिरेकमेकं कपर्दिनमहर्निशमेव सेवे ॥ १ ॥

ત્યારપછી તેમણે ત્યાં કપર્દિયક્ષનો પ્રાસાદ બંધાવ્યો.[૨૩] આમ જૈન સંપ્રદાયમાં કપર્દિયક્ષ અતિ પ્રાચીનકાળથી એક પરિવાર દેવ તરીકે પૂજ્ય મનાય છે. આ સિવાય શત્રુંજય પર્વત ઉપર મસાલીવાળા દેરાસરની પાસે એક દેરીમાં કવડયક્ષનું સ્થાન છે. આનું મૂળ નામ કડવક હશે પરંતુ પાછળથી લોકજીભે કવડ નામ ચડી ગયું હોય એમ મારું માનવું છે. આ બધા ગ્રંથસ્થ પુરાવાઓ અને પ્રાપ્ત યક્ષ પ્રતિમાઓ ઉપરથી જૈન સંપ્રદાયમાં યક્ષની ઉપાસના અતિ પ્રાચીનકાળથી ઊતરી આવી હોવાનું સમજાય છે. યક્ષપૂજાનો પ્રચાર જૈન સંપ્રદાયમાં કોણે અને ક્યારે દાખલ કર્યો, તેની નિશ્ચત તવારીખ કોઈપણ ગ્રંથમાંથી મળી આવતી નથી. પરંતુ ભારતમાં તો આ પ્રવાહ ઠેઠ પાણિનિના સમયથી ચાલુ હોવાનું જાણવા મળે છે. યક્ષોના અધિપતિ કુબેરના મંદિરમાં શંખ, તૃણવ વગેરે વાદ્યો વગાડવાનું મહાભાષ્યમાં પતંજલીએ નોંધ્યું છે.[૨૪] ભવભૂતિના માલતીમાધવમાં યક્ષોપાસનાના ઉલ્લેખ આવતા હોઈ, તે કાળે યક્ષમંદિરો વિદ્યમાન હશે એમ જરૂર લાગે છે. અજંટાના ગુફામંદિરો તથા સાંચી અને ભરહુતનાં તોરણો, વેદિકાઓ વગેરેમાંથી યક્ષયુગલનાં સંખ્યાબંધ શિલ્પો મળી આવે છે. આ બધા પુરાવાઓ ભારતીય લોકસમાજમાં પ્રચલિત યક્ષપૂજાની ઐતિહાસિકતા ઈ. સ. પૂર્વેના કાળ સુધી લઈ જાય છે. તે કાળે દેવ તરીકે યક્ષોનું વ્યક્તિત્વ વધુ પૂજ્યતમ મનાતું હોવાના કારણે, જૈનાચાર્યોએ પણ પાછળથી યક્ષપૂજા અપનાવી હોય એમ લાગે છે. કાલિદાસ જેવો કવિ ચક્રવર્તિ મેઘદૂતમાં યક્ષને જ નાયક તરીકે કલ્પે છે. અર્થાત્ તે સમયમાં યક્ષો પ્રત્યે ઊંચી ભાવના અને શ્રદ્ધા તત્કાલીન સમાજમાં દઢ થઈ હોવાનું જણાય છે. આટલા લાંબા વિવેચન ઉપરથી એટલો નિષ્કર્ષ નીકળી શકે છે કે વૈદિક અને બૌદ્ધની માફક જૈન સંપ્રદાયમાં યક્ષોપાસના અતિ પ્રાચીન કાળથી ઊતરી આવી છે.

---

૨૨. પુરાતન પ્રબંધ સંગ્રહ, ભારતીય વિદ્યાભવન પ્રકાશિત, પા. ૧૦૧, કપર્દિયક્ષ જાવડી પ્રબંધ

૨૩. વસ્તુપાળ તેજપાળ પ્રબંધ, પા. ૬૪

૨૪. પાણિનિસૂત્ર પતંજલીભાષ્ય, ૨–૨–૩૪

યક્ષપૂજન માટે વૈદિક સંપ્રદાયમાંથી વિપુલ પ્રમાણમાં ગ્રંથસ્થ સાહિત્ય મળી આવે છે, પરંતુ તેટલાં પ્રાચીન શિલ્પો ખાસ કરીને કોઈ મળી આવ્યાં નથી. જ્યારે બૌદ્ધ સંપ્રદાયના સ્તુપો અને વેદિકાઓમાંથી પ્રાક્કાલિન કેટલાંએ સ્વરૂપો મળી આવ્યાં છે. શિલ્પ, સ્થાપત્ય અને મૂર્તિકળાનો સર્વતોમુખિ વિકાસ ગુપ્તકાળમાં ખૂબ વિકસ્યો હતો, એટલે તે સમયનાં કેટલાંક અનન્ય શિલ્પો જોવામાં આવ્યાં છે. ત્યાર પછી મધ્યકાળમાં તો મૂર્તિપૂજાનો પ્રચાર સારી રીતે સમસ્ત ભારતવર્ષમાં ફેલાયો અને યક્ષોનાં જુદા જુદાં સ્વરૂપો બહાર આવતાં સ્વતંત્ર દેવગણો તરીકે તેમનાં મન્દિરો પણ બનવા લાગ્યાં. જૈન સંપ્રદાયમાં પણ યક્ષપૂજાનો પ્રચાર મધ્યકાળમાં ખૂબ વિકસ્યો હોવાનું સમજાય છે. ચોવીસે તીર્થંકરોના યક્ષો અને શાસન દેવીઓનાં રૂપવિધાનો મધ્યકાળમાં નિશ્ચત થયાં હોવાનું નિર્વાણકાલિકા અને બીજા ગ્રંથો ઉપરથી જાણવા મળે છે. કર્પદયક્ષના રૂપવિધાન માટે ધર્માભ્યુદય મહાકાવ્યમાં તેનો નિર્દેશ કર્યો હોઈ, કપર્દિને ચાર હાથ, તે પૈકી ડાબા તથા જમણા ઉપરના બેમાં પાશ તથા અંકુશ અને નીચેના બે બાજુના બેમાં દ્રવ્યની થેલી તથા બીજોરું મૂકવા જણાવ્યું છે.[25] વધુમાં તેમનું વાહન હાથી હોવાનું કલ્પ્યું છે. શત્રુંજયનાં એકવીસ નામો વિવિધ તીર્થકલ્પમાં આલેખ્યાં હોઈ, આ યક્ષના સ્થાન ઉપરથી તેનું કપર્દિનિવાસ પણ એક નામ પડ્યું છે.[26]

દરેક તીર્થંકરોના યક્ષો અને શાસનદેવીઓની નાનીમોટી અનેક પ્રતિમાઓ તેમના પરિકરોમાં મોટે ભાગે કોતરવામાં આવે છે; જ્યારે કેટલેક સ્થળે યક્ષોના સ્વતંત્ર વિગ્રહો, મન્દિરની અંદર દેવકુલિકા, કે ગોખલામાં બેસારવામાં આવ્યા હોય છે. આવી યક્ષપ્રતિમાઓ પૈકી કેટલીક સીરોહી રાજ્યમાંથી, કેટલીક પ્રદર્શનોમાંથી, કેટલીક મધ્યપ્રાંતમાં આવેલ દેવગઢના કિલ્લામાંથી, જ્યારે થોડીઘણી ગુજરાત-કાઠિયાવાડમાંથી મળી આવી છે. આવી સ્વતંત્ર યક્ષમૂર્તિઓ પૈકી ગોમુખ યક્ષની પ્રતિમા શત્રુંજય ઉપર મોતીશાની ટૂંકમાં આવેલ દેરાસરની અંદર મૂકેલી છે. યક્ષેટ યક્ષની એક પ્રતિમા પાટણમાં સાલવીવાડા જિલ્લાના ત્રિપુરેશ્વર મહાદેવમાં તથા શત્રુંજય ઉપર ચોમુખજીની ટૂંકના એક મન્દિરમાં છે. શિલ્પ અને મૂર્તિકલાની દૃષ્ટિએ તેનું રૂપવિન્યાસ સિદ્ધહસ્ત કલાકારના હાથે તૈયાર થયું હોવાનું જણાય છે. તુંબરુ યક્ષની એક મૂર્તિ આબુ ઉપર દેલવાડામાં, લુણવસહિ મન્દિરના દરવાજા બહાર એક ગોખલામાંથી મળી છે, જ્યારે માતંગ યક્ષની સુંદર પ્રતિમા શંખેશ્વરમાં બીજા નંબરની દેવકુલિકાની અંદર છે. આ યક્ષની બીજી એક મૂર્તિ સિરોહી રાજ્યના માલણગામની અંદર મહાવીર સ્વામીના મન્દિરમાંથી મળી છે. બ્રહ્મયક્ષની પ્રતિમા માટે, ચંદ્રાવતી નગરીના દરવાજા બહાર ચંદ્રાવતી નદીના કિનારે હોવાનો ઉલ્લેખ મળ્યો છે, પરંતુ હાલમાં તે પ્રતિમા ત્યાં છે કે કેમ તે સંબંધી જાણવા મળ્યું નથી. મનુજ યક્ષની એક પ્રતિમા કલકત્તાના ઇન્ડિયન મ્યુઝિયમમાં છે. ષણમુખ યક્ષની એક મૂર્તિ ગિરનાર પર્વત ઉપર, નેમિનાથના દહેરાની ભમતીમાં આવેલ અંધારા ભોંયરામાં હોવાનું જાણવા મળ્યું છે. ગરૂડયક્ષની સુંદર પ્રતિમા, મધ્યપ્રાંતમાં આવેલ દેવગઢના કિલ્લામાં, એક મન્દિરની અંદરથી મળી છે, જેનો કલાવિન્યાસ અનન્ય હોવાનું જણાય છે. આ સિવાય સિરોહી રાજ્યના ભરાણા ગામમાં આવેલ જૈન મન્દિરમાંથી પણ આ યક્ષની બીજી મૂર્તિ મળી આવી છે. ગંધર્વ યક્ષની નાની પણ અપ્રતિમ પ્રતિમા આબુ ઉપર લુણવસહિના રંગમંડપમાં મૂકેલી છે. ગોમેધ યક્ષની પ્રતિમાનું એક શિલ્પ મથુરાના કલાપ્રદર્શનમાં તેમ જ બીજી એક મૂર્તિ દેવગઢના કિલ્લામાં હોવાનું જાણવા મળ્યું છે. પાર્શ્વ યક્ષની એક પ્રતિમા મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં મૂકેલી છે, જ્યારે બીજી મૂર્તિ સિરોહી રાજ્યના લાજ ગામની અંદર ચિંતામણિ પાર્શ્વનાથના

---

૨૫. ધર્માભ્યુદય મહાકાવ્ય સર્ગ ૭મો ૬૩-૬૪

૨૬. વિવિધતિર્થકલ્પ કપર્દિયક્ષકલ્પ

મન્દિરમાં એક ગોખલામાં બેસાડેલી છે. ટૂંકમાં તીર્થંકરોના પરિકરો સિવાય પણ, યક્ષોની કેટલીક સ્વતંત્ર પ્રતિમાઓ પ્રાચીન અર્વાચીન મન્દિરોમાંથી મળી આવી છે, જે યક્ષપૂજાના પ્રચારની પ્રતીતિ આપે છે. આ સંપ્રદાયે યક્ષપૂજા અપનાવ્યા છતાં, યક્ષોના સ્વતંત્ર વિગ્રહો અલ્પસ્વલ્પ મળી આવ્યા છે. તેનું મુખ્ય કારણ તે બધા પરિવાર દેવ તરીકે સંપ્રદાયમાં સ્વીકાર્ય બન્યા હોવાથી, મૂળ નાયકોના પરિકારોમાં જ તેમને સ્થાન આપતાં તેમનાં સ્વતંત્ર મન્દિરો, કે વિગ્રહો બનાવવાની પરંપરા ઊતરી નહિ હોય એમ સમજાય છે. આગળ જણાવેલ યક્ષોની સ્વતંત્ર પ્રતિમાઓ પણ, ખાસ કરીને મૂળ નાયકના પરિવાર દેવ તરીકે, અગર કેટલેક સ્થળે તે યક્ષો પ્રત્યે અપૂર્વ શ્રદ્ધાના કારણે તેમની ઉપાસના માટે તેના ઉપાસકોએ મન્દિરમાં પધરાવી હશે એમ લાગે છે.

યક્ષરાટ્ તરીકે વધુ પ્રસિદ્ધ થયેલ મણિભદ્ર યક્ષની કેટલીક પ્રતિમાઓ ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રાંતમાંથી મળી આવી છે. આ પૈકી પદ્માવતીથી પ્રાપ્ત ભગ્નશિરવાળી મૂર્તિ ગ્વાલિયરના પ્રદર્શનમાં મૂકેલી છે. આ સિવાય સિરોહી રાજ્યના લાજ, મઢાર અને માલણ ગામોમાં, પિંડવાડા તહેસીલના બ્રાહ્મણવાડા તીર્થમાં, પાલણપુરથી આઠ ગાઉ દૂર મગરીવાડા ગામમાં, વિજાપુર તાલુકાના આગલોડ ગામમાં, દીવના એક જૈન મન્દિરમાં અને પ્રભાસ પાટણના તપાગચ્છીય ઉપાશ્રયમાંથી આ યક્ષની કેટલીક મૂર્તિઓ મળી આવી છે. યક્ષોની કેટલીક ધાતુપ્રતિમાઓ પણ જૈન મન્દિરમાં કે ઘર મદિન્રોમાંથી મળે છે. પાટણના ગોવર્ધનધારી મન્દિરમાં યક્ષની એક પ્રાચીન ધાતુપ્રતિમા છે, જે કલાની દૃષ્ટિએ અનુપમ હોવાનું તેના ભારકર્ય ઉપરથી જણાય છે. આ પ્રતિમા વસ્તુપાળના વંશજ પેથડના પુત્ર સુહાકે સં. ૧૩૫૨માં બનાવી હોવાનો તેની પાછળ લેખ કોતરેલો છે.[૨૭] આવી પ્રતિમાઓ જૈન સમાજમાં યક્ષોપાસના વધુ લોકપ્રિય બની હોવાની પ્રતીતિ આપે છે.

૨૭. सं. १३५२ वर्षे कार्तिक सुद ११ गुरौ सा. पेथड सुत सुहाकेन...गतिरूपनेन मूर्तिकाराविथं

મહારાજા જયસિંહ સિદ્ધરાજના ચાંદીના સિક્કા

શ્રી અમૃત પંડ્યા

સુપ્રસિદ્ધ ઇતિહાસકાર ડૉ૰ હેમચંદ્રરાય પોતાના ગ્રંથ 'ઉત્તર ભારતનો રાજવંશી ઇતિહાસ'માં લખે છે: "ભારતીય ઇતિહાસના પૂર્વ મધ્યકાળમાં રાજ્ય કરી ગયેલા અનેક રાજવંશોના મુકાબલે ગુજરાત-સૌરાષ્ટ્રના ચૌલુક્યો (સોલંકી)[૧]ના ઇતિહાસ માટે જોઈતી સામગ્રીની ઊણપ નથી. આ વંશના રાજાઓના સંખ્યાબંધ ઉત્કીર્ણ લેખો મળી આવ્યા હોય એટલું જ નહિ પણ એથી ય વધુ મહત્ત્વની વાત તો આ છે કે તારીખો સાથે એમના જીવનપ્રસંગોનું વર્ણન કરતા અનેક જૈન પ્રબંધો પણ આપણને ઉપલબ્ધ છે" (The Dynastic History of Northern India, Vol. II, Calcutta, 1936, P. 933). આ હકીકત છતાં સોલંકીઓની ઇતિહાસસામગ્રીની એક ઘણી જ મોટી ઊણપ છે તે ડૉ૰ હસમુખ સાંકળીઆના શબ્દોમાં કહીએ તો, "અનહિલ્લવાડના ચૌલુક્યોના સિક્કા મળતા નથી એ વાત કંઈક આશ્ચર્યકારક તો ખરી. આવડું વિશાળ અને સમૃદ્ધ સામ્રાજ્ય ધરાવતા રાજકર્તાઓને તેમનું પોતાનું ચલણ તો અવશ્ય રહ્યું જ હશે." (Archaeology of Gujarat, Bombay, 1941. P. 190).

અનહિલ્લપુરના આ ચૌલુક્યોને તેમનું પોતાનું ચલણ હતું તેની સાક્ષી તેમનું સમકાલીન સાહિત્ય પૂરે છે. શ્રીહેમચંદ્રાચાર્યકૃત દ્વયાશ્રયમાં આ ચલણના સિક્કા હોવાની નોંધ વિષે શ્રી રામલાલ ચુનીલાલ મોદીએ ધ્યાન દોર્યું હતું ('સંસ્કૃત દ્વયાશ્રય કાવ્યમાં મધ્યકાલીન ગુજરાતની સામાજિક સ્થિતિ', અમદાવાદ, ૧૯૪૨, પા. ૩૧). શ્રીધરાચાર્યકૃત ગણિતસારની એક જૂની ગુજરાતી ટીકામાં સોલંકીઓના સમયે પ્રચલિત સિક્કાઓને લગતી કેટલીક માહિતી ડૉ૰ ભોગીલાલ સાંડેસરાએ શોધી કાઢી હતી (J. Numismatic Society of India, VIII, 1948, P. 138). ન્યુમીસ્મેટીક સોસાયટી ઑફ઼ ઇન્ડિયા (ભારતીય નિષ્કવિદ્યા પરિષદ)ના ગ્વાલિયર ખાતેના ૪૨મા અધિવેશનના પ્રમુખ તરીકેના તેમના ભાષણમાં સ્વર્ગસ્થ શ્રી રણછોડલાલ જ્ઞાનીએ તાજેતરમાં શોધાયેલ અલાઉદ્દીન ખિલજીની ટંકશાળના અધિકારી શ્રી ઠક્કુર ફેરૂકૃત 'દ્રવ્યપ્રકાશ' નામક હસ્તપ્રતમાં કેટલાક સોલંકી રાજાઓના ખાસ સિક્કાઓનું વર્ણન હોવાની વાત જણાવી હતી (Ibid, XIV, 1952, P. 155). ડૉ૰ ઉમાકાંત શાહે હાલમાં આ સિક્કાઓને લગતી કેટલીક નવી માહિતી જૂના સાહિત્યમાંથી શોધી કાઢી છે. ('Numismatic Data from Early Jain Literature', J. of M. S. University of Baroda, III, 1, 1954, P. 57, તથા મને રૂબરૂમાં જણાવેલી કેટલીક માહિતી).

આ પ્રમાણે સોલંકી રાજવંશને પોતાનું ચલણ હતું એ વાત નિર્વિવાદ છે.

---

૧. આ 'સોલંકીઓ' ઉપરાંત ગુજરાતના ઇતિહાસમાં બીજા 'ચાલુક્ય' વંશો પણ થયા છે, દા૰ ત૰ ઊના–દેલવાડાના તામ્રપત્રો આપનાર ચાલુક્યો તથા સોલંકીઓનો જ સમકાલીન લાટનો ચાલુક્ય વંશ. દક્ષિણનાં ચાલુક્યો તો જાણીતા જ છે. સોલંકીવંશ વિષે નોંધપાત્ર બીના આ છે કે તેઓ પોતાના લેખોમાં પોતાને 'ચાલુક્ય'ને બદલે 'ચૌલુક્ય' લખે છે. આ ઉપરથી ઇતિહાસકારો સોલંકીઓને 'ચૌલુક્ય' લખે છે. આ છતાં 'ચાલુક્ય' અને 'ચૌલુક્ય' નામો સમાન જેવાં હોવાથી તેમને ઇતિહાસકારો 'અનહિલ્લપુરના ચૌલુક્યો' પણ કહે છે. ગુજરાતમાં તેઓ પરંપરાગત કથાઓ પ્રમાણે 'સોલંકી' કહેવાય છે. સમકાલીન જૈનપ્રબંધો તથા બીજા સાહિત્યમાં પણ તેમને 'ચૌલુક્ય' કહ્યા છે.

આ હકીકત છતાં સોલંકીઓના સિક્કા કેમ મળી આવતા નથી તે વાત ભારતીય નિષ્કવિદ્યાનો એક કોયડો છે.

ઉત્તરપ્રદેશના ઝાન્સી જિલ્લાની ગરનાથા તહસીલના પંડવાહા ગામ ખાતે ૧૯૦૫માં ગૂર્જર–પ્રતિહાર રાજા ભોજદેવ(ઈ. ૮૪૦–૮૯૦ લગભગ)ના ચાંદીના સાત સિક્કાઓની સાથે સોનાના અનુક્રમે ૬૫ અને ૬૬ ગ્રેન વજનના તથા ·૮૫" અને ·૮૦" જેટલા વ્યાસવાળા બે જૂના સિક્કાઓ પણ મળી આવ્યા હતા. આ સિક્કાઓપર જૂની નાગરી લિપિ(મધ્યકાલીન)માં 'श्रीसिद्धराजः' એવું લખાણ હોવાથી શ્રી આર૦ બર્ને (R. Burn) તે ગુજરાતના સોલંકી 'સિદ્ધરાજ'ના હોવાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. (Numismatic Supplement to J. Asiatic Society of Bengal, VII, 1907, Article entitled, 'A New Medieval Gold Coin'). આ સિક્કા લખનઉના પ્રાદેશિક સંગ્રહસ્થાનમાં મૂકવામાં આવ્યા હતા જે હજુ પણ ત્યાં જ છે. ૧૯૩૬માં આ સિક્કા જાણીતા નિષ્કશાસ્ત્રી રાયબહાદુર શ્રી પ્રયાગદયાલે ફરી તપાસ્યા હતા. તેમની આ તપાસની બાબતમાં તેમણે ભારતીય પુરાતત્વખાતાના તત્કાલીન ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ રાવબહાદુર કાશીનાથ ના૦ દીક્ષિતની સલાહ લઈ શ્રી બર્નના ઉપરોક્ત અભિપ્રાયને ટેકો આપતાં જણાવ્યું હતું, "આ બંને સિક્કાઓ પર ૧૧–૧૨મી સદીના અક્ષરોમાં બંને બાજુએ 'સિદ્ધરાજ:' એવું લખાણ છે. આ રાજાના સમકાલીન મહારાજા ગોવિન્દચન્દ્ર (૧૧૧૨–૧૧૬૦)ના સિક્કાઓ સાથે વજન અને કદની દૃષ્ટિએ આ મળતા આવે છે પણ એમનો આકાર-પ્રકાર કંઈક જુદી જાતનો છે, કારણ કે એમની પાછળ કોઈ દેવ કે દેવીની આકૃતિ નથી. વળી આ સિક્કાઓની ધાતુ જો કે મિશ્રણ વગરનું શુદ્ધ સોનું જણાય છે, પણ તેમનો અસામાન્ય આકાર અને અક્ષરોની પડેલી છાપની અસ્પષ્ટતા જોતાં લાગે છે કે તે ચલણી સિક્કા તરીકે ભાગ્યે જ ઉપયુક્ત રહ્યા હોય. માળવાવિજય જેવા કોઈ ખાસ પ્રસંગની યાદગારમાં તે પાડ્યા હોય તો કહેવાય નહિ. ('Two Gold Coins of Siddharāja Jayasimha', Numismatic Supplement to J. Royal Asiatic Society of Bengal, III, 2, 1937, p. 117-118).

૧૯૩૩માં વડોદરા ખાતે ઇન્ડિયન ઓરીએન્ટલ કૉન્ફરન્સ (ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદ)નું સાતમું અધિવેશન ભરાયેલું તેમાં તે વખતના મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમના ક્યુરેટર શ્રી ગિરિજાશંકર વલ્લભજી આચાર્યે ગુજરાતમાં નાણાકીય ચલણનો ઇતિહાસ (History of Coinage in India) આ નામનો નિબંધ વાંચતાં તેમાં એક સ્થળે નીચે પ્રમાણે જણાવ્યું હતું :

> "The 12th and 13th centuries of the Christian era form another obscure period in the history of Gujarat coinage. The Solankis and Vaghelas have been described in inscriptions as powerful monarchs ruling over Gujarat and Kathiawad and while they have built numerous wells and temples it is surprising that they never exercised the right of coining money. A few tiny copper pieces in Prof. Hodiwala's collection with the inscription Śrīmajjayasiṁha are hesitatingly assigned to Siddharāja Jayasiṁha but besides those pieces no coin of any of the rulers is available in Gujarat which can with certainty be assigned to any one of them." (Proceedings and Transactions of the Seventh All-India Oriental Conference, Baroda, 1933, P. 695).

સ્વ૦ શ્રી દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી પોતાના 'ગુજરાતના મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ'ની બીજી આવૃત્તિ (અમદાવાદ, ૧૯૫૩)માં પા. ૩૨૪–૩૨૫ પર 'સિદ્ધરાજના સિક્કાઓ' આ મથાળા હેઠળ નીચે પ્રમાણે જણાવે છે:

"બીજી એક વાત, ગુજરાતના મધ્યકાલીન રાજપૂત ઇતિહાસમાં પાટણના કોઈ રાજાએ પોતાના નામના સિક્કા પાડ્યા હોય એમ દેખાતું નથી એવું મેં લખ્યું છે (ગુજરાતના ઇતિહાસનાં સાધનો નામના નિબંધમાં), મુનિશ્રી જિનવિજયજીએ ઉપર કહેલા અમદાવાદ સાહિત્ય સભા આગળના વ્યાખ્યાનમાં આ જ મતલબનું કહેલું છે (પૃ. ૫૬), તથા શ્રી ર૦ ઘ૦ જ્ઞાનીએ પણ એમ જ કહ્યું છે (બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળા ૧૯૩૪–૩૫, પૃ૦ ૧, પા૦ ૫૮), અને શ્રી ગિ૦ વ૦ આચાર્યે શ્રીમજ્જયસિંહ અક્ષરોવાળા થોડા ત્રાંબાના કટકા સિવાય બારમા–તેરમા શતકના ગુજરાતના રાજાઓના સિક્કા મળતા નથી એમ પહેલાં લખેલું (વડોદરાની ૭મી ઓ૦ કાં૦નો રિપોર્ટ ૧૯૩૩, પા૦ ૬૯૫). છતાં શ્રી આચાર્યે અને શ્રી જ્ઞાનીએ જ હમણાં નીચેની માહિતી આપી છે કે ન્યુમિસ્મેટિક સપ્લિમેન્ટ નંબર ૭માં શ્રી આર૦ બર્ને સિદ્ધરાજના એક સોનાના સિક્કાની નોંધ કરી છે, જેમાં श्रीसिद्धराज: આ રીતે શબ્દ છે."

આ પ્રમાણે સોલંકી રાજવંશમાંથી એક માત્ર સિદ્ધરાજ જયસિંહના સિક્કા આપણને મળી આવ્યા છે. એક જ રાજાના આ બંને પ્રકારના સિક્કાઓ પર તેનાં બે જુદાં જુદાં નામો આપેલાં છે તે બીના નોંધપાત્ર છે, એટલે કે ઝાંસીના સિક્કાઓ પર 'સિદ્ધરાજ:' અને હોડીવાલા સંગ્રહના સિક્કાઓ પર 'જયસિંહ' આ પ્રમાણે નામો મળી આવે છે.

આ રાજાના તેના પોતાના ઉત્કીર્ણ લેખોમાં તેણે પોતાનું નામ 'જયસિંહ' લખેલું છે. દા૦ ત૦ હાલમાં ગુજરાત વિદ્યાસભા અમદાવાદને લાડોલ ખાતેથી મળી આવેલા તેના વિક્રમ સંવત્ ૧૧૫૬- (ઈ. ૧૦૯૯)ના તામ્રપત્રમાં તે પોતાના પૂર્વજોની નોંધ આપ્યા પછી પોતાના વિષે આ પ્રમાણે જણાવે છે:

૫–श्रीत्रैलोक्यमल्ल श्रीकर्णदेवपादानुध्यातपरमभट्टारक महाराजाधिराज

૬–श्रीजयसिंहदेवः

("Two New Copper-Plate Inscriptions of the Chaulukya Dynasty', by Dr. H. G. Shastri in the J. Oriental Institute, M. S. University of Baroda, II, 4, P. 369).

આ તામ્રપત્રમાં લખાણની નીચે રાજાએ પોતાની જે સહી કરી છે તે આબેહૂબ આ પ્રમાણે છે:

જયસિંહ સિદ્ધરાજની સહી

ઝાન્સીના સોનાના સિક્કાઓની આકૃતિ અને તેમાં આપેલ રાજાનું નામ આ પ્રમાણે છે :

યુ. પી. માં ઝાન્સી પાસે પંડવાહા ગામે મળી આવેલા 'સિદ્ધરાજ'ના સોનાના સિક્કા : મૂળ આકાર પ્રમાણે.

ઝાન્સીના સિક્કાઓમાં 'સિદ્ધરાજ:' નામ જે અક્ષરશૈલીમાં છે તે અક્ષરશૈલી ગુજરાત અને તેની પાડોશના પ્રદેશોમાં પ્રચલિત તત્કાલીન અક્ષરશૈલી કરતાં મરોડમાં જરા જુદી પડે છે. ત્યારે શું ઝાન્સીના સિક્કાઓવાળો સિદ્ધરાજ તે ગુજરાતના સિદ્ધરાજ જયસિંહને બદલે મધ્ય કે પૂર્વ હિંદ તરફનો કોઈ બીજો સિદ્ધરાજ હતો ? પણ હકીકત આ છે કે ઇતિહાસકારોને અત્યાર સુધી ગુજરાતના સિદ્ધરાજ સિવાય આ નામનો કોઈ બીજો રાજા રહ્યો હોવાનું પ્રમાણ હજુ સુધી મળ્યું નથી (भारतवर्षीय मध्ययुगीन चारित्रकोश, ले. चित्राव, पुर्णे, ૧૯૩૭, પૃ૦ ૮૦૮–૮૦૯). વળી સિદ્ધરાજ જયસિંહનું સામ્રાજ્ય ઝાન્સી-(બુંદેલખંડ, પ્રાચીન નામ જેજકભૂક્તિ)ની લગભગ સુધી પ્રસરેલું હતું તે એક હકીકત છે.

પ્રો૦ હોડીવાલાના સિક્કાસંગ્રહમાંના श्रीमज्जयसिंह નામવાળા તાંબાના નાના નાના જે સિક્કાઓનો ઉલ્લેખ શ્રી આચાર્યે કર્યો છે તેમના વિષે કોઈ લેખ કે તેમના ચિત્રો પ્રગટ થયાનું જાણવામાં નથી.

વલ્લભવિદ્યાનગરના સંસ્થાપક-અધ્યક્ષ તથા નવી સ્થપાયલી સરદાર વલ્લભભાઈ યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી ભાઈલાલભાઈ પટેલ ગુજરાતના ઇતિહાસ તથા તેની સાંસ્કૃતિક ઉન્નતિમાં ઊંડો રસ ધરાવે છે અને એના માટે તેઓ હંમેશ પ્રયત્નશીલ રહે છે. મુંબઈ ગેઝેટિયર ૧૮૯૬માં પ્રગટ થયું ત્યાર પછીના ૬૦ વર્ષના ગાળામાં ગુજરાતના ઇતિહાસને લગતી જે નવી સામગ્રી મળી આવી છે તે ફરી તપાસાય અને તેના આધારે ગુજરાતનો એક બૃહદ્ ઇતિહાસ તૈયાર થાય તે તેમની એક મહત્ત્વાકાંક્ષા છે અને પ્રવીણતા મેળવીને ભારતની પ્રાચીન લિપિઓના વાંચનમાં ગુજરાતના પ્રાચીન લેખો તેઓ પોતે ફરીથી તપાસી રહ્યા છે. ગુજરાતના ઇતિહાસના જે જે પ્રકરણો અંધારામાં છે તેમના પર પ્રકાશ પથરાય તેવી ઐતિહાસિક સામગ્રી મેળવવા માટે પણ તેઓ સતત પ્રયત્નશીલ રહે છે. સોલંકીઓના સિક્કા મળે તેના માટે તેઓ જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં આ વિષે તપાસ ચલાવે છે. વલ્લભવિદ્યાનગરની કોલેજોમાં ભણત વિદ્યાર્થીઓ તેમના પોતાના ગામમાં જે ઐતિહાસિક અવશેષો કે સામગ્રી હોય તેમની માહિતી આપે તેવી સૂચના તેઓએ કરી છે અને તેથી મૂલ્યવાન ઐતિહાસિક માહિતી અવારનવાર મળ્યા કરે છે.

વલ્લભવિદ્યાનગરની એક કોલેજમાં ભણતા મહેસાણા જિલ્લાના વીજાપુર તાલુકાના પીલવઈ ગામ-(કલોલ–વીજાપુર રેલવેલાઈન પર વીજાપુર આવતાં આ સ્ટેશન પહેલાં આવે છે અને ખડાયતાઓનાં વામ ખડાત-મહુડી જવા માટે લોકો અહીં ઊતરે છે)ના શ્રી મોરલીધર મંગળદાસ શાહ નામના વિદ્યાર્થી

કેટલાક જૂના સિક્કા શ્રી ભાઈલાલભાઈને દેખાડવા લાવેલા તેમાં ચાંદીના થોડાક નાના નાના સિક્કાઓ પણ હતા જેમનો ફોટોગ્રાફ નીચે આપ્યો છે :

સિક્કાઓની આગલી બાજુએ હાથીની આકૃતિ છે જે લક્ષ્મીનું પ્રતીક હોઈ શકે.

પાછલી બાજુએ લખાણની ત્રણ લીટીઓ છે જેમાંની પહેલીમાં કંઈક 'શ્રી' જેવું વંચાય છે. આ સિવાય બીજા અક્ષર કપાઈ ગયા છે. બીજી લીટીમાં श्रीमज्जयसिंह આ નામ ૧૧–૧૨મા સૈકાની ગુજરાતમાં પ્રચલિત જૂની નાગરી લિપિમાં વંચાય છે અને ત્રીજી લીટીના અક્ષરો કપાઈ ગયા છે.

દરેક સિક્કાનો સરેરાશ વ્યાસ ૮ MM. (આ. ⁵⁄₁₆")

દરેક સિક્કાનું સરેરાશ વજન ૭.૮૧૫ ગ્રેન.

શ્રી આચાર્યે ઉલ્લેખેલા નાના તાંબાના હોડીવાળા સંગ્રહના અપ્રગટ સિક્કા જે 'જયસિંહ'ના હતા તે જ રાજાના આ ચાંદીના સિક્કા આપણને મળી આવ્યા હોય એમ લાગે છે.

આ સિક્કાઓમાંનો જયસિંહ તે ગુજરાતનો જયસિંહ સિદ્ધરાજ હતો કે કોઈ બીજો રાજા હતો તે આપણે પહેલાં તપાસી લેવું ઘટે.

આપણા દેશના ઇતિહાસમાં જયસિંહ નામના અનેક રાજાઓ થયા છે તેમાંના ઓછામાં ઓછા ૨૦ જેટલા જયસિંહો તો ઠીક ઠીક જાણીતા છે. એમાંના સિંધ (ઈ૦ ૭૧૭–૭૨૪), કાશ્મીર (૧૧૨૮–૫૧), આન્ધ્ર (૬૩૩–૬૬૩) અને કર્ણાટક (૫૦૦, ૬૭૧–૯૨, ૧૦૧૮–૧૦૪૩, ૧૦૭૯–૧૦૮૧) ના જયસિંહોને આપણે જતા કરીશું કારણ કે આ રાજાઓ તો જે જૂની નાગરી લિપિ આપણને પ્રસ્તુત સિક્કાઓના લખાણમાં મળી આવી છે તે પ્રચલિત થતાં પહેલાં થયેલા અગર તો તેઓ જે પ્રદેશોમાં થયેલા ત્યાં નાગરી લિપિનું પ્રચલન રહ્યું નહોતું, દા૦ ત૦ આન્ધ્ર, કર્ણાટક, વગેરે. એટલે આ લિપિનો મુદ્દો તથા પ્રાદેશિક સાનિધ્ય જોતાં પ્રસ્તુત સિક્કાઓની બાબતમાં આપણે નીચેના જયસિંહોને લગતી વિચારણા જ ચલાવવાની રહે છે.

ડાહલ (મધ્યપ્રદેશનો નર્મદાકાંઠો) : **જયસિંહદેવ હૈહય** (ઈ. ૧૧૭૦–૧૧૮૦) : આ રાજાના સમયના જો કે ચાર ઉત્કીર્ણલેખો મળી આવ્યા છે (કલચૂરી સં૦ ૯૨૬ના રીવાનાં તામ્રપત્રો, ઇન્ડિયન એન્ટીકવરી ૧૮, પા૦ ૨૨૪–૨૭; ક૦ સં૦ ૯૨૮નો તેવરનો શિલાલેખ, એપી૦ ઇન્ડિ૦ ૨,૧૭;

ઇ૦ સં૦ ૯૨૬નો નાગપુર સંગ્રહસ્થાનનો લેખ, ઇન્ડિયન એન્ટીકવરી ૧૮, ૨૧૪–૧૮; અને કરનબેલનો લેખ, એપી. ઈ. ૫, ૧૦) પણ તેની કારકિર્દી પર તે પ્રકાશ ફેંકતા નથી.

માળવા : પરમાર જયસિંહ (૧૦૫૧–૧૦૫૯) : ભોજનો ઉત્તરાધિકારી તથા ગુજરાતના સોલંકી ભીમદેવ પ્રથમનો તેના જીવનના પાછલા ભાગનો સમકાલીન.

માળવા : પરમાર જયસિંહ (૧૦૬૮) : જયવર્માનો ઉત્તરાધિકારી તથા ગુજરાનના કર્ણ સોલંકી(૧૦૬૪–૧૦૯૪)નો સમકાલીન.

માળવા : પરમાર જયસિંહ (૧૩૦૮–૧૩૪૨) : માળવાનો છેલ્લો પરમાર. ઉદયપુર–માળવા ખાતે તેનો વિ૦ સં૦ ૧૩૬૬નો લેખ છે.

માળવા : જયસિંહ મંડપ(માંડુ)નો. : આ ધારની દક્ષિણે માંડુ નજીકના કેટલાક વિસ્તારનો નાનો રાજા હતો જેનો ઉલ્લેખ હમીરના બલવાન લેખ(એપી૦ ઈ૦ ૧૯, ૪૬–૫૦)માં મળી આવ્યો છે. આ ગુજરાતના વીસલદેવ વાઘેલાનો સમકાલીન હતો.

વાગડ (ડુંગરપુર–વાંસવાડા ક્ષેત્ર) : વિ૦ ૧૧૯૫(ઈ૦ ૧૨૫૧)ના વૈદ્યનાથમન્દિરના ઝારોલ ગામના શિલાલેખમાં એક **વાગડના જયસિંહ**ની નોંધ મળી આવે છે. તે ગુજરાતના ભીમ બીજા (૧૧૭૮–૧૨૪૧)નો સમકાલીન હતો.

મેવાડ : ઈ૦ ૧૩૦૦ લગભગમાં મેવાડમાં **જયસિંહ સીસોદિયા** થયો હતો.

દક્ષિણ મારવાડ : જાલોરના માલદેવ સોનગરાનો દીકરો, જે ૧૪મા સૈકાના આરંભકાળે થયો હતો.

સૌરાષ્ટ્ર : 'મંડલીક નૃપચરિત' પ્રમાણે જૂનાગઢના ચુડાસમા રાજવંશમાં ઈ૦ ૧૪૧૫માં **રા'ખેંગાર** પછી એક **જયસિંહ** ગાદીએ બેઠો હતો. તેણે ૧૧ વર્ષ રાજ્ય કર્યું હતું. (Proc. Indian Hist. Congress, 1952, pp. 170-174, article by Shri H. D. Velankar).

ગુજરાત : જાણીતો **જયસિંહ સિદ્ધરાજ** (ઈ. ૧૦૯૪–૧૧૪૩)

પ્રસ્તુત સિક્કાઓમાંનો જયસિંહ ઉપરની યાદીમાંનો એકાદ રહ્યો હશે. ડાહલ (મધ્યપ્રદેશનો ઉત્તર ભાગ) ગુજરાતથી ઘણે દૂર છે પણ લિપિની દૃષ્ટિએ ડાહલના જયસિંહનો મુદ્દો આપણે વિચારવાનો રહે છે કારણ કે પૂર્વ મધ્યકાળમાં જ્યારે ગુજરાતમાં સોલંકીઓ અને ડાહલમાં હૈહયોનું રાજ્ય હતું ત્યારે બંને પ્રદેશોના લેખોમાં લગભગ સરખા પ્રકારની લિપિ પ્રચલિત હતી. માળવા વિષે પણ તેમ જ હતું. પણ આ જયસિંહ હૈહયના જીવનની કશી માહિતી તેના લેખોમાંથી મળતી નથી તે આપણે જોઈ ગયા છીએ. વળી તેના સિક્કા હજુ તેના પોતાના પ્રદેશમાં મળી આવ્યા નથી તો આટલે આઘે ગુજરાતમાં તો ક્યાંથી મળે તે વાત સમજાય તેવી છે. તેવી જ રીતે માળવાના જયસિંહોના સિક્કા માળવા કે બીજે ક્યાંય મળ્યા નથી. મંડપનો જયસિંહ ને તેવી જ રીતે વાગડ, મેવાડ અને દક્ષિણ મારવાડ (જાલોર)ના જયસિંહો એટલા બધા નાના રાજાઓ હતા કે તેમણે પોતાના સિક્કા પડાવ્યા હોય એમ ભાગ્યે જ બની શકે. તો પણ તેમના સિક્કા તેમના પોતાના પ્રદેશમાં ન મળી આવતાં છેક ગુજરાતમાં મળી આવે તે પણ બનવાજોગ નથી. સૌરાષ્ટ્રનો ચુડાસમા રા' જયસિંહ સોલંકીઓનો ખંડિયો રહ્યો હોવો જોઈએ ને ગુજરાતના સાર્વભૌમ સોલંકી જયસિંહે સિક્કા ન પડાવ્યા હોય અને આ જૂનાગઢના રા'એ સિક્કા પડાવ્યા હોય અને તે છેક ગુજરાત સુધી ચાલે તે વાત મનાય તેવી નથી.

'જયસિંહ'ના પ્રસ્તુત સિક્કા તાંબુ અને ચાંદી એમ બે ધાતુઓના મળી આવતાં સૂચન મળે છે કે આ પ્રકારના સિક્કા રીતસરના નાણાંકીય ચલણ માટે જ પાડવામાં આવ્યા હતા. વળી બંને પ્રકારના સિક્કા ગુજરાતમાં જ મળી આવ્યા છે. આ વસ્તુ સૂચન કરે છે કે આ સિક્કા ગુજરાતના જ કોઇ 'જયસિંહ' નામના મોટા રાજાના જ હોવા જોઈએ. સિક્કાઓ પર 'શ્રીમજ્જયસિંહ' નામ જૂની નાગરી લિપિમાં છે અને તેનો 'જ' અક્ષર જે આકારનો છે તે જોતાં કહી શકાય કે આ રાજા ૧૦માથી ૧૫મા સૈકા સુધીમાં થયો હોવો જોઈએ. ૧૯૫૪ની નાતાલમાં અમદાવાદ ખાતે ભરાયેલી ભારતીય ઇતિહાસ પરિષદના અધિવેશન પ્રસંગે ભરાયેલા પ્રદર્શનમાં આ સિક્કાઓના મોટા ફોટોગ્રાફો મૂકવામાં આવેલા તે વખતે ગુજરાતના પ્રાચીન જૈન સાહિત્યના પ્રકાણ્ડ વિદ્વાન મુનિ શ્રી પુણ્યવિજયજીએ આ સિક્કાઓનાં લખાણમાં જે 'શ્રી' શબ્દ છે તે જયસિંહ સિદ્ધરાજની સમકાલીન હસ્તપ્રતોમાં 'શ્રી'નો જેવો આકાર મળી આવે છે તેવો જ આકાર પ્રસ્તુત સિક્કાઓમાંના 'શ્રી'નો હોવાનો અભિપ્રાય આપેલો.

ભારતીય નિષ્કવિદ્યા પરિષદના મુખપત્રના હાલમાં પ્રગટ થયેલા તેના અંક(પુ. ૧૬ ભા. ૨, પા. ૨૬૩–૪)ના Miscellanea મથાળા હેઠળ સિક્કાઓને લગતી જે નવી શોધોની સંક્ષિપ્ત માહિતી પ્રગટ થઈ છે તેમાં 'The Coins of Jayasiṁha' આ નોંધમાં મેં પ્રસ્તુત સિક્કાઓનો ટૂંક પરિચય રજૂ કરતાં તે જયસિંહ સિદ્ધરાજના હોવાનું જણાવ્યું છે. એની નીચે આ પ્રમાણેની તંત્રીનોંધ અપાઈ છે :

"Dr. U. P. Shah has suggested to us that these coins might belong to Jayasiṁha or Jayatsiṁha, who for some time usurped the Chaulukyan throne after Ajayapāla. A copper-plate charter of this ruler was obtained from Kadi, North Gujarat, dated in the year 1280 V. S. (Indian Antiquary, VI, p. 196), where we have in the last line Śrimajjayasiṁhadevasya.—Editor."

આ રાજાનું એક માત્ર તામ્રપત્ર મળી આવ્યું છે તે વાંચનાર જાણીતા વિદ્વાન ડૉ૦ બ્યુલરે જણાવ્યું છે :

"Our grant No. 4 was issued by a Chaulukya ruler, Jayantasiṁha, who describes himself in the following terms....This vain-glorious passage is preceded by the usual vaṁśāvalī, beginning with Mūlarāja I, and ending with Bhīmadeva II. But after naming the latter and giving his titles, and just before the enumeration of Jayantasiṁha's own titles, follow the significant words *tadanantaram* sthāne, 'after him (Bhīma) in (his) place.' Considering these statements, and the further assertion, in the preamble to the grant, that Jayantasiṁha ruled over the *Vardhipathaka* and the Gambhūtā pathaka, it is evident that he was a usurper who supplanted Bhīma for a time. As one of Bhīma's own grants (No. 5) is dated in 1283 Vikrama and from *Anahilapāṭaka*, it follows that Jayantasiṁha, who dates his grant in 1280 Vikrama, must have been ejected by the rightful owner soon after issuing the grant." (Indian Antiquary, VI, 1877, P. 188).

આ થઈ લગભગ પોણોસો વર્ષ પૂર્વેની વાત. આ પછીના સમયમાં ગુજરાતના ચૌલુક્ય(સોલંકી) વંશના ઇતિહાસની જે કંઈ સામગ્રી મળી આવી છે તેના આધારે તૈયાર થયેલ સ્વ૦ શ્રી દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રીના 'ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ' નામના પુસ્તકની જે ૧૯૫૩માં બીજી સુધારેલી આવૃત્તિ બહાર પડી છે તેમાં આ રાજા વિષે (પા. ૪૧૮–૯) નીચે પ્રમાણે જણાવ્યું છે :

"ઈ. ૧૨૧૯(વિ. ૧૨૭૫)નો ભીમદેવ બીજાનો ભરાણાનો લેખ મળ્યો હોવાની ઉપર નોંધ કરી છે...પછી ઈ. ૧૨૧૯થી ૧૨૨૪ વચ્ચેના કોઈ પણ વર્ષમાં ઉપર કહેલા મુસલમાની હુમલાઓથી તથા પુષ્કળ દાનોથી જેની તિજોરીનું તળિયું દેખાઈ ગયું હતું તે ભીમદેવના રાજ્યને બળવાન મંડલિકોએ તથા મંત્રીઓએ દબાવવા માંડયું અને છેવટે જયંતસિંહે પાટણની ગાદી પચાવી પાડી...આ જયંતસિંહ મુખ્ય સોલંકી વંશનો કોઈ ભાયાત જ હોવો જોઇએ; જો કે કોઈ પ્રબંધમાં આનું નામ નથી અને એના લેખમાં એનો મુખ્ય વંશ સાથે સંબંધ બતાવ્યો નથી."

આ હકીકત જોતાં ડૉ૦ ઉમાકાંતભાઈ શાહે મારી માન્યતા વિરુદ્ધ પ્રસ્તુત સિક્કા તે આ જયંતસિંહના હોવાની શકયતા દર્શાવી છે તે સૂચવે છે કે તેમના મત પ્રમાણે વર્ષ બે વર્ષ માટે કોઈક ગાદી પચાવી પાડનારને તદ્દન નાના પ્રદેશ પર રાજ્ય કરનાર કોઈક એવો સોલંકી ભાયાત કે જેની નોંધ જૈન પ્રબંધાદિ તથા અન્ય સમકાલીન સાહિત્યના કર્તાઓએ લેવાનું ઉચિત માન્યું નથી, તેના આ સિક્કા હોઈ શકે છે પણ જયસિંહ સિદ્ધરાજ જેવા ભારતવિખ્યાત અને મહાન રાજાના હોઈ શકતા નથી. ન્યુમિસ્મેટિક સોસાયટીના જર્નલના તંત્રીએ ડૉ૦ શાહના મંતવ્ય વિષે જે નોંધ લખી છે તેના પરથી જણાય છે કે ડૉ૦ શાહે પોતાની દલીલમાં આ જયંતસિંહની તેના તામ્રપત્ર પર श्रीमज्जयसिंह તરીકે તેણે કરેલી સહીનો દાખલો આપ્યો છે પણ જયસિંહ સિદ્ધરાજના તામ્રપત્રો પર પણ તેની 'જયસિંહ' નામની સહી મળી આવે છે તે વાતનો ઉલ્લેખ કર્યો જણાતો નથી. બંને સહીઓ વચ્ચે અંતર આટલું જ છે કે જયસિંહ સિદ્ધરાજની સહીમાં श्रीजयसिंहदेवस्य અને જયંતસિંહની સહીમાં श्रीमज्जयसिंहदेवस्य આ પ્રમાણે લખાણ છે ને પ્રસ્તુત સિક્કાઓ પર श्रीमज्जयसिंह લખાણ છે ને આ પ્રમાણે श्रीमत् શબ્દના કારણે સિક્કાઓનું લખાણ જયંતસિંહની સહીના લખાણ સાથે સામ્ય ધરાવે છે. પરંતુ આપણે આ હકીકત ધ્યાનમાં રાખવાની છે કે કોઈ રાજા પોતાના હાથે પોતાની સહી કરતાં આવાં વિશેષણો ન લખે. સોલંકી વંશના તામ્રપત્રોમાં મૂળરાજથી માંડી જ્યાં જ્યાં રાજાઓની સહીઓ મળી આવી છે ત્યાં ત્યાં તેમણે કયાંય श्रीमत् કે બીજાં વિશેષણ પોતાને હાથે સહીઓમાં લખ્યાં નથી; તેમ કરવાનું કોઈને શોભે પણ નહિ. બીજા પ્રદેશોમાં આ સમયનાં આવાં અનેક ઉદાહરણો મળી આવ્યાં છે કે જ્યાં રાજાઓ પોતાની સહીમાં श्रीमत् વિશેષણ વાપરતા નથી પણ તેમના સિક્કાઓ તથા તામ્રપત્રાદિમાં ઉલ્લેખિત તેમનાં નામો સાથે આ વિશેષણ વપરાયું છે.

વળી જયંતસિંહની સહીની બાબતમાં ડૉ૦ ઉમાકાંતભાઈએ જે ભાર મૂકયો છે તે સહી અશુદ્ધ છે તે વાત ઉલ્લેખનીય છે. આ રાજા પોતાના તામ્રપત્રમાં પોતાનું નામ સ્પષ્ટપણે 'જયંતસિંહ' હોવાનું જણાવે છે. આ તામ્રપત્ર ઉકેલનાર ડૉ૦ બ્યુલર તથા તેમની પછી તે ફરી વાંચનાર વિદ્વાનોએ તે श्रीमजयसिंहदेवस्य આ પ્રમાણે ઉકેલી છે. ડૉ૦ શાહ જણાવે છે તેમ તે સહીનું લખાણ श्रीमज्जयसिंहदेवस्य નથી. આ ઉપરથી લાગે છે કે આ રાજાને પોતાની સહી બરોબર કરતાં નહિ આવડતી હોય એટલે તેનાથી તામ્રપત્ર પર સહી કરતાં श्रीमज्जयंतसिंहदेवस्यને બદલે જેમાં બે અક્ષરો (ज् અને न्त) ખૂટે તે श्रीमजयसिंहदेवस्य લખાઈ ગયું. તામ્રપત્રો પર આવી અશુદ્ધ સહીઓના આવા અનેક દાખલા મળી આવ્યા છે.

આ બધા મુદ્દાઓની છણાવટ પછી એવો નિર્ણય બાંધી શકાય કે પ્રસ્તુત સિક્કાઓ કે જે કોઈ એવા 'જયસિંહ'નાં છે કે જેનું ચલણ ઉત્તર ગુજરાત (કારણ તેના ચાંદીના સિક્કા આ પ્રદેશમાં પીલવાઈ ખાતે મળ્યા છે) તથા સૌરાષ્ટ્ર(તેના તાંબાના સિક્કા આ પ્રદેશમાં મળેલા)માં ચાલ્યું હોય તે 'જયસિંહ' તે 'જયસિંહ સિદ્ધરાજ'જ હોઈ શકે છે. સોલંકી રાજાઓ સિક્કા પડાવતા તે વાત તેમના સમકાલીન સાહિત્ય પરથી આપણે જાણીએ છીએ.

ભારતીય સિક્કાઓના આકારપ્રકારના વિકાસનો અભ્યાસ કરતાં આપણને જણાય છે કે ગુપ્ત રાજાઓએ જે સિક્કા ચલાવેલા તેમાં ગુપ્તકાળ પછી ધીમે ધીમે કેટલોક ફેરફાર થતો ગયો અને ડાહલના હૈહય રાજા ગાંગેયદેવ(૧૦૧૫–૧૦૪૦)ના સમયે સિક્કાઓના આકાર–પ્રકારે જે વિશેષતા ધારણ કરેલી તે પ્રમાણે આ સિક્કાઓની આગલી બાજુ લક્ષ્મીની આકૃતિ અને પાછલી બાજુ સીધી ત્રણ સમાનાન્તર લીટીઓનું લખાણ હોય જેમાં બિરુદો સાથે સિક્કા ચલાવનાર રાજાનું નામ હોય. આ સિક્કાઓનો પ્રકાર ગાંગેયદેવની શૈલી તરીકે જાણીતો છે અને દક્ષિણ હિંદને બાદ કરતાં જ્યાં જ્યાં ગુર્જરપ્રતિહાર સામ્રાજ્યના પતન પછી જે અનેક રાજ્યો અસ્તિત્વમાં આવેલાં (દા૦ ત૦ ડાહલ, કનોજ, દિલ્હી, માળવા, વગેરેના હૈહય, તોમર, પરમાર ઇત્યાદિ વંશોનાં રાજ્યો જેમાં ગુજરાતનું સોલંકી રાજ્ય પણ એક હતું.) ત્યાં સઘળે આ ગાંગેયદેવની શૈલીના સિક્કા પ્રચલિત થયા હતા. આ સિક્કાઓ એમના પ્રચલનના પ્રદેશોમાં મુસ્લિમ રાજ્યના આરંભ સુધી ચાલુ રહ્યા હતા. 'જયસિંહ'ના પ્રસ્તુત સિક્કા આ ગાંગેયદેવની શૈલીના જ છે તે તેમના પરના લખાણની ત્રણ લીટીઓ વડે જણાય છે. ગાંગેયદેવની શૈલીના સિક્કાઓ પર સામાન્યપણે એક બાજુ ગુપ્ત રાજાઓના સિક્કાઓની પરંપરારૂપે લક્ષ્મીની આકૃતિ મૂકવામાં આવતી. પ્રસ્તુત સિક્કાઓ પર લક્ષ્મીની આકૃતિને બદલે હાથી છે. આપણા દેશના પ્રાચીન સિક્કાઓ પર દેવની આકૃતિના બદલે તેના પ્રતિનિધિ તરીકે તેના વાહનની આકૃતિ મૂકવાનો રિવાજ હતો. ગુપ્તોના સિક્કાઓ પર તેમના ઇષ્ટદેવ વિષ્ણુને બદલે તેના વાહન ગરુડની આકૃતિ જ મળી આવે છે તે જાણીતી વાત છે. ગાંગેયદેવની શૈલીના સિક્કા કે જે ૧૧મીથી ૧૪મી સદી સુધી કાન્યકુબ્જ, બુંદેલખંડ, દિલ્હી તથા ગુજરાતના સોલંકીઓના સમકાલીન બીજા કેટલાય રાજવંશોએ પોતપોતાના પ્રદેશોમાં ચલણમાં મૂકેલા હતા તેમના પર શિવને બદલે તેના પ્રતિનિધિ તરીકે પોઠિયાની આકૃતિ મળી આવે છે. તો એવા સંજોગોમાં 'જયસિંહ'ના પ્રસ્તુત સિક્કાઓ પર જે હાથીનું ચિહ્ન છે તે લક્ષ્મીનું પ્રતીક છે એમ માનવું ઉપયુક્ત જ છે. આ રીતે હાથીની આકૃતિ દક્ષિણના કેટલાક સિક્કાઓ પર પણ મળી આવી છે. મારા મિત્ર ડૉ૦ ઉમાકાંત શાહે મને એકવાર વાતચીતમાં જણાવેલું કે તેમને હાલમાં એક એવી જૂની સાહિત્યિક નોંધ મળી આવી છે જે સોલંકીઓના સિક્કાઓ પર લક્ષ્મીની આકૃતિ રહી હોવાનું જણાવે છે. 'જયસિંહ'ના પ્રસ્તુત સિક્કાઓ કદમાં છેક જ નાના છે અને તેમના પર લક્ષ્મીની આકૃતિ સમાઈ શકે તેમ નથી એટલે આવા સિક્કાઓ પર લક્ષ્મીની જગાએ તેનું વાહન હાથી કે જે તેની સહેલી આકૃતિને લઈ ગમે તેટલા નાના સિક્કામાં સમાઈ શકે તે મૂકી હોય એમ માની શકાય.

ઉપર જણાવેલા બધા મુદ્દા આપણને આ નિર્ણય તરફ દોરી જાય છે કે પ્રસ્તુત સિક્કા ગુજરાતના સોલંકી રાજા જયસિંહ સિદ્ધરાજ(૧૦૯૪–૧૧૪૩)ના જ છે. સિદ્ધરાજ માત્ર ગુજરાત જ નહિ પણ આખા હિંદના ઇતિહાસમાં મોટો રાજા ગણાયો છે. તેણે મોટું સામ્રાજ્ય ઊભું કર્યું હતું. તેના પર આપણે ત્યાં ગુજરાતમાં ઇતિહાસ નવલકથાદિ સાહિત્ય ખૂબ લખાયું છે. પરંતુ ગુજરાત બહારના સાહિત્યમાં પણ તેના વિષે પુસ્તકો લેખાદિ લખાતાં રહે છે. હિંદી ભાષાના હાલ સૌથી મોટા અને પીઢ ગણાતા મહાકવિ શ્રી. મૈથિલીશરણ ગુપ્તે આપણા આ સિદ્ધરાજ વિષે હિંદી ભાષામાં 'સિદ્ધરાજ'

નામનો એક ઉચ્ચ કોટિનો કાવ્યગ્રંથ લખ્યો છે જેના વિવેચન પર પણ હિંદીમાં સ્વતંત્ર પુસ્તકો લખાઇ ગયાં છે. આવા મોટા રાજાએ સિક્કાઓ પડાવ્યા હોય તે દેખીતું જ છે અને આ સિક્કા તાંબુ અને ચાંદી એમ બે ધાતુઓના જ મળી આવ્યા છે. ઝાન્સીના સોનાના સિક્કા તેના જ હોવાનો નિષ્ણાત નિષ્કશાસ્ત્રીઓએ અભિપ્રાય આપ્યો છે.

ગુજરાતમાં સોલંકીઓના જમાનામાં ગધૈયા (Indo-Sassasian) સિક્કાઓ જ ચાલુ રહેલા. આ વાત આ સિક્કાઓની શોધ તથા સમકાલીન સાહિત્યિક નોંધોના આધારે બરોબર લાગતી નથી.

આ હકીકત છતાં સોલંકીઓના સિક્કાઓ વિરલ સંજોગોમાં જ મળી આવે છે. તેમના ઉત્તરાધિકારીઓ ગુજરાતના મુસ્લિમ સુલતાનો(૧૪૦૩–૧૫૭૩)ના સિક્કાઓની જેમ તે અવારનવાર ઉપલબ્ધ થતા નથી. તેનું કારણ આ લાગે છે કે અલાઉદ્દીન ખીલજી (૧૨૯૫–૧૩૧૫) તરફથી તેના સેનાપતિ ઉલુઘખાને ૧૨૯૭માં ગુજરાત પર આક્રમણ કરી સોલંકી રાજ્યનો અંત આણ્યો હતો. પછી અહીં ખીલજી રાજ્ય સ્થપાયું હતું. અલાઉદ્દીનના રાજ્યમાં પ્રજા કચડાયેલી રહે અને તેના રાજ્યની સામે તે માથું ન ઊચકી શકે તે માટે તેણે હિંદુ પ્રજા પર અસહ્ય કરવેરા નાખ્યા હતા. જીજિયા ઉપરાંત હિંદુઓ પર અનેક વેરાઓ લદાયા હતા. વળી ખેડૂત પાસેથી તેની ખેતીની ઊપજનો અર્ધોઅરધ ભાગ લેવામાં આવતો હતો. ખેડૂત પાસે માત્ર આવતો પાક વાવવા પૂરતી જ સગવડ રહે કે જેથી તે કર ભરવા પૂરતો જ જીવતો રહી શકે તેટલી હદ સુધી કરવેરાઓ મારફતે તેને આર્થિક દૃષ્ટિએ તદ્દન નીચોવી નાખવામાં આવતો. પરિણામે કુટુંબ, સમાજ, ધર્મ, ઇ૦ને લગતી જવાબદારીઓ પૂરી કરવા અલાઉદ્દીનના રાજ્યકાળમાં ગુજરાતના ખેડૂત, વેપારી તથા અન્ય વર્ગ પાસે જે કાંઈ નાણું, દરદાગીના ઇ૦ હતાં તે તેમણે બધાં કાઢી નાખવા પડ્યાં. આ રીતે અગાઉના સિક્કા કે બીજી વસ્તુઓના રૂપે ગુજરાતની પ્રજાનું સોનું ને ચાંદી દિલ્હી પહોંચ્યાં, જ્યાં આ બધાનો નાશ કરી નવા સિક્કા વગેરે પાડવામાં આવ્યા. સોલંકીઓના સિક્કાઓ આમ દિલ્હી ગળાવા માટે પહોંચતા તેની વિગત અલાઉદ્દીનની ટંકશાળના અમલદાર ઠક્કુર ફેરૂના પુસ્તક 'દ્રવ્યપ્રકાશ' પરથી જાણવા મળે છે.

આ છતાં જો ગુજરાતને આંગણે સોલંકીઓના સિક્કાઓ માટે સારી પેઠે તપાસ ચલાવવામાં આવે તો, જેમ આ લેખમાં જણાવેલા બે કિસ્સાઓમાં તે અચાનક મળી આવ્યા છે તેમ તે અનેક સ્થળે ચોક્કસ મળી આવે.

હેમચન્દ્રાચાર્ય : એમનું જીવન અને કવન

પ્રા૦ રમણલાલ સી૦ શાહ, એમ. એ.

ગુજરાતના ઇતિહાસમાં સુખ, સમૃદ્ધિ અને સંસ્કારિતાની દૃષ્ટિએ મહાન કહી શકાય એવો યુગ તે
સોલંકી યુગ. આ યુગમાં મૂળરાજ, ભીમ, કર્ણ, સિદ્ધરાજ, કુમારપાળ એમ એક પછી એક પરાક્રમી,
પ્રજાવત્સલ અને દૂરંદેશી રાજાઓ રાજ્ય કરી ગયા અને ગુજરાતની કીર્તિને એની ટોચે પહોંચાડી.
લગભગ ત્રણસો વર્ષનો આ જમાનો ગુજરાતના ઇતિહાસમાં સુવર્ણયુગ તરીકે ઓળખાવા લાગ્યો. આ
સુવર્ણયુગને એની પરાકાષ્ઠાએ પહોંચાડનાર સિદ્ધરાજ અને કુમારપાળ હતા. અને એ બન્ને રાજવીઓને
મહાન બનાવનાર કલિકાલસર્વજ્ઞ, યુગપ્રવર્તક હેમચન્દ્રાચાર્ય હતા. જે સ્થાન વિક્રમાદિત્યના રાજ્યમાં કવિ
કાલિદાસનું હતું, જે સ્થાન હર્ષના રાજ્યમાં બાણભટ્ટનું હતું તે સ્થાન સિદ્ધરાજ અને કુમારપાળના
વખતમાં હેમચન્દ્રાચાર્યનું હતું. ઇતિહાસમાંથી હેમચન્દ્રાચાર્યને જો આપણે ખસેડી લઈએ તો એ સમયનું
અપૂર્ણ અને અંધકારમય ચિત્ર આપણી સામે ખડું થવાનું. હેમચન્દ્રાચાર્ય ન હોત તો તત્કાલીન ગુજરાતી
પ્રજા અને એ પ્રજાનાં ભાષા અને સાહિત્ય આટલાં સમૃદ્ધ ન હોત. હેમચન્દ્રાચાર્યના સમય પહેલાં
માળવાના બજારોમાં ગુજરાતીઓની ઠેકડી ઊડતી. સાહિત્ય અને સંસ્કારિતામાં ગુજરાતીઓ શું સમજે
એમ ગણી ગુજરાતીઓને તુચ્છ લેખવામાં આવતા. તેને બદલે ગુજરાતી પ્રજાને હેમચન્દ્રાચાર્યે કલા,
સાહિત્ય અને સંસ્કારની દૃષ્ટિએ જાગ્રત અને સભાન બનાવી. એને લીધે એક સમય એવો આવ્યો કે
જ્યારે પાટણમાં રહેવું અને પોતાની જાતને પટ્ટણી કહેવડાવવું એ ગૌરવ લેવાની વાત બની. તે સમયના
ગુજરાતના સાધુઓ, શ્રેષ્ઠિઓ અને સૈનિકો ગુજરાત બહાર પંકાતા હતા.

હેમચન્દ્રાચાર્યના જીવન વિષે સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ગ્રંથોમાંથી પુષ્કળ માહિતી મળે છે.
પ્રદ્યુમ્નસૂરિના 'પ્રભાવકચરિત્ર' મેરુતુંગાચાર્યના 'પ્રબંધચિંતામણિ,' રાજશેખરના 'પ્રબંધકોશ' અને
જિનમંડન ઉપાધ્યાયના 'કુમારપાળચરિત્ર' નામના ગ્રંથોમાંથી હેમચન્દ્રાચાર્ય વિશે પુષ્કળ માહિતી
મળી આવી છે. જેમ નરસિંહ અને મીરાં, તુકારામ અને જ્ઞાનેશ્વર, કબીર અને ચૈતન્ય જેવા સંતોના
જીવન વિશે તેમ જ કાલિદાસ અને ભવભૂતિ જેવા કવિઓ કે વિક્રમ અને ભોજ જેવા રાજવીઓ વિશે
અનેક દંતકથાઓ પ્રચલિત છે, તેમ હેમચન્દ્રાચાર્ય વિશે પણ ઘણી દંતકથાઓ પ્રચલિત છે. આમાંની
કેટલીક દંતકથાઓ અવૈજ્ઞાનિક અને અનૈતિહાસિક અને કેટલીક તો દેખીતી રીતે જ ખોટી ઠરે એવી છે,
કારણ કે એક ગ્રંથમાં એ એક રીતે આપવામાં આવી હોય અને બીજા ગ્રંથમાં બીજી રીતે આપવામાં
આવી હોય. હેમચન્દ્રાચાર્યે પોતાના યોગના પ્રભાવ વડે અમાસની પૂનમ કરી નાખી હતી, મહમ્મદ
ગઝનીને વિમાનમાં પોતાની પાસે આણ્યો હતો કે તાડપત્રી ખૂટતાં નવાં ઝાડ ઉગાડ્યાં હતાં—એવી એવી
દંતકથાઓ ન માની શકાય એવી છે એમાં શંકા નથી.

હેમચન્દ્રાચાર્યનો જન્મ સંવત ૧૧૪૫માં કારતક શુદિ પૂનમને દિવસે ધંધુકામાં થયો હતો. એમના
પિતાનું નામ ચાચ અને માતાનું નામ ચાહિણી (અથવા પાહિણી) હતું. હેમચન્દ્રાચાર્યનું બાલપણનું
નામ ચંગ હતું. એમ કહેવાય છે કે એક વખત ધંધુકામાં દેવચન્દ્રસૂરિ પધારેલા તે સમયે ચાહિણી એમને
વંદન કરવા જાય છે અને પોતે સ્વપ્નમાં એક રત્નચિંતામણિ જોયો હતો તેની વાત કરે છે. જ્યોતિષના
જાણકાર દેવચંદ્રસૂરિ ચાહિણીના ચહેરાની રેખાઓ પારખીને કહે છે કે : તું એક રત્નચિંતામણિ જેવા

પુત્રને જન્મ આપીશ. ત્યાર પછી દેવચન્દ્રસૂરિ વિહાર કરતા ચાલ્યા ગયા. ફરી કેટલાંક વર્ષે જ્યારે દેવચન્દ્રસૂરિ પાછા ધંધુકામાં આવ્યા ત્યારે ચાહિણી એમને વંદન કરવા ગઈ. સાથે પાંચેક વર્ષનો ચંગ હતો. ચાહિણી જ્યારે વંદન કરતી હતી ત્યારે ચંગ મહારાજની પાટે ચઢી એમની પાસે બેસી ગયો હતો. તે સમયે દેવચન્દ્રસૂરિએ ચાહિણીને પેલા રત્નચિંતામણિની યાદ આપી, અને પુત્ર પોતાને સોંપવા કહ્યું. ચાહિણીનો પતિ તે સમયે બહારગામ વેપારાર્થે ગયો હતો; એટલે એને પૂછ્યા વિના પુત્ર કેવી રીતે આપી શકાય? દેવચન્દ્રસૂરિએ ચાહિણીને ખૂબ સમજાવી અને કહ્યું કે પતિ બહારગામ છે એ કદાચ ઈશ્વરી સંકેત હશે. અંતે ચાહિણીએ પોતાનો પુત્ર દીક્ષાર્થે દેવચન્દ્રસૂરિને સોંપી દીધો, અને દેવચન્દ્રસૂરિ વિહાર કરતા ખંભાત પહોંચ્યા. દરમ્યાન ચાચ બહારગામથી પાછો આવ્યો. પુત્રને ન જોતાં તુરત ગુસ્સે થઈ, ખાધાપીધા વિના પગપાળો ખંભાત આવી પહોંચ્યો અને મેલાઘેલા વેશે ઉદયન મંત્રી પાસે જઈ ફરિયાદ કરી. ઉદયન મંત્રીએ દેવચન્દ્રસૂરિ પાસેથી એનો પુત્ર મંગાવી એને પાછો સોંપ્યો, અને પછી સમજાવ્યું કે 'આ પુત્ર તારી પાસ રાખશો તો બહુ બહુ તો એ ધંધુકાનો નગરશેઠ બનશે; અને દેવચન્દ્રસૂરિને સોંપશે તો એક મહાન આચાર્ય થશે અને આખી દુનિયામાં નામ કાઢશે.' ઘણું સમજાવ્યા પછી ચાચે પોતાનો પુત્ર દેવચન્દ્રસૂરિને પાછો સોંપ્યો.

ત્યાર પછી નવમે વર્ષે ચંગને દીક્ષા આપવામાં આવી અને એનું નામ પાડવામાં આવ્યું સોમચન્દ્ર. નાના સોમચન્દ્રે ત્યાર પછી સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષાનો અભ્યાસ કર્યો. સાથે સાથે વ્યાકરણ, કાવ્યાલંકાર, યોગ, ન્યાય, ઇતિહાસ, પુરાણ, તત્ત્વજ્ઞાન વગેરે ભિન્ન ભિન્ન શાખાઓનો પણ ઊંડો અભ્યાસ કર્યો. વિદ્યામાં પારંગત બનતાં આ સંયમી, અલ્પભાષી, તેજસ્વી યુવાન સાધુને વધુ અભ્યાસાર્થે કાશ્મીર જવાની ઇચ્છા થઈ. ગુરુએ એને સમજાવ્યું કે તારું સ્થાન ગુજરાતમાં છે, ગુજરાત બહાર જવાનાં સ્વપ્નાં સેવવાની જરૂર નથી. ઉત્તરોત્તર ગુરુને પણ પ્રતીતિ થતી જાય છે કે સોમચન્દ્રની દૃષ્ટિનો ઘણો વિકાસ થયો છે, એની પ્રજ્ઞા પરિણત બનવા લાગી છે, એની તેજસ્વિતા વધતી જ ચાલી છે. એટલે એમણે પોતાની પાટે આચાર્યપદે સોમચન્દ્રને સ્થાપવાનો નિશ્ચય કર્યો. અને વિ. સં. ૧૧૬૬માં સોમચન્દ્રને એકવીસમે વર્ષે દેવચન્દ્રસૂરિએ ખંભાતમાં વિધિપૂર્વક આચાર્યપદે સ્થાપ્યા અને એમનું નામ પાડવામાં આવ્યું હેમચન્દ્ર. એ સમયે હેમચન્દ્રાચાર્યની માતા, જેમણે પણ દીક્ષા લીધેલી છે તે હાજર હોય છે. માતાપુત્ર બંને આ રીતે સાધુજીવનમાં એકબીજાને નિહાળી પ્રસન્નતા અનુભવે છે. હેમચન્દ્રાચાર્ય પોતાની માતાને એ વખતે પ્રવર્તિનીનું પદ અપાવે છે.

અહીંથી હવે હેમચન્દ્રાચાર્યનો કીર્તિકાળ શરૂ થાય છે. પાટણમાં તે સમયે સિદ્ધરાજ (લોકોમાં જાણીતા સધરા જેસંગ)નું રાજ્ય ચાલતું હતું. એ સમયે હેમચન્દ્રાચાર્ય દેવસૂરિ સાથે પાટણમાં આવે છે અને બનારસથી આવેલા કુમુદચન્દ્ર સાથે ધર્મચર્ચામાં ભાગ લે છે. ત્યારથી સિદ્ધરાજને હેમચન્દ્રાચાર્યની પ્રતિભાનો પરિચય થાય છે. તે સમયે સિદ્ધરાજની વિદ્વદ્સભામાં રાજકવિ તરીકે શ્રીપાલને સ્થાન હતું, અને રાજપંડિત તરીકે દેવબોધને સ્થાન હતું, એ બન્નેને એકબીજા પ્રત્યે તેજોદ્વેષ હતો અને એકંદરે રાજાને એ બંનેથી અસંતોષ હતો. એટલે સિદ્ધરાજે પોતાની વિદ્વદ્સભામાં એ બંનેને બદલે હેમચન્દ્રાચાર્યને સ્થાન આપ્યું.

ત્યાર પછી સિદ્ધરાજે માલવા પર ચઢાઈ કરી. એમાં એને ફત્તેહ મળી. માલવાની અઢળક સમૃદ્ધિ ગુજરાતમાં લાવવા સાથે એના માણસો માલવાથી ગાડાંનાં ગાડાં ભરી હસ્તપ્રતો પણ લાવ્યા. એમાં કસિદ્ધરાજે 'ભોજ વ્યાકરણ'ની પ્રત જોઈ. પંડિતોને પૂછ્યું તો ગુજરાતમાં ક્યાંક 'ભોજ વ્યાકરણ', ક્યાંક ક્યાંક કાતંત્રનું વ્યાકરણ ચાલતું હતું. ગુજરાત પાસે પોતાનું કહી શકાય એવું વ્યાકરણ રચવાને હેમચન્દ્રાચાર્ય

સમર્થ છે એમ પંડિતોએ જણાવ્યું અને સિદ્ધરાજે હેમચન્દ્રાચાર્યને એવું વ્યાકરણ રચવાની વિનતિ કરી. એ માટે કાશ્મીરથી અને હિંદના બીજા ભાગોમાંથી ભિન્ન ભિન્ન વ્યાકરણોની પ્રતો સિદ્ધરાજે મંગાવી આપી. એનો સતત અને ઊંડો અભ્યાસ કરી હેમચન્દ્રાચાર્યે એક ઉત્તમ વ્યાકરણની રચના કરી. સિદ્ધરાજની વિનતિથી એ લખાયું માટે એની યાદગીરી રહે એટલા માટે એમણે વ્યાકરણનું નામ આપ્યું ' સિદ્ધહેમ. ' આ વ્યાકરણની પંડિતોએ મુક્ત કંઠ પ્રશંસા કરી. સિદ્ધરાજે એની પહેલી હસ્તપ્રત હાથી પર અંબાડીમાં મૂકી નગરમાં ફેરવી અને એનો ઢંઢેરો પીટાવ્યો. ત્યાર પછી વિદ્વત્સભામાં એનું વિધિસરનું પઠન થયું. એ વ્યાકરણની હસ્તપ્રતો તૈયાર કરવા માટે ગુજરાતમાંથી ૩૦૦ જેટલા લહિયાઓને બોલાવવામાં આવ્યા. હસ્તપ્રતો તૈયાર થતાં હિંદુસ્તાનમાં ઠેરઠેર મોકલવામાં આવી. એની એક સુંદર હસ્તપ્રત રાજભંડારમાં પણ મૂકવામાં આવી અને ત્યારથી ગુજરાતમાં ' સિદ્ધહેમ ' શીખવવાનું શરૂ થયું. કાકલ નામના એક વિદ્વાન પંડિતની પાટણમાં વ્યાકરણ શીખવવા માટે નિમણૂક કરવામાં આવી. આમ સિદ્ધરાજે હેમચન્દ્રાચાર્યના વ્યાકરણનું બહુમાન કર્યું, અને ત્યારથી હેમચન્દ્રાચાર્ય બીજી કૃતિઓની રચના કરવા તરફ પ્રેરાવા લાગ્યા.

સિદ્ધરાજ હેમચંદ્રાચાર્યની પ્રતિભાથી એટલા બધા પ્રભાવિત થયા કે ત્યારથી હેમચંદ્રાચાર્યે સિદ્ધરાજના મિત્ર અને માર્ગદર્શકનું સ્થાન લીધું. એને પરિણામે સિદ્ધરાજનો જૈન ધર્મ પ્રત્યેનો અનુરાગ વધ્યો; એને પરિણામે હેમચન્દ્રાચાર્યે સિદ્ધરાજના જીવન અને સોલંકી યુગ વિશે સંસ્કૃતમાં ' દ્વયાશ્રય ' મહાકાવ્ય લખ્યું, એને પરિણામે સિદ્ધરાજ હેમચન્દ્રાચાર્ય સાથે જૈન દેરાસરમાં દર્શન કરવા જતા અને હેમચન્દ્રાચાર્ય સિદ્ધરાજ સાથે સોમનાથની યાત્રાએ જતા. ધાર્મિક સંકુચિતતા અને અસહિષ્ણુતાના એ જમાનામાં હેમચન્દ્રાચાર્ય ધર્મના સાંપ્રદાયિક સ્વરૂપથી પર હતા, અને માટે જ સોમનાથના શિવલિંગને ब्रह्मा वा विष्णुर्वा महेश्वरो वा नमस्तस्मै । કહીને પ્રણામ કરી સ્તુતિ કરવા લાગ્યા હતા. સિદ્ધરાજને સર્વધર્મસમન્વયનું માહાત્મ્ય સમજાવનાર પણ હેમચન્દ્રાચાર્ય જ હતા. કોઈ પણ ધર્મ માત્ર પોતે જ સાચો છે એવું મિથ્યાભિમાન ધરાવી ન શકે. દરેક ધર્મમાં કંઈક અવનવું રહસ્ય સમાયેલું છે; અને માટે જ સંજીવની ન્યાય પ્રમાણે બધા ધર્મનો સમભાવપૂર્વક અભ્યાસ કરનાર જ સાચો ધર્મ પામી શકે છે એમ હેમચન્દ્રાચાર્ય માનતા હતા અને એ પ્રમાણે માનતા સિદ્ધરાજને કર્યા હતા.

સિદ્ધરાજને સંતાન ન હોવાથી એની ગાદીએ આવે છે એનો ભત્રીજો કુમારપાળ; અને અહીંથી હેમચન્દ્રાચાર્યના જીવનનો ત્રીજો તબક્કો શરૂ થાય છે. જ્યોતિષના જાણકાર હેમચન્દ્રાચાર્યને અગાઉથી ખબર પડી ગઈ હતી કે નહિ તે બાજુ પર રાખીએ, પણ એટલું તો જરૂર કહી શકાય કે હેમચન્દ્રાચાર્યે સાધુબાવાને વેશે ભટકતા કુમારપાળને, સિદ્ધરાજના માણસો એનું ખૂન કરવા ફરતા હતા ત્યારે માત્ર માનવતાથી પ્રેરાઈને ઉપાશ્રયમાં તાડપત્રી નીચે સંતાડી દીધા હતા. આ ઉપકાર કુમારપાળ ભૂલ્યા ન હતા. રાજ્યરોહણ પછી શરૂઆતનાં પંદરેક વર્ષ રાજ્ય સ્થિર કરવામાં અને વિસ્તારવામાં ગયાં. ત્યાર પછી કુમારપાળ રાજાએ પોતાના ગુરુ હેમચન્દ્રાચાર્યની ઇચ્છાનુસાર વર્તવાનું શરૂ કર્યું. હેમચન્દ્રાચાર્યની ઇચ્છા મુજબ પોતાના રાજ્યમાં પશુવધ, જુગાર, શિકાર, માંસભક્ષણ, દારૂ વગેરે પર કુમારપાળે પ્રતિબંધ ફરમાવ્યો. રાજ્યની કુલદેવી કંટેશ્વરીને અપાતું બલિદાન બંધ કરાવ્યું. પુત્રરહિત વિધવાનું ધન જપ્ત થતું બંધ કરાવ્યું. જૈન ધર્મ પ્રત્યેના અનુરાગને લીધે ઠેર ઠેર જૈન મન્દિરો બંધાવ્યાં અને પરમાર્હતનું બિરુદ લોકો તરફથી મેળવ્યું. સિદ્ધરાજની જેમ કુમારપાળને પણ પુત્ર ન હોવાથી જિંદગીનાં છેલ્લા વર્ષોમાં એની નિરાશા વધી ગઈ હતી, તે સમયે એના મનનું સમાધાન કરાવવા માટે હેમચન્દ્રાચાર્યે યોગશાસ્ત્રની રચના કરી.

હેમચન્દ્રાચાર્યનું આખું જીવન સતત ઉદ્યોગપરાયણ હતું. એકંદરે દીર્ઘાયુષ્ય એમને સાંપડ્યું હતું. પોતાનો અવસાન સમય પાસે આવેલો જાણી તેમણે અનશનવ્રત શરૂ કર્યું. શિષ્યોને પણ અગાઉથી સૂચના આપી દીધી હતી. એમ કરતાં સં૦ ૧૨૨૯માં ૮૪ વર્ષની વયે એમનું અવસાન થયું.

સાહિત્યના ક્ષેત્રમાં પણ હેમચન્દ્રાચાર્યનું અર્પણ જેવુંતેવું નથી. માત્ર હિંદુસ્તાનની અન્ય ભાષાઓના સાહિત્યમાં જ નહિ, વિશ્વસાહિત્યમાં જેને મૂકી શકાય એવી સર્વતોમુખી પ્રતિભાવાળા હેમચન્દ્રાચાર્ય હતા. એમની કીર્તિ દેશવિદેશના પ્રાચીન ભાષાસાહિત્યના અભ્યાસીઓમાં પ્રસરેલી છે. આશ્ચર્ય થશે કે અર્વાચીન સમયમાં એમના જીવન અને સાહિત્ય ઉપર સૌ પ્રથમ સુંદર સમીક્ષા કરનાર એક જર્મન પંડિત ડૉ૦ બુલ્હર છે. શ્રી કનૈયાલાલ મુનશીએ એમને યોગ્ય રીતે જ ગુજરાતના મહાન જ્યોતિર્ધર તરીકે ઓળખાવ્યા છે. એમની સાહિત્યસેવાનો સુંદર, સચોટ અને સંક્ષિપ્ત પરિચય સોમપ્રભસૂરિએ એક શ્લોકમાં આપ્યો છે :

> क्लृप्तं व्याकरणं नवं विरचितं छन्दो नवं द्व्याश्रयाऽलंकारौ प्रथितौ नवौ प्रकटितौ श्री योगशास्त्रं नवम् ।
> तर्कः संजनितो नवो जिनवरादीनां चरित्रं नवं बद्धं येन न केन विधिना मोहः कृतो दूरतः ॥

અર્થાત્—"નવું વ્યાકરણ, નવું છંદશાસ્ત્ર, દ્વયાશ્રય મહાકાવ્ય, નવું અલંકારશાસ્ત્ર, નવું યોગશાસ્ત્ર, નવું તર્કશાસ્ત્ર અને જિનવરોનાં નવાં ચરિત્ર—આ સઘળું જેમણે રચ્યું તે હેમચંદ્રાચાર્યે લોકોનો મોહ કઈ કઈ રીતે દૂર નથી કર્યો ?"

એટલે કે હેમચન્દ્રાચાર્યે પોતાના સમયમાં સાહિત્યના એક પણ ક્ષેત્રમાં પોતાનો અમૂલ્ય ફાળો આપવાનો બાકી રાખ્યો નહોતો.

એમણે સિદ્ધહેમ–શબ્દાનુશાસન નામના વ્યાકરણની રચના કરી. એ વ્યાકરણની એ સમયથી તે અત્યાર સુધી પ્રાકૃત અને અપભ્રંશ ભાષાના એક આધારભૂત વ્યાકરણ તરીકે ગણના થાય છે. પ્રાકૃત અને અપભ્રંશ ભાષાના બંધારણ વિષે આપણને હેમચન્દ્રાચાર્યના વ્યાકરણ જેવું આધારભૂત વ્યાકરણ બીજું એકે મળતું નથી; એટલે ભવિષ્યમાં પણ વર્ષો સુધી એમનું આ વ્યાકરણ જ આધારગ્રંથ તરીકે રહેશે. હેમચન્દ્રાચાર્યે આ વ્યાકરણમાં—વિશેષતઃ અપભ્રંશ ભાષાના વ્યાકરણના નિયમોમાં—ઉદાહરણ તરીકે વ્યવહાર, પ્રેમ, શૌર્ય અને શૃંગારના જે દૂહાઓ આપ્યા છે તે વ્યાકરણના ઉદાહરણ કરતાં ઉત્તમ કવિતા તરીકે વધુ જાણીતા થયા છે. એ દૂહાઓ એ જમાનાનો આપણને ખ્યાલ આપે છે અને સાથે સાથે સાધુ હેમચન્દ્રાચાર્ય સાંસારિક બાબતોને પણ અલિપ્ત રહી કેટલી ઝીણવટથી નિહાળતા હશે તેનો પણ ખ્યાલ આપે છે.

આ ઉપરાંત એમણે અનેકાર્થસંગ્રહ, અભિધાનચિંતામણિ અને દેશીનામમાલા જેવા શબ્દસંગ્રહો તૈયાર કર્યા. એ જમાનામાં એમણે એક નહિ, પણ ભિન્ન ભિન્ન દષ્ટિબિન્દુથી ત્રણ ત્રણ શબ્દકોષ તૈયાર કર્યા. સિદ્ધહેમ – શબ્દાનુશાસન પછી એમણે લિંગાનુશાસન, છંદાનુશાસન અને કાવ્યાનુશાસન એમ ત્રણ બીજાં શાસનોની રચના કરી. વ્યાકરણના નિયમના ઉદાહરણ તરીકે પણ રજૂ થઈ શકે એવા શ્લોકની રચના વડે એમણે સંસ્કૃત અને પ્રાકૃતમાં દ્વયાશ્રય નામનું મહાકાવ્ય લખ્યું. યોગશાસ્ત્ર, મહાવીરચરિત્ર અને પુરાણોની તોલે મૂકી શકાય એવા ત્રિષષ્ઠીશલાકાપુરુષચરિત્ર જેવા મહાન ગ્રંથો લખ્યા. એટલે સાહિત્યના ક્ષેત્રે પણ ભિન્નભિન્ન શાખાઓમાં એમણે પોતાનો વિશિષ્ટ ફાળો નોંધાવ્યો. હેમચન્દ્રાચાર્ય મહાન વિદ્વાન હતા, મહાન કોષકાર હતા, મહાન કવિ હતા અને મહાન વૈયાકરણી પણ હતા. એમની અજોડ પ્રતિભા વ્યાકરણ જેવા શુષ્ક ગણાતા વિષયમાં અને કવિતા જેવા

રસિક ગણાતા વિષયમાં એક સરખી આસાનીથી વિહરતી. સાહિત્યની સેવા અને ઉપાસનામાં એમણે પોતાની જિંદગીનાં લગભગ ૬૪ જેટલાં વર્ષ આપ્યાં. એમણે પોતાના સમયમાં સાહિત્યનો એક વિશિષ્ટ યુગ પ્રવર્તાવ્યો એમ કહી શકાય.

હેમચન્દ્રચાર્ય એક જૈનાચાર્ય અને પ્રખર સાહિત્યકાર તરીકે તો મહાન હતા, પણ એક માનવ તરીકે પણ મહાન હતા. તેઓ અત્યંત બાહોશ, તેજસ્વી અને વિનમ્ર હતા. હૃદયની વિશાળતા અને ઉદારતા વડે એમણે દેવબોધ કે શ્રીપાલ જેવા વિરોધી કે પ્રતિસ્પર્ધીને જીતી લીધા હતા. તેઓ સાધુ હતા, છતાં સાંસારિક બાબતોમાં રસ લેતા હતા અને તો પણ સંસારના રંગથી રંગાયા વિના તેઓ સાંસારિક પ્રવૃત્તિઓને પોતાના સાધુત્વના રંગથી રંગી દેતા. તેઓ હંમેશાં સંપ્રદાયથી પર જ રહ્યા હતા. પોતાના જીવન દરમ્યાન એક નહિ પણ બે રાજાઓને પોતાના વ્યક્તિત્વથી પ્રભાવિત કર્યા હતા અને અત્યંત કુનેહ, કાર્યકુશલતા અને સમભાવ વડે પોતાની ઇચ્છા મુજબ તેમની પાસે કાર્ય કરાવી શક્યા હતા. લાખોની સંખ્યામાં એમના અનુયાયીઓ હતા અને છતાં જુદો પંથ પ્રવર્તાવવાની એમણે કદી મહત્ત્વાકાંક્ષા સેવી નહોતી. એમના શિષ્યો તો એમનાં ગુણગાન ગાતાં થાકતા જ નહિ. કેટલાક તો विद्यांभोनिधिमंथमंदरगिरिः श्रीहेमचन्द्रो गुरुः। જેવી પંક્તિઓ ઉચ્ચારી વર્ષોનાં વર્ષો સુધી પ્રાતઃકાળમાં એમનું સ્મરણ કરતા.

હેમચન્દ્રાચાર્ય માત્ર ગુજરાતના જ નહિ, માત્ર હિંદુસ્તાનના જ નહિ પણ જગતના એક મહાન માનવી હતા એમ નિઃસંકોચ જરૂર કહી શકાય.

એવા મહાન જ્યોતિર્ધરને આપણાં વંદન હો!

'ખુશ્ફહમ' સિદ્ધિચંદ્રગણિકૃત
नेमिनाथ चतुर्मासकम्

પ્રા૦ મંજુલાલ ર૦ મજમુદાર, એમ.એ., એલએલ. બી. પીએચ.ડી.,

સિદ્ધિચંદ્રગણિ ઉપાધ્યાય એ ભાનુચંદ્રના શિષ્ય થાય. આ બન્ને ગુરુ-શિષ્ય શહેનશાહ અકબરના દરબારમાં રહ્યા હતા અને સન્માનિત થયા હતા.

ગુરુ ઉપાધ્યાય ભાનુચંદ્ર અકબર પાસે સંસ્કૃતમાં 'સૂર્યસહસ્ર નામ' બોલતા; એટલે અકબરશાહ તેમના મુખેથી દર રવિવારે સૂર્યનાં સહસ્ર નામ શ્રવણ કરતા. ઇતિહાસનવીસ બદાઉનિ લખે છે કે "બ્રાહ્મણોની માફક સમ્રાટ પણ પ્રાતઃકાળે પૂર્વ દિશા તરફ મુખ રાખી ઊભા રહેતા અને સૂર્યની આરાધના કરતા; તેમ જ સૂર્યનાં સહસ્ર નામનો પણ સંસ્કૃત ભાષામાં જ ઉચ્ચાર કરતા" (બદાઉનિ ૨, ૩૩૨)

આવા પ્રભાવશાળી ગુરુના શિષ્ય સિદ્ધિચંદ્રે બાદશાહ અકબરને પ્રસન્ન કર્યા હતા; અને તે ઉપરથી સિદ્ધાચલ પર મન્દિરો બંધાવવાનો બાદશાહે જે નિષેધ કર્યો હતો તે તેમની પાસે જ દૂર કરાવ્યો હતો. સિદ્ધિચંદ્રે 'યાવની' એટલે ફારસી ભાષાના ઘણા ગ્રંથો બાદશાહને જિજ્ઞાસુ જાણી ભણાવ્યા હતા.

એક શાંતિચંદ્ર નામના મુનિએ પણ 'कृपारसकोश' નામે સંસ્કૃત કાવ્ય રચી અને સંભળાવી અકબરશાહ ઉપર ભારે અસર કરી હતી—જેને પરિણામે જીવદયાના પાલનમાં તથા 'જજિયા' જેવો કર કાઢી નાખવાની બાદશાહે કૃપા કરી હતી. આ શાંતિચંદ્ર 'શતાવધાની' હતા : એક સાથે સો જેટલી વસ્તુઓમાં તેઓ ધ્યાન રાખી તેને મગજમાં ઠસાવી શકતા. તેમની જેમ, ભાનુચંદ્રના શિષ્ય સિદ્ધિચંદ્ર પણ શતાવધાન કરી શકતા હતા. આ સિદ્ધિચંદ્રના પ્રયોગો જોઈ, બાદશાહે તેમને 'ખુશ્ફહમ'ની પદવીથી વિભૂષિત કર્યા હતા.

કહેવાય છે કે એકવાર તો બાદશાહે બહુ સ્નેહથી એમનો હાથ પકડીને કહ્યું : "હું આપને પાંચ હજાર ઘોડાના મનસબવાળી મોટી પદવી અને જાગીર આપું છું. તેનો સ્વીકાર કરી તમે રાજા બનો, અને આ સાધુવેષનો ત્યાગ કરો." પણ મુનિએ સાધુવેષને બદલ્યો નહિ.

બાણભટ્ટની 'કાદમ્બરી' પર તેના 'પૂર્વખંડ'ની ટીકા ગુરુ ભાનુચંદ્રે અને ઉત્તરભાગની ટીકા શિષ્ય સિદ્ધિચંદ્રે કરેલી છે. તેની પુષ્પિકામાં તેમણે પોતાનો પરિચય આપ્યો છે તે ખૂબ ઉપયોગી છે :

"इति श्री पातसाहश्री अकब्बर जल्लालदिन सूर्यसहस्रनामाध्यापकः, श्रीशत्रुंजयतीर्थकरमोचनाद्यनेकसुकृत विधायक महोपाध्याय श्री भानुचंद्रगणिविरचितायां तच्छिष्याष्टोत्तरशतावधान साधकप्रमुदित बादशाहा श्री अकब्बरप्रदत्त 'खुशफहम'पराभिधान श्रीसिद्धिचंद्रगणिरचितायां कादम्बरीटीकायामुत्तरखण्डटीका समाप्ता।[1]"

---

[1] તેમ જ ગુરુશિષ્યે શોધિત 'वसंतराज' ટીકામાં આવો ઉલ્લેખ છે; અને 'भक्तामरस्तोत्र'ની ટીકાના પ્રારંભમાં સિદ્ધિચંદ્રે આત્મપરિચય આપ્યો છે :

"कर्ता शतावधानानां विजेतोन्मत्तवादिनाम् ।
वेत्ता षडपिशास्त्राणामध्येता फारसीमपि ॥

अकब्बरसुरत्राणहृदयांबुजषट्पदः ।
दधानः 'खुशफहमिति' बिरुदं शाहिनार्पितम् ॥

तेन वाचकचंद्रेण सिद्धिचंद्रेण तन्यते ।
भक्तामरस्य बालानां वृत्तिर्व्युत्पत्तिहेतवे ॥"

આ 'ખુશ્‌ફહમ' સિદ્ધિચન્દ્રગણિ જેવા સંસ્કૃત તથા ફારસીના પંડિત હતા તેવા, લોકભાષા ગુજરાતીના પણ સારા જ્ઞાતા હતા. તેમણે રચેલું એક ચાર 'ટૂંક'નું ટૂંકું, છતાં છટાદાર 'ચૌમાસીકાવ્ય' મુરબ્બી સ્વર્ગસ્થ મોહનલાલ દલીચંદ દેશાઈને પ્રાપ્ત થયું હતું. તેમણે તેની નકલ તેમની પાસેની જૂની પ્રતિ ઉપરથી ઉતારીને મને મોકલી હતી, જે આ પ્રસંગે પ્રસિદ્ધિમાં મૂકવાની તક હું લઉં છું. તેનું શ્રેય સ્વ૦ મોહનલાલભાઈને જ ઘટે છે.

આ કાવ્ય ઉપરથી સિદ્ધિચન્દ્રને આપણે ગુજરાતી કવિ તરીકે ઓળખવાનું બની શક્યું છે. આ ઉપરાંત આ કવિએ 'कादम्बरी कथानक'નો ગુજરાતી ગદ્ય-સંક્ષેપ પણ તે કથાના જિજ્ઞાસુઓ માટે લખેલો છે જે 'पुरातत्त्व ત્રૈમાસિક' પુસ્તક ૫(૧૯૨૭)માં પ્રગટ થયો છે.

'नेमिनाथ चतुर्मासकम्'ની રચના કવિના ફારસી ભાષાના અભ્યાસની પણ દ્યોતક છે. એમાં ચાર માસ(શ્રાવણ, ભાદરવો, આસો અને કાર્તક)માંથી પ્રત્યેક માસ માટે પહેલાં એક 'દૂહો' અને પછી બીજો 'હરિગીત' એમ બે છંદમાં પ્રાસાદિક રચના તેમણે કરી છે. 'દૂહા'ના ચોથા ચરણનો અંત્ય શબ્દ બીજા છંદના પ્રારંભમાં સંભારવામાં આવ્યો છે; અને એ રીતે બન્ને છંદને ગૂંથી લઈ 'સાંકળી' ઉપજાવવામાં આવી છે.

પિંગળના 'હરિગીત' છંદ—જેમાંથી આગળ જતાં 'ગજગતિ' અને '**સારસી**' છંદ બન્યા છે—તે હરિગીતમાં કવિએ કેટલેક સ્થળે બબ્બે અને કેટલેક સ્થળે ત્રણ ત્રણ અનુપ્રાસ ગોઠવ્યા છે. 'ચારણી ઋતુગીતો'નો એક મધ્યકાલીન પદ્યપ્રકાર જાણીતો છે,[૧] પરંતુ તેની રચના બસો-અઢીસો વર્ષથી પ્રાચીન મળી આવી નથી.

તેની સરખામણીમાં સિદ્ધિચન્દ્રગણિની 'चतुर्मासकम्'ની રચના પુરોગામી છે; અને તેથી વિશેષ પ્રાચીન છે. તેનો રચનાકાળ સંવતના સત્તરમા શતકનો પૂર્વાર્ધ છે, તથા જેના રચનાર સંબંધી ખૂબ ઐતિહાસિક માહિતી પ્રાપ્ત છે તેવું આ કાવ્ય, ગુજરાતી પદ્યસાહિત્યમાં વિરલ છે.

*

શ્રાવણ

(દૂહો) **શ્રા**વણ રિતુ રલિઆમણી, ધરા સીંચી જલધાર;
ચિત-ચાતક 'પિઉપિઉ' ચવઈ, મોર કીઉ મલ્હાર.

(હરિગીત) મલ્હાર મનહર કીય મયૂરહ, વીજ ચમકઈ ચિહુ વલઈ;
મદમસ્ત જોવન-જોર-માતી, વિરહી રાજુલ વિલવલઈ;
નિસિ અંધારી, નિરાધારી, પિયુ-વિહૂણી પદમણી;
ખુસફહમ સાંઈ મિલિ દિલખુસ, સુહાઈ રિતુ શ્રાવણી-૧

*

---

૧. એક દૃષ્ટાંત જોઈએ:

(દૂહો) "વિનતા તમને વિનવે, નહિ નેઠો કે નેઠ;
એકવાર માધા! આવજો, જો અબ આયો જેઠ.

(હરિગીત) અબ જેઠ આયો, લહેર લાયો, ચંત રહાયો શ્યામને
જદુવંશ-જાયો, નાથ ના'યો, ફ્હણ ફ્હાયો કા'નને;
વનવેણુ વાતાં, રંગ-રાતાં, ગોળ ગાતાં ગાનને.
ભરપૂર જોબનમાંય, ભામન કહે રાધા કા'નને;
—જી! કહે રાધા કા'નને—"

ભાદરવો

(દૂહો) **ભા**દ્રવ સર સુભર ભરે, નદીઆં નીર ન અંત;
વનિ વનિ ફૂલી વેલીઆં, ભમર ભણુઈ ભણુણંત.

(હરિગીત) ભણુણંત ભમરા ભમઈ ભૂતલિ, કરત કેલા કામિણી;
રસરંગ રાતી, લાઈ છાતી, સંગિ લાલ સુહામણી;
વિણુ–નાહ દાહ અગાહ વ્યાપિત નેમિ સમરું નિજપતિ;
સિદ્ધિચંદ્રકેરા આઉ 'સાહબ',–રટતી એમ રાજીમતિ–૨

*

આસો

(દૂહો) **આ**સો અંગિ ઉમાહ અતિ, ચંદા–રયણી ચંગ;
નિરમલ જલ ઝૂલઈ નિપટ, લીલા–ગતિ લીલંગ.

(હરિગીત) લીલંગ લીલા લહરિ– લુબ્ધા, હંસ ખેલઈ હરખસ્યું;
દુ:ખ નિસિ દુહેલી સુણી, સહેલી ! નયણિ કબ પિય નિરખસ્યું ?
સુખ પ્રીતિ સારી, કાં વિસારી ? ચતુર ! નવ ભવકી ચલી.
સિદ્ધિચંદ્રકે પ્રભુ ચાહિ સનમુખ, રંગ રસિ પૂરો રલી–૩

*

કાર્તિક

(દૂહો) કઉતિગ **કા**તિગ માસકો, સુભિક્ષ ભયો સબ દેસ;
દંપતી–પર્વ દીપાલિકા, ભાવત પહરઈ ભેખ.

(હરિગીત) ભલ ભેખ રેખ બનાઈ ભામિની, સકલ લોક સ–ઊજમા;
આનંદ ગૃહ ગૃહ કરઈ ઉચ્છવ, અંગિ લાવઈ કુમકુમા;
ગિરિ· રૈવતાચલ મિલે જગગુરુ, શીખ રાજુલકુ દઈ;
સિદ્ધિચન્દ્રકે પ્રભુસુ, વર–પહિલી, સિદ્ધિપુર સુંદરી લઈ–૪

*

ભાવલિંગનું પ્રાધાન્ય

ડૉ૦ ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા, એમ. બી., બી. એસ.

> ‘ આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;
> વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મત સંગી રે. ’

આ ટંકોત્કીર્ણ વીરવાણીની ઉદ્દ્ઘોષણા કરનારા મહાગીતાર્થ વીતરાગ મુનીશ્વર **મહર્ષિ આનંદઘનજી**નું સુભાષિત વચનામૃત છે કે :

> ‘ પરિચય પાતક ઘાતક સાધુ શું, અકુશલ અપચય ચેત. ’

પાતક–ઘાતક સાધુનો પરિચય

પાતકનો—પાપનો ઘાત—નાશ કરે, પાપ–દોષને હણી નાખે એવા સાચા સાધુ પુરુષનો પરિચય થાય તો ચિત્ત અકુશલ ભાવના અપચયવાળું (ન્યૂનતાવાળું) બને અને પ્રવચનવાણીની પ્રાપ્તિ થાય. પ્રાપ્ત હોય તેની પાસેથી પ્રાપ્તિ થાય. ઐશ્વર્યવંત હોય તે દારિદ્રય ફેડે. ‘ કૂવામાં હોય તો હવાડામાં આવે. ’ જેને પ્રવચનવાણી પ્રાપ્ત હોય અર્થાત્ આત્મપરિણામ પામી હોય, એવા ‘ પ્રાપ્ત ’ પરિણત ભાવિતાત્મા સાધુપુરુષ જ તેની પ્રાપ્તિમાં આપ્ત ગણાય. સાધુ કોણ ? અને કેવા હોય ? તે વિચારવા યોગ્ય છે. સાધુનાં કપડાં પહેર્યાં, દ્રવ્યલિંગ ધારણ કર્યું, એટલે સાધુ બની ગયા એમ નહિ, પણ આદર્શ સાધુગુણસંપન્ન હોય તે સાધુ, જેનો આત્મા સાધુત્વગુણે ભૂષિત હોય તે સાધુ, સમ્યગ્ દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગને સમ્યક્પણે સાધે તે સાધુ, જે આત્મજ્ઞાની ને ખરેખરા આત્મારામી વીતરાગ હોય તે સાધુ, એ વાર્તા સ્પષ્ટ સમજી લેવા યોગ્ય છે. અત્રે આવા ભાવસાધુ જ મુખ્યપણે વિવક્ષિત છે. ‘આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે, ’ તેમ જ ‘ મુનિગણ આતમરામી રે ’ ઇત્યાદિ **આનંદઘનજી**નાં અન્ય વચનો પણ આ જ સૂચવે છે.

ભાવસાધુનું જ માન્યપણું: નિષ્કષાયતા જ સાધુતાનો માપદંડ

શાસ્ત્રોક્ત સાધુ ગુણ–ભાવથી રહિત એવા દ્રવ્યાચાર્ય–દ્રવ્યસાધુ વગેરે તો ખોટા રૂપિયા જેવા છે. તેને માનવા તે તો કૂડાને રૂડા માનવા જેવું છે અને તે રૂડું નથી, માટે ભાવાચાર્ય–ભાવસાધુ આદિનું જ માન્યપણું શાસ્ત્રકારે સંમત કરેલું છે. આવશ્યકનિર્યુક્તિમાં ધાતુ અને છાપના દૃષ્ટાંતે **શ્રીભદ્રબાહુ સ્વામી**એ અને યોગદષ્ટિસમુચ્ચયમાં યોગબીજ પ્રસંગે **શ્રીહરિભદ્રસૂરિ**એ એ જ વાત સ્પષ્ટ કરી છે.[૧] નમસ્કાર મંત્રમાં પણ પંચ પરમેષ્ઠિ મધ્યે જેને ગૌરવભર્યું સ્થાન આપ્યું છે તે મુખ્યપણે યથોક્ત ગુણગણગુરુ ભાવાચાર્ય–ભાવસાધુને અનુલક્ષીને. મહર્ષિ હરિભદ્રાચાર્યજીએ તો આ અંગે પંચાશક શાસ્ત્રમાં હરિગર્જના

---

૧. “आचार्यादिष्वपि ह्येतद्विशुद्धं भावयोगिषु ।” — **શ્રી યોગદષ્ટિસમુચ્ચય**

“ किंविशिष्टेषु ? आह ‘ भावयोगिषु ’ न द्रव्याचार्यादिष्वधर्मजलक्षणेषु,
कूटरूपे खल्वकूटबुद्धेरप्यसुन्दरत्वात् ।” — **શ્રી યોગદષ્ટિસમુચ્ચયવૃત્તિ**

આ અંગે વિશેષ જિજ્ઞાસુએ આ લેખકે સવિસ્તર વિવેચન (‘સુમનોનંદની’ બૃહત્ ટીકા) કરેલ યોગદષ્ટિસમુચ્ચય ગ્રંથનું અવલોકન કરવું.

કરી છે કે–[૨] 'સાધુને કાલદોષથી હોય તો ક્વચિત્ અતિ અતિ સૂક્ષ્મ એવો સંજ્વલન કષાયનો ઉદય હોય, બાકી તો કષાય હોય જ નહિ, અને જો હોય તો તે સાધુ જ નથી. કારણ કે સર્વેય અતિચારો સંજ્વલનના ઉદયથી હોય છે, પણ અનંતાબંધી આદિ બાર કષાયના ઉદયથી તો સચોડો વ્રતભંગ થતો હોવાથી મૂલછેદ્ય પ્રાયશ્ચિત્ત લાગે છે, અર્થાત્ સાધુપણું જ મૂલથી નષ્ટ થાય છે. તાત્પર્ય કે લગભગ વીતરાગ જેવી–વીતરાગવત્ દશા જેની હોય તે જ સાધુ છે; અને વીતરાગતા—નિષ્કષાયતા એ જ સાધુતાની કસોટી વા માપદંડ છે.'

બાલજીવોની દ્રવ્યલિંગ-પ્રધાન દૃષ્ટિ

આમ સ્પષ્ટ શાસ્ત્રસ્થિતિ છતાં અજ્ઞ બાલજીવોની દૃષ્ટિ તો પ્રાયઃ લિંગ–બાહ્ય વેષ પ્રત્યે હોય છે, એટલે તે તો મુગ્ધ હોઈ ભોળવાઈ જઈ વેષમાં જ સાધુપણું કલ્પે છે, અને બાહ્યત્યાગી–સાધુવેષધારી પણ આત્મજ્ઞાનથી રહિત એવાઓને ગુરુ કરીને થાપે છે, અથવા આ તો અમારા કુલ સંપ્રદાયના આચાર્ય છે, અમારા મા'રાજ છે, એવા મમત્વ ભાવથી પ્રેરાઈને પોતાના કુલગુરુનું મમત્વ–અભિમાન રાખે છે, પણ ભાવયોગી એવા ભાવાચાર્ય, ભાવઉપાધ્યાય, ભાવસાધુનું જ મુખ્યપણે માન્યપણું શાસ્ત્રમાં કહ્યું છે, તે લક્ષમાં રાખતા નથી; તેમ જ બાહ્ય ગ્રંથત્યાગ માત્રથી બાહ્યલિંગ સુંદર છે એમ નથી. કારણ કે કંચુક માત્ર ત્યાગથી ભુજંગ નિર્વિષ બનતો નથી, એ વસ્તુસ્થિતિનો પણ વિચાર કરતા નથી.

"बालः पश्यति लिङ्गं, मध्यमबुद्धिर्विचारयति वृत्तम् ।
आगमतत्त्वं तु बुधः परीक्षते सर्वयत्नेन ॥
बाह्यं लिङ्गमसारं, तत्प्रतिबद्धा न धर्मनिष्पत्तिः ।
धारयति कार्यवशतो यस्माच्च विडम्बकोऽप्येतत् ॥
बाह्यग्रन्थत्यागान्न चारु नन्वत्र तदितरस्यापि ।
कञ्चुकमात्रत्यागान्न हि भुजगो निर्विषो भवति ॥" — શ્રીહરિભદ્રસૂરિકૃત ષોડશક

"ફૂટ લિંગ જિમ પ્રગટ વિડંબક, જાણી નમતાં દોષ;
નિદ્ધંધસ જાણીને નમતાં, તિમ જ કહ્યો તસ પોષ...રે જિનજી!"
— શ્રી યશોવિજયજીકૃત સા. ત્ર. ગાથાસ્તવન

સાચા સાધુ, ભાવ મુનિ, ભિક્ષુ, યતિ, શ્રમણ કોણ?

પણ પ્રાજ્ઞ જન તો આગમતત્ત્વનો વિચાર કરે છે; અર્થાત્ આગમાનુસાર, શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે યથાસૂત્ર આચરણરૂપ તાત્ત્વિક સાધુત્વ છે કે કેમ તેની સમીક્ષા કરે છે, અને જેનામાં યથોક્ત આદર્શ નિર્ગ્રંથ શ્રમણપણું દૃશ્ય થાય તેનો જ સાચા સાધુપણે સ્વીકાર કરે છે. કારણ તે વિચારે છે કે — સમ્યગ્ દર્શન–જ્ઞાન–ચારિત્રમય શુદ્ધ મોક્ષમાર્ગની જે નિરંતર નિર્મળ સાધના કરતો હોય તે જ સાચો સાધુ છે, બાકી તો વેષધારી છે; જે શુદ્ધ આત્મસ્વરૂપને જાણતો હોય, અનુભવતો હોય, જે આત્મારામી હોય તે જ ભાવમુનિ છે, બાકી તો નામમુનિ છે; જે દેહયાત્રા માત્ર નિર્દોષ વૃત્તિ કરી અપ્રમાદપણે નિર્ગ્રંથ જીવન પાળે છે તે જ ભિક્ષુ છે, બાકી તો પૌરુષઘ્ની–બલહરણી

---

૨. "चरिमाण वि तह णेयं संजलणकसायसंगमं चेव ।
माइट्ठाणं पायं असइं पि हु कालदोसेण ॥
सव्वेविय अइयारा संजलणाणं तु उदयओ होंति ।
मूलछेज्जं पुण होइ बारसण्हं कसायाणं ॥" — શ્રી હરિભદ્રસૂરિકૃત પંચાશક

ભિક્ષા ભક્ષનારા પ્રમાદીઓ છે; જે રાગાદિ દોષથી શુદ્ધ આત્મસ્વરૂપનો ઘાત ન થાય—હિંસા ન થાય એમ ભાવ અહિંસકપણે યતનાપૂર્વક વર્તે છે અને દ્રવ્યથી પણ કોઈ પણ જીવની કંઈ પણ હિંસા ન થાય એવી જયણા રાખે છે તે યતિ છે, બાકી તો વેષવિડંબક છે;[3] જે શુદ્ધ આત્મતત્ત્વનો જ્ઞાતા છે, જે શુદ્ધ આત્મસ્વરૂપમાં સંયમનથી અને પ્રતપનથી સંયમ–તપ સંયુક્ત છે, જેનો રાગ ચાલ્યો ગયો છે, જે વીતરાગ છે, જે સુખ–દુઃખ પ્રત્યે સમવૃત્તિવાળા છે એવા શુદ્ધોપયોગરૂપ આત્મા તે જ શ્રમણ છે, બાકી તો નામશ્રમણ છે, દ્રવ્યલિંગી છે.

"सुविदिदपदत्थसुत्तो संजमतवसंजुदो विगदरागो ।
समणो समसुहदुक्खो भणिदो सुद्धोवओगोत्ति ॥" —મહર્ષિ કુંદકુંદાચાર્યજીકૃત પ્રવચનસાર

"થોડા આર્ય અનારય જનથી, જૈન આર્યમાં થોડા;
તેમાં પણ પરિણત જન થોડા, શ્રમણ અલપ–બહુ મોડા... રે જિનજી।
વિનતડી અવધારો." — શ્રી યશોવિજયજી

સાધુગુણભૂષિત ભાવસાધુનું જ માન્યપણું

આમ જે વિચક્ષણ પ્રાજ્ઞજનો વિચારે છે તે તો ભાવવિહીન દ્રવ્યલિંગને પ્રાયઃ કંઈ પણ વજૂદ આપતા નથી; તેઓ તો મુખ્યપણે ભાવ–આત્મપરિણામ પ્રત્યે જ દૃષ્ટિ કરે છે, ભાવિતાત્મા એવા ભાવલિંગીને જ મહત્ત્વ આપે છે; દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપ આદિ આત્મભાવના પ્રગટપણાના અને નિષ્કષાયપણાના અવિસંવાદી માપ ઉપરથી મૂલ્યાંકન કરે છે; સાચા નગદ રૂપિયાને જ સ્વીકારે છે. કારણ કે તે સારી પેઠે જાણે છે કે–ધાતુ ખોટી અને છાપ ખોટી, અથવા ધાતુ ખોટી અને છાપ સાચી, એ બે પ્રકાર કલાઈના રૂપિયા જેવા બનાવટી (Counterfeit) મૂલ્યહીન દ્રવ્યલિંગી સાધુઓના છે, તે તો સર્વથા અમાન્ય–અસ્વીકાર્ય છે; અને ધાતુ સાચી પણ છાપ ખોટી, અથવા ધાતુ સાચી અને છાપ પણ સાચી, એ બે પ્રકાર ચાંદીના રૂપિયા જેવા સાચા મૂલ્યવાન ભાવલિંગી સાધુજનોના છે, અને તે જ સર્વથા માન્ય છે. એટલે દ્રવ્યથી તેમ જ ભાવથી જે સાધુ છે, અથવા દ્રવ્યથી નહિ છતાં ભાવથી જે સાધુ છે,–એ બન્ને પ્રકારના **ભાવસાધુને જ** તે માન્ય કરે છે. અમુક પુરુષમાં કેટલો આત્મગુણ પ્રગટ્યો છે? તે યોગમાર્ગે કેટલો આગળ વધ્યો છે? તે કેવી યોગ દશામાં વર્તે છે? તેનું ગુણસ્થાન કેવું છે? તેની અંદરની મૂંડ (કષાય મુંડનરૂપ) મુંડાઈ છે કે નહિ? તેનો આત્મા પરમાર્થે 'સાધુ' 'મુનિ' બન્યો છે કે નહિ? ઇત્યાદિ તે તપાસી જુએ છે. કારણ કે તેના લક્ષણનું તેને બરાબર ભાન છે. તે જાણે છે કે–જે આત્મજ્ઞાની સમદર્શી વીતરાગ પુરુષ હોય, જે પૂર્વ પ્રારબ્ધ પ્રમાણે સર્વથા ઇચ્છારહિતપણે અપ્રતિબંધ ભાવથી વિચરતા હોય અને પરમશ્રુત એવા જે પુરુષની વાણી કદી પૂર્વે ન સાંભળી હોય એવી અપૂર્વ હોય, તે જ સાચા સદ્ગુરુ છે. 'छत्तीस गुणो गुरु मज्झ।' તે જાણે છે કે જે આત્મજ્ઞાની આત્માનુભવી હોય, જે નિરંતર આત્મભાવમાં રમણ કરનારા આત્મારામી હોય, જે વસ્તુનું સ્વરૂપ પ્રકાશનારા હોય,

3. "हीणायारेहिं तह वेसविडंबगेहिं मलिणीकयं तित्थं । ઈ. ૩–૨૯૭
"बाला वयंति एवं वेसो तित्थंकराण एसो वि ।
नमणिज्जो धिद्धी अहो सिरसूलं कस्स पुक्करिमो ॥"
— મહર્ષિ હરિભદ્રસૂરિકૃત સંબોધ પ્રકરણ ૨–૭૬

અર્થાત્ — હીનાચારવંતોથી તથા વેષવિડંબકોથી તીર્થ મલિન કરાયેલું છે. ઈ૦ બાલજીવો એમ વદે છે કે આ પણ તીર્થંકરોનો વેષ છે, (માટે) નમન કરવા યોગ્ય છે. ધિક્કાર હો! ધિક્કાર હો! અહો! (આ) શિરશૂલ અમે કોની પાસે પોકારીએ?

જ્ઞાની સત્પુરુષોના સનાતન સંપ્રદાયને અનુસરનારા જે સદા અવંચક હોય અને જે સમકિતી પુરુષ સારભૂત એવી સંવર ક્રિયાના આચરનારા હોય, તે જ સાચા શ્રમણ છે, તે જ સાચા સાધુ છે, તે જ સાચા મુનિ છે, તે જ સાચા નિર્ગ્રંથ છે, બાકી તો 'દ્રવ્યલિંગી' વેષધારીઓ છે. આમ તે જાણતા હોઇ મુખ્યપણે તેવા સાચા ભાવયોગીઓને જ, ભાવાચાર્ય આદિને જ તે માને છે, તેમનાં આદર–ભક્તિ કરે છે.

"આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મત સંગી રે...વાસુપૂજ્ય.
આગમધર ગુરુ સમકિતી, કિરિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવ આધાર રે...શાંતિ જિન."

— શ્રી આનંદઘનજી

* * * *

"આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ;
અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય."
આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;
બાકી કુલગુરુ કલ્પના, આત્માર્થી નહીં જોય."

— શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત **શ્રી આત્મસિદ્ધિ**

* * * *

"जं संमंति पासह, तं मोणंति पासह।" **— શ્રી આચારાંગ સૂત્ર**

* * * *

"કારજ સિદ્ધ ભયો તિનકો જિણે,
અંતર મુંડ મુંડાય લિયા રે." **— શ્રી ચિદાનંદજી**

* * * *

"ધન્ય તે મુનિવરા રે, જે ચાલે સમ ભાવે;
ભવસાયર લીલાએ ઊતરે, સંયમ કિરિયા નાવે...ધન્ય૦
મોહપંક તજી ઉપર બેઠા, પંકજ પરે જે ન્યારા;
સિંહ પરે જે વિક્રમ શૂરા, ત્રિભુવન જન આધારા...ધન્ય૦"

— શ્રી યશોવિજયજી

આવા ભાવસાધુને જ મુખ્યપણે લક્ષગત રાખી અત્રે આનંદઘનજીએ 'પાતક ઘાતક' એવા સૂચક શબ્દપ્રયોગ કર્યો છે. 'પાતક ઘાતક' કોણ હોઈ શકે? જેણે પોતે પાપનો ઘાત કર્યો હોય તે જ અન્યના પાપનો ઘાતક હોઈ શકે, પણ પોતાના પાપનો ઘાત નથી કર્યો એવો જે શ્રીઉત્તરાધ્યયન અને દશવૈકાલિક સૂત્રમાં વર્ણવેલ 'પાપશ્રમણ' હોય તે પાતકઘાતક કેમ હોઈ શકે? એટલે એવા પાપશ્રમણની વાત તો ક્યાંય દૂર રહી! જેણે પાપનો ઘાત–નાશ કર્યો છે એવા નિષ્પાપ પુણ્યાત્મા સાધુ, કલ્યાણસંપન્ન પુણ્યમૂર્તિ સાચા સંતપુરુષ જ પાતકઘાતક હોય. આવા સત્પુરુષ દર્શનથી

પાતક ઘાતક સાધુ કેવા હોય?

પણ પાવન [4] 'दर्शनादपि पावनाः' હોય છે, એમના દર્શન કરતાં પણ આત્મા પાવન થઈ જાય એવા તે પરમ પવિત્રાત્મા હોય છે. એમના પવિત્ર આત્મચારિત્રનો કોઈ એવો અદ્‌ભુત મૂક પ્રભાવ પડે છે કે બીજા જીવોને દેખતાં વેંત જ તેની અજબ જાદૂઈ અસર થાય છે. આવા કલ્યાણમૂર્તિ, દર્શનથી પણ પાવન, નિર્લેપ, નિર્વિકાર વીતરાગ એવા જ્ઞાની સત્પુરુષ, એમની સહજ દર્શનમાત્રથી પણ પાવનકારિણી ચમત્કારિક પ્રભાવતાથી સાચા મુમુક્ષુ યોગીઓને શીઘ્ર ઓળખાઈ જાય છે. કારણ કે તેવા મૌન મુનિનું દર્શન પણ હજારો વાગાડંબરી વાચસ્પતિઓનાં લાખો વ્યાખ્યાનો કરતાં અનંતગણો સચોટ બોધ આપે છે. સ્વદેહમાં પણ નિર્મમ એવા આ અવધૂત વીતરાગ મુનિનું સહજ ગુણસ્વરૂપ જ એવું અદ્‌ભુત હોય છે. જેમકે:

"શાંતિકે સાગર અરુ, નીતિકે નાગર નેક,
દયાકે આગર જ્ઞાન ધ્યાનકે નિધાન હો;
શુદ્ધ બુદ્ધિ બ્રહ્મચારી, મુખ બાનિ પૂર્ણ પ્યારી,
સજ્જનકે હિતકારી, ધર્મકે ઉદ્યાન હો;
રાગદ્વેષસે રહિત, પરમ પુનિત નિત્ય,
ગુનસેં ખચિત ચિત્ત, સજ્જન સમાન હો;
રાજચંદ્ર ધૈર્ય પાળ, ધર્મ ઢાલ ક્રોધ કાલ,
મુનિ તુમ આગે મેરે, પ્રનામ અમાન હો."

— શ્રીમદ્ રાજચંદ્રજી

સૂત્રકૃતાંગમાં વર્ણવેલું નિર્ગ્રંથમુનિનું આદર્શ સ્વરૂપ

શ્રી **સૂત્રકૃતાંગ**ના[5] દ્વિ. શ્રુ. સ્કં. ના ૭૦ મા સૂત્રમાં નિર્ગ્રંથમુનિનું આ પ્રકારે પરમસુંદર હૃદયંગમ વર્ણન કર્યું છે: 'તે અણગાર ભગવંતો ઈર્યાસમિત, ભાષાસમિત, એષણાસમિત, આદાનભંડમાત્ર-નિક્ષેપણાસમિત, પારિષ્ઠાપનિકાસમિત, મનસમિત, વચનસમિત, કાયસમિત, મનગુપ્ત, વચનગુપ્ત, કાયગુપ્ત, ગુપ્ત, ગુપ્તેન્દ્રિય, ગુપ્ત બ્રહ્મચારી, અક્રોધ, અમાન, અમાય, અલોભ, શાંત, પ્રશાંત, ઉપશાંત, પરિનિર્વૃત્ત, અનાશ્રવ, અગ્રંથ, છિન્નશ્રોત, નિરુપલેપ, કાંસ્યપાત્ર જેવા મુક્તજલ, શંખ જેવા નિરંજન, જીવ જેવા અપ્રતિહતગતિ, ગગનતલ જેવા નિરાલંબન, વાયુ જેવા અપ્રતિબંધ, શારદજલ જેવા શુદ્ધહૃદય, પુષ્કરપત્ર જેવા નિરુપલેપ, કૂર્મ જેવા ગુપ્તેંદ્રિય, વિહગ જેવા વિપ્રમુક્ત, ગેંડાના શીંગડા જેવા એકજાત, ભારંડ પક્ષી જેવા અપ્રમત્ત, કુંજર જેવા શૌંડીર (મસ્ત), વૃષભ જેવા સ્થિરસ્થામ, સિંહ જેવા દુર્ધર્ષ, મંદર જેવા અપ્રકંપ, સાગર જેવા ગંભીર, ચંદ્ર જેવા સૌમ્ય લેશ્યાવંત, સૂર્ય જેવા દીપ્તતેજ, જાત્યસુવર્ણ જેવા જાતરૂપ, વસુંધરા જેવા સર્વસ્પર્શવિષહ, સુહુત હુતાશન જેવા તેજથી જ્વલંત હોય છે. તે ભગવંતોને ક્યાંય પણ પ્રતિબંધ હોતો નથી.

---

૪. "सद्भिः कल्याणसंपन्नैः दर्शनादपि पावनैः ।
तथादर्शनतो योगो योगावञ्चक उच्यते ॥" — શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય

આ યોગાવંચકઆદિનું સ્વરૂપ સમજવા જુઓ મત્કૃત યોગદૃષ્ટિસમુચ્ચય વિવેચન.

૫. "से जहा णामए अणगारा भगवंतो इरियासमिया भासासमिया ।६० "

પરમ ભાવિતાત્મા સાધુચરિત **શ્રીમદ્ રાજચંદ્રજી** પણ નિર્ગ્રંથ દશાનું તેવું જ હૃદયંગમ શબ્દચિત્ર રજૂ કરતું સ્વસંવેદનમય અપૂર્વ ભાવવાહી દિવ્ય સંગીત લલકારી ગયા છે કે :

"સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ,
દેહે પણ કિંચિત મૂર્ચ્છા નવ જોય જો—અપૂર્વ અવસર૦

આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહ પર્યંત જો;
ઘોર પરીષહ કે ઉપસર્ગ ભયે કરી,
આવી શકે નહિ તે સ્થિરતાનો અંત જો—અપૂર્વ અવસર૦

સંયમના હેતુથી યોગ પ્રવર્ત્તના,
સ્વરૂપ લક્ષે જિન આજ્ઞા આધીન જો;
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
અંતે થાયે નિજ સ્વરૂપમાં લીન જો—અપૂર્વ અવસર૦

બહુ ઉપસર્ગ કર્ત્તા પ્રત્યે પણ ક્રોધ નહિં,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહિ છો પ્રબળ સિદ્ધિ નિદાન જો—અપૂર્વ અવસર૦" ઇત્યાદિ.

— શ્રીમદ્ રાજચંદ્રજી

ભાવલિંગી ભાવસાધુનું જ પ્રાધાન્ય

આવા પરમ નિર્દોષ, પરમ નિર્વિકાર, વીતરાગ જ્ઞાની પવિત્ર પુરુષ જે કોઈ હોય તે જ બાહ્યાભ્યંતર ગ્રંથથી રહિત સાચા ભાવનિર્ગ્રંથ છે, તે જ શાસ્ત્રોક્ત સકલ સાધુગુણથી શોભતા સાધુચરિત સાચા સત્પુરુષ છે, તે જ આત્માના પ્રત્યક્ષ પ્રગટ સતસ્વરૂપને પ્રાપ્ત થયેલા સાચા સદ્ગુરુ છે, તેજ સર્વ પરભાવ–વિભાવનો સંન્યાસ–ત્યાગ કરનારા આત્મારામી સાચા 'સંન્યાસી'–ધર્મસંન્યાસયોગી છે, તે જ સર્વ પરભાવ–વિભાવ પ્રત્યે અગ્રહણબુદ્ધિરૂપ મૌન ભજનારા સાચા 'મુનિ' છે, તે જ સ્વરૂપવિશ્રાંત શાંતમૂર્ત્તિ સાચા 'સંત' છે, તેજ સહજ આત્મસ્વરૂપ પદનો સાક્ષાત્ યોગ પામેલ સાચા ભાવયોગી છે, તે જ સમભાવભાવિત સાચા ભાવશ્રમણ છે, તે જ યથોક્ત ભાવલિંગસંપન્ન સાચા ભાવસાધુ છે અને તે ભાવલિંગી ભાવસાધુનું જ પ્રાધાન્ય છે. હજારો દ્રવ્યલિંગીઓની જમાત એકઠી થતાં પણ જે જનકલ્યાણ કે શાસનઉદ્યોત નથી કરી શકતી, તે આવો એક ભાવલિંગી સાચો આદર્શ ભાવનિર્ગ્રંથ સહજ સ્વભાવે કરી શકે છે,—જેમ એક જ સૂર્ય કે ચંદ્ર વિશ્વમાં પ્રકાશ રેલાવી શકે છે; હજારો ટમટમતા તારાઓ એકત્રપણે પણ તેમ કરી શકતા નથી.

‘तत्त्वार्थश्रद्धानम्–सम्यग्दर्शनम्’ એટલે શું?

શ્રી ‘ સંતબાલ ’

ઉમાસ્વાતિવાચકે તત્ત્વાર્થાધિગમ સૂત્ર રચ્યું છે. જેમાં જૈન આગમોનું સુંદર અને સંક્ષિપ્ત દોહન છે. તે સંસ્કૃતભાષીય ગ્રંથરત્નમાંનું એક સૂત્ર આ છે: ‘તત્ત્વાર્થશ્રદ્ધાનમ્—સમ્યગ્દર્શનમ્.’ આમાં એકલા તત્ત્વપરની શ્રદ્ધાને બદલે તત્ત્વ અને તત્ત્વનો અર્થ એ બન્ને પરની શ્રદ્ધાની મુખ્ય વાત છે. તત્ત્વ ભલે ત્રિકાલાબાધિત હોય, પણ તત્ત્વને નિરૂપતા અર્થો નિરંતર બદલ્યા જ કરે છે. તત્ત્વ ભીતરી વસ્તુ છે, જ્યારે અર્થોનો આધાર મોટે ભાગે બહારના સંયોગો ઉપર છે. દા૦ ત૦ શરીરરક્ષણને જો તત્ત્વ ગણીએ તો ટાઢમાં ગરમ કપડાં અર્થ થઈ શકે પણ તાપમાં ગરમ કપડાંનો ત્યાગ એ જ અર્થ થઈ શકે. માનવની એક પ્રકૃતિ એવી જાણે કુદરતી જેવી થઈ પડી હોય છે કે જે અર્થના આગ્રહોને તો ત્રિકાલાબાધિતની જેમ વળગી રહે છે, પણ તત્ત્વના આગ્રહોની પરવાહ કરતી નથી. આથી જ જૈનધર્મ જેવો વિશ્વધર્મ કેટલા બધા સંકુચિત અને વિવિધ વાડાઓમાં પુરાઈ ગયો છે! જૈનો બોલે છે ‘કેવલીપ્રજ્ઞપ્તધર્મનું હું શરણ લઉં છું.’ પણ વ્યવહારમાં એકાંતવાદી જ બની જતા હોય છે. નહિ તો જે સમકિતમાં વિશ્વવિશાળદૃષ્ટિ પ્રાપ્ત થાય છે, તે જ સમકિતને નામે પોતપોતામાં કૂતરાંબિલાડાંની જેમ કાં બાઝી મરે!

કેવલીપ્રજ્ઞપ્તધર્મમાં કેવલી તરીકે જોઈએ તો મરુદેવી માતા પણ આવે અને ભરત ચક્રવર્તી પણ આવે. એક હાથીની અંબાડી ઉપર બેઠાંબેઠાં કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે, બીજો આરીસાભવનમાં શરીર સજાવટ કરતાં કરતાં કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે. આ બન્ને કેવલીઓનાં સાધનો કેવાં હતાં? એક તો આશ્રમ તરીકે ગૃહસ્થાશ્રમ અને બીજું વિલાસવૈભવની રાજ્યસામગ્રી. આથી જ જૈનાચાર્યોએ ગાયું: ‘ભાવ એ જ પ્રધાન વસ્તુ છે અને તે ઝરો બહાર નથી, ભીતરમાં છે.’ એ ભીતરનો ઝરો જાગ્રત કરવા માટે પ્રવ્રજ્યા અંગીકાર કરો અથવા ગૃહસ્થાશ્રમમાં રહો. સ્થૂળ ત્યાગ કરો વા ન કરો. અંતરની ગાંઠ મુખ્યત્વે છોડો. નહિ તો બહારની છોડેલી ગાંઠો પણ વધુ બાંધી દેશે તે રખે ભૂલતા. સાધુ થયેલો માનવી પણ અંતરની ગાંઠ મજબૂત થાય તો ચંડકૌશિક જેવો સર્પજન્મ સાધુપણાને અંતે પામે છે અને એક દેડકો પણ અંતરની ગાંઠ છૂટતાં આત્મજ્ઞાનને પંથે તરત પડી જાય છે. જે તત્ત્વજ્ઞાન દેડકા અને વિષધર નાગ લગી મુક્તિમાર્ગ મોકળો કરાવી શકે, જે તત્ત્વજ્ઞાન દરરોજ સાત સાત ખૂન કરતા અર્જુન માળીને વીતરાગદર્શનમાત્રથી સમકિત અપાવી શકે, તે તત્ત્વજ્ઞાન માત્ર અમુક જ વાડાના માનવીઓ માટે હોઈ શકે એ વાત કેટલી બેહૂદી છે! ગઈ કાલે એક જૈનમુનિરાજને હું મળ્યો. વાતવાતમાં તેઓ કહે: ‘બીજું તો ઠીક; વીતરાગને ન ભૂલશો.’ હું સમજી શક્યો છું કે સર્વધર્મપ્રાર્થનામાં મહાવીરની સાથે બીજા ધર્મસંસ્થાપકોનાં નામો ઘણાં જૈન ભાઈબહેનોને ગમતાં નથી. જો કે એમાં તો મુખ્ય ગુણની પાસે જ તે તે ધર્મસંસ્થાપકનું નામ મુકાયું છે અને અહિંસાની દૃષ્ટિએ એ સર્વોપરી ગુણ પાસે મહાવીરનું નામ સૌથી પ્રથમ મુકાયું છે છતાં આમ થાય છે. ગુણપૂજાની દૃષ્ટિએ ‘સર્વ સાધુઓને નમસ્કાર’ એમ રોજ પંચપરમેષ્ઠીપદમાં ઉચ્ચારતાં આ ભાઈબહેનો એના મૂળ સત્યને જ કેમ ભૂલી જાય છે? યોગીશ્વર આનંદઘનજીને વારંવાર યાદ કરતાં તેઓ ‘ષડ્દર્શન જિન અંગ ભણીજે’વાળું સ્તવન કેમ આચરતાં નથી? અને કાંતવાદની વાતો કરતાં તેઓ બીજા ધર્મોની ઇમારતના સ્વીકાર ઉપર જ જૈન ધર્મનો વિશ્વધર્મધ્વજ ટકી શકે, તે તત્ત્વ કેમ ભૂલી જાય છે? કારણ કે તેમણે માની લીધું છે કે ‘પોતે માનેલાં આગમો સિવાય બીજાં કોઈ આગમો નથી

અને તે આગમોના પણ પોતે માની લીધેલા અર્થો સિવાય બીજો કોઈ અર્થ નથી. તેઓ રોજ વાંચે છે ખરાં કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવમાં ભાવ જ મુખ્ય વસ્તુ છે. દાન, શીલ, તપ અને ભાવનામાં પણ ભાવના જ મુખ્ય વસ્તુ છે. છતાં આચારમાં ભૂલથાપ ખાઈ જાય છે. તત્ત્વાર્થમાં તત્ત્વ જ નિરપેક્ષ છે અર્થ તો સાપેક્ષ જ છે. આથી જ કેવલી ભગવાન જે અનુભવે છે, તે વાણીમાં ઉતારી શકતા નથી. કેવલીઓની વાણીને ગણધર કેવલીવાણીવત્ ગૂંથી શકતા નથી. ગણધરો જેમ ગૂંથે છે, તેમ વાચકો વાચી શકતા નથી. આટલું બધું સ્પષ્ટ હોવા છતાં અક્ષરોનાં બીબાંને પોતે માની લીધેલા અર્થમાં જ ત્રિકાલબાધિત માનીને ચાલનારાંઓ માટે ઉજ્જવળ ચારિત્ર્યના ચેપ સિવાય બીજો કોઈ બાહ્ય ઇલાજ જ નથી. ઉપર્યુક્ત મુનિરાજના મનમાં એમ પણ ભ્રમણા લાગી કે 'સમાજનાં કે રાષ્ટ્રનાં કામો તો બંધનરૂપ છે, મોક્ષમાર્ગ જુદો છે. ગાંધીજી રાજકીય પુરુષ ખરા, મોક્ષમાર્ગી નહિ' આવું આવું આ એક જ શા માટે, અનેક મુનિરાજો માનતા હોય છે. અરિહંતોને સિદ્ધો કરતાં આગળ મૂકનારા તેઓ માટે અરિહંતમાં રહેલા વ્યક્તિ અને સમષ્ટિના વિકાસના અવિનાભાવિ સાહચર્યને સમજી શકતા નથી. કારણ કે તત્ત્વ પર તેઓ ભાંગીતૂટી પણ શ્રદ્ધામાં દૃઢ રહી શકે છે, પણ અર્થવિકાસની આખી વ્યવહારુ વાતને જ ભૂલી જાય છે. જ્યાં શુદ્ધ વ્યવહાર જ સંભવિત નથી ત્યાં શુદ્ધ નિશ્ચયની વાત ટકે ક્યાં લગી ? જૈન સાધુવર્ગ જેવી જ લગભગ ચુસ્ત વૈદિક સંન્યાસીવર્ગ અને ભક્તોની પણ આ જ દશા છે. બીજી બાજુ જેઓ સમાજસેવા કે રાષ્ટ્રસેવામાં પડેલાં છે, તેઓ વળી ધર્મનાં મૌલિક સત્યો તરફ જ બેદરકાર બની જતાં હોય છે ! આમ એક બાજુ અર્થની શ્રદ્ધા અને બીજી બાજુ તત્ત્વની શ્રદ્ધાને નામે બન્નેના મૂળમાં મૌલિક સત્યની ઉપેક્ષા જ આવી જાય છે. આથી જ તત્ત્વની ત્રિકાલાબાધિતાને સામે રાખી તે દૃષ્ટિએ થતા અર્થવિકાસને લીધે પળે પળે થતા ફેરફારોને અપનાવવા જ જોઈએ, નહિ તો આત્મજ્ઞાન પોતે જ દૂર ભાગી જશે અને આત્મજ્ઞાનને નામે દંભપાખંડ, દલબંદી તથા બીજા અનર્થો વધી પડશે—જે આજે વધી પડેલા દેખાય છે જ. આનો ઉપાય તત્ત્વાર્થશ્રદ્ધાનની સાચી વ્યાખ્યા સમજી, આચરી, સમાજને આચરાવવાની અનિવાર્ય જરૂરત છે.

મનુષ્ય એકલો નથી

શ્રી દલસુખ માલવણિયા

વૈદિક ઋષિઓએ કે મન્ત્રદ્રષ્ટાઓએ આ સંસારને કે આપણી આ દુનિયાને સર્વથા ત્યાગવાનો ઉપદેશ નથી આપ્યો. તેમને સ્વર્ગની કલ્પના કરવી ગમતી પણ એ સ્વર્ગ માટે ઉપાયો એવા યોજવામાં આવતા નહિ, જેથી આ દુનિયા રહેવાલાયક જ ન રહે. સ્વર્ગ માટેના પ્રયત્નમાં પણ આ દુનિયાના સુખમાં વધારો કરવો એ ધ્યેય રહેતું. ખરી રીતે કહીએ તો તેમનો ભાર પરલોક—સ્વર્ગ ઉપર નહિ પણ ઇહલોક ઉપર હતો. તેમના સમગ્ર પ્રયત્નનો સાર આ દુનિયામાં સુખ કેવી રીતે પ્રાપ્ત કરવું એની શોધ કરવામાં છે. તેમને આધ્યાત્મિક કરતા ભૌતિક સુખ વધારે ગમતું અને તે માટે તેમનો વિશેષ પ્રયત્ન રહેતો. ઉપનિષદ્‌ના ઋષિઓએ ભૌતિકને બદલે આધ્યાત્મિક સુખ ઉપર ભાર આપ્યો પણ તેમને મતે પણ આ દુનિયાને ત્યાગવાથી એ આધ્યાત્મિક સુખ પ્રાપ્ત થાય છે એમ મનાયું નથી. આત્મા સર્વવ્યાપી હોઈ ખરી રીતે આ દુનિયાને ત્યાગીને અન્યત્ર આધ્યાત્મિક સુખ અર્થે જવાનો પ્રશ્ન જ ઊઠતો નથી. એટલે તેમને પણ પ્રયત્ન આ દુનિયામાં આધ્યાત્મિક સુખની વૃદ્ધિ કેવી રીતે થાય એની શોધ કરવાનો હતો. પરિણામે જેને આપણે સંસાર કહીએ છીએ તે સર્વથા ત્યાજ્ય જ છે એવું મન્તવ્ય તેમનું નથી. એટલે બ્રહ્મપ્રાપ્તિ માત્ર સંન્યાસથી જ થાય છે એ મન્તવ્ય તેમણે કદી અપનાવ્યું નથી. સંન્યાસ બ્રહ્મપ્રાપ્તિમાં ઉપકારક છે પણ તે જ કારણ છે અને અન્ય નહિ, એમ તેમણે કદી કહ્યું નથી. એટલે જ જનક જેવા રાજાને પણ રાજ્યભાર વહન કરવા છતાં બ્રહ્મપ્રાપ્તિ થઈ એમ માનવામાં આવ્યું. સારાંશ એ છે કે તત્ત્વજ્ઞાન એ બ્રહ્મપ્રાપ્તિમાં કારણ છે, બાહ્ય આચાર કે કર્મકાંડ એ આવશ્યક નથી. બીજા શબ્દોમાં કહીએ તો તેમનો પ્રયત્ન વિદ્યમાન સંસારને નવું રૂપ આપવાનો છે. સંસાર એનો એ જ છે; પત્ની–પુત્ર–ધન–દોલત એ બધું જ એનું એ જ પણ તેને જોવાની દૃષ્ટિમાં પરિવર્તન કરવું આવશ્યક છે. એ જો થયું તો અહીં બેઠાં મોક્ષ છે અને એ જો ન થયું તો અહીં બેઠા સંસાર છે. આ તેમની દૃષ્ટિ છે. આ દૃષ્ટિનો જ વિકાસ આપણે શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં અનાસક્તિયોગ રૂપે જોઈએ. એટલે એમ કહી શકાય કે વૈદિક પરંપરામાં આ લોકને બગાડીને પરલોક સુધારવાની વાત નથી, પણ આ લોકને સુધારીને જ પરલોક સુધારી શકાય છે. ખરી રીતે એમ કહેવું જોઈએ કે પરલોક જેવી વસ્તુની પરવા તેમને નથી. પણ વિદ્યમાન જીવન અને ભવિષ્યનું જીવન એમ જીવનમાં ભેદ છે. આત્મા સર્વવ્યાપી હોઈ તેને ક્યાંઈ જવા-આવવાનું છે જ નહિ, પણ અત્યારે તેની જે અવસ્થા હોય તેથી વધારે સારી અવસ્થા કેમ પ્રાપ્ત કરે એ જ જોવાનું છે. એટલે વિદ્યમાનને બગાડીને ઉત્તરકાલ સારો થવાનો સંભવ ઓછો છે. જે લોકોની વચ્ચે આપણે રહીએ છીએ એ લોકોને જ સુધારવાથી—એ લોકોની દૃષ્ટિને જ ઠીક કરવાથી ઘણું કામ સરે છે. લોકથી અળગા થઈને જ સાધના કરી શકાય છે એવો એકાંત માર્ગ નથી. લોકની વચ્ચે રહી સાધના કરવી જોઈએ એ રાજમાર્ગ છે. આ દૃષ્ટિએ જોઈએ તો વૈદિક ધર્મે માત્ર સંન્યાસ જ નહિ પણ ગૃહસ્થ ધર્મ કે સમાજના ધર્મને પણ માન્ય રાખ્યો છે. ચાર આશ્રમની અને ચાર વર્ણની વ્યવસ્થા તેમને એટલા જ માટે કરવી પડી છે. તે તેમણે પોતાની દૃષ્ટિએ કરી છે અને તેનો પરમ ઉત્કર્ષ ગીતાના स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः એ સિદ્ધાન્તમાં સ્થાપ્યો છે. એટલે કે વર્ણાશ્રમધર્મનું યથાવત્ પાલન એ જ સુખ કે શ્રેય પ્રાપ્ત કરવાનું સાધન મનાયું તેમાં પણ વૈદિક

કર્મકાણ્ડની માન્યતાનો પ્રચાર કરનાર મીમાંસકો તો જીવનની અંતિમ ઘડી સુધી પણ વૈદિક શ્રૌતસ્માર્ત કર્તવ્યનું પાલન અનિવાર્ય માને છે અને તેમ કરતા કરતા મોક્ષપદની પ્રાપ્તિ થાય છે એમ માને છે. આચાર્ય શંકર વગેરે વેદાન્તીઓને આવો એકાંત ગમ્યો નહિ અને તેમણે સંન્યાસ ઉપર ભાર આપ્યો પણ તેમનો એ ઉપદેશ વૈદિક બહુજન સમાજને કદી સ્પર્શ્યો નથી. વેદાન્તી છતાં જીવનમાં વ્યવહાર તો વર્ણધર્મને અનુકૂળ જ રહેવાનો. શૂદ્ર કદી સંન્યાસી નહિ થવાનો એવી મર્યાદાથી ઉપર ઉડનારા વેદાન્તીઓ ક્વચિત જ મળે છે. એ બતાવે છે કે વૈદિક માર્ગનું મુખ્ય ધ્યેય સંન્યાસમાર્ગ નથી. આ જીવનને સર્વથા છોડવાનું નથી પણ આ જીવનને ઉદાત્ત કરવાનું છે. એટલે કે મુખ્ય માર્ગ ગૃહસ્થધર્મનો છે અને તે જ ધર્મનું યથાવત્ પાલન કરવાથી નિઃશ્રેયસપદની પ્રાપ્તિ પણ સુલભ બને છે.

આ માર્ગથી વિરુદ્ધ શ્રમણોનો સંન્યાસમાર્ગ છે. તે એકાશ્રમ સંસ્થા છે. ગૃહસ્થધર્મની વ્યવસ્થા
અનિવાર્ય નથી. બ્રહ્મચારી વિના લગ્ને પણ સંન્યાસી થઈને એ માર્ગ અપનાવી શકે છે એટલું જ નહિ,
પણ તેમ જો તે કરે તો તે યોગ્ય કર્યું મનાય છે. સંતતિ માટે લગ્ન કે લગ્ન કરી સંતતિનું સર્જન એ
આવશ્યક ધર્મ નથી. એટલે શ્રમણમાર્ગમાં સામાજિક કર્તવ્યોની વ્યવસ્થાનો પણ સંભવ નથી. ધર્મ તો
મુખ્ય અણગારનો જ છે. અગારધર્મ એ આંશિક અણગારધર્મ હોય તો તો ધર્મ કહેવાય, અન્યથા એ કાંઈ
ધર્મકોટિમાં આવે નહિ. અણગારને સહાયરૂપે કે અણગારધર્મની તૈયારીરૂપે અગારધર્મ સંભવે છે પણ એથી
સ્વતંત્ર એવો કોઈ અગારધર્મ સંભવી શકે નહિ. એટલે ગૃહસ્થધર્મની સામાજિક વ્યવસ્થા શ્રમણમાર્ગમાં
નથી. જે કાંઈ વ્યવસ્થા છે તે ગૃહસ્થ એ સામાજિક પ્રાણી છતાં તે અસામાજિક પ્રાણી કેમ બને તેનો
માર્ગ દેખાડવા પૂરતી છે. આથી વૈદિકોની જેમ શ્રમણોની કોઈ સ્મૃતિની રચના આવશ્યક મનાઈ નથી.
પરિણામે શ્રમણોના હજાર પ્રયત્ન છતાં શ્રાવકો અર્થાત્ ગૃહસ્થોનો એક એવો સમાજ નથી રચાયો જે
સર્વથા વૈદિક ગૃહસ્થ સમાજથી જુદો તરી આવે. સંન્યાસીઓ તો વ્યક્તિધર્મનું અનુસરણ કરતા હોઈ
બ્રાહ્મણ સંન્યાસી વર્ગથી શ્રમણ સંન્યાસી વર્ગને જુદો તારવી શકાય છે, પણ ગૃહસ્થોમાં એવી તારવણી
કરવાનું કોઈ સાધન નથી. કોઈ અમુક મન્દિરે કે ઉપાશ્રયે જાય એટલા માત્રથી તેને માટે સામાજિક વર્ગ
અલગ નથી થઈ જતો પણ તેના સામાજિક રિવાજોમાં જો મૌલિક ભેદ પડતો હોય તો સમાજોમાં ભેદ
પડે છે. વૈદિકો તો સંતતિ–ઉત્પાદન ધર્મ ગણે છે એટલે પોતાની સંપત્તિ સંતાનને મળે એવી સામાજિક
વ્યવસ્થા કરે એ સમજી શકાય છે પણ શ્રમણોને અનુસરનારા શ્રાવકો સંતતિ ઉત્પન્ન કરવામાં ધર્મ માનતા
નથી કે પુત્ર શ્રાદ્ધ કરશે તો પોતાની સદ્ગતિ થશે એમ પણ માનતા નથી છતાં તેમની સંપત્તિમાં તેમના
પુત્રોનો જ અધિકાર છે એવું કેમ માને છે? દીક્ષા લેતી વખતે પણ અમુક દાન કરીને શેષ સંપત્તિ પુત્રો
માટે જ કેમ રહેવા દે છે? આનો ખુલાસો એ જ છે કે શ્રમણોએ પોતાની દૃષ્ટિએ ગૃહસ્થધર્મની કોઈ
સ્મૃતિ રચી જ નથી. કારણ તેમને મતે ગૃહસ્થધર્મ એ ધર્મ જ નથી, ધર્મ તો સંન્યાસધર્મ જ છે.
ગૃહસ્થધર્મને ધર્મસંજ્ઞા એ જ અર્થમાં છે કે તેમાં તે અણગાર બનવાની તૈયારી કરે છે. આ દૃષ્ટિએ
વિચારતા સ્મૃતિસંમત હિન્દુ ધર્મના કાયદાકાનૂનો જૈન સમાજે સદા અપનાવ્યા છે. પોતાની સ્વતંત્ર
સ્મૃતિઓને આધારે કાયદાકાનૂનો કદી ઇતિહાસમાં બન્યા હોય એવું પ્રમાણ નથી; છતાં પોતે હિન્દુ
સમાજથી અળગા છે એવું આજે પોકારીને કહેવું પડે છે તે એટલું જ બતાવે છે હિન્દુઓ પાસેથી
જૈનો અસ્પૃશ્યતા વગેરે શીખ્યા તે હવે જ્યારે હિન્દુઓ પણ એ વસ્તુને છોડવા તૈયાર થયા છે ત્યારે જૈનો
પકડી રાખવા માગે છે. આ તો જરા પ્રાસંગિક થયું. પણ મૂળ મુદ્દો તો એ જ છે કે જૈનોએ કે
શ્રમણોએ જે પ્રકારે શ્રમણ યા સંન્યાસી સમાજની વ્યવસ્થા કરી છે તે પ્રકારે શ્રાવક સમાજની સ્વતંત્ર
વ્યવસ્થા કરી નથી તેનું કારણ તેમની એકાશ્રમ સંસ્થાની માન્યતામાં છે.

આ એકાશ્રમ સંસ્થા એ શ્રમણધર્મની વૈદિકધર્મ કરતા વિશેષતા છે. એથી અમુક લાભો થયા છે પણ જ્યારે એની બીજી બાજુનો વિચાર કરીએ છીએ ત્યારે સ્પષ્ટ જણાય છે કે જીવનનું એક અંગ જાણે અધૂરું જ રહી જાય છે. મનુષ્ય એ સામાજિક પ્રાણી છે એવી વ્યાખ્યા માનસશાસ્ત્રીઓ મનુષ્યની કરે છે, પણ એ વ્યાખ્યાનો જ વિરોધ શ્રમણધર્મની એકાશ્રમ વ્યવસ્થા સાથે છે. પ્રારભથી જ તેને એ શીખવવામાં આવે છે કે તું એકલો આવ્યો છે અને એકલો જવાનો છે. તારે વળી માતા શું અને પિતા શું? એ સૌ તો સ્વાર્થના સગાં છે. સૌ–સૌનાં કર્મ નિરાળાં છે અને એને જ કારણે તે સુખી કે દુઃખી થાય છે. તારા કર્મ તું જ ભોગવવાનો છે—તેમાં કોઈ ભાગીદાર થવાનું નથી. વ્યાપાર–વ્યવસાયમાં એ બધાનું પોષણ કરવા નિમિત્તે તું શું શું પાપ નથી કરતો, પણ એ પાપનું ફળ તો તારે જ ભોગવવાનું. તારી આર્થિક કમાણીમાં ભાગ પડાવનાર પણ એ તારી પાપની કમાણીમાં તો ભાગ નહિ જ પડાવી શકે. માટે એ સૌને છોડીને સંસારને વોસરાવી દે. સંન્યાસી થઈ જા. તેમાં જ તારો ઉદ્ધાર છે. આનું પરિણામ એ છે કે શ્રાવકો એ જ ભાવના ભાવે છે કે આ બધા પાપથી ક્યારે છૂટું. તે જે ઘડીએ છોડી શકવાની સ્થિતિમાં આવે છે તે જ ઘડીએ બધું છોડીને નીકળી પડે છે અને સાધુ સંન્યાસી બની જાય છે. પરિણામે ગૃહસ્થજીવનમાં ઉત્કર્ષ કરવા પ્રત્યે અથવા તો આ લોકને સુધારવા પ્રત્યે ધ્યાન જતું જ નથી; પરલોક અર્થે જ બધું ધ્યાન અપાય છે. જે સમાજના આધારે જે સમાજની વચ્ચે રહી સંન્યાસમાર્ગનું પાલન સુકર છે તે જ સમાજ વિષે તદ્દન ઉપેક્ષા સેવવામાં આવે છે. પરિણામે જીવનદૃષ્ટિ એકાંગી બની જાય છે.

પ્રારંભમાં જૈન શ્રમણોનો માર્ગ એ એકલવિહારી માર્ગ હતો; એ માર્ગની જ પ્રતિષ્ઠા હતી, પણ અનુભવે શીખવ્યું કે સંઘબદ્ધ રહી સાધના કરવી સરલ છે એટલે સ્થવિર કલ્પ અને જિનકલ્પ થયા. પણ પાછો એક સમય આવ્યો કે જિનકલ્પ એટલે કે એકલવિહારનો લોપ થયો. દિગમ્બર મુનિઓનો પણ સંઘ બને છે. આ શું બતાવે છે? મનુષ્ય એ સામાજિક પ્રાણી છે અને તે સમાજમાં રહીને જ વિકસી શકે છે. આ નગ્નસત્યનો પરિત્યાગ કરીને મનુષ્યની એકલતાનો ઉપદેશ કરવો તે શું અસ્વાભાવિક નથી? સંન્યાસમાર્ગ એ વિરલ વ્યક્તિ માટે ભલે યોગ્ય હોય પણ સામાન્ય સમાજ માટે એ યોગ્ય નથી જ. તો પછી બધો ભાર સંન્યાસમાર્ગ ઉપર આપવાને બદલે ગૃહસ્થસમાજના ઉત્કર્ષ ઉપર આપવો એ હિતાવહ છે.

તાત્ત્વિકદૃષ્ટિએ જો કોઈ કોઈનું ન હોય અને કોઈ કોઈનું ભલું કરી શકે તેમ ન હોય તો સંન્યાસીઓનો સંઘ પણ અનાવશ્યક છે અને ગુરુશિષ્યભાવ પણ અનાવશ્યક છે. માતાપિતા કે આસપાસના દીનદુઃખીની સેવા કરવામાં જો આધ્યાત્મિક ઉન્નતિમાં બાધા પડતી હોય તો સાધુસમાજમાં રહી પરસ્પર સેવા કરવામાં આધ્યાત્મિક ઉન્નતિમાં બાધા કેમ નથી પડતી? જે સમાજ આપણને સ્વતઃ પ્રાપ્ત થયો છે તેનું આકર્ષણ વિશેષ હોય છે. એટલે વસ્તુતઃ એ સમાજની સેવા કરવામાં મનુષ્યની સ્વાભાવિક પ્રવૃત્તિ થાય જ છે. પણ એ સેવાને છોડાવીને બીજાની જ જો સેવા કરવાની હોય તો પ્રશસ્ય માર્ગ એ જ હોઈ શકે કે મનુષ્ય જે સમાજની સેવા કરતો હોય તે તો કરે જ ઉપરાંત તે સેવાનું ક્ષેત્ર યથાશક્તિ વધારે. આમાં તેનો સ્વાભાવિક વિકાસ છે. પણ તેને એકની સેવા છોડાવી બીજાની સેવામાં લગાડવો એ તો વ્યુત્ક્રમ છે. સેવા છોડાવવા સેવાની વિરુદ્ધમાં જે દલીલ આપવામાં આવે છે એ જ દલીલ તે અન્યત્ર કેમ ન કરે? તો પછી તેની નિષ્ઠા એક વખત સેવામાંથી નિવૃત્તિને પામી તે નિષ્ઠા આવે કેવી રીતે? રાજમાર્ગ એ જ હોઈ શકે કે તે જે કાર્ય કરતો હોય તેમાં જ આધ્યાત્મિકતાનો પુટ દેવાનો પ્રયત્ન કરવો જોઈએ.

મનુષ્યની એ સામાન્ય પ્રવૃત્તિ હોય છે કે તે પોતાના સગાસંબંધીઓની યથાશક્તિ સેવા કરતો જ હોય છે. તેમાં તેને એ શિખવવામાં આવે કે તારું કુટુંબ તું ઉત્તરોત્તર વિશાળ કરતો જા. એક મહોલ્લામાં રહેનાર પડોશી ઉપરાંત જો બીજા ગામમાં રહેનાર સગાસંબંધીઓ સાથે જો પ્રેમ હોય તો તે પ્રેમનો ઉત્તરોત્તર વિકાસ કરણીય છે અને એ વિકાસ વિશ્વમૈત્રીમાં પરિણમાવવાની આવશ્યકતા છે. આમ જો કરવામાં આવે તો વ્યક્તિની સ્વાર્થી ભાવનાના દોષને બદલે તેની આધ્યાત્મિક પરાર્થ-ભાવનાનો જ વિકાસ થાય છે અને તેમ થતાં સ્વાર્થજન્ય દોષનો ઉત્તરોત્તર હ્રાસ થઈ મહાકરુણામાં પરિણમે છે. આથી પોતાનો તો ઉદ્ધાર છે જ પણ સાથે સાથે જે સમાજમાં આપણે રહેતા હોઈએ તેનો પણ ઉદ્ધાર છે. એ સમાજ આપણને પછી તુચ્છ નથી લાગતો, છોડવા જેવો નથી લાગતો પણ ઉત્તરોત્તર વિકસિત કરવાની પ્રેરણા કરતો જણાય છે; તેમાં જ સ્વપરકલ્યાણ ભાવના વિકસે છે અને એ રીતે ખરી આધ્યાત્મિકતા પણ વિકસે છે. આ ક્રમ સ્વાભાવિક છે. એ સ્વાભાવિક ક્રમ છોડીને માત્ર સંન્યાસ ઉપર ભાર આપવા જતાં આપણે બન્ને બગાડ્યા છે. જેમાંથી સાચા સંન્યાસીઓ પાકવાનો સંભવ છે એ ભૂમિકા રૂપ શ્રાવક સમાજની ઉન્નતિ થતી નથી ને સંન્યાસી સમાજમાં જીવનની કૃત્રિમતા વધતી જાય છે. આ દોષ જો ટાળવો હોય તો એક જ રસ્તો છે કે માત્ર સાધુસંસ્થા ઉપર ભાર આપવો છોડી દઈએ અને જે સમાજ—ગૃહસ્થસમાજ જે આપણને સહજ પ્રાપ્ત છે તેની ઉપેક્ષા ન કરતા તેની જ ઉન્નતિ કરવા વિશેષ પ્રયત્નશીલ થઈએ. એવા ઉન્નત સમાજમાંથી સહજ ભાવે જે એકલવિહારી બનશે તે તે માર્ગને દિપાવશે અને એકલવિહારી નહિ બને તો પણ સમાજમાં સ્વપરકલ્યાણના માર્ગમાં લાગ્યા રહ્યા હશે તો પણ એ અનુચિત તો નથી જ.

વાદિદેવસૂરિનુ જન્મસ્થાન કયું?

શ્રી ગોકુળભાઇ દોલતરામ ભટ્ટ

ગયે વર્ષે પંડિત બેચરદાસજી દોશીનો " ગુજરાતી ભાષાની ઉત્ક્રાન્તિ " નામક ગ્રન્થ ફરીને ઉથલાવતો હતો તેનાં પૃષ્ઠ ૨૨૧ ઉપરના એક ઉલ્લેખ તરફ મારું ધ્યાન વિશેષે કરીને ગયું :

" વાદિદેવસૂરિ સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના પ્રકાણ્ડ પંડિત હતા, પ્રખર નૈયાયિક અને અદ્‌ભુત કવિ હતા. શ્રી હરિભદ્રસૂરિની અનેકાન્તજયપતાકા ઉપર ટિપ્પણ લખનાર મુનિ ચંદ્રસૂરિ દેવસૂરિના ગુરુ, પણ મહાપંડિત. તપસ્વી અને સુવિહિતાગ્રણી હતા અને વાદિદેવસૂરિના શિષ્યો ભદ્રેશ્વરસૂરિ તથા રત્નપ્રભસૂરિ વગેરે પણ મહાવિદ્વાન હતા. **વાદિદેવસૂરિનું જન્મસ્થાન 'મદ્દાહૃત' આજનું 'મદુઆ'** આબુની આસપાસ ગુજરાત દેશના અષ્ટાદશશતી નામના એક પ્રાંતમાં તે સ્થાન આવેલું છે. સૂરિનો જન્મ વિક્રમ સંવત ૧૧૪૩, જાતિ પોરવાડ, પિતા વીરનાગ, માતા જિનદેવી, આચાર્યનું મૂળ નામ પૂર્ણચંદ્ર. '**મદુઆ**'માં મહામારિનો ઉપદ્રવ થયો. વીરનાગ પોતાના એ ગામને છોડીને ભરૂચમાં રહેવા આવ્યો..."

શ્રીવાદિદેવસૂરિજીની વાદપટુતા, વિદ્વત્તાની વિગતોમાં ઊતરવાનો તથા ગુજરાતની સીમાની ચર્ચા કરવાનો ઉદ્દેશ અત્રે નથી. દેવસૂરિજી જેવા વિદ્વાનનું જન્મસ્થાન કયું એની જિજ્ઞાસા જાગી. 'મદ્દાહૃત' તે જ 'મદુઆ' કે 'મડાર–મડાર?' એવો તર્ક ઊઠ્યો. મને જે કાંઈ મળી શક્યું છે તે પંડિત બેચરદાસજી તથા અન્ય વિદ્વાનોની વિચારણા—પુનઃવિચારણા માટે તથા સત્ય તારવવાની દૃષ્ટિએ રજૂ કરું છું.

" વાદિદેવસૂરિજી પોતાના અદ્વિતીય 'પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર' નામના ગ્રંથમાં પ્રમાણ અને નયનું સ્વરૂપ પોતાના કાળ સુધીની ભિન્નભિન્ન માન્યતાના અવલોકનપૂર્વક યોગ્ય એકીકરણ કરી બહુ જ સુંદર રીતે સ્થાપે છે ". આ ગ્રન્થના ગુજરાતી અનુવાદક શ્રી મફતલાલ ઝવેરચંદ ગાંધી સન ૧૯૩૨માં સૂરિજીનો જીવનપરિચય ઉપર પ્રમાણે કરાવતાં પૃષ્ઠ ૮ ઉપર લખે છે :

" વાદિદેવસૂરિ જ્ઞાતિએ પોરવાડ વણિક હતા ને જેઓનો જન્મ '**મડ્ડાહૃત**' નામના ગામમાં થયો હતો, જે આજે ઉચ્ચારમાં બદલાઈને આબુ પાસે આવેલા વૈષ્ણવોના તીર્થ મદુઆ તરીકે પ્રસિદ્ધ છે... આ '**મડાર**' યા 'મદુઆ' ગામમાં દૈવયોગે મહાન મરકી થઈ અને જેથી પોતાના કુટુંબના રક્ષણ માટે વીરનાગને બાળક અને સ્ત્રી સહિત ભરૂચ નગરમાં આવવું પડ્યું..."

'મદ્દાહૃત' તે મદુઆ એ પંડિત બેચરદાસનું કથન; 'મડ્ડાહૃત' તે 'મદુઆ–મડાર' એ શ્રી ગાંધીનું વિધાન. મુનિ કલ્યાણવિજયજીના મતાનુસાર 'મડ્ડાહડ' આજનું 'મદુઆ' સ્થાન છે.

હવે આપણે આ સંબંધી અન્ય ઉપલબ્ધ વિગતોનું અવલોકન કરીએ.

આબુરોડ પાસે છ માઈલ દૂર આવેલા 'મદુઆ' સ્થાનનો ઇતિહાસ જાણી લેવો જરૂરી છે. મદુઆજી આબુરોડથી મડાર તરફ જતી પાકી સડક ઉપર આબુરોડથી છ માઈલ દૂર છે. તે મુંડસ્થલ (મુંગથલા) તીર્થથી અરધો માઈલ દૂર પશ્ચિમ દિશા તરફ છે. રાજા અંબરીષની રાણી તોરાવટીએ આ વૈષ્ણવ મન્દિર 'મધુસૂદન'નું બંધાવ્યું હતું. એમાં શ્રીકૃષ્ણ ભગવાનની ૪૦ ઇંચની ખડી પ્રતિમા છે.

મન્દિરની બહાર એક કોતરણીવાળો દરવાજો છે. આ ક્યાંકથી લાવવામાં આવ્યો છે. આ સ્થાનનું મૂળ નામ શિલાલેખોમાં 'ફિલણીગાંવ' મળી આવે છે. સંવત ૧૬૦૦થી લખાયેલ તામ્રપત્રોમાં તથા અન્યત્ર 'મદુઆજી' તથા 'મધુસૂદન' આ નામોનો જ ઉલ્લેખ છે, ક્યાંય પણ આ સ્થાન માટે 'મદાહૃત, મડ્ડાહૃત, મડ્ડાહડ'નો ઉલ્લેખ નથી.

'મડ્ડાહડ્ગચ્છની પરંપરા' નામક એક હિંદી લેખમાં[૧] પુરાતત્ત્વના અભ્યાસી રાજસ્થાનના વિદ્વાન શ્રી અગરચંદજી ભંવરમલજી નાહટા લખે છે :

"મુનિવર જયન્તવિજયજી કે ઉલ્લેખાનુસાર મડ્ડાહડગચ્છકા નામકરણ જિસ મડ્ડાહડ સ્થાન કે નામસે હુઆ હૈ વહ વર્તમાન **મડાર** (મઢાર) હૈ, જો કિ સિરોહી સે નૈઋત્યકોણ મેં ૪૦ માઈલ ઔર ડીસાસે ઈસાનકોણ મેં ૨૪ માઈલ હૈ. ભટાણાસે વાયવ્ય કોણ મેં ૭ માઈલ ઔર ખરાડીસે (આબુરોડસે) ૨૬ માઈલ પશ્ચિમમેં હૈ. સિરોહી રાજ કે તહસીલકા યહ ગાંવ હૈ.

"મડ્ડાહડ સ્થાન પ્રાચીન હૈ. **સુપ્રસિદ્ધ વાદિદેવસૂરિ વહીં કે** પોરવાડ વીરનાગકે પુત્ર થે...

"મડારમેં અભી ધર્મનાથ ઔર મહાવીરસ્વામી કે દો મન્દિર હૈં. યહાં પર મેઘજી ભટ્ટારકા ઉપાસરાભી હૈ, જો કિ ગચ્છ કે થે. મણિભદ્રયક્ષકા મન્દિર, જો **મડાર** દેવીકા મન્દિર ભી કહલાતા હૈ..." (પૃ૪ ૯૬).

સિરોહી મહારાવસાહેબના અંગત મંત્રી શ્રી અચલમલજી મોદી પાસેથી પણ નીચેની ખાસ વિગતો મળી છે :

(૧) સિરોહી શ્રી અજીતનાથ ભગવાન કે મન્દિર મેં એક પાર્શ્વનાથ ભગવાનકી એક તીર્થી હૈ, જિસ પર નિમ્નલિખિત લેખ હૈ :
"સં. ૧૧૩૮ માર્ગ૦ શુ૦ ૧૦ ધારાગચ્છે **મડાહુડ** સ્થાને વર્ધમાન શ્રેયોર્થં દેવચંદ્ર સુતેન વણદેવ નકારિત"

(૨) શ્રી દેલવાડા કે લુણવસહી કે વ્યવસ્થા કે શિલાલેખ મેં ઉક્ત મન્દિર કે વાર્ષિક અઠ્ઠાઈ મહોત્સવ મેં ફાગણ વદિ ૮ કા દિન **મડાહુડ** કે જૈનોં કો મનાના ઐસા ઉલ્લેખ હૈ.

(૩) **મડાહુડ** દેવી કે મન્દિર કે બહાર એક શિલાલેખ હૈ ઉસકા સંવત ભી ૧૨૮૭ કા હૈ.

(૪) શ્રી મેઘરચિત પ્રાચીન તીર્થમાળા સંગ્રહ પૃ૦ ૫૪ કડી ૧૧. 'મડાહડી સાડી વડગામ સાચરઉ શ્રી વીર પ્રણામ' (મડાર–મંડાર, વડગામ વગેરે વગેરે સાઠ ગામોનો સમૂહ છે જેને સાઠી કહેવાય છે.)

આવી જ રીતના નામપ્રયોગો અન્ય તીર્થમાળાઓમાં છે : **નયર મડાડ, મઢાડિ વગેરે.**

વ્યુત્પત્તિશાસ્ત્રનો આધાર શોધવા જઈએ તો શું પરિણામ આવે ? આપણા પ્રસિદ્ધ પુરાતત્ત્વવિદ્ મુનિ જિનવિજયજીને પૂછતાં તેમણે—

મદાહૃત–મડાઢ–મઢાર–મડાર–મંડાર;

મદાહૃદ–મદાહૃત–મડાહર–મઢાર એ ક્રમ બતાવતાં કાસહૃદ–કાસહૃત–કારહર–કાયંદ્રા, (સિરોહી જિલ્લાનું કાસીંદ્રા) એ દૃષ્ટાંત આપ્યું.

તો પ્રશ્ન ઊઠે છે–**મદાહૃતનું મદુઆ** કેવી રીતે ફલિત થયું ?! વળી એ સ્થાને જૈનોની વસતિ હતી કે ?!

---

૧. અખિલ ભારતવર્ષીય જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક મુનિ સંમેલન સંસ્થાપિત શ્રી જૈન ધર્મસત્યપ્રકાશક સમિતિના માસિક મુખપત્ર 'શ્રી જૈન સત્યપ્રકાશ'ના ૧૯૫૫ની સાલના ૧૫ ફેબ્રુઆરીના અંકમાં.

'અમારિ' પાલનના બે અપ્રકટ ઐતિહાસિક લેખો

શ્રી નાગકુમાર મકાતી

: ૧ :

समोऽहं सर्वभूतेषु એ ગીતાનું વચન લો કે अहिंसा परमो धर्मः એ જૈન શાસ્ત્રનું વચન લો—આપણને સ્પષ્ટ જણાય છે કે સર્વ કાળમાં સર્વ ધર્મોએ અહિંસા ઉપર જ ભાર મૂક્યો છે. મનુષ્યો પોતાના સ્વાર્થ ખાતર હિંસા આચરે પરંતુ આદર્શ તો 'અહિંસા'નો જ રહ્યો છે. પાંચ મહાવ્રતોમાં 'અહિંસા'નું સ્થાન પહેલું રહ્યું છે. આ વ્રત કાયિક, વાચિક અને માનસિક એમ ત્રિવિધ સ્વરૂપે દરેક વ્યક્તિએ પાળવું જોઈએ એટલું જ નહિ, પરંતુ શક્ય તેટલું બીજા પાસે પળાવવું પણ જોઈએ. સાર્વવર્ણિક ધર્મ અથવા સાધારણ ધર્મમાં પણ અહિંસાનું સ્થાન કદી બીજું આવ્યું નથી.

ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધે ઇસ્વીસન પૂર્વ લગભગ પાંચસો વર્ષ ઉપર 'અહિંસા'નું 'પરમધર્મ' તરીકે પ્રતિપાદન કર્યું હતું. વચલા કાળમાં યજ્ઞહિંસા બંધ કરાવી શંકરાચાર્યે હિન્દુ ધર્મને નવે સ્વરૂપે ઓળખાવ્યો હતો. લગભગ બારમા સૈકામાં ગુર્જરેશ્વર કુમારપાળે[1] એ ભવ્ય પુરુષોને પગલે ચાલી 'અમારિ ઘોષણા' માળવા, મારવાડ, મેવાડ, સુરાષ્ટ્ર, કચ્છ, આનર્ત અને લાટમાં કરાવી હતી.

એ બુદ્ધ, મહાવીર અને કુમારપાળ જેવાના અધ્યાત્મક્ષેત્રે સીધા વારસ જેવા મહાત્મા ગાંધીજીએ વીસમી સદીમાં આ 'અહિંસા'ને વિશ્વવ્યાપી બનાવવા પ્રચણ્ડ પુરુષાર્થ કર્યો અને તે ખાતર પ્રાણ પણ આપ્યા.

આમ પશ્ચિમ હિંદમાં, ખાસ કરીને અહિંસાનું પાલન કરવા અને કરાવવા અશોકના ગિરનાર ઉપરના શિલાલેખથી આરંભી અત્યાર લગીમાં ઠીકઠીક પ્રયત્નો થયા છે.

: ૨ :

આ લેખમાં પ્રાચીન કાળની વાતને બદલે સંવત ૧૫૦૭માં જૂનાગઢના ઉપરકોટ ઉપરના રા' મંડળિકના શિલાલેખનો અને બીજો એક વડોદરામાં આજથી ૧૬૨ વર્ષ ઉપર વડોદરાના મહાજનને ખાટકીઓના પંચે લખી આપેલા દસ્તાવેજનો પરિચય કરાવવાનો છે: જે 'અમારિ'ના ઇતિહાસમાં જાણવા જેવો ઉમેરો કરે છે.

મોગલ સમ્રાટો પાસેથી જૈન સાધુઓએ મેળવેલી સનદો અહીં સંભારવા જેવી છે.

બાણભટ્ટની ગદ્ય 'કાદમ્બરી'નો પદ્ય અનુવાદ કરનાર ભાલણ રાજા તારાપીડની રાજધાનીનું વર્ણન પરિસંખ્યા અલંકારથી કરે છે. એના રાજ્યમાં સોગટાંબાજી(સારી, સં. शारी)ની રમતમાં જ મોંમાંથી 'માર' શબ્દ નીકળતો—વઢવાઢમાં નહિ: 'સારી રમતાં મારિ.' 'નળદમયંતી રાસ'માં નયસુંદર પણ લખે છે કે નળના રાજ્યમાં 'મારિ' શબ્દ તે સારિઈ ભણૂં!

આમ 'મારિ' (સ્ત્રી.) હિંસા માત્ર સોગટી મારી નાખવામાં થતી; રાજ્યમાં નહિ. અને એમ એમનાં રાજ્યકાળમાં પ્રજા અહિંસા પાળતી અને પળાવતી હતી એમ જાણી શકાય છે.

---

૧. હેમચંદ્રાચાર્યે અભિધાનમાલામાં કુમારપાળના પર્યાય નીચે પ્રમાણે આપ્યા છે:

"कुमारपालश्चौलुक्यो राजर्षिः परमार्हतः ।
मृतस्वमोक्ता, धर्मात्मा, मारिव्यसनवारकः ॥"

: ૩ :

જૂનાગઢ ઉપરકોટનો સં. ૧૫૦૭ નો શિલાલેખ

સવંત ૧૫૦૭ના માઘ શુદ સપ્તમી દિને ગુરુવારે જૂનાગઢના રા' મંડળિકે બૃહત્ તપાગચ્છના રત્નસિંહસૂરિના પટ્ટાભિષેકના અવસરે, પંચમી, અષ્ટમી, ચતુર્દશી એટલા વિશેષ દિનોમાં સર્વ જીવની 'અમારિ' કરાવી. આ પહેલાં એકાદશી અને અમાવાસ્યામાં તેનું પાલન થતું હતું. આ સંબંધીનો મોટો શિલાલેખ જૂનાગઢના ઉપરકોટમાં છે.

"स्वस्ति श्री संवत १५०७ वर्षे माघसप्तमी दिने गुरुवार श्री राणाजी मेगलदे सुत राउलश्री महिपालदे सुत श्री मंडलिकप्रभुणा सर्वजीवकरुणाकरणतत्परेण औदार्य गांभीर्य चातुर्य शौर्यादि गुणरत्न रत्नसिंहसूरिणां पट्टाभिषेकावसरे स्तंभतीर्थवास्तव्य सा देवासुत हांसासुत राजकुलीन...समस्तजीवअभयदानकरण...कारकेण पंचमी-अष्टमी-चतुर्दशीदिनेषु सर्वजीव अमारि कारिता। राजा...नंतर सिंहासनोपविष्टेन श्रीमंडलिकराजाधिपेन श्री अमारि प्राग् लिखित स्वहस्तलिखित श्रीकरिसहितं समर्थितं। पुरापि एकादशीअमावास्ये पाल्यमाने स्तः। संप्रति एतेषु पंचमी, अष्टमी, एकादशी, चतुर्दशी अमावास्यादिनेषु राजाधिराज श्रीमंडलिकेण सर्वश्रेयः कल्याणकारिणी सर्वदुरितदुर्गोपसर्ग निवारिणी सर्वजीवअमारि कार्य...चिरं विजयतां।"

આ પછીનો આ શિલાલેખનો ગુજરાતી ભાગ, સવંત ૧૫૦૭ના સમયના પ્રચલિત વ્યાવહારિક ગુજરાતી ગદ્યનો કીમતી નમૂનો પૂરો પાડે છે. એટલે જેટલું મહત્ત્વ એ ગદ્યના અર્થનું છે તેટલું જ તેના સ્વરૂપનું પણ છે તે ભૂલવા જેવું નથી.

સવંત ૧૫૦૭ના રા' મંડળિકના ઉપરના સંસ્કૃત શિલાલેખમાંથી છેલ્લો ગુજરાતી ભાગ તે સમયના પ્રચલિત ગદ્યના દૃષ્ટાંતરૂપ છે. સંસ્કૃત લેખનો સાર એ છે કે માંડળિક (ત્રીજો) ગાદીએ બેઠો ત્યારે પાંચમ, આઠમ, એકાદશી, ચતુર્દશી ને અમાવાસ્યાના દિવસોએ કોઈપણ જીવ ન મારવાની 'અમારિ'ની તેણે આજ્ઞા કરી હતી. આ આજ્ઞા ઉક્ત ફકરામાં આપી છે. પાછળના ભાગમાં મંડલિકના ગુણગાનના શ્લોકો સંસ્કૃતમાં છે.

ગુજરાતી ભાગની પંદર પંક્તિઓ આ મુજબ છે :

"પ્રથમ શ્રેય ઈ જગતિ જીવ તર્પિવા સહી, બીજા લોક સમસ્તિ જીવ ન વિણાસિવા, લાવકમાર અનિ ચિડીયાર સીંચાણુક રહિં વિ આહેડા ન કરિવા, મોર ન મારિવા, બાવર ખાંટ તુરક એહે દહાડે જીવ કોઈ ન વિણાસઈ, જિ મારસિ વધનિ મલેસિ, કુંભકાર પંચદિન નીમાડ ન કરઈ, જીકો ઇ દીહિ એણવી આણા ભંગ કરઈ એ હણીઈ, રા' શ્રીમાંડળિક નાથણી આણા સવકણઈ પાલિંવી, તેહનઈ ગુણ ઘણા હોસિઈ, જિકો જન ચુકઈ એ દોષની તેહણઈ અમારિ પ્રવર્તાવણહાર શ્રીમંડળિક પ્રભુ કઈ આશાતણા ઇછિઈ."

વર્તમાન છાયા : (૧) પ્રથમ શ્રેય આ જગતમાં જીવ જરૂર ('સહી') તર્પવા; બીજું (૨) લોક સમસ્તે જીવ ન હણવા, લાવરાંમાર અને (૩) ચલ્લાંમાર બાજ માટે ('રહિં') પણ શિકાર ન કરવો. મોર (૪) ન મારવા. વાવર ખાંટ તુરક એ દહાડે કોઈ જીવ (૫) ન હણે. જે મારશે, તે વધને પામશે. કુંભાર (૬) એ પાંચ દિન નીમાડો ન કરે. જે કો એ દિવસે આ પ્રકારની આજ્ઞાનો (૭) ભંગ કરે તે મોતની શિક્ષા પામે. રા' શ્રીમંડળિક પૃથ્વીનાથની (૮) આજ્ઞા સહુ કોણે (= સહુ કોએ) પાળવી. તેણે (૯) ગુણ ઘણા થશે. જે કો જન ચૂકી જાય તેણે, (૧૦) અમારિ પ્રવર્તાવણહાર શ્રી મંડળિક ઇચ્છે છે કે પ્રભુને આશાતના કરવી.[૨]

---

૨. જૂનાગઢ કૉલેજના સંસ્કૃતના પ્રોફેસર શ્રી નર્મદાશંકર પૂરોહિતે આ આખો લેખ વાંચેલો; તેના ગુજરાતી ભાગનું સંશોધન–સંપાદન–ભાષાંતર દી. બા. પ્રો. કેશવલાલ ધ્રુવે કરેલું. તે 'શ્રી ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક' ૧૯૫૨–૫૩ : (પ્રગટ તા. ૩૧–૬–૫૪)માં પ્રસિદ્ધ, પૃષ્ઠ ૩૭૬; સંસ્કૃત લેખની માહિતી માટે જુઓ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' શ્રી મોહનલાલ દેશાઈ કૃત (૧૯૩૩), પૃ. ૪૯૫, પાદનોંધ.

: ૪ :

વડોદરાની નરસિંહજીની પોળમાં પ્રસિદ્ધ ઝવેરી કુટુંબના સદ્‌ગૃહસ્થો શ્રીયુત કુમારપાળ લાલભાઈ ઝવેરી તથા શ્રી સત્યેન્દ્ર અંબાલાલ ઝવેરી એમણે પોતાનો લેખભંડાર પ્રા. મંજુલાલ ર. મજમુદારને બતાવ્યો. તેમાંથી આ નીચેનો દસ્તાવેજ ઐતિહાસિક તેમ જ સામાજિક દૃષ્ટિએ ખૂબ અગત્યનો જણાતાં પ્રા. મજમુદારે પ્રસિદ્ધિમાં મૂકવા માટે માગી લીધો હતો અને તેમણે તે મને બતાવીને ખૂબ ઉપકાર કર્યો છે. એમના સૌજન્યથી જ આ લેખ પ્રસિદ્ધ થઈ શકે છે.

વડોદરાનો સવંત ૧૮૪૮નો દસ્તાવેજ

માનાજીરાવ ગાયકવાડનો સિક્કો

સંવત ૧૮૪૮ના શ્રાવણ વદિ ૧૧ વાર ભોમે દીને કસ્બે વડોદરાના શેઠ **માહાજન સમસ્ત** જોગ તથા કસબે મજકુરનાં ખાટકીના મહેતર **ફુબુરતારજી** તથા **જમાલ લાલન** તથા **કમાલનૂરણુ** તથા **રહીમયારુ** તથા **એહુમદ નસીર** તથા **મીઆજી કાસમ** તથા **રાજે મહુમદજી** વગેરે ખાટકી પંચ સમસ્ત. જત અમે સરવે મલીને રાજીરજાવંદ થઈ ને માહાજનને લખી આપીએ છીએ જે આજ પછી વરસ ૧ મધ્યે માસ ૧ **શ્રાવણનાં** તહેના દીન ૩૦ તથા બારે માસની **એકાદશી ૨૪** તથા બારે માસના **સોમવાર ૪૮** તથા **પચુસાણના** દિવસ તે શ્રાવણ સુદ–૧થી તે ભાદરવા સુદ–૧૨ લગી, તથા મોહોટી **શીવરાત** ૧ તથા **રાંમનોમી** ૧, એટલા દિવસ અમો જીવની હંસા કરીએ તથા અમારો કસબ કરીએ તો સરકારના તથા માહાજનના ગુનેગાર, ને ખૂન ૧ જનાવરનું કરીએ તા ગુનેગારી રૂ. ૨૭૦૧) અંકે સતાવીશે ને એક પુરા સરકારમાં ભરીએ ને કોઈ ને રૂપઈઆ ન મલે તો તેનાં ઘરબાર ખાલસાઈ થાએ તથા નાક કાન કપાએ–એ પરમાંણે અમારી પેઢી દરપેઢી જાવાં–ચંદર દીવાકર પાલીએ એ પરમાંણે અમો સરવે પંચ મલીનં રાજીરજાવંદ થઈનં માહાજન સમસ્તને લખી આપુ છે, તથા ઇદનો દિવસ, એટલા અણોજામાંહાં આવે તો સરકારનો હુકમ લેઈ ને દિવસ ૨ એ કામ કરીએ, એ લખુ બાપના બોલ સાથે પાલીએ.

અત્ર મતુ ૧ અત્ર સાખ

[ખાટકી પંચ સમસ્ત] [મહાજનની સહીઓ]

એકંદરે અહિંસાના દિવસ વર્ષમાંથી ત્રીજા ભાગના થવા જાય છે.

ઉપર ગણાવેલા અણોજાના દિવસોમાં જૈન અને હિંદુ જનતાના બન્ને વિભાગોના મુખ્ય મુખ્ય પવિત્ર ગણાતા દિવસોનો સમાવેશ થયેલો છે એ ધ્યાન ખેંચનારી બીના છે.

એકંદરે આ બન્ને લેખનું સાંસ્કૃતિક મહત્ત્વ પણ ધ્યાનમાં લેવા જેવું છે.

વડનગરની શિલ્પસમૃદ્ધિ

શ્રી રમણલાલ નાગરજી મહેતા

નાગરોનું આદિ નિવાસસ્થાન વડનગર મહેસાણા જિલ્લાના ખેરાળુ તાલુકામાં આવેલું છે. વડનગર શર્મિષ્ઠા તળાવના પશ્ચિમ અને દક્ષિણ કાંઠા પર વસેલું કેન્દ્રિત કિલ્લેબંદ નગર છે. સ્કંદપુરાણાન્તર્ગત નાગરખંડ આ નગરને ખૂબ પ્રાચીન દર્શાવે છે; અને તેનાં ચમત્કારપુર, નગર, આનંદપુર, આનર્તપુર વગેરે નામો આપે છે, તથા તેની ઉત્પત્તિ માટે અનેક વાતો દર્શાવે છે. આ બધી વાતો, વધુ પુરાવા સિવાય પુરવાર થઈ શકે એમ નથી. વડનગરનાં આનંદપુર અને આનર્તપુર વગેરે નામો મૈત્રકો અને રાષ્ટ્રકૂટોનાં તામ્રપત્રોમાં મળે છે. વડનગરનું સૌથી પ્રથમ વર્ણન હ્યુ એન સંગ નામના ચીની મુસાફરે કર્યું છે. તેમણે વડનગરને સમૃદ્ધ અને સાડા ત્રણ માઈલના ઘેરાવામાં વિસ્તરેલા નગર તરીકે વર્ણવ્યું છે.

હાલમાં વડનગરની પૂર્વ, ઉત્તર અને દક્ષિણ દિશાઓમાં પ્રાચીન ગભાણો છે. આ ગભાણોમાંથી ઘણીખરી પાછળની વસાહતો તથા બીજા કાળમાં ખોદાયેલાં અથવા ગળાવાયેલાં તળાવોને લીધે ખેરવિખેર થઈ ગયેલી છે. આ ગભાણોમાંથી ઈ૦ સ૦ની શરૂઆતના સૈકાઓમાં વપરાતાં માટીનાં વાસણો, શંખની બંગડીઓ, પ્રાચીન મુદ્રાઓ, મકાનોના પાયા વગેરે મળી આવે છે. આ સ્થળો પૈકી આમથેર માતાના હાકાડાવાસ પાસે અને ગૌરીકુંડ પાસે ઉત્ખનન કરતાં વડનગરની વસાહત ઈ૦ સ૦ ની શરૂઆતમ. અસ્તિત્વમાં આવી હોય એમ લાગે છે. પુરાતત્ત્વની નજરે, લગભગ બે હજાર વર્ષ જૂના આ નગરમાંથી, આમથેર માતા તથા શીતલા માતાનાં ચાલુક્ય સમય પહેલાનાં—રોડાનાં મન્દિરો સાથે સરખાવી શકાય એવાં—સુશોભિત મન્દિરો અને પ્રાચીન શિલ્પોના ઘણા નમૂનાઓ મળ્યા છે.

વડનગરમાંથી મળતાં ઘણાંખરાં શિલ્પો ગમે ત્યાં, આડાંઅવળાં, પડેલાં છે. કેટલાંક ત્યાંના મન્દિરોમાં પૂજાતાં કે અપૂજ પડેલાં છે; જ્યારે બીજાં કેટલાંક કિલ્લાના કોટમાં અથવા તળાવની પાળોમાં જડી દેવામાં આવ્યાં છે. અહીંથી મળતાં ઘણાંખરાં શિલ્પો રેતીના પથ્થરોનાં બનાવેલાં છે; જ્યારે થોડાં શીસ્ટ (schist) અને શીસ્ટોઝ(schistoize)નાં બનાવેલાં છે. વડનગરનાં શિલ્પો ઈડર અને ડુંગરપુરની અરવલ્લીની ગિરિમાળામાંથી મળતા પથ્થરોનાં બનેલાં છે.

ઐતિહાસિક દૃષ્ટિએ વડનગરનાં શિલ્પો ત્રણ વિભાગોમાં વહેંચી શકાય એમ છે :

(૧) ગુપ્ત અને ગુપ્તકાળ પછીનાં (ઈ૦ સ૦ ના પાંચમાથી દશમા સૈકા સુધીનાં).

(૨) ચાલુક્ય સમયનાં (ઈ૦ સ૦ ના અગિયારથી તેરમા સૈકા સુધીનાં).

(૩) ચાલુક્ય સમય પછીનાં ગુજરાતના મધ્યોત્તર કાળનાં (ઈ૦ સ૦ તેર પછીનાં).

આ બધાં શિલ્પો પથ્થરમાંથી ઉપસાવેલાં છે અને તે મોટે ભાગે મંદિરોમાં સુશોભનો માટે વપરાયેલાં હોય એમ લાગે છે જ્યારે કેટલાંક શિલ્પો પૂજાની મૂર્તિઓ છે.

પ્રથમ વિભાગમાં સુંદર કારીગીરીનાં સુડોળ શિલ્પો છે. કંઈક લંબગોળ અથવા ગોળ મુખાકૃતિ, ઘાટીલું શરીર, મોટો કેશભાર અને આછાં પણ સુરેખ આભૂષણોયુક્ત આ શિલ્પો મનોહર છે. આ શિલ્પોનું સૌંદર્ય એનાં કુશળ વિધાન, સપ્રમાણ તંદુરસ્ત અને સૌંદર્યવાન શરીર તથા સુરેખ નકશીકામમાં છે. આ યુગના ઉત્તરકાળમાં ઘણીવાર શરીરના પ્રમાણમાં પગ કંઈક ટૂંકા અને જડ લાગે છે

તથા કમર નીચેનો ભાગ નિર્બળ દેખાય છે. આ યુગનાં શિલ્પોમાં રેતીના પથ્થરનું મસ્તક, શીર્ષનું આભૂષણોભરેલું શિલ્પ તથા નાગકન્યાવાળી માતાની પ્રતિમા, અરજણબારી બહારની ઉત્તર બાજુની ભીંતપરની પટ્ટિકા, હરિહર, વરાહ, સપ્તમાતૃકા, ગણપતિ, કાર્તિકેય અને શીતળા માતાનાં મંદિરની જૂનાં શિલ્પો તથા શર્મિષ્ઠા તળાવની પાળોમાં જડેલાં કેટલાંક શિલ્પો છે.

બીજા વિભાગનાં શિલ્પોનું વિધાન પહેલા યુગનાં શિલ્પો જેટલું સુંદર નથી. આ યુગમાં આભૂષણોનું પ્રમાણ વધુ છે. માનવશરીરનાં આલેખનમાં ધડ પગના પ્રમાણમાં કંઈક ટૂંકું અને પગ પાતળા તથા લાંબા હોય છે અને શરીરનો વળાંક પણ કેટલીક વાર અકુદરતી લાગે એવો હોય છે. આ યુગનાં ઘણાં શિલ્પો એકસરખાં, વિવિધ વ્યક્તિત્વ સિવાયનાં હોય છે. પરંતુ આ શિલ્પોમાં ખાસ કરીને નરથરમાં વિષયોની વિવિધતા ખૂબ આકર્ષક છે. આ યુગમાં મોટાં શિલ્પો એકધારાં, ખૂબ આભૂષણોથી સજ્જ અને જથ્થાબંધ ઉત્પન્ન કરવામાં આવતાં હોય એમ લાગે છે. આ યુગની શરૂઆતનાં શિલ્પોમાં આગલા યુગના ઉત્તરકાળની ખૂબ અસર છે પરંતુ પાછલા ભાગમાં આ યુગનાં શિલ્પોનાં ઘણાંખરાં લાક્ષણિક તત્ત્વો દેખા દે છે, અને તેમાં નાની નાની વિગતોને વધુ વિકસાવવામાં આવે છે. આ વિભાગની નકશીમાં પણ વિવિધતા છે. આ વિભાગનાં શિલ્પો વડનગરનાં તોરણો (નરસિંહ મહેતાની ચોરી), કિલ્લાની ભીંતો, ઘાસકોલ દરવાજા બહાર તથા ગામમાં ઘણી જગ્યાએ રખડતા નજર પડે છે.

ત્રીજા વિભાગનાં શિલ્પોમાં બીજા યુગની લાક્ષણિકતા ચાલી આવે છે, પરંતુ આ યુગનાં શિલ્પો વધુ નિર્જીવ અને ભાવવિનાનાં લાગે છે. આ યુગની કોતરણી કંઈક નબળી છે અને એમાં આગલા યુગનું વિષયવૈવિધ્ય નથી. આ યુગમાં પુરાણો અને મહાભારત–રામાયણનાં પાત્રો, અવતારો વગેરેનાં શિલ્પનું મોટું પ્રમાણ જોવામાં આવે છે. નર્તકીઓ, વ્યાઘ્રો અને નકશીકામમાં ગત યુગની અસર અહીં સ્પષ્ટ રીતે દેખાય છે અને આ વિષયમાં ગતયુગના નમૂનાઓની નકલ થઈ હોય એમ લાગે છે. મંદિરનાં સુશોભનાર્થે વપરાયેલાં આ શિલ્પોની સમગ્ર અસર એકંદર સારી થાય છે પરંતુ વ્યક્તિગત શિલ્પ ગતયુગોની સરખામણીમાં નિર્બળ છે. આ યુગનાં કેટલાંક શિલ્પોમાં મુસલમાન કાળનાં વસ્ત્રો દેખા દે છે જ્યારે બીજાં શિલ્પો ગતયુગનાં વસ્ત્રો દર્શાવે છે. આ વિભાગનાં શિલ્પો ખાસ કરીને હાટકેશ્વર અને બીજાં પાછળથી બંધાયેલાં મંદિરો જોવામાં આવે છે.

વડનગરનાં શિલ્પોનો અભ્યાસ કરતાં લાગે છે કે ગુજરાતની શિલ્પકળા તેના સમગ્ર ઐતિહાસિક યુગમાં સુવિકસિત હતી. શિલ્પ જે તે યુગની કળાશૈલીને અનુસરતાં હતાં. પહેલા વિભાગનાં શિલ્પો સામાન્યતઃ ગુજરાત અને તેની આજુબાજુના પ્રદેશના તે કાળનાં શિલ્પો સાથે ઘણું સામ્ય ધરાવે છે. ખાસ કરીને અરજણબારી પાસેની શિલ્પપટ્ટિકાનાં શિલ્પો વડોદરા પાસેથી અકોટામાંથી મળેલાં જૈન તામ્રશિલ્પો સાથે સામ્ય ધરાવે છે. આ નિકટવર્તી સામ્ય ચાલુક્ય સમય પહેલાં ગુજરાતમાં એક સમાન કલાપ્રવાહ હતો તેની સાક્ષી આપે છે. આ કલાપ્રવાહ ગુપ્તોના જમાનામાં દૃઢ થયો અને આ પ્રદેશમાં વિસ્તર્યો.

બીજા વિભાગનાં શિલ્પો ચાલુક્ય સમયનાં જૈન અને જૈનેતર શિલ્પની જ શૈલીનાં છે. ત્રીજા વિભાગનાં શિલ્પો પણ ગુજરાતની મધ્યોત્તર શિલ્પકળાની સમૃદ્ધિનાં સૂચક છે. આ યુગમાં ગુજરાતમાં કળા સુંદર જીવંત રાખવામાં જૈનોનો ઘણો મોટો ફાળો હતો. મુસલમાનોના હુમલા, તેમજ રાજ્યપરિવર્તનની અશાંતિના કઠણ કાળમાં જીવતી આ કલા ગતયુગોની પ્રફુલ્લતાને બદલે કંઈક હતાશા સાથે ઇહલોકના આનંદને બદલે પારલૌકિક સુખની વાંછના કરતી હોય એમ લાગે છે. આ યુગનો કલાકાર સારો અભ્યાસી હોઈ તત્કાલીન સમાજનાં વસ્ત્રો—પહેરવેશને પોતાની કળામાં વણી લે છે.

वडनगरनी शिल्पसमृद्धि

चित्र नं. १

युगल-शर्मिष्ठा तळावनी पाळ उपर जडेलुं शिल्प

चित्र नं. २

आमथेरमातानां मंदिरमांनुं सप्तमातृकानुं शिल्प

चित्र नं. ३

अरजण-बारीनी उत्तरे भींत परनी शिल्पपट्टिका

चित्र नं. ४

ठाकरडावासनी नजीक पडेली
नरवराहनी प्रतिमा

ચિત્ર નં. ૫
ગૌરીકુંડની દીવાલમાં જડી દીધેલ રાજવંશીની સવારી

ચિત્ર નં. ૬
હાટકેશ્વર મન્દિરની ભીંત પરની નર્તકી

ચિત્ર નં. ૭
હાટકેશ્વર મન્દિર પરનું પાંડવોના રથનું શિલ્પ

ચિત્ર નં. ૮
હાટકેશ્વર મન્દિર પરનાં સ્વાહા (?) અને ગણ

ચિત્રપરિચય

ચિત્ર ૧ : ઝરૂખામાં બેઠેલાં આ યુગલનું શિલ્પ શર્મિષ્ઠા તળાવની પાળમાં જડી લેવામાં આવ્યું છે. આ યુગલમાંના પુરુષે મુકુટ, કુંડળ, એકાવલી, બાજુબંધ અને કટિવસ્ત્ર પહેર્યાં છે. લલિતાસનમાં ગોળ બેઠક પર બેઠેલા આ પુરુષની હડપચી, નાક તથા આંખો ખંડિત છે. તેના ડાબા પગ પર બેઠેલી સ્ત્રીનું મોં તથા છાતીનો ભાગ તૂટી ગયો છે. તેનો જમણો હાથ પુરુષના પગ પર છે અને ડાબા હાથમાં અસ્પષ્ટ સાધન પકડેલું છે. તેણે પોતાના વાળ ઊંચા લઈને રત્નજડિત પાશથી બાંધ્યા હોય એમ લાગે છે. આ કેશગૂંફનની પદ્ધતિ અકોટાની ચામરધારિણી અને અરજણબારીની શિલ્પપટ્ટિકામાં સ્પષ્ટ દેખાય છે. તેણે કાનમાં કુંડળ, ગળામાં એકાવલી અને છાતીપર થઈને પેટપર એક જ રેખામાં લટકતો હાર, હાથમાં બાજુબંધ તથા વલય, કેડે કટીમેખલા અને પગમાં સાંકળાં પહેર્યાં છે. તેનું ઉત્તરીય જમણા હાથ પર સ્પષ્ટ દેખાય છે. આ શિલ્પના સપ્રમાણ શરીરમાં પગ કંઈક ટૂંકા છે.

ઝરૂખાના સ્થંભો, કુંભી અને શીર્ષ ગોળ છે. તેની પાસે પલ્લવ દેખાય છે. આ સ્થંભો પાટણ, રોડા વગેરે સ્થળોએથી મળતાં શિલ્પો પર દેખાય છે. છતપર છિન્ન ગવાક્ષોનું નકશીકામ છે. સંપૂર્ણ પીપળપાન ઘાટનાં ગવાક્ષોને છેદીને તેનો સુશોભન માટે ઉપયોગ અહીં સાતમી સદી પછી થવા માંડ્યો. આ શિલ્પ સમગ્ર દૃષ્ટિએ જોતાં નવમી સદીનું હોય એમ લાગે છે.

ચિત્ર ૨ : આમથેર માતામાં નવમી સદીનાં નાનાં મન્દિરો અને કેટલાંક શિલ્પો પડેલાં છે તે પૈકી સપ્તમાતૃકાનાં શિલ્પોમાંથી પાર્વતી અને વૈષ્ણવીનાં શિલ્પોનો આ ફોટો છે. આ સુરેખ અંકન, શાંત મુખમુદ્રા, કંબુગ્રીવા, સુડોળ શરીર, પીનપયોધર અને ત્રિવલી ઉદરવાળી માતૃકાઓના પગ પ્રમાણમાં જડ અને ટૂંકા છે. આછાં એકાવલી, બાજુબંધ જેવાં આભરણો અને જુદી જુદી જાતના મુકુટ ધારણ કરનાર આ શિલ્પો આઠમી સદીનાં હોય એમ લાગે છે.

ચિત્ર ૩ : અરજણબારી દરવાજા બહારની શિલ્પપટ્ટિકાના એક ભાગનું આ ચિત્ર છે. આખી શિલ્પપટ્ટિકામાં યુગલો અને એકાકી પુરુષ અને સ્ત્રીની પ્રતિમાઓ છે. આ શિલ્પમાંની સ્ત્રીઓ વસ્ત્રાભૂષણ અને દેહની દૃષ્ટિએ વડોદરાની ચામરધારિણી સાથે ખૂબ સામ્ય ધરાવે છે અને તે નવમી સદીમાં તૈયાર થયાં હોય એમ લાગે છે. પાછળથી આ પટ્ટિકા કિલ્લાની દીવાલમાં જડી લેવામાં આવી હશે. આ શિલ્પમાંની કેટલાક પુરુષોની પ્રતિમાઓ આવતા યુગની શૈલી દર્શાવે છે.

ચિત્ર ૪ : અમરથોલ દરવાજાના ઠાકરડાવાસના ઈશાન કોણ પર મોટી નરવરાહની પ્રતિમા છે. વરાહનું શરીર સપ્રમાણ છે. તેના જમણા હાથ પર પૃથ્વીદેવીની મૂર્તિ છે. તેના ડાબા પગ નીચે નાગ દર્શાવ્યા છે. વરાહની આજુબાજુના સ્થંભો છત અને છતપરની ગવાક્ષ, વેલ વગેરેની કોતરણી, આ શિલ્પ દશમી સદીનું હોય એમ દર્શાવે છે.

ચિત્ર ૫ : ગૌરીકુંડની દીવાલમાં જડી દીધેલું કોઈ રાજવંશીની સવારીનું દશ્ય છે. સુશોભિત વેગથી દોડતો હાથી, તેની આગળ ફાળ ભરતો ઘોડેસ્વાર શિકારી એના વિષયથી મનોહર છે. આ શિલ્પ જેવાં શિલ્પો આબુ, ડભોઈ અને બીજાં ચાલુક્યયુગનાં મન્દિરો પર અનેક જોવામાં આવે છે.

ચિત્ર ૬: હાટકેશ્વરનાં મન્દિરની ભીંત પરની આ નર્તકી અથવા અપ્સરાઓના દેહનો વળાંક ખૂબ અકુદરતી છે અને મધ્યકાલીન બંગાળ, ઓરિસ્સા અને ગુજરાતમાં દેખાતાં શિલ્પોની એમાં નકલ હોય એમ લાગે છે. તેનાં ભારે જડબાં, આગળ આવતી હડપચી, સીધું નાક, ત્રિપાર્શ્વ મુખાકૃતિ, પ્રલંબ નેત્રો તથા ખાસ કરીને આગળ દેખાતી સામી બાજુની આંખ મધ્યકાલીન ગુજરાતી ચિત્રકળાનો ખ્યાલ આપે છે. એનાં આભૂષણો પ્રમાણમાં જડ છે અને આગલા યુગ જેટલાં સુરેખ નથી. આ શિલ્પો ગતયુગનાં અનુકરણ જેવાં લાગે છે.

ચિત્ર ૭: હાટકેશ્વરનાં મન્દિર પરનાં આ શિલ્પમાં યુદ્ધમાં જતા પાંડવોના રથ જણાય છે. રથનાં પૈડાં દોરીથી બાંધેલાં છે. તેના ઘોડા પ્રમાણમાં નાના અને બરાબર જોતરાયા ન હોય એવા લાગે છે. સારથિ બેસવાને બદલે ઊભા હોય અને હાથમાં તલવાર લઈ તે રથ હાંકતા હોય એવો લાગે છે. આ પાંડવોની પાઘડીઓ સોળમી અને સત્તરમી સદીમાં ઉપયોગમાં આવતી ફેશનનો વધુ ખ્યાલ આપે છે.

ચિત્ર ૮: આ શિલ્પ પણ હાટકેશ્વરનાં મન્દિરનું છે. એનો મોટો સ્થંભ પૂર્ણ ઘટપલ્લવથી સુશોભિત છે. પરંતુ આજુબાજુની નકશી મધ્યાન્તરકાળની છે. આના હાથમાં નાગ અને ખડ્ગ ધારણ કરેલા ગણે પાયજામો અને છોગેદાર પાઘ ધારણ કરી છે. સાથેની સ્વાહા(?)ની પ્રતિમાનાં વસ્ત્રાલંકારો પણ લાકડાની કોતરણીમાં મળતાં શિલ્પો જેવાં છે અને તે પણ સોળમી સદી કરતાં આગળના નથી.

ब्रह्म व्रतेषु व्रतम्

શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા

જ્ઞાનમાં જેમ કેવળજ્ઞાન અને ધ્યાનમાં જેમ શુકલ ધ્યાન સૌથી શ્રેષ્ઠ છે, તેમ તપમાં બ્રહ્મચર્ય એ ઉત્તમોત્તમ તપ છે. પ્રશ્નવ્યાકરણસૂત્રમાં કહ્યું છે કે :— स इसी स मुणी स संजए स एव भिक्खू जो सुद्धं चरति बंभचेरं । અર્થાત્ જે શુદ્ધ બ્રહ્મચર્યનું સેવન કરે છે તે જ ખરો ઋષિ છે, તે જ સાચો મુનિ છે, તે જ સાચો સંયમી છે, અને તે જ ખરો ભિક્ષુ છે.

બ્રહ્મચર્યનો જો વ્યુત્પત્તિથી અર્થ કરવામાં આવે તો ब्रह्माणि चरणमिति ब्रह्मचर्यम् । અર્થાત્ આત્મામાં વિચારવું એનું નામ ' બ્રહ્મચર્ય.' પતંજલિ યોગસૂત્રમાં બ્રહ્મચર્ય વિષે લખતાં કહ્યું છે કે : ब्रह्मचर्ये प्रतिष्ठायां वीर्यलाभः । અર્થાત્ બ્રહ્મચર્યની દૃઢતા થવાથી અદ્ભુત વીરતાની પ્રાપ્તિ થાય છે.

બ્રહ્મચર્યના પાલનથી મગજમાં ઘણી જ બળવાન શક્તિનો સંચય થાય છે, અને તેની ઇચ્છાશક્તિ પણ અસાધારણ રીતે બળવાન થઈ જાય છે. બ્રહ્મચર્ય વગર માનસિક અને આધ્યાત્મિક બળ સંભવતું જ નથી. આપણા મહાન આચાર્યો શ્રીસિદ્ધસેન દિવાકર, શ્રીહરિભદ્રસૂરિજી, શ્રીહેમચંદ્રાચાર્યજી, શ્રીયશોવિજયજી સૌ નૈષ્ઠિક બ્રહ્મચારીઓ જ હતાં. સ્વામી રામતીર્થ, સ્વામી વિવેકાનંદ અને મહર્ષિ રમણ જેવા યોગી પુરુષો પોતાના જીવનકાળમાં જે મહાન કાર્યો કરી ગયા છે, તે બધાના મૂળમાં બ્રહ્મચર્યની જ શક્તિ હતી. આચાર્ય શ્રી વિનોબાજી ભાવેએ આ ઉમરે ભારતમાં ભૂમિદાનરૂપી શ્રેષ્ઠ યજ્ઞ શરૂ કરી જગતની પ્રજાને શાંતિ અને સેવાનો એક નવો જ માર્ગ બતાવ્યો છે; આ મહાન કાર્યની પાછળ પણ તેમના નૈષ્ઠિક બ્રહ્મચર્યની શક્તિનો કાંઈ ઓછો હિસ્સો નથી.

શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન જ્યાંસુધી પાંચ ઇન્દ્રિયો, ક્રોધ–માન–માયા–લોભ તેમ જ સૌથી દુર્જય એવું પોતાનું મન ન જિતાય ત્યાં સુધી શક્ય નથી. શીલનો અર્થ આપણાં શાસ્ત્રોમાં માત્ર વીર્યનિરોધરૂપી સ્થૂલ બ્રહ્મચર્ય કરવામાં નથી આવ્યો, પરન્તુ મન, વચન અને કાયાએ કરી ઇન્દ્રિયો પર જય મેળવી, તેમની દુષ્પ્રવૃત્તિમાંથી મુક્ત થવું એ જ શીલની શુદ્ધ વ્યાખ્યા છે. માત્ર ઇન્દ્રિયોના દમનથી બ્રહ્મચર્ય પાળવું એ શક્ય નથી. મહાત્મા ટૉલસ્ટૉયે આ બાબત પર પોતાના વિચારો દર્શાવતાં કહ્યું છે કે : ' અન્ય સર્વ સદ્ગુણોની પેઠે બ્રહ્મચર્ય પણ પાપ કરવાની અશક્યતા કે અશક્તિ દ્વારા નહિ પણ ઇચ્છાબળે અને શ્રદ્ધા સામર્થ્ય વડે સંપાદિત થાય ત્યારે કામનું છે. અકરાંતિયા ન થવા ખાતર માણસ જાતે જઠરમાં રોગ પેદા કરે, અગર લડાઈ ન કરવા ખાતર જાતે પોતાના હાથ બાંધે, અથવા અપશબ્દો ન વાપરવા જાતે પોતાની જીભ કાપી નાખે તો તો પાપ કર્યું ન કર્યું સરખું જ છે. ઈશ્વરે માનવીને અત્યારે એ છે એવું બનાવ્યું છે, એના વિષયી દેહમાં દૈવી આત્માનો સંચાર કર્યો છે, તે ઈશ્વરકૃતિને સુધારવા એ દેહને છેદીભેદીને પાંગળો બનાવે એટલા માટે નહિ, પણ એ આત્મા એની દૈહિક વિષયવાસનાને તાબે કરે એટલા ખાતર જ.'

શુદ્ધ બ્રહ્મચર્યના પાલન માટે માણસ પાસે કોઈ વિશાળ કલ્પના હોવી જોઈએ, અને તેમાં જ સદૈવ ચિત્ત અને શરીરને ઓતપ્રોત કરી નાખવાં જોઈએ કે જેથી વિષયના સ્મરણને અવકાશ જ ન રહે. વિશાળ કલ્પના રાખતાં બ્રહ્મચર્યનું પાલન સહજ બની જાય છે. પ્રસિદ્ધ રસાયનશાસ્ત્રી જોન ડૉલ્ટનના વિષે એમ કહેવાય છે કે તેમની વૃદ્ધાવસ્થામાં કોઈએ તેમને અવિવાહિત રહેવાનું કારણ પૂછ્યું. તેનાં

જવાબમાં ડોસ્ટને કહ્યું : ' આ પ્રશ્ન જ તમે સૌથી પ્રથમ મને સુઝાડ્યો, બાકી તો મારું જીવન વિજ્ઞાનના અભ્યાસમાં ક્યાં ચાલ્યું ગયું તેની મને ખબર જ નથી.' ભીષ્મ પિતામહે પિતાના સુખરૂપી એક ભવ્ય આદર્શ અર્થે બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યું, અને પછી તો પિતાનું સુખ જ એમનું બ્રહ્મ બની ગયું અને પરિણામે આદર્શ બ્રહ્મચારી બની ગયા. માઈકલ એન્જેલોને કોઈએ વિવાહ કરવાની સૂચના કરી, ત્યારે તેણે જવાબ આપ્યો : ' ચિત્રકળા મારી એવી સહચરી છે કે તે કોઈ સપત્ની સાંખી નથી શકતી.' આ બધાં દૃષ્ટાંતો, બ્રહ્મચર્યના પાલનમાં વિશાળ કલ્પના—ભવ્ય આદર્શો કેવાં અને કેટલાં મદદરૂપ થાય છે તેની સાબિતી આપે છે.

આચાર્ય વિજયવલ્લભસૂરિજી મહારાજસાહેબે બ્રહ્મચર્યવ્રતની પૂજાની રચનામાં બ્રહ્મચર્યની મહત્તા, જરૂરિયાત અને શક્તિનું અદ્ભુત વર્ણન કર્યું છે, એટલું જ નહિ પણ બ્રહ્મચર્યના વિષય ઉપર જૈન આગમોના મૂળ સૂત્રોમાં જે જે કહેવામાં આવ્યું છે, તેનો મુખ્ય સાર પણ આ પૂજાઓમાં વણી લેવામાં આવ્યો છે. જે વ્યક્તિએ શુદ્ધ, પવિત્ર, નિર્મળ બ્રહ્મચર્યનું પાલન કર્યું હોય તેવી જ વ્યક્તિથી આવી મહાન પૂજાની રચના થઈ શકે. આ પૂજાઓનાં પદે પદે અમૃત ઝરે છે, કડીએ કડીએ દિવ્ય પ્રકાશ મળે છે, અને શુદ્ધ બ્રહ્મચર્યમાં કેટલી શક્તિ રહેલી છે તેનું ભાન થતાં, હૃદય પ્રફુલ્લિત બને છે. પાંચ મહાવ્રતોમાં બ્રહ્મચર્યવ્રતની શ્રેષ્ઠતા બતાવતાં પૂજામાં કહેવામાં આવ્યું છે કે :

અન્ય વ્રતો મેં જો વ્રત ખંડિત, હોવે સો ખંડિત સહિયે,
એક બ્રહ્મચર્ય કે, ભુગે ખંડિત, પાંચો ખંડિત કહીએ.

બ્રહ્મચર્યવ્રત સિવાય જો અન્ય વ્રત ખંડિત થાય તો માત્ર તે વ્રત ખંડિત થયું કહેવાય, પરન્તુ બ્રહ્મચર્યવ્રતના ખંડિત થવાના કારણે તો પાંચે વ્રત ખંડિત થાય છે. આ દૃષ્ટિએ પાંચે વ્રતોમાં બ્રહ્મચર્યવ્રતની મહત્તા સવિશેષ છે. આ હકીકત સમજાવતાં શ્રીમદ્ હરિભદ્રસૂરિજી ' વૃદ્ધ વ્યાખ્યા ' તરીકે કથન ટાંકતા કહે છે : " વેશ્યામાં મન જવાથી અમૈથુનવ્રત ખંડિત થાય છે; વેશ્યાદિમાં ચિત્ત રાખી ભિક્ષા માટે જતાં જીવજંતુ કચરાવાથી હિંસા થાય છે; બીજો પૂછે ત્યારે છુપાવવા જતાં અસત્ય બોલવું પડે છે; વેશ્યાની રજા વિના તેના મુખનું દર્શન કરવું એ ચોરી છે તથા તેનામાં મમતા કરવી એ પરિગ્રહ છે" એટલે બ્રહ્મચર્યવ્રતના ભંગ સાથે પાંચે વ્રતોનો પણ ભંગ થાય છે.

બ્રહ્મચર્ય સાધકે કેવા સ્થાનમાં રહેવું, કેવા કેવા નિમિત્તોથી દૂર રહેવું તેમજ તત્ત્વ દૃષ્ટિએ સ્ત્રીનું સ્વરૂપ સમજાવતાં પૂજામાં કહેવામાં આવ્યું છે કે :

સ્ત્રી પશુ પંડક સેવિત થાનક, સેવે નહીં અનગાર;
સોલવે ઉત્તરાધ્યયન સૂત્રમેં, બ્રહ્મ સમાધિ વિચાર.
નારી કથા વિકથા કહી, જિનવર ત્રીજે અંગ;
સપ્તમ અંગે સૂચના, દંડ અનર્થે પ્રસંગ.
અજ્ઞાની પશુ-કેલી નિરખત, હોવે ચિત્ત વિકાર,
લખમણા જિમ સાધ્વી વસ મોહે, બહુત રુલી સંસાર.
સંભૂત મુનિ ચિત્ત દીનો, ફરસે તપ નિષ્ફળ કીનો,
ચક્રીપદ માંગ કે લીનો રે,—બ્રહ્મચારી ધીર વીર.
હાથ પાંવ છેદે હુએ રે, કાન નાક ભી જેહ,
બુઢ્ઢી સો વરસા તણી રે, બ્રહ્મચારી તજે તેહ રે.
અપવિત્ર મલ કોઠરી, કલહ કદાગ્રહ ઠામ,
ઝારાં સ્રોત વહે સદા, ચર્મદતિ જસનામ.

ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે : બ્રહ્મચર્યના સાધકે સ્ત્રી, પશુ અને નપુંસક હોય તેવા સ્થળે રહેવું નહિ, તેમ જ સ્ત્રીઓની શૃંગારવર્ધક કથાઓ પણ કહેવી નહિ. ઇન્દ્રિયોનો સ્વભાવ છે કે, સામા આવેલા વિષયને ગ્રહણ કરવો અને વિષયોનો સ્વભાવ છે કે, ઇન્દ્રિયો વડે ગ્રહણ થવું. સાધ્વી લખમણાને, ઇન્દ્રિયોના આવા સ્વભાવના કારણે જ, અજ્ઞાન પશુઓની કામક્રીડા જોતાં ચિત્તમાં વિકાર ઉત્પન્ન થયો, અને પરિણામે અનંત વખત ભવભ્રમણ કરવું પડ્યું. બ્રહ્મચર્યના સાધકે એટલા માટે જ આવાં બધાં નિમિત્તોથી દૂર રહેવું આવશ્યક છે. નિમિત્તોની જીવ પર કેટલી બધી અસર થાય છે, તેના સમર્થનમાં ઉત્તરાધ્યયન સૂત્રમાં સંભૂતિ મુનિની વાત કહેવામાં આવી છે.

સંભૂતિ મુનિ પાસે એક વખતે સનતકુમાર ચક્રવર્તી અને તેની રાણી સુનંદા વંદન કરવા ગયાં હતાં. વંદન કરતાં સુનંદાના મસ્તક પરથી વાળની એક લટ નીચે સરી પડી. આ વાળની લટનો સ્પર્શ મુનિરાજને થયો અને પરિણામે તેના ચિત્તમાં રાગ ઉત્પન્ન થયો. કામદેવ છે તો અંગરહિત, પણ તેની શક્તિની પ્રબળતા અગાધ છે. તે સ્પર્શના સુખનો અનુભવ થતાં સંભૂતિ મુનિએ વિચાર કર્યો કે : 'અહો ! આ કમળમુખીના વાળનો સ્પર્શ પણ આવું અદ્ભુત સુખ આપે છે તો પછી તેના શરીરનો સ્પર્શ કેવું સુખ આપતો હશે ?' ઊર્ધ્વગતિ માટે સાધકે પળે પળે પ્રયત્ન કરવો પડે છે, પણ નીચે પડવામાં તો ગતિનો વેગ વિનાપ્રયત્ને વધતો જ રહે છે, એટલે સંભૂતિ મુનિએ તો ત્યાં જ નિયાણું બાંધ્યું કે : 'મેં આ દુષ્કર તપસ્યા કરી છે તેનું કાંઈ પણ ફળ હોય તો હું આવતા ભવમાં આવી અનેક સ્ત્રીઓનો સ્વામી થાઉં.' પરિણામે સંભૂતિ મુનિના જીવે 'બ્રહ્મદત્ત' તરીકે જન્મ ધારણ કર્યો અને બાંધેલા નિયાણાને કારણે પુષ્કળ ભોગો ભોગવી સાતમા નરકે જવું પડ્યું.

સ્ત્રીસંગથી બ્રહ્મચારીએ દૂર જ રહેવું. ઉત્તરાધ્યયન સૂત્ર(અધ્યયન–૩૨)માં તો ત્યાં સુધી લખ્યું છે કે : 'જેમ બિલાડાના સ્થાનની પાસે ઉંદરોનું રહેવું પ્રશસ્ત નથી તેમ સ્ત્રીઓના સ્થાનની પાસે બ્રહ્મચારી પુરુષોનો નિવાસ પણ યોગ્ય નથી.' બ્રહ્મચર્ય સાધક માટે સ્ત્રીસંસર્ગના ત્યાગની જરૂરિયાત પર ભાર મૂકી દશવૈકાલિક સૂત્ર(અધ્યયન ૮–૫૬)માં કહેવામાં આવ્યું છે કે :

> हत्थ पाय पलिच्छिन्नं कण्णनास विगप्पिअं ।
> अवि वासमयं नारिं बंभयारी विवज्जए ॥

અર્થાત્ જેના હાથ પગ કપાઈ ગયા હોય તથા જેનાં નાકકાન બેડોળ થઈ ગયા હોય, એવી સો વરસની સ્ત્રીનો પણ બ્રહ્મચર્ય સાધકે સંસર્ગ ન કરવો. તત્ત્વદષ્ટિએ સ્ત્રીના સ્વરૂપનું વર્ણન કરતાં શ્રી યશોવિજયજી મહારાજે જ્ઞાનસારમાં કહ્યું છે કે :

> बाह्यदृष्टेः सुधासारघटिता भाति सुन्दरी ।
> तत्त्वदृष्टेस्तु साक्षात् सा विण्मूत्रपिठरोदरी ॥

અર્થાત્ બાહ્યદષ્ટિને અમૃતના સાર વડે ઘડેલી સ્ત્રી સુંદરી ભાસે છે, ત્યારે તત્ત્વદષ્ટિને તો તે સ્ત્રી પ્રત્યક્ષ વિષ્ટા અને મૂત્રની હાંડલી જેવી લાગે છે. વાસ્તવિક રીતે જોતાં તો, સ્ત્રીનું શરીર કે પુરુષનું શરીર માત્ર લોહી, રુધિર, માંસ, મેદ, હાડકાં, મજ્જા, વીર્ય, આંતરડાં અને વિષ્ટારૂપ અપવિત્ર પદાર્થોનો ભંડાર નથી તો બીજું શું છે ? આચાર્ય મહારાજસાહેબે એટલા માટે જ કહ્યું છે કે : 'અપવિત્ર મલ કોઠારી.' તે પછી તરત જ, બીજા અર્ધપદમાં 'કલહ કદાગ્રહ ઠામ'- એમ લખ્યું છે. છેતરવું, ક્રૂરપણું, ચંચલતા અને કુશીલપણું એ સ્ત્રીના સ્વાભાવિક જ દોષો છે, એવી સ્ત્રીમાં રતિ કરે એને મૂર્ખ ન કહેવો તો શું કહેવું ? આ દોહરાની બીજી પંક્તિમાં કહ્યું છે કે : 'જ્યારાં સ્રોત વહે સદા, ચર્મ દતિ જસ નામ.' અર્થાત

દુર્ગંધી પદાર્થોના ભંડારરૂપી સ્ત્રી શરીરનાં અગિયાર અંગોમાંથી ગટરમાંના કચરાની માફક નિરંતર મેલ વહ્યા કરે છે: તેથી કરીને આવા શરીરને ચામડાની પખાલ સાથે સરખાવવામાં આવ્યું છે. પુરુષના શરીરનું પણ આવું જ છે અને પુરુષ પણ ઠગાઈ, ક્રૂરતા, ચંચળતા અને કુશીલતામાં રસ નથી લેતો એમ નથી જ. શરીર કરતાં સ્ત્રી કે પુરુષની વાસના જ મહાદોષને પાત્ર છે.

સ્ત્રી કે પુરુષ માટે તમામ ઇન્દ્રિયો પર એકીવખતે સંયમ કેળવ્યા સિવાય બ્રહ્મચર્યનું પાલન શક્ય નથી; એથી કરીને, બીજી બાબતો વિષે બ્રહ્મચર્યસાધકે જે ખ્યાલ રાખવાનો છે તેનો નિર્દેશ કરતાં પૂજનમાં જણાવવામાં આવ્યું છે કે:

પુષ્ટિકાર આહાર ન ખાવે, વિગય અધિક મેં મન ન લગાવે:
રસના વસ જો સરસ આહારી, ચઉ ગતિ દુઃખ પાવે વો ભારી.
માદક આહારસેં મન્મથ જાગે, ઇસ કારણ બ્રહ્મચારી ત્યાગે.
રસના લંપક ગૃદ્ધી અનગારી, નમન કરત જગમેં નરનારી.
ખાટા ખારા ચરચરા, મીઠા વિવિધ પ્રકાર,
રસ લાલચ અધિકા ભમે, હોવે રોગ પ્રકાર.
કામ દીપાવન ભૂષણ દૂષણ, અંગ વિભૂષણ ટાળી,
નાટક ચેટક રાસ સિનેમા, દેખે નાહીં બ્રહ્મચારી
સાદે કપડે પહને ભૂષણ નવિ ધારે.

વિષયવાસના સામેનો વિગ્રહ જીવનમાં સૌથી મહાન અને કપરો વિગ્રહ છે. આ વિગ્રહમાં વિજય મેળવવા માટે એને અનુરૂપ થાય તેવું વાતાવરણ અને સાધનો પણ જરૂરનાં છે. શરીર અને મનને ચંચળ કરે એવાં તીખાં તમતમતાં તેમ જ સ્વાદિષ્ટ અને રસાળાં ભોજનનો બ્રહ્મચર્યસાધકે ત્યાગ કરવો જોઈએ; કારણ કે આવાં પ્રકારનાં ભોજનો શરીરમાં વિકાર ઉત્પન્ન કરે છે.

જીભની મારણ અને તારણ શક્તિનો ઉલ્લેખ કરી કોઈએ સાચું જ કહ્યું છે કે, રસોની લાલચુ, રોગ માત્રની જન્મભૂમિ અને બીજી તમામ ઇન્દ્રિયોને મારનારી અને તારનારી, યોગારૂઢને પણ બલાત્ ખેંચી નીચે ઢસડનારી, સૌ કામનાને જન્માવનારી એવી જીભને હમેશાં વશમાં લાવવી. અગાઉના વખતમાં યુદ્ધ લડાતાં તેમાં સેનાધિપતિ એટલે લશ્કરનો મૂળ નાયક મરણ પામે અગર નાસી જાય કે તુરત તેના લશ્કરમાં ભંગાણ પડે, અને પછી તુરત જ લશ્કર તાબે થાય એવી પ્રથા હતી. સ્વાદેન્દ્રિયની બાબતમાં પણ આવું જ છે. ઇન્દ્રિયોમાં પણ સૌને બહેકાવનારી, નચાવનારી અને તોફાન મચાવનારી જીભને કાબૂમાં લેવામાં આવે, તો બીજી ઇન્દ્રિયો આપોઆપ તેની પાછળ શરણ સ્વીકારે છે. જગતમાં મૃત્યુ પામતાં માનવોમાંથી મોટા ભાગનાં માનવીઓ વધુ પ્રમાણમાં અને નહિ ખાવા જેવી વસ્તુઓના ઉપભોગનાં કારણે જ મૃત્યુ પામે છે. માણસો ભૂખ સંતોષવા નથી ખાતાં પરન્તુ જીભના સ્વાદ અર્થે ખાય છે. બ્રહ્મચર્ય સાધકે સંયમી જીવન જીવવા માટે, દેહના પોષણ અર્થે ખાવાનું છે અને રસલોલુપતાને કાબૂમાં લેવી એ તેનું સૌથી પ્રથમ કર્તવ્ય છે. ઉત્તરાધ્યયન સૂત્ર(અ. ૩૨-૧૦)માં કહેવામાં આવ્યું છે કે :

रसा पगामं न निसेवियव्वा पायं रसा दित्तिकरा नराणं ।
दित्तंच कामा समभिद्दवन्ति दुमं जहा साउफलं व पक्खी ॥

અર્થાત્ ઘી-દૂધ વગેરે દીપ્તિ કરનારા રસો યથેચ્છ ન સેવવા; કારણ કે જેમ સ્વાદુ ફળવાળા વૃક્ષ તરફ પક્ષીઓ ટોળાબંધ દોડી આવે છે તેમ તેવા માણસ તરફ કામવાસનાઓ દોડી આવે છે. રસનેન્દ્રિય

અને જનનેન્દ્રિયને બ્હેનોની માફક અતિનિકટનો સંબંધ છે. રસની લોલુપતા કામને જાગ્રત કરે છે, એ સૂત્ર બ્રહ્મચર્ય સાધકે નિરંતર ધ્યાનમાં રાખવાનું છે. જીભમાં હાડકું નથી, પરન્તુ તેમ છતાં, એ હાડકા વિનાની જીભલડીમાં હાડકાંવાળાં બીજાં અંગોનો નાશ કરવાની તો અદ્‌ભુત શક્તિ છે.

कामोत्पादकद्रव्यस्य दर्शनात् स्खलति व्रतम्

અર્થાત્ કામને ઉપજાવે એવા દ્રવ્યના દર્શનથી વ્રતભંગ થાય છે, એટલા માટે જ આચાર્ય મહારાજશ્રીએ પૂજામાં કહ્યું છે કે બ્રહ્મચારી કદી નાટક, ચેટક, રાસ, સિનેમા જોવા જાય નહિ. બ્રહ્મચર્ય સાધક માટે શારીરિક ટાપટીપ, સ્ત્રીનો સંસર્ગ અને રસદાર અન્નપાન એ ત્રણે તાલપુટ (હાથમાં પકડતાં જ તાળવું ફોડી નાખે તેવું મહાભયંકર) વિષ જેવા હોવાનું દશવૈકાલિક સૂત્રમાં કહેવામાં આવ્યું છે.

વિકારોત્તેજક શબ્દોના પઠન કે શ્રવણથી પણ અંતરમાં ઠરેલા કે સૂતેલા વિકારો જાગ્રત થાય છે, માટે બ્રહ્મચર્યસાધકે કામવાસના જાગે તેવું વાચન ન કરવું, એવા શબ્દો ન સાંભળવા, એવાં સુગન્ધયુક્ત દ્રવ્યોનું સેવન ન કરવું, તેમ જ એવું કોઈ દૃશ્ય ન જોવું. ઇન્દ્રિયોનો ઉપયોગ તો બ્રહ્મચારી અને અબ્રહ્મચારી બંને જ કરે છે, પરન્તુ બન્નેના આચારવિચારમાં ભારે ભેદ રહે છે. મહાત્મા ગાંધીએ આ વિષે લખતાં કહ્યું છે કે : "બ્રહ્મચર્યનો પ્રયત્ન કરનારા ઘણા નિષ્ફળ જાય છે, કેમકે તેઓ ખાવાપીવામાં જોવા ઇત્યાદિમાં અબ્રહ્મચારીની જેમ રહેવા માગતા છતાં બ્રહ્મચર્યનું પાલન ઇચ્છે છે. આ પ્રયત્ન ઉષ્ણઋતુમાં શીતઋતુનો અનુભવ લેવાના પ્રયત્ન જેવો કહેવાય. સંયમીના અને સ્વચ્છંદીના, ભોગીના અને ત્યાગીના, જીવન વચ્ચે ભેદ હોવો જ જોઈએ. સામ્ય હોય છે તે તો ઉપરથી દેખીતું જ. ભેદ ચોખ્ખો તરી આવવો જોઈએ. આંખનો ઉપયોગ બંને કરે, પણ બ્રહ્મચારી દેવદર્શન કરે, ભોગી નાટકચેટકમાં લીન રહે; બન્ને કાનનો ઉપયોગ કરે, પણ એક ઈશ્વર ભજન સાંભળે, બીજો વિલાસી ગીતો સાંભળવામાં મોજ માણે; એક શરીરરૂપ તીર્થક્ષેત્રને નભાવવા પૂરતું દેહને ભાડું આપે, બીજો સ્વાદને ખાતર દેહમાં અનેક વસ્તુઓ ભરી તેને દુર્ગંધિત કરી મૂકે. આમ બંનેના આચારવિચારમાં ભેદ રહ્યા જ કરે."

જે પૂર્ણ બ્રહ્મચારી છે તેના માટે આ સંસારમાં કશું જ અસાધ્ય નથી; બ્રહ્મચર્યનું બહુમાન કરતાં આચાર્યશ્રી પૂજામાં કહે છે કે :

બ્રહ્મચર્ય શુદ્ધ જેહ, પરમ પૂત તાસ દેહ,
દેવ સેવ કરત નેહ, જય જય જય બ્રહ્મચારી.
વીતરાગ સમ જાનિયે, બ્રહ્મચારી નિરાગ,
બ્રહ્મચર્ય તપસે મિલે, મોક્ષ પરમ પદ ધામ.
નૂતન શ્રી જિન ચૈત્ય બનાવે, કોટિ નિષ્કદાન કરીને,
હોવે નહિ બ્રહ્મચર્ય બરાબર, આગમ પાઠ ઉચ્ચારીને.

માનવીમાં ક્રોધ, લોભ, માન, માયા, રાગ, દ્વેષ, ઈર્ષ્યા, મોહ, મમતા, અધીરાઈ, ઝેર, વેર, કામવાસનાઓ, ઇચ્છાઓ, પરનિન્દા, અહંકાર, અભિમાન, ક્રૂરતા, નિર્દયતા, અદેખાઈ, ધૂર્તતા, નિર્લજ્જતા, નફટતા, નાલાયકીપણું, પ્રપંચીપણું ઇત્યાદિ જોવામાં આવે છે; તે બધાંના મૂળમાં કારણરૂપ અબ્રહ્મચર્ય છે. બ્રહ્મચર્યના આચરણથી આ બધા દોષોનો નાશ થાય છે, તેમ જ ક્ષમા,-માર્દવતા, નમ્રતા, સરલતા, નિરભિમાનપણું, તપશ્ચર્યા, સંયમ, સત્ય, પવિત્રતા, અકિંચનપણાના ગુણો પ્રાપ્ત થઈ શકે છે. આચાર્યશ્રીએ તેથી જ ઉત્તરાધ્યયન સૂત્રનો ઉપદેશ આપતાં પૂજામાં કહ્યું છે કે: 'દેવો અને દાનવો પણ દુષ્કર એવા બ્રહ્મચર્યના પાળનારને નમસ્કાર કરે છે.' બ્રહ્મચારીની વીતરાગ સાથે સરખામણી કરી છે, એ ઉપરથી

બ્રહ્મચર્યનું માહાત્મ્ય સમજી શકાય છે. માનવી માટે ‘ બ્રહ્મચર્ય ’થી કોઈ વિશેષ મોટી સાધના નથી. અન્ય ધર્મશાસ્ત્રો પણ કહે છે કે: કામિની અને કાંચન રૂપ સૂતરથી સર્વ જગત વીંટાયેલું છે, તેમાં જે મનુષ્ય વિરક્ત છે તે પરમેશ્વર છે.

સૌથી છેલ્લે આચાર્યશ્રીએ પૂજામાં કહ્યું છે કે: ‘ કરોડો સોનામહોરોનું દાન કરી જે કોઈ જિનચૈત્ય બનાવે, તે પણ શુદ્ધ બ્રહ્મચારીની તોલે આવી શકે નહિ, એટલે કે જિનચૈત્ય ચણાવવામાં જે લાભ થાય છે તે કરતાં બ્રહ્મચર્યનું ફળ અનેકગણું વધી જાય છે. ’ ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ કહેવામાં આવ્યું છે કે “ મહિને મહિને લાખો ગાયો દેનારાના દાન કરતાં, કાંઈ ન આપનારાનું ય સંયમાચરણ શ્રેષ્ઠ છે. ”

વિશુદ્ધ બ્રહ્મચર્યપાલનની શક્યતા જગતના દરેક સ્ત્રીપુરુષના માટે છે. આ કાર્ય કપરું છે, પણ પુરુષાર્થ વડે એ સિદ્ધ થઈ શકે છે. એની સિદ્ધિ માટે અનેકવાર જન્મો લેવા પડે, અને અનેક જન્મોને અંતે આવી સિદ્ધિની પ્રાપ્તિ થાય તો પણ તેથી આપણે નિરાશ થવાનું કારણ નથી. મહાસમર્થ વિચારક અને તત્ત્વચિંતક સ્વ૦ શ્રી કિશોરલાલ મશરૂવાળાએ બ્રહ્મચર્યસાધનાના માર્ગમર્યાદાના નિયમોનો ઉલ્લેખ કરતાં એક સ્થળે લખ્યું છે કે: “ જેના વંશમાં કેટલી યે પેઢી સુધી એકપત્નીવ્રત તથા એકપતિવ્રત જળવાયાં હશે, તેમાં યે કેટલી યે પેઢી સુધી બ્રહ્મચર્ય માટે પ્રયત્ન ચાલ્યો હશે, તેની પેઢીમાં નૈષ્ઠિક બ્રહ્મચારી પાકે. ”

મહાત્મા ટૉલસ્ટૉયનાં લખાણોનો સંગ્રહ જે 'The Relations of the Sexes'ના નામથી તેમના મૃત્યુ બાદ પ્રકટ થયેલો છે, તેમાં જણાવવામાં આવ્યું છે કે: “ પ્રકૃતિએ માનવીમાં વિષય-પરાયણતાની પાશવવૃત્તિ ભેગી પવિત્રતા અને ચારિત્રવિશુદ્ધિની આધ્યાત્મિક વૃત્તિ પણ રોપી છે. બ્રહ્મચર્ય અને ચારિત્રવિશુદ્ધિ એ એવી ભાવના છે કે એને સિદ્ધ કરવા માણસે સદા યે સર્વાવસ્થામાં મથ્યા જ કરવું ઘટે. જેમ જેમ વિશેષ તમે એ ભાવનાને સિદ્ધ કરશો, તેમ તેમ ઈશ્વરની આંખમાં તમે વિશેષ પુણ્યાર્જન કરશો; પણ અપ્રત્યક્ષ વાત જવા દઈએ ને કેવળ પ્રત્યક્ષ વાત જ કરીએ તો પણ તમારું પોતાનું કલ્યાણ પણ તમે વિશેષ પ્રમાણમાં સાધી શકશો; કેમકે શરીરપરાયણને વિષયાધીન બની જવા કરતાં બ્રહ્મચર્યપાલન અને વિશુદ્ધિરક્ષણ કરવાથી મનુષ્ય ઈશ્વરની વિશેષ આરાધના કરી શકે છે. ”

પ્રાચીન કાળના ઋષિમુનિઓ મનુ, યાજ્ઞવલ્ક્ય, અત્રિ વગેરેનાં સ્ત્રી સંબંધેના વિચારો સ્મૃતિઓમાં સંગ્રહાયેલાં છે, તેમાં, તેમ જ આપણી ધર્મકથાઓમાં સ્ત્રીઓની બાબત પરત્વે નૈતિક ભાવનાને લાન્છન લાગે એવાં અનેક કથનો જોવામાં આવે છે. ‘સ્ત્રીમાં માયાશીલતા, ક્રૂરતા, ચંચલતા, કુટિલતાના દોષો બધા સ્વાભાવિક છે તેથી તેનાથી દૂર રહેવું ’–‘ અપાર ઉદધિનો પાર પામવો શક્ય છે પણ પ્રકૃતિથી દુરાચરણ એવી સ્ત્રીનો પાર પામવો અશક્ય છે ’—‘ સ્ત્રી સંસારનું બીજ છે, નરકદ્વારનો માર્ગદર્શક દીપક છે, શોકની જડ છે, કજિયાકંકાસનું મૂળ છે, દુઃખની ખાણ છે ’—આ અને આવાં વચનો ગોખી ગોખીને બ્રહ્મચર્યના પાલનનો જમાનો હવે પૂરો થયો છે. આપણા ઋષિમુનિઓએ ગ્રંથોની રચના કરી તે પછી જગતમાં અનેક ફેરફારો થઈ ગયા છે. માનવી એ વખતે જેવો હતો તેવો જ અત્યારે છે એમ માનવું એ નરી મૂર્ખાઈ છે. નદીનું વહેણ દેખાય છે તો એકસરખું, પણ તેમ છતાં પળે પળે તેમાં જૂનો પ્રવાહ પસાર થઈ નવો પ્રવાહ વહે છે, તેમ, માનવસ્વભાવ પણ હંમેશાં વિકસિત થઈ રહ્યો છે જ. પૂર્વ-જન્મનાં કોઈ યોગભ્રષ્ટ આત્માની વાત બાજુએ રાખીએ તો, માનવી માત્રમાં ભોગવાસનાની વૃત્તિ રહેલી હોય છે, પણ સાથે સાથે, ધર્મવાસના અને ધર્મપ્રેરણાની પણ ભારે પ્રબળ વૃત્તિ રહેલી હોય છે. કુરુક્ષેત્રના મહાભારતના યુદ્ધની માફક માનવીની અંદર શુભ અને અશુભ વૃત્તિઓનું નિરંતર યુદ્ધ લડાઇ રહેલું જ હોય છે. સામાન્ય રીતે આવી વૃત્તિઓનું વલણ ઇન્દ્રિયજન્ય ભોગોના શમન પ્રત્યે જાય છે એ

ખરું છે, પરન્તુ આ સ્થિતિ માટે સ્ત્રીજાતિને શા માટે જવાબદાર ગણવામાં આવે છે તે સમજી શકાતું નથી. સ્ત્રી પુરુષ પ્રત્યે ધિક્કાર કે દ્વેષની ભાવના સેવે, અગર પુરુષ સ્ત્રી પ્રત્યે ધિક્કાર કે દ્વેષની ભાવના સેવે, તેથી કાંઈ આવી વાસનાઓમાંથી મુક્ત બની શકાતું નથી. આવી ભાવનાથી, કદાચ, બહુ બહુ તો અમુક વખત સુધી વૃત્તિઓ સુપ્ત મનમાં દબાયેલી કે સંતાયેલી પડી રહે એટલું જ.

ઋષિમુનિઓ રચિત સ્મૃતિઓમાં તેમ જ અન્ય અનેક કથાઓમાં સાધકના માટે બ્રહ્મચર્યપાલનમાં સ્ત્રીને કાંટારૂપે માનવામાં આવી છે એટલું જ નહિ, પણ સ્ત્રી જાતિ પર નિર્લજ્જ પ્રહારો અને હીચકારા હુમલાઓ કરવામાં આવ્યાં છે. સ્ત્રી કેમ જાણે રાક્ષસી હોય અને બ્રહ્મચર્ય સાધકને કેમ જાણે ગળી જવા માટે જ જન્મી હોય, એવી રીતે ચીતરવામાં આવી છે.

એક દૃષ્ટિએ તો સ્ત્રીજાતનાં આવાં આવાં બેહૂદાં વર્ણનો કરી, આપણા ઋષિમુનિઓએ પુરુષજાતની નબળાઈનું માત્ર એક પ્રદર્શન જ કર્યું છે. એક વિદ્વાન મહાપુરુષે લખ્યું છે કે: "It is only imperfection that complains of what is imperfect. The more perfect we are, the more gentle and quiet we become towards the defects of others." અર્થાત્ જેઓ માત્ર અપૂર્ણ છે તે જ બીજાઓની અપૂર્ણતા માટે ફરિયાદ કરે છે; જેટલી હદે માનવી પૂર્ણ બને છે, તેટલી હદે બીજાઓના દોષો પ્રત્યે તે વધુ નમ્ર અને શાંત બનશે. શ્રીસ્થૂલિભદ્રજીના કોશાને ત્યાંના ચોમાસાની વાત, અર્જુન અને ઉર્વશીનો પ્રસંગ, તેમ જ સુદર્શન શેઠનું મહારાણી અભયા સાથેનું વર્તન—આ બધા દાખલાઓમાંથી આપણને ખાતરી થવી જોઈએ કે સુદૃઢ, સબળ અને સશક્ત માનવીને જગતની કોઈ પણ શક્તિ, કોઈ પણ સ્ત્રી કે કોઈ પણ પ્રલોભન ચલાયમાન કરી શકતાં નથી. જેઓ ચલાયમાન થાય છે, તેમાં તેટલા અંશે પુરુષત્વની ખામી છે. આ દોષનું આરોપણ બીજામાં કરવાથી શું ફાયદો છે? જે સાધકો બ્રહ્મચર્યના માર્ગથી ચ્યૂત થઈને પતનના માર્ગે ધસડાય છે, અને બચાવમાં સંજોગો અને સ્ત્રીનો દોષ કાઢે છે, તેઓ ધૂર્ત અને શયતાન છે તેમ જ પુરુષ કહેવરાવવાને લાયક નથી.

પુરુષ કરતાં સ્ત્રી અનેકગણી કામી છે, એવી અર્થહીન અને બેવકૂફી ભરેલી વાતો કરનારા માટે, માનસશાસ્ત્રી ડૉ. મેકડૂગલનો સ્ત્રી સંબંધેનો અભિપ્રાય જાણવા જેવો છે. તેઓ કહે છે કે: "સ્ત્રીસ્વભાવ વધારે ભાવનાવશ છે, એના પ્રત્યે જે લાગણી બતાવવામાં આવે તેની અસર એના પર પુરુષ પર થાય તે કરતાં વધારે થાય છે. આનો અર્થ એ થાય કે સ્ત્રીની ભોગેચ્છા સદા યે અતૃપ્ત રહે છે એમ નહિ; પણ સ્ત્રી, સામાન્ય રીતે, સદા યે ભાવની–હેતની ભૂખી રહે છે. આથી, એના પ્રત્યે જે દાક્ષિણ્ય બતાવવામાં આવે તેનો પડઘો એના અંતરમાંથી ઊઠયા વિના રહેતો નથી. આનું પરિણામ એના હૃદય પર એટલું બધું થાય છે કે એને પોતાના હિતાહિતનું બહુ ભાન રહેતું નથી, અને એના પ્રત્યે લાગણી બતાવનારને સંતોષ આપવા એ ગમે તે કરવા તૈયાર થઈ જાય છે. એ વેગ ક્ષણિક રહે એમ બને; પાછળથી એનો ઉદ્વેગ પહેલા વેગ કરતાં યે વધારે બળવાન થાય; પણ તે ક્ષણે એ ભાન ભૂલી જાય છે. ધૂર્ત પુરુષ એના આ સ્વભાવનો લાભ ઉઠાવે છે અને એને પોતાનો શિકાર બનાવે છે."

રૂપને નજરે પડતું રોકી શકાય તેમ નથી, તેથી જ નિર્ગ્રંથને આંખથી મનોહર રૂપ દેખી અગર ન ગમતાં રૂપો દેખી તેમાં આસક્તિ કે દ્વેષ કરવાની જ્ઞાની મહાત્માઓએ ના પાડી છે, અને આમ છતાં, સ્ત્રીથી અલિપ્ત રહી શકાય તે માટે સ્ત્રીની બાબતમાં કેવી કેવી દુષ્ટતાભરેલી વાતો કરવામાં આવી છે!

આજ સુધી આ રીતે આચરેલા પાપોનું હવે પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. માતા અને પુત્ર વચ્ચેનો પ્રેમ એ નૈસર્ગિક અને જગતમાં સૌથી અધિક પવિત્ર છે. બ્રહ્મચર્યસાધકે જગતની સ્ત્રીમાત્રમાં માતાનું

સ્વરૂપ જોવાની ભાવના કેળવવાની છે. તિરસ્કાર કે ધિક્કારની દૃષ્ટિના માર્ગે નહિ, પણ આ જ માર્ગે બ્રહ્મચર્યસાધક પોતાના બ્રહ્મચર્યનું પાલન કરી શકશે; બ્રહ્મચર્યપાલનનો આ જ પવિત્ર માર્ગ છે.

આચાર્ય વિજયવલ્લભસૂરિજી મહારાજસાહેબે 'બ્રહ્મચર્ય' એ એક અપૂર્વ સાધના અને માનવીની મહાન સિદ્ધિ છે એવો ઉપદેશ બ્રહ્મચર્યવ્રતની પૂજામાં આપ્યો છે. અહીં તો આ પૂજામાંથી માત્ર ચૂંટી ચૂંટીને થોડી પંક્તિઓની વાનગી જ મૂકી છે, બાકી સમગ્ર પૂજાના અર્થ અને વિવેચન કરવામાં આવે તો તો આ સ્મારક ગ્રંથનાં તમામ પાનાંઓ પણ પૂરતાં ન થાય.

જ્યારે પંચેન્દ્રિયોને લાડ લડાવવા નિત્ય નવી નવી શોધો અને વસ્તુઓની ઉત્પત્તિ થયા જ કરે છે, મન અને લાગણીને ઉશ્કેરે તેવા જાતજાતનાં અને ભાતભાતનાં સિનેમાગૃહો અને નાટ્યઘરો વધતાં જ જાય છે, તેમ જ જે જમાનામાં આચાર, વિચાર, પહેરવેશ અને ટાપટીપની દૃષ્ટિએ ગૃહસ્થ સ્ત્રીપુરુષો અને નટનટીઓ વચ્ચેના ભેદો ઘટતા જતા જોવામાં આવે છે, તે જમાનામાં, આચાર્ય મહારાજશ્રીની આ પૂજાના અભ્યાસને સમગ્ર ભારતની ધાર્મિક પાઠશાળાઓમાં તેમ જ અન્ય ધાર્મિક શિક્ષણની સંસ્થાઓમાં પાઠ્યપુસ્તક તરીકે ફરજિયાત દાખલ કરવામાં આવશે તો આજની બાળપ્રજાને માટે ભવિષ્યમાં આ પૂજાનો અભ્યાસ એક આશીર્વાદરૂપ થઈ પડશે.

આચાર્ય મહારાજશ્રીએ એમના જીવનમાં અપૂર્વ સાધના દ્વારા નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કર્યું છે. એમના જીવન દરમ્યાન જે જે મહાન કાર્યો તેમણે કર્યાં છે તે બધાંમાં પણ બ્રહ્મચર્ય શક્તિનો અપૂર્વ હિસ્સો છે. છેલ્લી અવસ્થામાં એમની આંખનું સફળ ઑપરેશન કરવામાં આવેલું, અને તે દ્વારા ઝાંખી દૃષ્ટિ પ્રાપ્ત કરવાને તેઓ શક્તિમાન થયેલા. બાહ્યદૃષ્ટિએ આ ઑપરેશન ભલે ડૉક્ટરોની એક અપૂર્વ સિદ્ધિ જેવું લાગે, પણ તત્ત્વદૃષ્ટિએ વિચાર કરતાં તો મને આમાં તેમના સંયમની—બ્રહ્મચર્યની જ એક સિદ્ધિ જેવું લાગે છે. આ તપના કારણે જ એમને એમનાં મૃત્યુની ઝાંખી થઈ ગઈ હતી.

બ્રહ્મચર્ય તપની આરાધના માટે એમણે જે માર્ગ બતાવ્યો છે, તે માર્ગ ગ્રહણ કરી, તેમના જીવનનાં અધૂરાં કાર્યો પૂર્ણ કરવાને આપણે તત્પર થઈએ, અને તે દિશામાં પ્રયત્નો શરૂ કરીએ તો જ તેમના આત્માને શાંતિ થાય અને તો જ આપણે તેમના ભક્ત કહેવરાવવાને લાયક થઈ શકીએ.

ધર્મ અને સંસ્કૃતિ

મુનિશ્રી કલ્યાણચન્દ્રજી

અખિલ વિશ્વમાં સમગ્ર સચરાચર તત્ત્વો પોતપોતાનો ધર્મ બજાવતાં રહે છે. આ એક અકાટ્ય બંધારણ છે. એક પણ તત્ત્વ એનાથી બહાર જઈ શકતું નથી. તમામ તત્ત્વોમાં જીવતત્ત્વ અગ્રસ્થાને છે. આ મંતવ્ય સર્વમાન્ય અને શાશ્વત છે. કેટલાક જીવોને એવું લક્ષ હોતું નથી; અને લક્ષ વિનાની પ્રવૃત્તિનું પરિણામ બહુધા જીવો જોઈ કે જાણી શકતા નથી. અમુક જીવાત્માઓ તો લક્ષ વિના એક ડગ પણ ભરતા નથી. એ સમજતા હોય છે કે લક્ષ વિનાની પ્રવૃત્તિનો કશો જ અર્થ નથી. લક્ષ સાધ્યા વિનાનું બાણ જેમ નિષ્ફળ જાય છે તેવી જ રીતે લક્ષ સાધ્યા વિનાની પ્રવૃત્તિ પણ નિરર્થક થાય છે. લક્ષને સિદ્ધ કર્યા બાદ બાણ ખાલી ન જાય તેમ લક્ષસિદ્ધિવાળી પ્રવૃત્તિ પણ ફલપ્રદ જ નીવડે છે. જાણ્યે કે અજાણ્યે થયેલી કોઈ પણ પ્રવૃત્તિનું ફળ તો અવશ્ય મળે છે, પરન્તુ સમજણ વિનાની પ્રવૃત્તિના પરિણામનો કશો અર્થ હોતો નથી. સમજણપૂર્વકની જ્ઞાનયુક્ત પ્રવૃત્તિનું પરિણામ જ ખરું પરિણામ કહી શકાય. એટલા માટે જ જ્ઞાની પુરુષો કહી ગયા છે કે જે કંઈ કરવું તે હંમેશાં લક્ષપૂર્વક કરવું કારણ કે લક્ષપૂર્વક કરાયેલી પ્રવૃત્તિ જ ફળ આપે છે.

આજે દરેક મનુષ્ય કંઈ ને કંઈ કરતો જોવામાં આવે છે. કેટલાક લક્ષનો નિર્ણય કર્યા બાદ જ કાર્ય હાથ પર લે છે અને કેટલાક લક્ષ વિના જ કાર્ય કરવા તત્પર બની જાય છે. જે કાર્ય લક્ષ વિના કરવામાં આવે છે તે નિરર્થક અથવા બોજારૂપ નીવડે છે. જેને કોઈ પણ કાર્ય કરવાની સાચી અભિલાષા હોય તેણે પ્રથમ પોતાના કાર્યની દિશા નક્કી કરી લેવી જોઈએ. તેની સાથે સાધ્યને પ્રાપ્ત કરવાનું જ્ઞાન પણ અવશ્ય હોવું જોઈએ. તથારૂપ જ્ઞાનના અભાવે કોઈ પણ કાર્યની સંસિદ્ધિ અતિ મુશ્કેલ થઈ પડે છે.

સાધ્ય અને સાધનનું યથાર્થ જ્ઞાન જેણે પ્રાપ્ત કર્યું હોય તે જિજ્ઞાસુ જ ધર્મની સાચી આરાધના કરી શકે. દુનિયામાં જે સત્ય ધર્મ છે તે સાધ્ય છે. તેને પ્રાપ્ત કરવાનાં જે ઉપક્રમો તે સાધન છે. આજે કેટલાક એવી માન્યતા ધરાવતા હોય છે કે શાસ્ત્રોમાં જે ક્રિયા કરવાનું બતાવવામાં આવેલ છે તે પ્રમાણે કરવું એનું નામ જ યથાર્થ ધર્મ. જ્યારે કેટલાક એમ માનતા હોય છે કે ગુરુના ફરમાન પ્રમાણે વર્તવું એનું નામ જ સાચો ધર્મ. કોઈની એવી માન્યતા હોય છે કે દયા, દાન, તપશ્ચર્યા, વ્રત-નિયમોનું પાલન કરવું, એ જ સત્ય ધર્મ છે અને કેટલાક એ બધી બાબતોને પાંપળા જ માનતા હોય છે. એ તો સેવાને જ સાચામાં સાચો ધર્મ માનતા હોય છે. કેટલાક તો એથી પણ આગળ વધીને એમ બોલતા સંભળાય છે કે પોતાની બુદ્ધિથી નીતિના માર્ગનો નિર્ણય કરીને તે માર્ગે ચાલ્યા જવું એ જ ખરો ધર્મ છે. કોઈ પોતાની ફરજને જ ધર્મ માને છે. કેટલાક કહે છે કે ઘણાં માણસો જે માર્ગે ચાલ્યા હોય તે માર્ગે ચાલવું એ જ ધર્મ. કેટલાક સમષ્ટિ ધર્મને જ ધર્મ માને છે, જ્યારે કેટલાક વ્યક્તિગત ધર્મને જ ધર્મ માનતા હોય છે. કેટલાક સમગ્ર વિશ્વનો એક જ ધર્મ માને છે, એને જ સત્ય અને સામાન્ય ધર્મ સમજે છે. કોઈ દેશકાળને અનુસરવામાં જ ધર્મ માને છે. કેટલાક પોતાને તત્ત્વવેત્તા માની ધર્મના અનેક પ્રકારો બતાવતા હોય છે. આમ ધર્મની વિવિધ માન્યતાઓ વચ્ચે માનવપ્રાણી આજે અટવાઈ રહ્યો છે. સૌ કોઈ પોતપોતાની રુચિ અનુસાર ધર્મની વ્યાખ્યા કરતા નજરે પડે છે.

આ પરથી એટલું તો અવશ્ય ફલિત થાય છે કે ધર્મતત્ત્વ એ શાશ્વત અને સર્વવ્યાપક છે. કોઈ એવો દેશ, કાળ કે સમાજ નથી, જેમાં ધર્મતત્ત્વનો અભાવ હોય. ધર્મતત્ત્વને એક યા બીજી રીતે સંસારીઓએ કે ત્યાગીઓએ, ગ્રામીણોએ કે નાગરિકોએ અપનાવેલો જોવામાં આવે છે. કારણ કે ધર્મતત્ત્વ પ્રત્યેક માનવીના અંતઃકરણ સાથે એવી રીતે ઓતપ્રોત થયેલ છે કે તેને માનવહૃદયથી છૂટું પાડી શકાતું નથી.

ઘણી વાર આસ્તિકો અને નાસ્તિકોએ એકબીજાને પરાસ્ત કરવા માટે તુમુલ યુદ્ધ પણ ખેલ્યાં છે. પરંતુ સાચા જ્ઞાનને અભાવે અહંકારવૃત્તિને પોષ્યા સિવાય વિશેષ કંઈ કરી શક્યા હોય એવું જણાયું નથી. ચૈતન્યવાદ અને જડવાદ એ બેમાંનો એકે વાદ કદી પણ મૂળ સમૂળો નાશ પામેલ હોય એવું નથી. ઉભય વાદના હિમાયતીઓએ પોતપોતાની મહત્તા સિદ્ધ કરવા આકાશ–પાતાળ એક કરેલ છતાં પોતાની હાર કોઈએ કબૂલ કરેલ નથી.

આપણે એટલું તો અવશ્ય જાણીએ છીએ કે ત્રણે કાળમાં ચૈતન્યવાદ અને ધર્મતત્ત્વ પ્રત્યે વિચારશીલ મનુષ્યો પોતાની અભિરુચિ બતાવતા જ રહેલા છે. જે વસ્તુ સર્વમાન્ય અને સર્વવ્યાપક છે તેનો આશ્રય એક યા બીજી રીતે લીધા વિના કોઈને ચાલતું નથી. પછી ભલે તે હિંદુ હોય કે મુસ્લિમ હોય, બૌદ્ધ હોય કે જૈન હોય, ખ્રિસ્તી હોય કે જરથોસ્તી હોય, ગમે તે હોય! છતાં દરેકે પોતપોતાના ધર્મને જ મહાન માનેલ છે અને એમ માનવાનો દરેકને હક્ક છે. પરંતુ પોતાની માન્યતા સંપૂર્ણ સત્ય છે, અર્ધસત્ય છે કે સત્યથી વેગળી છે, તેનો વિચાર કરવાની કોઈને પડી હોય એવું જણાતું નથી. આમ છતાં એટલું તો તદ્દન સ્પષ્ટ છે કે જ્યાં કેવળ અહંતાપૂર્વકના આગ્રહનું જ અસ્તિત્વ હોય ત્યાં ધર્મતત્ત્વને સ્થાન જ ન હોય. અલબત્ત, ધર્મ શબ્દનું જોડાણ તો પ્રત્યેક કાર્યમાં અને પ્રત્યેક પ્રસંગમાં થતું જોવામાં આવે છે. દાખલા તરીકે દેશ, ગ્રામ, વર્ણ, આશ્રમ, સ્ત્રી, પુરુષ, પિતા, માતા, બંધુ, સખા આદિ દરેક શબ્દની સાથે ધર્મ શબ્દનું જોડાણ થતું અનુભવાય છે. કારણ કે ધર્મ શબ્દમાં જ કોઈ અનેરી તાકાત રહેલી છે. એના વિના કોઈને પણ ચાલતું નથી. ચિંતિત વસ્તુને પ્રાપ્ત કરાવનાર ધર્મ છે. ભીડ પડયે રક્ષણ કરનાર પણ ધર્મ છે. એ એની વાસ્તવિક અને સર્વમાન્ય વ્યાખ્યા પરથી જ સિદ્ધ થાય છે.

ધર્મ શબ્દ ધૃ ધાતુ પરથી નીકળેલ છે. એનો અર્થ થાય છે, ધારણ કરવું અથવા પોષવું. પૃથ્વીના પ્રત્યેક પદાર્થને જે ધારણ કરે છે અને પોષે છે એવું નામ જ ધર્મ છે. રૂપધર્મનું જે આરાધન કરે તે અવશ્ય નિઃશ્રેયસ્ અને અભ્યુદયને પ્રાપ્ત કરી શકે અને એનું જે ઉલ્લંઘન કરે તે સ્વયં વિનાશને વહોરી લે. આ ધર્મનો સ્વીકાર પ્રત્યેક ધર્મનાં ધર્મશાસ્ત્રોમાં કરેલો જોવામાં આવે છે, પરંતુ જે એકાંત દૃષ્ટિવાળા હોય છે તે કેવળ પોતાના ધર્મનું જ અભિમાન રાખતા દેખાય છે. એ તો માત્ર અભિનિવેશ છે, મિથ્યા છે. આ અભિનિવેશે જ આજે માનવોને માનવતા-વિહોણા બનાવી દીધા છે. એવા મનુષ્યો પોતાના સમાજમાં ચાહે તેવા મહાન મનાતા હોય, પરંતુ ખરી રીતે તો તે પામર જ છે. ઇતર ધર્મોના શાસ્ત્રોને સ્પર્શવામાં પણ તે પાપ સમજતા હોય છે. ખરું કહીએ તો કલ્યાણને બદલે અકલ્યાણને માર્ગે જ તે ગતિ કરી રહેલા હોય છે. જેની એકાંત દૃષ્ટિ નષ્ટ થઈ ગઈ હોય અને જેને અનેકાંત દૃષ્ટિ સમ્યગ્તયા સાંપડેલ હોય, તે જ સાચો મહાપુરુષ છે. એવા પુરુષો સ્વસમય કે પરસમયમાં કશો ભેદ જોતા નથી. પ્રત્યેક ધર્મનાં ધર્મશાસ્ત્રોમાં એ ધર્મતત્ત્વના સત્ય સ્વરૂપને જ જુએ છે. એઓ એમ માનતા હોય છે કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થની સંસિદ્ધિ માટે શાસ્ત્રો છે. અપૂર્વ અને મહાન એવા માનવધર્મને ધન્ય બનાવવા માટે એ ચારે વર્ગની અનિવાર્ય આવશ્યકતા છે એમ એ માનતા હોય છે. ધર્મવર્ગ એ સૌમાં શ્રેષ્ઠ છે. એની સંસિદ્ધિ વડે જ બાકીના ત્રણે વર્ગની સાર્થકતા સમજાય છે. ધર્મવર્ગ સિવાય એ

ત્રણે વર્ગની કશી મહત્તા નથી. આ કારણથી જ ધર્મ એ સર્વગ્રાહી મનાય છે. રાજકીય અને સામાજિક વ્યવસ્થા જાળવવા માટે પણ મહાપુરુષો તો ધર્મને જ અગ્રસ્થાન આપે છે. કારણ કે ધર્મતત્ત્વ સર્વમાન્ય અને સર્વસામાન્ય છે. જે ક્રિયા આપણને પરમ લક્ષ તરફ લઈ જવા સાર્થક બને તે જ સાચો ધર્મ અને જે ક્રિયા એનાથી ઊલટે માર્ગે લઈ જાય તે અધર્મ. પ્રત્યેક ધર્મમાં આજે વિભિન્નતા જોવામાં આવે છે એનું કારણ એ છે કે પ્રત્યેક મનુષ્યની પ્રકૃતિ અને પ્રવૃત્તિમાં ભિન્નતા છે. આથી ધર્મના બાહ્ય સ્વરૂપમાં દેશ–કાળ અનુસાર પરિવર્તન સ્વાભાવિક છે, પરન્તુ નિશ્ચય સ્વરૂપમાં તો કશો જ ફેરફાર થતો નથી. જ્ઞાની મહાપુરુષોનો એ સિદ્ધાંત છે.

કોઈ એમ કહે છે કે ધર્મ અને વ્યવહારને કશો સંબંધ છે જ નહિ. આ કથન વાસ્તવિક નથી. અલબત્ત, એમની વચ્ચે સમવાય સંબંધ નથી. જેના વિના જે વસ્તુ કહેવાય નહિ એનું નામ સમવાય સંબંધ. પરન્તુ જેનો સંયોગ સંબંધ છે તે તો મળે પણ અને અલગ પણ પડે. જેનો સંયોગ થાય તેનો વિયોગ પણ થાય, એ તો અટલ નિયમ છે. ધર્મ અને વ્યવહારનો સંયોગસંબંધ તો પ્રત્યક્ષ જોવામાં આવે છે: જ્યારે આત્મા નિશ્ચયનયના સ્વરૂપમાં રમણ કરે છે અને એમાં સ્થિત થાય છે ત્યારે વ્યવહાર સ્વયં અલગ પડી જાય છે; ત્યાં વ્યવહારની કશી અપેક્ષા રહેતી નથી, પરન્તુ ધર્મતત્ત્વ એનાથી નીચેના થરમાં હોય છે ત્યારે તો તેને વ્યવહારનો આશ્રય અવશ્ય લેવો પડે છે. કેમકે વ્યવહાર એ નિશ્ચયનયમાં જવાના કારણરૂપ છે. એ માત્ર નિમિત્ત પૂરતું ઉપાદાન કારણ નથી એ કોઈ ન ભૂલે! વ્યવહારના બે પ્રકાર છે: એક સદ્‌વ્યવહાર, બીજો અસદ્‌વ્યવહાર. સદ્‌વ્યવહાર એ નિશ્ચય સ્વરૂપની પ્રાપ્તિ કરવામાં કારણરૂપ બને છે, અસદ્‌વ્યવહાર નહિ. આજે તો સમાજની પ્રત્યેક પ્રવૃત્તિ અસદ્‌વ્યવહારને અવલંબી રહેલ હોય એમ દેખાય છે. આ કંઈ ઓછા દુઃખની વાત નથી.

ભારતવર્ષમાં તો પરાપૂર્વથી આધ્યાત્મિકતા ચાલી આવે છે. માત્ર એટલું જ નહિ પણ એને અગ્રસ્થાન આપવામાં આવેલ છે. સમાજની પ્રત્યેક પ્રવૃત્તિના મૂળમાં આધ્યાત્મની ઝલક દેખાય છે. સમાજ, રાજ્ય, કુટુંબ, વ્યાપાર વગેરે તમામનું ચણતર આધ્યાત્મિક ભૂમિ પર થયેલ હોય એમ સમજાય છે. પરન્તુ આજના ભારતવાસીઓ પ્રાયઃ પાશ્ચાત્ય સંસ્કૃતિનું પાન કરીને મૂળભૂત વસ્તુને ભૂલતા હોય એવું દેખાય છે. આ કારણથી જ ભારતનું અધઃપતન જોવામાં આવે છે. પાશ્ચાત્ય સંસ્કૃતિના અયોગ્ય અનુકરણે જ આજે આપણને આ દશાએ પહોંચાડ્યા છે. પાશ્ચાત્ય પ્રજાના ગુણોનું અનુકરણ કરવાને બદલે આપણે બીજી બાબતોનું જ અનુકરણ કરીએ છીએ. ભારતવાસીઓ પોતાના મૂળભૂત સિદ્ધાંતો અને સંસ્કારોને ભૂલી જઈ, જડવાદને અપનાવી પોતાનું વ્યક્તિત્વ ગુમાવી બેઠા છે; પરંતુ સદ્‌ભાગ્યે આજે ભારતવર્ષ પોતાનું ખોળિયું પલટાવી રહેલ હોય એમ જણાય છે. આ સંક્રાન્તિ કાળે પ્રત્યેક ભારતવાસીએ લક્ષમાં રાખવું જોઈએ કે ભારતીય સંસ્કૃતિ આધ્યાત્મવાદના પાયા ઉપર અવલંબેલી છે માટે એને દૃષ્ટિ સમક્ષ રાખીને જ રાષ્ટ્રનો વિકાસ સાધવાની જરૂર છે. જો આ રીતે ભારતની રચના કરવામાં આવે તો ભારતવર્ષ જગતનું એક સર્વોપરી રાષ્ટ્ર બની જાય એમાં શંકાને સ્થાન નથી. આધ્યાત્મ તત્ત્વને જો આજના રાષ્ટ્રના ઘડવૈયા ભૂલ્યા તો ભવ ભૂલ્યા જેવું થશે. કોઈ પણ દેશની પ્રજા પોતાની ભૂતકાલીન સંસ્કૃતિને ભૂલી શકતી નથી એના અનેક દાખલા ઇતિહાસના પટ પર મોજૂદ છે.

અમેરિકન પ્રજા આજે ખૂબ ખૂબ આગળ વધેલી ગણાય છે. આમ છતાં એ પોતાના જડવાદના સંસ્કારોને ભૂલી શકતી નથી. એ જ પ્રમાણે ભારતવર્ષની પ્રજા પોતાના ચૈતન્યવાદને કદી ભૂલી શકવાની નથી. આમ છતાં એમાં અપવાદ પણ હોય છે. વિદેશોમાં પણ આજે કેટલાક ચૈતન્યવાદના ઉપાસકો જોવામાં આવે છે. ચૈતન્યવાદને સમજવા એ અથાગ પરિશ્રમ પણ ઉઠાવી રહેલા જણાય છે. જ્યારે આ

તરફ જોતાં ભારતવાસીઓ આધ્યાત્મને જે સ્વરૂપે ઝીલવું જોઈએ તે સ્વરૂપે ઝીલી શકતા નથી. માટે રાષ્ટ્રના નવસર્જકોને અમારી સમયસરની ચેતવણી છે કે તેઓ ભારતની સંસ્કૃતિના પાયારૂપ આધ્યાત્મ-વાદને કદી ન ભૂલે! અલબત્ત, દેશકાળને લક્ષમાં રાખીને રાષ્ટ્રઘડતરમાં જે ફેરફાર કરવા ઘટે તે સામે કોઈને પણ વાંધો ન હોય, પરંતુ મૂળભૂત સિદ્ધાંતોને બાજુ પર રાખીને કેવળ જડવાદને જ જો સ્થાન આપવામાં આવશે તો એક દિવસ પસ્તાવાનો પ્રસંગ આવ્યા વિના રહેશે નહિ.

ભારતવર્ષની ભૂતપૂર્વ ભાવનાઓને લક્ષમાં લઈને જો રાષ્ટ્રનું ઘડતર થશે તો જ વ્યક્તિગત જીવનને ઘડવાનું કાર્ય સરલ થશે. રાષ્ટ્રઘડતરની સાથે વ્યક્તિગત ઘડતર ગાઢ સંબંધ ધરાવે છે. રાષ્ટ્રના ઘડવૈયા આ નક્કર સત્ય ન ભૂલે! સમાજ–જીવન અને વ્યક્તિગત જીવન ઉભય એકબીજા પર નિર્ભર છે. વ્યક્તિઓનું સંગઠન એનું જ નામ સમાજ છે. સામાજિક જીવનનો વિકાસ અગ્રગણ્ય વ્યક્તિઓનાં જીવન પર રહેલો હોય છે. આજે મનુષ્યોને પરિમિત વિચારોમાં જ બંધાઈ રહેવું પાલવે તેમ નથી. પરંપરાથી ચાલ્યા આવતા શુષ્ક વિધાનો તેમ જ સંપ્રદાયો અને વાડાઓનાં બંધનો આજે બહુધા કોઈને પણ રુચતા નથી. કારણ કે આજની પ્રજાનું માનસ ઉત્તરોત્તર બુદ્ધિ–પ્રધાન બનતું જાય છે. પ્રજાનું સમન્વય કરવા તરફ એની વિશાળ દૃષ્ટિ અને બુદ્ધિ ગતિ કરી રહેલાં હોય એમ સમજી શકાય છે.

આવા સંક્રાન્તિના સમયે એક વસ્તુ ખાસ લક્ષમાં રાખવાની છે કે ભારતીય જનતાનાં જીવનમાં મૂળથી જ રહેલાં ધર્મ અને સંસ્કૃતિનાં તત્ત્વોનો નાશ ન થાય એ દૃષ્ટિએ જો રાષ્ટ્રના ઘડવૈયાઓ પ્રજાજીવનને ઘડવાનું કાર્ય કરશે તો ભારતવર્ષ ફરી એકવાર આખી દુનિયામાં પોતાની સંસ્કૃતિને પ્રકાશમાં આણવા શક્તિમાન થશે.

શ્રીમહાવીર પરમાત્માનું વ્યાપક જીવન

શ્રી ફતેહચંદ ઝવેરભાઈ શાહ

कल्याणपादपारामं श्रुतगंगाहिमाचलम् । विश्वांभोजरविं देवं वंदे श्रीज्ञातनंदनम् ॥
पान्तु वः श्रीमहावीरस्वामिनो देशना गिरः । भव्या नामांतरमलप्रक्षालनजलोपमाः ॥

શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય–પરિશિષ્ટ પર્વ

શ્રી વીરપરમાત્માનું ૨૫૫૩મું જન્મકલ્યાણક તાજેતરમાં જ ચૈત્રશુકલ ત્રયોદશીના મંગલમય દિને અખિલ ભારતમાં ઊજવાઈ ગયું. મહાન પુરુષોના જન્મદિવસો આપણે માટે લાલ બત્તી જેવા છે. આપણને સમયસરની ચેતવણી આપે છે, સાચી દિશાનું ભાન કરાવે છે, તેમ જ આપણા વર્તમાન જીવન વિષે વિચારવાની તક રજૂ કરે છે કે આપણે અત્યારે ક્યાં છીએ, ક્યાં જઈ રહ્યા છીએ અને ક્યાં જવું જોઈએ ? લગભગ ૨૫૫૩ વર્ષ પહેલાનો દિવસ એટલે પ્રાચીન ભૂતકાળનો દિવસ; છતાં તે એટલો તેજસ્વી છે કે આપણી આંતરદષ્ટિને ઉઘાડે છે; સૂર્ય આપણાથી જેટલો દૂર છે તેટલી દૂર બીજી કોઇ ચીજ હોય તો કદાપિ ન દેખાય, પરંતુ સૂર્ય એટલો તેજસ્વી છે કે તે એટલો બધો દૂર હોવા છતાં સૌથી વધારે દેખાઇ શકે છે; મહાપુરુષોના સ્મરણીય દિવસો એવી જ રીતે તેજસ્વી હોય છે, જે હજારો વર્ષ સુધી લોકોને દેખાય છે એટલું જ નહિ, પણ તેમાંથી આધ્યાત્મિક પ્રેરણાઓ spiritual intuitions મળી રહે છે.

પ્રભુ મહાવીરના જીવનના એકેએક આદર્શ એટલા આકર્ષક છે કે તેનો વિચાર માત્ર આશ્ચર્યચકિત બનાવી મૂકે છે. એમની અહિંસા આકાશની સમાન વ્યાપક અને સૂક્ષ્મ છે; એમની તપશ્ચર્યા અને સહનશક્તિ અનુપમ છે; એમની ગૃહસ્થ અને સાધુસંઘની વ્યવસ્થાપકતા-બંધારણ મહાન રાજનીતિજ્ઞનોને પણ મુગ્ધ કરે એવી છે.

પરંતુ એનાથી વિશેષ જે વસ્તુ એમના જીવનમાં દષ્ટિગોચર થાય છે તે એમની સમન્વયશક્તિ છે. અગ્નિ અને પાણી જેવી બે વિરોધી વસ્તુઓનો જ્યારે સમન્વય કરવામાં આવે છે ત્યારે એન્જિનમાં જે શક્તિ ઉત્પન્ન થાય છે તેથી વિશાળ રેલવેગાડી વાયુવેગે દોડી શકે છે; સમન્વયના આધારે જ સંસાર ચાલે છે; એથી જ પ્રકૃતિ વિકાસ કરી રહી છે અને જગત્ ઉન્નતિ કરતું ચાલ્યું છે. તેથી જ શ્રી ઉમાસ્વાતિજીએ તત્ત્વાર્થસૂત્રમાં ‘ परस्परोपग्रहो जीवानाम् ’ એ સૂત્ર મૂક્યું છે.

ભગવાન મહાવીરનો સમન્વયવાદ એ જ અનેકાંતવાદ; પરંતુ આપણે તે ભૂલી જઈ અનેકાંતની ચર્ચામાં સમન્વય શોધવાને બદલે ખંડનની ભાવનાને વધારે જોર આપ્યું છે; ગમે તે એક જ નયને પકડી રાખવાને અંગે અન્ય નયોનો અપલાપ થવાથી અનેકાંત એકાંત બની ગયો.

પરમાત્મા મહાવીર પાસે કેવલજ્ઞાનરૂપ દીપક હતો તેમાંથી ગણધર મહારાજાઓરૂપ અનેક દીપકો પ્રકટ્યા; કેવલજ્ઞાનના બિંદુરૂપ દ્વાદશાંગીનું જ્ઞાન એમણે જગત્ સમક્ષ મૂક્યું; ત્રીજા ભવમાં મન–વચન–કાયાની પવિત્રતાથી રોમરાયની વિકસ્વરતાપૂર્વક ‘ સવિજીવ કરું શાસન રસી ’ની ભાવનાનો જે સંકલ્પ વીર્યોલ્લાસપૂર્વક કર્યો હતો તેના પુણ્યાનુબંધી પુણ્યથી તીર્થંકરપણું પ્રાપ્ત થતાં કેવલજ્ઞાનના સારભૂત

દ્વાદશાંગીનાં સૂત્રો જગત્ સમક્ષ મૂક્યાં જે હજારો વર્ષ સુધી ભવ્યાત્માઓ ગ્રહણ કરશે અને મુક્તિ માટે જન્મજન્માંતરમાં પ્રયાણ કરશે. 'उत्पादव्ययध्रौव्ययुक्तं सत्' એ સારભૂત સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે આ જગતના તમામ પદાર્થો અનાદિ હોવા છતાં ઉત્પન્ન થાય છે, નાશ પામે છે, પણ સત્તારૂપે અચળ રહે છે; આ વિજ્ઞાન એમણે વર્ષો પહેલાં જનસમાજ સમક્ષ મૂક્યું.

મહાન ઈશ્વર શ્રીમહાવીરે જગત્ બનાવ્યું નથી પણ જગત્નું સ્વરૂપ બતાવ્યું છે; આત્મા પોતે જ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર છે, માતાના ગર્ભમાં આવી પોતે જ આહાર લેવામૂકવા વગેરે છ પર્યાપ્તિઓ (શક્તિઓ) ઉત્પન્ન કરે છે અને જીવનપર્યંત તે શક્તિઓનું પાલન કરે છે. તેમ જ જીવન પૂરું થયે તે વિસર્જન કરે છે; અને નવા જન્મોમાં એ રીતે ક્રિયા થયા કરે છે. આ વસ્તુસ્થિતિમાં કર્મજન્ય કાર્ય છે; અન્ય કોઈનું નથી. આત્મા અને કર્મ મળીને આ સંસાર અનાદિકાળથી સરજાયો છે, સરજાય છે અને સરજાશે. જગત્કર્તા ઈશ્વર જેવી વચ્ચે કોઈ વ્યક્તિ રહેતી નથી; આ તેમનો સર્વજ્ઞ સિદ્ધાંત છે.

એમનું તત્ત્વજ્ઞાન નિત્યાનિત્યપણું, એકઅનેકપણું, મૂર્તઅમૂર્તપણું, નિશ્ચય અને વ્યવહાર, દ્રવ્યગુણ પર્યાય, સાત નયો, સપ્તભંગીઓ, છ દ્રવ્યો, પાંચ સમવાયો અને ज्ञानक्रियाभ्यां मोक्षः વગેરે સૂક્ષ્મ હકીકતોથી ભરપૂર છે; આઠ કર્મોનું સૂક્ષ્મ સ્વરૂપ બંધ, ઉદય, ઉદીરણા, સત્તા, સંક્રમણ વગેરે અન્ય દર્શનોમાં દૃષ્ટિગોચર થતું નથી.

હવે એ પ્રશ્ન થાય છે કે પરમાત્મા મહાવીર તીર્થંકર કેમ બન્યા? આ અવસર્પિણી કાળમાં ત્રેવીસ તીર્થંકરો જગતના જીવોના ઉદ્ધાર અર્થે થયા પછી એમનો જન્મ તીર્થંકરરૂપે કેમ થયો? શ્રીમાન હરિભદ્રસૂરિકૃત યોગબિંદુમાં ખાસ હકીકત છે કે આ સંસારનાં સર્વ કલેશો અને ધંધામાંથી સર્વ જીવોનો મન, વચન અને શરીરથી અંતઃકરણની ભાવનાપૂર્વક ઉદ્ધાર ઇચ્છનાર અને તે માટે સક્રિય પ્રયત્નની તાલાવેલીથી આત્મા તીર્થંકર બને છે; સંઘ, જ્ઞાતિ અને દેશનો ઉદ્ધાર ઇચ્છનાર ગણધર બને છે અને માત્ર પોતાનો જ ઉદ્ધાર ઇચ્છનાર સામાન્ય કેવલી બની શકે છે. શ્રીમદ્ ઉમાસ્વાતિવાચકે પણ તત્ત્વાર્થસૂત્રની કારિકામાં भावितभावो भवेष्वनेकेषु એ શ્લોકદ્વારા અનેક જન્મોના શુભસંસ્કારોના પરિપાકરૂપે વિશ્વદીપક શ્રીમહાવીરના જન્મને વર્ણવ્યો છે; બુદ્ધ માટે પણ કહેવાય છે કે તેમણે બોધિસત્ત્વ તરીકેના પૂર્વ જન્મોમાં પ્રજ્ઞા, દાન, જ્ઞાન, શીલ અને ક્ષમા વગેરે દશ પારમિતાઓ સાધી હતી અને પછીથી બુદ્ધ તરીકેનો જન્મ થયો હતો.

આ આત્મા સંયોગવશાત્ કર્મની વિચિત્રતાથી કઈ સ્થિતિએ પહોંચે છે, કેવા દુઃખ અનુભવે છે, જીવનવિકાસના માર્ગમાં આવ્યા છતાં કેવી રીતે અધઃપતનના ઊંડા ખાડામાં પટકાઈ પડે છે અને પછી કેવા પુરુષાર્થ અને કેવું અપૂર્વ વીર્ય તારવી સંપૂર્ણ ઉન્નતિના શિખરે પહોંચે છે એ દૃષ્ટાંત શ્રીમહાવીર પ્રભુનું મુખ્ય અને અદ્ભુત છે. નયસારના ભવમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરી પછી વમી નાખ્યું; પરંતુ જેમ બીજનો ચન્દ્રમા પૂર્ણિમા બની જાય છે તેમ આખરે તીર્થંકરપણું પ્રાપ્ત કર્યું; તે વચ્ચેના છવ્વીસ જન્મો એમના જીવનમાંથી મનનપૂર્વક સમજવાથી કર્મ અને આત્માની લડાઈમાં છેવટે આત્માનો જય થાય છે. કેમકે એમનો પુરુષાર્થ ક્રમેક્રમે બળવાન થતો ગયો અને સત્તાવીસમા ભવમાં તીર્થંકરપણું પ્રાપ્ત કર્યું. છેવટે કર્મો ઉપર વિજય મેળવી સ્વતંત્ર મુક્તિપદ પ્રાપ્ત કર્યું અને આપણને પૂજ્ય બન્યા. સંસારમાં અનેક જીવો જન્મે છે અને મૃત્યુ પામે છે તે તો સામાન્ય ક્રમ છે, તેનો ઊહાપોહ હોતો નથી; પરંતુ વિપત્તિના પહાડ તૂટી પડ્યા હોય, મરણાંત કષ્ટો, ઉપસર્ગો એક પછી એક આવતા હોય, એક વખત ઉન્નતિના શિખરે ગયા પછી અધઃપતનના ખાડામાં પડ્યા રહેવું પડ્યું હોય છતાં હિમ્મતપૂર્વક, આત્મશ્રદ્ધાપૂર્વક, પુરુષાર્થપૂર્વક અડગપણે કોઈની પણ દયાની ભિક્ષા માગ્યા વગર, દેવ કે ઇંદ્રની સહાયની અપેક્ષા વગર, આર્તધ્યાન કે

રૌદ્રધ્યાન કર્યા વગર, ઉપસર્ગ કરનાર પાપી વ્યક્તિઓ ઉપર પણ અનુકંપા ચિંતવીને પોતે કરેલાં પૂર્વ કર્મોનાં ફળ સમજી, તેને બહાદુરીથી ભોગવી, ઉન્નત અને દિવ્ય આધ્યાત્મિક જીવન જીવી, સંસારના અનેક પ્રાણીઓનું કલ્યાણ કરી મુક્તિસ્થાનમાં પધાર્યા છે; આવું મહાન અને પ્રભાવશાળી વ્યાપક જીવન વીર પરમાત્માનું છે; આ રીતે પોતાના આત્માનો સંપૂર્ણ વિકાસ સાધી ઉન્નતિના શિખરે ચડનાર આત્માઓ જ મહાપુરુષો અને વિશ્વવંદ્ય બને છે.

પરમાત્મા મહાવીરે કહ્યું છે કે મારી પાસે મુક્તિ કે મોક્ષ નામની કોઈ ચીજ નથી કે હું તમને આપી શકું: પણ તમો સમ્યગ્ દર્શન–જ્ઞાન અને ચારિત્રના માર્ગે ચાલવા પ્રયત્ન કરશો, જિનપ્રતિમા અને જિનાગમનું આલંબન લેશો, ગુણદૃષ્ટિ રાખી સમભાવની વૃદ્ધિ કરશો, જ્ઞાન અને ક્રિયા ઉભયની સાધના કરશો, સાત નયોને સાપેક્ષ રાખી, ખંડનાત્મક પ્રવૃત્તિથી દૂર રહી અનેકાંતવાદ સ્વીકારશો, અહિંસા, તપ, ત્યાગ અને સંયમમાં પુરુષાર્થ કરશો, શ્રદ્ધાબળ, જ્ઞાનબળ, ચારિત્રબળ, અને ધ્યાનબળનો આત્મામાં વિકાસ કરતા રહેશો અને ભવાંતર માટે પણ શુભસંસ્કારો લેતા જશો તો અવશ્ય આ અનાદ્યનંત સંસારનો તમારે માટે છેડો આવશે તેમ જ આત્માના અનંત ગુણોનો વિકાસ થતાં કર્મથી સ્વતંત્ર રીતે પોતે જ પોતાને મુક્ત કરી શકશે. પરમાત્મા મહાવીરે કર્મનો સૂક્ષ્મ સિદ્ધાંત કેવલજ્ઞાનથી તપાસી જે રીતે રજૂ કર્યો છે તે સર્વજ્ઞપણાની સાબિતી છે; આત્મા પોતાથી પર–જડભાવ–વિભાવ પરિણતિમાં પડે ત્યાર પછી રાગ, દ્વેષ, ચાર કષાયો વગેરે વડે શરીર, પુત્ર, પરિવાર, હાટ, હવેલી વગેરેમાં મમત્વો વધતા જાય એ રીતે વિષચક્રમાં આત્માં ગૂંચવાઈ કર્મ બાંધી રહ્યો છે; જ્ઞાનચેતનાની જાગૃતિ વગર કર્મચેતના અને કર્મફળચેતના અનુભવી રહ્યો છે; આ કર્મોનું બંધ, ઉદય, ઉદીરણા સત્તા, સંક્રમણ વગેરેનું સૂક્ષ્મ સ્વરૂપ જૈન દર્શનસિવાય અન્ય સ્થળે નથી; અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, ચાર અનુયોગો, માર્ગાનુસારીપણું, જિનપૂજા, જીવદયા, ગુણસ્થાનો, ગૃહસ્થનાં બાર વ્રતો, ઓછામાં ઓછી ગૃહસ્થની સવા વસા દયા, સાધુધર્મની વીસ વસા દયા, દાન, શીલ, તપ અને ભાવ, દ્રવ્યગુણપર્યાય, નવતત્ત્વો વગેરે તત્ત્વજ્ઞાન અને ક્રિયામાર્ગનું ઉચ્ચ બંધારણ—વીર પ્રભુએ વ્યાપક દૃષ્ટિએ આપણી સમક્ષ મૂકેલું છે; એ બંધારણ પ્રમાણે જો મનુષ્ય વર્તે તો ઓછામાં ઓછા ભવે પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરી પ્રાંતે નિર્જરા થતાં સર્વ કર્મોનો ક્ષય કરી મુક્તિપદ પ્રાપ્ત કરી શકે.

પરમાત્મા મહાવીરે જે સિદ્ધાંતો આપણી સમક્ષ મૂકયા છે તે ૨+૨=૪ જેવાં ચોક્કસ છે. એમણે નવા મૂકયા નથી. પૂર્વના તીર્થંકર સર્વજ્ઞોના પણ એ જ સિદ્ધાંતો શાશ્વત છે; સત્ય એક જ હોઈ શકે છે.

કાલ, સ્વભાવ, ભવિતવ્યતા, ઉદ્યમ અને કર્મરૂપ પાંચ સમવાયોથી જગત્–સંસાર ચાલ્યા કરે છે; તેમાં વચ્ચે કોઈ બીજી વ્યક્તિની જરૂર રહેતી નથી; કર્મ અને આત્માના પુરુષાર્થ બાબતમાં એમણે કર્મનું સ્વરૂપ આત્માને અધઃપતન કરાવનારું બતાવીને છેવટે પુરુષાર્થ ઉપર મુખ્યતા મૂકી છે; પુરુષાર્થ કર્યા વગર કર્મનો વિનાશ ન થઈ શકે. આપણા આત્મામાં ભૂતપૂર્વ કર્મોના સામ્રાજ્યને લઈને નિર્બળતાઓ ભરી પડી છે જેથી આપણને કાળનો પરિપાક થયો નથી. કર્મનું બળ છે, ભવિતવ્યતા બળવાન છે વગેરે વગેરે નિમિત્તોને આગળ કરીને આપણે આશ્વાસન લઈએ છીએ અને આપણી નિર્બળતા છુપાવીએ છીએ. પણ પુરુષાર્થને આગળ કરીએ એટલે ક્રમે ક્રમે કાળ અને ભવિતવ્યતા વગેરે સમવાયો તેમાં સમાઈ જાય છે અને આત્મા બળવત્તર બનતાં સકળ કર્મોનો ક્ષય કરી શકે છે.

શ્રી વીર પરમાત્માના આલંબનથી અનેક આત્માઓ એમની હયાતિમાં સંસારસમુદ્રથી તર્યા છે; મેઘકુમાર, ચંડકૌશિક સર્પ, અર્જુનમાલી, ચંદનબાલા વગેરે વગેરે. એમનું શાસન હજી સાડા અઢાર હજાર વર્ષ લગભગ રહેશે. અગિયારે ગણધરો ને વેદવાક્યોનો જૈનદર્શનમાં સમન્વય કરી પ્રતિબોધ એમણે

કર્યો આ તેમની અપૂર્વ વિશિષ્ટતા છે; તેથી જ શ્રીમદ્ આનંદઘનજીએ 'ષડ્દર્શન જિન અંગ ભણીજે' રૂપે શ્રીનેમનાથજીના સ્તવનમાં કહ્યું છે.

પદાર્થવિજ્ઞાન(Science) તો પરમાત્મા મહાવીરના અનંતજ્ઞાનનો એક વિભાગ છે; દા૦ ત૦ શ્રીભગવતી સૂત્રમાં ભાષાવર્ગણાના પુદ્ગલોને કયા કયા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શો છે તે ગૌતમ સ્વામીજીના પ્રશ્નોનો ઉત્તર પ્રભુ મહાવીરે આપ્યો છે; આવું સૂક્ષ્મજ્ઞાન સર્વજ્ઞ સિવાય બીજાને હોઈ શકે નહિ; હજારો વર્ષ પહેલાં પરમાત્માએ કહ્યું છે કે ભાષાવર્ગણા એ પુદ્ગલરૂપ છે. તે હાલમાં રેડીઓ અને ગ્રામોફોન દ્વારા સિદ્ધ થયું છે તેમ જ શરીરની છાયાના અને પ્રકાશનાં પુદ્ગલો પણ કૅમેરાથી ઝડપાયા છે.

પરમાત્મા મહાવીરના વ્યાપક જીવનના સારરૂપે આપણે એમનું આલંબન સ્વીકારી એમની આજ્ઞા પ્રમાણે વર્તવા પ્રયત્નશીલ થઈએ, સંગઠિત થઈ એમના જીવનસિદ્ધાંતોને કાર્યમાં ઉતારીએ, નજીવા ક્લેશોને તિલાંજલી આપી જૈન સમાજની ઉન્નતિ માટે એકત્ર થઈએ, એમના સિદ્ધાંતો પરદેશમાં ફેલાવવા મિશનો મોકલીએ, એમના જીવનનો મહાન ગ્રંથ—ઐતિહાસિક, વૈજ્ઞાનિક, યૌગિક અને આધ્યાત્મિક રીતે ગૃહસ્થજીવન, સાધુજીવન, માતૃ–પિતૃ–ભક્તિ, બંધુસ્નેહ, ગણધરવાદ, તીર્થસ્થાપના વગેરે અનેક દૃષ્ટિબિંદુઓથી સરળ ભાષામાં તૈયાર કરાવીએ, આલસ્ય ખંખેરી પુરુષાર્થ–પરાયણ થતા રહીએ, અહિંસા, સંયમ, તપ, સામાયિક, બ્રહ્મચર્ય, દાનધર્મ વગેરેમાં પ્રગતિ કરતા રહીએ તો તે સંસ્કારો પાડતાં પાડતાં આપણે આપણા આત્માની અનંત શક્તિઓનો વિકાસ કરી એમની માફક અવશ્ય મુક્તિગામી બની શકશું એ નિર્વિવાદ સત્ય છે.

ભગવાન મહાવીરનો આર્હતધર્મ ઉદ્ઘોષણા કરે છે કે 'કર્તવ્યકર્મોને આદરી સદ્વર્તન ધારણ કરજો, ઉદાસીનતા, ખેદ, ચિંતા અને ભય કે જે મનોબળને નબળું પાડનાર છે અને આત્માના ભાવિ ઉદયને અટકાવનાર છે તેમને હૃદયમાં પેસવા દેશો નહિ, નિરંતર આત્મચિંતવન કરજો, કટુતામાં મધુરતા રાખજો, દુઃખમાં સુખ માની લેતાં શીખજો, દુઃખોને અનુભવી ઢીલા થશો નહિ અને સંતાપનાં રોદણાં રડશો નહિ; તમારા આત્માને દર્શન, જ્ઞાન અને ચારિત્રમાં ઓતપ્રોત કરી નિશ્ચય બળ(will power)થી તેને ટકાવી રાખી ઉત્તરોત્તર પ્રગતિ કરજો.'

નિર્ગ્રંથ સિદ્ધાંતની ઉત્તમતા

ડૉ૦ વલ્લભદાસ નેણસીભાઈ

અનંત પ્રકારનાં શારીરિક માનસિક દુઃખોએ આકુલવ્યાકુલ જીવોને તે દુઃખોથી છૂટવાની બહુ પ્રકારે ઇચ્છા છતાં તેમાંથી તે મુક્ત થઈ શકતા નથી તેનું શું કારણ? એવો પ્રશ્ન અનેક જીવોને ઉત્પન્ન થયા કરે. પણ તેનું યથાર્થ સમાધાન કોઈ વિરલ જીવને જ પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી દુઃખનું મૂળ કારણ યથાર્થપણે જાણવામાં ન આવ્યું હોય ત્યાં સુધી તે ટાળવાને માટે ગમે તેવો પ્રયત્ન કરવામાં આવે તો પણ દુઃખનો ક્ષય થઈ શકે નહિ અને ગમે તેટલી અરુચિ, અપ્રિયતા અને અભાવ તે દુઃખ પ્રત્યે હોય છતાં એને અનુભવ્યા જ કરવું પડે. અવાસ્તવિક ઉપાયથી તે દુઃખ મટાડવાનો પ્રયત્ન કરવામાં આવે, અને તે પ્રયત્ન ન સહન થઈ શકે એટલા પરિશ્રમપૂર્વક કર્યો હોય છતાં તે દુઃખ ન મટવાથી દુઃખ મટાડવા ઇચ્છતા મુમુક્ષુને અત્યંત વ્યામોહ થઈ આવે છે અથવા થયા કરે છે કે આનું શું કારણ? આ દુઃખ ટળતું કેમ નથી? કોઈ પણ પ્રકારે મારે તે દુઃખની પ્રાપ્તિ ઇચ્છિત નહિ છતાં, સ્વપ્નેય પણ તેના પ્રત્યે કંઈ પણ વૃત્તિ નહિ છતાં, તેની પ્રાપ્તિ થયા કરે છે અને હું જે જે પ્રયત્નો કરું છું તે તે બધા નિષ્ફળ થઈ દુઃખ અનુભવ્યા જ કરું છું એનું શું કારણ?

શું એ દુઃખ કોઈને મટતું જ નહિ હોય? દુઃખી થવું એ જ જીવનો સ્વભાવ હશે? શું કોઈ એક જગતકર્તા ઈશ્વર હશે તેણે આમ જ કરવું યોગ્ય ગણ્યું હશે? શું ભવિતવ્યને આધીન એ વાત હશે? અથવા કોઈક મારા કરેલા આગલા અપરાધોનું ફળ હશે? વગેરે અનેક પ્રકારના વિકલ્પો જે જીવો મનસહિત દેહધારી છે તે કર્યા કરે છે, અને જે જીવો મનરહિત છે તે અવ્યક્તપણે દુઃખનો અનુભવ કરે છે અને અવ્યક્તપણે તે દુઃખ મટે એવી ઇચ્છા રાખ્યા કરે છે.

આ જગતને વિષે પ્રાણીમાત્રની વ્યક્ત અથવા અવ્યક્ત ઇચ્છા પણ એ જ છે કે કોઈ પણ પ્રકારે મને દુઃખ ન હો અને સર્વથા સુખ હો. પ્રયત્ન પણ એ જ અર્થે છતાં તે દુઃખ શા માટે મટતું નથી એવો પ્રશ્ન ઘણા ઘણા વિચારવાનોને પણ ભૂતકાળે ઉત્પન્ન થયો હતો, વર્તમાનકાળે પણ થાય છે અને ભવિષ્યકાળે પણ થશે. તે અનંત અનંત વિચારવાનોમાંથી અનંત વિચારવાનો તેના યથાર્થ સમાધાનને પામ્યા અને દુઃખથી મુક્ત થયા. વર્તમાનકાળે પણ જે જે વિચારવાનો યથાર્થ સમાધાન પામે છે તે પણ તથારૂપ ફળને પામે છે અને ભવિષ્યકાળે પણ જે જે વિચારવાનો યથાર્થ સમાધાન પામશે, તે તે તથારૂપ ફળને પામશે એમાં સંશય નથી.

શરીરનું દુઃખ માત્ર ઔષધ કરવાથી મટી જતું હોત, મનનું દુઃખ ધનાદિ મળવાથી મટી જતું હોત અને બાહ્ય સંસર્ગ સંબંધનું દુઃખ મનને કંઈ અસર ઊપજાવી શકતું નહોત તો દુઃખ મટવા માટે જે જે પ્રયત્ન કરવામાં આવે છે તે તે સર્વ સફળ થાત. પણ જ્યારે તેમ બનતું જોવામાં ન આવ્યું ત્યારે જ વિચારવાનોને પ્રશ્ન ઉત્પન્ન થયો કે દુઃખ મટવા માટે બીજો જ ઉપાય હોવો જોઈએ. આ જે કરવામાં આવે છે તે ઉપાય અયથાર્થ છે અને બધો શ્રમ વૃથા છે, માટે તે દુઃખનું મૂળ કારણ જો યથાર્થ જાણવામાં આવે અને તે જ પ્રમાણે ઉપાય કરવામાં આવે તો દુઃખ મટે; નહિ તો નહિ જ મટે.

જે વિચારવાનો દુઃખનું યથાર્થ મૂળ કારણ વિચારવા ઊઠ્યા, તેમાં પણ કોઈક જ તેનું યથાર્થ સમાધાન પામ્યા અને ઘણા યથાર્થ સમાધાન નહિ પામતાં છતાં મતિવ્યામોહાદિ કારણથી યથાર્થ સમાધાન પામ્યા

ઘણા મતમતાંતરાદિ ઉત્પન્ન થવાનો હેતુ પણ એ જ છે, અને તેથી જ નિર્મળ આત્મતત્ત્વના અભ્યાસી મહાત્માઓની અલ્પતા થઈ.

શ્રુત અલ્પ રહ્યા છતાં, મતાંતર ઘણા છતાં, સમાધાનના કેટલાંક સાધનો પરોક્ષ છતાં, મહાત્મા પુરુષોનું ક્વચિતત્વ છતાં, હે આર્યજનો ! સમ્યગ્દર્શન, શ્રુતનું રહસ્ય એવો પરમપદનો પંથ, આત્માનુભવના હેતુ, સમ્યક્ચારિત્ર અને વિશુદ્ધ આત્મધ્યાન આજે પણ વિદ્યમાન છે એ પરમ હર્ષનું કારણ છે.

વર્તમાનકાળનું નામ દુષમકાળ છે. તેથી દુઃખે કરીને,—ઘણા અંતરાયથી, પ્રતિકૂળતાથી, સાધનનું દુર્લભપણું હોવાથી મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે; પણ વર્તમાનમાં મોક્ષમાર્ગનો વિચ્છેદ છે એમ ચિંતવવું જોઈતું નથી.

* * *

જે અલ્પ સ્થળો રહ્યાં તેને એકાદશાંગને નામે શ્વેતાંબર આચાર્યો કહે છે, દિગમ્બરો તેમાં અનુમત નહિ થતાં એમ કહે છે કે:

વિસંવાદ કે મતાગ્રહની દૃષ્ટિએ તેમાં બન્ને કેવળ ભિન્ન ભિન્ન માર્ગની પેઠે જોવામાં આવે છે. દીર્ઘ દૃષ્ટિએ જોતાં તેનાં જુદાં જ કારણો જોવામાં આવે છે.

વિવાદના ઘણાં સ્થળો તો અપ્રયોજન જેવાં છે; પ્રયોજન જેવા છે તે પણ પરોક્ષ છે.

* * *

દિગંબર અને શ્વેતાંબર એવા બે ભેદ જિનદર્શનમાં મુખ્ય છે. મતદૃષ્ટિથી તેમાં મોટું અંતર જોવામાં આવે છે. તત્ત્વદૃષ્ટિથી તેવો વિશેષ ભેદ જિનદર્શનમાં મુખ્યપણે પરોક્ષ છે; જે પ્રત્યક્ષ કાર્યભૂત થઈ શકે તેવા છે તેમાં તેવો ભેદ નથી; માટે બંને સંપ્રદાયમાં ઉત્પન્ન થતા ગુણવાન પુરુષો સમ્યગ્દૃષ્ટિથી જુએ છે; અને જેમ તત્ત્વપ્રતીતિનો અંતરાય ઓછો થાય તેમ પ્રવર્તે છે.

* * *

શ્રીમાન વર્ધમાનજિન વર્તમાનકાળના ચરમ તીર્થંકરદેવની શિક્ષાથી હાલ મોક્ષમાર્ગનું અસ્તિત્વ વર્તે છે. તેમના આ ઉપકારને સુવિહિત પુરુષો વારંવાર આશ્ચર્યમય દેખે છે.

* * *

જે ધર્મ સંસાર પરીક્ષીણ કરવામાં સર્વથા ઉત્તમ હોય અને નિજસ્વભાવમાં સ્થિતિ કરાવવાને બળવાન હોય તે જ ઉત્તમ અને તે જ બળવાન છે. **(શ્રીમદ્ રાજચંદ્રગ્રંથમાંથી સંકલિત)**

સાંપ્રદાયિક વ્યામોહમાં શ્રીમદ્‌નું સાચું મૂલ્ય આપણે ન સમજી શક્યા પણ આવા આત્માર્થી અને આત્મદર્શી પુરુષને ઓળખવામાં જ જૈનદર્શનની ગુણગ્રાહકદૃષ્ટિ સમાયેલ છે. કમનસીબે આવી દૃષ્ટિનો આપણે ત્યાં બહુ અભાવ છે, પણ જે આવી દૃષ્ટિ દાખવશે અને શ્રીમદ્‌ની આત્મસાધના સમજવા પ્રયત્ન કરશે એ જરૂર ધર્મલાભ મેળવશે.

જૈન જાતકોના ચિત્રપ્રસંગોવાળી કલ્પસૂત્રની સુવર્ણાક્ષરી પ્રત

શ્રી સારાભાઈ મણિલાલ નવાબ

કલ્પસૂત્રની હસ્તપ્રતોમાં સંગ્રહાયેલી કળાલક્ષ્મીનું દિગ્દર્શન કરાવવા જૈનચિત્રકલ્પદ્રુમ, જૈનચિત્રકલ્પલતા, ચિત્રકલ્પસૂત્ર, પવિત્ર કલ્પસૂત્ર, અષ્ટાન્હિકા–કલ્પસુબોધિકા વગેરે મારાં પ્રકાશનો દ્વારા યથાશક્તિ પ્રયત્ન મે કરેલો છે.

જૈન મંત્રીઓ તથા જૈન શ્રીમાનોએ જેવી રીતે શિલ્પસ્થાપત્ય કલાને ઉત્તેજન આપેલું છે; તેવી જ રીતે જૈન ધર્મના ધાર્મિક ગ્રંથોમાં ચિત્રો ચીતરાવીને ચિત્રકલાને પણ ઉત્તેજન આપેલું છે. આ વાત કલારસિકોના ધ્યાન બહાર તો નથી જ.

અત્યારસુધી કલ્પસૂત્રની સેંકડો સચિત્ર હસ્તપ્રતોનું મેં નિરીક્ષણ કર્યું છે; તેમાં અમદાવાદના જૈન ગ્રંથભંડારો પૈકીની બે સુવર્ણાક્ષરી કલ્પસૂત્રની હસ્તપ્રતો વિશિષ્ટ પ્રકારની છે :

૧. અમદાવાદના દેવસાના પાડામાં આવેલા શ્રીદયાવિમલજી શાસ્ત્રસંગ્રહની હસ્તપ્રત કે જેમાં સંગીતશાસ્ત્રના ગ્રામ, સ્વર, મૂર્છના અને તાલ વગેરે તથા આકાશચારી, પાદચારી, ભોમચારી, દેશચારી તથા નૃત્યનાં હસ્તલક્ષણો વગેરેને લગતાં નાટ્યશાસ્ત્રના લગભગ ત્રણસો ચિત્રપ્રસંગો આપવામાં આવેલા છે.[૧] આ પ્રમાણે સંગીત અને નાટ્યશાસ્ત્રના ચિત્રપ્રસંગો ઉપરાંત આ પ્રતની કિનારોમાં જુદી જુદી જાતની વેલબુટ્ટીઓ, અભિનયભર્યાં પ્રાણીઓ, સિંહ, હાથી, બળદ, મોર વગેરે પશુ-પક્ષીઓનાં વિવિધ ચિત્રો તથા કલ્પસૂત્રને લગતા વિવિધ ચિત્ર–પ્રસંગો બીજી કોઈ પણ હસ્તપ્રતમાં જોવામાં આવેલ નથી. વળી આ પ્રતમાં પશ્ચિમ ભારતની ચિત્રકલા સાથે સાથે ઇરાની ચિત્રકલા પણ જોવા મળે છે, જે તેની ખાસ લાક્ષણિકતા છે.

૨. અમદાવાદની સામળાની પોળમાં આવેલા શ્રીપાર્શ્વચન્દ્રગચ્છના ઉપાશ્રયમાં આવેલા શ્રી ભ્રાતૃચન્દ્રસૂરિશ્વરજી જ્ઞાનભંડારમાં આવેલી સંવત ૧૫૧૬માં પાટણ શહેરમાં લખાયેલી સુવર્ણાક્ષરી હસ્તપ્રતમાં જૈનોના ચોવીસ તીર્થંકરો પૈકી ૧. શ્રીઋષભદેવ, ૨૨. શ્રીનેમિનાથજી, ૨૩. શ્રીપાર્શ્વનાથજી તથા ૨૪. શ્રીમહાવીર સ્વામીજીના પૂર્વભવો તથા આ ચારે તીર્થંકરોના મુખ્ય જીવનપ્રસંગો, પ્રતનાં પાનાંઓની ઉપરનીચેની કિનારોમાં તથા બંને બાજુના હાંસિયાઓમાં ચીતરેલા છે.

આ લેખમાં પ્રસ્તુત સામળાની પોળના ઉપાશ્રયની પ્રતનો પરિચય આપવાનું મેં યોગ્ય ધાર્યું છે.

કલ્પસૂત્રની આ સુવર્ણાક્ષરી પ્રત ઉપરોક્ત ભંડારની પોથી નં. ૨૮માં આવેલી છે. આ પ્રતમાં કુલ પાનાં ૧૧૮ કલ્પસૂત્રનાં છે અને ૧૦ પાનાં કાલકકથાનાં છે. કલ્પસૂત્રમાં ચિત્રસંખ્યા ૪૪ છે અને કાલકકથામાં ચિત્ર ૧ છે. પ્રતના અંતે આ પ્રમાણે પુષ્પિકાઓ છે :

કલ્પસૂત્રના અંતે : संवत् १५१६ वर्षे श्रावण सुदि पंचमी सोमे मं० वाछाकेन शुभंभूयात् ।

કાલકકથાના અંતે : संवत् १५१६ वर्षे श्रावण सुदि पंचमी सोमे श्रीपत्तने श्रीधर्मघोषगच्छे श्रीपद्माणंदसूरि वि० भमीबाई पूनाई कल्पपुस्तिका लिखापितं ॥ छ ॥

---

૧. આ બધા ચિત્રપ્રસંગો તેના વિસ્તૃત પરિચય સાથે મારા તરફથી હવે પછી પ્રસિદ્ધ કરવામાં આવનાર છે.

આ પ્રતમાં નીચે પ્રમાણેનાં ૪૪ ચિત્રો છે:

૧. મહાવીરપ્રભુનું ચ્યવન, ૨. ગૌતમસ્વામીજી, ૩. દેવાનંદાનાં ચૌદ સ્વપ્ન, ૪. ઇંદ્રસભા, ૫. શક્રસ્તવ, ૬. શક્રાજ્ઞા, ૭. ગર્ભાપહાર, ૮. ગર્ભસંક્રમણ, ૯. ત્રિશલાનાં ચૌદ સ્વપ્ન, ૧૦. મલ્લયુદ્ધ, ૧૧. સિદ્ધાર્થનું સ્નાન, ૧૨. સિદ્ધાર્થ અને ત્રિશલા, ૧૩. સ્વપ્નપાઠકો, ૧૪. ગર્ભ નહિ ફરકવાથી ત્રિશલાનો શોક, ૧૫. ગર્ભ ફરકવાથી ત્રિશલાનો આનંદ, ૧૬. પ્રભુ શ્રીમહાવીરનો જન્મ, ૧૭. જન્માભિષેક, ૧૮. છઠ્ઠી જાગરણ, ૧૯. નિશાલગણણું, ૨૦. સંવત્સરીદાન, ૨૧. ચંદ્રલેખા પાલખી, ૨૨. પંચમુષ્ટિલોચ, ૨૩. પ્રભુ મહાવીરનું સમવસરણ, ૨૪. મહાવીર નિર્વાણ, ૨૫. પાર્શ્વચ્યવન, ૨૬. પાર્શ્વપ્રભુના પૂર્વભવો–કિનારમાં, ૨૭. પાર્શ્વજન્મ, ૨૮. પાર્શ્વપ્રભુનું સંવત્સરીદાન તથા પાર્શ્વપ્રભુનો લોચ, ૨૯. પાર્શ્વપ્રભુને ઉપસર્ગ, ૩૦. પાર્શ્વપ્રભુનું સમવસરણ અને નિર્વાણ, ૩૧. શ્રીનેમિનાથજીનો જન્મ, ૩૨. શ્રીનેમિનાથજીનું સંવત્સરીદાન અને પંચમુષ્ટિલોચ, ૩૩. શ્રીનેમિનાથજીની જાન, ૩૪. શ્રીનેમિનાથજીનું સમવસરણ અને નિર્વાણ, ૩૫. દશ તીર્થંકરો, ૩૬. દશ તીર્થંકરો, ૩૭. શ્રીઋષભદેવનું ચ્યવન, ૩૮. શ્રીઋષભદેવનો જન્મ, ૩૯. શ્રીઋષભદેવનું સંવત્સરીદાન તથા પંચમુષ્ટિલોચ, ૪૦. શ્રીઋષભદેવનું સમવસરણ અને નિર્વાણ, ૪૧. અગિયાર ગણધરો, ૪૨. આર્યસ્થૂલિભદ્ર અને કોશા, ૪૩. ચતુર્વિધ સંઘ અને ૪૪. ચતુર્વિધ સંઘ.

ઉપરોક્ત ૪૪ ચિત્રો ઉપરાંત આ પ્રતની કિનારો તથા હાંસિયાઓમાં નીચે પ્રમાણેનાં ચારે તીર્થંકરોનાં પૂર્વભવોના તથા તીર્થંકરોના ભવોના ચિત્રપ્રસંગો ચીતરાયેલાં છે:

૧. પ્રતનું પાનું ૧: પાનાની ડાબી બાજુના હાંસિયામાં ઉપરના ભાગમાં વાજિંત્ર વગાડતી એક કિન્નરી ઊભેલી છે. મધ્ય ભાગમાં એક હાથીસવાર હાથમાં કળશ લઈને પ્રભુમહાવીરની ભક્તિ કરવા જતો દેખાય છે. નીચેના ભાગમાં એક દંપતી પ્રભુભક્તિની ઉત્સુકતા દર્શાવતું બેઠેલું છે.

મધ્ય હાંસિયાના ઉપરના ભાગમાં ઊભેલો ગૃહસ્થ પ્રભુની સ્તુતિ કરે છે. નીચેના ભાગમાં પોતાના ઊંચા કરેલા ડાબા હાથથી ચામર વીંઝતી એક સ્ત્રી (શ્રાવિકા) પ્રભુની ભક્તિ કરતી ઊભેલી છે.

જમણી બાજુના હાંસિયાના ઉપરના ભાગમાં વાંસળી વગાડતો એક કિન્નર ઊભેલો છે. મધ્ય ભાગમાં એક હાથીસવાર પ્રભુની ભક્તિ કરવા જતો દેખાય છે. નીચેના ભાગમાં પ્રભુની ભક્તિ કરતાં દંપતી ઊભેલાં છે.

૨. પ્રતનું પાનું ૨: પ્રથમ ભાગ: ડાબી બાજુના હાંસિયાના ઉપરના ભાગમાં એક ગૃહસ્થ બેઠેલો છે. મધ્ય ભાગમાં એક સ્ત્રી બેઠેલી છે. નીચેના ભાગમાં બંને હાથે ફૂલની માળા પકડીને ઊભેલી એક સ્ત્રી છે.

મધ્ય ભાગના હાંસિયામાં ભૂમિતિની સુંદર ચિત્રાકૃતિઓ રજૂ કરેલી છે.

જમણી બાજુના હાંસિયાના ઉપરના ભાગમાં એક સ્ત્રી પોતાના જમણા હાથમાં પોતાના માથાના વાળની લટ પકડીને ઊભેલી છે, તેના વાળમાંથી ટપકતું પાણી નીચે ઊભેલા હંસના મુખમાં પડે છે. મધ્ય ભાગમાં બે ગૃહસ્થો ઊભેલા છે. નીચેના ભાગમાં એક માણસ ઘોડાને દોરીને ચાલતો દેખાય છે.

ઉપરની કિનારમાં અનુક્રમે ત્રણ સ્ત્રીઓ નૃત્ય કરતી અને ત્રણ પુરુષો જુદા જુદા વાદ્યો વગાડતા દેખાય છે; તથા બે પુરુષો બેઠેલા છે.

નીચેની કિનારમાં અનુક્રમે બે ઘોડા, બે હાથી અને બે પુરુષો ચીતરેલા છે. પાનાની મધ્યમાં પ્રભુ મહાવીરના પાંચે કલ્યાણકો ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં થયાનું વર્ણન સોનાની શાહીથી લખેલું છે.

૩. પ્રતનું પાનું ૨: પાનાના આંકવાળી બાજુ: ડાબી બાજુના હાંસિયાના ઉપરના ભાગમાં ધરણેંદ્ર, મધ્ય ભાગમાં પદ્માવતી અને નીચેના ભાગમાં દેવી સરસ્વતી ચીતરેલાં છે.

મધ્ય હાંસિયાના ઉપરના ભાગમાં ચક્રેશ્વરીદેવી, મધ્ય ભાગમાં તથા નીચેના ભાગમાં ચાર હાથવાળો એક-એક દેવ ચીતરેલો છે.

જમણી બાજુના હાંસિયાના ઉપરના ભાગમાં અંબિકાદેવી છે, મધ્ય ભાગમાં શક્રેંદ્ર છે અને નીચેના ભાગમાં ગોમેધયક્ષ ચીતરેલો છે.

પાનાની મધ્યમાં પ્રભુ શ્રીમહાવીરના ચ્યવન કલ્યાણકનું વર્ણન સોનાની શાહીથી લખેલું છે.

૪. પ્રતના પાના ૩નો પ્રથમ ભાગ : ડાબી બાજુના હાંસિયાના ઉપરના ભાગમાં પ્રભુના પિતા શ્રીઋષભદત્ત બ્રાહ્મણનું ઘર ચીતરેલું છે. મધ્ય ભાગમાં ઋષભદત્ત બ્રાહ્મણ તથા દેવાનંદા બ્રાહ્મણી (પ્રભુ મહાવીરના પિતા તથા માતા) બેઠેલાં છે. નીચેના ભાગમાં વહેતી નદીની પાસેથી હાથમાં લાકડી પકડીને પસાર થતો એક પુરુષ ઊભેલો છે.

મધ્ય હાંસિયાના ઉપરના ભાગમાં સિદ્ધાર્થ ક્ષત્રિય બેઠેલા છે. નીચેના ભાગમાં હાથમાં દર્પણ પકડીને ત્રિશલા માતા બેઠેલાં છે. તેમની સામે એક પરિચારિકા ઊભેલી છે.

જમણી બાજુના હાંસિયાના ઉપરના ભાગમાં સિદ્ધાર્થ ક્ષત્રિય અને સ્થાપનાચાર્ય છે. બીજા ભાગમાં સ્થાપનાચાર્ય અને ઋષભદત્ત બ્રાહ્મણ છે. ત્રીજા ભાગમાં સિદ્ધાર્થ અને ત્રિશલા છે. ચોથા ભાગમાં ઋષભદત્ત અને દેવાનંદા બેઠેલાં છે.

ઉપરની કિનારમાં અનુક્રમે એક મોર, દૂધ ભરેલાં બે મટકાંઓ (?), ખભે ઘીનું કુડલું લઈને જતો એક માણસ, બે ચામર વીંઝતા પુરુષો, નૃત્ય કરતી ત્રણ સ્ત્રીઓ તથા જુદાં જુદાં વાદ્યો વગાડતી બીજી ત્રણ સ્ત્રીઓ ચીતરેલી છે.

નીચેની કિનારમાં અનુક્રમે બે ઘોડા, ત્રણ હાથી, હાથમાં પૂજનની સામગ્રી લઈને બેઠેલા ત્રણ પુરુષો, હાથમાં ઢાલ તથા તલવાર પકડીને ચાલતા બે સૈનિકો અને છેવટે એક હંસપક્ષી ચીતરેલ છે.

પાનાની મધ્યમાં પ્રભુ શ્રીમહાવીરના ચ્યવન કલ્યાણકનું વર્ણન સોનાની શાહીથી લખેલું છે.

૫. પ્રતનું પાનું ૩: પાનાના આંકવાળી બાજુ: ડાબી બાજુના હાંસિયાના ઉપરના ભાગમાં ચામર પકડીને ઊભેલી સ્ત્રીઓ છે. નીચેના ભાગમાં હાથમાં વીણા પકડીને ઊભેલી એક સ્ત્રી છે.

મધ્ય હાંસિયામાં સુંદર ફૂલોનો એક છોડ ચીતરેલો છે.

જમણી બાજુના હાંસિયાના ઉપરના ભાગમાં પણ ચામર પકડીને ઊભેલી એક સ્ત્રી છે. નીચેના ભાગમાં એક હાથમાં વીણા તથા બીજા હાથમાં ફૂલ પકડીને ઊભેલી સ્ત્રી છે.

પાનાની મધ્યમાં દેવાનંદા ચૌદ સ્વપ્ન જુએ છે, તેનું વર્ણન સોનાની શાહીથી લખેલું છે.

૬. પ્રતના પાના ૪૪નો પ્રથમ ભાગ: ડાબી બાજુના હાંસિયાના ઉપરના ભાગમાં પ્રભુ મહાવીરના પૂર્વભવો પૈકીના પ્રથમ ભવ નયસારનો પ્રસંગ તથા ઉપરની કિનારમાં તેઓશ્રીના બીજાથી સાતમા ભવ સુધીના ચિત્ર-પ્રસંગો રજૂ કરેલા છે.

મધ્ય હાંસિયામાં ભૂમિતિની સુંદર ચિત્રાકૃતિઓ ચીતરેલી છે.

જમણી બાજુના હાંસિયામાં પ્રભુ મહાવીરના પૂર્વભવો પૈકીના આઠમા ભવથી અગિયારમા ભવ સુધીના પ્રસંગો રજૂ કરેલા છે.

નીચેની કિનારમાં જમણી બાજુથી ડાબી બાજુ તરફ અનુક્રમે પ્રભુ મહાવીરના પૂર્વભવો પૈકીના બારમા ભવથી સત્તરમા ભવ સુધીના પ્રસંગો રજૂ કરેલા છે.

ડાબી બાજુના હાંસિયાની મધ્ય ભાગમાં તથા નીચેના ભાગમાં પ્રભુ મહાવીરના પૂર્વભવો પૈકીના અઢારમા તથા ઓગણીસમા ભવની રજૂઆત કરેલી છે.

નીચેની કિનારમાં અનુક્રમે પ્રભુ મહાવીરના પૂર્વભવો પૈકીના વીસ, એકવીસ અને ત્રેવીસમા ભવની રજૂઆત કરેલી છે.

બાવીસમા પૂર્વભવની રજૂઆત ઉપરની કિનારમાં જ ચાર ઝાડોની સાથે એક માણસ ચીતરીને કરેલી છે.

પાનાની મધ્યમાં પ્રભુ શ્રી મહાવીરસ્વામીના જન્મ સમયે જગતમાં કેવું વાતાવરણ હતું તેનું વર્ણન સોનાની શાહીથી લખેલું છે.

૭. પ્રતના પાના ૪૪નો આંકવાળો ભાગ: ડાબી બાજુના હાંસિયાના ઉપરના ભાગમાં પ્રભુ મહાવીરના પૂર્વભવો પૈકીના ચોવીસમા ભવની, મધ્ય ભાગમાં પચ્ચીસમા ભવ અને નીચેના ભાગમાં છવ્વીસમા ભવની રજૂઆત કરેલી છે.

મધ્ય હાંસિયામાં ભૂમિતિની સુંદર આકૃતિ ચીતરેલી છે.

જમણી બાજુના હાંસિયાના ઉપરના ભાગમાં પ્રભુ મહાવીરને સાધુ-અવસ્થામાં બંને કાનમાં ખીલા ઠોકીને ગોવાળિયાએ કરેલા ઉપસર્ગનો પ્રસંગ અને નીચેના ભાગમાં પ્રભુ મહાવીરના પગની પાસે ખીર રાંધતા ગોવાળિયાના પ્રસંગની રજૂઆત કરેલી છે.

ઉપરની કિનારમાં અનુક્રમે એક બેઠેલો પુરુષ, સાધુને આહાર આપતી એક સ્ત્રી, સિદ્ધાર્થ અને ત્રિશલા તથા બંને હાથની અંજલિ જોડીને બેઠેલા બે ગૃહસ્થો તથા બે સ્ત્રીઓની રજૂઆત ચિત્રકારે કરેલી છે.

નીચેની કિનારમાં અનુક્રમે ઊભેલા ત્રણ ઘોડાઓ તથા ત્રણ હાથીઓ ચીતરેલા છે.

આ પાનાની મધ્યમાં પણ પ્રભુ મહાવીરના જન્મને લગતું જ વર્ણન સોનાની શાહીથી લખેલું છે.

૮. પ્રતના પાના ૬૭નો પ્રથમ ભાગ: ડાબી બાજુના હાંસિયાના ઉપરના ભાગમાં અરવિંદ રાજાની રજૂઆત કરેલી છે. મધ્ય ભાગમાં પ્રભુશ્રી પાર્શ્વનાથના પૂર્વભવો પૈકીના પ્રથમ ભવના માતાપિતાનો પ્રસંગ છે. નીચેના ભાગમાં પૂર્વભવો પૈકીના આઠમા ભવનો પ્રસંગ ચીતરેલો છે.

ઉપરની કિનારમાં પ્રભુશ્રી પાર્શ્વનાથના પૂર્વભવો પૈકીના પ્રથમ ભવની રજૂઆત સુંદર રીતે કરેલી છે.

જમણી બાજુના હાંસિયામાં પ્રભુશ્રી પાર્શ્વનાથના પૂર્વભવો પૈકીના બીજા, ત્રીજા અને ચોથા ભવના ચિત્ર–પ્રસંગો રજૂ કરેલા છે.

નીચેની કિનારમાં પ્રભુશ્રી પાર્શ્વનાથના પાંચમા, છઠ્ઠા અને સાતમા ભવના ચિત્ર–પ્રસંગો રજૂ કરેલા છે.

૯. પ્રતના પાના ૬૭નો આંકવાળો ભાગ: ડાબી બાજુના હાંસિયાના ઉપરના ભાગમાં પ્રભુ શ્રીપાર્શ્વનાથજીના તીર્થંકરના ભવના માતાપિતા અશ્વસેન રાજા તથા વામાદેવી રાણીની રજૂઆત કરેલી છે. મધ્ય ભાગમાં પૂર્વભવો પૈકીના નવમા ભવના દેવવિમાનની તથા નીચેના ભાગમાં કમઠના નરકાવાસમાં ઉત્પન્ન થયેલા પ્રસંગની રજૂઆત ચિત્રકારે કરેલી છે.

મધ્ય હાંસિયામાં સુંદર ચિત્રાકૃતિઓ ચીતરેલી છે.

चित्र १. श्री नेमिनाथजीनो जन्म अने तेओश्रीना जीवननी मुख्य मुख्य घटनाओना चित्रप्रसंगो.

જમણી બાજુના હાંસિયાના ઉપરના ભાગમાં પંચાગ્નિ તપ તપતો કમઠ તાપસ અને તેની બાજુમાં જ લાકડું ચીરીને બળતો સર્પ કાઢતો શ્રીપાર્શ્વકુમારનો સેવક ઊભેલો છે. મધ્ય ભાગમાં હાથી ઉપર બેસીને શ્રીપાર્શ્વકુમાર તથા રાણી પ્રભાવતી વારાણસી નગરી તરફ જતાં દેખાય છે. નીચેના ભાગમાં ઝાડી બતાવીને વારાણસી નગરીની બહારનું ઉદ્યાન રજૂ કરેલું છે.

ઉપરની કિનારમાં એક બેઠેલો પુરુષ અને ૭ હંસપક્ષીઓની હાર ચીતરેલી છે. નીચેની કિનારમાં એક કેસરીસિંહ તથા વેલબુટ્ટાની સુંદર કલાકૃતિ રજૂ કરેલી છે.

પાના ૬૭ની બંને બાજુએ પ્રભુ શ્રીપાર્શ્વનાથના ચ્યવન અને જન્મકલ્યાણકને લગતું વર્ણન સોનાની શાહીથી લખેલું છે.

૧૦. પ્રતના પાના ૭૩નો પ્રથમ ભાગ: ડાબી બાજુના હાંસિયામાં ઉપરના ભાગમાં પ્રભુ શ્રીનેમિનાથજીના પૂર્વભવો પૈકીના પ્રથમ ભવના, મધ્ય ભાગમાં બીજા ભવના અને નીચેના ભાગમાં ત્રીજા ભવના ચિત્ર–પ્રસંગો રજૂ કરેલા છે.

મધ્ય હાંસિયાના ઉપરના ભાગમાં પૂર્વભવો પૈકીના ચોથા ભવના અને મધ્ય ભાગ તથા નીચેના ભાગમાં પાંચમા ભવના ચિત્ર–પ્રસંગો રજૂ કરેલા છે.

જમણી બાજુના હાંસિયાના ઉપરના ભાગમાં છઠ્ઠા ભવના, મધ્ય ભાગમાં સાતમા ભવના અને નીચેના ભાગમાં આઠમા ભવના ચિત્ર–પ્રસંગો રજૂ કરેલા છે.

ઉપરની કિનારમાં અનુક્રમે ચાર હાથી અને પાંચ કેસરીસિંહની રજૂઆત ચિત્રકારે કરેલી છે.

નીચેની કિનારમાં અનુક્રમે ગૃહસ્થ યુગલ, યશોમતી રાણીની બંને બાજુની એકેક પરિચારિકા, એક દંપતી યુગલ, એક સ્ત્રી તથા એક પુરુષ બેઠેલાં છે.

પાનાની મધ્યમાં સોનાની શાહીથી પ્રભુશ્રી નેમિનાથજીના જન્મનું વર્ણન લખેલું છે.

૧૧. પ્રતના પાના ૭૩નો આંકવાળો ભાગ: આ પાનામાં શ્રીનેમિનાથજીના તીર્થંકરના ભવના મુખ્ય મુખ્ય જીવન–પ્રસંગો રજૂ કરેલા છે (જુઓ ચિત્ર નં. ૧).

ડાબી બાજુના હાંસિયાના ઉપરના ભાગમાં શ્રીનેમિકુમારે લંબાવેલા હાથને વાળવા જતાં વાસુદેવ શ્રીકૃષ્ણ લટકી રહેલા દેખાય છે. હાંસિયાના મધ્ય ભાગમાં શ્રીનેમિકુમાર શ્રીકૃષ્ણની આયુધશાળામાં જઈને શંખ ફૂંકતા દેખાય છે. હાંસિયાના નીચેના ભાગમાં એક ઘોડેસવાર જતો દેખાય છે.

મધ્ય હાંસિયાના ઉપરના ભાગમાં લગ્નની ચોરી રજૂ કરેલી છે. મધ્ય ભાગમાં પરણવા આવતા નેમિકુમારની રાહ જોતી રાજુલ રાજકુમારી બેઠેલી છે. નીચેના ભાગમાં શ્રીનેમિકુમાર કૃષ્ણ વાસુદેવની રાણીઓ સાથે જલક્રીડા કરતા દેખાય છે.

જમણી બાજુના હાંસિયાના ઉપરના ભાગમાં શ્રીકૃષ્ણ વાસુદેવ તથા ઇંદ્ર બેઠેલા છે. મધ્ય ભાગમાં શ્રીનેમિકુમાર સારંગ ધનુષ્ય વાળતા દેખાય છે. નીચેના ભાગમાં વાસુદેવનાં આયુધો ચીતરેલાં છે.

ઉપરની કિનારમાં અનુક્રમે રથ પાછો વાળતા અને રથમાં બેસીને જતા શ્રીનેમિકુમાર દેખાય છે. રથની આગળ બે શરણાઈઓ વગાડનારા તથા એક પુરુષ ઊભેલો છે. તેની આગળ લગ્નની ચોરી છે. ચોરીની બાજુમાં પક્ષીઓ તથા પશુઓ પોકાર પાડતાં દેખાય છે.

નીચેની કિનારમાં અનુક્રમે બે પદાતિ સૈનિકો, બે સ્ત્રીઓ, પાણીની વાવ તથા એક વૃક્ષ ચીતરેલું છે.

પાનાની મધ્યમાં સોનાની શાહીથી શ્રીનેમિનાથજીના જીવનનું વર્ણન લખેલું છે.

૧૨. પ્રતના પાના ૮૨નો પ્રથમ ભાગઃ ડાબી બાજુના હાંસિયાના ઉપરના ભાગમાં પ્રભુ શ્રીઋષભદેવના પૂર્વભવો પૈકીનો પહેલા ભવનો પ્રસંગ, મધ્ય ભાગમાં બીજા ભવનો પ્રસંગ, તથા નીચેના ભાગમાં ત્રીજા ભવના ચિત્ર–પ્રસગો રજૂ કરેલા છે.

ઉપરની કિનારમાં અનુક્રમે પૂર્વભવો પૈકીના ચોથા ભવના, પાંચમા ભવના, છઠ્ઠા ભવના અને સાતમા ભવના ચિત્ર–પ્રસંગો રજૂ કરેલા છે.

મધ્ય હાંસિયાના મધ્ય ભાગમાં આઠમા ભવના અને નીચેના ભાગમાં નવમા ભવના ચિત્ર–પ્રસંગો રજૂ કરેલા છે.

દશમા અને અગિયારમા ભવના ચિત્ર–પ્રસંગો ઉપરની કિનારમાં જ રજૂ કરેલા છે.

જમણી બાજુના હાંસિયાના ઉપરના ભાગમાં પ્રભુના અગિયારમા ભવનો જ ચિત્ર–પ્રસંગ અને મધ્ય ભાગમાં પ્રભુના છ યે મિત્રોની રજૂઆત કરેલી છે. નીચેના ભાગમાં બારમા ભવનો ચિત્ર–પ્રસંગ રજૂ કરેલો છે.

નીચેની કિનારમાં અનુક્રમે ચાર પુરુષો બેઠેલા છે, પછી એક ગાય છે. ગાયની બાજુમાં બે ઘડા છે. ઘડાની બાજુમાં એક સ્ત્રી પલંગમાં સૂતેલી છે. સ્ત્રીની બાજુમાં એક સ્ત્રી પરિચારિકા અને બે પુરુષો બેઠેલા છે.

પાનાની મધ્યમાં સોનાની શાહીથી પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવ પ્રભુના ચ્યવનનું તથા સ્વપ્નનું વર્ણન લખેલું છે.

૧૩. પ્રતના પાના ૮૨નો આંકવાળો ભાગ : આ પાનામાં પ્રભુ શ્રીઋષભદેવના તીર્થંકરના ભવના મુખ્ય મુખ્ય જીવન–પ્રસંગો રજૂ કરેલા છે (જુઓ ચિત્ર નં. ૨).

ડાબી બાજુના હાંસિયાના ત્રણે ભાગોમાં પ્રભુનો પ્રથમ રાજા તરીકે સૌધર્મેન્દ્ર તથા યુગલિયાઓ રાજ્યાભિષેક કરે છે તેને લગતા ચિત્ર–પ્રસંગોની રજૂઆત કરેલી છે.

મધ્ય હાંસિયામાં સુંદર વેલબુટ્ટીઓ ચીતરેલી છે.

ઉપરની કિનારમાં ઇંદ્ર, પ્રભુનું લગ્ન સુનંદાની સાથે કરતા દેખાય છે.

જમણી બાજુના હાંસિયાના ઉપરના ભાગમાં સામે બેઠેલી બ્રાહ્મીને શ્રીઋષભ લિપિઓનું જ્ઞાન અને સુંદરીને ગણિતનું શિક્ષણ આપતા રજૂ કરેલા છે. મધ્ય ભાગમાં હાથી ઉપર બેઠેલા શ્રીઋષભ કુંભકારની કળા પ્રગટ કરતા દેખાય છે. નીચેના ભાગમાં એક યુગલિક દંપતી રજૂ કરેલું છે.

નીચેની કિનારમાં અનુક્રમે એક હંસ, એક પુરુષ, સ્થાપનાચાર્ય, એક પુરુષ અને બે યુગલિક દંપતી રજૂ કરેલાં છે.

પાનાની મધ્યમાં સોનાની શાહીથી શ્રીઋષભદેવ પ્રભુના જન્મનું વર્ણન લખેલું છે.

૧૪. કાલકકથાના પાના એકનો પ્રથમ ભાગ : આર્યકાલકના જીવન–પ્રસંગો :

ડાબી બાજુના હાંસિયાના ઉપરના ભાગમાં આર્યકાલકના જન્મનો પ્રસંગ રજૂ કરેલો છે. મધ્ય ભાગમાં આર્યકાલકની માતા રાણી સુરસુંદરી બેઠેલી છે. નીચેના ભાગમાં વૈરિસિંહ રાજા તથા રાણી સુરસુંદરી–કાલકકુમારના માતપિતા–બેઠેલાં છે.

મધ્ય હાંસિયામાં સુંદર કલ્પનાકૃતિ રજૂ કરેલી છે.

चित्र २. श्री ऋषभदेवनो जन्म अने तेओश्रीना जीवननी मुख्य मुख्य घटनाओना चित्रप्रसंगो.

જમણી બાજુના હાંસિયાના ઉપરના ભાગમાં રાજકુમારી સરસ્વતી એક પરિચારિકા સાથે વૃક્ષ નીચે ઊભેલી છે. મધ્ય ભાગમાં ગર્દભિલ્લ રાજા ઘોડા પર બેસીને જતો દેખાય છે. નીચેના ભાગમાં એક સ્ત્રીની રજૂઆત કરેલી છે.

ઉપરની કિનારમાં અનુક્રમે છ સ્ત્રીઓ, એક દંપતી યુગલ, એક પુરુષ, એક પુરુષ અને એક ભૂમિતિની આકૃતિ ચીતરેલી છે.

નીચેની કિનારમાં બે પુરુષો, એક વૃક્ષ, ચાર સ્ત્રીઓ, એક પુરુષ, એક સ્ત્રી, એક પુરુષ અને એક સ્ત્રી બેઠેલાં છે.

પાનાની મધ્યમાં "श्री वीर वाक्यानुमतं सुपर्व्वं" થી શરૂ થતી 'કાલકકથા'[2] સોનાની શાહીથી લખેલી છે.

૧૫. કાલકકથાના પાના એકનો આંકવાળો ભાગ :

ડાબી બાજુના હાંસિયાના ઉપરના ભાગમાં દર્પણકન્યા તથા નીચેના ભાગમાં શુકકન્યા હાથમાં પોપટ લઈને ઊભેલી છે.

મધ્ય હાંસિયામાં સુંદર કલ્પનાકૃતિ ચીતરેલી છે.

જમણી બાજુના હાંસિયાના ઉપરના ભાગમાં શુકકન્યા ઊભેલી છે અને નીચેના ભાગમાં ચામર-કન્યા હાથમાં ચામર પકડીને ઊભેલી છે.

ઉપર અને નીચેની કિનારમાં સુંદર કલ્પનાકૃતિઓ છે.

ઉપરોક્ત ૧થી ૧૫ પાનાંઓ મારા તરફથી ઈ૦ સ૦ ૧૯૫૪માં 'કલ્પસૂત્રનાં સોનેરી પાનાંઓ તથા ચિત્રો'ના નામથી માત્ર સવાસો નકલોની મર્યાદિત આવૃત્તિમાં હૂબહૂ સોનેરી શાહીમાં છપાવવામાં આવેલી હતી, જે લગભગ અપ્રાપ્ય થવાની તૈયારીમાં છે.

વળી દરેક માણસ તે કૃતિ મેળવી શકે નહિ અને આવી સુંદર કલાકૃતિવાળી હસ્તપ્રત તરફ કલારસિકોનું ધ્યાન ખેંચવાની એકમાત્ર મહેચ્છાથી આ નાનો લેખ લખવા હું ઉદ્યુક્ત થયો છું; અને આશા રાખું છું કે આ લેખ વાંચીને જૈન ભાઈઓ તથા આ લેખ વાંચનાર કલારસિકોને અમદાવાદ આવવાનો પ્રસંગ બને ત્યારે ઉપરોક્ત બંને સુવર્ણાક્ષરી હસ્તપ્રતોની અંદર સંગ્રહાયેલી કળાલક્ષ્મીનું દર્શન કરે.

પ્રાંતે, આ સામળાની પોળવાળી હસ્તપ્રતની મને સૌથી પ્રથમ જાણ કરવા માટે વિદ્વદ્વર્ય ગુરુદેવ શ્રીપુણ્યવિજયજીનો અને શ્રીપાર્શ્વચંદ્રગચ્છના ઉપાશ્રયે તે વખતે બિરાજતા પૂજ્ય શ્રીવૃદ્ધિચંદ્રજીનો આભાર માનવાની આ તક લઉં છું.

---

૨. કાલિકાચાર્ય સંબંધી જુદા જુદા જૈનાચાર્યોએ રચેલી ૩૬ કાલકકથાઓ ૮૮ ચિત્રો સાથે 'કાલકકથાસંગ્રહ' નામના ગ્રંથમાં મારા તરફથી પ્રસિદ્ધ થયેલ છે.

ચિત્ર–પરિચય

૧ : કેટલાક પ્રાચીન જૈન શિલ્પો

ચિત્ર નં. ૧ : રાજગૃહી વૈભારગિરિ ઉપરની ગુપ્તકાલીન પ્રતિમા : આ પ્રતિમા ઉપર ભગવાનના આસનની નીચે જે જીર્ણ લેખ છે તે ગુપ્તકાલીન બ્રાહ્મીમાં લખાયેલો છે અને તેમાં ચંદ્રગુપ્તનું નામ છે. શ્રી રમાપ્રસાદ ચંદાજીના મતે એ ગુપ્ત રાજવી ચંદ્રગુપ્ત બીજાના સમયનો લાગે છે. શ્રી રમાપ્રસાદની આ ધારણા યોગ્ય જ છે કેમકે કળાની દૃષ્ટિએ પણ આ પ્રતિમાને ઈ. સ. ના પાંચમા સૈકાની શરૂઆતમાં મૂકી શકાય. જો કે શ્રી રમાપ્રસાદ ચંદાજીએ એને શ્રી નેમિનાથજીની યુવાનીની આકૃતિ ધારેલી તે વ્યાજબી નથી. સદર પ્રતિમાની નીચેના ભાગમાં સિંહાસનની મધ્યમાં ચક્રપુરુષની ઊભી સુંદર આકૃતિ છે. ગુપ્તકાળમાં આવી ચક્રપુરુષની પ્રથા શરૂ થઈ. વચમાં ધર્મચક્રને સ્થાને ચક્રપુરુષ (પાછળ ચક્ર સાથે) મૂકી તેની બે બાજુએ એક એક શંખની આકૃતિ છે. ધર્મચક્રની બે બાજુએ આમ લાંછન મૂકવાની પ્રથા પાછળથી ચાલુ રહી નહિ. સાથે બે મૃગ મૂકી એને આસનમાં બીજી જગાએ મૂકવામાં આવ્યું.

તીર્થંકરોનાં લાંછનોની પ્રથા ગુપ્તકાળમાં શરૂ થઈ લાગે છે, ને ઉપલબ્ધ લાંછનયુક્ત પ્રતિમાઓમાં આ સૌથી જૂની છે. કલ્પસૂત્રમાં લાંછનોની યાદી નથી, તેમ જ મથુરાના કંકાલીટીલાની ઈ. સ. ના પહેલા-બીજા સૈકાની પ્રતિમાઓમાં પણ લાંછનો દૃષ્ટિગોચર થતાં નથી; એટલે અત્યારે તો રાજગૃહીની આ પ્રતિમા જૈન મૂર્તિશાસ્ત્રના અભ્યાસની દૃષ્ટિએ એક ઐતિહાસિક સીમાચિહ્ન રૂપ છે. ચક્રપુરુષની આકૃતિ ગુપ્તકાલીન શિલ્પકળાનો એક અતિ સુંદર નમૂનો છે.

ચિત્ર નં. ૨ : રાજગૃહીની સોનભંડાર ગુફામાંના ચોમુખજીની મૂર્તિ : આ પ્રતિમાની છબીમાં શ્રીસંભવનાથજીની કાયોત્સર્ગ પ્રતિમાના દર્શન થાય છે. આસનમાં ધર્મચક્રની બેઉ બાજુએ અશ્વ–લાંછન છે. આ પ્રતિમા ઈ. સ.ના સાતમા–આઠમા સૈકાની હોય એમ લાગે છે. પણ લાંછનની બે બાજુએ હરિણ મૂકવાની પ્રથા આ યુગમાં શરૂ થઈ દેખાતી નથી. આ ચૌમુખજીની બીજી બાજુએ અજીતનાથજી વગેરેની પ્રતિમાઓ છે.

ચૌમુખજીની પ્રતિમા આ ગુફામાં પાછળથી પ્રતિષ્ઠિત થઈ લાગે છે. મૂળ આ સોનભંડાર ગુફા શ્રીવજ્રસ્વામીએ કોતરાવી હતી. સોનભંડાર ગુફામાં બે લીટીમાં કોતરેલા એક લેખમાં જણાવ્યું છે કે દીર્ઘ તેજયુક્ત આચાર્યરત્ન મુનિ વૈરદેવે તપસ્વીને રહેવાયોગ્ય અર્હતની પ્રતિષ્ઠાયુક્ત બે ગુફાઓ નિર્વાણ લાભાર્થે બનાવડાવી. આ દીર્ઘ તેજયુક્ત આચાર્યરત્ન વૈરદેવ તે વજ્રસ્વામી જ હોઈ શકે.

ચિત્ર નં. ૩ : શ્રીજિનભદ્ર વાચનાચાર્ય પ્રતિષ્ઠિત શ્રીઋષભદેવની ધાતુપ્રતિમા : અકોટામાંથી પ્રાપ્ત થયેલી આ પ્રતિમા મનોહર છે. પાછળનો પરિકરનો અથવા પ્રભાવલિનો ભાગ ઉપલબ્ધ નથી. જમણી બાજુમાં યક્ષ અને અંબિકાદેવી છે. બધી જ પ્રાચીન પ્રતિમાઓમાં સર્વે તીર્થંકરોના શાસનદેવ તરીકે આ જ યક્ષ અને દ્વિભુજ અંબિકા મળે છે. ભગવાન કાયોત્સર્ગ ધ્યાને મોટા પાટ ઉપર ઊભા છે. પાટની પાછળની ધારે લેખ કોતરેલો છે. તેમાં લખ્યું છે : ॐ देव धर्मोयंयिं निवृति कुले जिनभद्रवाचनाचार्यस्य ॥

चित्र नं. १ : राजगृही वैभारगिरि उपरनी गुप्तकालीन नेमिनाथ-प्रतिमा
Image of Neminātha, Vaibhāragiri, Rājgir, c. 5th century A.D.

चित्र नं. २ : राजगृहीनी सोनभंडार गुफामांना चोमुखजीनी सातमा-आठमा सैकानी संभवनाथजी कार्योत्सर्ग मूर्ति

Quadruple Image of Sambhavnātha, Sonbhaṇdār cave, Rājgir, c. 7th-8th Century

चित्र नं. २ : ई. स. ५२५-५५० आसपासनी श्रीजिनभद्र वाचनाचार्य प्रतिष्ठित श्रीऋषभदेवनी धातुप्रतिमा

Ṛṣabhanātha from Akoṭā, Bronze, c. 525-50 A.D. Installed by Śrī Jinabhadra Vācanācārya (Jinabhadra Gaṇi Kṣamāśramaṇa)

वडोदरा म्युझियमना सौजन्यथी] [फोटो : डॉ. उमाकान्त प्रे. शाह

चित्र नं. ४ : ई. स. १०५३-६३ वच्चे प्रतिष्ठित थएल धातुनुं समवसरण

Bronze Sculpture of a Samavasaraṇa (c. 1053-63 A.D.) (Now in a Jaina Shrine, Surat)

फोटो : डॉ. उमाकान्त प्रे. शाह]

चित्र नं. ७ : लीलवादेवा पासेथी मळेली प्राचीन पश्चिम भारतीय कलानी धातुप्रतिमा,—श्रीपार्श्वनाथजीनी त्रितीर्थी

Parśvanātha Tri-Tīrthi found near Līlvādevā, V. S. 1093

[illegible] सौजन्यथी

चित्र नं. ६ : लीलवादेवा पासेथी मळेल श्रीपार्श्वनाथजीनी त्रितीर्थी प्रतिमानो सं. १०९३ नो लेख
Back of Pārśvanātha Tri-Tīrthī showing inscription bearing Samvat Year 1093

ચિત્ર નં. ૭-૮ : વડોદરાના દાદાપાર્શ્વજીના દહેરાસરમાંની વિક્રમના અગિયારમા સૈકાના ઉત્તરાર્ધની ત્રિતીર્થિક ધાતુપ્રતિમા

Tri-Tirthi in the Dadā Pārśvanātha Temple, Baroda : Back showing inscription (c. 11th Century A.D.)

ફોટો : ડૉ. ઉમાકાન્ત પ્રે. શાહ]

चित्र नं. ९ : ई. स. १०९४-९५मां भरायेल आदिनाथजीनी चोवीसी
Ādinātha Chovisi installed in 1094-95 A.D. (Piṇḍwāḍā)

चित्र नं. १० : महाअमात्य तेजपाल तथा अनुपमादेवी
Tejpāla and Anupamādevi in Lūṇa-Vasahi (Ābu)

फोटो : डा. उमाकान्त प्रे. शाह]

चित्र नं. ११-१२ : आबु-विमलवसही अने लूणवसहीना रंगमंडपनी छत

No. 11 : Richly carved dome with famous lotus pendent, Vimala-Vasahi
No. 12 : Ornamental pendent and arch, Lūṇa-Vasahī (Ābu)

फोटो : श्री जगन महेता]

चित्र नं. १२ : आबु-लूणवसहीना छत उपर गिरनार अने द्वारिका नगरी तथा समवसरणनां दृश्यो

Relief plaque from a ceiling, Lūṇa-Vasahī (Ābu) showing port of Dvārikā, Mt. Girnār and Samavasaraṇa
13th Century

फोटो : श्री जगन महेता]

चित्र नं. १४ : राणकपुरनो सहस्त्रफणा पार्श्वनाथनो पाषाणपट
Dexterously carved image of Pārśvanātha with a canopy of a thousand snake-hoods. Rānakpur, 19th Century

फोटो : श्री आर. भारद्वज]

चित्र नं. १५ : राणकपुरना चौमुखजी मन्दिरना पाषाण पर कोतरेल नन्दीश्वर द्वीपनो बावन जिनालयनो पट

Marble plaque of Nandiśwardwīpa, Rāṇakpur, 15th Century

फोटो : डॉ. उमाकान्त प्रे. शाह]

જૈન સત્યપ્રકાશ, વર્ષ ૧૭, અંક ૪માં આ પ્રતિમાની વિગતવાર ચર્ચા કરી આ લેખકે બતાવ્યું છે તેમ આ પ્રતિમાના સ્થાપક શ્રીજિનભદ્રવાચનાચાર્યને શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણ તરીકે ઓળખવાને કંઈજ હરકત નથી. પ્રતિમાનો સમય ઈ. સ. ૫૨૫–૫૪૦ આસપાસ મૂકી શકાય તેમ છે, જે સમયમાં મહાન આગમિક આચાર્ય વિશેષાવશ્યક – ભાષ્યકાર શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણ થઈ ગયા.

ગણધરવાદ(ગુજરાતી)ની પોતાની પ્રસ્તાવનામાં મારા ઉપરના મન્તવ્યને શ્રી દલસુખભાઈ માલવણિયાએ વધુ કારણો દર્શાવી સમર્થન આપ્યું છે. કળાની દૃષ્ટિએ આ પ્રતિમા અંગે વધુ વિવેચન આ લેખકના ટૂંકમાં પ્રસિદ્ધ થનાર પુસ્તક The Art of Akota Bronzesમાં આવશે.

ચિત્ર નં. ૪: ધાતુનું સમવસરણ : આ એક સુંદર એવું મોટું ધાતુનું સમવસરણ છે, જે લગભગ બત્રીસ ઈંચિ ઊંચું છે. ત્રણે ગઢ તેના દરવાજા સાથે બતાવ્યા છે અને ઉપરના ભાગમાં ચૌમુખજી બિરાજે છે. સમવસરણની નીચેની ધારે એક ઘસાયેલો લેખ છે, જે પૂરો વંચાતો નથી. તેમાં શરૂમાં સં. ૧૧૧ × સ્પષ્ટ છે. સંવતનો છેલ્લો આંક સ્પષ્ટ નથી એટલે આ સમવસરણ ઈ. સ. ૧૦૫૩–૧૦૬૩ની વચ્ચે ભરાયું—પ્રતિષ્ઠિત થયું ગણી શકાય.

હાલમાં સૂરતમાં વડા ચૌટાના એક દહેરાસરમાં આ ભવ્ય સમવસરણ છે. કહે છે કે મારવાડના કોઈ ગામમાંથી લાવી તેને અહીં પધરાવ્યું છે. કળાની દૃષ્ટિએ એ તત્કાલીન ગુજરાતી કળાનું જ છે. તે સમયની ગુજરાત અને મારવાડની જૈન પ્રતિમાઓ એકસરખી કળાશૈલીની બનતી હતી.

નીચે લેખ અને સંવત હોવાથી ગુજરાતની ધાતુ–શિલ્પ–કલાનો આ બહુ અગત્યનો નમૂનો છે, જેથી એની પૂરી સાચવણી રાખવી ઘટે છે. ચૌમુખજીવાળો ભાગ છૂટો કરી ઉતારી શકાય છે.

ચિત્ર નં. ૫–૬: લીલવાદેવા પાસેથી મળેલી ધાતુપ્રતિમા : આ ધાતુપ્રતિમા ઝાલોદ તાલુકામાં લીલવાદેવા પાસેથી મળેલી સાત પ્રતિમાઓમાંની એક છે. આ પ્રતિમાની પાછળ લેખ છે (ચિત્ર ૬) તે આ પ્રમાણે છે : ॐ संवत् १०९३ — श्री नागेन्द्रकुले श्रीसिद्धसेन दिवाकराचाय्य(र्य्यै) (गच्छे) माइंकया करापित्तं जिनत्रयं.

આ પ્રતિમા શ્રીપાર્શ્વનાથજીની ત્રિતીર્થી છે. આ પ્રતિમા પ્રાચીન પશ્ચિમ ભારતીય કળાના અંતિમ સમયની છે અને એમાં ગુર્જરોની કળા દૃષ્ટિગોચર થાય છે. લીલવાદેવાની વધુ પ્રતિમાઓ માટે જુઓ Bulletin of the Baroda Museum, Vol. IX

ચિત્ર નં. ૭–૮: વડોદરાના દાદાપાર્શ્વનાથજીના દહેરાસરમાંની ધાતુપ્રતિમા : વડોદરાના દાદાપાર્શ્વનાથજીના પ્રાચીન દહેરાસરમાં આ ધાતુપ્રતિમા છે. પાછળનો ભાગ લેખ સહિત છાપ્યો છે, જ્યારે ચિત્ર ૮માં આગળનો દર્શનીય ભાગ છે. પ્રતિમા ઘસાઈ ગયેલ છે. લેખ આ પ્રમાણે છે : श्री नागेंद्रकुले श्रीगुणसेनसूरिसंताने चक्केस्वरी स्राविकया कारितेयं.

લિપિ જોતાં આ લેખ વિક્રમના અગિયારમા સૈકાના ઉત્તરાર્ધમાં મૂકી શકાય તેમ છે.

પ્રતિમા ત્રિતીર્થિક છે. મોટા પદ્મ ઉપર ભગવાન બિરાજે છે પણ પદ્મપ્રભુ નથી. વાસ્તવમાં આવી રચના પ્રાચીન મૂર્તિઓમાં તીર્થંકર પ્રતિમાઓનાં આસનોમાં આવે છે.

ઈ. સ. ૧૯૩૮ કે ઈ. સ. ૧૯૩૯માં હું પૂ. શ્રી કાંતિવિજયજી મહારાજશ્રીના દર્શનાર્થે પાટણ ગયો ત્યારે મને એઓશ્રીએ જણાવેલું કે વડોદરાના રાજમહેલ – લક્ષ્મીવિલાસ પેલેસના પાયા ખોદતા એક ધાતુપ્રતિમા મળી હતી તે દાદાજીના દહેરાસરજીમાં છે. ત્યારે તેઓશ્રી ફોટો પણ બરોબર જોઈ શકે તેમ નહોતું પણ મારું અનુમાન એ છે કે એ પ્રતિમા તે આ હશે.

પ્રાચીન અકોટા રાજમહેલથી બહુ દૂર નથી. અકોટાની મળેલી જૈન પ્રતિમાઓનો અભ્યાસ કરતાં લાગે છે કે આ પ્રતિમાને છેવટે ઈ.સ.ના અગિયારમા સૈકાની ગણવામાં કોઈ ભૂલ થવા સંભવ નથી.

ચિત્ર નં. ૯: આદિનાથજી ચોવીસી : આદિનાથજીની ચોવીસીનું આ શિલ્પ છે. વચમાં પદ્માસને શ્રીઋષભદેવજી છે. પીઠ ઉપર જમણી બાજુએ ગોમુખયક્ષ છે, જ્યારે ડાબી બાજુએ અંબિકાયક્ષી છે. સિંહાસનની વચમાં આદિશક્તિ છે. ધર્મચક્રની નીચે, પીઠના મધ્ય ભાગે કઈ આકૃતિ છે તે સમજાતું નથી. ચોવીસીની રચના સુંદર તોરણરૂપે કરેલી છે અને એ બાજુના સ્તમ્ભો ઉપર નાનાં શિખરો છે. આ પ્રતિમાની પાછળ લેખ છે તે આ પ્રમાણે છે : संवत ११५१ : वीहिल तनुजश्राद्धः यशोवर्द्धन (कः) जशो (यशः) (अ) चीकरदिमं रुच्यं चतुर्विंशतिपट(पट्ट)कं ॥

આમ આ ધાતુપ્રતિમા સં. ૧૧૫૧ = ઈ. સ. ૧૦૯૪–૯૫માં ભરાઈ હતી. એ પ્રતિમા ઉપર લેખ તેમ જ તેનો ભરાવ્યાનો સંવત આપ્યો હોવાથી કળાની દૃષ્ટિએ આ પ્રતિમાનો અભ્યાસ ઉપયોગી થઈ પડે છે. ઉપરાંત આમાં ધ્યાનમાં રાખવા જેવું એ છે કે ગોમુખયક્ષ હોવા છતાં યક્ષી તરીકે ચક્રેશ્વરીને બદલે અંબિકા જ હજુ ચાલુ રહે છે.

આ પ્રતિમા શિરોહી રાજ્યમાં આવેલા વસંતગઢમાંથી મળી હતી અને હાલ પિંડવાડાના જૈન મંદિરમાં પૂજાય છે. વધુ વિવેચન માટે જુઓ લલિત–કલા, અંક પહેલો.

ચિત્ર નં. ૧૦ : મહાઅમાત્ય તેજપાલ તથા અનુપમાદેવી : ગુજરાતના વિખ્યાત મંત્રીશ્વરો વસ્તુપાલ–તેજપાલ પૈકી લૂણવસહી મન્દિર બંધાવનાર મહાઅમાત્ય તેજપાલ તથા તેમના પત્ની શ્રી અનુપમાદેવીની આ સુંદર શિલ્પાકૃતિઓ છે. આબુમાં લૂણવસહીની હસ્તિ–શાલામાં આ શિલ્પ છે. શિલ્પમાં તત્કાલીન વેશભૂષાનો સુંદર ખ્યાલ આવે છે. અનુપમાદેવીના વસ્ત્રની ભાત પણ બતાવી છે. આ શિલ્પ લૂણવસહી બંધાઈ તે સમયનું જ છે.

ચિત્ર નં. ૧૧–૧૨ : વિમલવસહી અને લૂણવસહીના રંગમંડપની છત : આબુના વિશ્વવિખ્યાત વિમલવસહી અને લૂણવસહીના રંગમંડપની છતની કોતરણીની બારીકાઈ, સુંદરતા અને અધિકતાનો ખ્યાલ અહીં મળે છે. વિમલવસહી રગમંડપ છતના પ્રથમ ચિત્રમાં સોળ વિદ્યાદેવીઓની સુંદર ઊભી મૂર્તિઓ છે. આ રંગમંડપની છત પદ્મલંબક(કાચલા ઝુમ્મર) ને લીધે પ્રખ્યાત છે. તે ઉપરાંત મનુષ્ય જીવનના અનેક પ્રસંગોની સુંદર રજૂઆત કરેલ છે. આ રંગમંડપ કુમારપાળના મંત્રીશ્વર પૃથ્વીપાલે વિ. સં. ૧૨૦૪–૧૬(ઈ. સ. ૧૧૪૮–૫૦)માં કરાવ્યો હતો. લૂણવસહીનું બીજું ચિત્ર કમાન, ઝુમ્મર અને છતની અદ્‌ભુત કોતરણીની રજૂઆત કરે છે. આ રંગમંડપ ગુજરાતના મહામંત્રી તેજપાલે કરાવ્યો હતો.

ચિત્ર નં. ૧૩ : દ્વારિકા નગરી તથા સમવસરણ : આબુના લૂણવસહીની દેરી નં. ૯ના બીજા ગુમ્મજની છતમાં દ્વારિકા નગરી, ગિરનાર પર્વત અને સમવસરણનો ભાવ છે. છતની વચ્ચે સમવસરણ છે. સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકાઓ વગેરે મૂળનાયક શ્રીનેમિનાથજી ભગવાનના દર્શન માટે જતા જણાય છે. એક ખૂણામાં સમુદ્ર, ખાડી, જળચર જીવો, વહાણો, જંગલ અને મન્દિરો છે. આ દેખાવ દ્વારિકા નગરીના બંદરનો છે. એક બાજુ ખૂણામાં એક પર્વત ઉપર ચાર શિખરબંધ મન્દિરો, નાની દેરીઓ, વૃક્ષો અને બહાર ભગવાન કાઉસ્સગ્ગ ધ્યાને ઊભા છે. આ ગિરનાર પર્વતનો ભાવ છે.

ચિત્ર નં. ૧૪ : સહસ્રફણા પાર્શ્વનાથનો પાષાણપટ : ત્રૈલોક્ય દીપિકા યાને ધરણવિહાર નામે પ્રસિદ્ધ નલિની ગુલ્મના કળાકૌશલ્યના આદર્શ નમૂનારૂપ મન્દિર શ્રી ધરણાશાહે પંદરમા સૈકામાં બંધાવેલ છે. રાણકપુરના આ જિન પ્રાસાદમાં એક મોટો સહસ્રફણા પાર્શ્વનાથનો પટ છે. સર્પની આકૃતિ વચ્ચે નાગિણીઓ સાથેનું આ એક પ્રકારનું સંયોજિત ચિત્ર નાગના જુદા જુદા નાગપાશથી અલંકૃત થયેલ મનોહર દૃશ્ય રજૂ કરે છે. આ પટ વિ. સં. ૧૯૦૩માં પ્રતિષ્ઠિત થયેલ છે. તેની કારીગીરી જોતાં લાગે છે કે વિક્રમ સંવત ઓગણીસમી સદીના અંત સુધી પણ ગુજરાત-મારવાડમાં શિલ્પકળાની સારી પરંપરા જળવાઈ હતી. આવો સહસ્રફણા પાર્શ્વનાથ પાષાણપટ ભારતમાં બીજે ક્યાંય નથી.

ચિત્ર નં. ૧૫ : પાષાણ પર કોતરેલ નન્દીશ્વર દ્વીપ : આ નન્દીશ્વર દ્વીપની રચના દેખાડતું પાષાણ ઉપર કોતરેલું શિલ્પ છે, જે નન્દીશ્વર દ્વીપના પટના નામથી ઓળખાય છે. આ પટ ઘણો મોટો છે અને ધરણાશાહના બંધાવેલા રાણકપુરના ચૌમુખજીના વિખ્યાત મન્દિરમાં છે.

વાસ્તવમાં આમાં નન્દીશ્વર દ્વીપના બાવન જિનાલય જ રજૂ કરવાનો પ્રયત્ન થયો છે. દ્વીપના વર્ણન મુજબ એની ભૌગોલિક રચના બતાવી નથી એટલે 'નન્દીશ્વર દ્વીપ બાવન જિનાલય પટ' કહી શકાય. આ પટ બનાવવામાં કળાકારે સુન્દર કારીગીરી બતાવી છે.

ડૉ૦ ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ

૨ : જૈન સાધ્વીજીઓની ભવ્ય પાષાણ-પ્રતિમાઓ

જૈન શિલ્પકામોમાં પ્રાચીનકાળમાં આચાર્યો—સાધુઓ—સાધ્વીઓનાં સ્મારકો તરીકે સ્તૂપો અને પાદુકાઓને સ્થાન હતું. પાછળથી તેમાં મૂર્તિશિલ્પની પ્રથાએ પ્રવેશ કર્યો અને પરિણામે ભારતના જુદા જુદા વિભાગમાં જૈન શ્રમણોની મૂર્તિઓ—ભલે અલ્પ સંખ્યામાં પણ—જોવા મળે છે જે જાણીતી બાબત છે. પણ જૈન આર્યા—સાધ્વીજીનાં મૂર્તિશિલ્પો ક્વચિત જ અસ્તિત્વ ધરાવતાં હોઈ તે બાબત લગભગ અદ્યાપિ અપ્રકાશિત જેવી જ રહી છે. અહીંયાં ત્રણ સાધ્વીની મૂર્તિઓ એક સાથે જ, પ્રથમ વાર જ પ્રકાશિત થાય છે. સાધ્વી-શિલ્પનો પ્રારંભ ક્યારે થયો તેનો હજુ ચોક્કસ નિર્ણય નથી થયો પણ નં. એકની મૂર્તિ ૧૩મી સદીના પ્રારંભકાળની હોઈ, સંભવ છે કે તે અગાઉના સમયથી આ પ્રવૃત્તિ શરૂ થઈ હોય. જૈન સંઘના બંધારણ મુજબ સાધ્વીજીનું સ્થાન સાધુ પછી બીજે જ નંબરે હોઈ, આ પ્રથા દ્વારા પૂજ્યતાની દૃષ્ટિએ બેઉમાં સમાનત્વની પ્રતીતિ કરાવવાનો હેતુ પણ હોઈ શકે. સાધ્વી મૂર્તિની પ્રતિષ્ઠાનું વિધાન પંદરમી સદીમાં રચાયેલા શ્વે૦ आचारदिनकर ગ્રંથના ૧૩મા અધિકારમાં છે. બાકી શ્રમણ—શ્રમણીના શિલ્પવિષયક ક્ષેત્રમાં સાદ્યંત પ્રકાશ પાડવાની તદ્વિષયક અભ્યાસીઓને જરૂર ખરી.

*

ચિત્ર નં. ૧ : જૈન આર્યા—સાધ્વીજીની આરસપાષાણની ઊભી મૂર્તિ : કુશળ શિલ્પીએ તેમના હાથમાં સાધુજીવનના પ્રતીકસમાન રજોહરણ—ઓઘો, મુહપત્તિ—મુખવસ્ત્રિકા આપી બે હાથ જોડી નમસ્કાર કરતી બતાવી છે. એમાં કટિમરોડથી ઊભવાની અને હાથ જોડવાની મુદ્રા દ્વારા નમ્રતાનો જે ભાવ સૂચિત કર્યો છે તેથી, અને મુખાકૃતિને ધ્યાનસ્થ બતાવી, મુખારવિંદ ઉપર અખૂટ શાંતિ, વિનીતભાવ અને લાવણ્યપૂર્ણ તેજસ્વિતાનું જે દર્શન કરાવ્યું છે તેથી મૂર્તિ રમ્ય અને દર્શનીય બની ગઈ છે. મૂર્તિ નિહાળતાં ત્યાગજીવનની સ્વયંસ્ફુરિત શાંતિના આપણને સહસા દર્શન થાય છે.

મૂર્તિમાં મસ્તકથી પાદ સુધી વસ્ત્રપરિધાન અને ડાબા ખભે ઊનની કંબલ નાખીને ચકોર કળાકારે જૈન સાધ્વીજીની વેષભૂષાનું વાસ્તવિક દર્શન કરાવ્યું છે. પગની બંને બાજુએ બે ઉપાસિકાઓ છે.

મૂર્તિની નીચેના ભાગમાં સં. ૧૨૦૫ श्री महत्तरा सपरिवारा... ॥ આ પ્રમાણેનો ટૂંકો લેખ છે. આ લેખમાં સાધ્વીજીનું નામ અંકિત નથી. આ મૂર્તિ આ પરિચય લખનારના સંગ્રહમાં છે.

ચિત્ર નં. ૨ : જૈન સાધ્વીજીની સંગેમરમરના પાષાણમાં કોરી કાઢેલી બેઠી મૂર્તિ : આ મૂર્તિ સવસ્ત્ર છે. પ્રવચન કે ગણધર મુદ્રા જેવો ખ્યાલ આપતી ભદ્રાસન ઉપર સ્થિત છે. ડાબા હાથમાં મુખવસ્ત્રિકા છે, જમણો હાથ ખંડિત થઈ ગયો છે, તે છતાં તેનો જેટલો ભાગ છાતી પર દેખાય છે તે ઉપરથી લાગે છે કે શિલ્પીએ હાથમાં માળા આપી હોય. તેમનું રજોહરણ—ઓઘો પ્રાચીનકાળમાં શ્રમણોની મૂર્તિઓમાં બહુધા જે રીતે બતાવાતું તે રીતે અહીં પણ મસ્તકના પાછલા ભાગમાં બતાવેલ છે.

મૂર્તિમાં પારિપાર્શ્વકો તરીકે કુશળ શિલ્પીએ કુલ ચાર રૂપઆકૃતિઓ બતાવી છે. આ પારિપાર્શ્વકો સાધ્વી નહિ પણ ગૃહસ્થ શ્રાવિકાઓ છે, પણ દુર્ભાગ્યે ડાબી—જમણી બાજુની એક એક

पाटणना जैन मन्दिरनो एक सुंदर काष्टपट

આકૃતિ ખંડિત થઈ ગઈ છે. છતાં એમ લાગે છે કે ચારેયને કળાકારે કંઈ ને કંઈ કાર્યરત બનાવી સેવા અને ઉપાસનાનો એક ભાવવાહી આદર્શ રજૂ કર્યો છે. એમાં જે બે આકૃતિઓ અખંડ દેખાય છે તેમાં એક ઊભી ને બીજી બેઠી છે. ઊભી આકૃતિ ઊભવાના કોઈ સાધન ઉપર ઊભા રહીને પોતાનાં પૂજ્ય સાધ્વીજીની વાસક્ષેપથી પૂજા કરતી હોય તેમ લાગે છે. શિલ્પીએ તેની ઊભવાની પદ્ધતિ ખૂબ જ આકર્ષક અને વિનયભાવભરી બતાવી છે. મુખ ઉપર પૂજા અને ભક્તિનો ઊંડો ભાવ વ્યક્ત કર્યો છે. તેને સવસ્ત્ર બનાવી મૂર્તિમાં ઉત્તરીય વસ્ત્ર જે ખૂબીથી નાખ્યું છે તે શિલ્પકળાના ગૌરવમાં સવિશેષ ઉમેરો કરે છે. એ કૃતિ કોઈ અગ્રણી ભક્તશ્રાવિકાની સંભવે છે. સાધ્વી મૂર્તિના પલાંઠી વાળેલા ડાબા પગ નીચે, ઘૂંટણિયે પડેલી જે ઉપાસિકા બતાવી છે તેના મુખ ઉપર શિલ્પીએ આંતરભક્તિભાવ અને પ્રસન્નતાનું મનોરમ દૃશ્ય બતાવ્યું છે. મૂર્તિ ઉપર તીર્થંકરની એક પ્રતિમા પણ ઉપસાવી કાઢી છે.

આ શિલ્પનું સમગ્ર દર્શન એટલું આકર્ષક અને ભાવવાહી છે કે જેથી આપણે પ્રાપ્ય સાધ્વીમૂર્તિ-શિલ્પમાં આને સર્વશ્રેષ્ટ તરીકે સહેજે બિરદાવી શકીએ.

પણ ખેદની વાત એટલી જ કે કળા અને સૌંદર્યના જ્ઞાનરસથી અનભિજ્ઞ અને શુષ્ક એવા વહીવટદારોએ તે મૂર્તિ ઉપર પ્રમાણથી વધુ મોટા અને મેળ વિનાના બાઘા જેવા ચક્ષુઓ, મોટી ભ્રમરો, નવે અંગે તદ્દન બિનજરૂરી મોટા ચાંદા જેવા ટીકાઓ ચોટાડી મૂર્તિની સુંદરતા અને ભવ્યતામાં ભારે ઊણપ આણવા સાથે કદ્રૂપતાનાં દર્શન કરાવ્યાં છે.

મૂર્તિ નીચે :— वि. सं. १२५५ कार्तिक वदि ११ बुधे देमतिगणीनी मूर्ति [:] ॥ આ પ્રમાણે લેખ કોતરેલો છે. આ મૂર્તિ ગુજરાત-પાટણના અષ્ટાપદજીના મંદિરમાં છે.

ચિત્ર નં. ૩ : આરસપાષાણની સાધ્વીજીની મૂર્તિ : સાધ્વીજીની આ મૂર્તિ પોતાના મસ્તક ઉપર રહેલી સ્વઆરાધ્ય જિન પ્રતિમાને નમસ્કાર કરવા ભદ્રાસન પર પ્રવચન(?)મુદ્રાએ હાથ જોડીને બેઠેલાં હોય તેવો ભાવ રજૂ કરે છે. તેઓ સવસ્ત્ર છે. તેમની ડાબી બાજુએ દીક્ષિત અવસ્થા સૂચક અને અહિંસા ધર્મના પ્રતીક સમાન રજોહરણ–ઓઘો દેખાય છે, જેની દાંડી હાથના કાંડા ઉપર થઈ ને ઠેઠ ઉદર ભાગને સ્પર્શેલી છે. ડાબા હાથની કોણી નીચે લટકતો વસ્ત્રનો છેડો દેખાય છે. આનું શિલ્પકામ સ્થૂલ પદ્ધતિનું ગ્રામીણ ઢબના મિશ્રણવાળું છે. આમાં પણ વહીવટદારોએ નવાંગે ટીકાઓ નિરર્થક ચોડ્યા છે.

જનતાની અજ્ઞાનતાને કારણે માતર તીર્થની આ મૂર્તિ "શ્રી ગૌતમસ્વામીજીએ ભગવાન મહાવીરને મસ્તક ઉપર ધારણ કર્યા છે" એ રીતે જ વર્ષોથી ઓળખાતી ને પૂજાતી હતી. પણ બે વરસ પર મારું ત્યાં જવાનું થતાં આ ભ્રમ દૂર કરાવ્યો અને એ પ્રતિમાજીને બાજુમાંથી ઉઠાવી સન્મુખ પધરાવવા સૂચન કર્યું હતું. તેની નીચેના શિલાલેખમાં वि. सं. १२९८નો ઉલ્લેખ છે ને आर्यपद्मसिरि એવું નામ છે. સમયના અભાવે ને લેખની વધુ અસ્પષ્ટતાના કારણે સંપૂર્ણ લેખ લઈ શકાયો નથી. આ મૂર્તિ ગુજરાતના ખેડા પાસેના માતર તીર્થની છે.

ઉપરની ત્રણેય મૂર્તિઓ એક જ સૈકાની અને વળી આદિ, મધ્ય અને અન્તના ભાગની છે.

મુનિશ્રી યશોવિજયજી

૩ : પાટણના જૈન મંદિરમાંનો એક સુંદર કાષ્ઠપટ

પાટણના કનાશાના પાડામાં જોડાજોડ આવેલ બે જૈન મંદિરો પૈકીના એકમાં આ કાષ્ઠપટ મંદિરની જમણી બાજુની ભીંતમાં સુરક્ષિતપણે જડી દીધેલો છે. સમસ્ત ગુજરાતમાં આટલો મોટો તીર્થકાષ્ઠપટ ભાગ્યે જ અન્ય હશે.

પ્રાચીનકાળે કાષ્ઠરચનાથી મંદિરો થતાં તેની પરંપરારૂપે આ કાષ્ઠશિલ્પની કૃતિમાં ઉપલા ભાગમાં વર્તમાનયુગના વીશ તીર્થંકરોની નિર્વાણભૂમિરૂપે સમેતશિખર તીર્થ અને યુગના આદ્ય તીર્થંકર ભગવાન ઋષભદેવની નિર્વાણભૂમિ તરીકે અષ્ટાપદ તીર્થ વગેરેનું કોતરકામ થયેલું છે.

સમેતશિખરમાં શિલ્પીએ ત્રણે ય દિશામાં ફરતી વીશ ટેકરીઓ ઉપરની વીશ દેવકુલિકાઓ—દહેરીઓ તેમની મૂર્તિઓ સાથે બુદ્ધિપૂર્વક ગોઠવી છે. વચમાં ત્રણ શિખરોથી સુશોભિત ભગવાન પાર્શ્વનાથની પ્રતિમાથી અલંકૃત અતિભવ્ય જલમંદિર સુંદર ને સુસ્પષ્ટ કોતરકામથી બતાવ્યું છે.

ઉપરાંત પ્રસ્તુત પહાડ પક્ષીઓ, જલજંતુપૂર્ણ નદી, વાવો, સરોવરો, કુંડો, વૃક્ષો, વનરાજીઓ, ધ્યાન ને તપ કરતાં અનેક સંતો—ઋષિઓ ને યાત્રાર્થે ચઢતાઊતરતા માનવોની તાદૃશ ને રમ્ય આકૃતિઓથી કાષ્ટપટને ભરપૂર બનાવ્યો છે.

નીચેના ભાગમાં અષ્ટાપદ પર્વત 'ચત્તારિઅટ્ઠદસદોય'ના નિયમ મુજબ ચોવીશ તીર્થંકરોની ફરતી શિખરબંધી દેવકુલિકાઓથી શોભે છે. આ મંદિરના મધ્ય ભાગે ઋષભદેવ ભગવાનની નિર્વાણભૂમિ ઉપર જૈનશાસ્ત્રના કથન મુજબ મંદિરને બદલે અલંકૃત રીતે સ્તૂપરચના બતાવી છે અને ઉપરના ભાગે બંને બાજુએ ચામરધારી તરીકે ઈન્દ્રો બે બતાવ્યા છે. આમ પ્રાચીનકાળની મૂળ પ્રથા અહીં બરાબર દેખાય છે. સમગ્ર મંદિરની જમણી બાજુ તન્તુવાદ્ય બજાવતા દશશિર રાવણ અને તેની ડાબી બાજુ તેમની જ પત્ની મંદોદરીને ભગવાન આગળ ભક્તિનૃત્ય કરતાં બતાવ્યાં છે. વળી મંદિરના નીચેના ભાગે સૂર્ય બતાવીને, તેના કિરણના આધારે ગૌતમસ્વામી યાત્રાર્થે પહોંચ્યા તે ભાવ રજૂ કર્યો છે. ઉપરના ભાગે જંઘાચારણ—વિદ્યાચારણ મુનિઓ યાત્રા કરવા આવ્યાનું દર્શાવ્યું છે. નીચે સગરચક્રીના પુત્રો તીર્થરક્ષણાર્થે ખાઈ ખોદી રહ્યાનું બતાવ્યું છે. આજુબાજુ જુદાં જુદાં આસનો દ્વારા તપ ને ધ્યાન કરી રહેલા ઋષિમુનિઓ બતાવ્યા છે. ઉપરના ભાગે વીશ વિહરમાન જિનની દહેરીઓ અને અન્ય તીર્થમંદિરો બતાવ્યાં હોય તેમ જણાય છે.

આ તીર્થપટ ગુજરાતના કાષ્ઠશિલ્પમાં બહુમૂલ્ય વસ્તુ છે. તેનું માપ આશરે ૩॥' × ૭' છે. અને સમય આશરે ૧૭–૧૮મી શતાબ્દી વચ્ચેનો ગણી શકાય. શ્રીપંચાસરજીની પ્રતિષ્ઠા પ્રસંગે તેનું મને પ્રથમ જ દર્શન થયું હતું.

મુનિશ્રી યશોવિજયજી

श्रमण भगवान महावीरनो मेरूपर्वत उपर जन्माभिषेक

सौधर्मेन्द्र भगवानने खोळामां लइने बेठा छे. वृषभरूपधारी इंद्रो-देवगण अभिषेकोत्सव उजवी रह्या छे. धार्मिक चित्रो द्वारा कळाने उत्तेजन आपवानी जैन साधुओनी परंपरा घणा सैकाओथी जोवा मळे छे. आजे पण जैन श्रमणो सर्वमान्य पवित्र कल्पसूत्रचित्रोनुं सर्जन करावे छे. आ चित्र पू. मुनिवर श्रीयशोविजयजी महाराजना संग्रह पैकीनुं जयपुरी कळानुं प्रतीक छे.

न्यायाचार्य उपाध्याय श्रीयशोविजयजी महाराजना जीवनकाळनी विचारणामां अभूतपूर्व प्रकाश पाडतो वि. सं. १६६३मां चीतरायलो ऐतिहासिक वस्त्रपट

૪ : ઐતિહાસિક વસ્ત્રપટ

ન્યાયાચાર્ય ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજના જીવનકાળની વિચારણામાં અભૂતપૂર્વ પ્રકાશ પાડતો વિ. સં. ૧૬૬૩માં ચીતરાયેલો આ ઐતિહાસિક વસ્ત્રપટ જૈન ધર્મની માન્યતા મુજબ દોરાયેલા મેરુપર્વતનો છે. મેરુપર્વતને ફરતી જે પુષ્પિકા છે એ અતિમૂલ્યવતી હોવાને કારણે પ્રથમ જ પ્રકાશમાં મૂકયો છે.

આ વસ્ત્રપટ વિ. સં. ૧૬૬૩માં ઉ. ગુજરાતમાં કનોડા-ગાંભૂ પાસે આવેલા कणसागर ગામમાં ચીતરાયેલો છે. તેના આલેખક જૈન શાસનના અદ્ભુત જ્યોતિર્ધર પ્રકાણ્ડ વિદ્વાન, સર્વદર્શનવિજ્ઞ, સેંકડો ગ્રંથોના રચયિતા, ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ મહોપાધ્યાય ૧૦૦૮ શ્રીમદ્ યશોવિજયજી મહારાજના ગુરુદેવ પૂજ્યશ્રી નયવિજયજી મહારાજ છે અને તેમણે પોતે જ પટમાં गणिजसविजययोग्यं લખીને સ્વશિષ્ય શ્રી યશોવિજયજી ગણિ માટે જ તૈયાર કર્યો છે તેમ સ્પષ્ટ કર્યું છે. ઉપાધ્યાયજીનો જીવનકાળ નક્કી કરવા માટે એક અમૂલ્ય ઐતિહાસિક દસ્તાવેજ જેવો આ પટ બની ગયો છે.

પૂ. ઉપાધ્યાયજીની જન્મ, દીક્ષા, વડીદીક્ષા, પદપ્રાપ્તિ કે અવસાન અંગેની આધારભૂત તિથિ મળતી નથી. માત્ર સંવતો ને તે પણ જન્મની, વડીદીક્ષા, પદપ્રાપ્તિ ને સ્વર્ગગમનની "સુજસવેલી"માં માત્ર મળે છે. લઘુદીક્ષાની તો સાલ પણ નહિ.

એમાં વડીદીક્ષાની સાલ ૧૬૮૯ નોંધી છે તેથી દીક્ષા વચ્ચે થોડા મહિનાનું અંતર હોવું જોઈએ.

બીજી બાજુ આ પટની પુષ્પિકામાં તો ૧૬૬૩ની સાલ વખતે ઉપાધ્યાયજીને गणि તરીકે ઓળખાવ્યા છે. આ પુષ્પિકાના પુરાવાના આધારે પચાસેક વર્ષથી જે વિદ્વાનો તેમનો જીવનકાળ લગભગ ૧૦૦ વર્ષનો છે એવું કહેતા આવ્યા છે તેને સમર્થન મળે છે. *

મુનિશ્રી યશોવિજયજી

---

* આ પટ પૂ. આચાર્યશ્રી વિજયધર્મસૂરિજી મહારાજના શિષ્ય મુનિશ્રી યશોવિજયજી મહારાજને સં. ૨૦૦૯ માં અમદાવાદ મુકામે અણધાર્યો પ્રાપ્ત થયો હતો. પટનું માપ ૧૦" × ૧૦" છે. આ પટ મુનિશ્રી યશોવિજયજી મહારાજના સંગ્રહમાં છે.— સંપાદકો.

સુપાસનાહચરિયંની હસ્તલિખિત પોથીમાંનાં રંગીન ચિત્રો

મુનીશ્રી પુણ્યવિજયજી

શ્રી લક્ષ્મણગણિવિરચિત પ્રાકૃત સુપાસનાહચરિયંની હસ્તલિખિત પ્રાચીન પ્રતિમાંથી પસંદ કરીને ૭ સુંદરતમ ચિત્રો આ સ્મારક ગ્રંથમાં આપવામાં આવ્યાં છે. આ પ્રતિ, પાટણના "શ્રીહેમચન્દ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર"માં ત્યાંના તપાગચ્છીય જૈન સંઘની સમ્મતિથી મૂકાયેલા 'તપાગચ્છીય જૈન જ્ઞાનભંડાર'ની છે. આ આખી પોથીમાં શ્રી સુપાર્શ્વનાથચરિત્રમાંના વિવિધ પ્રસંગોને દર્શાવતાં બધાં મળીને ૩૭ ચિત્રો છે, જે પૈકી ૩૧થી ૩૬ સુધીનાં ચિત્રો પ્રતિના માર્જનને બાદ કરીને આખા પાનામાં આલેખાયેલાં છે અને બાકીનાં ચિત્રો પાનાના અર્ધા કે ત્રીજા ભાગમાં આલેખાયેલાં છે. દરેક ચિત્રની બાજુમાં ચિત્રનો ક્રમાંક અને તેનો પરિચય આપવામાં આવ્યો છે, જેનો ક્રમવાર ઉતારો આ ચિત્રપરિચયમાં આપવામાં આવશે. પ્રતિમાંનાં ૨૦, ૪૩ અને ૩૩૨ એ ત્રણ પાનાં ખોવાઈ જવાને કારણે કે જીર્ણ થઈ જવાને કારણે નવાં લખાયેલાં છે અને તેમાં ચિત્રો પણ આલેખવામાં આવ્યાં છે, જે મૂળ ચિત્રકળાને પહોંચી શકતાં નથી. આ કારણસર પ્રતિમાં ક્રમાંક ૨-૩-૧૫-૧૬ અને ૩૧ એમ પાંચ ચિત્રો નવીન છે, જ્યારે બાકીનાં બધાં જ ચિત્રો પ્રાચીન અને બરાબર સુવ્યવસ્થિત રીતે સચવાયેલાં છે. આખી પ્રતિ લગભગ જીર્ણદશાએ પહોંચવા છતાં તે આજ સુધી જે રીતે સચવાયેલી છે એ રીતે સચવાશે તો હજુ પણ બીજી બે-ચાર સદીઓ સુધી પ્રતિને કે ચિત્રોને આંચ આવે તેમ નથી.

આ પ્રતિનો નંબર ૧૫૦૬૯ છે અને તેની પત્રસંખ્યા ૪૪૩ છે. પ્રતિની લંબાઈ-પહોળાઈ ૧૧ × ૪॥। ઇંચની છે. પાનાની દરેક બાજુ પર બાર લીટીઓ અને દરેક લીટીમાં ૩૨થી ૩૮ અક્ષરો લખેલા છે. પ્રતિની લિપિ સુંદર અને સચિત્ર સુંદર પોથીમાં શોભે તેવી છે. પ્રતિ વિક્રમ સંવત્ ૧૪૭૯–૮૦માં લખાયેલી છે. તેના અંતમાં નીચે પ્રમાણે લેખનસમયાદિને સૂચવતી પુષ્પિકા છે :

संवत् १४८० वर्षे । शाके १३४५ प्रवर्त्तमाने । ज्येष्ठ वदि १० शुक्रे बवकरणे । **मेदपाटदेशे** । **देव-कुलवाटके** । राजाधिराजराणा**मोकल**विजयराज्ये । श्रीमद्**बृहद्गच्छे** । **मड्डाहडीय** भट्टारक **श्रीहरिभद्रसूरि**परिवारभूषण **पं०भावचंद्रस्य** शिष्यलेशेन । मुनि । हीराणंदेन लिलिखिरे ।

नंदे मुनौ युगे चंद्रे १४७९ ज्येष्ठमासे सितेतरे ।
दशम्यां लेखयामास शुभाय ग्रन्थपुस्तकम् ॥ १ ॥
नंद–मुनि–वेद–चंद्रे वर्षे श्रीविक्रमस्य ज्येष्ठशिते ।
अलिखत् **सुपार्श्वचरितं हीराणंदो** मुनींद्रोऽयम् ॥ २ ॥

આ પુષ્પિકામાં એટલું જણાવવામાં આવ્યું છે કે વિ. સં. ૧૪૭૯માં મેદપાટ-મેવાડ દેશના દેવકુલવાટક—દેલવાડામાં રાણા **શ્રીમોકલ**ના રાજ્યમાં બૃહદ્ગચ્છાંતર્ગત મડ્ડાહડીય આચાર્યશ્રી હરિભદ્રસૂરિના શિષ્ય ભાવચંદ્રના શિષ્ય હીરાણંદે આ પ્રતિ લખી છે.

ચિત્ર નં. ૨. સોમા રાજકુમારી સાથે ભગવાનનું પાણિગ્રહણ.

←ચિત્ર નં. ૧. વાસભવનમાં પૃથ્વીમાતા સાથે ભગવાન્ શ્રીસુપાર્શ્વનાથ.

चित्र नं. ३. सहस्राम्रवन उद्यानमां भगवाननी दीक्षा.

चित्र ५. श्रीसुपार्श्वनाथ भगवाननी मोक्षप्राप्ति.

પ્રતિની પુષ્પિકામાં એ જણાવવામાં નથી આવ્યું કે પ્રતિમાંનાં ચિત્રો હીરાણંદમુનિએ પોતે આલેખેલાં છે કે કોઈ નિષ્ણાત ચિત્રકારે આલેખેલાં છે. સંભવતઃ હીરાણંદનાં આલેખેલાં ચિત્રો નહિ હોય. છતાં એ પ્રશ્ન સામાન્ય રીતે અણઉકેલ્યો જ ગણાય.

ચિત્રોની લંબાઈ-પહોળાઈ વધારેમાં વધારે ૮ાx૪ાાા ઈંચની છે અને ઓછામાં ઓછી ૩ાx૪ાાા ઈંચ છે. મોટા ભાગનાં ચિત્રો ૩ાx૪ાાા ઈંચનાં છે. કોઈ કોઈ ચિત્ર ૪ાાx૪ાાા ઈંચનાં પણ છે. ચિત્રોમાં લાલ, લીલો, પીળો, આસમાની, ગુલાબી, કાળો, સફેદ, સોનેરી અને રૂપેરી એમ નવ રંગનો ઉપયોગ કરવામાં આવ્યો છે. રંગોની બનાવટ અને મિશ્રણો અતિશ્રેષ્ઠ હોઈ પ્રતિ પ્રાચીન અને તે સાથે જીર્ણ થવા છતાં રંગોની ઝમક અને તેનું સૌષ્ઠવ આજે પણ આંખને આકર્ષે છે. આપણે ત્યાં પ્રાચીન કાળથી ઘણા ઘણા રંગોનું નિર્માણ અને તેનો ઉપયોગ થતો હતો, જેનું ભાન આપણને પ્રાચીન ગ્રંથોમાંનાં ચિત્રો અને પ્રાચીન ચિત્રપટ્ટિકાઓના દર્શનથી થાય છે. આ રંગો મુખ્યત્વે વનસ્પતિ, માટી અને ધાતુઓમાંથી બનતા હતા. જેને લગતા ઘણા ઘણા ઉલ્લેખો આપણને પ્રાચીન ગ્રંથોમાં અને ખાસ કરીને વિપ્રકીર્ણ પ્રાચીન પાનાંઓમાંથી મળી આવે છે. આવા કેટલાક ઉલ્લેખોની નોંધ મેં ભાઈ સારાભાઈ નવાબ સંપાદિત "ચિત્રકલ્પદ્રુમ"માંના મારા "ભારતીય જૈન શ્રમણસંસ્કૃતિ અને જૈન લેખનકળા" નામના અતિવિસ્તૃત લેખમાં આપી છે. તે પછી આને લગતા બીજા કેટલાય ઉલ્લેખો મળી આવ્યા છે. આથી ચિત્રકળા આદિ માટે ઉપયોગી રંગો બનાવવાની કુશળતા આપણે ત્યાં કેટલી અને કેવી હતી તેનો આપણને ખ્યાલ આવી શકે છે.

પ્રાચીન ચિત્રકળાના નિર્માણ સામે આજની કેટલીક વિધવિધ માન્યતા, કલ્પના અને તર્કો–આક્ષેપો હોવા છતાં આ ચિત્રોના નિર્માણમાં એક વિશિષ્ટ પરંપરા હતી, એમાં તો જરાય શંકાને સ્થાન નથી. એ નિર્માણ પાછળના કેટલાક ખ્યાલો વીસરાઈ જવાને લીધે એ ટીકાસ્પદ બને, એ કોઈ ખાસ વસ્તુ ન ગણાય. એટલે પ્રસ્તુત ચિત્રોનું નિરીક્ષણ કરનારે અમુક વિશિષ્ટ દૃષ્ટિએ તેનું અવલોકન કરવું જોઈએ. આ ચિત્રો આપણા પ્રાચીન રીતરિવાજો, સસ્કૃતિ, વેષ-વિભૂષા આદિ અનેક બાબતો ઉપર વિશિષ્ટ પ્રકાશ પાડે છે, એ એક ખાસ ધ્યાનમાં રાખવા જેવી વસ્તુ છે. આટલું ટૂંકમાં જણાવ્યા પછી હવે પ્રતિમાં જે ક્રમે ચિત્રો અને તેનો પરિચય નોંધાયેલો છે તેનો ઉતારો આ નીચે આપવામાં આવે છે :

पत्र–पृष्ठ	चित्रांक	चित्रपरिचय
१–२	१.	श्रीसुपार्श्वजिनः
२–१	२.	श्रीसरस्वती देवी
२–२	३.	गुरुमूर्त्ति
२२–२	४.	प्रथम भव । मध्यमउवरिम ग्रिवेके भोग्य
२५–१	५.	भाद्रपद बहुलाष्टमी सुमिनानि पश्यति
२५–२	६.	गजादि चतुर्दश सुमिनानि १४
२७–१	७.	राजा श्रीसुपइह । राजाग्रे सुपिनानि कथयति राज्ञी ।
२८–१	८.	चारणमुनि सुप्नफलं विचारयति । राजा सुपइह सुणति ।

पत्र–पृष्ठ	चित्रांक	चित्रपरिचय
२३–१	९.	राजा श्रीदानं ददंति स्वप्नपाठकानाम्
३१–१	१०.	राज्ञी पुहमिदेवी प्रसूता ज्येष्ठ उज्ज्वला द्वादशी । सुपार्श्वजन्म
३८–१ डाबी बाजूए	११.	सुरगिरौ इंद्र स्नात्रं करोति
३८–१ जमणी बाजूए	१२.	सुरा स्नात्रवेलां नानाशब्देन वाद्यतं कुरुते
४२–२ डाबी बाजूए	१३.	राज्ञी वासभवण
४२–२ जमणी बाजूए	१४.	राजा श्रीसुपइह्न पुत्रदंसण करणार्थे आगत
४३–२ डाबी बाजूए	१५.	...
४३–२ जमणी बाजूए	१६.	...
५०–२	१७.	श्रीसुपार्श्व पाणिग्रहण भार्या सोमा सहित
५२–२	१८.	राजा श्रीसुपार्श्व सूर्यमंडलं असितं पश्यति प्रतिबुद्ध
६०–१	१९.	सहसांबवणे दीक्षां गृह्णयति जगन्नाथ ज्येष्ठ शुदि १३
६२–१	२०.	जगन्नाथु परमान्नं पारयति । महिंदु पारावयति । महिंदगृहे सुवर्ण रत्न वृिष्ट । देव महोत्सव
६४–२ डाबी बाजूए	२१.	केवलज्ञानं उत्पन्नं सिरीस वृक्षतले फागु व ६
६४–२ जमणी बाजूए	२२.	समोसरणु
६८–१	२३.	समवसरण । अशोक चंत्यवृक्ष धनु क २४०० । सोमा नामा भार्या पुत्रसहिता वंदनायागता
६९–१	२४.	श्रीसुपार्श्वजिन समवसरण । विरुद्ध जीव देसणा श्रुण्वंति
७३–१	२५.	सोमा नाम पत्नीं दीक्षा दीयते । पउत्तिणीपदे स्थापिता । अनेक भव्यजना दीक्षां गृह्णन्ति देशनाप्रतिबुद्धा
७५–२	२६.	श्रीनंदवद्धणपुराधिपति राजा श्रीविजयवर्द्धण प्रतिबुद्ध । दीक्षा गृहीता ।
७६–१	२७.	श्रीसुपार्श्व देशनां कुरुते । पादपद्मभ्रमर राजा दान विरति । सम्यक्त्वादि सातीचार द्वादशव्रतादि व्याख्यान
७६–२	२८.	कुमुदचंद उपाध्याय चम्पकमालां पठावयति
१३१–१	२९.	काल्किादेवी वीसभुजा । भीमकुमरमित्र । कापालिक रूप । भीमकुमरः शिलां क्षिपति । भीमकुमर रूपः । तत्र हस्त । खड्गं गृह्णाति । कृष्णभुजारूढो आकाशे व्रजति भीमः । महिषारूढा देवी रुंडमालहारा

चित्र नं. ४. श्रीसुपार्श्वनाथ स्वामिना प्रथम दिन्न गणधरनुं वनमां आगमन अने पर्षदा समक्ष धर्मोपदेश.

पत्र–पृष्ठ	चित्रांक	चित्रपरिचय
२६६–२	३०.	**उपर**—सहकारतले श्रुतज्ञानिनं मुनिं कीरी नमस्करोति **नीचे**—रिपुमर्दनराजाग्रे शुकः शुकी संवादं कुर्वंति
३३२–२	३१.	आखा पानामां चित्र छे. **डावी वाजू**—राजश्चरणे स्मशानभूमिकायां वेताला नमंति **जमणी बाजू**—वेताल धाविवि वंधरूपा
३३३–२	३२.	आखा पानामां चित्र छे. **डावी वाजू**—राजा सभायामुपविष्टः। वेतालश्छत्रं धरति **जमणी वाजू**—वेताला नृत्यं कुर्वंति। एकः तुल्यहस्तो नृत्यति वृद्धरूपः
३८६–१	३३.	आखा पानामां चित्र छे. **डावी बाजू**—राजा सभायां उपविष्टः। विक्रमराजा **जमणी वाजू**—आकाशात् खेटक–खड्गधारी वेताल उत्तरितः। वेताल युद्धं करोति राजपुरुषैः सार्धम्
३८७–१	३४.	आखा पानामां चित्र छे. **डावी बाजू**—शंखकुमरः वेतालं प्रति धावितः। राजानं प्रति वदति पादौ लगित्वा **जमणी वाजू**—वेतालरूपं युध्यमानम्। अत्र वनमध्ये सूरयः संति केचित्। दृष्टाः कुमरेण। वाहुभ्यां मिलापकं कुर्वंति द्वौ पुरुषौ
४३९–१	३५.	वनमध्ये गणधरः समागतः। दिन्नगणधरः
४४०–२	३६.	आखा पानामां चित्र छे **डावी वाजू**—श्रीसुपार्श्वजिन शैलेशीध्यानमाश्रितः सम्मेतशिखरोपरि **वचमां**—देवा मृतकविमानमुत्पाटयंति। तीर्थंकरस्य उत्सव **जमणी वाजू**—श्रीसुपार्श्वजिनदेवस्य देवा अंगसंस्कारं कुर्वंति सम्मेतशैलोपरि
४४१–१	३७.	श्रीसुपार्श्वजिना मुक्तिं प्राप्ताः

આ ઉતારો सुपासनाहचरियंની હસ્તલિખિત પ્રતિમાં ચિત્રોની બાજુમાં જે ચિત્ર–પરિચય આદિ લખેલ છે તેનો અક્ષરશઃ મૂળમાં છે તેવો આપવામાં આવ્યો છે. એ શુદ્ધ સંસ્કૃત ભાષામાં નથી પણ મિશ્રિત ભાષામાં છે. છતાં એ પરિચય સંસ્કૃતપ્રધાન ભાષામાં છે એ સ્પષ્ટ દેખાય છે. પ્રસ્તુત સ્મારક ગ્રંથમાં ઉપર નોંધેલાં ૩૭ ચિત્રોમાંથી પસંદ કરીને સુંદર ૭ ચિત્રો છાપવામાં આવ્યાં છે.

પ્રથમ ચિત્ર પ્રતિમાં ૧૩મું છે, જેમાં ભગવાન્ શ્રીસુપાર્શ્વનાથની માતા પોતાના પુત્રને લઈને પારણામાં બેઠાં છે અને પુત્રને રમાડી રહ્યાં છે.

બીજું ચિત્ર પ્રતિમાં ૧૭મું છે, જેમાં સુપાર્શ્વનાથ સોમા નામની રાજકુમારીને પરણી રહ્યા છે એ પ્રસંગનું દર્શન છે. એટલે એમાં ચોરીનો અને હસ્તમેળાપનો પ્રસંગ દેખાડવામાં આવ્યો છે.

ત્રીજું ચિત્ર પ્રતિમાં ૧૯મું છે, જેમાં ભગવાનના દીક્ષાપ્રસંગનું દર્શન છે. એટલે ભગવાનને કેશલુંચન કરતા બતાવવામાં આવ્યા છે. આ ચિત્રમાં વૃક્ષોને અતિસુંદર રીતે ચીતરવામાં આવ્યાં છે, જેથી ચિત્ર આકર્ષક બને છે.

